2 States (Gujarati): The Story of My Marriage (Gujarati Edition)

Bhagat, Chetan

VISIT...

2 સ્ટેટ્સ

મારા લગ્નજીવનની કથા



ચેતન ભગત

ભારતીય ઇતિહાસમાં સૌથી વધુ વંચાતા લેખક
- ન્યૂ યોર્ક ટાઇમ્સ

દુનિયાભરનાં પ્રેમલગ્નોની વાત, આમ તો બહુ સીધીસાદી હોય છે :

છોકરી છોકરીને પ્રેમ કરે. છોકરી છોકરાને પ્રેમ કરે અને બંને પરણી જાય.

ભારતમાં કેટલીક વધુ બાબતો ઉમેરાય છે :

છોકરો છોકરીને પ્રેમ કરે છે. છોકરી છોકરાને પ્રેમ કરે છે.

છોકરીનો પરિવાર પણ છોકરાને પ્રેમ કરતો હોવો જોઈએ.

છોકરાનો પરિવાર પણ છોકરીને પ્રેમ કરતો હોવો જોઈએ.

છોકરીનો પરિવાર, છોકરાના પરિવારને પ્રેમ કરતો હોવો જોઈએ.

છોકરાનોપરિવાર, છોકરીના પરિવારને પ્રેમ કરતો હોવો જોઈએ.

છોકરો અને છોકરી તો હજુ એકબીજાંને ચાહે જ છે. તેઓ પરણી જાયછે.

2 સ્ટેટ્સમાં આપનું સ્વાગત છે. આ વાત છે ભારતનાં બેજુદાં જુદાં રાજ્યોમાંથી આવતાં ક્રિશ અને અનન્યાની.

તે બંને એકબીજાંના ગાઢ પ્રેમમાં છે અને લગ્ન કરવા માગે છે.પણ તેમનાં માતાપિતાને આ લગ્ન મંજુર નથી.

તેમની લવસ્ટોરીને લવમૅરેજમાં ફેરવવા માટે તેમણે બહુ ઝઝૂમવું પડે છે, કારણ કે ઝઘડવું અને બળવો કરવાનું તો સહેલું છે, પરંતુ પરિવારને મનાવવાનું અઘરું હોય છે.

શુંઆબંને તેમ કરી શકશે?

ભારતમાં સૌથી વધુ વંચાતા અને સૌથી વધુ વેચાતા પુસ્તકોના લેખક ચેતન ભગતની આધુનિક ભારતમાં પતા લગ્ન વિશેની આ અનોખી કથા છે.

2 સ્ટેટ્સ

ચેતન ભગત, ‘ફાઈવ પૉઈન્ટ સમવન’ (૨૦૦૪), ‘વન નાઈટ @ કૉલ સેન્ટર’ (૨૦૦૫), ‘ધ થ્રી મિસ્ટેક્સ ઑફ માય લાઈફ’ (૨૦૦૮) અને **‘2 સ્ટેટ્સ – ધ સ્ટોરી ઑફ માય મૅરેજ’** (૨૦૦૯) અને રૅવોલ્યુશન **2020** જેવી સૌથી વધુ વેચાણ ધરાવતી નવલકથાઓના લેખક છે.

ચેતનનાં પુસ્તકો પ્રગટ થતાંની સાથે જ બેસ્ટસેલર્સ બન્યાં છે અને તેના ઉપરથી બોલીવુડની હિટ ફિલ્મો પણ બની છે. ‘ધ ન્યૂ યૉર્ક ટાઈમ્સે’ તેમને ‘ભારતના ઈતિહાસમાં સૌથી વધુ વંચાતા નવલકથાકાર ગણાવ્યા છે.’ ‘ટાઈમ’ મૅગેઝિને તેમનો ‘વિશ્વના ૧૦૦ સૌથી વધુ વગદાર લોકો’માં સમાવેશ કર્યો છે અને અમેરિકાની ‘ફાસ્ટ’ કંપનીએ તેમનો ‘બિઝનેસ’માં ૧૦૦ સૌથી વધુ સર્જનશીલ લોકો’ની યાદીમાં સમાવેશ કર્યો છે.

ચેતન અગ્રણી અંગ્રેજી તેમ જ હિન્દી અખબારોમાં લખે છે અને યુવાજગત તેમ જ રાષ્ટ્રીય વિકાસના મુદ્દાઓ ઉપર ધ્યાન ખેંચે છે. તેઓ એક પ્રેરણાશીલ વક્તા પણ છે.

પોતાનો સંપૂર્ણ સમય લેખન પાછળ સમર્પિત કરવા અને દેશમાં પરિવર્તન લાવવા ચેતને ૨૦૦૯માં પોતાની આંતરરાષ્ટ્રીય ઈન્વેસ્ટમૅન્ટ બૅન્કિંગ કારકિર્દી છોડી દીધી. તેઓ IIMAની ક્લાસમૅટ, તેમનાં પત્ની અનુશા અને બે જોડિયા પુત્રો શ્યામ અને ઈશાન સાથે મુંબઈમાં રહે છે.

ચેતન વિશે વધુ જાણવા www.chetanbhagat.comની મુલાકાત લો અને તેમનો સંપર્ક કરવા info@chetanbhagat.com ઉપર ઈ-મેઈલ કરો.

અગાઉની કૃતિઓની પ્રશંસા

ઘણા લેખકો પોતાના હૃદયમાં શું છે તે વ્યક્ત કરવામાં અથવા કોઈ ચોક્કસ મંતવ્ય રજૂ કરવામાં સફળ રહ્યા છે. ચેતન ભગતનાં પુસ્તકો આ બંને સિદ્ધ કરે છે.

– એ. આર. રહેમાન
'ટાઈમ' મૅગેઝિનમાં વિશ્વના ૧૦૦ સૌથી
વગદાર લોકોમાં ચેતનના સમાવેશ અંગે.

ભારતના ઉદય પામી રહેલા ઉદ્યોગસાહસિક વર્ગનો અવાજ.

– 'ફાસ્ટ' કંપની મૅગેઝિન
વૈશ્વિક સ્તરે બિઝનેસમાં ૧૦૦ સૌથી સર્જનશીલ
લોકોમાં ચેતનના સમાવેશ અંગે.

ભારતના પેપરબૅક કિંગ.

– ધ ગાર્ડિયન

ભારતના ઈતિહાસમાં સૌથી વધુ વંચાતા અંગ્રેજી ભાષાના નવલકથાકાર.

– ધ ન્યૂ યૉર્ક ટાઈમ્સ

ભારતીય પ્રકાશનના રૉકસ્ટાર.

– ધ ટાઈમ્સ ઑફ ઈન્ડિયા

ભગતે ભારતીય યુવા વાચકોની નાડ પારખી છે અને લગભગ એક સંપ્રદાય જેવા બની ગયા છે.

– ઈન્ટરનૅશનલ હેરાલ્ડ ટ્રિબ્યુન

Kindle version published by Amazon Publishing, Seattle
www.apub.com

eISBN: 9781542096034

અર્પણ

પુસ્તકોની દુનિયામાં કદાચ આ પહેલી ઘટના હશે, પરંતુ જે હોય તે અહીં તો મારે આ જ વાત કહેવાની છે :

મારાં સાસરિયાંઓને સમર્પિત*

* આનો અર્થ એવો નહીં કે હું પત્નીથી દબાઈ ગયેલો છું, કે એના ઇશારે નાચું છું.

ઋણ સ્વીકાર

આ વિશ્વનું સર્જન કોઈ એકમાત્ર વ્યક્તિનો પ્રયાસ નથી. તેવું જ આ પુસ્તક અંગે પણ છે. મૂળ પ્રતની ઝેરોક્સ નકલો તૈયાર કરનાર વ્યક્તિથી માંડીને, આ પુસ્તકને બુકશૉપ્સ સુધી પહોંચાડનાર ડિલિવરી બૉય સુધી દરેકની એક ચોક્કસ ભૂમિકા રહી છે.

વિશેષત: હું આભારી છું...

- મારા વાચકોનો, આપનો કે જેમના લીધે હું આજે જે કંઈ પણ છું તે બની શક્યો છું. છેલ્લી વખતે મેં જણાવ્યું હતું કે હું ભારતનો સૌથી વધુ લોકપ્રિય લેખક બનવા ઈચ્છું છું અને આપે મને તે સન્માન આપ્યું. આપનો આભાર. કૃપા કરીને આપનો સહયોગ આપવાનું ચાલુ રાખશો અને જો શક્ય હોય તો, આપના હૃદયમાં થોડીક અમથી પણ હંમેશ માટે જગા આપજો.
- તેના પ્રેમ અને આશીર્વાદ માટે ઈશ્વરનો.
- અત્યાર સુધીના મારાં તમામ પુસ્તકોના સૌપ્રથમ વાચક અને સંપાદક અને માત્ર પુસ્તકમાં જ નહીં, પરંતુ જીવનમાં પણ શું કારગત નીવડે છે અને શું નથી નીવડતું તે અંગે મને કહેનાર શાઈની એન્ટોનીનો.
- તેમનાં અદ્ભુત સૂચનો બદલ અભિષેક કપૂરનો. હસ્તપ્રત ઉપર અદ્ભુત ટિપ્પણીઓ બદલ પ્રતીક ધવન, શંભાવી કિરાવંત, રતિકા કૌલ-હકસર અને અનુષા ભગતનો.
- દેશ-વિદેશમાં મારી વાર્તાઓ પહોંચાડવા બદલ મારા પ્રકાશક રૂપા ઍન્ડ કંપનીનો.
- સતત સહયોગ બદલ મારા કુટુંબનો.
- કૉલેજકાળના મારા મિત્રોનો, ડોઈચ્ બૅન્ક અને ગોલ્ડમૅન સૅશ ખાતેના મારા ભૂતપૂર્વ સહકર્મચારીઓનો અને મુંબઈના મારા મિત્રોનો.
- મારી કટારો પ્રકાશિત કરતા અને હું સતત જેનું સ્વપ્ન જોઉં છું તેવા નવા, પ્રગતિશીલ ભારત વિશે મારાં મંતવ્યો લોકો સુધી પહોંચાડવાની તક આપતા વર્તમાનપત્રોનો.
- મારી વાર્તાઓથી પ્રેરાયેલા અને તેમને જીવંત બનાવનારા ફિલ્મ-નિર્માતાઓનો.

હું કેટલીક ગેરસમજો પણ દૂર કરવા માગું છું. એક તો એ કે આ કથાની પ્રેરણા મારા પોતાના કુટુંબ અને અનુભવોમાંથી મળી છે. જોકે આ પુસ્તકને એક વાર્તા તરીકે જોવું જોઈએ. ઉપરાંત અધિકૃતતા માટે, મેં કેટલાંક વાસ્તવિક સ્થળ, લોકો અને સંસ્થાઓનાં નામનો ઉપયોગ કર્યો છે કેમ કે તે આજનાં આઈકોન જેવા છે અને વાર્તાકથનમાં મદદરૂપ બને છે. આ સિવાય તેના અન્ય કોઈ ફલિતાર્થોનો આશય નથી. હું તમામ દક્ષિણ ભારતીયોને પણ કહેવા માગું છું કે હું તેમને ચાહું છું. મારી પત્ની આ વાતની સાક્ષી પૂરશે. હું જે રીતે પંજાબીઓ સાથે છૂટછાટ લઉં છું તે રીતે મેં તમારી સાથે પણ છૂટછાટ લીધી છે અને તે એટલા જ માટે કે તમને હું મારા પોતાના ગણું છું અને આપ જેમને વહાલ કરો તેની જ મશ્કરી કરો છો ને!

આ સાથે, હું આપને *2 સ્ટેટ્સ*માં આવકારું છું.

– ચેતન ભગત

પ્રસ્તાવના

'મને અહીં શા માટે ગોંધી રાખવામાં આવ્યો છે? મારે કોઈ તકલીફ નથી.' મેં કહ્યું.

તેણે કોઈ પ્રતિક્રિયા આપી નહીં. સહેજ ઇશારા સાથે મારા બૂટ કાઢી હું સોફા પર બેઠો. તેમની ઑફિસ પણ અન્ય કોઈ ડૉક્ટરની ઑફિસ જેવી જ હતી. હા, ત્યાં કોઈ ગંધ અને ડરામણાં ઓજારો ન હતાં.

મારી સાથે વધુ વાત કરવા માટે તેણે થોડો સમય મારી સામે જોયા કર્યું.

હું ખચકાયો અને ફરીથી બોલ્યો :

'મને બરાબર ખબર છે કે અહીં મોટી અને ગંભીર તકલીફોવાળા લોકો જ આવે છે. છોકરીઓ પોતાના પ્રેમીઓને રોજ અહીં તાણી લાવે છે. કોઈ સાયકોથૅરાપિસ્ટ માટે અહીં આવવાનું ભાગ્યે જ કોઈ કારણ છે, ખરું કે નહીં? શું હું માનસિક રોગી છું?'

'ના. હું માનસિક રોગી છું. એક રીતે કહું તો સાયકોથૅરાપિસ્ટ, જો તમને વાંધો ન હોય તો હું મને સાયકોથૅરાપિસ્ટ કહું.'

'સૉરી.' મેં કહ્યું.

'ઠીક છે.' કહી તેણે ખુરશીમાં આરામથી લંબાવ્યું.

તેની ઉંમર ત્રીસથી વધારે નહોતી. કોઈ શિકારીના ઘરમાં દીવાલો ઉપર વાઘના મહોરાની જેમ, ટોચની અમેરિકન યુનિવર્સિટીઓનાં સર્ટિફિકેટ્સ ડૉક્ટરની ઑફિસની દીવાલો ઉપર શોભી રહ્યાં હતાં. હા, એક વધુ દક્ષિણ ભારતીયે શિક્ષણજગત ઉપર વિજય મેળવ્યો હતો. ડૉ. નીતા આયર, વેલેડિક્ટોરિયન, વાસર કૉલેજ.

તેણે કહ્યું, 'હું એક કલાકના પાંચસો રૂપિયા ચાર્જ કરું છું. કાં તો દીવાલ સામે તાકી રહો અથવા વાત કરો. મને કોઈ ફરક પડતો નથી.'

મેં કંઈ પણ મેળવ્યા વગર બાર મિનિટ અથવા તો સો રૂપિયા ખર્ચ્યા હતા. મને એવો વિચાર આવ્યો કે તેઓ થોડીઘણી રકમ લઈ મને જવા દેશે.

'ડૉ. આયર...'

'નીતા કહેશો તો ચાલશે.' તેણે કહ્યું.

'ઠીક છે, નીતા. મને નથી લાગતું કે મારી તકલીફ માટે આવા ઉપચારની જરૂર હોય. મને ડૉ. રામચંદ્રને અહીં શા માટે મોકલ્યો તેની મને ખબર પડતી નથી.'

તેણે ટેબલ ઉપરથી મારી ફાઇલ ઉપાડીને કહ્યું 'જરા જોઈએ... ડૉ. રામે મને જણાવેલી વિગતો આ મુજબ છે – દર્દી ઊંઘી શકતા નથી, એક અઠવાડિયાથી કોઈની સાથે વાત કરતા નથી, જમતા નથી, આપઘાત કરવાના શ્રેષ્ઠ ઉપાયો અંગે તેમણે ગૂગલ ઉપર સર્ચ કર્યું છે.' તેઓ અટક્યા અને ભવાં ચઢાવીને મારી સામે જોયું.

'હું લગભગ તમામ પ્રકારની બાબતો માટે ગૂગલ ઉપર સર્ચ કરું છું.' હું ગણગણ્યો, 'શું તમે નથી કરતા?'

'આ રિપોર્ટમાં જણાવ્યું છે કે તે છોકરીના નામ માત્રના ઉલ્લેખથી કે તેના અડોશપડોશ અથવા તેની પ્રિય વાનગીના ઉલ્લેખ માત્રથી પણ તમે રડવાથી માંડીને ભયંકર હતાશા જેવા અકલ્પનીય ભાવાવેશમાં આવી જાવ છો.'

'મારે તેની સાથે સંબંધ તૂટી ગયો છે ત્યારે તમે બીજી શું અપેક્ષા રાખો છો?' હું ખિન્ન થયો.

'હા. અનન્યા સાથે, જે માયલાપોહમાં રહે છે? તેની પ્રિય વાનગી કઈ હતી? કર્ડ રાઇસ?'

હું ટટ્ટાર થઈ ગયો, 'રહેવા દો.' મેં ઢીલા અવાજે કહ્યું અને મારા ગળામાં ડૂમો ભરાઈ ગયો. મેં આંખમાં આંસુ આવતા રોકી ફરીથી કહ્યું 'રહેવા દો.'

'શું રહેવા દો?' નીતા મારા પર તાડૂક્યાં, 'આ તો સાવ સામાન્ય બાબત છે, ખરું કે નહીં?'

'શું ધૂળ સામાન્ય, એ મને કોરી ખાય છે.' હું ખિન્નતાપૂર્વક ઊભો થઈ ગયો, 'શું તમને દક્ષિણ ભારતીયોને ખબર છે કે લાગણી શું ચીજ છે?'

'નાત-જાતની વાતોમાં મને બહુ રસ નથી. તમે ઊભા ઊભા વાત કરી શકો છો, પરંતુ જો વાત લાંબી હોય તો સોફા ઉપર બેસો. મારે બધું જાણવું છે.' તેણે કહ્યું

હું રડી પડયો, 'મારી સાથે જ કેમ આવું થયું?' મેં ડૂસકું ખાધું.

તેણે મને ટિસ્યૂ પેપર આપ્યો.

અણઘડની જેમ સોફામાં બેસતાં મેં કહ્યું 'ક્યાંથી શરૂ કરું?'

'જ્યાંથી બધી જ પ્રેમકહાનીઓ શરૂ થાય છે. તમે તેને જ્યારે પહેલી વાર મળ્યા ત્યાંથી...' તેણે કહ્યું

તેણે પડદા પાડી દીધા અને ઍરકન્ડિશનર ચાલુ કર્યું. મેં વાત કરવાનું અને મારા ખર્ચેલા પૈસા વસૂલવાનું શરૂ કર્યું.

અનુક્રમણિકા

ઍક્ટ-૧
અમદાવાદ

IIMA (અમદાવાદ)ની મૅસમાં લંચ સમયે અમે લાઈનમાં ઊભા’તા. મારી આગળ ઊભેલા બે વિદ્યાથીઓની આગળ તે ઊભી’તી. તેને મેં ત્રાંસી નજરે જોઈ હું વિચારતો હતો કે આ દક્ષિણ ભારતીય છોકરી આટલી બધી ચર્ચાનો વિષય કેમ બની ગઈ છે.

તે ભૂખ્યા શરણાર્થીની જેમ તેની આંગળીઓ વડે સ્ટીલની પ્લેટ ખખડાવી રહી હતી ત્યારે કેડ સુધીના તેના લાંબા વાળ કંઈક અનોખો નઝારો ઊભો કરી રહ્યા હતા. મેં તેની ગોરી ડોક ઉપર ત્રણ કાળા દોરા બાંધેલા જોયા. હું મનોમન હસી પડયો કે મૅનેજમૅન્ટનું શિક્ષણ આપતી દેશની આ સૌથી વધુ લોકપ્રિય સંસ્થામાં આભૂષણો પહેરવાનું કોઈકે નક્કી કર્યું હતું.

સિનિયરોએ તો ડોરમેટરીના બોર્ડ ઉપર તે છોકરીનો અનન્યા સ્વામિનાથન ફ્રેશર બેચની શ્રેષ્ઠ છોકરી તરીકે અભિષેક કરી દીધો હતો. અમારી બસોની બેચમાં માત્ર વીસ જ છોકરીઓ હતી. તેમાં પણ દેખાવડી છોકરીઓ તો જવલ્લે જ જોવા મળતી; અને આમ પણ, IIMAમાં છોકરીઓને તેમના દેખાવ માટે પસંદ કરવામાં આવતી નથી. તેમને એટલા માટે પસંદ કરવામાં આવે છે, કે તેઓ ભારતની ૯૯.૯૯% વસતી કરતાં વધારે ઝડપથી ગણિતના પ્રોબ્લેમ સોલ્વ કરી શકે છે અને CATમાં સફળતા મેળવી શકે છે. IIMAની મોટા ભાગની છોકરીઓ મૅક-અપ, યોગ્ય ફિટિંગવાળાં કપડાં, કૉન્ટેક્ટ લૅન્સ, વેક્સિંગ, પરફ્યુમ કે કૉસ્મેટિક જેવી છીછરી બાબતોની પરવા કરતી નથી. જો નસીબજોગે અનન્યા જેવી કોઈ છોકરીઓ આવી ચડે તો તે અમારી બજરંગ વસાહતમાં તરત જ આકર્ષણનું કેન્દ્ર બની જાય છે.

મને લાગ્યું કે, મિસ સ્વામિનાથન, છેલ્લા એક અઠવાડિયામાં, તેની પૂરી જિંદગી કરતાં પણ વધુ, છોકરાઓના આકર્ષણનું કેન્દ્ર બની હશે. પણ મેં તો તેની ઉપેક્ષા કરવાનું નક્કી કર્યું.

વિદ્યાર્થીઓ ઉપર ધીમે-ધીમે આગળ ખસી રહ્યા હતા. રસોડાના કંટાળેલા સ્ટાફને તો, તેઓ કેદીઓને પીરસી રહ્યા છે કે ભાવિ CEOને, તેનાથી કોઈ ફરક પડતો હોય તેમ લાગતું નહોતું. તેઓ તો એક પછી એક પ્લેટમાં લચકો દાળનો લોંદો નાંખે જતા હતા.

અલબત્ત, ‘કુ. શ્રેષ્ઠ છોકરી’ બધાથી જુદી પડવા માગતી હતી.

તેણે ડિશમાં જોઈને આશ્ચર્યથી પૂછયું, ‘આ તો રસમ નથી. તે બીજું જે કંઈ હશે, પણ રસમ તો નથી જ. અને પેલું ઘેરા પીળા રંગનું શું છે?’

રસોડાનો સ્ટાફ મૅમ્બર ઘૂરક્યો, ‘સંભાર!’

‘અરે ! કેવું ચીતરી ચઢે તેવું લાગે છે! તમે આ કેવી રીતે બનાવો છો?’ તેણે પૂછયું.

રેસિપીની ચર્ચામાં કોઈ રસ નહીં ધરાવતા અને લંચની પળોજણ પૂરી કરવા માગતા રસોડાના સ્ટાફ મૅમ્બરે કંટાળીને પૂછયું, ‘તમારે જોઈએ છે કે નહીં?’

પીરસવામાં આવી રહેલી વાનગી લેવી કે નહીં તે વિષે આ છોકરી નિર્ણય કરે તે દરમ્યાન અમારી વચ્ચેના બે વિદ્યાર્થીઓએ તેમની પ્લેટ કાઉન્ટર પર મૂકી. તેમણે કોઈ પણ જાતની ટીકા-ટિપ્પણી વગર પોતાનું ખાવાનું લઈ લીધું અને ચાલતી પકડી. હવે હું બરાબર તેની પાછળ આવી ગયો હતો. હું તેને ત્રાંસી નજરે જોઈને વિચારી રહ્યો હતો – બેશક, અબોવ એવરેજ. ખરું કહું તો તે IIMAનાં ધોરણોથી તો ઉપર હતી જ. તેની આંખો, નાક, હોઠ અને કાન બધું જ બરાબર હતું. લોકોને સુંદર બનાવવામાં, આ જ તો બધું જોઈએ છે. શરીરનાં તમામ અંગો સામાન્ય હોય – અને છતાં કુદરત શા માટે ક્યારેક ગૂંચવાડા ઊભા કરતી હશે? તેની નાનકડી વાદળી રંગની બિંદી, તેના આસમાની અને સફેદ સલવાર કમીઝ સાથે મૅચિંગ હતી. તે શ્રીદેવીની કઝીન બહેન જેવી લાગતી હતી. વાહ! જો એ ખરેખર એમ હોય તો!

પીરસી રહેલા માણસે મારી પ્લેટમાં લચકો દાળનો લોંદો નાંખ્યો. આ છોકરીએ તેની મોટી, આત્મવિશ્વાસસભર આંખો વડે એ સ્ટાફ મૅમ્બરને સહેજ દબડાવતાં કહ્યું ‘એક્સક્યુઝ મી, હું આના કરતાં આગળ છું.’

સ્ટાફ મૅમ્બરે દક્ષિણ ભારતીય લહેકાથી પૂછયું, ‘તમારે શું જોઈએ છે? તમે તો રસમને રસમ

નથી તેમ કહો છો. મારો સંભાર જોઈને તમે મોં બગાડો છો. આજ સુધી મેં સેંકડો લોકોને જમાડયા છે, સમજ્યા? હજુ સુધી કોઈની ફરિયાદ નથી.'

તેણે કહ્યું, 'એટલે તો તમે લોકો સુધરતા નથી. એ લોકોએ જરૂર ફરિયાદ કરવી જોઈએ.'

રસોડાના નોકરે એક કડછો સંભારની વાડકીમાં નાખ્યો અને પોતાના હાથ તિરસ્કારપૂર્વક પાછા ખેંચી લીધા.

'તમારે ફરિયાદ કરવી છે? મૅસ મૅનેજર પાસે જાવ અને કરો ફરિયાદ. જુઓ તો ખરા, આજકાલ કેવા વિદ્યાર્થીઓ ચાલી આવે છે...'

તેણે સહાનુભૂતિની અપેક્ષાએ મારી સામે જોયું.

મેં લગભગ ડોકું ધુણાવ્યું.

તે છોકરીએ મારી સામે જોઈને કહ્યું, 'તું આવી વસ્તુ ખાઈ શકે?'

મેં કહ્યું, 'ચાલો, અજમાવી જોઈએ!'

મેં વાડકીમાંથી સંભારની એક ચમચી ભરી. સંભાર સહેજ ગરમ અને ખારાશ પડતો હતો. અલબત્ત, તે કોઈ અદ્ભુત વાનગી ન હતી, પરંતુ જ્યારે કોઈ પસંદગી જ ન હોય ત્યારે તે ખાઈ શકાય અને હું તો ચાર વર્ષ જેટલો સમય હૉસ્ટેલમાં રહ્યો છું.

જોકે, મેં તે છોકરીના ચહેરા ઉપર નજર નાખી અને હવે તેનો ચહેરો ગુલાબી ઝાંય સાથે વધારે સુંદર લાગતો હતો. મેં તેની અને રસોડાના આ આધેડ વયના નોકરની મનોમન સરખામણી કરી. નોકરે લુંગી પહેરી હતી અને તેની છાતી પર ભૂખરા વાળ દેખાતા હતા.

આમ પણ જ્યારે કોઈ બાબત અંગે શંકા હોય ત્યારે સુંદર છોકરી હંમેશાં સાચી હોય છે.

મેં કહ્યું, 'આ તો ચીતરી ચઢે તેવો વિચિત્ર છે.'

તે છોકરીએ નાની બાળકીની જેમ વિસ્મયથી કહ્યું, 'જુઓ.'

રસોડાનો નોકર હજી પણ મારી સામે જોઈ રહ્યો હતો.

તેને શાંત પાડવાના એક પ્રયાસરૂપે મેં ઉમેર્યું, 'પરંતુ હું તેનાથી ટેવાઈ ગયો છું.'

આ સાંભળીને રસોડાનો નોકર ઘૂરક્યો અને તેણે મારી પ્લેટમાં ભાતનો લોંદો ફેંક્યો.

છેલ્લા થોડાક દિવસોથી આખું કૅમ્પસ તે છોકરીને તાકી રહ્યું હતું. મારે તેની સામે 'જરા હટકે' પેશ આવવું હતું તેથી મેં તે છોકરી સામે નજર માંડયા વિના જ કહ્યું, 'જે ફાવે તે લઈ લો.'

તે છોકરીએ ડૅઝર્ટ તરફ ઈશારો કરીને કહ્યું, 'મને રસગુલ્લા આપી દો.'

રસોડાના નોકરે કહ્યું, 'તે જમ્યા પછી લેવાની વસ્તુ છે.'

તે છોકરી તરત જ તાડૂકી, 'હે! તમે કોણ છો? મારાં મમ્મી? મેં જમી લીધું છે. મને બે રસગુલ્લા આપો.'

નોકરે તેની પ્લેટમાં એક રસગુલ્લા સાથેની વાડકી મૂકતાં કહ્યું, 'દરેક વિદ્યાર્થીને માત્ર એક જ મળે છે.'

છોકરીએ કહ્યું, 'બસ, હવે બહુ થયું. આ ચીતરી ચડે તેવો સંભાર જેટલો લેવો હોય તેટલો લેવાની છૂટ છે અને આ જે ખાવાલાયક વસ્તુ છે તે માત્ર એક જ?'

અમારી પાછળ લાઈન લાંબી થતી જતી હતી. જોકે, લાઈનમાં ઊભેલા છોકરાઓને કોઈ વાંધો ન હતો. છેવટે તો તેમને તેમની બૅચની સૌથી દેખાવડી છોકરી સામે, બેરોકટોક, ટીકી ટીકીને જોઈ રહેવાનો મોકો મળ્યો હતો.

'મારો રસગુલ્લો એમને આપી દો.' મેં કહેતાં તો કહી દીધું, પરંતુ તરત જ મને પસ્તાવો થવા લાગ્યો. મનોમન મેં મારી જાતને કોસી : એ ક્યારેય તારી સાથે ડૅટ ઉપર નહીં આવે, ગયો તારો રસગુલ્લો પાણીમાં.

નોકરે મારી પ્લેટમાં ડૅઝર્ટ મૂકતાં ભારપૂર્વક કહ્યું, 'હું તમને આપું છું.'

મેં મારી વાડકી તે છોકરીને આપી દીધી. તેણે બે રસગુલ્લા લઈ લીધાં અને લાઈનમાંથી બહાર નીકળી ગઈ.

હું મનોમન બબડયો : ઠીક છે, સુંદર છોકરી તેના રસ્તે ગઈ અને હું રસગુલ્લા ગુમાવનારો બીજા રસ્તે. હવે બેસવા માટે કોઈ ખૂણો શોધી કાઢો, ભાઈ. હજુ હું કાંઈ વિચારું ત્યાં જ...

તે છોકરી મારા તરફ વળી. તેણે મને તેની સાથે બેસવા તો ન કહ્યું, પરંતુ મને એવું લાગ્યું કે જો હું તેમ કરું તો તેને વાંધો નથી. તેણે તેની ટચલી આંગળી વડે એક ટેબલ તરફ ઈશારો કર્યો અને અમે એકબીજાંની સામે બેઠાં, મૅસમાં હાજર તમામ લોકો અમને તાકી રહ્યા હતા અને વિચારી રહ્યા હતા કે એવું તો મેં શું જાદુ કર્યો કે મને તેની સાથે બેસવા મળ્યું. મારી તો ઘણી ઈચ્છા હતી કે હું એ લોકોને કહું કે મેં મારા ડૅઝર્ટનું મોંઘેરું બલિદાન આપ્યું છે!

ચમચી વડે બેધ્યાનપણે સંભાર હલાવતાં હલાવતાં મેં કહ્યું, 'મારું નામ ક્રિશ છે.'

અને તે બોલી, 'મારું નામ અનન્યા છે. ખાવાનું બહુ ખરાબ છે, નહીં?'

મેં ખભા ઉલાળ્યા અને કહ્યું, 'હું હૉસ્ટેલનું ખાવાથી ટેવાયેલો છું. મેં આના કરતાં પણ ખરાબ ખાધેલું છે.'

તે છોકરી બોલી, 'આના કરતાં પણ ખરાબ!! બાપ રે!! તો એ કેવું હશે?'

મારા મોંમાં સહેજ મરચાનો ટુકડો આવી જતાં મને ઉધરસ આવી. પાણીનો જગ તેની પાસે પડયો હતો. તેણે જગ ઉપાડયો, સહેજ આગળ ઝૂકી એણે મારા માટે ગ્લાસમાં પાણી રેડયું. આખી મૅસમાં એક સામૂહિક નિસાસો નખાઈ ગયો. હવે તો અમે સૌ કોઈ માટે મેટિની શો બની ગયા હતા.

તે છોકરીએ તેના બંને ડૅઝર્ટ ચાર કોળિયામાં જ પૂરા કર્યા અને બોલી, 'મને તો હજુ પણ ભૂખ છે. મેં તો નાસ્તો પણ કર્યો નથી.'

મેં કહ્યું, 'ભૂખે રહો અથવા બેસ્વાદ ભોજનથી ટેવાઈ જાવ. હૉસ્ટેલનું જીવન જ આ બંને વિકલ્પો વચ્ચેની પસંદગી છે.'

તે બોલી, 'તારે બહાર આવવું છે? મને ખાતરી છે કે આ શહેરમાં સારી રેસ્ટોરન્ટ્સ તો હશે જ.'

'અત્યારે?' એક કલાકમાં તો ક્લાસ છે, પરંતુ ભલે તેને ભૂખ લાગી હતી એટલે પણ મિસ બેસ્ટ ગર્લે મને તેની સાથે બહાર જવા આમંત્રણ આપ્યું હતું અને એ તો જાણીતું જ છે કે, ક્લાસ કરતાં ક્લાસની છોકરીઓ વધારે મહત્ત્વની હોય છે.

છોકરીએ ઊભા થતાં મને લગભગ આદેશ સાથે કહ્યું, 'હવે મને એવું ન કહેતો કે મારે લેક્ચર ઍટેન્ડ કર્યા વિના નહીં ચાલે.'

મેં થોડાક જ ભાત ખાધા.

તે છોકરી પગ પછાડતાં બોલી, 'ચીતરી ચઢે તેવું ખાવાનું તું રહેવા દે.'

હું IIMAના લોકપ્રિય મતો મેળવી શકે એવી બેસ્ટ ગર્લ મિસ અનન્યા સ્વામીનાથન સાથે મૅસની બહાર નીકળ્યો ત્યારે ચારસો આંખો અમારી પાછળ તાકી રહી હતી.

અમે કૅમ્પસથી અડધો કિલોમીટર દૂર એક સાવ સામાન્ય અને શુષ્ક, પરંતુ ઍરકન્ડિશન્ડ એવી ટોપાઝ રેસ્ટોરન્ટમાં ગયા. તમામ મિડલક્લાસ ઈન્ડિયન રેસ્ટોરન્ટ્સની જેમ, અહીં પણ જૂનાં હિન્દી ગીતોનું ઈન્સ્ટ્રુમેન્ટલ મ્યુઝિક વાગતું હતું અને અમારા ટેબલ ઉપર વિનેગરવાળા કાંદાની પ્લેટ મૂકવામાં આવી. તેના નાક આગળ મેનુ રાખીને તે બોલી, 'તને ચિકન ભાવે છે?'

મેં કહ્યું, 'મને એમ કે અમદાવાદ તો શાકાહારી છે.'

વેઈટર તરફ ફરીને અડધી ડિશ તંદુરી ચિકન અને રૂમાલી રોટીનો ઑર્ડર આપતાં તે બોલી, 'બાપ રે!! તો તો પછી હું અહીં મરી જ જાઉં!'

તેણે વેઈટરને પૂછયું, 'બિયર છે?'

વેઈટર ચોંકી ગયો અને ના પાડીને ચાલ્યો ગયો.

મેં કહ્યું, 'આપણે ગુજરાતમાં છીએ, અહીં પ્રોહિબિશન છે.'

'કેમ?'

મેં કહ્યું, 'ગાંધીજીનું જન્મસ્થાન.'

ઝીણા કાપેલા કાંદાને હાથમાં લેતાં તે બોલી,

'પરંતુ ગાંધીજીએ તો આપણને સ્વતંત્રતા અપાવી હતી. લોકો ઉપર નિયંત્રણો જ મૂકવાનાં

હોય તો એવી સ્વતંત્રતા અપાવવાનો શું અર્થ?'

મેં કહ્યું, 'સાચી વાત છે. તો તું રસમ અને સંભારની ઍક્સ્પર્ટ છે, એમ ને? તું સાઉથ ઈન્ડિયન છે?'

'ના, તમિલિયન છું.' વેઈટર અમારું ખાવાનું પીરસી રહ્યો હતો ત્યારે તેણે સહેજ પાછળની તરફ ઝૂકીને કહ્યું, 'બોલવામાં જરા ધ્યાન રાખ. હકીકતમાં તમિલ બ્રાહ્મણ અને તમિલિયનોમાં આસમાન-જમીનનો તફાવત છે. આ વાત યાદ રાખજે.' આટલું કહી તેણે તેના દાંત વડે ચિકનનો પગ ચીર્યો.

'એમ વાત છે, તો આ તમિલ બ્રાહ્મણ જુદાં કેવી રીતે છે એ કહીશ, જરા?'

ચિકન લેગ વડે ક્રૉસનો સંકેત કરતાં તેણે કહ્યું, 'ચોક્કસ, જો સાંભળ, એક તો દારૂ-માંસ બિલકુલ નહીં.'

'એકદમ બરાબર.' મેં કહ્યું.

હવે તે હસી પડી અને બોલી, 'મેં એવું કહ્યું નથી કે હું પ્રૅક્ટિસિંગ તમિલ બ્રાહ્મણ છું, પણ તને હું કહી દઉં કે સૌથી શુદ્ધતમ અને ઉચ્ચતમ વર્ણમાં હું જન્મી છું, પણ તારી મને ખબર નથી.'

મેં કહ્યું, 'હું પંજાબી છું, જોકે હું ક્યારેય પંજાબમાં રહ્યો નથી. હું દિલ્હીમાં મોટો થયો છું અને મારી જ્ઞાતિ વિશે ખબર નથી, પરંતુ અમે ચિકન ખાઈએ છીએ ખરા અને હું તમિલ બ્રાહ્મણ કરતાં, વધારે સારી રીતે ખરાબ સંભાર પચાવી જાણું છું.'

મારો હાથ ટપારતાં તે બોલી, 'તું ફની છે.' તેણે મારો હાથ ટપાર્યો તે મને ગમ્યું.

તે બોલી, 'તો આ અગાઉ, તું હૉસ્ટેલમાં ક્યાં રહેતો હતો? એવું ન કહીશ કે તું IITમાં હતો, કેમ કે હજુ સુધી તો તું સારી રીતે પેશ આવ્યો છે.'

'કેમ, IITમાં શું ખોટું છે?'

પાણીનો ઘૂંટડો ભરતાં તે બોલી, 'કંઈ નહીં, પરંતુ તેં IIT કર્યું છે?'

'હા, IIT દિલ્હીમાંથી. કેમ, તેમાં કંઈ ખોટું છે?'

ચહેરા પર સ્મિત સાથે તેણે કહ્યું, 'ના, હજુ સુધી તો કંઈ ખોટું નથી.'

'ના, તો પણ?' મેં કહ્યું.

તેનો અહમ્ હવે મને ખિન્ન કરી રહ્યો હતો.

તેણે કહ્યું, 'કંઈ નહીં.'

અમે બંને ચૂપ રહ્યાં.

થોડીક વાર પછી મેં પૂછયું, 'શું તકલીફ છે? કોઈ IIT વાળાએ તને દગો દીધો છે?'

તે હસી પડી, 'ના, એવું કંઈ નથી. બલ્કે મેં તેમાંનાં કેટલાંકને નિરાશ કર્યાં છે. જોકે, તેમાં મારો કોઈ વાંક નથી.'

'મને જરા ડિટેલમાં કહે.'

'કોઈને કહીશ નહીં, પરંતુ અહીં આવી છું ત્યારથી છેલ્લા એક અઠવાડિયામાં જ મને દસ છોકરાઓએ પ્રપોઝ કર્યું છે અને તે બધા જ IITના છે.'

મેં મનોમન મારી જાતને ટપારી. મારી ધારણા સાચી હતી. તે બધાનું બહુ ધ્યાન ખેંચતી હતી, પણ મને એવું હતું કે એ લોકો મારી જમાતના ન હોય તો સારું.

'શું પ્રપોઝ કર્યું એ લોકોએ?'

'રાબેતા મુજબ. બહાર ફરવા જવાનું, મિત્રો બનવાનું, વગેરે વગેરે. અરે IIT- ચેન્નાઈના એક છોકરાએ તો લગ્નનો પ્રસ્તાવ પણ મૂકી દીધો!!'

'ખરેખર!'

'હા, તેણે તો એવું કહ્યું કે છેલ્લું અઠવાડિયું તેના જીવનમાં યાદગાર બની રહેશે. તેને IIMAમાં પ્રવેશ પણ મળી ગયો અને હવે તેને મારામાં પત્ની દેખાઈ છે. હું કદાચ ખોટી હોઈ શકું, પરંતુ તેણે કેટલાક દાગીના પહેર્યા હતા.'

મેં મારું કપાળ કૂટયું. ના, મારા કૉલેજ-મિત્રો આવું કરી શકે નહીં, ભલે પછી તેમને ઘણા વખતથી એવું કંઈ ન મળ્યું હોય.

ત્યાર પછી તેણે ચિકન બ્રેસ્ટ ઉપાડતાં કહ્યું, 'તો હવે તારા IITમાંથી હોવા વિશેની મારી ચિંતા સમજાઈને?'

'હા, તો એનો મતલબ એ કે જો હું IITમાંથી હોઉં તો મારે હવે પછીની દસ મિનિટમાં તને પ્રપોઝ કરવું જોઈએ, એમ જ ને?'

'ના, મેં એવું કહ્યું નથી.'

'તારો કહેવાનો અર્થ એવો જ હતો.'

'સૉરી.'

'વાંધો નહીં. તું આવી જ હોઈશ એવું મેં માન્યું હતું. મને લાગે છે કે તું પૈસાદાર મા-બાપની એકની એક દીકરી છે.'

'ના, ના, ના, બિલકુલ નહીં. મારે એક નાનો ભાઈ છે અને મારા ડૅડ ચેન્નાઈમાં બૅન્ક ઑફ બરોડામાં છે. સૉરી, પણ તેં મારા વિશે શું ધાર્યું હતું?'

'કેટલીક છોકરીઓ તેમના પ્રત્યેના આકર્ષણ અંગે વધુ પડતી સભાન થઈ જાય છે અને સહેજ પોપ્યુલર બને ત્યાં તો એવું માનવા લાગે છે કે કૉલેજના દરેક છોકરાએ તેના ઘૂંટણિયે પડવું જોઈએ.'

'ના, એવું નથી. જો હું અત્યારે તારી સાથે બહાર નથી આવી?' એવું બોલતાં તેણે અત્યંત સફાઈપૂર્વક ચિકન બોન્સ બીજી ડીશમાં મૂક્યાં.

મેં ઊભા થતાં કહ્યું, 'હા, બહુ મોટી વાત કહેવાય, કે મારા જેવા સામાન્ય છોકરા જોડે તું બહાર આવી... કેટલું બિલ થયું છે? હું મારા ભાગના ચૂકવી દઉં છું અને જાઉં છું.'

'અરે!' તેણે કહ્યું.

મેં કહ્યું, 'શું થયું?'

'સૉરી. પણ બેસ તો ખરો.'

આમ પણ હવે મને એની સાથે વાતચીતમાં કોઈ રસ રહ્યો ન હતો. જો સુંદર છોકરી જેવું કોઈ આકર્ષણ ન હોય, તો બાળક જેવું કશું કંટાળાજનક પણ એનામાં કંઈ નહોતું.

હું ફરી પાછો બેસી ગયો અને દસેક મિનિટ સુધી નાસ્તાની પ્લેટ સામે તાકી રહ્યો. કંટાળાજનક સંગીત સાંભળતાં સાંભળતાં કૉલેજના અન્ય વિદ્યાર્થીઓ જેવી જ બીબાઢાળ આ બ્રાહ્મણ છોકરી પ્રત્યે મેં ધ્યાન આપ્યું નહીં. તેણે અચકાતાં અચકાતાં સ્મિત સાથે કહ્યું, 'હવે બધું OK છે?'

'તું મારી સાથે બહાર શું કામ આવી? તારો સ્કોર અગિયાર ઉપર પહોંચાડવા?'

'તારે ખરેખર જાણવું છે?'

'હા.'

'મારે અહીં કેટલાક મિત્રો બનાવવા છે અને તું મને સલામત લાગ્યો. તું મને એવો લાગ્યો કે જે કોઈ છોકરી સાથે મિત્ર જ બની રહે, બરાબર?'

બિલકુલ બરાબર નહીં, મેં મનોમન વિચાર્યું. શા માટે કોઈ છોકરો, કોઈ છોકરી સાથે માત્ર મિત્ર બની રહેવાનું ઇચ્છે? એ તો હાથમાં ચૉકલેટ કેક લઈને ફરવાનું અને ક્યારેય તે ખાવાની નહીં, એના જેવું થયું. એ તો રેસિંગ કારમાં બેસી રહેવાનું અને તેને ડ્રાઇવ નહીં કરવાની, એના જેવું થયું. આવું તો માત્ર વૈરાગીઓ જ કરે.

મેં કહ્યું, 'મને પાકી ખાતરી નથી.'

'તું સાચો છે. મેં તને પ્રપોઝલ્સ વિશે કહ્યું, કેમ કે તું એ સમજી શકે છે કે તે કેવા મૂર્ખ છે.'

'તેઓ મૂર્ખ નથી, તેઓ IITમાં છે. હજુ તેમને છોકરીઓ સાથે કેવી રીતે વાત કરવી તે આવડતું નથી.

'એ જે કંઈ પણ હોય, પરંતુ તને આવડે છે અને મને તારી સાથે ફ્રૅન્ડ બનીને રહેવું ગમશે, જસ્ટ ફ્રૅન્ડ્ઝ બરાબર?''

તેણે તેનો હાથ લંબાવ્યો. મેં તેની સાથે હળવેકથી હાથ મિલાવ્યા.

બિલ આવી ગયું હતું. તેણે કહ્યું, 'આપણે વહેંચી લઈએ, બંનેના સાઠ-સાઠ.'

એ બરાબર છે, 'જસ્ટ ફ્રૅન્ડ્ઝ' જ ખર્ચા વહેંચી લે છે. હું તેની સાથે 'જસ્ટ ફ્રૅન્ડ્ઝ' બનવા માગતો ન હતો. તેમ જ હું અગિયારમો શહીદ પણ બનવા માગતો ન હતો.

મેં મારા ભાગના પૈસા ચૂકવી દીધા અને કૅમ્પસ ઉપર પાછો આવ્યો. મને હવે નજીકના સમયમાં મારા 'જસ્ટ ફ્રૅન્ડ'ને મળવામાં કોઈ દિલચશ્પી રહી ન હતી.

૨

હું મારા 'જસ્ટ' ફ્રૅન્ડની પાસે ગયો અને પૂછયું, 'તું બરાબર છે ને?' તે તેની સીટ ઉપર બેસી રહી અને ફરીથી તેની આંખમાંથી આંસુ ટપક્યાં. છેલ્લું લેક્ચર પતી ગયું હતું અને ક્લાસરૂમ ખાલી થઈ ગયો હતો.

છેલ્લા અઠવાડિયે અનન્યા સાથે લંચ લીધા બાદ મેં તેની સાથે કોઈ વાતચીત કરી ન હતી. જ્યારે તમે અવગણના કરો, ત્યારે સુંદર છોકરીઓ સારી રીતે વર્તે છે. (અલબત્ત, તમે તેમની અવગણના કરો છો એવી તેમને ખબર પડવી જોઈએ, નહીં તો તમારા અસ્તિત્વની પણ તેમને પડી ન હોય.)

પરંતુ આજે મારે તેની સાથે વાત કરવાની જરુર હતી. ક્લાસમાં તે રડી પડી હતી. અમારા ક્લાસરૂમ ઑડિટોરિયમ જેવા હતા જ્યાં વિધાર્થીઓ સેમિસર્કલમાં બેસતા હતા, દરેક વ્યક્તિ એકબીજાને જોઈ શકતી હતી. વિધાર્થીઓ આલ્ફાબેટિકલ ઑર્ડરમાં બેઠા હતા. 'A'થી શરૂ થતાં નામ સાથેનાં તમામ બાળકોની જેમ, અનન્યા, પહેલી લાઈનમાં ડાબી બાજુએ બેઠી હતી. તે અંકુર અને આદિત્યની વચ્ચે બેઠી હતી. અંકુર અને આદિત્ય બંને IITians હતા. તેમની પ્રપોઝલનો અસ્વીકાર થયા પછી પણ આખું વર્ષ એ જ વ્યક્તિની બાજુમાં બેસવાથી મૂંઝવણ અનુભવી રહ્યા હતા.

હું, કન્યાશ્રી અને પાંચ મોહિતની વચ્ચે, ત્રીજી લાઈનમાં બેઠો હતો. કન્યાશ્રી અત્યંત ચપળ એવા કોર્ટના સ્ટેનોની જેમ નોટ્સ લખતી હતી અને પાંચેય મોહિત ભારતના જુદા જુદા ભાગોમાંથી આવતા હતા, પરંતુ ન તો અંકુર, ન તો આદિત્ય કે કન્યાશ્રીનું કે પાંચેય મોહિતનું અનન્યાનાં આંસુ તરફ ધ્યાન ગયું હતું. માત્ર મેં જ અનન્યાને પીળા દુપટ્ટા વડે તેની આંખ લૂછતાં જોઈ હતી. અનન્યાના પીળા દુપટ્ટાને છેડે આવેલી નાની ઘૂઘરીઓ, જ્યારે પણ દુપટ્ટો હલે ત્યારે રણકી ઊઠતી હતી.

છેલ્લા એક અઠવાડિયામાં મેં દરરોજ સવારે ઉપરછલ્લા Hi અને દિવસના અંતે અમસ્તા Bye કહીને છૂટા પડવા પૂરતું જ અનન્યા સાથેનો સંપર્ક સીમિત કરી દીધો હતો. ક્લાસ દરમિયાન અમારે પ્રોફેસર તરફ ધ્યાન આપવું પડતું હતું. કેમ કે અમારા ક્લાસ પાર્ટીસિપેશનના માર્ક્સ પણ ગણાતા હતા – કંઈક બુદ્ધિશાળી લાગે તેવું અમારે ક્લાસમાં કહેવાનું રહેતું. મોટા ભાગના IITians ભાગ્યે જ કશું બોલતાં, જ્યારે જેમનું બેકગ્રાઉન્ડ સાયન્સનું ન હોય તેવા વિધાર્થીઓ સતત બોલ બોલ કરતા હતા.

માઈક્રોઈકૉનૉમિક્સના ક્લાસમાં ત્રેવીસ મિનિટ થઈ હશે ત્યાં પ્રોફેસરે બ્લેકબોર્ડ ઉપર L આકારની એક રેખા દોરી. દસ સેકન્ડ માટે તેમણે તેમની આકૃતિની પ્રશંસા કરી અને ત્યાર પછી ક્લાસ તરફ વળ્યા.

IIMAના બે દાયકાના પીઢ એવા પ્રો. ચેટરજીએ પૂછયું, 'અહીં ઈકૉનૉમિક્સના ગ્રૅજ્યુએટ્સ કેટલા છે?'

'A' સેક્શનના સિત્તેર વિધાર્થીઓ પૈકીના, અનન્યા સહિતના પંદર વિધાર્થીઓએ તેમના હાથ ઊંચા કર્યા.

ચેટરજી અનન્યા તરફ વળ્યા, 'આ આકૃતિને તો તમે જાણો છો, મિસ સ્વામીનાથન?' તેમણે આગળના ભાગે આવેલી નેઈમપ્લેટ ઉપર તેનું નામ વાંચતાં કહ્યું,

અનન્યાએ જવાબ આપ્યો, 'સર, એ બેઝિક માર્જિનલ યુટિલિટી છે.

'તો મિસ સ્વામીનાથન, તમે આ આકૃતિને ગણિતની દૃષ્ટિએ કેવી રીતે રજૂ કરશો?'

અનન્યા ઊભી થઈ. તેની આંખો ઉપરથી સ્પષ્ટપણે વર્તાતું હતું કે એ વિષે તેને કશી ખબર નથી. ઈકૉનૉમિક્સના બાકીના ચૌદ વિદ્યાર્થીઓએ તેમના હાથ નીચા કરી દીધા હતા.

ચેટરજીએ કહ્યું, 'હા, તો મિસ સ્વામીનાથન?'

અનન્યાએ તેના દુપટ્ટાની નાની નાની ઘૂઘરીઓ પકડી લીધી કે જેથી તે બોલે ત્યારે અવાજ ન થાય.

'સર, જેના પ્રત્યે ગ્રાહક ઉદાસીન છે તેવી વસ્તુઓના જુદાં જુદાં બંડલ્સ આ આકૃતિ દર્શાવે છે, એટલે કે ગ્રાહક દરેક બિન્દુ પર, એક યા બીજા બંડલ અંગે એકસરખી પસંદગી દર્શાવે છે.'

'મારો પ્રશ્ન એ નથી. મારો પ્રશ્ન તો એ છે કે તેની મૅથેમૅટિકલ ફૉર્મ્યુલા શું છે?'

'મને તેની ખબર નથી અને આમ પણ એ તો માત્ર એક કન્સેપ્ટ છે.'

'પરંતુ તમે તે જાણો તો છો જ ને?'

અનન્યાએ કહ્યું, 'ના, પરંતુ વાસ્તવિક જીવનની એવી કોઈ સ્થિતિ નથી કે જેમાં આવી મૅથેમૅટિકલ ફૉર્મ્યુલા ઉપયોગી નીવડે.'

પ્રોફેસરે હાથ ઊંચો કરીને અનન્યાને વચ્ચે જ અટકાવતાં કહ્યું, 'શ...શ...' તેમણે તુચ્છકારભર્યું સ્મિત કર્યું.

'જુઓ મિત્રો, દેશના અર્થશાસ્ત્રના શિક્ષણના આ હાલ છે. ટોચના ગ્રૅજ્યુએટ્સને મૂળભૂત બાબતોની ખબર નથી અને પછી પાછા તેઓ જ એવું પૂછે છે કે ભારત આર્થિક રીતે પછાત કેમ છે?'

તેમનો મુદ્દો સાચો પુરવાર કરવા પ્રોફેસરે ભારપૂર્વક તેમનો ચોક ટેબલ ઉપર મૂક્યો. આપણી નીતિ ઘડનારા મૂરખ લોકો જે દાયકાઓથી કરી શકતા ન હતા તેનો ઉકેલ તેમણે શોધી કાઢયો હતો અને તે એ કે ભારતના પછાતપણા માટેનું કારણ અનન્યા સ્વામીનાથન હતી!

અનન્યાનું માથું શરમથી ઝૂકી ગયું. કેટલાક IITiansના ચહેરા મલકી ઊઠયા હતા. IITમાં માઈક્રોઈકૉનૉમિક્સ એક ઑપ્શનલ વિષય હતો અને જેમણે તે વિષય રાખ્યો હતો તે આ ફૉર્મ્યુલા જાણતા હતા. તેમને તે ફૉર્મ્યુલા કહેવાની તાલાવેલી લાગી હતી. પ્રોફેસરે પૂછયું, 'કોઈને આવડે છે?' અને અંકુરે તેનો હાથ ઊંચો કર્યો.

'હા, તો બોલો.' પ્રોફેસરે કહ્યું, 'મિસ સ્વામીનાથન, તમારે તમારા પડોશીઓ સાથે વધારે વાતચીત કરવી જોઈએ અને હવે પછી જ્યારે હું ઈકૉનૉમિક્સના ગ્રૅજ્યુએટ્સની વાત કરું ત્યારે તમારો હાથ ઊંચો નહીં કરતા.'

અંકુર બોર્ડ પાસે ગયો અને તેણે ઘણાં બધાં ગ્રીક સિમ્બૉલ્સ અને કૅલ્ક્યુલેટરના ઈક્વેશન્સ લખ્યાં. લોકો ચા અને બિસ્કિટની વચ્ચે કેવી રીતે પસંદગી કરે છે જેવી મજાની નાનકડી વાતો સાથે આ વિષયની આ શરૂઆત થઈ હતી અને હવે તે પરીક્ષાઓમાં છપાઈ જનારા ભયાનક ઈક્વેશન્સ સુધી પહોંચી હતી. આખા વર્ગે ગાંડાની જેમ નોટ્સ ઉતારી. કન્યાશ્રી તો એટલું જોરથી લખતી હતી કે તેના પેજની ધ્રુજારી હું અનુભવી શકતો હતો.

અંકુર બોર્ડ ઉપર અહમ્પૂર્વક લખી રહ્યો હતો ત્યારે મેં અનન્યા તરફ નજર નાખી. અનન્યાના ડાબા હાથની આંગળીઓએ તેનો પીળો દુપટ્ટો જોરથી પકડી રાખ્યો હતો. અત્યંત સૂક્ષ્મ હલનચલન કરતાં તેણે તેનાં આંસુ લૂછયાં હતાં. મેં વિચાર્યું કદાચ, મિસ બેસ્ટને પણ હૃદય છે અને કદાચ મારે મારી ગણતરીપૂર્વકની અવગણનાની વ્યૂહરચનાનો અંત લાવીને ક્લાસ પત્યા પછી તેની સાથે વાત કરવી જોઈએ.

'તું ઠીક તો છે ને?' મેં ફરીથી તેને પૂછયું. તેણે માથું ધુણાવ્યું અને સાથે સાથે તેનાં આંસુ લૂછવાનું ચાલુ રાખ્યું. તે નીચે નજર નાખીને બેઠી હતી.

ટૉપિક બદલવા મેં કહ્યું, 'મને 'ટોપાઝ' યાદ આવે છે.'

તેણે કહ્યું, 'હું ક્યારેય આટલી અપમાનિત થઈ નથી.'

મેં કહ્યું, 'કોઈને તેની પડી નથી. બધા પ્રોફેસરો મૂર્ખા છે. આ એક સાર્વત્રિક સત્ય છે. હું

જ્યાં ભણ્યો છું ત્યાં પણ આવું જ છે.'

અનન્યાને હજુ કળ વળી ન હતી. તેણે કહ્યું 'તારે મારી ઈકૉનૉમિક્સની ડિગ્રી જોવી છે? હું તને મારા ગ્રેડ્સ બતાવીશ.'

મેં કહ્યું, 'ના.'

બોર્ડ ઉપરની ફૉર્મ્યુલા તરફ આંગળી ચીંધતાં તેણે કહ્યું, 'આખી દિલ્હી યુનિવર્સિટીમાં હું ત્રીજા નંબરે આવી હતી. આ એન્જિનિયર બનતાં બનતાં, પ્રોફેસર બની ગયેલાઓએ ઈકૉનૉમિક્સને સરસ મજાના આર્ટ્સના વિષયમાંથી આખા ગ્રીક સિમ્બૉલના કબાડા જેવો વિષય બનાવી દીધો છે.'

હું મૌન રહ્યો.

તે મારા તરફ જોતાં બોલી, 'તું IITમાંથી છે. તને કદાચ આવાં ઈક્વેશન્સ ગમતાં હશે.' તેની આંખમાં આંસુ છતાં તે સુંદર લાગતી હતી.

મેં બ્લેકબોર્ડ ઉપર નજર નાખી. બેશક, મને એલ્જીબ્રા ગમે છે. તેમાં શરમાવા જેવું કંઈ નથી. તેમ છતાં આવું કશું કહેવાનો આ સમય ન હતો. મેં કહ્યું, 'ના રે ના, મને આ બધું કંઈ ગમતું નથી. ગ્રીક સિમ્બૉલ્સથી તો કોઈ પણ વિષય નિરસ બની જાય છે.'

'એ જ તો! પણ આ પ્રોફેસરો એવું માનતા નથી. એ તો આવતા અઠવાડિયે જ ટેસ્ટમાં આવાં ઈક્વેશન્સ પૂછશે. હું તો નાપાસ જ થઈશ અને તે મને તો, શિક્ષિત પરંતુ ગતાગમ વગરના ભારતીય વિધાર્થીના નમૂના તરીકે જ રજૂ કરશે. મને ખાતરી છે કે સ્ટાફ રૂમમાં અત્યારે ચર્ચા પણ મારા વિશે જ ચાલતી હશે.'

મેં કહ્યું, 'તેઓ બધા જ નિરાશ થયેલા છે. ઉંમરમાં તેમનાથી આપણે અડધા છીએ, પણ એક જ વર્ષમાં તેમના કરતાં બે ગણું કમાતા થઈ જઈશું. જો કોઈ અગિયાર વર્ષનો છોકરો તારા કરતાં બે ગણું કમાતો હોય તો તું તેને ધિક્કારીશ નહીં?

તેણે સ્મિત કર્યું.

મેં કહ્યું, 'તારે તે દુપટ્ટો સુકાવા મૂકવો પડશે.' તે થોડુંક વધારે હસી.

અમે અહીંનું લંચ લેવાને બદલે કૅમ્પસની બહાર રોડ ઉપર રામભાઈને ત્યાં ચા અને આમ્લેટ લેવાનું વિચારી, ક્લાસની બહાર નીકળ્યાં.

ચાના એકદમ ગરમ ગ્લાસથી દાઝી ન જવાય તે માટે તેણે દુપટ્ટાથી ગ્લાસ પકડતાં કહ્યું, 'તે મને માઈક્રોઈકૉનૉમિક્સમાં નાપાસ કરશે. કદાચ તેણે મારા નામ ઉપર કુંડાળું દોરીને તેની આગળ 'D' લખી પણ દીધું હશે.'

'ગભરાઈશ નહીં, તું મારી સાથે ભણી શકે છે. મને આ ઈક્વેશન્સ ગમતાં નથી, પણ મને આવડે છે. IITમાં ચાર વર્ષ અમે આ જ બધું કર્યું છે.'

થોડીક ક્ષણો માટે તે મારી સામે જોઈ રહી.

'અરે યાર, મને નંબર ઈલેવન બનવામાં કોઈ દિલચશ્પી નથી. આ ખાલી ભણવા માટેની જ વાત છે.'

તે હસી પડી અને કહ્યું, 'પણ હવે તો સ્કોર તેર ઉપર પહોંચ્યો છે.'

'IITians?'

'ના, આ વખતે NIT. તેઓ પણ હવે સ્પર્ધા કરી રહ્યા છે.'

'હા, જાણું છું, અમે પાછળ પડી રહ્યા છીએ. એ જે કંઈ પણ હોય, મારે નંબર ફોર્ટીન બનવું નથી. મને એમ કે હું તને શીખવાડી શકું...'

તે અધવચ્ચે જ બોલી, 'મારે ઈકૉનૉમિક્સ તારી પાસેથી શીખવાની જરૂર નથી. હું ઈકૉનૉમિક્સમાં યુનિવર્સિટી ટૉપર છું. તું એન્જિનિયર છે.'

'તો પછી ગુડ લક.' બોલીને હું પૈસા ચૂકવવા ઊભો થયો.

'અરે, મેં એવું ક્યાં કહ્યું છે. મેં કહ્યું કે તું મને શીખવી શકીશ નહીં, પરંતુ આપણે સાથે રહીને ભણી તો શકીએ છીએ.'

મેં તેની સામે જોયું. તે ખરેખર સુંદર દેખાતી હતી અને દાણો નાખી જોવા બદલ હું

આગળના તેરને કસૂરવાર ગણી શક્યો નહીં.

તે બોલી, 'તું મારા રૂમ ઉપર આઠ વાગે આવી શકીશ? ક્યારેય ગર્લ્સ ડોર્મમાં આવ્યો છે?'

મેં કહ્યું, 'દરેક વસ્તુ માટે ક્યારેક તો પહેલી વખત હોય જ છે.'

'વાહ! તું ત્યાં શેના માટે આવે છે તેની બરાબર ખબર પડે માટે ઘણાં બધાં પુસ્તકો લેતો આવજે.' અનન્યાએ મને સલાહ આપતાં કહ્યું.

૩

હું સાંજે આઠ વાગે ગર્લ્સ ડોર્મ ઉપર પહોંચી ગયો. મારી સાથે છ ટેલિફોન ડિરેક્ટરીના કદના પૂરા અઠવાડિયાના કેસ મટિરિયલ્સ મેં લીધાં હતાં. મેં તેના બારણે ટકોરા માર્યા.

અંદરથી તેની દબાયેલી ચીસ સંભળાઈ, 'એક સેકન્ડ. હું કપડાં બદલું છું.'

બરાબર ત્રણસો સેકન્ડ પછી તેણે દરવાજો ખોલ્યો. તેણે રેડ ઍન્ડ વ્હાઈટ ટ્રેકસૂટ પહેર્યો હતો. તેણે વાળનો અંબોડો વાળતાં કહ્યું, 'સૉરી. અંદર આવ. આપણે શરૂ કરી દઈએ, ઘણુંબધું કામ કરવાનું છે.'

તેણે મને બેસવા માટે તેની સ્ટડી ચૅર આપી અને તે તેના બેડ ઉપર બેઠી. તેની કથ્થઈ રંગની ચાદર, ખુલ્લી બ્રિકવૉલ્સ સાથે મૅચ થતી હતી. તેણે ચાર્ટ પેપરમાંથી એક નોટિસ બોર્ડ બનાવ્યું હતું અને તેના ઉપર ફૅમિલી પિક્ચર્સ લગાવ્યાં હતાં. તેણે કહ્યું, 'જો, તે મારો પરિવાર છે. આ મારા ડૅડ છે. કેટલા સરસ લાગે છે!'

મેં ધ્યાનપૂર્વક જોયું. સરસ રીતે ઓળેલા વાળમાં આધેડ વયનો એક પુરુષ માપસરના દાંત કાઢતો હતો. તેમણે મોટા ભાગના ફોટોગ્રાફ્સમાં અડધી બાંયનું શર્ટ અને ધોતી પહેર્યાં હતાં. તે આપણને મોટે મોટેથી મ્યુઝિક વગાડતાં રોકતાં પડોશી જેવા લાગતા હતા. ના, તેમાં કશું સરસ કે સુંદર ન હતું. તહેવારો, લગ્નો અને જન્મદિન જેવા પ્રસંગોએ પાડેલા બાકીના ફોટોગ્રાફ્સ મેં જોઈ લીધા. એક ફોટામાં, અનન્યાનું આખું કુટુંબ બીચ ઉપર ઍટેન્શનની મુદ્રામાં ઊભું હતું. જાણે કે પાછળ રાષ્ટ્રગીત વાગતું હોય એવું જ લાગે!

'એ ચેન્નાઈનો મરીના બીચ છે. તને ખબર છે, એ દુનિયાભરનો બીજા નંબરનો સૌથી લાંબો શહેરી દરિયાકિનારો છે?' મેં તેના ભાઈને જોયો. તેની ઉંમર લગભગ ચૌદ વર્ષની હશે. તેલ નાંખેલા તેના વાળ, બાલિશ ચહેરા અને ચશ્માં સાથે તે IITianની પેદાશ જેવો લાગતો હતો. દુનિયાદારીમાં તેની દિલચશ્પીનો તેનો અભાવ મને કહેતો હતો કે તે જરૂર IITian બની શકશે.

અને મેં સહેજ ખચકાતાં ખચકાતાં કહ્યું, 'અને આ મૉમ છે?'

અનન્યાએ હકારમાં ડોકું ધુણાવ્યું.

તેની મૉમની સરખામણીએ, અનન્યાનો ભાઈ અને ડૅડ હજી પણ મૃદુ લાગતા હતા. અરે, ફોટામાં પણ તેની મૉમના ચહેરા ઉપર ખિન્ન અભિવ્યક્તિ હતી કે તમને એમ જ લાગે કે તમે કશું ખોટું કર્યું હશે. તે ફોટો જોઈને મને મારા સ્કૂલના દિવસોના સૌથી કડક ટીચરની યાદ આવી ગઈ. મને તરત જ તેમની છોકરીના રૂમમાં હોવા બદલ દોષીપણાની લાગણી થઈ. મને લગભગ એવું લાગ્યું કે તે હમણાં ફોટામાંથી કૂદીને બહાર આવશે અને મને ફૂટપટ્ટીથી ફટકારશે અને આવા વિચારથી મારા હાથ આડશરૂપે આગળ આવી ગયા.

બેડમાં તે ઘૂંટણિયે વળી ગઈ અને નિસાસો નાખતાં બોલી, 'મૉમ અને હું.'

'શું?' મેં તેના સંબંધીઓના લગ્નના ફોટા તરફ જોતાં પૂછ્યું, તેમના ઘેરા વાળની સાથે દરેકના દાંત વધારે સફેદ લાગતા હતા. તમામ વૃદ્ધ મહિલાઓએ તેમનું શરીર ખમી શકે તેટલું સોનું પહેર્યું હતું અને રોડના રિફ્લેક્ટરની જેમ ચમકતી સિલ્કની સાડીઓ પહેરી હતી.

અનન્યાએ કહ્યું, 'કંઈ નહીં. મારે તેની સાથે વધારે સારું બને તેમ હું ઈચ્છું છું. બાકી, તારી પાસે તારા ફૅમિલીના ફોટા છે કે નહીં?'

મેં નકારમાં મારું માથું હલાવ્યું. મારું કુટુંબ યોગ્ય સમયે ફોટો પડાવી શકે તેટલું સંગઠિત નથી. કદાચ અમારી પાસે કૅમેરો પણ નહોતો.

તેણે કેસ મટિરિયલ્સ મૂકીને ઈકૉનૉમિક્સની નોટ્સ કાઢતાં કહ્યું, 'તારા ફૅમિલીમાં કોણ છે?'

મેં કહ્યું, 'મૉમ, ડૅડ અને હું. બસ એટલાં જ.'

'મને કહેને. તે લોકો શું કહે છે? તને કોની સાથે વધારે ફાવે છે?'

મેં માઈક્રોઈકૉનૉમિક્સની પુસ્તિકા ઉપર થપાટ મારતાં કહ્યું,

'આપણે ભણવા માટે ભેગાં થયાં છીએ.'

તેણે તેની પાંપણો પટપટાવતાં કહ્યું, 'અફકોર્સ, આપણે ભણીશું જ. મેં ખાલી વાત કરવા કહ્યું છે. જો તારે ન કહેવું હોય તો ન કહે.'

મેં મનોમન વિચાર્યું, આવા ભયાનક દેખાતાં માતાપિતા આવા સુંદર સંતાનનું સર્જન કેવી રીતે કરી શકે?

મેં ચેતવણીના સૂરમાં કહ્યું, 'ઠીક છે. હું તેનો જવાબ આપું છું, પરંતુ તેના પછી આપણે ભણીશું. એક કલાક સુધી કોઈ વાત નહીં.'

બેડ ઉપર એક પગ ઉપર બીજો પગ ચડાવીને બેસતાં તેણે કહ્યું, 'બરાબર, જો મેં તો મારું પુસ્તક પણ ખોલી દીધું છે.'

'ઠીક છે, મારી મૉમ હાઉસવાઈફ છે. મને તેની સાથે ફાવે છે, પણ એટલું બધું નહીં. હા, મને યાદ આવ્યું. મારે તેને ફોન કરવાનો છે. હું પછીથી STD બૂથ જઈશ.'

'અને ડૅડ? મને તો મારા ડૅડ સાથે બહુ જ ફાવે છે.'

પુસ્તકો ખોલતાં મેં કહ્યું, 'આપણે ભણીએ.'

'તારા ડૅડ સાથે તારે બનતું નથી?'

'તારે ભણવું નથી?'

'શ...શ...' તેણે આખરે મારી વાત માની અને તેના હોઠ ઉપર આંગળી મૂકી દીધી. ત્યાર પછી બે કલાક સુધી અમે ચૂપચાપ ભણ્યાં. તે વચ્ચે વચ્ચે ઊંચે જોઈ લેતી હતી. તેણે તેના ઓશીકાનું કવર બદલવા જેવી કે તેના સ્ટડી લૅમ્પને આઘોપાછો કરવા જેવી નિરર્થક પ્રવૃત્તિઓ કરી. મેં તે સઘળી બાબતોની ઉપેક્ષા કરી. મેં IITમાં મારા શરૂઆતનાં વર્ષો બગાડયાં હતાં અને હવે બસ બહુ થયું. મોટે ભાગે CATની ગણતરીની ભૂલને લીધે મને IIMA ખાતે બીજો મોકો મળ્યો હતો! મારે તેનો પૂરો લાભ લેવો હતો.

એકાદ કલાક પછી તે બોલી, 'અરે વાહ! તું તો સાચે જ કૉન્સન્ટ્રેટ કરી શકે છે. દસ વાગ્યા છે. હવે STD કૉલ્સના દર ઓછા થઈ ગયા હશે.'

મેં કહ્યું, 'અરે હા, મારે જવું જોઈએ.'

તે બેડમાં ઊભી થઈ અને સ્લીપર્સ પહેરતાં બોલી,

'હું તારી સાથે આવું છું. મારે પણ ઘરે વાત કરવી છે.'

એના દરેક સૉરી શબ્દ સાથે નિરાશા દર્શાવતાં તે બોલી, 'સૉરી, સૉરી, સૉરી અમ્મા... સૉરી!' તે ઘરે વાત કરતી હતી. કૅમ્પસથી ચાલતાં પાંચ મિનિટના રસ્તે આવેલા STD બૂથ ઉપર ઓછા દરે કૉલ કરવા ઘણાં વિદ્યાર્થીઓની લાઈન લાગી ગઈ હતી. મોટા ભાગના તેમની સાથે માઈક્રોઈકૉનૉમિક્સની નોટ્સ લાવ્યા હતા. તેનો કૉલ પત્યા પછી મેં અનન્યાને કેટલાક છૂટા પૈસા આપ્યા. મેં એક છોકરાને બીજા સાથે ગુસપુસ કરતાં સાંભળ્યો,

'એ તેને ડેટિંગ કરી રહ્યો છે?'

તેના મિત્રએ ખડખડાટ હસતાં કહ્યું, 'મને એવું નથી લાગતું. એ તો તેને ભાઈની જેમ રાખે છે.'

આ ટિપ્પણીની ઉપેક્ષા કરી હું બૂથમાં ગયો. પહેલા છોકરાએ કહ્યું, 'દરેક છોકરી એક IIT

બ્રધર ઈચ્છે છે, ગણિતના વિષયોમાં તેનાથી બહુ મદદ મળે છે.' આજુબાજુ ઊભેલાં ઘણાં લોકો હસ્યાં.

મેં તેમને વળતો ફટકો મારવાની મારી તીવ્ર ઈચ્છાને કાબૂમાં રાખી ઘરનો નંબર જોડયો.

ચાર રિંગ પછી મારા ડૅડનો અવાજ સંભળાયો, 'હેલ્લો?'

હું ચૂપ રહ્યો. ફોનનું મીટર ફરી રહ્યું હતું.

મારા ડૅડ બોલી રહ્યા હતા, 'હેલો? હેલો?'

મેં ફોન મૂકી દીધો. પ્રિન્ટરમાંથી બિલ બહાર આવ્યું.

દુકાનદારે કહ્યું, 'મિસ્ડ કનેક્શન, તમારે પૈસા આપવા પડશે.'

મેં હકારમાં માથું હલાવ્યું અને ફરીથી નંબર જોડયો.

આ વખતે મારી મૉમે ફોન ઉપાડયો, 'મૉમ' હું મોટેથી બોલ્યો, 'મેં તને દસ વાગ્યા પછી ફોનની નજીક રહેવા કહ્યું છે ને!'

'સૉરી બેટા, હું રસોડામાં હતી. એ તારી સાથે વાત કરવા માગે છે તેથી એમણે ફોન ઉપાડયો. પહેલા તેમને હેલ્લો કહે, અને પછી મને ફોન આપવા કહે.'

'મારે વાત કરવી નથી.'

'સારું, જવા દે. તું કેમ છે? જગ્યા કેવી છે?'

'સારી છે, પણ અહીં તો પહેલી કૉલેજ કરતાંય વધારે ગોખણપટ્ટી કરાવે છે.'

'ખાવાનું કેવું છે?'

'ભયંકર. હું હૉસ્ટેલમાં છું. હૉસ્ટેલમાં કેવું હોય?'

'હું તને થોડું અથાણું મોકલું છું.'

'અહીં સારા રેસ્ટોરન્ટ્સ છે.'

તે લાઈટ અને પાણી જેવી પાયાની સુવિધાઓ વિશે પૂછી રહી હોય તેવી ચિંતાથી તેણે પૂછયું, 'ચિકન મળે છે?'

'અમુક જગ્યાએ.'

'દિલ્હીની તારી મૅનેજમૅન્ટ કૉલેજ FMS બહુ સારી હતી. તેં દિલ્હી કેમ છોડયું એ જ મને તો ખબર નથી પડતી.'

મીટર સામે જોતાં કહ્યું, 'મૉમ, ચિકન મળે છે કે નહીં તેના આધારે મારે મારી કરિયર પસંદ નથી કરવાની.' અત્યાર સુધી અઢાર રૂપિયા થઈ ગયા હતા.

મેં કહ્યું, 'હવે હું મૂકું.'

'અરે, કંઈ વાત તો કર. કોઈ ભાઈબંધો થયા કે નહીં?'

'ખાસ નહીં...' મેં બૂથની બહાર અનન્યાના ચહેરા સામે જોયું. તેણે મારી સામે જોયું અને સ્મિત કર્યું.

'કોણ? શું નામ છે?'

'અ...અનંત.'

'પંજાબી?'

'મૉમ.'

'સૉરી, મને એમ કે તારા જેવી જ વસ્તુઓ ભાવતી હોય તેવો કોઈ મિત્ર મળી જાય. ઠીક છે, પણ તને ખબર છે ને કે આપણે બહુ મૉડર્ન છીએ.'

'હા, હા. હું તને પછી ફોન કરીશ. કાલે મારે ટેસ્ટ છે.'

'અરે! ન હોય! તો પરીક્ષા પહેલાં પ્રાર્થના કરજે, હોં કે?'

'હા, કરીશ ને. પહેલા મને ભણવાનું પતાવવા દે.'

મેં ફોન મૂકી દીધો અને પચીસ રૂપિયા ચૂકવ્યા.

અમે પાછાં ફરી રહ્યાં હતાં ત્યારે અનન્યાએ પૂછયું, 'પહેલી વખત તેં કેમ ફોન મૂકી દીધો? તારા ડૅડે ઉપાડયો હતો, ખરું ને?'

હું અટકી ગયો, 'તને કેવી રીતે ખબર પડી?'

'મેં ધારી લીધું. હું જ્યારે મૉમ ઉપર ગુસ્સે થઉં ત્યારે તેની સાથે એવું કરું છું. અમે ફોન મૂકી નથી દેતાં. ફોન ચાલુ રાખીએ છીએ અને બોલતાં નથી.'

'અને પૈસા ચૂકવો છો?'

'હા, અમે નારાજ છીએ તેની એકબીજાંને જાણ કરવાનો આ ઘણો ખર્ચાળ રસ્તો છે, પણ એ તો ક્યારેક જ એવું બને.'

મેં કહ્યું, 'હું ક્યારેય મારા ડૅડ સાથે વાત કરતો નથી.'

મારી સામે જોતાં અનન્યા બોલી, 'કેમ?'

'બહુ લાંબી વાત છે. હું ક્યારેય કોઈને કહેવા નથી માગતો અને તે વિશે કોઈની સાથે વાત કરવા પણ માગતો નથી.'

અનન્યાએ કહ્યું, 'ઠીક છે.'

એકાદ ક્ષણ અમે ચૂપચાપ ચાલ્યાં અને તે ફરીથી બોલી,

'તો, તારાં મૉમ-ડૅડને તારી પાસેથી ઘણી અપેક્ષાઓ છે? તું કઈ નોકરી લેવાનો છે? ફાઈનાન્સ? માર્કેટિંગ? IT?'

મેં કહ્યું, 'તેમાંથી એકેય નહીં. જોકે પહેલાં તો મારે પૈસા ભેગા કરવા નોકરી કરવી પડશે.'

તેણે સીધું જ મારી આંખોમાં જોતાં કહ્યું, 'તો પછી ખરેખર તારે શું બનવું છે?'

હું સાચી વાત છુપાવી શક્યો નહીં. મેં કહ્યું, 'મારે લેખક બનવું છે.'

મને એમ હતું કે તે ટપલી મારશે અને હસશે, પરંતુ તેણે તેમ કર્યું નહીં. તેણે સંમતિસૂચક માથું ધુણાવ્યું અને ચાલવાનું ચાલુ રાખ્યું. તેણે કહ્યું, 'કેવા પ્રકારના લેખક?'

'એક એવો લેખક – જેની વાર્તાઓમાં રમૂજ હોય, પરંતુ તેનાથી પરિવર્તન પણ આવે. પેન તલવાર કરતાં વધુ શક્તિશાળી છે. આપણે સૌપ્રથમ કહેવત એ જ ભણ્યાં હતાં કે નહીં?' તેણે હકારમાં માથું ધુણાવ્યું.

'વિચિત્ર લાગે છે?'

તેણે કહ્યું, 'નહીં તો?'

'તારું શું છે? તું શું બનવા માગે છે?'

તેણે હસી પડતાં કહ્યું, 'ખરેખર તો મને ખબર નથી. મારી મૉમને એવું જ લાગે છે કે હું બહુ મહત્ત્વાકાંક્ષી અને સ્વતંત્ર છું, તેથી હું બહુ દૂરનું વિચારતી નથી. અત્યારે તો હું, બધું બરાબર ચાલે અને મારી મૉમ ખુશ રહે તેમ ઈચ્છું છું. જોકે બંને બાબતો ખાસ્સી અઘરી છે.'

અમે તેના રૂમ ઉપર પહોંચ્યાં અને ત્યાર પછીના બે કલાક સુધી અમે ન્યુમેરિકલ્સની પ્રૅક્ટિસ કરી.

મેં તેનો એક અઘરો દાખલો ગણી આપ્યો પછી તેણે કહ્યું, 'તું અહીં આવ્યો તેનાથી હું બહુ ખુશ છું નહીં તો આ દાખલા હું ક્યારેય કરી શકી ન હોત.'

'તું મારો ઉપયોગ નથી કરી રહી ને?'

'શું કહ્યું?'

'એટલે કે હું IITમાંથી છું એટલે તેં મને ફ્રૅન્ડ બનાવ્યો છે કે જેથી હું તને ગણિતના વિષયોમાં મદદ કરી શકું.'

તેને આઘાત લાગ્યો હોય તેવું લાગ્યું અને તે બોલી, 'તું મારી મજાક કરે છે?'

મેં કહ્યું, 'મારે IIT બ્રધર નથી બનવું.'

'શું? એ જે કંઈ હોય, પણ એવું તો નથી જ. આપણે ફ્રૅન્ડ્ઝ છીએ, બરાબર?'

તેણે તેનો હાથ લંબાવ્યો. મેં તેની આંખોમાં જોયું. ના, આ આંખો કોઈનો ઉપયોગ કરી શકે નહીં.

મેં તેની સાથે હાથ મિલાવતાં કહ્યું, 'ગુડનાઈટ.'

હું જવા માટે નીકળ્યો ત્યાં તે બોલી, 'હે! ક્રિશ!'

'શું?'

'તેં જે વાત કરીને કે પરિવર્તન લાવે તેવા લેખક બનવાની. તે ખરેખર બહુ સરસ વાત છે,

સાચ્ચે જ.'

મેં સ્મિત કર્યું.

'ગુડનાઈટ.' કહી તેણે તેનો દરવાજો બંધ કર્યો. ઊંઘી નહીં શકેલી કેટલીક છોકરીઓ તેમની નોટ્સ સાથે ડોર્મમાં આંટા મારતી હતી. તેમણે મારી સામે શંકાની નજરે જોયું.

'હું તો માત્ર ભણવા આવ્યો હતો.' હું બોલ્યો અને ડોર્મમાંથી ઝડપથી નીકળી ગયો. આવી સ્પષ્ટતા કરવાની મને કેમ જરૂર જણાઈ તે મને સમજાયું નહીં.

૪

તે તેની માઈક્રોઈકૉનૉમિક્સ ક્વિઝના રિઝલ્ટ સાથે રિસર્ચ આસિસ્ટન્ટના રૂમમાંથી બહાર આવી, લાઈનમાં ઊભા રહેલા વિદ્યાર્થીઓ પાસેથી પસાર થઈને મારી તરફ આવી. અત્યાર સુધીમાં તો કૅમ્પસમાં દરેકને તેની સાથેની મારી મિત્રતાની અથવા તો કેટલાંકના કહેવા મુજબ, 'ભાઈ-બહેન' કથાની જાણ થઈ ચૂકી હતી. તેણે ડેનિમ શોટ્સ અને પિન્ક ટી-શર્ટ પહેર્યાં હતાં અને તેથી એન્જિનિયરિંગ કૉલેજના વિદ્યાર્થીઓ તેને ટીકી-ટીકીને જોઈ રહ્યા હતા.

તેની આન્સરશીટ પકડતાં તેણે કહ્યું, 'B+' બધાં કહે છે તે સારો ગ્રેડ છે.'

'તારી શોટ્સ બહુ શોર્ટ છે.' મેં કહ્યું.

મારા હાથમાંથી કાગળ ખેંચી લેતાં તેણે કહ્યું, 'મને તારો ગ્રેડ બતાવ. 'A–', શું વાત છે, તને 'A–' મળ્યો!'

મેં કોઈ પ્રતિક્રિયા આપી નહીં. અમે અમારા ડોર્મ્સ તરફ પાછાં ફર્યા.

અનન્યાએ કહ્યું, 'ઈકૉનૉમિક્સમાં તારે મારા કરતાં વધારે માર્ક્સ કઈ રીતે આવી શકે? મારા માન્યામાં નથી આવતું. તું મિકેનિકલ એન્જિનિયર છે, હું આ વિષયમાં યુનિવર્સિટી ગોલ્ડ મૅડલિસ્ટ છું.'

મેં તેને ગંભીરતાપૂર્વક કહ્યું, 'તે મેડલ પ્રો. ચેટરજીને બતાવ.'

'એ! તારું ઠેકાણે તો છે ને?'

હું ચૂપ રહ્યો.

'જવા દે. મારે તને એક ટ્રીટ આપવાની બાકી છે. તેં ન્યૂમેરિકલ્સ શીખવાડયાં એટલે જ હું બચી ગઈ. તને ભૂખ લાગી છે?'

મેં હા પાડી. આમેય હૉસ્ટેલમાં રહેતાં લોકો હંમેશાં ભૂખ્યાં હોય છે.

તેણે કહ્યું, 'આપણે રામભાઈને ત્યાં જઈએ.'

મેં કહ્યું, 'તું આ રીતે રામભાઈને ત્યાં આવીશ નહીં.'

'કેવી રીતે?'

'આ રીતે શોર્ટ્સ પહેરીને.''

'શું કહ્યું? શું આ દિલ્હી છે કે પંજાબ છે? સ્ત્રીઓએ શું પહેરવું તેના ઉપર નિયંત્રણ?'

મેં કહ્યું, 'આ તો સીધીસાદી સમજની વાત છે. આપણે કૅમ્પસની બહાર જઈ રહ્યાં છીએ. લોકો તને ટીકી-ટીકીને જોયા કરશે.'

'કૅમ્પસમાં ઘણાં લોકો મને જુએ છે. મને કોઈ ફરક નથી પડતો. ચાલ જઈએ.' તેણે કહ્યું અને તે કૅમ્પસના ગેટ તરફ ચાલવા લાગી.

મારા ડોર્મ તરફ, તદ્દન ઊલટી દિશામાં ચાલતાં મેં કહ્યું,

'મારે ટ્રીટ નથી જોઈતી.

તે પાછળ રહ્યે રહ્યે જ બોલી, 'તું મજાક તો નથી કરતો ને? તું નથી આવતો?'

મેં ના પાડી.

'જેવી તારી મરજી.'

મેં તેના પ્રત્યે ધ્યાન આપ્યા વગર ચાલવા માંડયું.

'તું આજે રાત્રે સ્ટડી માટે આવવાનો છે?'

મેં સમજાય નહીં એ રીતે ખભો હલાવ્યો.

'મારા માટે કોઈ ડ્રેસ કોડ?' તેણે કહ્યું.

મેં કહ્યું, 'તું મારી ગર્લફ્રેન્ડ નથી. કંઈ પણ પહેર. મને શું પડી છે?'

સાંજે હું તેના રૂમ પર આવ્યો ત્યારે અમે તે બપોરના પ્રકરણ વિશે વાત કરી નહીં. તેણે કપડાં બદલી કાઢયાં હતાં અને બ્લેક ટ્રેક પેન્ટ્સ અને મોટી સાઈઝનું ફુલ સ્લીવ બ્લેક ટી-શર્ટ પહેર્યાં હતાં. તે અત્યારે તો અફઘાનિસ્તાનમાં પણ બહાર નીકળાય તેમ શરીરને પૂરેપૂરું ઢાંકતાં કપડામાં સજ્જ હતી. મને જ તેની શોર્ટ્સની ગેરહાજરી વર્તાતી હતી, અને મારા જ કર્યા હું ભોગવી રહ્યો હતો. મેં બીજા દિવસ માટે તૈયાર કરવાનો માર્કેટિંગ કેસ ખોલ્યો.

મેં ટાઈટલ વાંચ્યું, 'નિર્દોષ-નિકોટીન ફ્રી સિગારેટ.'

તેણે કહ્યું, 'અહીં કયા લપોડશંખને તે જોઈએ છે? મને તો સિગારેટ પીવાની ઈચ્છા થઈ છે.'

મેં તેના તરફ મોં બગાડયું.

તેને ખ્યાલ આવી ગયો એટલે તે બોલી, 'શું? આવા અપશબ્દો નહીં વાપરવાના? કે પછી મારી સિગારેટ પીવાની વાત તને ન ગમી?'

'તું શું સાબિત કરવા માગે છે?'

'કંઈ નહીં. હું તો એટલું જ ઈચ્છું છું કે તું એવી શક્યતાનો પણ વિચાર કર કે મહિલાઓ બુદ્ધિશાળી માણસો છે અને બુદ્ધિશાળી માણસોને, ખાસ કરીને જ્યારે તેઓ પુખ્ત વયનાં હોય ત્યારે શું પહેરવું અને શું કરવું તે કહેવામાં આવે તે પસંદ નથી. તું આ વાત સમજે છે?'

મેં કહ્યું, 'ઓવર સ્માર્ટ નહીં બન.'

'મારા ઉપર રૉફ નહીં જમાવ.' તેણે કહ્યું.

મેં કહ્યું, 'ટૂંકાં કપડાં પહેર્યા સિવાય પણ લોકોને આકર્ષવાના બીજા રસ્તા છે.'

'હું કોઈ લોકોને આકર્ષવા તેમ કરતી નથી. મને શોર્ટ્સ પહેરવી ગમે છે તેથી શોર્ટ્સ પહેરું છું.'

મેં ફરીથી કેસ ખોલતાં કહ્યું, 'આપણે ભણીએ?'

અડધો કલાક અમે ચૂપ રહ્યાં અને પુસ્તકોમાં ગળાડૂબ થઈ ગયાં.

તેના પુસ્તકમાંથી નજર ઊંચી કરતાં તેણે ફરીથી કહ્યું, 'હું લોકોને આકર્ષવાનો પ્રયત્ન નહોતી કરી રહી.'

મેં કહ્યું, 'તેનાથી મને ફરક પડતો નથી.'

'શું તને ઈર્ષા થાય છે?'

મારું પુસ્તક બંધ કરતાં કહ્યું, 'તું મારી મજાક કરે છે?'

'ના, બસ એમ જ, ચાલ, હવે આપણે ભણીએ.' કહીને તેણે ફરીથી પુસ્તકમાં ધ્યાન આપ્યું, તેના ચહેરા પર સ્મિત હતું.

મેં ઓશીકું તેના તરફ ફેંક્યું. તે હસી અને ઓશીકું મારા માથા ઉપર ફેંક્યું. મને ખ્યાલ આવ્યો કે હાથ મિલાવવા સિવાય, આ તેની સાથે પહેલો પ્રસંગ હતો.

૫

બીજો આખો મહિનો અમે સાથે ભણ્યાં. 'જસ્ટ ફ્રેન્ડ'વાળી વાતનો મને વાંધો નથી એવો મેં ડોળ કર્યો હોવા છતાં, તે વાત મને કોરી ખાતી હતી. જ્યારે પણ હું પુસ્તકમાંથી નજર ઉઠાવું ત્યારે નજર સામે તેનો જ ચહેરો તરવરતો હતો. જ્યારે પણ હું તેને જોતો, ત્યારે તેના ચહેરા ઉપર

તસતસતું ચુંબન ચોડી દેવાનું મન થતું હતું. હું માત્ર અમારા રૂમમાં પ્રો. ચેટરજી સાક્ષાત હાજર હોય તેવી કલ્પના કરીને જ અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરી શકતો હતો.

સ્ટડી સેશનની બહાર પણ હું વ્યાકુળ રહેતો. જ્યારે પણ હું કોઈ છોકરાને તેની સાથે વાત કરતો કે હસતાં જોતો હતો ત્યારે મારા પેટમાંથી શરૂ થતો ચચરાટ મારા ચહેરા ઉપર આવી જતો હતો. ક્યારેક તે સેક્શન ‘A’ના કોઈ રમૂજી છોકરાની કે સેક્શન ‘B’ના દેખાવડા છોકરાની વાત કરતી હતી ત્યારે, મને મશીનગન વડે સેક્શન ‘A’ અને ‘B’ના તે છોકરાઓને ઠાર કરવાનું મન થતું હતું.

માર્કેટિંગ કેસનો ઉલ્લેખ કરતાં તેણે કહ્યું, ‘તેમણે પૂરજોશથી એડ્વર્ટાઇઝિંગ કૅમ્પેઈન કરવો જોઈએ, નહીં?’

હું તેના હોઠ તરફ તાકી રહ્યો હતો અને તેને ચુંબન કરવાના નવા નવા રસ્તા વિશે વિચારી રહ્યો હતો.

‘શું કહ્યું? હા, તારી વાત બરાબર છે.’ મેં કહ્યું.

તેણે તેની આંગળીઓ વડે ચપટી વગાડતાં કહ્યું,

‘તારું મગજ બીજે ભટકતું લાગે છે. તું અત્યારે શું વિચારી રહ્યો છે?’

‘ના, ખાસ કંઈ નહીં... હું વિચારી રહ્યો હતો કે... કે... માર્કેટિંગમાં તારી કેટલી ઊંડી સમજ છે!’

મારી વાત સાચી માની લઈને તેણે સ્મિત કરતાં કહ્યું, ‘થૅંક્યુ, હા, મને આ સબજેક્ટ ગમે છે. મને લાગે છે કે માર્કેટિંગ જૉબમાં હું સારું કરી શકીશ અને હા, કાલે હું આ તારી ભલામણ યાદ રાખીને જઈશ.’

લગભગ મધરાતે અમે કેસ સ્ટડી પૂરો કર્યો. હું જવા માટે ઊભો થયો.

‘ચા પીશું?’ અમે રામભાઈને ત્યાં જઈએ એવા ઈશારા સાથે તેણે પૂછયું.

મેં કહ્યું, ‘ના, પછી તો મને ઊંઘ જ ન આવે.’

‘મૅગી? હું ઉપર પેન્ટ્રીમાં બનાવી લાવીશ.’

‘ના, મને જવા દે.’

તે દરવાજા સુધી મારી સાથે આવી. આજકાલ તું બહુ ગંભીર થઈ ગયો છે. તું શું વિચાર્યા કરે છે? ગ્રેડ્સ?

મેં અસ્પષ્ટતાથી કહ્યું, ‘હવે હું તારી સાથે ભણી શકીશ નહીં.’

‘શું?’ તેણે આશ્ચર્ય સાથે કહ્યું.

‘આપણને હવે બધું સમજાઈ ગયું છે. હવે આપણે સાથે બેસીને ભણવાની જરૂર નથી.’

‘અરે, પણ આપણને સાથે બેસીને ભણવાનું ગમે છે... એટલિસ્ટ, મને તો ગમે જ છે. તને નથી ગમતું? મેં કંઈ ભૂલ કરી છે?’

‘ના, ના, તારી વાત નથી. આ મારો પ્રશ્ન છે.’ મેં કહ્યું.

અનન્યાએ જોરથી કહ્યું, ‘આ શું માંડયું છે? તારો વાંક નથી, મારો વાંક છે?’

તેના મોટા અવાજથી બાજુની રૂમની છોકરી જાગી ગઈ અને તેણે તેની લાઈટ ચાલુ કરી.

હું ધીમેથી બોલ્યો, ‘આપણે ડેટિંગ નથી કરી રહ્યાં, બરાબર? આપણી વચ્ચે બ્રેકઅપ થયું હોય તેવી રીતે વાત નહીં કર અને હવે સૂઈ જા. કાલે ક્વિઝ છે.’

બીજા દિવસે ક્લાસમાં તેની સાથે વાત ન કરી. તે બે વાર મારી પાસે આવી. એક વાર, હું તેના રૂમમાં ભૂલી ગયો હતો તે મારી પેન પાછી આપવા અને બીજી વાર મોર્નિંગ બ્રેક વખતે તેની સાથે ચા પીવા જવાનું પૂછવા. એક વખત કોઈ વ્યક્તિ તમને ગમવા લાગે ત્યાર પછી તે વ્યક્તિની હાજરી માત્ર તમારામાં એક હૂંફાળી લાગણી પેદા કરે છે. આવી લાગણી મારા ઉપર કબજો જમાવે તે પહેલાં મેં તે લાગણીનો પ્રતિકાર કર્યો.

મેં કહ્યું, ‘બીજા ક્લાસ માટે મારે વાંચવું છે. તું ચા પીવા જઈ આવ.’

તે આગ્રહ કર્યા વગર રૂમની બહાર નીકળી ગઈ. તેણે લાંબું મરુન સ્કર્ટ અને લાઈટ બ્રાઉન

ટોપ પહેર્યા હતાં. મેં વિચાર્યું કે તે પાછી ફરીને મારી સામે જુએ, પરંતુ તેણે તેમ કર્યું નહીં. તે તેના ડોર્મના મિત્રો સાથે ચા પીવા ગઈ.

મેં બીજા પાંચ દિવસ તેને ટાળી.

હું ક્લાસમાં મોડો આવતો હતો અને સૌથી પહેલો જતો રહેતો હતો, જેથી હાય-હલ્લોનો સમય ન રહે.

મારી જમણી બાજુ બરાબર જોડે બેસતાં મોહિતે પૂછ્યું, 'તું તેની સાથે વાત નથી કરતો?' બીજા ચાર મોહિતોએ પણ મારો જવાબ સાંભળવા તેમની ડોક ઊંચી કરી હતી. અરે, ગાંડાની જેમ નોટ્સ લખ્યા કરતી કન્યાશ્રી પણ અટકી ગઈ હતી અને મારો જવાબ સાંભળવા દસ ડિગ્રી મારી બાજુ ફરી ગઈ હતી.

'તને બહુ ચિંતા છે?' મેં કહ્યું અને દરેક જણ તરત જ પોતાના કામે લાગ્યા.

૬

રાત્રે નવ વાગે અનન્યાએ મારા રૂમનું બારણું ખટખટાવ્યું. હું ડિનર પતાવીને હજુ તો ભણવા જ બેઠો હતો. છોકરીઓ ભાગ્યે જ છોકરાઓના ડોર્મ પર આવતી હતી. તે આ પહેલાં ફક્ત એક જ વખત મારા રૂમ પર આવી હતી. ત્યારે મારા ડોર્મ-મૅટ્સ ડઘાઈ ગયા હતા અને ડોર્મ કૉરિડૉરમાં જોર જોરથી મ્યુઝિક વગાડવા માંડયા હતા.

જ્યારે એ પહેલી વાર આવેલી ત્યારે અમારા રૂમની બહાર એક છોકરો મોટેથી બોલ્યો હતો, 'તેને જોઈને મને ભાગ્યશ્રી યાદ આવે છે.' ત્યારે મને પણ હસવું આવી ગયું હતું. તે છોકરાએ 'મૈંને પ્યાર કિયા'નું 'કબૂતર જા...જા...' વાળું ગીત પણ ગાયું હતું.

આ બધું જોઈને તે ધૂંઆપૂંઆ થઈ ગઈ હતી અને તેની ચોપડીઓ ઉપાડીને જતાં જતાં કહેતી ગઈ હતી કે, 'બસ, બહુ થયું. હવે આપણે ફરીથી ક્યારેય તારા ડોર્મમાં નહીં ભણીએ.' તેણે બારણું ખોલ્યું ત્યારે કૉરિડૉરમાં આઠ છોકરા ફ્રિસ્બી રમી રહ્યા હતા. ગુસ્સાથી ધૂંઆપૂંઆ થઈને નીકળી ગઈ અને જતાં જતાં બોલી, 'તમારી જાણ સારુ, મને ભાગ્યશ્રી બિલકુલ ગમતી નથી.'

પરંતુ આજે તે ફરીથી આવી હતી અને આ વખતે તેની ચાલ એવી મક્કમ હતી કે મારા ડોર્મના છોકરાઓએ ઓવર સ્માર્ટ બનવાનું માંડી વાળ્યું અને તેમના રૂમમાં ભરાઈ ગયા.

મેં બારણું ખોલ્યું. મેં જ્યારે તેને પહેલી વાર જોઈ ત્યારે પહેર્યાં હતાં તે બ્લૂ અને વ્હાઈટ સલવાર-કમીઝ પહેરીને ઊભી હતી. કૅમ્પસમાં, લોકોનાં કપડાંની પેટર્નની ખબર પડી જતી હોય છે. તે દર ત્રણ અઠવાડિયે આ બ્લૂ સલવાર-કમીઝ પહેરતી હતી.

તે તેની સાથે બે ફ્રૂટી લાવી હતી, 'શું હું અંદર આવી શકું? હું દસ મિનિટ માટે સ્કોલરને અભ્યાસમાં ડિસ્ટર્બ કરી શકું?'

તેના રૂમથી વિપરીત, મારા રૂમમાં કોઈ ઍસ્થેટિક અપીલ ન હતી. મેં રેડ બ્રિક્સ ઉઘાડી જ રાખી હતી અને તે જેલની દીવાલો જેવી લાગતી હતી. મારી મૂળ સફેદ રંગની ચાદર, IIT હૉસ્ટેલમાં ઍસિડથી ધોવાઈને ગ્રે કલરની થઈ ગઈ હતી. મારા ડેસ્ક ઉપર માત્ર પુસ્તકો જ પડયાં હતાં, જ્યારે અનન્યાના ડેસ્ક ઉપર કૅમ્પસની લૉનના કટ ફ્લાવર્સ અથવા તો અગરબત્તીના ક્લાત્મક એવાં સ્ટૅન્ડ કે પછી પુરુષોના શૉપિંગ લિસ્ટમાં ક્યારેય ન હોય તેવા પદાર્થો શોભતા હતા.

'વેઈટ', મેં કહ્યું. મેં ઝડપથી એક નજર કરી જોઈ લીધું કે ક્યાંય અન્ડરવિયર કે ગંધ મારતાં મોજાં કે પૉર્ન મૅગેઝિન કે જૂની રેઝર બ્લેડ જેવું કશુંય પડયું તો નથી ને? પછી મેં બારણું ખોલ્યું.

બેડ ઉપર બેસતાં તેણે કહ્યું, 'કંઈ આડુંઅવળું પડયું હતું?'

મેં મારી સ્ટડી ચૅર ખેંચતાં કહ્યું, 'ના બાપા ના.'

'હવે તું મારી સાથે ભણતો નથી એટલે તારા ગ્રેડ્સ સુધરશે.'

મેં કહ્યું, 'એવું કંઈ નથી.'

'તો પછી મામલો શું છે? કેમ આવી બાલિશ વર્તણૂક કરે છે? તું તો મને ક્લાસમાં બોલાવતો પણ નથી.'

મેં નજર ફેરવી લીધી.

'મારી સામે જો, પ્લીઝ.'

મેં તેની સામે જોયું. ખરેખર તો મને એવું મન થયું કે મારા રૂમને તાળું મારી દઉં અને તેને ક્યારેય જવા ન દઉં.

મેં કહ્યું, 'હું તેમ નથી કરી શકતો.'

'શું નથી કરી શકતો?'

'હું 'જસ્ટ ફ્રૅન્ડ્ઝ' બની શકતો નથી. મને ખબર છે કે કેટલાંક છોકરા-છોકરીઓ સાથે ફ્રૅન્ડ્ઝ બની શકે છે. હું તેમ કરી શકતો નથી. તારી સાથે તો નહીં જ.'

'શું?' તે ટટ્ટાર બેસી ગઈ.

'મને ખબર છે કે હું તારી બરોબરીનો નથી અને હું તને લાયક નથી અને એ જે કંઈ પણ હોય તેથી આ બધી બાબતોથી મને દૂર રાખ અને...'

તે મૂંઝવણભર્યા સ્વરે બોલી, 'તું શું વાત કરી રહ્યો છે?'

મેં કહ્યું, 'જવા દે, ફ્રૂટી માટે થૅંક્સ.' મેં એક લાંબો ઘૂંટડો ભરીને ડ્રિન્ક પૂરું કર્યું. મેં હિન્દી ફિલ્મનો હીરો વ્હીસ્કીનો છેલ્લો ઘૂંટ ભરીને ગ્લાસ ટેબલ પર પછાડે તે રીતે ટેટ્રાપેક ટેબલ ઉપર પછાડયું. હા, મને એકલો છોડી દે અને હું મારી વેદના મૅંગો જ્યૂસમાં ઓગાળી દઈશ, એમ મેં મનોમન વિચાર્યું.

'એ...ઈ' તેણે મારા ખભા પર હાથ મૂક્યો.

તેના સ્પર્શથી ઝણઝણાટી થતી હોવાથી મેં કહ્યું,

'મારા ખભા પર તારો હાથ મૂકીશ નહીં.'

'OK શાંત થઈ જા.' તેણે તેનો હાથ લઈ લીધો, 'પણ આ બરાબર નથી. આપણી વચ્ચે એક સમજૂતી થઈ હતી.'

'સમજૂતીકી તો ઐસીતૈસી.' મેં કહ્યું અને ફ્રૂટીના ખોખાને મસળી નાખીને તેને કચરાપેટીમાં નાખ્યું.

અમે એક મિનિટ માટે ચૂપચાપ એકબીજાં સામે જોયા કર્યું.

'તારે શું જોઈએ છે?' તેણે પૂછયું.

'આપણે પતિ-પત્ની બનીએ તેવું હું ઈચ્છું છું.' મેં કહ્યું, 'અને આ પ્રપોઝલ નથી. હું મિ. ફ્રૉર્ટીન નથી.'

તે મારી સામે તાકી રહી. હું મક્કમ છું તેવું બતાવવા મેં પણ તેની સામે જોયું. 'એમ? આ પ્રપોઝલ નથી તો બીજું શું છે?' તેણે કહ્યું.

'તું મારા રૂમમાં આવી છે અને તેં મને પૂછયું કે મારે શું જોઈએ છે. આ વાત જ જુદી છે.'

'પણ તું એવું ઈચ્છે છે કે આપણે પતિ-પત્ની બનીએ?' હજુ પણ તેના અવાજમાં અસ્વીકાર હતો.

મેં હા પાડી.

'આપણે લગભગ કપલની જેમ જ રહ્યાં છીએ, આપણે સાથે ભણતાં હતાં, સાથે જ STD બૂથ જતાં હતાં અને મૅસમાં સાથે જ જમતાં હતાં.'

મેં કહ્યું, 'આ બધું તો કોઈની પણ સાથે કરી શકાય.'

'તારી વાતમાં કંઈ સમજ પડતી નથી.' તેણે કહ્યું.

'ઠીક છે, હું તને સમજાવું.' મેં કહ્યું, 'તારી સાથે બેસીને ભણવામાં બેવડા સંયમની જરૂર પડે. એક તો મારે આ કંટાળાજનક કેસમાં ધ્યાન આપવા માટે જોર કરવું પડે. બીજું કે બને ત્યાં સુધી મારે તારા ચહેરા સામે જોવાનું ટાળવું પડે, કારણ કે જ્યારે પણ હું તારા ચહેરા સામે જોઉં છું ત્યારે મને કિસ કરવાનું મન થાય છે, પરંતુ આપણી વચ્ચે સાલી આ 'જસ્ટ ફ્રૅન્ડ્ઝ'ની સમજૂતી થઈ છે અને તું તો તેના વિશે મક્કમ છે અને તેથી મારે મારા મગજને તારા હોઠો વિશે અને નીચેના

હોઠની નીચે આવેલા નાનકડા તલ વિશે વિચારવાને બદલે નિકોટીન ફ્રી સિગારેટનો અભ્યાસ કરવા પરાણે વાળવું પડે છે.'

તે બાબત તેને સ્પર્શી ગઈ, 'તે તેં તલ જોયો છે. તે બહુ જ નાનો છે.'

'તે ભલે બહુ નાનો હશે, પણ મારા દિમાગમાં તે પચાસ ટકા માર્કેટ શૅર ધરાવે છે, પણ હું તો જસ્ટ ફ્રૅન્ડ જ છું. મારે તલ જોવાનો નથી, માત્ર ફુલ સ્ટોપ જ જોવાનું છે.'

તે હસી પડી.

'હું મજાક નથી કરતો. છોકરો હોવું એટલે શું એ તમને છોકરીઓને ખબર જ નથી.'

તેણે કહ્યું, 'આ હોઠ બહુ બોલે છે, એટલે કે તારા હોઠ.'

હું થીજી ગયો હતો, પરંતુ મારી નજીક આવવા સાથે મિસ સ્વામીનાથન થીજી ગઈ ન હતી. એક ક્ષણમાં તો તેના ફ્રૂટીવાળા હોઠ, મારા હોઠ ઉપર હતા. અમે ત્રણ સેકન્ડ સુધી કિસ કરી.

'અને હવે મેં જે મૂર્ખતા કરી છે તે મને સમજાય તે પહેલાં હું અહીંથી જઉં છું.' એમ કહીને તેણે બારણું ખોલ્યું. હું તો એટલો હતપ્રભ બની ગયો હતો કે સ્થિર થઈ ગયો હતો.

અનન્યાએ બારણું ખોલ્યું ત્યારે મારા ડોર્મના ચાર છોકરાઓ રૂમનાં બારણાં પાસેથી સરકવા માંડયા.

ચાર પૈકીનો એક છોકરો બોલ્યો, 'અમે અમારી ફ્રિસ્બી શોધી રહ્યા હતા.'

તે મારા ડોર્મથી બહાર નીકળતાં બોલી, 'તે આ રૂમમાં નહીં હોય, આ છોકરાને તો માત્ર ભણવાનું જ ગમે છે.'

પાંચ મિનિટ માટે તો હું સહેજ પણ હાલ્યાચાલ્યા વિના સ્થિર થઈ ગયો. તેના હોઠની ઝણઝણાટી બે મિનિટ સુધી રહી. બાકીની ત્રણ મિનિટમાં મને એ વાતનો ખ્યાલ આવ્યો કે કૅમ્પસની હૉટેસ્ટ છોકરીએ મને કિસ કરી હતી. મને એ ન સમજાયું કે મારામાં એવું તે શું હતું, પરંતુ મેં તે બાબતની પરવા ન કરી. કદાચ તેને પણ હું યાદ આવતો હોઈશ. જોકે તેના માટે આ બહુ મોટી વાત નહીં હોય. કદાચ હું આવી કલ્પના માત્ર કરી રહ્યો હતો અને હકીકતમાં આવું કશું બન્યું ન હતું. કદાચ મારે મૂર્ખની જેમ આમ સ્વપ્ન જોવાનું બંધ કરીને તેના રૂમ પર જવું જોઈએ. કદાચ મારે તેના રૂમ પર ન જવું જોઈએ, કેમ કે જ્યારે હું તેને મળું ત્યારે મારે શું કરવું જોઈએ તેની મને ખબર પડતી નથી. લાગે છે કે મારે અત્યારે રાત્રે નહીં, પરંતુ આવતી કાલે ક્લાસમાં તેની જોડે વાત કરવી જોઈએ.

ક્લાસ બ્રેક દરમિયાન ચાનો ઘૂંટ લેતાં લેતાં, બરાબર તેર કલાક અને બાવીસ મિનિટ પહેલાં જે હોઠ મારા હોઠ પર હતા તે જ હોઠ વડે તેણે કહ્યું, 'તેના વિશે વાત ન કર્યા કરતો.'

'OK' આ પહેલાં સાત વખત તો હું તેનો આભાર માની ચૂક્યો હતો. મેં વાતનો વિષય બદલ્યો. અમે હમણાં જ જે પૂરો કર્યો હતો તે સ્ટેટિસ્ટિક્સના ક્લાસનો ઉલ્લેખ કરતાં મેં કહ્યું, 'આ નૉર્મલ ડિસ્ટ્રિબ્યુશન તદ્દન ઓવરરેટેડ છે.'

અનન્યાએ કહ્યું, 'અને હવે આનાથી વધારે આશા રાખતો નહીં.'

મેં કહ્યું, 'શું વધુ?' ફરીથી તેણે એ જ વાત છેડી હતી.

તેણે કહ્યું, 'વધારે એટલે હવે વધારે નહીં. બસ, હવે પાછા તેં જે નૉર્મલ કર્વની વાત કરી તેના વિશે વાત કરીએ.'

'સૉરી, બસ એક જ વાત પૂછી લઉં. વધુ એટલે હવે વધુ કિસ નહીં કે પછી કિસિંગથી વધારે કંઈ નહીં?'

'એ ટૉપિક તું બંધ કરીશ હવે! આપણે ક્લાસની વચ્ચે બેઠાં છીએ!'

'પણ હું તો મારા જીવનની કટોકટી વચ્ચે છું. પ્લીઝ મને કહે.'

'શું તમે બધા છોકરાઓ આખો દિવસ તેના વિશે જ વિચારતા હો છો? આજે રાત્રે આપણે આ બધાં નૉર્મલ કર્વના પ્રૉબ્લેમ ભણવાના છે.'

મેં તેની સામે જોઈ સ્મિત કર્યું.

ક્લાસનો બેલ વાગ્યો અને તે બોલી, 'જો આ કર્વ્સ વિશે તેં કોઈ મજાક કરી છે ને, તો હું

તને મારી નાખીશ.'

૭

એ કહેવાની ભાગ્યે જ જરૂર છે કે વાત આગળ વધી અને બે અઠવાડિયાંમાં તો અમે સેક્સ પણ માણી લીધું હતું. એક રૂમમાં એક છોકરો અને એક છોકરી એક અઠવાડિયા માટે રહે અને તેના કંટાળાજનક એવાં ઢગલાબંધ થોથાં ઊથલાવે તો પછી આવો ભડકો ન થાય તો જ નવાઈ!!

પહેલી વારના સેક્સ પછી તે બોલી, 'મારો આ પહેલો અનુભવ છે.' ત્યાર પછી દીવાલ ઉપર ટાંગેલા તેની મૉમના ફોટા તરફ આંગળી ચીંધીને કહ્યું, 'જો તેને આ ખબર પડે તો તે ચાબુકે-ચાબુકે મને મારે.'

તેના પરિવારના સભ્યોના ફોટા ઉપર નજર નાખતાં મેં કહ્યું,

'જ્યારે આપણે મળીએ ત્યારે આ ફોટા ઢાંકી દેવા જોઈએ. મને તો તે જોઈને જ બીક લાગે છે.'

તે હસી પડી. તેણે પૂછયું, 'તારો આ પહેલો અનુભવ હતો?'

મેં કહ્યું, 'આપણે તે વિશે વાત ન કરીએ તો સારું.'

'IITમાં તારે ગર્લફ્રૅન્ડ હતી?' ટોપ પહેરવા બેઠાં થતાં તેણે કહ્યું.

હું ચૂપ રહ્યો.

તેનાં ખેંચાયેલાં ભવાં સાથે તે બોલી, 'તેં કોઈ છોકરા સાથે સેક્સ માણ્યું છે?'

'ના.' સહેજ મોટા અવાજે કહી, હું બેઠો થઈ ગયો.

'તું મૂરખ છે કે શું? કોઈ નહીં ને તું મને પૂછે છે કે શું હું ગે છું?'

'મેં સાંભળ્યું છે કે રેગિંગમાં તેઓ આવું બધું કરે છે.'

'ના, પરિસ્થિતિ એટલી ખરાબ ન હતી. મારે એક ગર્લફ્રૅન્ડ હતી.'

તેણે આંખો મીંચકારતાં કહ્યું 'વાહ! શું વાત છે! પણ તેં તો મને તેના વિશે ક્યારેય કહ્યું નહીં!'

'હું તેના વિશે વાત કરવા માગતો નથી. તે પ્રકરણ બે વર્ષ પહેલાં પૂરું થઈ ગયું છે, જ્યારે મેં કૉલેજ છોડી ત્યારે તે પ્રકરણનો અંત આવી ગયો હતો.'

'કેમ ભાઈ! તે કોણ હતી? કોઈ સ્ટુડન્ટ હતી?'

'હતી એક પ્રોફેસરની છોકરી.'

'વાઉ! શું વાત છે!! આ તો મામલો સિરિયસ કહેવાય.' તેણે ઉમેર્યું, 'સુંદર હતી? મારા કરતાં વધારે સુંદર હતી?'

મેં અનન્યા સામે જોયું. શા માટે સ્ત્રીઓ હંમેશાં એકબીજાંનું માપ સુંદરતામાં જ કાઢે છે?

મેં કહ્યું, 'બસ, લગભગ તારા જેટલી જ, પણ તું વધારે સ્માર્ટ છે.'

'મારા જેવી જ?'

'OK, તું વધારે સુંદર દેખાય છે બસ.' મેં કહ્યું.

આમ પણ આવો પ્રશ્ન પૂછનારી છોકરી જ હંમેશાં વધારે સુંદર દેખાતી હોય છે.

'થૅંક્યુ' તેનો ટ્રેક સૂટ પહેરવા બેડમાંથી ઊભા થતાં તેણે કહ્યું 'શા માટે તે પ્રકરણનો અંત આવી ગયો?'

'મારે તેના ડૅડ સાથે એક પ્રકારની સમજૂતી થઈ હતી.'

તેણે હસતાં હસતાં કહ્યું, 'ડૅડ સાથે? શું વાત છે, એણે તને ખરીદી લીધો? ફિલ્મોની જેમ તને બ્લેન્ક ચેક આપ્યો?'

'ના. તેમણે મને સમયસર મારી ડિગ્રી લેવા દીધી અને તેથી જ હું અહીં છું, પણ તેની ગર્ભિત સમજૂતી એવી હતી કે હું આગળ ન વધુ. પ્રોફેસરે મને એવું કહ્યું હતું કે અમારા કુટુંબના સભ્ય

બનવાનાં સપનાં ન જોઈશ. એ સંબંધમાં કોઈ ભવિષ્ય ન હતું તેથી તેનો અંત આવી ગયો.'

મારી અગાઉની ગર્લફ્રૅન્ડ વિશે વિચારતાં મારા ગળે ડૂમો ભરાઈ ગયો. ગમે તેમ પણ તમે ક્યારેય જૂની ગર્લફ્રૅન્ડને ભૂલી શકતા નથી. બહુ બહુ તો તમે તેના વિશેના વિચારોને દૂર હડસેલી શકો છો અને જેવું તમને કોઈ તેના વિશે પૂછે કે તે વિચારો ફરીથી તમારા મનનો કબજો લઈ લે છે.

'હવે આપણે તે વાત છોડી દઈએ?'

'અત્યારે તે ક્યાં છે? કૅમ્પસમાં?'

'ના. તેના પિતા MITમાં સિનિયર ફૅકલ્ટીની પોસ્ટ માટે અમેરિકા ગયા. ત્યાં તેને તેની જ નાતનો છોકરો મળી ગયો. છ મહિનામાં તેની સગાઈ થઈ અને એક વર્ષમાં તેઓ પરણી ગયાં. બાકીની મને ખબર નથી. હમણાં થોડીક જ ક્ષણો પહેલાં આપણે બંને સંપૂર્ણ નગ્ન હતાં છતાં મને લાગે છે કે મારી પ્રાઈવસીનો ભંગ થઈ રહ્યો છે.'

'ઠીક છે, પણ જો હજુ પણ તું તેની સાથે જોડાયેલો હોય તો તે બાબતથી મને ઘણો ફરક પડે છે.'

'હવે હું તેની સાથે જોડાયેલો નથી. તેને ભૂલવામાં મને ઘણો સમય લાગ્યો, પણ હવે હું તેની સાથે જોડાયેલો નથી.'

'તું તેને પ્રેમ કરતો હતો?'

'હા. અને મને અફસોસ છે કે તેના ડૅડ સાથે લડવાની મારી હિંમત ચાલી નહીં અને પ્લીઝ, હવે તેના વિશે વધુ વાત નહીં.' મેં કહ્યું. 'મારી જૂની ગર્લફ્રૅન્ડ અને મારા પિતા વિશે હું ક્યારેય વાત કરતો નથી.'

'એક છેલ્લો સવાલ. તે સાઉથ ઈન્ડિયન છે?'

'તને કેવી રીતે ખબર પડી?'

'તે IIT, MIT સૉફ્ટવૅર પ્રોગ્રામર વગેરે ઉલ્લેખ કર્યા તેના પરથી આવી કલ્પના કરવાનું મુશ્કેલ નથી.'

હું હસી પડયો.

તેની ઇલેક્ટ્રિક કીટલી ચાલુ કરતાં તે બોલી, 'મારાં પૅરન્ટ્સ પણ ખાસ્સાં રૂઢિવાદી છે.'

'આપણે હજુ તો લગ્ન કરવાનું વિચાર્યું નથી.'

તે મારી સામે તાકી રહી. મને એવો વિચાર આવ્યો કે મેં તેને કંઈ ખોટું તો નથી કહી દીધું. હું હકીકત જ કહી રહ્યો હતો.

'બરાબર છે. આપણે તો ફાયદો ઉઠાવતાં જસ્ટ ફ્રૅન્ડ્ઝ જ છીએ, ખરું ને! અથવા તો શું કહેવાઈએ? બસ, માત્ર સાથે સૂઈ જતાં મિત્રો?'

તે નારાજ થઈ ગઈ હોય તેવું મને લાગ્યું.

એક વાર સેક્સ માણ્યા પછી છોકરી માટે છોકરાનું વર્તન કેવું બદલાઈ જતું હોય છે.

'એઈ... આપણે તો...' પણ મારી વાતને એણે ત્યાં જ કાપી નાખી.

તેણે મને ચાનો કપ આપતાં કહ્યું, 'સૉરી, હું તો મજાક કરતી હતી. લે ચા.' મેં બે મિનિટ માટે તો કપના હેન્ડલને રમાડયું. સેક્સની શક્યતાઓ છતાં હજુ તો અમારે ભણવાનું હતું.

મેં મારું ફોલ્ડર ખોલતાં જણાવ્યું, 'આપણે HR કેસ ખોલીએ? તે એક હોટલમાં હડતાળ વિશે છે.'

તેણે મારી સાથે આંખ મિલાવ્યા વગર માથું ધુણાવ્યું. મેં મારા મગજને બહુ જોર આપીને વિચાર્યું કે હું એવું શું કરું તો તેને સારું લાગે. મેં કહ્યું, 'આઈ લવ યુ.'

તેણે ધીમે રહીને તેના કેસ મટિરિયલ્સને બંધ કરીને મારી સામે જોયું, 'ખરેખર?' તેણે કહ્યું ત્યારે તેની આંખો ભીની થઈ ગઈ હતી.

'હા,' મેં કહ્યું.

'તું ફક્ત એટલા માટે તો નથી કહેતો ને કે જેથી મારી સાથે ફરીથી સેક્સ માણી શકે?'

'ના. પણ શું તું એવું કહેવા માગે છે કે...'

'હું કંઈ જ કહેવા માગતી નથી. શું તું માત્ર તેના વિશે જ વિચારે છે?'

'આપણે સાથે ભણીએ છીએ, સાથે જમીએ છીએ, સાથે જ બહાર જઈએ છીએ, ક્લાસમાં પણ આખો દિવસ એકબીજાંની સામે જ જોઈ રહીએ છીએ, માત્ર હું જ્યારે સૂઈ ગયો હોઉં અથવા ટૉઈલેટ ગયો હોઉં ત્યારે જ આપણે એકબીજાંથી દૂર હોઈએ છીએ.' હું સહેજ હસ્યો.

'તો શું થઈ ગયું?'

'આઈ લવ યુ. સાદી વાત છે, તને એટલીય ખબર નથી પડતી?' હું મોટેથી બોલ્યો.

'હવે બરાબર. હવે તું ખોંખારીને બોલ્યો.' તેણે સ્મિત કર્યું.

'અને તું?' મેં પૂછ્યું.

'મારે હજુ એ વિશે વિચારવાનું છે.'

'શું કહ્યું?'

'કદાચ, હું સેક્સ માટે જ તારો ઉપયોગ કરતી હોઉં.' તેણે કહ્યું.

'શું કહ્યું?' આ વખતે હું સહેજ મોટેથી બોલ્યો.

તે હસી પડી. મેં તેના ઉપર ઓશીકું ફેંક્યું.

'મેં કહ્યું ને, મારે એ વિશે હજુ વિચારવાનું છે.'

તેણે ક્યારેય 'આઈ લવ યુ' કહ્યું ન હતું. છતાં મિસ સ્વામીનાથન મારી સાથે ભળી ગઈ હતી. એક દિવસ જ્યારે તે તેના બૅકપૅકમાં રાત્રિનાં કપડાં લઈને મારા રૂમ ઉપર આવી ત્યારે હું સહેજ મૂંઝાયો હતો. હું તેના માટે જગ્યા પસંદ કરતો હતો કેમ કે હું વીસ જેટલા ભૂખ્યા ડાંસ છોકરાઓ વચ્ચે એકમાત્ર છોકરીની હાજરી મારા ડોર્મમાં ઈચ્છતો ન હતો.

તેમ છતાં, તે પરિસ્થિતિ સારી હતી. તે તેની સાથે તેની ઇલેક્ટ્રિક કીટલી, મીઠું સ્મિત અને મૅગી બનાવવાની કુશળતા લઈને આવતી હતી. પહેલાં પણ અમે સાથે ભણતાં હતાં, પરંતુ હવે અમારામાં વધારે શિસ્ત આવી ગઈ હતી. જ્યારે પણ કોઈ સ્ત્રી તમારા જીવનમાં પ્રવેશે છે, ત્યારે બધું આપોઆપ વ્યવસ્થિત થવા લાગે છે.

અમે સવારે ઊઠીએ ત્યારે તે મારા કરતાં અડધો કલાક વહેલી ઊઠી જતી હતી. તે સો મીટર દૂર આવેલા તેના ડોર્મ ઉપર દોડી જતી હતી અને ત્યાં નહાતી હતી. હું તૈયાર થઈને પહોંચી જતો અને અમે નાસ્તા માટે મૅસમાં ભેગાં થતાં હતાં.

આગલી રાત્રે કરેલ કામનો થપ્પો તે બહાર કાઢતી અને મૅસમાં જુદું પાડીને, મને આપતાં કહેતી હતી, 'આ તારું એસાઈન્મૅન્ટ અને આ મારી ક્વૉન્ટ વર્કશીટ.'

અમે ક્લાસમાં સાથે જતાં હતાં, અને જો કન્યાશ્રીનો મૂડ સારો હોય તો એકાદ દિવસ તે અનન્યાની જગ્યાએ બેસતી અને અનન્યા મારી સાથે. એ સિવાય તો અમે બંને અમારી જગ્યાએ બેસતાં અને સમગ્ર ક્લાસ દરમિયાન એકબીજાં સામે જોઈ રહેતાં. પાંચેય મોહિતને શરૂઆતમાં તો ઘણું અચરજ થતું હતું, પણ પછી એ સારી રીતે ટેવાઈ ગયા હતા અને જ્યારે લેક્ચર બૉરિંગ બને ત્યારે જ અમારી તપાસ કરતા. હકીકતમાં અનન્યા સાથેની મારી મિત્રતાએ એક નાનકડું કૌતુક સર્જ્યું હતું. હંમેશાં બને છે તેમ, મને ભડનું બિરુદ મળ્યું હતું. અને તેને મૂર્ખનું, પરંતુ તેનાથી અનન્યાને કોઈ ફેર પડતો ન હતો, કેમ કે, કદાચ, હા તે મૂર્ખાઈની હદ કહેવાય તે રીતે પ્રેમમાં હતી. દરરોજ ક્લાસમાં મને એક નોટ મોકલતી હતી.

નોટમાં તે લખતી, 'મારે તને મળવું છે. ક્લાસ પત્યા પછી તારી સાથે મસ્તી કરવા સુધી રાહ જોઈ શકતી નથી.' અને આવી નોટ મારી પાસે વાયા અંકુર, અનૂપ, બિપીન, ભૂપિન, ભાનુ તેમ જ બીજા દસ વિદ્યાર્થીઓ અને કન્યાશ્રી પાસે થઈને આવતી હતી. અમે જોડે જ રહેતાં હતાં અને છતાં ક્લાસમાં તેનાથી માત્ર છ રૉ દૂર હોવા છતાં હું તેને દૂર લાગતો હતો.

મેં તેને ચેતવી હતી કે, 'ક્લાસમાં આવી નોટ્સ ન મોકલ. બધાં તે વાંચશે.'

અનેક નિસાસા સાથે તેણે કહ્યું, 'તને તો મજાક પણ ગમતી નથી.'

જ્યારે બિપીને તે નોટ આપી ત્યારે તે હળવેકથી હસ્યો હતો. ઠીક છે, તેનાથી ક્લાસમાં કોઈકને તો મનોરંજન મળ્યું.

તે મારા રૂમમાં આવી ગઈ હતી. તેના ત્રણ મહિના પછી તેણે એક રાત્રે મને કહ્યું,

'તું ટૉપ ટેનથી સહેજ જ દૂર છે. સ્ટેટિસ્ટિક્સમાં એક વધુ 'A' લાવી દે તો તું ત્યાં પહોંચી જઈશ.'

મેં લાઈટ બંધ કરતાં કહ્યું, 'મારા માન્યામાં નથી આવતું કે હું આટલું બધું ભણું છું. IITમાં તો અમે આખી રાત માત્ર ગપાટા જ મારતાં હતાં.'

અમે એક રજાઈમાં ભેગાં લપાઈ ગયાં અને તેણે કહ્યું, 'આપણે પણ આખી રાત ગપાટા

મારી શકીએ.'

'શેના વિશે? અને શા માટે? આપણે આખો વખત જોડે જ હોઈએ છીએ, તો પછી શા માટે આપણી ઊંઘ ખરાબ કરવી?'

'તેમ છતાં આપણે વાતો કરી શકીએ. ભવિષ્યની યોજનાઓ અને એવું બધું.'

'ભવિષ્ય' શબ્દ અને સ્ત્રીઓ એ બંને શબ્દો એક ભયાનક સંયોજન રચે છે. જોકે બિઝનેસ સ્કૂલમાં તો ભવિષ્યનો અર્થ માત્ર પ્લેસમૅન્ટનો થઈ શકે.

'તારે સારા ગ્રેડ્સ છે. તને સહેલાઈથી HLLમાં જૉબ મળી જશે. માર્કેટિંગમાં તે સારામાં સારી જૉબ છે, ખરું કે નહીં? અને હું WPMમાં જઈશ.'

'WPM?'

'Whoever Pays More, જેથી હું બને એટલા જલદી બહુ બધા પૈસા કમાઈ શકું.' મેં દાંત પીસ્યા.

મારા વાળમાં તેના હાથ ફેરવતાં તે બોલી, 'તું હજી પણ લેખક બનવા વિશે ગંભીર છે, ખરું ને?'

મેં બગાસું ખાતા કહ્યું, 'હા, પણ હજુ હું શેના વિશે લખીશ તે અંગે વિચાર કરું છું.'

'કશા પણ વિશે. જેમ કે તારી પેલી ગર્લફ્રૅન્ડ વિશે.'

'અનન્યા, આપણી વચ્ચે એ વિશે વાત થઈ ગઈ છે. આપણે ફરીથી મારી જૂની ગર્લફ્રૅન્ડ વિશે વાત નહીં કરીએ.'

'સૉરી, સૉરી તેં કહ્યું હતું ને કે તારે પ્રોફેસર સાથે તારા ગ્રેડ્સ માટે સોદો થયો હતો એટલે મને એમ કે તે એક રોમાંચક વાર્તા બનશે.'

મેં તેને કિસ કરીને કહ્યું, 'ગુડનાઇટ. માય સ્ટ્રૅટેજિસ્ટ.'

'આઈ લવ યુ.' તે બોલી.

'ખરેખર!'

'હા.'

'તો પછી તેં છેક હવે કેમ કહ્યું?'

'મેં તેના વિશે બહુ વિચાર્યું, ફક્ત તને અત્યારે જ કહ્યું એટલું જ. ગુડનાઇટ.'

દોઢ વર્ષ પછી...

તે બોલી, 'જરા વિગતે વાત કરને. તને સેક્સ માણ્યા પછી વાત કરવાનું નથી ગમતું?'

ખરેખર તો મને ઉપર પંખા તરફ તાકી રહેવાનું ગમે છે કાં તો પછી ઝોકું ખાઈ લેવાનું. પણ સ્ત્રીઓ શા માટે આટલો વખત વાતો જ કરવા માગે છે?

અમે તે વખતે મારા રૂમમાં હતાં. શિયાળાની એક બપોરે વાદળિયા વાતાવરણમાં અમે એકબીજાને વીંટળાઈને પડયાં હતાં.

મેં હળવેક રહીને કહ્યું, 'મને તો વાત કરવાનું ગમે છે. તારા મનમાં કોઈ વિચાર ચાલી રહ્યો છે?'

તેણે કહ્યું, 'પ્લેસમૅન્ટને એક અઠવાડિયાની જ વાર છે અને મને ગભરાટ થાય છે.'

'ચિંતા કરીશ નહીં, દરેક કંપનીએ તને પસંદ કરી છે. તને જૅકપોટ લાગશે.'

'મને જૉબ ઑફર વિશે ગભરાટ નથી. ગભરાટ તો ત્યાર પછી શું એનો છે.'

'ત્યાર પછી? અરે, એ પછી આપણી પાસે બૅન્કમાં પૈસા હશે. રેસ્ટોરન્ટમાં ઑર્ડર આપવામાં સહેજ પણ અચકાવું નહીં પડે, થિયેટરમાં આગળની રૉમાં બેસવું નહીં પડે, ટ્રેનમાં સેકન્ડ ક્લાસમાં ફરવું નહીં પડે. કૉલેજની વાત કંઈક ઑર હતી. દર મહિને શૉપિંગ કરવાની કેવી મજા આવશે તેનો વિચાર તો કર!'

'મને શૉપિંગ ગમતું નથી.'

'ઠીક છે, તું પૈસા બચાવી શકે છે અથવા અદ્ભુત સ્થળોએ પ્રવાસ પર જઈ શકે છે.'

તે વિચારોમાં ખોવાઈ ગઈ હોય તેવું તેના ચહેરા પરથી લાગ્યું.

'તું ઠીક તો છે ને?' મેં પૂછયું.

'તને ખબર છે ખરી કે ચાર અઠવાડિયાંમાં આપણે કૅમ્પસ છોડી દઈશું?'

મેં કહ્યું, 'મને તો હાશ છે કે છુટકારો થશે. હવે કદાચ જીવનમાં ગોખણપટ્ટી કે ગ્રેડ્સની ચિંતા નહીં હોય.'

તેના અવાજમાં સહેજ અવકાશ સર્જાયો : 'આપણું શું?'

'કેમ, આપણું શું?' પુરુષો જ્યારે સ્ત્રીઓ સાથે ગંભીર વાત કરતા હોય ત્યારે જેવી વિશિષ્ટ પ્રકારની મૂર્ખામીભર્યા અને બાઘા જેવા હાવભાવ દાખવે તેવા હાવભાવ સાથે મેં પૂછયું.

તે બેઠી થઈ ગઈ અને તેનું ટૉપ પહેરી લીધું. અને બાકીનાં કપડાં પહેરવા બેડમાંથી ઊભી થઈ. અત્યંત ગંભીર વાતાવરણ છતાં સ્ત્રીઓ જ્યારે કપડાં બદલતી હોય ત્યારે કેટલી સુંદર લાગે છે તેના પ્રત્યે મારું ધ્યાન ગયા વગર રહ્યું નહીં.

તેણે કહ્યું, 'હું મારા રૂમ ઉપર જઉં છું. તું નિરાંતે ઘોર્યા કર.'

મેં મારો હાથ લંબાવીને તેને રોકતાં કહ્યું, 'અરે, પણ શું થયું? હું તારી સાથે વાત તો કરી રહ્યો છું?'

'હું એમ કહું છું કે ચાર જ અઠવાડિયાંમાં આપણે બંને જુદાં જુદાં શહેરોમાં હોઈશું. ફરીથી આપણે ક્યારેય આ રીતે મળી નહીં શકીએ.'

'ક્યારેય નહીં મળી શકીએ એટલે તું કહેવા શું માગે છે?' કહેતાં જ મારું મોં પહોળું જ રહી ગયું.

'પહેલાં તું કપડાં પહેરી લે. મારે સિરિયસ વાત કરવી છે.'

મેં કપડાં પહેરી લીધાં ત્યાં સુધી તે ચૂપ રહી. તે બેડ ઉપર પગ ઉપર પગ ચડાવીને બેઠી.

મેં મારા વિચારોને વ્યવસ્થિત ગોઠવતાં કહ્યું,

'જો આપણે આમ કરીએ. તને કારકિર્દીમાં રસ છે, મારે તો બસ પૈસા જ જોઈએ. જેથી તને જે શહેરમાં નોકરી મળે તે જ શહેરમાં નોકરી મેળવવા હું પ્રયત્ન કરીશ, પરંતુ પ્રશ્ન એ છે કે આપણને એ ખબર જ નથી કે તું કયા શહેરમાં હોઈશ? તેથી અત્યારે તો હું બીજું શું કરી શકું?'

'અને આવતા અઠવાડિયે તું શું કરીશ? આપણને બધાંને લગભગ એક જ સમયે પ્લેસમૅન્ટ મળશે. મને નોકરી મળે ત્યાં સુધી તું રાહ ન જોઈ શકે.'

મેં કહ્યું, 'નસીબમાં જે થાય તે ખરું.'

'તો પછી આપણા ભવિષ્યનું શું? અરે સૉરી, મારે એમ પૂછવું જોઈએ કે આપણા માટે કોઈ ભવિષ્ય છે ખરું?'

મેં કહ્યું, 'તેના વિશે હું અત્યારે કંઇ કહી શકું નહીં.'

'એમ વાત છે! તો શું તું ભવિષ્યનો એવો કોઈ સમય જણાવી શકે ખરો કે જ્યારે આપણે ભવિષ્ય વિશે વાત કરી શકીએ?'

હું ચૂપ રહ્યો.

'ઠીક છે, જવા દે. હું જઉં છું.' કહીને તે બારણા તરફ ગઈ.

મેં કહ્યું, 'મારે વિચારવા માટે સમય જોઈએ.'

'તો શું આ બે વર્ષ તને ઓછાં પડયાં?'

હું ચૂપ રહ્યો.

અનન્યા બોલી, 'તને ખબર છે ને કે મને કેટલી તકલીફ થાય છે. તમારે પુરુષોને બંધાવાની વાત આવે ત્યારે વિચારવા માટે કેટલો બધો સમય જોઈએ છે, પરંતુ જ્યારે કોઈ છોકરી સાથે સૂવાનો નિર્ણય કરવો હોય ત્યારે તમારે સહેજ પણ વિલંબ થતો નથી.'

'અનન્યા,' હું આટલું જ બોલ્યો ત્યાં તો ધડામ કરતો બારણું બંધ થવાનો અવાજ આવ્યો.

* * *

અમે કૅમ્પસની બહાર નવરંગપુરા સુધી ચાર કિલોમીટર ચાલ્યાં. હું આ વાતાવરણથી બને તેટલા દૂર સુધી જવા માગતો હતો. તેણે મને પાંચમી વખત કહ્યું 'ચિંતા ન કર. બધું બરાબર થશે.' ડે ઝીરો એટલે કે પ્લેસમૅન્ટનો પહેલો દિવસ પૂરો થઈ ગયો હતો અને મને કોઈ જૉબ મળી

ન હતી.

મેં કહ્યું, 'મને એમ હતું કે મારા ગ્રેડ આટલા સારા છે કે મને પહેલા જ દિવસે જૉબ મળી જશે.'

તેણે કહ્યું, 'શું ફેર પડે છે? પ્લેસમૅન્ટ માટે હજી છ દિવસ બાકી છે.'

અમે રસ્તા ઉપર ભાજીપાંઉની એક લારી પર રોકાયાં. તેણે ઓછાં બટર સાથે બે પ્લેટ્સનો ઑર્ડર આપ્યો. તેણે મને સાંત્વના આપતાં કહ્યું, 'બધું બરાબર થઈ જશે. જો હજુ માર્કેટિંગ કંપનીઓ તો આવતી કાલથી જ શરૂઆત કરવાની છે. મારે HLLનો ઈન્ટરવ્યૂ આપવાનો છે, તો પણ મને સહેજ પણ ચિંતા નથી.'

મેં કહ્યું, 'તું સિલેક્ટ થઈ જઈશ. તને કોઈ કંપની સિલેક્ટ ન કરે એવું બને જ નહીં.'

તેણે મારી સામે જોયું અને હસી પડતાં બોલી, 'તને એ તો ખબર છે ને કે દરેક જણ મારા પ્રેમમાં નથી.'

'તારા ગ્રેડ સારા છે અને માર્કેટિંગ માટે તને પૅશન છે. તું HLL માટે જ છે, તારા ચહેરા ઉપર સ્પષ્ટ જોઈ શકાય છે.'

'તારે આવતી કાલે બીજી બે બૅન્કના ઈન્ટરવ્યૂ છે.'

મેં કહ્યું, 'મારી ઈચ્છા સિટી બૅન્કમાં જોડાવાની છે. 'મને પૈસા કમાવા ગમે છે' એ કરતાં મારે વધારે સારા જવાબો આપવા પડશે. મારે ઈન્ટરવ્યૂમાં વધારે સારી રીતે ખોટું બોલવું પડશે.'

વેઈટર અમારાં ભાજીપાંઉ આપી ગયો હતો. અનન્યાએ પાંઉનો એક ટુકડો મારા મોંમાં મૂક્યો, 'કોઈ પણ વ્યક્તિ પૈસા કમાવા જ બૅન્કમાં કામ કરે ને, ખરું કે નહીં?'

'હા, પણ ઈન્ટરવ્યૂ લેનારાઓને તો એવું માનવાનું ગમે છે કે તેઓ કોઈ મહત્ત્વનું કામ કરી રહ્યા છે. જેમ કે તેઓ જાણે કે મધર ટેરેસા ફાઉન્ડેશન કે એવી કોઈ સંસ્થા માટે કામ કરી રહ્યા છે.'

તેણે કહ્યું, 'જો, તારે આવું કહેવાનું – મને સિટી બૅન્કમાં એટલા માટે જોડાવું ગમે કે હું એવું ઈચ્છું છું કે ભારતીઓને વિશ્વસ્તરની નાણાકીય સેવાઓ મળે અને તારે 'ઈનોરમસ ગ્રોથ' અને 'સ્ટ્રેટેજિક પોટેન્શ્યલ' જેવા શબ્દો બોલવાના.'

'સાચે, મારે સિરિયસલી આવું બધું કહેવું પડશે?'

તેણે ઉમેર્યું, 'અને હા, યાદ રાખજે. સિટી નેવર સ્લીપ્સ એટલે કે તું સખત કામ કરીશ.'

મેં કહ્યું, 'હું એટલું બધું ખોટું બોલી શકીશ નહીં.'

તે હસી પડી અને તેણે મારા હોઠ ઉપરથી ભાજી લૂછી. મને થયું કે હું કેટલો નસીબદાર છું કે મને તેના જેવી છોકરી મળી. તે થોડાંક જ વર્ષોમાં HLLમાં છેક ટોચ ઉપર પહોંચીને તેનું સંચાલન કરતી હશે, પણ અત્યારે તો તેને મારા થોબડા ઉપરથી ભાજી લૂછવામાં કેટલી મજા આવે છે. મને મનોમન દોષીપણાની લાગણી થઈ. અમારા ભવિષ્ય માટે મારે તેને જવાબ આપવો જોઈએ. મેં મનોમન કહ્યું, મૂરખ, તેને કહી દે. અત્યારે જ કહી દે. નવરંગપુરાના ભાજીપાંઉના સાવ સામાન્ય સ્ટોલ ઉપર જ કહી દે. મેં બોલવા માટે હિંમત ભેગી કરી.

'શું? તારે કંઈ કહેવું છે?' એણે મને પૂછયું.

મેં પૂછયું, 'તારે બીજા પાંઉ જોઈએ?'

* * *

પ્લેસમૅન્ટમાં મદદ કરતાં ફર્સ્ટ યરના એક વોલિન્ટિયરે કહ્યું, 'તમારો નંબર ત્રીજો છે,' હું ઈન્ટરવ્યૂ રૂમની બહાર, બીજા સાત ઉમેદવારોની બાજુના એક સ્ટૂલ ઉપર બેઠો. અમે બધા ડેન્ટિસ્ટના ક્લિનકિની બહાર બેઠેલા દદીર્ઓ જેવા લાગતા હતા. ફરક માત્ર એટલો જ હતો કે અમે વધારે સ્ટ્રેસમાં હતા.'

HLLના ઈન્ટરવ્યૂ મારી સામેના રૂમમાં ચાલુ હતા. અનન્યાએ બધા જ રાઉન્ડ પૂરા કર્યા હતા અને હવે છેલ્લા રાઉન્ડ માટે બોલાવવામાં આવે તેની રાહ જોતી હતી. પહેલા જ દિવસે શું ગરબડ થઈ તેના વિશે મેં વિચાર્યું. ઠીક છે, મારે તો માત્ર પૈસા માટે જ જૉબ જોઈતી હતી, પરંતુ જ્યારે મેં

અધિકારીઓ સાથે વાત કરી ત્યારે તે બાબત છુપાવી હતી. તો પછી ગઈ કાલે પાંચ બૅન્કો સાથે મારો કેમ મેળ ન પડયો? જો સિટી બૅન્ક પણ મને ના પાડી દે તો શું?

મારા કપાળ ઉપર પરસેવો થઈ ગયો. શું આ બધી ડિગ્રીઓ અને ગ્રેડ પછી પણ મારું ભવિષ્ય અંધકારમય બની રહ્યું છે? શું ઈશ્વરની મારા ઉપર કૃપા નથી? મેં વિચાર કર્યો કે શું ભગવાન મારા ઉપર નારાજ થાય એવું તો મેં કશું કર્યું નથી ને? હું દૂરથી HLL રૂમ તરફ જોઈ રહ્યો. અનન્યા બહાર ઊભી હતી અને પિકૉક બ્લૂ સાડીમાં તે સુંદર લાગતી હતી. કદાચ, હું તેના ભવિષ્ય વિશે મારી ચોખવટ ન કરી દઉં ત્યાં સુધી ઈશ્વર મને મારું ભવિષ્ય નક્કી નહીં કરવા દે.

સ્ટુડન્ટ વૉલિન્ટિયર મારું નામ બોલ્યો, 'ક્રિશ મલ્હોત્રા.'

હું મનોમન પ્રાર્થના કરી ઊભો થયો. મેં મારી ટાઈની નૉટ અને શર્ટના કૉલર્સ બરાબર છે કે નહીં તે ચેક કર્યાં. હું મનોમન બોલ્યો, યાદ રાખજે, આ જૉબ જવી ન જોઈએ. બૅન્કો બે ગણાં પગાર ચૂકવે છે, મારી મનપસંદ પ્રવૃત્તિ કરવા માટે હું બે ગણી ઝડપથી આ કૉર્પોરેટ કરિયર છોડી શકું છું. મેં ઊંડો શ્વાસ લીધો અને બહાર કાઢયો.

ખુરશીમાં બેઠેલ અત્યંત સ્વચ્છ-સુઘડ બ્લેક સૂટમાં સજ્જ માણસ બોલ્યો, 'વેલકમ, બેસો.' તે એટલો સમૃદ્ધ હતો કે તેણે રૉલેક્સ વૉચ પહેરી'તી અને એટલો ત્રાસદાયક હતો કે મારી સાથે વાત કરતાં મારી સામે જોતો પણ ન હતો. તેણે મારો બાયોડેટા શોધવા માટે કાગળો ઊથલાવ્યા.

મેં હેન્ડશેક માટે હાથ લંબાવતા કહ્યું, 'ગુડ આફટરનૂન.' મેં મારા હાથના સ્નાયુ ખેંચ્યા કેમ કે લોકો એવું કહે છે કે મજબૂત હસ્તધૂનન એ આત્મવિશ્વાસ અને પ્રભુત્વનો સંકેત છે.

મારી સાથે હાથ મિલાવતાં તે બોલ્યા, 'રાહુલ આહુજા, મૅનેજિંગ ડિરેક્ટર, કૉર્પોરેટ ફાઈનાન્સ.' તેમણે તેમની જમણી બાજુમાં બેઠેલા કલીગ તરફ ઈશારો કરતાં કહ્યું, 'અને આ દેવેશ શર્મા છે, વાઈસ પ્રેસિડેન્ટ – HR'

મેં દેવેશ તરફ જોયું. તે ત્રીસ વર્ષનો ઍક્ઝિકયુટિવ હતો, પરંતુ તેનામાં ત્રણ વર્ષના બાળક જેવું ગભરુપણું દેખાતું હતું. તે વાઈસ પ્રેસિડેન્ટ જેવો લાગતો ન હતો. આમ પણ, મેં એવું સાંભળ્યું હતું કે દર વર્ષે નવા જોડાતા સેંકડો MBAની કારકિર્દી અને અહમ્ને પોષવા સિટીબૅન્કમાં ચારસો વાઈસ પ્રેસિડેન્ટ હતા. અલબત્ત, તેનાથી આ પદની ગરિમા ચાલી જતી હતી, પરંતુ એ લોકો માટે તો તે એક સારી ઈન્ટ્રોડક્શનનું કામ કરે છે. ઈન્ટરવ્યૂ શરૂ કરવા રાહુલે દેવેશને ઈશારો કર્યો.

કૉલેજનાં નાટકોમાં, મહિલાપાત્રમાં સહજ પસંદગી પામી શકે તેવા સ્ત્રૈણ અવાજે દેવેશે કહ્યું,

'તો ક્રિશ, મેં જોયું કે અન્ડરગ્રેડમાં તમારા ગ્રેડ નબળા છે.'

મેં કહ્યું, 'તમારું નિરીક્ષણ સારું છે.'

આશ્ચર્ય પામતાં દેવેશે કહ્યું, 'શું કહ્યું?'

હું મનોમન બોલ્યો બહુ ડહાપણ રહેવા દે. મેં ગળું ખોંખારતા કહ્યું, 'કંઈ નહીં.'

'હા તો, શું થયું હતું?'

મને કહેવાનું મન તો થયું કે, ગર્લફ્રેન્ડ, મોજીલા મિત્રો, આલ્કોહૉલ શુષ્ક પ્રોફેસરો વગેરેને લીધે આવું થયું, પરંતુ અનન્યાએ મને સાચો જવાબ શીખવાડયો હતો.

'હકીકતમાં મિ. શર્મા,' મેં તેના નામ ઉપર ભાર દીધો અને તેને સારું લાગ્યું, 'જ્યારે હું IITમાં દાખલ થયો ત્યારે મને ત્યાં જે મહેનત કરવાની જરૂર હતી તેનો ખ્યાલ ન આવ્યો. અને પ્રમાણમાં ઓછા ગ્રેડ સાથે એક વખત ખરાબ શરૂઆત થાય પછી તેમાં સુધારો કરવાનું બહુ અઘરું હોય છે. છેલ્લા સેમેસ્ટરમાં મારા ગ્રેડ સારા છે અને મારા IIMAના ગ્રેડ સારા છે, તેથી આપ જોઈ શકો છો કે મેં તેમાં સુધારો કરી દીધો છે.'

વીસ મિનિટ સુધીના ઈન્ટરવ્યૂમાં 'તો શું ભારતમાં ક્રેડિટ કાર્ડનો વિકાસ થશે?' અથવા 'ભારત તેની બૅન્કિંગ સર્વિસીસમાં સુધારો કરી શકશે?' જેવા મૂર્ખામીભર્યા સવાલો પૂછવામાં આવ્યા અને આવા સવાલોમાં તેઓ જે સાંભળવા માગતા હોય તેવા જવાબો તમે સહેલાઈથી આપી શકો છો, 'હા, ભારતમાં ક્રેડિટ કાર્ડનો વિકાસ થશે' અને 'હા, ભારતમાં જબરદસ્ત સુધારો થઈ શકે છે.' છેલ્લે તેમણે બહુ મોટો સવાલ પૂછયો, 'શા માટે સિટી બૅન્ક?'

મારે તો એટલા માટે સિટી બૅન્ક જોઈએ કે બાકીની પાંચ બૅન્કોએ મને પસંદ કર્યો ન હતો, પણ હું મારા આ મૂર્ખામીભર્યા સવાલ અને મારો શ્વાસ બંને ગળી ગયો. મેં મનોમન વિચાર્યું, હવે પછીની દસ સેકન્ડ મારી કરિયરની શરૂઆત નક્કી કરશે.

'મિ. આહુજા, સવાલ એ નથી કે શા માટે સિટી. ખરો સવાલ એ છે કે કોઈ પણ મહત્ત્વાકાંક્ષી યુવાન બીજે ક્યાંય શા માટે જાય? તે વિશ્વની સૌથી મોટી પ્રાઈવેટ બૅન્ક છે, તે અત્યંત પ્રતિષ્ઠિત છે, તે ભારત પ્રત્યે પ્રતિબદ્ધ છે અને આ બૅન્કના લગભગ દરેક ડિપાર્ટમેન્ટમાં ઘણી બધી તકો રહેલી છે. આ બૅન્ક નથી, આ તો ગ્રોથ મશીન છે.'

હું કંઈ વધારે પડતું તો નથી બોલી ગયો ને. તે જોવા માટે હું અટક્યો, પરંતુ રાહુલ એકદમ ધ્યાનથી સાંભળી રહ્યો હતો અને દેવેશે સંમતિસૂચક ડોકું ધુણાવ્યું હતું.

હા, તેઓ બરાબર પ્રભાવિત થઈ રહ્યા હતા.

'અને, છેવટે તો સૌથી મોટું કારણ એ છે કે રાહુલ,' તેની સાથે મારી નિકટતા દર્શાવવા મેં તેને નામથી જ બોલાવતાં કહ્યું, 'હું જેના જેવો બનવા માગું છું તેવા લોકો સાથે કામ કરવા માગું છું. જ્યારે હું તમને જોઉં છું ત્યારે હું તમારા જેવો બનવા માગું છું અને સિટી બૅન્ક મને તે તક પૂરી પાડે છે.'

રાહુલના ચહેરા ઉપર ગૌરવની રેખા ચમકી ઊઠી, 'કેવી રીતે... એટલે કે તને કેવી રીતે ખબર પડી કે તું મારા જેવો બનવા માગે છે?'

લોકો ગમે તેવી મોટી સિદ્ધિઓ પ્રાપ્ત કરે, પણ પોતાની પ્રશંસાની તેમની ભૂખ ક્યારેય સંતોષાતી જ નથી.

'મેં તમને પ્રિ-પ્લેસમૅન્ટ ટૉક વખતે જોયા હતા. મેં આવી ડઝન જેટલી ટૉક્સ ઍટેન્ડ કરી છે, પરંતુ તમે જે રીતે રજૂઆત કરી તેમાં હજુ સુધી મેં ક્યારેય ન જોઈ હોય તેવી વિચારોની સ્પષ્ટતા હતી અને સિટી બૅન્કની આ જ તો મજા છે. તમારો આત્મવિશ્વાસ જરા હટકે છે. ખરું કે નહીં, દેવેશ?'

દેવેશે મૂંઝવણભરી દૃષ્ટિએ મને જોયો. કદાચ તે મેન્યુઅલમાંથી ગોખેલા વાક્યની જેમ બોલ્યો, 'હકીકતમાં, HR બેસ્ટ ટૅલેન્ટને જ પંસદ કરે છે.'

મારું ધ્યાન તેમના તરફ ખેંચવા જાણે કે બંને સ્પર્ધા કરી રહ્યા હોય તેમ રાહુલે કહ્યું, 'HR કંઈ કરતું જ નથી. હું જ વ્યક્તિગત રીતે જૉબ માટે દરેકની પસંદગી કરું છું.'

મેં કહ્યું, 'એ તો દેખાય જ છે.'

રાહુલ તેની ખુરશીમાં પાછળ ખસ્યો અને ઊભા થતાં બોલ્યો,

'જો સાંભળ ક્રિશ, આ વાત આપણા બે વચ્ચે રાખજે કે તું મને પસંદ પડયો છે, પણ સાચું કહું તો અમારી રિક્રુટિંગની મોટા ભાગની કામગીરી તો પતી ગઈ છે. માત્ર એક જ જગ્યા બાકી છે, પરંતુ અમારો એક આંતરિક માપદંડ છે કે નવા રિક્રુટ માટે અમે અન્ડરગ્રેડ લેવલે સેવનપૉઈન્ટ ગ્રેડની જ પસંદગી કરીએ છીએ.'

મારા ભૂતકાળનાં પાપ મારો પીછો છોડતાં ન હતાં અને તેથી જ પાંચ બૅન્કોએ મને રિજેક્ટ કર્યો હતો.

તેણે મારી અન્ડરગ્રેડ ગ્રેડશીટ થપથપાવતાં કહ્યું,

'અને આ એક સેમેસ્ટરનો બ્રેક...'

મેં તેમની ભૂલ સુધારતાં કહ્યું, 'રિસર્ચ સેમેસ્ટર, સર.'

'મને તેં કહ્યું નહીં, દેવેશ?' રાહુલે કહ્યું,

HRમાં કામ કરતા કોઈ પણ ઍક્ઝિક્યુટિવની જેમ, દેવેશે પણ તેના જીવનમાં ક્યારેય કોઈ નિર્ણય લીધો જ ન હતો.

'ઈટ્સ એ બિઝનેસ કૉલ, સર.' દેવેશે કહ્યું.

રાહુલે કહ્યું, 'હું મારા કામે જઉં છું.'

કોઈ પણ સૂચન ન કરી શકે તે હદે ગભરાયેલા દેવેશે કહ્યું,

'હા, પણ તમે કન્ટ્રી મૅનેજર સાથે વાત કરી શકો છો.'

'આમ તો હું તેમનાથી સિનિયર છું. હું ન્યૂ યૉર્કથી આવ્યો છું. એ સંપર્કો ધરાવે છે તેથી કન્ટ્રી મૅનેજર બન્યો. ખ્યાલ આવ્યો ને?'

'સર, પણ ગ્રેડ મુજબ તો...' દેવેશ સહેજ અટક્યો અને બંને મારી સામે જોઈ રહ્યા.

રાહુલ બોલ્યો, 'અમને જરા પાંચ મિનિટ આપીશ, ક્રિશ?'

'અરે, સવાલ જ નથી. હું બહાર રાહ જોઉં છું.' મેં કશીક આશા સાથે તેમની વાત સ્વીકારી.

'થૅંક્સ, અમે તને ફરી બોલાવીએ છીએ, તેથી બીજા કેન્ડિડેટને મોકલીશ નહીં.'

૮

સિટી બૅન્કના ઇન્ટરવ્યૂ રૂમમાંથી બહાર આવી, મેં નોટિસ બોર્ડ ઉપર બાકીની કંપનીઓની યાદી ઉપર નજર નાખી. એ દરેક કંપની સિટી બૅન્ક કરતાં અડધો પગાર ચૂકવતી હતી. હું એક ખાલી સ્ટૂલ ઉપર બેઠો અને આંખો બંધ કરીને પ્રાર્થના કરી. ઈશ્વર મારી સામે સાક્ષાત્ પ્રગટ થયા.

'હેલ્લો, ગૉડ,' મેં કહ્યું, 'આજે આ ઇન્ટરવ્યૂમાં મેં એક પણ વાત સાચી કરી નથી, પરંતુ પ્લીઝ, મારે આ જૉબ જોઈએ છે.'

ઈશ્વરે કહ્યું, 'તેઓ સાચું સાંભળવા માગતા પણ નથી. એટલે એ તો જાણે કે બરાબર છે, પરંતુ તારા માટે ચિંતાનો વિષય એ નથી.'

'તો પછી શું છે?'

'તું બે વર્ષ એક છોકરી સાથે રહ્યો છે.'

મેં કહ્યું, 'પ્રભુ, હું તેને પ્રેમ કરું છું.'

'માત્ર પ્રેમ કરવાનું પૂરતું નથી. તને ખબર છે કે તારે શું કરવું જોઈએ.'

'હું કરીશ જ, મારે બસ થોડોક સમય જોઈએ.'

'તું તારો સમય ચૂકી ગયો છે. ચાર જ મિનિટમાં તારી બૅન્કની આ છેલ્લી નોકરી પણ જતી રહેશે.' પ્રભુએ કહ્યું.

'ના પ્રભુ ના, મારે સિટી બૅન્કની જૉબ જોઈએ જ છે.'

'તો પછી તારે પહેલા, જે કામ કરવાનું છે તે કરવું પડશે.'

'કેવી રીતે?' મેં મારી આંખો ખોલી. મેં HLL રૂમ સામે જોયું. અનન્યા રૂમની અંદર ચાલી ગઈ હતી. મેં ફરીથી મારી આંખો બંધ કરી.

'કેવી રીતે?' મેં ફરીથી પ્રશ્ન કર્યો, 'તે ઇન્ટરવ્યૂ આપી રહી છે. મને મારી સિટી બૅન્કની જૉબ મળ્યા પછી હું તેમ કરવાનું વચન આપું છું.'

ઈશ્વરે કહ્યું, 'મને તારા પર વિશ્વાસ નથી. કંઈ નહીં, તારે નક્કી કરવાનું છે. જો તું મારી વાત નહીં સાંભળે તો હું તારી વાત નહીં સાંભળું.'

મેં મારી આંખો ખોલી. મારી પાસે ત્રણ મિનિટ હતી. જો હું રૂમની અંદર જઈશ તો અનન્યા મને મારી નાખશે, પરંતુ મારી અંદરનો અવાજ મને કહી રહ્યો હતો કે જો હું તેની પાસે નહીં જઉં તો સિટી કન્ટ્રી મૅનેજર અથવા રાહુલ અથવા દેવેશ મારી વિરુદ્ધ નિર્ણય લઈ શકે છે. અલબત્ત, મારું બૌદ્ધિક મન જાણતું હતું કે હું સંપૂર્ણ બાળસહજ બની રહ્યો છું. બંને ઘટનાઓ કોઈ રીતે એકબીજા સાથે જોડાયેલી નથી, પરંતુ આપણું બૌદ્ધિક મગજ માત્ર આટલું જ જાણે છે કે કદાચ, ઘટનાઓ અને કર્મ એકબીજા સાથે સંકળાયેલાં છે. હું HLL રૂમ તરફ દોડયો.

દરવાજા આગળ ઊભેલા વોલિન્ટિયરે મને રોકતાં કહ્યું,

'ઍક્સક્યુઝ મી?'

મેં કહ્યું, 'મારે અંદર જવું છે, અરજન્ટ.'

'અંદર ઇન્ટરવ્યૂ...'

હું અંદર ઘૂસી ગયો. એક ક્લાસરૂમમાં HLLના ફાઈનલ ઇન્ટરવ્યૂ ચાલતા હતા. કંપનીનો

સ્ટાફ ક્લાસની આગળની રૉમાં બેઠો હતો અને કેન્ડિડેટ પ્રોફેસરની ખુરશીમાં.

અનન્યાની સામે રૂમમાં પાંચ વયસ્ક લોકોની પેનલ હતી. તે બોલતી હતી ત્યારે તેના હાથની વિવિધ મુદ્રાઓથી તેની વાત વધારે સ્પષ્ટ કરતી હતી, 'ગ્રામીણ બજાર માટે જુદી પ્રોડક્ટ્સ જરૂરી નથી. તે પરવડી શકે તેવી હોવી જોઈએ...' મને જોતાં જ તે અધવચ્ચે અટકી ગઈ. એક આંચકા સાથે તેની આંખો પહોળી જ રહી ગઈ.

'જી!' ૬૦ વર્ષની આસપાસના એક સજ્જને મારી તરફ વળતાં કહ્યું. અનન્યાનો ચહેરો પહેલાં ગુલાબી અને પછી લાલ થઈ ગયો. તેના ચહેરાનો રંગ અનુક્રમે મૂંઝવણ અને ક્રોધને આભારી હતો.

મેં રૂમની દરેક વ્યક્તિ ઉપર નજર નાખતાં ધીમેથી કહ્યું,

'મારે તેની સાથે વાત કરવી છે.'

એ વૃદ્ધ સજ્જને કહ્યું, 'શું રાહ જોવાય તેવું નથી? તે તેમનો ફાઈનલ ઈન્ટરવ્યૂ આપી રહ્યાં છે. અમારું આખું સિનિયર મૅનેજમૅન્ટ અહીં હાજર છે.'

મેં કહ્યું, 'ખરેખર રાહ જોવાય તેવું નથી.'

પેનલના એક અન્ય સભ્ય બોલ્યા, 'બધું ઠીકઠાક તો છે ને?'

મેં અનન્યાને બહાર આવવાનો ઈશારો કરતાં કહ્યું, 'હા, બધું ઠીક છે. મારે ખાલી એક જ મિનિટ વાત કરવી છે. તેણે મારી સામે અણગમાથી જોતાં કહ્યું, 'શું? જે હોય તે અહીં જ કહી દે.'

મેં આખી પેનલની મૂંઝવણભરી સ્થિતિ જોઈ. હું અનન્યા તરફ ગયો, 'શું?' તે બહુ જ ધીમેથી બોલી, 'તું પાગલ થઈ ગયો છે.' હું તેના ઘૂંટણિયે પડયો અને તેના કાન પાસે મારું મોં લઈ જઈને કહ્યું, 'સૉરી, બધું કેવું ચાલી રહ્યું છે?' મેં ધીમેથી કહ્યું.

'ક્રિશ મલ્હોત્રા, આ વધારે અગત્યનું છે. વાત શું છે?' તે આખી પેનલ સાંભળી શકે તેટલા મોટા અવાજે બોલી.

'અનન્યા સ્વામીનાથન, હું, ક્રિશ મલ્હોત્રા. તને બહુ પ્રેમ કરું છું અને હંમેશાં તારી સાથે રહેવા માગું છું. અલબત્ત, આપણે ઑફિસ જઈએ તે સિવાયના સમયે. શું તું મારી સાથે લગ્ન કરીશ?'

અનન્યાનું મોં ખુલ્લું રહી ગયું. તે વારાફરતી પેનલ અને મારી સામે જોઈ રહી. 'ક્રિશ' તે માત્ર એટલું જ બોલી. તેણે રોકવાનો બહુ પ્રયત્ન કર્યો, તો પણ તેની અત્યંત કાળજીપૂર્વક આઈલાઈન કરેલી આંખમાંથી આંસુ ટપકી પડયું.

અનન્યાની બેચેની જોતાં પેનલના એક સભ્યે કહ્યું, 'બધું બરાબર છે? હું આશા રાખું કે કોઈ માઠા સમાચાર નથી.'

અનન્યાએ તેની સામે પડેલા ગ્લાસમાંથી પાણી પીતાં ડોકું હલાવીને કહ્યું, 'ના, કોઈ માઠા સમાચાર નથી, આ તો સારા સમાચાર છે.'

ફરીથી ધીમેથી બોલતાં મેં કહ્યું, 'અનન્યા.'

ક્લાસરૂમની ખરબચડી ફરસ સાથે ઘસાતાં મારા ઘૂંટણમાં વેદના થઈ.

'હવે શું છે?'

મેં પૂછયું, 'તેનો અર્થ હા થાય છે? તું હંમેશાં મારી સાથે રહીશ ને?' તેણે હાસ્ય રોકવા તેના હોઠ દબાવ્યા, 'હા, યુ ઈડિયટ. હું તારી સાથે જ રહીશ, પણ અત્યારે નહીં, અહીંથી હવે જા!'

૯

અનન્યા બોલી, 'વાઉ! આ બહુ સ્પેશ્યલ લાગે છે.' રામભાઈની લારી ઉપર HLL ઑફર લેટર ત્રીજી વાર ખોલતાં તે બોલી, 'મેં મારો લેટર આગલા દિવસે જ સિટી બૅન્કમાંથી મેળવી લીધો હતો અને પગાર નક્કી કર્યા પછી તેને મારા કબાટના એક ખૂણામાં મૂકી દીધો હતો.'

મેં સમોસા સૅન્ડવિચનો ઑર્ડર આપ્યો અને કહ્યું, 'આ તો ગુલામ બનવાનું આમંત્રણ છે. આટલી બધી હરખપદૂડી ન થઈશ.'

'રહેવા દે, નિરાશ ન બન. મને જૉબ આપવામાં તેઓ રોમાંચિત થયા હતા. HLL એક સિરિયસ સાઉથ ઈન્ડિયન સ્ટ્રૅટેજી ધરાવે છે.'

રામભાઈના છોકરા અમને ચા આપી ગયા હતા. પ્લેસમૅન્ટની સિઝનમાં તેમને ઢગલાબંધ ટિપ મળે છે.

અમને ચા આપવા આવનાર છોકરાને અનન્યાએ પૂછયું,

'તું સ્કૂલમાં જાય છે?'

છોકરાએ કહ્યું, 'હા, રામભાઈ મને મોકલે છે.'

છોકરાને પચાસ રૂપિયાની નોટ આપતાં અનન્યાએ કહ્યું, 'બહુ સરસ. જો તે તને સ્કૂલ ન મોકલે તો પોલીસમાં ફરિયાદ કરજે.' મેં કહ્યું, 'તે લોકો તને સાઉથ ઝોનમાં મૂકશે. કોઈ એવી જગ્યાએ, જ્યાં STD કોડ પણ નહીં હોય.'

તેણે આંખ મીંચકારતાં કહ્યું, 'ના, તે લોકો એવું નહીં કરે. જો તેઓ તેમ કરશે, તો મારા પતિ ત્યાં આવશે અને મને બચાવી લેશે.'

'અનન્યા, તું સમજતી નથી. આપણે લગ્ન કરવાના છીએ. આપણાં માતાપિતાએ હજુ મંજૂરી આપી નથી.' મેં તેને યાદ કરાવ્યું.

'રહેવા દે. મારાં માતાપિતા સહેજ રૂઢિવાદી છે, પરંતુ આપણે તેમનાં હોશિયાર સંતાનો છીએ, કોઈ પણ મિડલ ક્લાસ ફૅમિલી ઈચ્છે તેવાં. તોય તેમને કેમ વાંધો હોય?'

'તેમને વાંધો હોય, કેમ કે તે પૅરન્ટ્સ છે. બિસ્કીટથી માંડીને બૈરી સુધી છોકરાઓને જે કંઈ પણ જોઈતું હોય, પૅરન્ટ્સને વાંધો હોય છે.' મેં કહ્યું,

છૂટો અંબોડો વાળવા માટે અનન્યાએ વાળ પાછળ ખેંચતાં કહ્યું, 'તારાં પૅરન્ટ્સને મારી સામે વાંધો પડશે?' તેણે વાળમાં નાખવાની ક્લિપ તેના મોઢામાં ભરાવી રાખી હતી.

'હું જે કંઈ પણ પસંદ કરીશ તેની સામે તેમને વાંધો હશે અને તેમાંય તું તો સાઉથ ઈન્ડિયન છે, તેનાથી તો પ્રશ્ન વધારે ગૂંચવાશે. જોકે તે કોઈ બીજા ધર્મની વ્યક્તિને પરણવા જેવું ઘોર પાપ નથી, તો પણ ગૂંચવાડો તો થશે જ.'

'પણ હું મારી કૉલેજમાં ટૉપર હતી. મેં IIMAમાંથી MBA કર્યું છે અને HLLમાં નોકરી કરું છું અને સૉરી, કે મારા પોતાના જ વખાણ કરું છું, હું ખાસ્સી સુંદર પણ છું.'

'એ બધી બાબતોથી કંઈ ફેર ન પડે. તું તમિલિયન છે, હું પંજાબી છું.'

અનન્યાએ તેનો ઑફર લેટર વાળ્યો અને તેની બૅગમાં બધું ઠીકઠાક કર્યું,

'શું? તેં કંઈ કહ્યું?'

તેણે કહ્યું, 'આવી પછાત વાતચીત કરવી મને ગમતી નથી.'

'પ્લીઝ, તારી આ બધી તકલીફોની વાત તારા પંજાબી સગાંવહાલાં સાથે કરજે.'

તે જવા માટે ઊભી થઈ. મેં તેને હાથ ખેંચીને નીચે બેસાડી.

'અરે યાર, અનન્યા તું પણ શું? તારો બૉયફ્રૅન્ડ પંજાબી છે એવું જાણ્યા પછી તારાં પૅરન્ટ્સ નહીં ભડકે?'

'ના, હું એવું નથી માનતી.'

'તેં એમને વાત કરી છે?'

'ના.'

'કેમ?'

'યોગ્ય સમયની રાહ જોઉં છું. બે અઠવાડિયાંમાં જ કૉન્વોકેશન છે. એ લોકો અહીં આવશે. હું તેમની સાથે તારો પરિચય કરાવીશ. તું એમને, તારા જીવનમાં તેં શું કર્યું છે તેના વિશે કહેજે, નહીં કે તારા પૂર્વજો ક્યાં જન્મ્યા હતા. એ લોકો તારાં પૅરન્ટ્સને મળી શકશે. તારાં પૅરન્ટ્સ આવવાનાં છે ને?'

'મારી મૉમ આવવાની છે. મારા ડૅડ વિશે મને ખબર નથી.'

'વાંધો શું છે?'

'આપણે તેના વિશે વાત ન કરીએ.'

'તું તારી ભાવિ પત્નીને નહીં કહે? તેં ડૅડને બોલાવ્યા છે?'

'ના.'

તે ઊભી થઈ. મેં પણ તેમ કર્યું. તેણે કહ્યું 'આપણે STD બૂથ પર જઈએ.'

'અત્યારે?'

'તારા અને તારા ડૅડ વચ્ચેનું આ ભયંકર શીતયુદ્ધ વધારે પડતું ગંભીર બની રહ્યું છે.'

'અત્યારે પીક અવર રેટ્સ લાગશે.'

'કંઈ વાંધો નહીં.'

અમે વિજય ચાર રસ્તા પાસેના STD બૂથ પર ગયાં.

મેં ઘરે ફોન જોડયો, 'હાય, મૉમ, હું બોલું છું.'

'અરે ક્રિશ, તું મજામાં ને! અમે ટિકિટ બુક કરાવી લઈએ છીએ. હું આવું છું, શિપ્રામાસી આવવા માગે છે. રાજજી મામા અને કમલા આન્ટી પણ આવવા માગે છે.'

'મૉમ, ડૅડ આવવાના છે?'

'ના.' એટલું બોલીને સામે છેડેથી અવાજ બંધ થઈ ગયો.

મેં કહ્યું 'મૉમ, આ મારું કૉન્વોકેશન છે.'

'તેમણે કહ્યું, તેમને કામ છે.'

'એ તો રિટાયર થઈ ગયા છે. એમને શું કામ છે?' મીટરમાં વીસ રૂપિયા ચડી ગયા હતા.

મારી મૉમે કહ્યું, 'તું તેમની સાથે વાત કર. તું એમને બોલાવે એવું એ ઈચ્છે છે.'

'ના, હું તેમને નહીં બોલાવું. તેઓ તેમની જાતે નથી આવવા માગતા?'

'ના, પણ તું તેમને જ કેમ પૂછતો નથી?' આમ કહીને તેણે ફોન ચાલુ રાખીને ડૅડને આપવાની તૈયારી કરી.

'મૉમ, નહીં. જો તેઓ આવવા ન માગતા હોય તો મારે એમની સાથે વાત નથી કરવી.'

'ઠીક છે. માસી અને મામા આવી શકે?'

'કોઈ સગાંસંબંધીઓને લાવીશ નહીં.' મેં વિનંતી કરી.

'કેમ? તેમને તું બહુ ગમે છે. એ લોકો તને જોવા માગે છે.'

'મૉમ, હું તારી સાથે કોઈનો પરિચય કરાવવા માગું છું.'

'કોણ?'

'એ તો તું જોજે ને!' મેં કહ્યું.

હું બૂથની બહાર આવ્યો. હું અને અનન્યા ચાલતાં-ચાલતાં પાછાં આવ્યાં. હું મનોમન બોલ્યો, પોતાના દીકરાના કૉન્વોકેશનમાં હાજર રહેવા કયા બાપને આમંત્રણની જરૂર પડે? ચાલ, છોડ એ વાતને.

અનન્યાએ પૂછયું, 'તેં એમને બોલાવ્યા?'

મેં કહ્યું 'ડૅડ નથી આવવાના.'

'કેમ?'

'અમારી વચ્ચે કોઈ સંબંધ જ નથી, અનન્યા. અમને ભેગા કરવાનો પ્રયત્ન ન કર, OK?'

'પણ શું થયું એ તો કહે?'

'હું તે વિશે વાત કરવા માગતો નથી.'

'આ તો તારો કાયમી જવાબ છે.'

'તારોય તે આ કાયમી જ સવાલ હોય છે ને?'

'તને તેમની ચિંતા તો છે જ. તું નારાજ છે.'

'હું પીક અવર્સ રેટ્સના પૈસા ચૂકવવા અંગે નારાજ છું. જો હવે સાંભળ, મેં મહામુશ્કેલીએ મારાં આન્ટીને તો આવતાં રોક્યાં છે. એકલી મારી મૉમ જ આવે છે. તેં કોઈ પ્લાન વિચાર્યો છે?'

તે મારાથી આગળ નીકળી ગઈ, 'આપણે આપણા પરિવારો વચ્ચેની સૌપ્રથમ મિટિંગ એવી

બનાવીએ જે યાદગાર રહે. આપણે સાથે મળીને કંઈક મજાનો પ્રોગ્રામ બનાવીએ.'

'તેઓ એકબીજાને 'શૂટ' કરે એવું કંઈક?'

'શટઅપ. બધું બરાબર થઈ જશે. મારો બૉયફ્રૅન્ડ IITમાંથી છે એ વાત તેમને ગમશે.'

'એ લોકો મારા ગ્રેડ તો નહીં પૂછે ને?'

'કદાચ પૂછે પણ ખરાં, પણ તેનાથી શું ફેર પડે છે. તું સિટી બૅન્કમાં છે. જો સાંભળ, આપણે તેમના માટે બહાર ફરવા જવાનો કાર્યક્રમ બનાવીએ?'

'મને નથી લાગતું કે આપણા પરિવારોને એટલો બધો સમય સાથે રહેવાનું ફાવશે.'

'અરે, કેમ નહીં ફાવે? તે બધું તું મારા ઉપર છોડી દે. આ મિટિંગ પછી તારી મૉમને તારા કરતાં પણ હું વધારે ગમીશ.' તેણે કહ્યું અને ત્યારે અમે કૅમ્પસના ગેટ આગળ પહોંચી ગયાં હતાં.

કૉન્વોકેશનના એક દિવસ અગાઉ, હું મારી મૉમને લેવા અમદાવાદ રેલવે સ્ટેશને પહોંચી ગયો. અનન્યાનાં પૅરન્ટ્સ ફ્લાઇટમાં આવ્યાં હતાં અને તેના પિતાએ ચાર વર્ષે એક વાર મળતાં LTCનો લાભ લીધો હતો. મારી મૉમ બે સૂટકેસ ભરીને સામાન લાવી હતી. એકમાં તેનાં કપડાં હતાં અને બીજામાં દિલ્હીની જુદી જુદી દુકાનોમાંથી લાવેલાં મીઠાઈનાં બૉક્સ હતાં.

કૅમ્પસ તરફ પાછાં આવતાં ઑટોમાં મેં તેને કહ્યું, 'હવે મારે અહીં કૉલેજમાં પાંચ જ દિવસ રહેવાનું છે. આટલી બધી મીઠાઈ શા માટે ઉપાડી લાવી?'

'કેમ વળી? આપણે નહીં ખાઈએ! અને આપણે ઘણાબધા લોકોને મળીશું. ત્યારે લોકો મને કહેશે કે મારો છોકરો આટલું બધું ભણીને પાસ થયો છે તોય મોં મીઠું કરાવતાં નથી? હું તૈયાર પૅક કરેલું ખાવાનું પણ લાવી છું. મને ગુજરાતની ગળી ગળી દાળ નથી ભાવતી. અહીંની દાળ બહુ ગળી હોય છે ને?'

'ના મૉમ, અહીં દાળ તું માને છે એટલી બધી ગળી નથી હોતી. અરે, સાંભળ. હું તને કોઈની જોડે મેળવવા માગું છું.' અમારી ઑટો, રેલવે સ્ટેશનની સાંકડી ગલીઓમાંથી આગળ રસ્તો કરી રહી હતી.

'કોની સાથે?'

મેં કહ્યું, 'એક છોકરી છે.'

'તારે કોઈ ગર્લફ્રૅન્ડ છે? ગર્લફ્રૅન્ડ?' જાણે કે મને એઈડ્સ થયો હોય તે રીતે તેણે કહ્યું.

મેં તેને શાંત પાડતાં કહ્યું, 'મારી સારી ફ્રૅન્ડ છે.'

'સારી ફ્રૅન્ડ? તો શું તારે ખરાબ ફ્રૅન્ડ્ઝ પણ છે?'

'ના, મૉમ. અમે સાથે ભણતાં હતાં. અમે ઘણા બધા પ્રોજેક્ટ્સ સાથે કર્યા છે.'

'ઠીક છે. તેને નોકરી મળી ગઈ છે?'

'હા, HLLમાં સારી નોકરી મળી છે.'

'HLL?'

'સર્ફ, રિન, લાઈફબૉય અને કિસાન સૉસ બનાવે છે તે કંપની.' મેં HLLની પ્રોડક્ટ્સનાં નામ લીધાં કે જેથી કદાચ તેનાથી તે પ્રભાવિત થાય.

લગભગ ત્રીસેક સેકન્ડ સુધી વિચાર્યા પછી તેણે કહ્યું,

'કિસાન જામ પણ બનાવે છે?'

'હા, તે માર્કેટિંગમાં છે. તે બહુ પ્રતિષ્ઠિત માર્કેટિંગ જૉબ છે.'

'તો તો પછી તેને જામ મફતમાં મળશે ને?'

'કદાચ,' મેં કહ્યું અને વાત પાટે કેવી રીતે ચડાવવી તે વિશે વિચારતાં મેં ઉમેર્યું, 'પણ અગત્યનું તે નથી.'

'બરાબર છે, તે વાત મહત્ત્વની નથી. તો હવે આપણે કૉલેજ જઈએ તે પહેલાં જ જમવા રોકાવાનું છે કે કૉલેજમાં જ જમવાનું છે?' ત્યાર પછી તેણે સીધું જ ઑટો ડ્રાઈવરને પૂછયું, 'ભૈયા, અહીં રસ્તામાં કોઈ સારી રેસ્ટોરન્ટ છે કે નહીં?'

'મૉમ, શું તું પણ? હું બહુ અગત્યની વાત કરી રહ્યો છું.'

પણ મારી મૉમે તેની જ વાત ચાલુ રાખતાં કહ્યું,

'ઑટો ડ્રાઈવરને સારી જગ્યાની ખબર જ હોય.'

મારી અને રોડ ઉપરના દરેક સ્પીડ-બ્રેકરની અવગણના કરતા ઑટો ડ્રાઈવરે કહ્યું, 'રોકાવાનો ઍક્સ્ટ્રા ચાર્જ થશે, મૅડમ.'

મૉમનું ધ્યાન ખેંચવા હું તેમના તરફ તાકી રહ્યો હતો ત્યારે તેમણે કહ્યું, 'શું?'

'તેનું નામ અનન્યા છે. તેનાં પૅરન્ટ્સ પણ અહીં આવ્યાં છે. હું તને તેમની સાથે મળાવવા માગું છું અને તેમની સાથે સારો વર્તાવ કરજે.'

'તું મને જેની પણ સાથે મળાવવા માગતો હોય તે સૌને હું મળીશ અને હું ક્યાં કોઈની સાથે ખરાબ વર્તાવ કરું છું? આપણે તો સારા જ માણસો છીએ.'

'મૉમ...'

હજી હું આગળ કંઈ પણ બોલું તે પહેલાં તે વચ્ચે બોલી, 'આપણે રસ્તામાંથી થોડાંક નાઈસ બિસ્કિટ લઈ લઈએ. ચા સાથે મજા આવશે.'

મેં લગભગ ચીસ પાડતાં કહ્યું, 'મૉમ, મને આ બધું ગમતું નથી. તું તેમને સારી રીતે મળજે અને આ બધી ખાવાની કે નાસ્તા કે ચા-પાણીની વાતો છોડ. તેમના ઉપર આપણી સારી છાપ પડવી જોઈએ.'

મારી મૉમે મારા તરફ ખિન્ન નજરે જોયું. મેં કોઈ પ્રતિભાવ ન આપ્યો.

'ભૈયા, ઑટો પાછી વાળી લે. હું પાછી જઉં છું.' મારી મૉમે કહ્યું, 'હું છેક દિલ્હીથી તારા કૉન્વોકેશનમાં હાજર રહેવા આવી છું, ચાર જુદી જુદી દુકાનોમાંથી મીઠાઈ લાવી છું અને હવે મારી છાપ પડતી નથી. ઠીક છે, જો હું સારી છાપ પાડી ન શકતી હોઉં તો પછી મારે આવવાની ક્યાં જરૂર છે?'

મારી મૉમ મનોમન બબડયાં કરતી હતી. તે હવે નાટકના મૂડમાં આવી ગઈ હતી. ડ્રાઈવરે ઑટો રોકી દીધી.

મેં સહેજ અકળાઈને કહ્યું, 'કેમ? ઑટો કેમ ઊભી રાખી?'

'મૅડમ મને પાછા વળવાનું કહી રહ્યાં છે.'

'મૉમ.' મેં કહ્યું અને હજુ તો તેનાં રિસામણાં ચાલુ હતાં.

'એમ, હજુ તો તને યાદ છે કે હું તારી મમ્મી છું. મને તો એમ કે તને તારી ફ્રૅન્ડનાં પૅરન્ટ્સની જ ચિંતા છે.'

હવે મારી મૉમના અવાજમાં ગુસ્સો ભળ્યો હતો. મારે હવે તાત્કાલિક કંઈક કરવું પડશે એમ મને લાગ્યું.

'અહીં બાજુમાં જ એક સરસ ભાજીપાંઉવાળો છે. ભૈયા, લૉ ગાર્ડન લઈ લો.'

'મને ભૂખ નથી.' મારી મૉમે કહ્યું.

મેં કહ્યું, 'અરે, સહેજ ચાખી જો.' મેં ઑટો ડ્રાઈવરનો ખભો પસવાર્યો. ડ્રાઈવરે લૉ ગાર્ડન બાજુ ઑટો લીધી. મેં ઍક્સ્ટ્રા બટર સાથે પનીર ભાજીપાંઉનો અને જોડે લસ્સીનો ઑર્ડર આપ્યો.

પંજાબીઓને મનાવવા માટે ડેરી પ્રોડક્ટ્સ જેવું કોઈ હથિયાર નથી. લસ્સી પતાવ્યા પછી તેણે કહ્યું, 'આ છોકરી છે કોણ?'

'ખાસ કોઈ નહીં. ડૅડના લીધે, મને ઉછેરવામાં તેં કેટલી મહેનત કરી છે એવું મેં અનન્યાને કહ્યું. પછી એણે કહ્યું કે તે તને મળવા માગે છે.' હું ખોટું બોલ્યો.

કદાચ ઍક્સ્ટ્રા બટરની અસર થઈ હશે કે પછી મારા શબ્દોની, પણ મારાં મૉમ શાંત પડી ગયાં. તેણે કહ્યું, 'તેં તેને બધી વાત કરી દીધી?'

'ના. બધી તો કંઈ નહીં, પણ સહેજ વાત કરી છે અને કદાચ તેના પૅરન્ટ્સ થોડાંક ફૉર્મલ હશે તેથી જ મેં તને સારી છાપ પડે એવી વાત કરી. આમ પણ મૉમ, તને મળવાનું કોને ન ગમે?'

મારી મૉમે ફરીથી મેનુ હાથમાં ઉપાડતાં કહ્યું, 'ગુજરાતીઓ ડૅઝર્ટમાં શું લે છે? કે પછી બધી ખાંડ તેમની ખાવાની વસ્તુઓમાં જ ઉમેરીને ખાઈ લે છે?'

૧૦

બીજા દિવસે સવારે બસો ફ્રેશ MBA ગ્રૅજ્યુએટ્સ અને તેમનાં ગૌરવપૂર્ણ પૅરન્ટ્સ, કૉન્વોકેશન માટે લુઈસ કાહ્ન પ્લાઝાની લૉનમાં ગોઠવાયાં. ત્રીજી પેઢીના અત્યંત ધનાઢ્ય પરિવારના ઉદ્યોગપતિ એવા ચીફ ગેસ્ટે વિદ્યાર્થીઓને કઠોર પરિશ્રમ કરીને ટોચ ઉપર પહોંચવાનો ઉપદેશ આપ્યો. તેમણે બસો વિદ્યાર્થીઓને ડિગ્રીના પ્રમાણપત્રો આપવાની અને તેમની સાથે ફોટા પડાવવાની કપરી કામગીરી પણ કરવાની હતી.

આજે અમારે ઊંચા પગારવાળી એવી આજીવન નોકરીઓના પરવાના જેવું પોસ્ટ ગ્રૅજ્યુએટ ડિપ્લોમા ઈન મૅનેજમૅન્ટનું સર્ટિફિકેટ લેવાનું હતું. અનન્યા એવું ઈચ્છતી હતી કે ક્યાંય કશી કચાશ ન રહી જાય. તે તેના અને મારા પરિવાર માટે છ સીટ રોકી રાખવા, સમય કરતાં અડધો કલાક વહેલી સ્થળ ઉપર પહોંચી ગઈ હતી.

મારી મૉમે તેની સૌથી સારી સાડી પહેરી હતી. મેં ત્રીસ રૂપિયામાં ભાડે લાવેલ ગ્રૅજ્યુએશન રૉબ પહેર્યો હતો.

'મૉમ, આ અનન્યા છે. અનન્યા આ મારાં મૉમ.' અમે પ્રિમાઈસમાં પહોંચ્યા ત્યારે મેં કહ્યું.

અનન્યાએ મારી માતા સાથે હાથ મિલાવવા તેનો હાથ લંબાવ્યો. મારી મૉમને આંચકો લાગ્યો. અનન્યા તેમને પગે લાગે તે તો કદાચ વધારે પડતું કહેવાય, પણ મને એમ હતું કે અનન્યા નમસ્તે કરશે. કશું પણ આધુનિક પૅરન્ટ્સને બહુ માફક આવતું નથી.

અનન્યાએ કહ્યું, 'કેમ છો, આન્ટી? મેં તમારા વિશે ઘણી વાતો સાંભળી છે.' મારી મૉમ સહેજ મલક્યાં, 'ખરેખર તો હું જ્યારથી અહીં આવી છું ત્યારથી તારા વિશે જ સાંભળ્યા કરું છું.' પણ એમાં કટાક્ષ છુપાયેલો છે કે કેમ તે કળવાનું મુશ્કેલ હતું.

અમે બેઠક લીધી અને મેં અનન્યાને કહ્યું, 'આપણે બેસીએ. અનન્યા, તારાં પૅરન્ટ્સ ક્યાં છે?'

'મારી મૉમ ધીમે ધીમે સાડી પહેરે છે. હું સારી સીટ્સ મેળવવા વહેલી આવી ગઈ.'

અનન્યાએ HLLના ઈન્ટરવ્યૂ વખતે પહેરી હતી તે જ પિકૉક બ્લૂ સાડી પહેરી હતી. મને તેની સામે તાકી રહેતો તે જોઈ ગઈ અને તેણે ફ્લાઇંગ કિસ કરી. સદ્નસીબે, મારી મૉમની નજર પડી ન હતી. મેં મારું માથું ધુણાવતાં અનન્યાને શિષ્ટતા જાળવી રાખવા આજીજી કરી.

અનન્યાનાં પૅરન્ટ્સ દસ મિનિટ પછી આવ્યાં. તેના પિતાએ ડિટરજન્ટની ઍડમાં આવે છે તેવું એકદમ સફેદ ઈસ્ત્રીબંધ શર્ટ પહેર્યું હતું. તેમની પાછળ અનન્યાનાં મૉમ ઝગમગતાં ઝગમગતાં આવ્યાં હતાં. તેમની મેજેન્ટા અને સોનેરી કાંજીવરમ્ સાડી લૉનના કોઈ પણ ખૂણેથી ઊડીને આંખે વળગે તેવી હતી. તેઓ જાણે કે ગોલ્ડ પેઈન્ટના પીપડામાં ડૂબકી લગાવીને આવ્યાં હોય તેવાં લાગતાં હતાં. તેમની પાછળ ચશ્માંધારી ચૌદ વર્ષનો એક છોકરો આવતો હતો અને તે આજે સાંજે ડિગ્રી મેળવનારા MBA થયેલાઓની નાનકડી આવૃત્તિ જેવો લાગતો હતો.

'હેલ્લો, મૉમ.' અનન્યા બોલી અને ઊભી થઈ. અત્યારે તેના અવાજમાં ભારોભાર તરવરાટ અને ઉલ્લાસ છલકાતા હતા.

તેની મૉમ જવાબ આપતાં બોલ્યાં, 'સૅફ્ટી પીન, ઈલ્લા સમથિંગ સમથિંગ.' અને તરત જ માતા-દીકરી તમિલ ભાષા ઉપર ઊતરી પડયાં. અનન્યાના ડૅડે તેમનો કૅમેરો કાઢયો અને લૉન્સ, સ્ટેજ, ખુરશીઓ, માઈક્સ એમ આજુબાજુની બધી વસ્તુઓના આડેધડ ફોટા પાડવા માંડયા. નાના ભાઈએ ખાસ કંઈ કરવાનું ન હતું, પરંતુ તે તેના નવા બટન-ડાઉન કૉલર શર્ટમાં અતડો લાગતો હતો. મારી મૉમે તેમને વાતો કરતાં સાંભળ્યાં અને તેનું મોં આશ્ચર્યથી પહોળું જ રહી ગયું.

હું ધીમેથી બોલ્યો, 'ઊભા થાવ. આપણે તેમને મળીએ.'

મારી મૉમને આંચકો લાગ્યો હતો. તે બોલ્યાં, 'આ લોકો મદ્રાસી છે?'

મેં કહ્યું 'ધીમે... બોલ... એ લોકો તમિલિયન છે!'

અનન્યા હજી તો પરિચય કરાવી રહી હતી ત્યાં જ મારી મૉમ બોલ્યાં, 'તમિલિયન?'

'મૉમ, આ ક્રિશ છે અને આ ક્રિશનાં મધર છે.'

'હેલ્લો.' અનન્યાનાં મૉમ બોલ્યાં અને તેઓ પણ મારી મૉમ જેટલાં જ ચોંકી ગયાં હતાં.

અનન્યાએ હોંકારો કર્યો, 'કેવી મજાની વાત છે! આપણા પરિવારો પહેલી વાર મળી રહ્યા છે.' પણ કોઈએ તેની વાત તરફ ધ્યાન આપ્યું નહીં.

અનન્યાના પિતાએ પૂછ્યું, 'ક્રિશના પિતા નથી આવ્યા?' મારી માતાએ અત્યંત મૃદુતાથી કહ્યું, 'તેમને ઠીક ન હતું. તેઓ હાર્ટ પેશન્ટ છે. તેમને ટ્રાવેલ કરવાનું નથી.'

મારી મૉમે એટલી સહજતાથી વાત ઉપજાવી કાઢી કે ઘડીભર માટે તો મને પણ તેના પ્રત્યે સહાનુભૂતિ થઈ.

અનન્યાનાં પૅરન્ટ્સે જાણે કે સંમતિસૂચક રીતે ડોકાં ધુણાવ્યાં. તેઓ તેમની જગ્યાએ બેઠાં અને અંદરોઅંદર ધીમેથી તમિલમાં કંઈક બોલ્યાં.

અનન્યા કૃત્રિમ હાસ્ય સાથે બોલી, 'હવે હું જઉં, મારું નામ પહેલું જ છે.' અને તે વિદ્યાર્થીઓની લાઈન તરફ દોડી ગઈ. એક બાજુ મારી મૉમ અને બીજી બાજુ અનન્યાની મૉમની વચ્ચે મારી દશા સૅન્ડવિચ જેવી થઈ ગઈ.

મેં મારી મૉમને પૂછ્યું, 'તારે અનન્યાની મૉમ જોડે બેસવું છે?'

'કેમ? આ લોકો કોણ છે?' તેણે ઘૂરકિયું કર્યું.

'કંઈ વાંધો નહીં, મૉમ. આ તો મારે પણ થોડીક વારમાં લાઈનમાં જવું પડશે એટલે કહ્યું.'

તેણે કહ્યું, 'તો જાને. હું અહીં તને મળવા આવી છું, મદ્રાસીઓની બાજુમાં બેસવા નથી આવી. હવે મને શાંતિથી બધું જોવા દે.'

ચીફ ગેસ્ટે ડિપ્લોમા આપવાના શરૂ કર્યા. ઑડિયન્સમાંથી શરૂઆતના વિદ્યાર્થીઓ માટે સતત તાળીઓનો ગડગડાટ ચાલુ રહ્યો. થોડીક વારમાં તેઓ અકળાઈ ગયા અને કૉન્વોકેશન બ્રૉશર વડે પવન ખાવા લાગ્યા.

'આપણે એમની સાથે ઓળખાણ કરવાની છે. કદાચ આપણે લંચ માટે સાથે જઈશું,' મેં મૉમને કહ્યું.

મૉમે કહ્યું, 'તું તેમની સાથે લંચ લેવા જજે. હું તો એકલી જમી લઈશ.'

'મૉમ...' હું આગળ બોલું ત્યાં તો એનાઉન્સર અનન્યાનું નામ બોલ્યા.

અનન્યા સ્ટેજ ઉપર ગઈ. કદાચ અહીં તે એકલી જ એવી હતી કે જેનો ફોટો પાડવા જેવો હતો. હું ઊભો થયો અને મેં તાળીઓથી એને વધાવી લીધી.

મારી મૉમે મારી તરફ કરડાકીથી જોયું, 'બેસી જા. તેનાં પૅરન્ટ્સ પણ ઊભાં નથી થયાં.'

કદાચ તેઓ તેને મારા જેટલો પ્રેમ નહીં કરતાં હોય એવું મારે કહેવું'તું, પણ હું ચૂપ રહ્યો. હું બેસી ગયો.

અનન્યાનાં પૅરન્ટ્સે હળવેકથી તાળીઓ પાડી, અને ડોકું ઊંચું કરીને જોવા લાગ્યાં. અનન્યાની મૉમે મારા તરફ શંકાશીલ દૃષ્ટિએ જોયું. મને ખ્યાલ આવ્યો કે મેં હજુ તેમને બોલાવ્યાં જ નથી. મેં મનોમન વિચાર્યું, હે ડોબા, તેમની સાથ વાત કર.

મેં કહ્યું 'તમારી દીકરી બહુ હોશિયાર છે, તમારા માટે તો બહુ સારી વાત છે.'

અનન્યાની મૉમે જવાબ આપતાં કહ્યું 'અમે તો ટેવાઈ ગયાં છીએ. તે પહેલેથી જ હોશિયાર છે.'

મેં તેના પિતા સાથે વાત કરવાનો પ્રયત્ન કરતાં કહ્યું 'અંકલ, અહીં કેટલો સમય રોકાવાના છો?'

અંકલ મારી સામે ઉપરથી નીચે જોઈ રહ્યા, જાણે કે મેં તેમના કોઈ ખાનગી પ્લાન વિશે પૂછ્યું હોય.

તેમણે કહ્યું, 'અમે પરમ દિવસે જવાના. કેમ?'

કેટલાક 'કેમ?'નો કોઈ જવાબ નથી હોતો, સિવાય કે હું તેમની સાથે થોડીક વાતચીત કરવા માગતો હતો. મેં કહ્યું, 'ખાસ કંઈ નહીં, આ તો હું અને અનન્યા વિચારતાં હતાં કે તમારે શહેરમાં ફરવું હોય તો આપણે સાથે જઈએ.'

અનન્યાનાં મૉમ અમારી વચ્ચે બેઠાં હતાં અને અમારી વાતચીતનો દરેક શબ્દ સાંભળતાં હતાં. તેમણે તેમના પતિ સાથે તમિલમાં કંઈક વાત કરી, 'સમથિંગ સમથિંગ ગાંધી આશ્રમ સમથિંગ રેકમૅન્ડ સમથિંગ.'

મેં કહ્યું, 'ગાંધી આશ્રમ સરસ જગ્યા છે. મારી મૉમ પણ જોવા માગે છે.'

'શું કહ્યું?' મારી મૉમ તેમની જગ્યાએથી બોલ્યાં, 'ક્રિશ, તારે સ્ટેજ ઉપર જવું નથી? તારો વારો આવશે.'

'હા.' બોલીને હું ઊભો થયો. અમારા પરિવારો માટે ગાંધી આશ્રમથી શરૂઆત કરવાનું સારું રહેશે. ગાંધીજી શાંતિ અને રાષ્ટ્રીય એકતાના દૂત હતા, કદાચ તેમાંથી અમને સૌને પ્રેરણા મળે.

મારી મૉમે કહ્યું, 'હવે તું જા.'

'બે મિનિટ.' એટલું કહીને હું તેને પગે લાગવા નીચો નમ્યો.

'પ્રભુનો પાડ કે તને યાદ આવ્યું. મને તો એમ હતું કે તું અનન્યાની માતાને પગે લાગીશ.' મારી મૉમ બોલી.

મારી મૉમ, અનન્યાની મૉમને સંભળાય તેટલું મોટેથી બોલી. તેમણે બંનેએ એકબીજાંની સામે એવી કાતિલ નજરે જોયું કે જાણે બંનેએ એકબીજાંની સામે AK- ની 47 બૂલેટ છોડી હોય. ખરેખર, બંનેને શાંત પાડવા મોહનદાસ કરમચંદ ગાંધીની જ જરૂર પડશે.

હું સ્ટેજ ઉપર જવા માટે નીકળતાં ધીમે બોલ્યો, 'મૉમ, શાંતિ રાખ.'

'હું તો શાંતિ જ રાખું છું. આ સાઉથ ઈન્ડિયન્સને તેમની છોકરીઓને કાબૂમાં રાખતાં આવડતું નથી. હેમા માલિનીથી માંડીને શ્રીદેવી સુધીની બધી પંજાબી પુરુષોને જ વળગે છે.'

મારી મૉમ એટલું મોટેથી બોલ્યાં કે આખી રૉમાં બેઠેલા તમામ લોકો તે સાંભળી શક્યા. થોડીક ક્ષણો માટે તો સૌનું ધ્યાન કૉન્વોકેશન તરફથી અમારા તરફ ગયું.

અનન્યાની માતાએ તેમના પતિને કોણીથી ગોદો માર્યો. તેઓ બંને ઊભાં થયાં. અનન્યાના સુકલકડી ભાઈને તેમની વચ્ચે ખેંચીને થોડીક રૉ દૂર ખાલી સીટ ઉપર બેસી ગયાં.

મેં મારા માથા ઉપરથી પડી જતી ગ્રૅજ્યુએશન કૅપને સંભાળવાનો પ્રયત્ન કરતાં કહ્યું, 'મૉમ, આ તું શું કરે છે?'

'કન્યાશ્રી બેનરજી,' એનાઉન્સર માઈક ઉપર બોલ્યા અને ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે હું કેટલો બધો મોડો છું. હું ઊંઘમાંથી ઊઠી નહીં શકવાને કારણે મારું છેલ્લું કૉન્વોકેશન ચૂકી ગયો હતો. આ વખતે હું તેવી ભૂલ કરવા માગતો ન હતો.

ડિગ્રી વિતરણનો કાર્યક્રમ બહુ જ કંટાળાજનક હતો એટલે અમારી રસપ્રદ વાતચીત તરફ વળેલા સૌને ઉદ્દેશીને મારી મૉમે મને કહ્યું, 'કેમ, મેં એવું તે શું કહ્યું છે?'

'ક્રિશ...' મારું નામ મેં એનાઉન્સ થતું સાંભળ્યું અને હું દોડયો. પાંચ મોહિત સ્ટેજ નજીક રાહ જોતા ઊભા હતા. હું તેમની તરફ મલકાયો અને સ્ટેજનાં પગથિયાં ચડયો. ચીફ ગેસ્ટે મને મારો ડિપ્લોમા આપ્યો.

મારાં મૉમ ઊભાં થઈને તાળીઓ પાડતાં હતાં. તેણે લગભગ બૂમ પાડતાં કહ્યું, 'આઈ લવ યુ.' મેં તેના તરફ વળતું સ્મિત કર્યું. છેલ્લાં દસ વર્ષથી ડૅડ તેને કહી રહ્યા હતા કે હું જીવનમાં કંઈ ઉકાળવાનો નથી. મેં મારો ડિપ્લોમા ઊંચો પકડી રાખ્યો અને જોઈને પ્રભુનો આભાર માન્યો.

મેં ભાવવિભોર થઈને વારંવાર ચીફ ગેસ્ટનો આભાર માનવાનું ચાલુ રાખતાં, એનાઉન્સરે મને કહ્યું, 'આગળ વધો, બીજા વિદ્યાર્થીઓનો વારો છે.' સ્ટેજ ઉપરથી પગથિયાં ઊતરતાં ઊતરતાં મેં અનન્યાનાં પૅરન્ટ્સને જોયાં. તેમણે ન તો તાળીઓ પાડી કે ન તો કોઈ પ્રતિક્રિયા દર્શાવી.

હું મારી સીટ તરફ પાછો વળ્યો. અનન્યા અમારી રૉના એન્ટ્રન્સ આગળ ઊભી હતી અને તે મૂંઝાયેલી દેખાતી હતી.

તેણે કહ્યું, 'હું મિત્રો સાથે ફોટા પડાવવા થોડીક વાર રોકાઈ હતી. મારાં પૅરન્ટ્સ ક્યાં છે?'

મેં કહ્યું, 'પાંચ રૉ પાછળ.'

'કેમ? શું થયું?'

'કંઈ નહીં. તેમને વધારે સારી રીતે દેખાય એટલે.' મેં કહ્યું.

'મેં કાર બૂક કરાવી દીધી છે. આ પતે પછી આપણે બધાં જઈએ છીએ ને?'

મારી મૉમ મારી સામે તાકી રહ્યાં હતાં અને મેં અનન્યાને કહ્યું, 'તારાં પૅરન્ટ્સ પાસે જા.'

૧૧

'મેં ટૅક્સીના પૈસા તો ચૂકવી જ દીધા છે.' મેં કહ્યું, 'એટલે તું અમસ્તી પણ અમારી સાથે આવી શકે છે. આપણા પૈસા ન બગડે એવું વિચાર ને.'

મારી મૉમ અને હું કૅમ્પસની બહાર ટૅક્સી સ્ટૅન્ડ તરફ ગયાં. મિ. ગાંધી જ્યાં રહ્યા હતા તે જગ્યા જોવાની તેને સહેજ પણ ઈચ્છા ન હતી. શહેરના છેવાડે આવેલ સાબરમતી આશ્રમ એક મહત્ત્વનું પર્યટક સ્થળ હતું. અનન્યાએ ટોપાઝમાંથી લંચ પૅક કરાવી લીધું હતું. તેને એમ હતું કે સાબરમતી નદીના કિનારે આ એક સરસ મજાની પિકનિક થશે. જોકે તેને તેની ગેરહાજરીમાં, મારી મૉમે કેટલીક દક્ષિણ ભારતીય અભિનેત્રીઓ વિશે કરેલી ઊંડી સમજપૂર્વકની ટિપ્પણીઓ વિશેની ગમ્મતનો કોઈ ખ્યાલ ન હતો.

ઈન્ડિકાની બાજુમાં ઊભેલા ડ્રાઈવરને મેં કહ્યું, 'અમે તો ક્વૉલિસ બૂક કરાવી હતી.' અનન્યા તેના પરિવાર સાથે ટૅક્સી સ્ટૅન્ડ ઉપર પહોંચી ગઈ હતી. તેનાં મૉમ એવાં દેખાતાં હતાં કે જાણે હમણાં જ તે બેસણામાંથી આવ્યાં હોય, કદાચ આ તેમની સહજ અભિવ્યક્તિ હશે.

ડ્રાઈવરે હાથમાં તમાકુ મસળતાં કહ્યું, 'ક્વૉલિસ ઈલેક્શન ડ્યૂટીમાં છે. અમારી પાસે તો આ જ છે.'

મેં આશ્ચર્યના સૂરમાં કહ્યું, 'પણ અમે બધાં આમાં કેવી રીતે બેસી શકીએ?'

ડ્રાઈવરે કહ્યું, 'અમે આના કરતાં બે ગણાં પેસેન્જર બેસાડીએ છીએ, સંકડાઈને બેસી જવાનું.'

મેં કહ્યું, 'આપણે ઑટોમાં જઈએ.'

મારી મૉમ તો ઈન્ડિકાની પાછળની સીટમાં બેસતાં બોલ્યાં,

'મારે ઑટોમાં નથી જવું.'

ડ્રાઈવરે અનન્યા અને મારી સામે ઈશારો કરતાં કહ્યું, 'તમે આગળ બેસી જાવ અને મૅડમ તમારા ખોળામાં બેસી જાય.'

અનન્યાની મૉમે ડ્રાઈવર સામે એવી વેધક નજરે જોયું કે ડ્રાઈવર બાકીનો આખો દિવસ ચૂપ રહે.

અનન્યાએ તેની મૉમને વિનંતી કરતાં કહ્યું, 'મૉમ, તમે ઑટોમાં જશો?'

તેમણે કહ્યું, 'કેમ ભાઈ? આપણે પણ પૈસા આપ્યા છે. સમથિંગ સમથિંગ, ઈલ્લા ઈલ્લા!!'

અનન્યાએ કહ્યું, 'સેરી, સેરી, અમ્મા.'

અમે છેવટે એક વ્યવસ્થા વિચારી. અનન્યાના ડૅડ આગળ બેઠા અને અનન્યા તેમના ખોળામાં બેઠી. અનન્યાનાં મૉમ પાછળ બેઠાં અને તેમનો છોકરો તેમના ખોળામાં બેઠો. મારી મૉમ તો ડ્રાઈવરની પાછળની વિન્ડો સીટ જમાવીને બેસી જ ગઈ હતી. હું બંને માતાઓની વચ્ચે બરાબર ભીંસાયો.

સાબરમતી આશ્રમ અમારા કૅમ્પસથી આઠ કિલોમીટર દૂર છે. વીસ મિનિટની આ સફર ચૂપકીદીને લીધે એક કલાક જેટલી લાગી. અનન્યાએ તેનાં પૅરન્ટ્સ સાથે વાતચીત કરવાનો પ્રયત્ન કર્યો, પણ તેમણે પોતાનું માથું બારીની બહાર રાખીને જાણે કે સાંભળતાં ન હોય તેવો ઢોંગ કર્યો.

મારી મૉમે નાઈસ બિસ્કિટ્સનું પૅકેટ કાઢ્યું અને તે કોઈને પણ ઑફર કર્યા વગર પોતે

ખાવાનું શરૂ કર્યું. તેણે એક બિસ્કિટ મારા મોંમાં મૂકી દીધું અને પોતાનો માતૃત્વનો અધિકાર જતાવ્યો. જોકે હું ના પાડી શક્યો નહીં.

અમે આશ્રમના ટિકિટ કાઉન્ટર તરફ આગળ વધ્યાં અને અનન્યા બોલી, 'કેમ બધાં આટલાં ચૂપ છો?'

અનન્યા વધુ વિગતમાં નહીં ઊતરે તેવી આશા સાથે મેં કહ્યું, 'મારી મૉમે કૉન્વોકેશન વખતે એક મૂર્ખામીભરી કૉમેન્ટ કરી હતી.'

છ ટિકિટ માટે પૈસા કાઢતાં અનન્યા બોલી, 'તેમણે શું કહ્યું હતું?'

'તેમાં કંઈ દમ નથી, પરંતુ ત્યાર પછી તારાં પૅરન્ટ્સ ત્યાંથી જતાં રહ્યાં.'

અનન્યાએ આગ્રહ કર્યો, 'તેમણે ખરેખર શું કહ્યું?'

'ખાસ કંઈ નહીં. સાઉથ ઈન્ડિયન મહિલાઓ લૂઝ હોય છે કે એવું કંઈક, ખાસ કંઈ નહીં.'

'શું કહ્યું?' અનન્યાએ મારી સામે જોયું. તેને આંચકો લાગ્યો હતો.

'મેં તેવું કહ્યું નથી.' મારી મૉમે કહ્યું. મૂર્ખામીભરી વાત છોડ ને!'

'શું કહેવું તે જ સમજ નથી પડતી.' અનન્યા બોલી, મેઈન એન્ટ્રન્સ તરફ જતાં મેં કહ્યું, 'કંઈ નહીં. ચાલો, આપણે ફરીથી સૌને વાતે વળગાડીએ.'

અમે આશ્રમની અંદર આવ્યાં. ગાંધી ૧૯૧૫થી ૧૯૩૦ દરમિયાન અહીં રહ્યા હતા. બહુ જાણીતા મીઠાના સત્યાગ્રહની શરૂઆત આ આશ્રમમાંથી થઈ હતી. બધાં સાથે ચાલે તેવા એકમાત્ર આશયથી અનન્યાએ એક ગાઈડ રાખ્યો. અમે વિવિધ ફોટોગ્રાફ્સ, ચિત્રો, પત્રો અને ગાંધીના લેખોના પ્રદર્શન આગળથી પસાર થયાં.

ગાઈડે તેના ગોખેલા નાટયાત્મક સૂરે કહ્યું, '૧૯૩૦માં ગાંધી દાંડીકૂચ માટે નીકળ્યા ત્યારે તેમણે સ્વતંત્રતા ન મળે ત્યાં સુધી પાછા નહીં ફરવાની પ્રતિજ્ઞા કરી અને તે દિવસ પછી તેઓ અહીં ક્યારેય પાછા આવ્યા નહીં.'

અનન્યાની મૉમે પૂછયું, 'ભારત સ્વતંત્ર બન્યું પછી તે અહીં પાછા આવ્યા?'

ગાઈડે નિસાસો નાખતાં કહ્યું, 'અરે, તેઓ અહીં આવી શક્યા નહીં. સ્વતંત્રતાના છ મહિનામાં તો તેઓ ઠાર મરાયા હતા.'

પ્રશ્નો પૂછવામાં પોતે પાછળ રહી જવા માગતી ન હોય તેમ, મારી મૉમે ગાઈડ તરફ વળતાં કહ્યું, 'તેને દાંડીકૂચ કેમ કહેવાય છે? કારણ કે તેઓ દાંડી રાખતા હતા માટે?'

ગાઈડ હસી પડયો. તેની સઘળી રીતભાતની જેમ જ તેનું હાસ્ય પણ નાટયાત્મક હતું, 'ભારતના સૌથી મહાન પુરુષ વિશે આપણે કેટલું ઓછું જાણીએ છીએ! મૅડમ, એવું નથી. દાંડી અહીંથી પાંચસો કિલોમીટર દૂર આવેલી એક જગ્યાનું નામ છે.' ગાઈડે પ્રદર્શનમાંના એક નકશા તરફ ઈશારો કરીને દરિયાકિનારાનું એ નગર બતાવ્યું.

અનન્યાની મૉમે તેના ડૅડ તરફ જોઈ તમિલમાં કહ્યું, 'સમથિંગ સમથિંગ ઈલ્લા નૉલેજ પંજાબી પિપલ સમથિંગ' પ્રદર્શનમાંના મૅપમાં બરાબર ઓતપ્રોત થઈ ગયેલા અનન્યાના ડૅડે બહુ રૂક્ષતાથી કહ્યું, 'સેરી, સેરી.'

અનન્યાની મૉમે તેમનું બોલવાનું ચાલુ રાખ્યું, 'પંજાબીઓ તો... હં... બુદ્ધિમાં સાવ મીંડું. સમથિંગ સમથિંગ ક્રાસ અનએજ્યુકેટેડ સમથિંગ.'

મને એ ખબર ન પડી કે અનન્યાની મૉમને જે થોડાક અંગ્રેજી શબ્દો તેઓ બોલતાં હતાં તેનો અર્થ તેમને સમજાતો હતો કે પછી ઈરાદાપૂર્વક આમ કરતાં હતાં? તેમણે ફરીથી મોરચો ખોલ્યો હતો. મારી મૉમે તેમની વાત સાંભળી લીધી હતી અને તેમણે મારી સામે જોયું. ગાઈડ પણ ચિંતામાં પડી ગયો હતો કેમ કે તેને તેની ટિપ ખતરામાં જણાતી હતી.

અમારી બંનેની મૉમ એકબીજાં સામે જે કાતિલ નજરે જોઈ રહ્યાં હતાં તેમાં વચ્ચે પડતાં ગાઈડે કહ્યું, 'તો તમે જોયું કે ગાંધીજી દૃઢપણે માનતા હતા કે સૌ ભારતીયો એક છે. હવે આપણે ગાંધીજીની અંગત ચીજવસ્તુઓ જોઈએ. પ્લીઝ, જરા આ બાજુ.'

જાણે કે અમે કોઈના બેસણામાં બેઠાં હોઈએ તે રીતે અમે આશ્રમની અંદર જ એક ઝાડ

નીચે લંચ માટે બેઠાં. સૌ ચૂપચાપ બેઠાં હતાં. ત્યાં જ અનન્યાએ ધડાકો કર્યો,

'અમે બંને એકબીજાંને પસંદ કરીએ છીએ.'

દરેક જણ એકબીજાં સામે મૂંઝવણભરી રીતે જોવા લાગ્યાં. આ જૂથમાં મોટા ભાગના લોકો એકબીજાને પસંદ કરતા ન હતા.

અનન્યા મલકાતાં મલકાતાં બોલી, 'ક્રિશ અને હું, અમે બંને એકબીજાને પસંદ કરીએ છીએ.'

મારી મૉમે ચપાટીના ટુકડા કરતાં કહ્યું, 'મેં તને પહેલા જ કહેલું, મને કંઇ ગરબડ લાગે છે.'

'એમાં કંઇ ગરબડ પણ નથી અને કંઈ ચિંતા કરવા જેવું પણ નથી. અમે એકબીજાની સાથે સુખેથી રહેવા માગીએ છીએ. અમે બે એકબીજાંને પ્રેમ કરીએ છીએ.' અનન્યા બોલી ત્યાં તો તેની મૉમ તેને અટકાવતાં વચ્ચે જ બોલ્યાં, 'શટઅપ, અનન્યા!' અનન્યાની મૉમ અનન્યા તરફ તાકી રહ્યાં. મને તો એવું લાગ્યું કે કદાચ તેઓ તેને લાફો મારી દેશે અને અમે ગાંધીના આશ્રમમાં છીએ તે જોતાં મને એવું પણ લાગ્યું કે તો કદાચ અનન્યા તેનો બીજો ગાલ ધરી દેશે.

અનન્યાની મૉમને સામો જવાબ આપવા થનગની રહેલી મારી મૉમ બોલી, 'મેં જ્યારે સાઉથ ઈન્ડિયન છોકરીઓ વિશે કહ્યું ત્યારે હું આ જ કહેવા માગતી હતી. અરે, એકલા દિલ્હીમાં જ આવા તો એટલા બધા કિસ્સા છે.'

'મૉમ, શાંત થાવ.' મેં કહ્યું.

મારી મૉમે પ્રશ્ન કર્યો, 'મેં શું કહ્યું? મેં કંઈ કહ્યું છે?'

અનન્યાની મૉમે તેમના પતિને કહ્યું, 'ઊભા થાવ.' અને રિમોટની સ્વિચ દબાવતાં ટીવી ચાલુ થાય તેવી રીતે તેઓ ઊભા થયા.

અનન્યાનો ભાઈ તેમને અનુસર્યો. અનન્યાની મૉમે કહ્યું 'અમે ઑટોમાં પાછાં જતાં રહીશું.'

અનન્યા ઝાડ નીચે બેસી રહી. તે મૂંઝાઈ હતી.

અનન્યાની મૉમે તેને પૂછયું, 'હવે તારે એમની સાથે રહેવું છે?'

અનન્યા લગભગ રડમસ અવાજે બોલી, 'મૉમ, પ્લીઝ!'

અનન્યાની મૉમ તેની તરફ ધસ્યાં અને તેને ખેંચી ગયાં. ગાઈડ તેમને જતાં જોઈ રહ્યો અને ગૂંચવાયો. ગાઈડને પૈસા ચૂકવી હું મારી મૉમ પાસે પાછો આવ્યો. તેણે તો ઝાડ નીચે બેસીને જ ટોપાઝના પનીર ટિક્કા મસાલા પૂરાં કરી લીધાં હતાં.

'એ લોકો ગયાં.' મેં કહ્યું.

તેણે કહ્યું, 'સારું થયું. હવે કારમાં આરામથી બેસી શકાશે.'

ઍક્ટ-૨
દિલ્હી

૧૨

ડાઈનિંગ ટેબલ ઉપર ભીંડા સમારતાં સમારતાં મારી મૉમે પૂછયું, 'તું આટલા ધ્યાનથી શું વાંચી રહ્યો છે?'

'એ સિટી બૅન્કનું નવા કર્મચારી માટેનું ફૉર્મ છે. મારે તેનાં પચાસ પાનાં ભરવાનાં છે. તેઓ બધી વિગતો જાણવા માગે છે, જેમ કે તમારી માતાનો જન્મ ક્યાં થયો હતો વગેરે.'

'લાહોરથી દિલ્હીના રસ્તે તારી દાદીએ, પંજાબી બાગ પાસે એક કામચલાઉ તંબુમાં મને જન્મ આપ્યો હતો.'

મેં કહ્યું, 'હું દિલ્હી લખું છું.'

સિટી બૅન્કમાં જોડાતાં પહેલાં બે મહિનાના બ્રેકમાં હું ઘરે આવ્યો હતો. એપ્રિલ મહિનામાં દિલ્હીની ગરમી ચાલીસ ડિગ્રી સેન્ટિગ્રેડથી ઉપર હતી. દિવસમાં એક વખત અનન્યાને કૉલ કરવા કે તેના કૉલની રાહ જોવા સિવાય ખાસ કંઈ કરવાનું હતું નહીં. મારી મૉમ લંચ બનાવતી હતી અને હું તેની પાસે બેઠો હતો. મારા ડૅડ ઘરે ન હતા અને તેઓ ક્યાં ગયા હતા તેની અમને ખબર કે દરકાર પણ ન હતી.

મારી મૉમે પૂછયું, 'તારી પસંદગીની જગ્યા તારે આ જ ફૉર્મમાં ભરવાની છે?'

મેં તેના હાથ સામે જોયું. હું કૉલેજમાં જોડાવા ઘરેથી નીકળ્યો તે કરતાં અત્યારે તેના હાથ પર વધારે કરચલીઓ હતી. તેણે ભીંડાનાં ડીંટા અને નીચેનો ભાગ કાઢીને વચ્ચેનો ભાગ સમાર્યો.

મેં કહ્યું, 'હા.'

'તેં દિલ્હી પસંદ કર્યું છે ને?'

હું ચૂપ રહ્યો.

'બોલને, તેં દિલ્હી પસંદ કર્યું છે?'

'હા, હું દિલ્હી પસંદ કરીશ.' મેં કહ્યું.

ફોનની ઘંટડી વાગી. હું ફોન ઉપાડવા દોડયો. રવિવાર હતો અને STDના સસ્તા દર હોવાથી બપોરે અનન્યાનો જ ફોન હશે.

'હાય, માય હની બન્ચ', સામે છેડેથી અનન્યા બોલી.

મેં કહ્યું, 'એવું લાગે છે કે તારી મૉમ આજુબાજુ ક્યાંય નથી.'

હું ધીમા અવાજે બોલ્યો કેમ કે મારી પોતાની મૉમની નજર ભીંડા ઉપર અને કાન મારી તરફ હતા.

'બિલકુલ નથી. તે આવતી કાલે વર્ષા પોરુપુ પૂજા છે તેનો સામાન લેવા ગઈ છે.'

'શું વર્ષા?'

'વર્ષા પોરુપુ, તમિલ નવું વર્ષ. તમને લોકોને ખબર નથી?'

'અરે હોય કંઈ! હેપ્પી ન્યૂ યર.' મેં કહ્યું.

'અને તેં તારું સિટી બૅન્ક ફૉર્મ મોકલી દીધું કે નહીં?'

'ના, હજુ થોડુંક ભરવાનું બાકી છે.' મેં કહ્યું.

'તેં તારી પ્રથમ પસંદગી તરીકે ચેન્નાઈ ભર્યું છે ને?'

'હા, હું ચેન્નાઈ ભરીશ. પણ એક મિનિટ.'

મેં ફોન ઉપાડયો અને ફોનનો ગૂંચળાવાળો વાયર જેટલો લાંબો થાય તેટલો લાંબો કરીને, મારી મૉમથી જેટલા દૂર જઈ શકાય તેટલો દૂર ગયો, 'હું દિલ્હી ભરું તેવું મારી મૉમ ઈચ્છે છે.' મેં ધીમેથી કહ્યું.

'અને તારી શું ઈચ્છા છે? HLL વાળાઓએ મને ચેન્નાઈ મૂકી છે. આ વાત મેં તને ઘણાં અઠવાડિયાં પહેલાં કહી હતી. આપણે કેવી રીતે મેળ પાડી શકીશું?'

'આપણે ચોક્કસ મેળ પાડીશું, પણ જો હું ચેન્નાઈ આવીશ તો મૉમને ખબર પડી જશે કે મેં તારા માટે તેમ કર્યું છે.'

‘ઠીક છે, પણ તો તું તેમને કહી દેને.’

‘કેવી રીતે?’

‘એ મને ખબર નથી. મને HLLવાળાએ પસંદગી આપી ન હતી, નહીં તો હું દિલ્હી આવી હોત. મને તું બહુ યાદ આવે છે, બચ્ચું! પ્લીઝ, જલદી આવી જા.’

‘હું બીજા કોઈનું પણ બચ્ચું જ છું અને તે જોઈ રહી છે તેથી હું ફોન મૂકું છું.’

‘પ્લીઝ, એક વાર કહે ને “આઈ લવ યુ.”

‘હા.’

‘ના, બરાબર સારી રીતે બોલીને.’

‘અનન્યા!’

‘બસ એક વાર. ત્રણે શબ્દો સાથે.’

મેં મારી મૉમ સામે જોયું. તેણે ભીંડાનો છેલ્લો ઢગલો ઉપાડયો અને તેને ભીના કપડાથી લૂછયા. મારી અત્યારની આ પ્રેમકહાનીમાં પ્રતીકાત્મક એવું તેના હાથમાં રહેલું ચળકતું ચપ્પુ, સાંજના ચાર વાગ્યાના તડકામાં ઝગારા મારતું હતું.

‘મૂવીઝ આઈ લવ. યુ શુડ સી ધેમ ટુ.’

‘એ...એ... એવું નહીં કરવાનું.’ સામે છેડે અનન્યાએ ખોટું ખોટું રડવાનો ડોળ કર્યો.

‘બાય.’ મેં કહ્યું.

‘OK લવ યુ. બાય.’ કહીને તેણે ફોન મૂકી દીધો.

હું ડાઈનિંગ ટેબલ તરફ પાછો વળ્યો. દોષીપણાની લાગણીને લીધે મેં કેટલાંક ભીંડા ઉપાડ્યાં અને ભીના કપડાથી તેને લૂછવા લાગ્યો.

‘મદ્રાસી ગર્લ?’

‘અનન્યા.’ મેં કહ્યું.

‘તેનાથી દૂર રહેજે. એ લોકો બધાને બ્રેઈનવૉશ કરી નાખે છે.’

‘મૉમ, મને તે ગમે છે. ખરેખર હું તેને પ્રેમ કરું છું.’

‘જોયું! મેં તને કહ્યું’તું. તેણે તને ફસાવ્યો ને!’

‘મૉમ, મને કોઈએ ફસાવ્યો નથી.’ એમ કહીને મેં એક ભીંડો ટેબલ ઉપર પછાડયો, ‘તે સારી છોકરી છે, બુદ્ધિશાળી છે, દેખાવડી છે. તેને સારી નોકરી મળી છે. તે શા માટે કોઈને ફસાવે?’

‘તેમને ઉત્તર ભારતના પુરુષો ગમે છે.’

‘કેમ? ઉત્તર ભારતના પુરુષોમાં એવું ખાસ શું હોય છે?’

‘ઉત્તર ભારતના લોકો ગોરા હોય છે. તમિલના લોકો શ્યામ હોય છે.’

‘વાહ, રંગભેદની ગ્રંથિ?’ હું બબડયો.

‘હા, બહુ જ.’ મારી મૉમે કહ્યું.

‘મૉમ, તે IIMAમાં ભણી છે. તે આખા ભારતની સૌથી સ્માર્ટ છોકરીઓમાંની એક છે. તું શું બોલે છે? અને આ બધાં સિવાય પણ તેં તેને જોઈ છે. તે મારા કરતાં તો ગોરી છે.’

‘ગોરી છોકરીઓ જ સૌથી ખતરનાક હોય છે. શ્રીદેવી અને હેમા માલિની.’

‘મૉમ, અનન્યાને શ્રીદેવી અને હેમા માલિની સાથે ન સરખાવ.’

હું મોટેથી બોલ્યો અને ટેબલ ઉપરના ભીંડાના બાઉલને મારા હાથ વડે હડસેલ્યો. બાઉલના ધક્કાથી ચપ્પુ આગળ ખસ્યું અને મારી મૉમની આંગળીઓ સાથે અથડાયું. તેણે આ પીડાને લીધે ચીસ પાડી અને તેના જમણા હાથની પહેલી બે આંગળીઓમાંથી લોહી દદડવા માંડયું.

‘મૉમ, સૉરી.’ મેં કહ્યું, ‘સૉરી.’

તેણે નિસાસો નાખતાં કહ્યું, ‘કંઈ વાંધો નહીં. મને મારી નાખ. આ છોકરી માટે મને મારી નાખ.’

‘મૉમ, એવું કશું કરવાનો નથી.’ લોહીનું એક ટીપું મારા સિટી બૅન્કના ફૉર્મ ઉપર પડયું. મેં મનોમન વિચાર્યું, હે મૂરખ, અત્યારે મૉમ સામે ખોટું બોલી નાખ.

મેં કહ્યું, ‘હું દિલ્હી લખવાનો છું.’

'શું?'
'કંઈ નહીં. બેન્ડએઈડ ક્યાં છે? ચિંતા ન કર. હું ભીંડા બનાવી દઉં છું. મને મસાલા આપ.'
મેં મૉમને આંગળી ઉપર પાટો બાંધ્યો અને તેને સોફામાં આરામથી બેસાડી, ટીવી ચાલુ કર્યું અને બાળકોને માતાપિતાનો અનાદર કરતાં ન દશાર્વતી હોય તેવો કોઈ પ્રોગ્રામ દશાર્વતી ચૅનલ શોધવાનો પ્રયત્ન કર્યો.
બીજા એક કલાક સુધી મેં ભીંડામાં મસાલો ભરવાનું કામ કર્યું.
હું રસોડામાં માચીસ શોધી રહ્યો હતો ત્યાં લિવિંગ રૂમમાંથી મૉમે બૂમ પાડી, 'તને ગૅસ ચાલુ કરતાં આવડે છે?'
'મને આવડે છે. ચિંતા ન કર.'
ટીવીના અવાજ કરતાં પણ મોટા અવાજે તેણે કહ્યું, 'હું તને દૂધ જેવી ગોરી પંજાબી છોકરીઓ બતાવી શકું છું.' મેં તેના ઉપર ધ્યાન આપ્યા વગર જ વાસણ માટે કબાટમાં જોવા માંડયું, 'આપણે મેટ્રિમોનિયલ ઍડ આપીએ? નીચેવાળાં વર્મા આન્ટીએ એવી ઍડ આપી હતી. તેનો છોકરો તો ડોનેશન કૉલેજમાં ભણ્યો છે તોય તેમને પચાસ જેટલા જવાબો મળ્યા હતા. તારે તો પાંચસો જણાં પૂછતાં આવશે.' મૉમે કહ્યું.
'ભલે મૉમ.' મેં કહ્યું.
મેં ગૅસ સળગાવી તેના ઉપર કઢાઈ મૂકી. તેમાં તેલ રેડયું અને જીરું શોધવા માટે ડ્રૉઅર ખોલ્યું. મેં સાત વર્ષ પહેલાં કૉલેજમાં જોડાવા માટે ઘર છોડયું ત્યારે જે જગ્યાએ મસાલાનો ડબ્બો પડયો હતો, તે જગ્યાએ અત્યારે પણ હતો.
'અરે, ખરું કહું તો એક છોકરી મારા ધ્યાનમાં છે. તેં પમ્મી આન્ટીની છોકરીને તો જોઈ છે ને?'
'ના, મેં નથી જોઈ અને જોવી પણ નથી.' મેં કહ્યું.
'ઊભો રહે,' મારી મૉમે કહ્યું અને તેનામાં જાણે કે નવી જ સ્ફૂર્તિ જોવા મળી. તેના બેડરૂમમાં ગોદરેજનું કબાટ ખોલવાનો અવાજ મેં સાંભળ્યો. તે એક વેડિંગ આલબમ લઈને રસોડામાં આવી. મારા હાથમાંથી ચમચો ઝૂંટવી લેતાં તે બોલી, 'ગૅસ ધીમો કર, તું બાળી નાખીશ અને તેં ઍક્ઝોસ્ટ કેમ ચાલુ નથી કર્યો?' અને તેણે ગૅસનો કબજો લઈ લીધો. તેણે જોરથી ભીંડા હલાવ્યા અને તે ફરીથી બોલી, 'આ આલબમ ખોલ, બારાતમાં ઘોડાની બાજુમાં જે નાચે છે તે છોકરી જો. તેણે પિન્ક લહેંગો પહેર્યો છે.'
'મૉમ,' મેં લગભગ વિરોધ કરતાં કહ્યું.
'ક્યારેક મારી વાત પણ સાંભળ. તારા કહેવાથી હું જયલલિતાના ઘરવાળાઓને મળીને?'
'શું?'
'કંઈ નહીં. ફોટો જો.'
મેં આલબમ ખોલ્યું. તે મારી સેકન્ડ કઝિન ડીન્કીના દીપુ સાથેના લગ્નનું આલબમ હતું. આલબમના પહેલા પાંચ પાનાં ઉપર તો હૃદયના આકારવાળી ફ્રૅમમાં વર અને કન્યાના વિવિધ ડિઝાઈનથી મઢેલા ફોટા હતા. મેં આલબમનાં પાનાં ફેરવ્યાં અને ઘોડા સાથેના ફોટાવાળા પાના ઉપર આવ્યો.
મેં પિન્ક લહેંગો પહેરેલી એક છોકરી જોઈ, ભરાવદાર વાળમાં તેનો ચહેરો ભાગ્યે જ દેખાતો હતો. તેના હાથ હવામાં અધ્ધર હતા અને પહેલી આંગળી ઊંચી કરેલી હતી અને ડાન્સના કોઈ સ્ટેપની બરાબર વચ્ચે તેનો ફોટો પડયો હતો.
મારી મૉમે બીજો ગૅસસ્ટવ ચાલુ કર્યો અને રોટી બનાવવા તેના ઉપર તવો મૂકતાં કહ્યું, 'તે સુંદર નથી લાગતી?'
મેં કહ્યું, 'કંઈ બરાબર દેખાતું નથી.'
'તું એને એક વાર મળ. હા, હું રોટી બનાવું છું. ત્યાં સુધી ભીંડા હલાવતો રહે.' તેણે ચમચો મારા હાથમાં પકડાવતાં કહ્યું.
'મારે કોઈને મળવું નથી.'

'ખાલી એક વખત તો મળી લે.'
'તેનામાં એવું ખાસ શું છે?'
'તેમના છ પેટ્રોલપંપ છે.'
'શું?'
'તેના પિતાના છ પેટ્રોલપંપ છે અને એમાંય તેમને માત્ર બે દીકરીઓ જ છે. તેથી દરેક જમાઈને ત્રણ મળશે, જરા વિચાર તો કર.'
'શું?' મેં કહ્યું અને હું પોતે પેટ્રોલપંપ પર બેઠો હોઉં તેવો મેં વિચાર કર્યો.
'હા, એ લોકો બહુ પૈસાદાર છે. પેટ્રોલપંપમાં તો બહુ કમાણી છે. બે નંબરના બહુ પૈસા છે.'
'અને છોકરી શું કરે છે? ભણેલી છે?'
'એ કંઈક કરે છે ખરી. આજકાલ તો લોકો કૉરસપૉન્ડન્સ કોર્સ દ્વારા પણ ગ્રૅજ્યુએશન કરે છે.'
'એમ, એટલે કે તે કૉલેજ પણ જતી નથી?'
'કૉલેજ ડિગ્રી તો સહેલાઈથી મળી જાય છે. એ લોકો બહુ પૈસાદાર છે.'
'મૉમ, એનો શું અર્થ. મારા તો માન્યામાં નથી આવતું કે તું બારમું પાસ છોકરી સાથે મને પરણાવવા માગે છે... ખેર, જવા દે. આ આલબમ મૂકી દે અને રોટી થઈ ગઈ કે નહીં? મને ભૂખ લાગી છે.'
'આપણે ભણેલી પંજાબી છોકરી પણ જોઈ શકીએ. તને ડૉક્ટર પસંદ છે?'
'ના, મને કોઈ પંજાબી છોકરી પસંદ નથી.'
'તારી મા પંજાબી છે.' મારી મૉમે નારાજ થતાં કહ્યું.
મેં કહ્યું, 'મૉમ, સવાલ એ નથી.' મેં દહીં કાઢવા ફ્રીઝ ખોલ્યું, 'મારે બીજી કોઈ છોકરી નથી જોવી. મારે ગર્લફ્રૅન્ડ છે.'
'તું તે મદ્રાસી છોકરીને પરણીશ?' અનન્યા વિશે જાણ્યા પછી તેણે પહેલી વખત ગંભીર આંચકા સાથે પૂછ્યું.
'હા, થોડા વખતમાં.'
મારી મૉમે તવા ઉપર રોટી અને કપાળ ઉપર હાથ પછાડયો.
નિરાશાના આ પ્રદર્શન તરફ ધ્યાન નહીં આપતાં મેં કહ્યું, 'આપણે જમી લઈએ.'
લિવિંગ રૂમના કૉફીટેબલ ઉપર જમવાનું મૂકી ટીવીની સામે અમે જમવા બેઠાં.
બે વાર ડૉરબેલ વાગ્યો.
'અરે, તારા ડૅડ આવ્યા. ટીવી બંધ કરી દે.' મૉમે કહ્યું.
'કંઈ વાંધો નહીં.' મેં કહ્યું.
મૉમે મારી સામે કરડાકીભરી નજરે જોયું. મેં કચવાતા મને ટીવી બંધ કર્યું. મૉમે દરવાજો ખોલ્યો, ડૅડ અંદર આવ્યા અને મારી સામે જોયું. હું ફરી ગયો અને પાછો ટેબલ તરફ આવી ગયો.
'લંચ?' મારી મૉમે પૂછયું.
મારા ડૅડ કંઈ બોલ્યા નહીં. તેઓ ડાઈનિંગ ટેબલ પાસે આવ્યા અને ખાવાનું જોયું, 'આને તું ખાવાનું કહે છે?' તેમણે કહ્યું.
હું તેમની સામે તાકી રહ્યો, 'આટલું બનાવતાં મૉમને ત્રણ કલાક લાગ્યા.' મેં કહ્યું.
મારી મૉમે તેમના માટે પ્લેટ કાઢી.
મારા ડૅડ બોલ્યા, 'મારે આવું ખાવું નથી.'
મેં ફરીથી ટોણો માર્યો, 'એમ કહી દોને કે તમે બહારથી ખાઈને આવ્યા છો.'
મારા ડૅડ પહેલા મારી સામે તાકી રહ્યા અને પછી મારી મૉમ તરફ વળ્યા, 'આ તારા ઉછેરનું પરિણામ છે. બધી ડિગ્રીઓ નકામી જશે. છેવટે તો આ જ પરિણામ આવવાનું.'
આ, અને સિટી બૅન્કની જૉબ કે જેમાં મને શરૂઆતથી જ તમારી આખી જિંદગીની કમાણી કરતાં ત્રણ ગણા પૈસા મળશે, એવું કહેવાનું મન થયું, પણ હું ચૂપ રહ્યો. મેં સિટી બૅન્કનું ફૉર્મ મારી નજીક લીધું.

ડૅડ ત્યાંથી ગયા અને ટીવીના ટૉપને અડીને તપાસ કરી, 'ગરમ છે. કોણે ટીવી જોયું?'

'મેં જોયું. કેમ કંઈ તકલીફ છે?' મેં કહ્યું.

ડૅડ બોલ્યા, 'હું આશા રાખું છું કે તું બહુ જલદીથી ઘરમાંથી બહાર નીકળી જઈશ.'

મેં મારી પ્લેટ હાથમાં લીધી અને તે રૂમમાંથી બહાર નીકળતાં મનોમન વિચાર્યું કે હું આશા રાખું કે તમે જલદીથી આ દુનિયામાંથી વિદાય લો.

હું રાત્રે પથારીમાં પડયો પડયો ઊંઘ આવવાની રાહ જોતો હતો. મારું મન, કૅમ્પસમાં અમે જ્યારે સાથે સૂતાં હતાં ત્યારે મારા ચહેરા ઉપર પથરાઈ જતાં અનન્યાનાં વાળ વિશેના સુંદર વિચારો અને બપોરે પિતા સાથેની દલીલો વિશેના વિચારો વચ્ચે અફળાતું હતું. મારી મૉમે મારા રૂમમાં આવી લાઈટ ચાલુ કરી.

'મેં ત્યાં જવાનું ગોઠવી કાઢયું છે. આપણે પરમ દિવસે પમ્મીનાં આન્ટીના ઘરે જઈશું.'

'મૉમ, મારે નથી જવું.'

'ચિંતા ન કરીશ. મેં તેમને ખાલી એટલું જ કહ્યું છે કે અમે ચા-પાણી માટે આવીએ છીએ. તું સહેજ જો તો ખરો. તું જોયા કર, પહેલા એ લોકો મને પૂછશે.'

'મને તેમાં કોઈ રસ નથી.' હું બેડમાં બેઠો થઈ ગયો.

'ખાલી નાસ્તો કરવા આવ. એ લોકો બહુ પૈસાદાર છે. સામાન્ય મહેમાનોને પણ તે લોકો ડ્રાયફ્રૂટ્સ આપે છે.'

'મૉમ, પણ મારે શા માટે આવવું જોઈએ?'

'કેમ કે તેનાથી મને આનંદ થશે. શું એટલું કારણ પૂરતું નથી?'

તેણે કહ્યું અને મારું ધ્યાન તેના કરચલીવાળા અને પાટા સાથેના હાથ ઉપર ગયું.

'ભલે.' મેં ખભા ઉલાળ્યા અને પાછો બેડમાં લાંબો થઈ ગયો અને બોલ્યો, 'હવે મને સૂવા દે.'

'બહુ સરસ.' તેણે મારા રૂમમાંથી બહાર જતાં લાઈટ બંધ કરતાં કહ્યું. મેં ફરીથી મારા મનને મારી સાઉથ ઈન્ડિયન છોકરીના વિચારોમાં ઘેરાવા દીધું.

૧૩

પમ્મી આન્ટી બાજુના પંજાબી ઈલાકા એવા પીતમપુરામાં રહેતાં હતાં. આ એરિયાની દરેક ગલીમાં તાજમહાલ કરતાં પણ વધારે મારબલ છે. દરેક શેરીમાં પનીર સાથે ટામેટાં રંધાતાં હોવાની ગંધ આવે છે. અમે ઑટો કરી કેમ કે મારા ડૅડ ક્યારેય અમને કાર લઈ જવા દેતા ન હતા. મારી મૉમે ઑટો થોડાંક ઘર આગળ જ છોડી દીધી. અમે કારમાં નથી આવ્યાં તેવું પમ્મી આન્ટીને કહેવાનું ન હતું.

દરવાજા આગળ પમ્મી આન્ટી અમને આવકારવા આવ્યાં ત્યારે મારી મૉમે કહ્યું, 'એમને મિટિંગમાં જવાનું હતું એટલે અમને બહાર મૂકીને જ ગયા.'

પમ્મી આન્ટી અમને અંદર લઈ જતાં બોલ્યાં, 'અરે, છેવટે કોલ્ડ ડ્રિન્ક લઈને ગયા હોત તો...' પમ્મી આન્ટીનું વજન તે શરૂઆતના જે દસકામાં જીવ્યાં હતાં તેના જેટલું હતું અને અત્યારે '૯૦ના દાયકામાં પણ પરિસ્થિતિ તેવી જ હતી.

સાડત્રીસ વર્ષ પૂર્વે, પમ્મી આન્ટી મિસ ચંદીગઢ રહી ચૂક્યાં હતાં. તેમને આ ખિતાબ મળ્યો કે તરત જ એક ધનાઢય વેપારીએ તેમની સાથે લગ્ન કરી લીધાં હતાં અને તેમને આ ઍક્સ્ટ્રા લક્ઝરી અને ઍક્સ્ટ્રા કૅલરીનું જીવન બક્ષ્યું હતું. અત્યારે તો તેમનું વજન ત્રણેય ફાઈનલિસ્ટના વજનના

સરવાળા કરતાં પણ વધારે હતું.

અમે પાંચેક પગથિયાં ચઢીને તેમના લિવિંગ રૂમમાં પહોંચ્યાં. પમ્મી આન્ટીને આટલાં પગથિયાં ચઢવામાં પણ તકલીફ પડી. છેલ્લું પગથિયું ચઢતાં બબડયાં, 'મારા ઘૂંટણ...'

મારી મૉમે પૂછયું, 'આજકાલ તમે મૉર્નિંગ વૉકમાં જાવ છો કે નહીં?'

'અરે કવિતાજી, આ ગરમી કેટલી છે? બીજું કે સવારે મારે સત્સંગ હોય છે. બેસો', કહી પમ્મી આન્ટીએ તેમના નોકરને ખસનું શરબત લાવવા કહ્યું.

પોચી ગાદી જેવા વેલ્વેટ સોફામાં બેસતાં જ અમે બે ફૂટ ઊંડા ખૂંપી ગયાં.

મારી મૉમે કહ્યું, 'અરે તમે સત્સંગમાં પણ ચાલતા જાવ, તો સારી કસરત થાય.'

'છ-છ ગાડીઓ છે, કવિતાજી. ડ્રાઈવરો નકામા બેસી રહે છે, કેવી રીતે ચાલવું?' પમ્મી આન્ટીએ વળતો પ્રશ્ન કર્યો. નિર્દોષ વાતચીતમાં જ તેમની સંપત્તિનું પ્રદર્શન કરવાની અદ્ભુત પંજાબી કુશળતાનું તેમણે દર્શન કરાવ્યું

મૉમે મારી તરફ કૉમેન્ટ રિપીટ કરી, 'છ-છ ગાડીઓ! ક્રિશ, તેં સાંભળ્યું, તેમની પાસે છ ગાડીઓ છે.'

મારે શું બોલવું તે મને ખબર ન પડી. કદાચ મારે વાહ વાહ કરવાની હતી, 'કઈ કઈ છે?' માત્ર તેઓ મારી તરફ તાકી રહ્યાં હોવાથી જ મેં પૂછયું.

'એ બધી મને ખબર નથી. મારા હસબન્ડ જાણે. હજુ ગયા અઠવાડિયે જ તેમણે એક હોન્ડા લીધી.'

'કેટલામાં લીધી?' મારી મૉમે પૂછયું. પોતાની સંપત્તિનો દેખાડો કરી રહ્યાં હોય એમને પોરસાવવા એ પંજાબીઓના સૌજન્યની એક બાબત બની ગઈ છે.

પમ્મી આન્ટી બોલ્યાં, 'સાત લાખ અને સ્ટિરિયો બદલાવ્યો તેના ત્રીસ હજાર.'

'કહેવું પડે!' મારી મૉમે કહ્યું.

'તેને સિટી બૅન્કમાં જૉબ મળી છે. વર્ષે ચાર લાખ પગાર છે.'

કોઈ નોનપંજાબી માટે મારી મૉમની આ કૉમેન્ટ અસંગત ગણાય, પરંતુ પંજાબી માટે તો આ એક સંપૂર્ણ અનુસંધાન છે. છેવટે તો અમે લાખોની વાત કરી રહ્યાં છીએ.

'સરસ. તમારો દીકરો બહુ હોશિયાર નીકળ્યો.' તેમણે કહ્યું.

મેં એવું વિચાર્યું કે, પૈસાદાર હોવું તે હોશિયાર બરાબર છે. કેમ કે તેમણે મારા IQ વિશે તો કશું પૂછયું જ નહીં.

'તમારા આશીર્વાદ છે, પમ્મીજી.' મારી મૉમે કહ્યું.

'ના, ના. એવું કાંઈ નહીં.' પમ્મી આન્ટીએ કહ્યું અને મને નોકરી મળવામાં તેમની સંભવિત ભૂમિકા અંગે તેમણે આવો ભાવ વ્યક્ત કર્યો. બીજી એકાદ મિનિટ માટે અમે લોકો એકબીજાંની સામે મલકતાં રહ્યાં અને પમ્મી આન્ટી ફરીથી બોલ્યાં, 'ડ્રાયફ્રૂટ?'

'ના, પમ્મીજી, તમે આ બધી ધમાલ શા માટે કરો છો?' મારી મૉમે ઠાવકાઈથી કહ્યું.

'રાની, થોડાંક કાજુ અને દુબઈની ખજૂર લાવજે.' પમ્મીજીએ મોટેથી કહ્યું.

મારી મૉમે આવી આંતરરાષ્ટ્રીય ખજૂરનો આદર કરતાં હળવેકથી સંમતિસૂચક માથું ધુણાવ્યું, 'અરે ડૉલી ક્યાં?' મારી મૉમે તપાસ કરતાં પૂછયું અને કોઈ પણ જાતના હિચકિચાટ વગર ત્રણ પેટ્રોલપંપના વારસદાર ઉપર પોતાનો અધિકાર જતાવ્યો.

'અરે અહીં જ છે ડૉલી!' પમ્મી આન્ટી એટલું જોરથી બોલ્યાં કે તે અવાજ આ હાઈડ્રોકાર્બનથી ભરેલી હવેલીના ઉપલા માળ સુધી પહોંચી શકે. નોકરોને તાબડતોબ ડૉલીને નીચે બોલાવવાનું કહેવામાં આવ્યું.

'એને નહાવામાં અને તૈયાર થવામાં આખો દિવસ લાગે છે.' પમ્મી આન્ટીએ નકલી ગુસ્સા સાથે કહ્યું અને મૂઠો ભરીને કાજુ મારા હાથમાં પકડાવ્યાં.

'અરે, અમારી દીકરીને બરાબર તૈયાર થવા દો પમ્મીજી.' મારી મૉમે કહ્યું. હા, અહીં તો વાતાવરણ એવું હતું કે જાણે ડૉલી અમારા ઘરની પુત્રવધૂ બની ચૂકી હોય.

'અરે, કોને ખબર તે કોની દીકરી બનશે? અમારે ફક્ત બે દીકરીઓ જ છે અને આ બધું

તેમનું જ છે.' પમ્મીએ કહ્યું અને તેમણે હાથ ફેલાવતાં તેમની વિપુલ સંપત્તિ દર્શાવતો ઈશારો કર્યો. હા, એ સાચું હતું કે આ સોફા, વિશાળ મારબલ, કૉફીટેબલ, કલાના ઉત્તમ નમૂનાઓ, ફેન્સ, ઍરકન્ડિશન એ સઘળું તેમની દીકરીઓ અને તેમના ભાવિ પતિઓનું જ હતું. મારે કહેવું જોઈએ કે એક સેકન્ડ માટે તો એવો વિચાર આવી ગયો કે જો મારી મૉમ સાચાં હોય તો આ મકાનોની અડધી સંપત્તિનો હું માલિક છું, પરંતુ બીજી ક્ષણે મારા મનમાં અનન્યાને ગુમાવવાનો વિચાર આવ્યો. બિલકુલ નહીં. દુબઈનાં તમામ ખજૂર અને રોકડ નાણાંની સામે પણ હું અનન્યાને ગુમાવી શકું નહીં. હા, પણ જો પમ્મી આન્ટી મને આ ઘરમાં અનન્યા સાથે રહેવા દે તો ઠીક છે.

તેના પહેલાં ત્રણ સેકન્ડ પૂર્વે તેની પરફ્યૂમ્સની સુવાસ સાથે, ઝડપથી પગથિયાં ઊતરી ડૉલી આવી પહોંચી. અને 'હલ્લો આન્ટીજી.' કહેતાં જ મારી મૉમને જોરથી ભેટી પડી.

'અરે, આપણી દીકરી કેટલી દેખાવડી લાગે છે!' મારી મૉમે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

મેં અને ડૉલીએ હળવેકથી ડોકાં ધુણાવીને એકબીજાનું અભિવાદન કર્યું. તેણે વાઈન-રેડ કલરનું સલવાર-કમીઝ પહેર્યું હતું અને તેના ઉપર ઊભી સોનેરી પટ્ટીઓ હતી. તે એકદમ ગોરી હતી અને મારી મૉમ એ રીતે સાચાં હતાં કે તેમણે પંજાબી કન્યાઓની સરખામણી દૂધ સાથે કરી હતી. તે બહુ વધારે પડતી જાડી ન હતી, પણ તેણે તેનું પેટ સહેજ અંદર ખેંચી રાખ્યું હોય તેવું લાગતું હતું. તેનાં વિશાળ ભરાવદાર સ્તન પમ્મી આન્ટીનાં સ્તન જેવાં જ હતાં. મને એવો વિચાર આવ્યો કે આ સ્ત્રીઓ તેમનાં બાળકોને ગૂંગળાવી માર્યાં વગર કેવી રીતે સ્તનપાન કરાવતી હશે!

'આજકાલ તું શું કરે છે ડૉલી?' મારી મૉમે પૂછ્યું.

'બી.એ. થઈને હમણાં હું કૉરસપૉન્ડન્સનો કોર્સ કરું છું, આન્ટી.'

'તું કંઈક કમ્પ્યૂટરનો કોર્સ પણ કરે છે ને, એ પણ કહ્યું નહીં.' પમ્મી આન્ટી બોલ્યાં અને મારી મૉમ તરફ ફરીને ઉમેર્યું, 'બીજો વધુ નાસ્તો મગાવું?'

ડૉલી કંઈક કહેવા જતી હતી, પણ અમે વાનગીની વધારે સારી વાત તરફ વળતાં, તેની વાત તરફ કોઈએ ધ્યાન આપ્યું નહીં.

'ના પમ્મીજી, ના. આટલું બહુ છે.' મારી મૉમે કહ્યું અને દેખીતી રીતે જ તેમણે વધુ વાનગીઓ મંગાવતાં રોક્યાં.

'અરે શું વાત કરો છો? તમે જમવાના સમયે આવ્યાં નથી. એટલે તો હેવી સ્નેક્સની વ્યવસ્થા કરી. રાજુ કંઈક નાસ્તો લાવ અને સાથે લાલ અને લીલી બંને ચટણી લાવજે!' તેમણે તેમના નોકરને બૂમ પાડીને કહ્યું.

રાજુ અને બીજો એક નોકર સમોસા, જલેબી, છોલે ભટુરે, માવો, કચોરી અને દેખીતી રીતે જ લાલ અને લીલી ચટણી સાથેની એક મોટી ટ્રે લઈને આવ્યા. ટેબલ ઉપર ૨૫,૦૦૦ કૅલરીનો ઢગલો કરી દેવામાં આવ્યો.'

'અરે, આની ક્યાં જરૂર હતી!' મારી મૉમે કહ્યું અને પોતાની તરફ જલેબી લાવવાનો ઈશારો નોકરને કર્યો.

'અરે, આ તો કંઈ નથી. ખાલી ચાખવા માટે. હું તો કહું છું જમીને જાવ.'

મને એવું લાગ્યું કે હું અત્યારે ડૉલી સાથે વાત નહીં કરું તો મને ગાંડો ગણવામાં આવશે, 'તમે કમ્પ્યૂટર કોર્સ કરી રહ્યા છો?'

'માઈક્રોસૉફ્ટ વર્ડ, પાવરપૉઈન્ટ, ઈ-મેઈલ મને આવડતાં નથી. કોર્સ હમણાં જ શરૂ કર્યો છે. બહુ હાઈફાઈ લાગે છે.'

'હા...હા... આ તો ખરેખર બહુ અઘરા પ્રોગ્રામ્સ લાગે છે.' મેં કહ્યું અને તરત જ મને મારા આવા કટાક્ષ બદલ દોષીપણાની લાગણી થઈ.

'મારા ફ્રૅન્ડ્ઝ આ કરી રહ્યા હતા તેથી હું પણ તેમાં જોડાઈ. જો મને બહુ અઘરું પડશે તો હું છોડી દઈશ. તમને તો આ બધું આવડતું હશે, ખરું ને?'

જેવું ડૉલી અને મેં વાત કરવાનું શરૂ કર્યું કે તરત જ મારી મૉમ અને પમ્મી આન્ટી વાતચીત કરતાં અટકી ગયાં. અમે તેમને અમારી તરફ તાકી રહેલાં જોયાં એટલે ડૉલી અને મેં વાતચીત કરવાનું બંધ કર્યું.

'અરે, કંઈ વાંધો નહીં, તમે વાતો ચાલુ રાખો.' મારી મૉમે અત્યંત ઉત્સાહથી કહ્યું અને પમ્મીજી સામે જોયું. બંનેએ એકબીજાં સામે કંઈક જુદા હાવભાવથી આંખ મિલાવી. તેમણે એકબીજાં સાથે આંખ મીંચકારી અને ઉપર જોઈ બે હાથ જોડી પ્રભુનો આભાર માન્યો.

ડૉલીએ મારી મૉમ સામે જોયું અને મલકાઈ, 'આન્ટીજી ચા?' તેણે પૂછયું..

'ના જી, અમે અમારી દીકરીઓ પાસે કામ કરાવતાં નથી.' મારી મૉમે કહ્યું. અહીં કામ કરવાનો સંદર્ભ નોકરને બૂમ પાડવાનો હતો.

'રાજુ, ચા લાવ.' ડૉલીએ પોતાનો અધિકાર જમાવવા કહ્યું અને મારી મૉમે તેની તરફ લાગણીસભર નજરે જોયું. મને થયું મારી મૉમ શા માટે ફક્ત એક વખત પણ અનન્યા તરફ આવી નજરે જોતી નથી?

'દીકરા ચા?' પમ્મી આન્ટીએ મને ચાની ઑફર કરી. મેં નકારમાં માથું હલાવ્યું, 'હા, મને ખબર છે. તમે સુધરેલ છોકરા કૉફી પીવો છો! કૉફી મગાવું? અરે, ના ના, ડૉલી, ડિસ્ટ્રિક્ટ સેન્ટરવાળી પેલી નવી જગ્યા ક્યાં છે? જ્યાં મોંઘી કૉફી મળે છે? બરસાત?'

'બરિસ્તા, મૉમ.' ડૉલીને જ્યારે કંઈક આધુનિક બાબતનું વર્ણન કરવાનું કહેવામાં આવે ત્યારે તે અંગ્રેજની જેમ ઉચ્ચાર કરતી.

'હા, એ જ. તેમને આપણી હોન્ડામાં ત્યાં લઈ જા. જુઓજી, આમ તો અમે મૉડર્ન છીએ.' તેમણે મારી મૉમને કહ્યું.

'મૉડર્ન તો સારી વાત છે. અમે પણ કંઈ જુનવાણી નથી. જા, ક્રિશ જા. મજા કર.' મારી મૉમે કહ્યું. અલબત્ત, તમિલ લોકોને ધિક્કારવા એ બહુ જુનવાણી નથી.

હું કંઈક અંશે ડૉલી સાથે મોજ માટે નીકળવા ઊભો થયો, પણ મારો મુખ્ય આશય તો આ લોકોથી દૂર જવાનો અને નવી હોન્ડાની રાઈડ માણવાનો હતો.

'આ બાજુ આવ, ડૉલી,' પમ્મીજીએ ભારે અચરજ થાય તેવું કહ્યું. તેમણે તેમની છાતીના ATMમાં હાથ નાખ્યો અને નોટનું એક બંડલ કાઢયું. મને એવો વિચાર આવ્યો કે, 'પમ્મી આન્ટીના એ ATMમાં ક્રેડિટકાર્ડ પણ પડયું છે કે શું?'

ડૉલીએ નોટોનું બંડલ લીધું અને તેને ગણ્યા વગર તેની ગોલ્ડન હેન્ડબૅગમાં મૂક્યું. તેણે નોકરને બૂમ પાડી કે જેથી તે ડ્રાઈવરને બૂમ પાડે કે જેથી તે સિક્યુરિટી ગાર્ડને બૂમ પાડે અને દરવાજો ખોલવાનું કહે કે જેથી હોન્ડા બહાર કાઢી શકાય.

અમે સલવાર-કમીઝની શૉપ્સ, બ્યુટીપાર્લર્સ અને STD બૂથોના જમેલાવાળા એવા ડિસ્ટ્રિક્ટ સેન્ટર ખાતે પહોંચ્યાં. ડૉલીએ તેના ફેવરિટ ક્લોથ બુટીકમાં જવાનો આગ્રહ રાખ્યો. અડધો કલાક સુધી તેણે કપડાં પસંદ કર્યાં, ત્યાં સુધી હું તેને જોઈ રહ્યો. મને એવો વિચાર આવ્યો કે બાજુના STD બૂથમાંથી અનન્યાને ફોન કરવાનું ઠીક ગણાશે કે નહીં. મેં તે વિચાર પડતો મૂક્યો અને ડઝનબંધ સલવાર-કમીઝની ખરીદી કરતી પંજાબી માતા અને દીકરીઓને જોતો રહ્યો. તમામ દીકરીઓ પાતળી હતી અને તમામ માતાઓ અત્યંત જાડી હતી. જોકે અહીંનાં બધાં બુટીક આવી તદ્દન જુદી જુદી સાઈઝનાં સલવાર-કમીઝ રાખવાથી ટેવાઈ ગયાં હતાં.

'હેલ્ધી ફિગર રેન્જ ત્યાં છે.' એક સેલ્સમૅન બોલ્યો અને તેણે એક મધરને જમણી બાજુ જવા ઈશારો કર્યો.

ડૉલીએ તેનું શૉપિંગ પૂરું કર્યું અને તેના નોટના બંડલમાંથી ત્રણ નવા સૂટ માટે પૈસા ચૂકવ્યા.

'આ કેવા છે?' તેની બૅગ ખોલતાં તેણે મને પૂછયું.

'સરસ.' મેં કહ્યું. અમે બરિસ્તામાં પ્રવેશ્યાં. અહીંનું ઍરકન્ડિશનિંગ અને હળવું સંગીત અમને બહારની ૪૦ ડિગ્રી ગરમીમાંથી રાહત આપતાં હતાં.

'વન કોલ્ડ કૉફી વિથ આઈસક્રીમ.' ડૉલીએ કહ્યું, 'તમે શું લેશો? મેં પણ તે જ ઑર્ડર આપ્યો અને અમે એક સોફા ઉપર એકબીજાંથી બની શકે તેટલાં દૂર બેઠાં.

અમે અમારી સામેના ટેલિવિઝન ઉપર મ્યુઝિક ચૅનલ સામે ચૂપચાપ તાકી રહ્યાં.

'મેં પહેલાં ક્યારેય કોઈ IITian સાથે વાત કરી નથી.' થોડીક વાર રહી તે બોલી.

'તમે કાંઈ ખાસ ગુમાવ્યું નથી.' મેં કહ્યું.

તે સહેજ ફરી, તેનાં કપડાંની બૅગ નીચે પડી ગઈ. તેણે બૅગ ઊંચકીને ફરીથી ઉપર મૂકી.

'સૉરી, હાઈફાઈ લોકો સામે હું નર્વસ થઈ જાઉં છું.' તેણે કહ્યું.

'એવું કાંઈ જરૂરી નથી.' મેં કહ્યું, 'કૉફી પીઓ.'

'તમારે કોઈ ગર્લફ્રૅન્ડ છે? સાઉથ ઈન્ડિયન?'

'શું કહ્યું?' હું સોફામાં લગભગ કૂદ્યો, 'તને કોણે કહ્યું?'

'કિટ્ટુએ મને કહ્યું.'

કિટ્ટુ મારી ફર્સ્ટ કઝીન અને શિપ્રામાસીની દીકરી હતી. કિટ્ટુના પિતા પમ્મી આન્ટીના કઝીન હતા. એક રીતે તો ડૉલી મારી ત્રીજી કે ચોથી કઝીન થાય, પણ અમે સગા ન હતા.

'કિટ્ટુ? તેને કેવી રીતે ખબર પડી?'

'શિપ્રામાસીએ તેને કહ્યું હશે અને તમારી મૉમે શિપ્રામાસીને કહ્યું હશે.'

'અને હવે આખા વંશને ખબર પડશે.' મેં વિચાર્યું.

'લગભગ.'

'તેના વિશે તું બીજું શું જાણે છે?'

'કંઈ નહીં.' ડૉલીએ કહ્યું અને તેની નજર આજુબાજુ ફેરવી.

'મને કહે.'

'અરે, થોડુંઘણું જેમ કે તે બહુ એગ્રેસિવ છે અને બહુ હોશિયાર છે અને તેણે તને પૂરા વશમાં કરી લીધો છે, જોકે સાઉથ ઈન્ડિયન ગર્લ એવી જ હોય છે નહીં?'

'તું કોઈ સાઉથ ઈન્ડિયન છોકરીઓને ઓળખે છે?'

'ના.' કહી તેણે તેની સ્ટ્રૉ હલાવી.

'સૉરી, મારે તમને કહેવું ન જોઈએ, પણ તમે લોકો એ અંગે બહુ સિરિયસ છો કે ખાલી ટાઈમપાસ?'

મેં મારા ક્રોધને કાબૂમાં રાખવાનો પ્રયત્ન કર્યો, 'તારું શું છે? તારે કોઈ બૉયફ્રૅન્ડ છે?'

'ના ક્યારેય નહીં.' તેણે જાણે કે ગૌરવપૂર્વક કહ્યું.

'ટાઈમપાસ માટે પણ નહીં?'

તે મારી સામે જોઈ રહી. હું થોડીક મિત્રતા દાખવવા સહેજ મલક્યો.

'બસ, કૉલોનીમાં એક છોકરો છે' મહેરબાની કરીને આ વાત મારી મૉમને કહેતા નહીં કે તમારી મૉમને કે કિટ્ટુને પણ કહેતા નહીં.'

'ના, હું નહીં કહું.'

'તેણે વેલેન્ટાઈન ડેના દિવસે મને એક ટેડીબેર આપેલ હતું.'

'બહુ સરસ.' મેં કહ્યું.

'તમે ક્યારેય કોઈને કિસ કરી છે?' તેણે પૂછ્યું, 'જેમ કે આ સાઉથ ઈન્ડિયન છોકરીને.'

હું અને અનન્યા હૉસ્ટેલની એક નાનકડી રૂમમાં બે વર્ષ સાથે રહ્યાં હતાં તેવું સાચું બોલ્યા વગર તેના પ્રશ્નનો જવાબ કેવી રીતે આપવો તે વિશે મેં બહુ વિચાર કર્યો.

'ના.' મેં કહ્યું.

'OK કારણ કે આ છોકરો, હું તેને કિસ કરું તેવો આગ્રહ કરતો હતો, પરંતુ હું પ્રેગનેન્ટ થવા માગતી ન હતી.'

'તું તેને કેવી રીતે મળી?'

'એ તો બહુ મજાની વાત છે. એક દિવસ તેણે મારા ઘરે ભૂલથી રોંગ નંબર લગાવ્યો અને અમે વાતો કરવાનું ચાલુ કર્યું. હું તેને માત્ર એક જ વખત મળી છું.'

'કોઈ રોંગ નંબર જોડનારને તું મળી?'

'તે હવે મારો બૉયફ્રૅન્ડ નથી, પણ તમને ખબર નથી, મારે લુધિયાણામાં એક દીદી છે, જેણે રોંગ નંબર જોડનાર સાથે લગ્ન કર્યાં હતાં. અત્યારે તો તેમને બે છોકરાંઓ છે.'

'કહેવું પડે.' મેં કહ્યું. મને એવો વિચાર આવ્યો કે મારે મારી કૉફી એકદમ ગટગટાવી જવી જોઈએ કે જેથી અમે જલદીથી છૂટાં પડી શકીએ.

'હું તમને ગમી?' ડૉલીએ પૂછયું.

'શું કહ્યું?'

'તમને ખબર છે કે આપણે અહીં શા માટે ભેગાં થયાં છીએ? લગ્ન માટે!'

'ડૉલી, હું અનન્યા સિવાય અન્ય કોઈ સાથે લગ્ન કરી શકું નહીં.'

'ઓહ, તો તેનું નામ અનન્યા છે. બહુ સરસ નામ છે.'

'થૅંક્સ અને તે પણ બહુ સરસ છે અને હું તેની સાથે જોડાયેલો છું. સૉરી, મારી મૉમ મને અહીં ખેંચી લાવી.'

'પણ તમે તો કહ્યું તમે એને કિસ પણ નથી કરી.'

'હું ખોટું બોલ્યો. અમે બે વર્ષ સાથે રહ્યાં હતાં, પણ પ્લીઝ, કોઈને આ વાત કહીશ નહીં.'

'સાથે રહ્યાં હતાં?' તેની આંખો પહોળી થઈ ગઈ, 'સાથે રહ્યાં હતાં? એટલે કે તમે બધું કર્યું છે?'

'એ અગત્યનું નથી. મેં તને માત્ર એટલા માટે કહ્યું કે મને તારામાં રસ નથી. એ જાણ્યા પછી તને ખોટું ન લાગે.'

'બે વર્ષ સાથે રહ્યાં? તે પ્રેગનન્ટ થઈ નહોતી?'

'ડૉલી, બસ હવે બહુ થયું. કૉફી માટે થૅન્ક્યુ.'

'હું તને તે ભુલાવી દઈશ.' ડૉલી તેના કેડ સુધી લાંબા વાળ ખુલ્લા કરતાં બોલી.

'શું કહ્યું?'

'મને ખબર છે, છોકરાઓને શું જોઈએ છે!'

'તને કંઈ જ ખબર નથી અને આવા રોંગ નંબરોથી દૂર રહેવાનો પ્રયત્ન કરજે.'

અમે બરિસ્તામાંથી બહાર નીકળ્યાં અને તેની વિશાળ હોન્ડામાં પાછાં ફર્યાં. મને વિચાર આવ્યો કે જો હું પ્રેમ જેવી મૂર્ખતાપૂર્ણ વાતોમાં માનતો ન હોત તો આ હોન્ડા હજી પણ મારી થઈ શકે છે.

'હું મારી મૉમને શું કહું?' ડૉલીએ પૂછયું.

'એવું કહેજે કે હું તને ગમ્યો નહીં.'

'કેમ? એવું તે પૂછશે જ.'

'IITianને ન ગમવાનું સહેલું છે. કહેજે કે હું શરમાળ છું. કંટાળાજનક છું... અને એવું બધું.' મેં કહ્યું.

'એવું બધું તે નહીં સમજે.' ડૉલીએ કહ્યું.

'ઠીક છે, તો પછી એવું કહેજે કે ક્રિશ બૅન્કમાં જૉબ ચાલુ રાખવા વિશે વિચારી રહ્યો નથી. એ તો લેખક બનવા માગે છે અને થોડા જ વખતમાં નોકરી છોડી દેશે.'

'લેખક?'

'હા.'

'તમે મારા માટે બહુ હાઈફાઈ છો.' તેણે કહ્યું અને એટલામાં અમે તેના ઘરે પહોંચી ગયાં હતાં.

૧૪

મારી મૉમે કહ્યું, 'તેં ડૉલીને ના પાડી તે હું માની જ શકતી નથી. કંઈ કારણ તો હોવું જોઈએ ને?'

ત્રણ દિવસ પછી વીસમી વખત તેણે એની એ જ વાત ઉખાડતાં કહ્યું. મારા ડૅડ મોડી રાત

સુધી ઘરે પાછા આવતા ન હતા અને તેથી મૉમે રિસ્ક લઈને માસીને લંચ માટે ઘરે આમંત્રણ આપ્યું હતું. કેટલાક ભારતીય પુરુષો પોતાની પત્નીઓના જીવનમાં સહેજ પણ આનંદ સાંખી શકતા નથી અને તેમાં પત્નીઓ તેમનાં ભાઈ-બહેનને મળે તે બાબતનો પણ સમાવેશ થઈ જાય છે.

મારી મૉમના જખમ પર મીઠું ભભરાવતાં શિપ્રામાસી બોલ્યાં, ‘બાજુની લેનમાં પમ્મી એક વધુ મકાન ખરીદી રહી છે. તેણે મને કહ્યું કે એ મકાન તેની દીકરી માટે છે.’ મારી મૉમનું માથું ઝૂકી ગયું.

‘તું ફરીથી એ જ ભૂલ કરી રહી છે. તેં તારા પોતાના લગ્ન માટે આર્મી મૅનની પસંદગી કરી. તેં ખોટું કહ્યું હતું કે આ લોકો બલિદાનની ભાવના રાખતા હોય છે. આપણે કેટલું વેઠયું? તેં તારી આખી જિંદગી હાડમારી અને ગરીબીમાં વિતાવી.’

પોતાની મોટી બહેનની વાત સાચી હોવાનું સ્વીકારતા હોવાના ભાવરૂપે મારી મૉમે ડોકું ધુણાવ્યું. શિપ્રામાસી પૈસાદારને પરણ્યાં હતાં. તેમના પતિ સેનિટરી ફિટિંગ્સના વેપારી હતા, જેમણે ટૉઈલેટ્સ બાંધી બાંધીને અઢળક કમાણી કરી હતી. મારી મૉમે સદ્‌ગુણ, શિક્ષણ અને વ્યવસાયના પ્રકારને મહત્ત્વ આપ્યું હતું અને સહન કર્યું હતું અને શિપ્રામાસીના કહ્યા મુજબ, મેં પણ તેવું જ કરવા વિચાર્યું હતું.

‘તે મદ્રાસણ કેટલું કમાશે?’ શિપ્રામાસીએ પૂછયું.

‘ડૉલી તો તમારું ઘર ભરી દેશે. છેલ્લે તમે કોઈ નવી ખરીદી ક્યારે કરી? આ જુઓ તો, તમારું ડાઈનિંગ ટેબલ પણ હચમચે છે.’

શિપ્રામાસીએ ડાઈનિંગ ટેબલ ઉપર હાથ પછાડયો અને તેના પાયા ધ્રૂજવા લાગ્યા. મેં ટેબલને ધ્રૂજતું અટકાવવા મારો હાથ ટેબલના ટોપ ઉપર દબાવ્યો.

‘હું કહું છું ફરીથી એક વાર પમ્મીને મળો અને પાકું કરી નાખો.’ શિપ્રામાસીએ સૂચન કર્યું, ‘તમે શું વિચારો છો, એ જ મને ખબર પડતી નથી.’ એક મિનિટ અટકીને તે બોલ્યાં, ‘તને ખબર છે, પમ્મીએ એક એવો ફોન ખરીધો છે, જેનાથી તમે હરતાંફરતાં ગમે ત્યાંથી વાત કરી શકો.’

‘કોર્ડલેસ...’ મારી મૉમે કહ્યું.

‘ના, ના, કોર્ડલેસ નહીં. પેલો નવો જે વીસ હજાર રૂપિયાનો આવે છે ને. તેને લઈને તમે આખા દિલ્હીમાં ફરી શકો. અથાણું આ બાજુ આવવા દે.’ કહી શિપ્રામાસીએ ઝડપથી ખાવા માંડયું. ભારતમાં સેલફોન નવા નવા આવ્યા હતા. એક મિનિટના ટૉકટાઈમની કિંમત એક લિટર પેટ્રોલની કિંમત કરતાં વધારે હતી. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે દિલ્હીમાં તે પંજાબીઓની સંપત્તિના પ્રદર્શનનું છેવટનું સાધન હતું.

‘અને લેખક વાળી વાત શું છે વળી? ડૉલીએ કહ્યું કે બૅન્કની જૉબ છોડીને તું લેખક બનવાનો છે.’

‘શું કહ્યું?!’ મારી મૉમે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

‘એ તો થોડાક સમય પછી, હું થોડા પૈસા બચાવી લઉં પછી.’ મેં કહ્યું અને મારી પ્લેટ ઉપાડીને હું રસોડા તરફ ગયો.

‘છોકરાને બહુ ભણાવો તો આવું થાય.’ માસીએ કહ્યું.

‘તે લેખક બનવાનો છે તેની તો મને ખબર જ નથી. આ બધું ક્યાંથી શરૂ થયું?’ મૉમ મારી તરફ જેવી વળી કે તરત જ હું રસોડામાંથી પાછો આવ્યો.

‘પેલી સાઉથ ઈન્ડિયન છોકરીએ તેને આવું બધું કહ્યું હશે. એ લોકોને ચોપડીઓ બહુ ગમે છે.’ શિપ્રામાસીએ કહ્યું.

મેં ટેબલ ઉપર મુઠ્ઠી પછાડી. ટેબલના પાયા હચમચવા લાગ્યા. કદાચ ટેબલ ખરેખર બદલવાની જરૂર હતી.

‘કોઈએ મને લેખક બનવાનું કહ્યું નથી અને આમ પણ એ બધા સાથે તમારે કાંઈ લેવાદેવા નથી, શિપ્રામાસી.’

શિપ્રામાસી બોલ્યાં, ‘આ જુઓ તો ખરા, આ કાળિયાઓએ તેના ઉપર કેવો કાળો જાદુ ચલાવ્યો છે. મૂર્ખાઈ ન કર કવિતા, પમ્મીને કહી દે તે સિટી બૅન્કમાં ચાલુ રહેવાનો છે અને ઘણા

બધા પૈસા કમાવાનો છે અને બરાબર દહેજ લેજે.'

હું લિવિંગ રૂમના સોફામાં બેસી ટેબલ ઉપર બેઠેલાં સૌની સામે તાકી રહ્યો અને જેવું મેં છાપું વાંચવા લીધું ત્યાં જ મેટ્રિમોનિયલનું પેજ ખૂલ્યું. મેં તિરસ્કારપૂર્વક તેને ફેંકી દીધું.

'આપણે કેટલીક ભણેલીગણેલી છોકરીઓ જોઈએ. તારે ભણેલી છોકરીઓ જોવી છે?' મારી મૉમે મારા તરફ સમાધાનપૂર્વક દૃષ્ટિ નાખીને કહ્યું.

'એક ભણેલી છોકરી મારા ધ્યાનમાં છે. મને તે ગમે છે. તે જૉબ કરે છે, દેખાવડી છે, મહેનતુ છે અને બહુ સારી છે. તો તને વાંધો શું છે?'

'દીકરા,' શિપ્રામાસીએ મને સમજાવતાં કહ્યું : 'એ બધી વાતો બરાબર છે, પણ આપણે મદ્રાસીને કેવી રીતે પરણી શકીએ? કાલે ઊઠીને તારા કઝીન કોઈ ગુજરાતીને પરણવા માગશે તો?'

'કે પછી આસામી?' મૉમે ઉમેર્યું.

'હે ભગવાન!' શિપ્રામાસીએ કહ્યું.

'તો શું થઈ ગયું? એ ભારતનાં નથી? તે શું સારા માણસ નથી?' મેં કહ્યું.

શિપ્રામાસીએ મૉમ તરફ જોયું, 'તારો દીકરો હવે હાથથી ગયો. સૉરી, પણ હવે આ છોકરો જયલલિતાનો થઈ ગયો છે.'

ડોરબેલ બે વાર રણક્યો. ડૅડ તેમના સમય કરતાં વહેલા આવી ગયા હોવાથી ઘરમાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયું. હું ક્યારેય ડૅડને ઘરમાં આવકારતો નથી. જોકે અત્યારે મને તેમના આવવાનો આનંદ થયો, કેમ કે હવે શિપ્રામાસીએ જવું પડશે.

'હેલો જીજાજી.' ડૅડ ઘરમાં પ્રવેશતાં શિપ્રામાસીએ કહ્યું. ડૅડે કોઈ જવાબ આપ્યો નહીં. તેમણે નીચે ફેંકેલું છાપું ઉપાડયું અને તેને વાળ્યું "મેં કહ્યું હલ્લો જીજાજી." શિપ્રામાસી બોલ્યાં અને મલકયાં. એ એમ જલદી જાય તેમ ન હતાં.

ડૅડે જવાબ આપ્યો, 'મને તમારા 'હલ્લો' કરતાં તમારું 'ગુડબાય' વધારે ગમે છે.' આવી તીખી ટકોર કરવામાં તો તેમને કોઈ પહોંચી શકે તેમ ન હતું.

'મારી બહેને મને બોલાવી હતી.' શિપ્રામાસીએ કહ્યું.

'નકામા લોકો નકામા માણસને બોલાવે છે.' ડૅડે કહ્યું.

શિપ્રામાસી મૉમ તરફ વળ્યાં, 'હું અહીં અપમાનિત થવા નથી આવી. એ તો તું જ એને સહન કરી શકે. તારી જિંદગીનો તેં સહુથી ખરાબ નિર્ણય લઈ લીધો છે.'

શિપ્રામાસી બબડયાં અને જવા માટે તેમણે તેમની હેન્ડબૅગ ઉપાડી.

'તમે અમારી કૌટુંબિક બાબતમાં દખલગીરી ન કરો તો સારું રહેશે.'

ડૅડે શિપ્રામાસીને બ્રાઉન બૅગ આપતાં કહ્યું, શિપ્રામાસી અમારા માટે મીઠાઈ લાવ્યાં હતાં. તેઓ એકબીજાં સામે તાકી રહ્યાં.

'આ તમે લઈ જાવ, નહીં તો હું તેને કચરાપેટીમાં ફેંકી દઈશ.' ડૅડે કહ્યું.

હું દલીલ કરવા ઊભો થયો. મૉમે મને પાછો બેસી જવા ઈશારો કર્યો. શિપ્રામાસી મુખ્ય દરવાજા સુધી પહોંચી ગયાં. હું દરવાજો બંધ કરવા તેમની પાછળ ગયો. મેં આદર કરતાં વધારે તો આદતના લીધે તેમના ચરણસ્પર્શ કર્યા.

'દીકરા, હવે તું તારી મૉમ જેવા મૂર્ખામીભર્યા નિર્ણયો કરીશ નહીં. તે લોકોને તારા પિતા વિશે ખબર પડે તે પહેલાં કોઈ સારી પંજાબી છોકરીને પરણી જા. ડૉલી સારી છોકરી છે.'

ડૅડના કાન તેમની જીભ જેટલા તીક્ષ્ણ છે.

'શું ચાલી રહ્યું છે? ડૉલી કોણ?' ડૅડે બૂમ પાડી.

શિપ્રામાસીએ દરવાજો બંધ કર્યો અને ચાલી નીકળ્યાં. કોઈએ કંઈ જવાબ આપ્યો નહીં.

ડૅડે મૉમને પૂછ્યું, 'તમે છોકરી જોઈ રહ્યાં છો?'

મૉમ ચૂપ રહી.

'તેં કોઈ છોકરી જોઈ?'

મેં કહ્યું, 'હા.' માત્ર તેમને ખીજવવા માટે પણ મેં છોકરી જોઈ તેવું કહેવાનો આનંદ આવ્યો,

'હું તેને...' તેમણે ચીસ પાડી મારી મૉમ સામે હાથ ઉગામ્યો.

'આવો વિચાર ક્યારેય પણ કરશો નહીં!' હું તેમની નજીક આવી ગયો.

'આ ઘરમાં હું નિર્ણયો લઉં છું.' મારા પિતાએ કહ્યું. તેમણે એક ક્રિસ્ટલ ગ્લાસ ઉપાડયો અને તેને ભોંય ઉપર પછાડયો. મારી મૉમ ઉપર આચરવાની હિંસા બીજા સ્વરૂપે વ્યક્ત થઈ.

'તે ઉપાડી લેવા જેટલા તમે સમજણા છો.' મેં કહ્યું અને હું રસોડા તરફ ગયો.

'ઉઘાડા પગે ચાલીશ નહીં.' મૉમે કહ્યું. તૂટેલા કાચના ટુકડા ઉપાડવા તે નીચે વળી. હું અત્યંત ગુસ્સે થયો હતો. માત્ર ડૅડ ઉપર જ નહીં, પરંતુ મૉમ ઉપર પણ. મને ગુસ્સો આવતો હતો કે તે આવું કેવી રીતે ચલાવી લે છે અને ચૂપચાપ પાછી સફાઈ કામ પણ કરે છે?

'મને સમજાતું નથી, હું કેમ ઘરે આવ્યો?' ડૅડે કહ્યું.

મેં કહ્યું, 'હું પણ એવું જ વિચારતો હતો.'

'બાસ્ટર્ડ, ધ્યાન રાખજે!' દસ વર્ષ પૂર્વે તેમના આર્મીના જવાનો સામે જે રીતે બૂમો પાડતા હતા તે રીતે તેમણે મારી સામે બૂમ પાડી.

'ક્રિશ, તું બીજા રૂમમાં જતો રહે.' મૉમે કહ્યું.

'આ ગાંડો માણસ અહીંથી જાય નહીં ત્યાં સુધી નહીં.' મેં કહ્યું.

'એ મારો દીકરો છે જ નહીં. પોતાના પિતા સાથે કોઈ આવી રીતે વાત કરે જ નહીં.'

'અને કોઈ પિતા આ રીતે વરતે પણ નહીં.' મેં કહ્યું.

મૉમે મને બેડરૂમ તરફ ધકેલ્યો. ડૅડે બૂમ પાડવા અથવા તોડી નાખવા આજુબાજુ નવી વસ્તુ તરફ નજર દોડાવી. તેમને ખાસ કાંઈ મળ્યું નહીં. તે થોડીક વાર આઘાપાછા થયા અને બહાર નીકળી ગયા. બારણું જોરથી પછાડીને બંધ કરવાના અવાજથી આખા ઘરમાં રાહતની લાગણી છવાઈ ગઈ.

લિવિંગરૂમમાં તૂટેલા કાચના ટુકડા વીણ્યા બાદ મૉમ મારા બેડરૂમમાં આવીને મારી બાજુમાં બેઠી. મેં તેની તરફ જોયું નહીં. તેણે મારી ચિબુક પકડીને મારો ચહેરો તેની તરફ વાળ્યો, 'તું આવું બધું ચલાવી લે છે એટલે એ આમ કરે છે નહીં?' મેં કહ્યું, 'તારે શા માટે એ બધું સાફ કરવું જોઈએ? હું ખિજાયો ન હોત તો તે બીજા ગ્લાસ પણ તોડી નાખત. તો પછી મહેમાનો માટે આપણી પાસે ગ્લાસ ન રહેત.' મૉમે કહ્યું, 'ચિંતા ન કર, હું તેમને સંભાળું છું.'

મેં મારી મૉમ સામે જોયું, તેની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં. મને મારી આંખો પણ ભીની થતી જણાઈ, 'તારે એમને છોડી દેવા જોઈએ.' અમે બંને શાંત પડયા પછી મેં કહ્યું.

'એ એટલું સહેલું નથી.' તેણે કહ્યું.

'હવે તો હું પણ કમાઈશ.' મેં કહ્યું.

'હું ઠીક છું. ૯૦% ટાઈમ તો તેઓ ઘરમાં હોતા નથી. તેઓ તેમની આર્મીની મૅસમાં જાય છે, તેમના પાર્ટનર્સને મળે છે અને એમના ભાઈબંધોની વાતો ચાલ્યા કરે છે.'

'શું? એટલે સિક્યોરિટી એજન્સી જેવું?' મેં ખોંખારો ખાધો.

'હા, પણ તેમને પહેલી મુલાકાતમાં જ ઘરાકો સાથે મારામારી થાય છે, તે તેમના ઘરાકોને સલામતીની લગાણીનો અનુભવ કરાવી શકતા નથી.' મૉમે કહ્યું.

મને હસવું આવ્યું.

'હું તેમને સંભાળી શકું છું.' મૉમે કહ્યું, 'તું એમની સાથે ગુસ્સે થઈ જાય છે અને ઝઘડે છે.' 'શરૂઆત એ કરે છે. શિપ્રામાસીનું અપમાન કરવાની શી જરૂર હતી?' 'એ નહીં બદલાય. શિપ્રા પણ ટેવાઈ ગઈ છે. મને ચિંતા એ વાતની છે કે, તું જ્યારે દિલ્હીમાં કામ કરીશ ત્યારે તું તેમની સાથે કેવી રીતે રહીશ? કદાચ તારે કંપનીનું મકાન લેવું પડે.'

'અથવા તો મારે દિલ્હી બહાર રહેવું જોઈએ.'

'તું શું કહી રહ્યો છે?'

'મને તેમની સાથે નહીં ફાવે.'

'તું ક્યાં જવાનું વિચારી રહ્યો છે?'

‘મને ખબર નથી, મૉમ. એ વાત હું તો સિટી બૅન્ક ઉપર છોડી દઈશ. વળી તેની કોઈ ગૅરન્ટી તો છે નહીં અને પાછું બે વર્ષ પછી તો જગ્યા બદલવાની છે.’

‘તેં દિલ્હી પસંદ કર્યું છે ને?’

હું કાંઈ બોલ્યો નહીં. કોઈ પણ રીતે દિલ્હીમાં રહેવાનું, દિવસ દરમિયાન પંજાબી છોકરીઓ જોવાનો અને રાત્રે ડૅડને જોવાનો વિચાર મને કાંઈ ખાસ રુચ્યો નહીં, ‘હું જ્યાં પણ જાઉં મારી સાથે તારે આવવાનું છે.’

‘ક્યાં? હું દિલ્હી છોડી શકું નહીં. મારાં બધાં સગાંસંબંધીઓ અહીં છે. તું આખો દિવસ ઑફિસમાં હોય. હું નવા શહેરમાં શું કરું?’

‘હું ચેન્નાઈ જવા માગું છું.’

‘હે ભગવાન!’ મૉમનો મિજાજ હવે એકદમ બદલાઈ ગયો. તે બેડમાંથી ઊભી થઈ ગઈ, ‘મને તારા પિતા કરતાં તારી સાથે કામ પાર પાડવાનું અઘરું લાગે છે. તું ગાંડો થઈ ગયો છે?’

‘ના, મને અનન્યા ગમે છે. હું તેની સાથે લગ્ન કરવા માગું છું.’

‘તું મદ્રાસી બની જઈશ.’

‘હું કંઈ બની જવાનો નથી. હું માત્ર ત્યાં રહેવા જવાનો છું અને સિટી બૅન્ક બે વર્ષમાં મારી ટ્રાન્સફર કરશે.’

‘મારે કોઈ જ્યોતિષને મળવું પડશે. અત્યારે તારે કેવો સમય ચાલે છે એ મને સમજાતું નથી.’

‘એવું કાંઈ નથી. હું કોઈકને ચાહું છું.’

‘અરે બેટા, એવું પ્રેમબ્રેમ જેવું કાંઈ હોતું નથી.’ મારી મૉમે મારા ગાલ ઉપર હળવી ટપલી મારી અને રૂમમાંથી બહાર ગઈ.

મેં છેલ્લી તારીખ સુધી સિટી બૅન્કનું ફૉર્મ મોકલ્યું ન હતું. હું વારંવાર ‘લોકેશન પ્રેફરન્સ’ પ્રશ્ન ઉપર મારી પેન લઈ જતો હતો. તેમાં પસંદગીની ત્રણ જગ્યા તેના ક્રમમાં દશાર્વવાની હતી. હું તે ભરી શકતો ન હતો.

અનન્યાએ ફોન ઉપર પૂછયું, ‘તેં તારું ફૉર્મ મોકલી દીધું?’

મેં કહ્યું, ‘હું મોકલી દઈશ. હવે તે લગભગ ભરાઈ ગયું છે.’

‘તું ગાંડો થઈ ગયો છે? આજે છેલ્લો દિવસ છે. તેં ચેન્નાઈ ભર્યું છે ને?’

‘હા.’ કહીને મેં ફોન મૂક્યો. મેં ફૉર્મ ઉપર એક વાર છેલ્લી નજર નાખી. ઉપર ઈશ્વર તરફ જોયું અને મારી પ્રેમકહાનીનો નિર્ણય કરવા તેને પ્રાર્થના કરી. મેં ફૉર્મ ભર્યું.

સ્થળની પસંદગી —

(૧) ચેન્નાઈ અથવા દિલ્હી *(ઈક્વલ પ્રેફરન્સ)*

(૨) —

(૩) —

મેં ફૉર્મને કવરમાં બીડી દીધું અને બૅન્કની બ્રાંચના ડ્રોપ બૉક્સમાં નાખ્યું. બેડમાં પડયા પડયા મેં ગયા અઠવાડિયે આવેલો અનન્યાનો પત્ર ખોલ્યો. રાત્રે સૂતાં પહેલાં દરરોજ હું તે વાંચું છું.

હલ્લો, મારા પંજાબી..

હું યાદ આવું છું ને? હું તો તને યાદ કરું છું. આપણે સાથે ભટકવાનું, કૅમ્પસમાં ચાલવાનું, સાથે ભણવાનું અને ત્યાર બાદ મધરાતે ચા પીવા જવાનું અને વહેલી સવારે બ્રશ કરવા માટે મારા ડોર્મ તરફ દોડી જવાનું મને યાદ આવે છે. ચાર રસ્તાની લારી ઉપર તારી સાથે ભાજીપાંઉ ખાવાનું, લાઇબ્રેરીમાં એકબીજાંને પગથી સ્પર્શ કરવાનું, ક્લાસમાં એકબીજાં સામે જોવાનું, મારા ખરાબ ગ્રેડ અને ત્યાર પછી તેં લૂછેલાં મારાં આંસુ, તું મને કેવી રીતે હસાવતો હતો તે, તું મારા વાળમાં કેવી રીતે હાથ ફેરવતો હતો તે, હું આઇલાઇનર લગાવું ત્યારે તું કેવી રીતે તેને જોઈ રહેતો હતો તે, વગેરે

વગેરે બધું મને બહુ યાદ આવે છે.

દરમિયાનમાં હું ચેન્નાઈમાં મજામાં છું. મારી મૉમ તો એકદમ ખુશહાલ છે અને મારા ડૅડ હંમેશની જેમ શાંત છે અને મારો ભાઈ હંમેશની જેમ ફિઝિક્સ, કૅમેસ્ટ્રી અને મૅથ્સનાં પુસ્તકો લઈને ફર્યા કરે છે. ટૂંકમાં, બધું નૉર્મલ છે. મેં મારી મૉમ આગળ ફરીથી એક વાર તારી વાત કરી હતી. તેણે ઘરમાં એક સાધુબાવાને બોલાવ્યો હતો અને તે સાધુબાવાએ તને ભુલાવી દેવા માટે એક માદળિયું આપ્યું છે. તે લોકો એવું કરશે તેવો તો મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો. ખેર, એક માદળિયું તને ભુલાવી શકે એવું મને લાગતું નથી, પણ છતાં મેં મરીના બીચ ઉપર તેને બંગાળના અખાતમાં પધરાવી દીધું છે. ત્યાર પછી મેં તારી વાત કાઢી નથી, કારણ કે મને ખબર છે કે ચેન્નાઈ આવીને, જે રીતે તેં મારા ઉપર તારો જાદુ પાથર્યો છે, એ જ રીતે તું આ લોકો ઉપર પણ જાદુ પાથરી દઈશ.

બાય માય લવ,

અનન્યા

તા.ક. અરે, મેં લખ્યું છે કે મને સેક્સ પણ બહુ યાદ આવે છે!

મેં તે પત્ર ૧૦ વખત વાંચ્યો અને છેલ્લું વાક્ય તો મેં ૧૦૦ વાર વાંચ્યું. મને ખ્યાલ આવ્યો કે હું ફૉર્મમાં 'ચેન્નાઈ' લખી શક્યો હોત, પરંતુ મેં મારા ઘર પ્રતિ મારી જવાબદારી અને દોષીપણાની કંઈક મૂંઝવણભરી લાગણીને લીધે મારી પ્રેમકહાની સાથે જુગાર ખેલ્યો હતો. મને એવો વિચાર આવ્યો કે સિટી બૅન્કને દિલ્હીમાં વધુ માણસોની જરૂર પડશે કેમ કે સઘળું નાણું અહીં છે. છેવટે તો કોઈ તમિલિયન કરતાં પંજાબીને વિદેશી બૅન્કનું ખાતું ખોલવાનું વધારે ગમે છે અને હું પોતે પણ પંજાબી છું. તેથી તેઓ મને દિલ્હી આપશે. હું સહેજ અકળામણ અનુભવવા લાગ્યો. મને ઊંઘ આવી ત્યાં સુધી મેં તે પત્ર વારંવાર વાંચ્યા કર્યો.

એક અઠવાડિયા પછી મારા ઘરે ફોન આવ્યો. મૉમે ફોન ઉપાડયો ને કહ્યું કે, 'કોઈ છોકરી જેવા અવાજમાં બોલતા છોકરાનો ફોન છે.'

'હલ્લો.' મેં કહ્યું.

'હાય ક્રિશ, હું સિટી બૅન્ક, HRમાંથી દેવેશ બોલું છું.'

'અરે, હાય દેવેશ, તું કેમ છે?'

'હું મજામાં છું. મારે તને તારી જોઈનિંગ ડેઈટ અને સ્થળ જણાવવાનું છે.' મારા હૃદયના ધબકારાની ઝડપ વધી ગઈ. 'હા, બોલ.'

આટલું બોલતાં તો હું અત્યંત ઉત્તેજિત અને ચિંતિત થઈ ગયો હતો.

'તો તું પહેલી જૂનથી શરૂ કરે છે.'

'OK.'

'અને અમે તને ચેન્નાઈમાં મૂકીએ છીએ.'

જાણે કે દિલ્હીના આખા આકાશમાં આતશબાજી થઈ રહી હોય તેમ મને લાગ્યું. મને મારા જીવનમાં પહેલી વખત દેવેશ, HR ડિપાર્ટમૅન્ટ અને સિટી બૅન્ક ખરેખર બહુ ગમ્યાં!

ઍક્ટ-૩
ચેન્નાઇ

૧૫

મારી ફ્લાઈટ સાંજે ૭ વાગે ચેન્નાઈ પહોંચી. કોઈ વિકૃત વિચારોવાળા માણસે વિમાનમાં બૉમ્બ હોવાનું ઍરપૉર્ટના સત્તાવાળાઓને ફોન કરીને કહ્યું હોવાથી, દિલ્હીમાં મારી ફ્લાઈટ છ કલાક મોડી પડી હતી. મારી બૅગ્સ કન્વેયર બેલ્ટ ઉપર આવવામાં બીજો એક કલાક થયો. બૅગની રાહ જોતાં હું આજુબાજુના લોકો સામે જોતો ઊભો હતો. કદાચ છીછરાંપણું લાગે, પણ સૌથી પહેલા મારા ધ્યાન ઉપર એ બાબત આવી કે લગભગ ૯૦% લોકો શ્યામ હતા અને આ ૯૦% પૈકીના ૮૦% લોકોએ તેમના શરીર ઉપર ભરપૂર ટેલ્કમ પાઉડર છાંટયો હતો અને પરિણામે તેમની ત્વચા ગ્રે કલરની દેખાતી હતી. મને હવે ખ્યાલ આવ્યો કે 'ફેર ઍન્ડ લવલી'ની શોધ કેમ થઈ. હું એ સમજી શકતો નથી કે લોકોને ગોરા દેખાવાનું આટલું બધું ગાંડપણ કેમ હોય છે.

કન્વેયર બેલ્ટ ખાતેની મોટા ભાગની મહિલાઓ અનન્યાની મૉમ જેવી લાગતી હતી અને મને તો બધાં એકસરખાં જ લાગતાં હતાં. તે સૌએ ટનબંધ સોનું પહેર્યું હતું, પણ તેમ છતાં પમ્મી આન્ટીએ પહેરેલાં હીરાવાળા નેક્લેસ આગળ તે ફિક્કાં લાગતાં હતાં.

હું ઍરપૉર્ટની બહાર આવ્યો. મારે ઑટો લેવાની હતી. મારા નવા સરનામાની ચબરખી શોધવા મેં મારાં ખિસ્સા ફંફોળ્યાં, પણ ચબરખી મળી નહીં. હું ગભરાઈ ગયો. મને ચેન્નાઈમાં ટી. જિગર સિવાય બીજી કોઈ જગ્યાની કંઈ જ ખબર ન હતી અને એય તે ટી. જિગરની એટલા માટે ખબર હતી કે એક જમાનામાં હું બ્રિલિયન્ટ ટ્યૂટોરિયલ્સનો વિદ્યાર્થી હતો અને મને એવી સહેજ પણ આશા ન હતી કે તેમના લાખો વિદ્યાર્થીઓ પૈકીના એકને તેઓ એકાદ રાત માટે રહેવાની સગવડ કરી આપે.

મેં મારું પાકીટ ખોલ્યું તો તેમાંથી મારું સરનામું મને મળી ગયું. મેં નિરાંતનો શ્વાસ લીધો. હું ઑટો સ્ટૅન્ડ ઉપર આવ્યો. પોતાના પૅસેન્જર માટે ચાર ડ્રાઈવર એકબીજા સાથે ચડસાચડસી કરી રહ્યા હતા.

'એન્ગા?' એક ડ્રાઈવરે બીજા ત્રણ ડ્રાઈવર્સને બાજુ પર હડસેલતાં મને પૂછયું, 'એન્ગા હોટલ?'

'નો હોટલ' કહીને મેં મારું પાકીટ ખોલ્યું અને દિલ્હી છોડતાં પહેલાં મારી માતાએ મને આપી હતી તે સો-સોની દસ નોટો ડ્રાઈવરોએ જોઈ. એમાંના એકે તેના હોઠ પર જીભ ફેરવી. મેં સરનામાની ચબરખી બહાર કાઢી.

'ઇંગ્લિશ ઈલ્લા.' તેણે કહ્યું.

મેં આજુબાજુ જોયું. કોઈને ઇંગ્લિશ આવડતું હોય તેવું જણાયું નહીં. મેં ઍડ્રેસ વાંચ્યું.

'નુંગા-બા-કા-મા-મા?' મેં કહ્યું.

'નુંગામબક્કમ?' ડ્રાઈવર એ રીતે હસ્યો કે જાણે તે વિશ્વનો સૌથી સહેલામાં સહેલો શબ્દ બોલી રહ્યો હોય.

'હા', મેં કહ્યું અને દેવેશે મને જે નિશાની આપી હતી તે મને યાદ આવી, 'લૉયોલા કૉલેજની બાજુમાં, લૉયોલા કૉલેજ જોઈ છે?'

'સેરી, સેરી.' ડ્રાઈવર બોલ્યો. અનન્યા સાથેના મારા સહવાસમાં મને એટલી ખબર પડી હતી કે 'સેરી' એટલે મિલનસાર તમિલ. મેં સામાન ગોઠવ્યો અને કહ્યું, 'મીટર?'

તે ફરીથી હસ્યો જાણે કે મેં કોઈ જોક માર્યો હોય.

'શું?' મેં મીટર ઉપર હાથ મૂક્યો.

'મીટર ઈલ્લા.' ડ્રાઈવરે મોટા અવાજે કહ્યું અને હવે ઍરપૉર્ટની બહાર નીકળ્યા પછી જાણે કે તેના તેવર બદલાઈ ગયા હતા.

'કેટલા?' મેં પૂછ્યું.

'એધુયુમ.' તેણે કહ્યું.

'મને સમજ નથી પડતી, ઊભો રહે. પહેલા નક્કી કર, કેટલા?'

તેણે ન તો ઑટો ઊભી રાખી કે ન જવાબ આપ્યો.

મેં તેના ખભા ઉપર હાથ મૂક્યો. તેણે પાછા ફરીને જોયું. મેં તેની સાથે મૂંગા માણસની જેમ ઈશારો કરીને પૂછ્યું, 'કેટલા?'

તેણે ઑટો ચલાવવાનું ચાલુ રાખ્યું. દસ સેકન્ડ પછી તેણે તેનો જમણો હાથ ઊંચો કરીને ઈશારાથી પાંચ આંગળીઓનો સંકેત આપ્યો.

'પાંચ શું?'

તેણે ફરીથી તેની આંગળીઓ બતાવી.

'પચાસ?'

તેણે સંમતિસૂચક માથું હલાવ્યું.

'OK,' મેં કહ્યું. આ શબ્દ તે સમજી ગયો.

'વૉકે.' તેણે કહ્યું અને હાથ મિલાવવા માટે તેણે હાથ લંબાવ્યો.

મેં એની સાથે હાથ મિલાવ્યો. તે હસ્યો અને ચેન્નાઈના સૂર્યાસ્તમાં ઑટો મારી મૂકી.

મેં શહેરને જોયા કર્યું. તેની ઑટો, ચિક્કાર ભરેલી પબ્લિક બસ, ધૂંધવાયેલા ટ્રાફિક પોલીસમૅન અને કરિયાણું, ફળો, વાસણો, કપડાં કે નૉવેલ્ટી ચીજવસ્તુઓની નાનકડી દુકાનો જેવી રાબેતા મુજબની તમામ ચીજો સાથેનું આ શહેર હતું. તેમ છતાં અહીં કંઈક જુદું લાગતું હતું. એક તો, દરેક દુકાનનાં બોર્ડ તમિલમાં હતાં. તમિલ ફોન્ટ એ આંખ માટે કોયડા જેવા લાગે છે કે જેની સામે તમે બહુ વખત જોઈ રહો તો માથું દુઃખે. તમામ તમિલ મહિલાઓએ વાળમાં ફૂલ નાંખ્યાં હતાં. તમિલ પુરુષો પેન્ટ પહેરવામાં સમજતા નથી અને તેથી શૉપિંગમાં નીકળેલા પુરુષોએ પણ લુંગી જ પહેરી હતી. આ શહેરમાં ફિલ્મ પોસ્ટર્સની ભરમાર છે. હીરોના ફોટા જોઈને તો એવું લાગે કે જાણે તમારા કાકા પણ મૂવીસ્ટાર બની શકે. અહીં હીરો જાડા, ટાલવાળા અને ભરાવદાર મૂછોવાળા અને તેમની બાજુની હિરોઈન્સ આક્રમક, સુંદરતાવાળી હોય છે. કદાચ મારી મૉમ સાચી હતી કે તમિલ મહિલાઓ ઉત્તર ભારતના પુરુષોની પાછળ પડી જાય છે.

'અરે, આ IIT છે?' મેં IIT ચેન્નાઈનું બોર્ડ જોતાં મોટેથી કહ્યું.

'ગિન્ડી ગિન્ડી', ઑટો ડ્રાઈવર બોલ્યો. જો તે આ શબ્દ દિલ્હીમાં બોલ્યો હોત તો તેનું આવી બને.

મેં લગભગ એક કિલોમીટર લાંબી કૅમ્પસ વૉલ જોઈ. અમે જેમ જેમ આગળ વધતાં ગયાં તેમ તેમ ડ્રાઈવર બધી જગ્યાઓનાં નામ બોલતો ગયો – અદયાર, સાઈદાપેટ, મમ્બાલમ અને બીજાં ઘણાં એવાં નામ તે બોલ્યો જે બોલવાનું ખરેખર અઘરું હતું. મને આ વિસ્તારમાં રહેતાં લોકોની દયા આવી કે તેમણે ફૉર્મમાં ઍડ્રેસનું કૉલમ ભરવામાં કેટલો બધો સમય બગાડવો પડતો હશે.

અને એક વિરાટ, પચાસ ફૂટ ઊંચા ફિલ્મ પોસ્ટર આગળથી પસાર થતાં, નુંગામબક્કમમાં પ્રવેશ્યા. ડ્રાઈવરે ઑટો થોભાવી. તેણે તેનું ડોકું ઑટોમાંથી બહાર કાઢયું અને તેણે હાથ જોડયા.

'શું?' મેં ઈશારાથી કહ્યું.

'થાલાઈવર.' પોસ્ટર તરફ ઈશારો કરતાં તે બોલ્યો.

મેં તે તરફ જોયું. તે 'પડાયપ્પા' નામની ફિલ્મનું પોસ્ટર હતું. મેં બધા ઍક્ટર્સ સામે જોયું અને માત્ર એકને ઓળખી શક્યો.

'રજનીકાંત?'

ઑટો ડ્રાઈવરને બહુ હાશ થઈ. છેવટે શહેરમાં મને એક વસ્તુ તો પરિચિત લાગી.

નુંગામબક્કમની વૃક્ષોવાળી ગલીઓમાંથી અમે લૉયોલા કૉલેજ પહોંચ્યા. મેં કેટલાક સ્થાનિક રહીશોને ચિનપ્પા ટાવર ક્યાં આવ્યું તેવું પૂછયું અને તેમણે જમણી બાજુનું એક મકાન બતાવ્યું.

હું ઑટોમાંથી નીચે ઊતર્યો અને ડ્રાઈવરને સો રૂપિયાની નોટ આપી.

'મને એવો વિચાર આવ્યો કે મારે તેની મૈત્રીપૂર્ણ, રીતભાત બદલ તેને દસ રૂપિયા ટીપ આપવી જોઈએ કે કેમ?'

'અજ્જુ.' ડ્રાઈવર બોલ્યો અને ફરીથી તેનો હાથ ફેલાવ્યો.

હું ગૂંચવાયો અને જ્યારે તેણે ત્રણ વખત ઈશારો કર્યો ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે તે શું કહેવા માગે છે?

'તું પાંચસો રૂપિયા માગે છે? ગાંડો થઈ ગયો છે કે શું?'

'ઈલ્લા મૅડ.' ડ્રાઈવરે કહ્યું અને ઑટો આગળ એવી રીતે ઊભો રહી ગયો કે જેથી હું મારી બૅગ્સ લઈ શકું નહીં.

મેં આ એકાંતવાળી ગલીમાં આજુબાજુ જોયું. આમ તો હજી રાતના નવ જ વાગ્યા હતા, પરંતુ આ સૂમસામ ગલીમાં રાતના બે વાગ્યા હોય તેવું લાગતું હતું. પાસેથી બે ઑટો પસાર થઈ.

મારા ડ્રાઈવરે તેમને અટકાવ્યા. એક ઑટોમાં બે ડ્રાઈવર હતા અને બંને આગળ બેઠેલા હતા. તે ચારેયે અંદરોઅંદર તમિલમાં વાત કરી અને તેમનો અવાજ મોટો થતો જતો હતો.

'ફાઈવ હન્ડ્રેડ' સહેજ ભાંગ્યુંતૂટયું ઇંગ્લિશ બોલી શકતો એક ડ્રાઈવર બોલ્યો અને મારી તરફ વળ્યો.

'નૉ ફાઈવ હન્ડ્રેડ, ઓન્લી ફિફ્ટી.' મેં કહ્યું.

'એઈ.' બીજા એક ડ્રાઈવરે બૂમ પાડી. એ ચારેય જણા લૉ-બજેટની કોલીવુડ ફિલ્મના વિલનની જેમ મને ઘેરી વળ્યા.

'શું? મને મારી બૅગ્સ આપી દો અને જવા દો.' મેં કહ્યું.

'ઈલ્લા લગેજ, પૅમેન્ટ... મૅક... રૂ.' તેમનામાંનો શેક્સપિયર બોલ્યો.

તેઓ ધીમેધીમે મારી આજુબાજુ ફરવા લાગ્યા. મને વિચાર આવ્યો કે હે ભગવાન દિલ્હીની ઍરકન્ડિશન્ડ ઑફિસમાં બેસીને કામ કરવા મળતું'તું તે છોડીને હું અહીં શું કરવા આવ્યો.

'આપણે પોલીસ સ્ટેશન જઈએ.' મેં કહ્યું. મારામાં પંજાબી લોહી ઊકળી રહ્યું હતું.

'ઈલ્લા પોલીસ,' મારો ડ્રાઈવર બરાડયો. હજુ વીસ મિનિટ પહેલાં જ આ માણસે મારી સાથે હાથ મિલાવ્યા હતા.

'ધીસ ચેન્નાઈ... હિયર પોલીસ ઈઝ માય પોલીસ... ધીસ નો નૉર્થ ઈન્ડિયા... ઈલ્લા પોલીસ, ઈન્નોડા પૂલા ઉમબૂડા.' ઇંગ્લિશ સ્પિકિંગ ડ્રાઈવર બોલ્યો.

રાત્રિના અંધકારમાં તેમના સફેદ દાંત ચમકી રહ્યા હતા. તમિલ પુરુષો ગભરુ હોવાની કોઈ પણ કલ્પના (અનન્યાના ડૅડને લીધે) હવામાં ઓગળી ગઈ હતી અને એક ડ્રાઈવરે મારા ખભા પર હાથ મૂક્યો.

'શું છે 'લ્યા,' એક ડ્રાઈવરને તેના ખિસ્સામાંથી કંઈક કાઢતો જોઈ મેં કહ્યું. સદ્નસીબે તે ચાકુ નહીં, પરંતુ સિગારેટ અને માચીસનું પૅકેટ હતું. તેણે ઘણાંબધાં તમિલ ફિલ્મોથી પ્રભાવિત હોય તે સ્ટાઈલથી એક સિગારેટ સળગાવી. મેં તે ગલીમાં ચારેબાજુ નજર દોડાવી કે કોઈક તો મને બચાવે.

બાજુના મકાનમાંથી એક ભાઈ બહાર આવ્યા. મેં તેમને જોયા અને ઘડીભર તો મારા માન્યામાં ન આવ્યું, પણ તેમણે પાઘડી પહેરી હતી. ચેન્નાઈમાં સરદારજી જોવા મળવા એ દિવસમાં ધ્રુવીય પ્રદેશનું રીંછ જોવા મળવા જેવું હતું. તેઓ તેમની કાર ઉપર કવર લગાવવા બહાર આવ્યા હતા. મને ખરેખર બહુ નિરાંત થઈ. જાણે કે દ્રૌપદીને બચાવવા કૃષ્ણ ભગવાન આવ્યા.

'અંકલ!' મેં પાડી શકાય તેટલી મોટેથી બૂમ પાડતાં કહ્યું.

અંકલે મારી સામે જોયું. તેમણે મને ઑટોથી ઘેરાયેલો જોઈને તેઓ પરિસ્થિતિ પામી ગયા. તે અમારી તરફ આવ્યા.

ડ્રાઈવર્સ પણ તેમની તરફ વળ્યા અને તેમનો પણ મુકાબલો કરવા તૈયાર થયા.

'એન્ના?' અંકલે કહ્યું.

ડ્રાઈવરોએ તેમને પોતાની વાત કહી. અંકલ તેમની સાથે કડકડાટ તમિલમાં વાત કરતા હતા. કોઈ સરદારજીને તમિલમાં વાત કરતાં જોવાનું અદ્ભુત હતું. જાણે કે સન ટીવીનું આલ્ફા ટીવી સાથે જોડાણ.

'તમે ક્યાંથી આવો છો?' તેમણે મને પૂછયું.

'ઍરપૉર્ટ.'

'ઍરપૉર્ટથી પાંચસો રૂપિયા ન થાય. બહુ બહુ તો સો રૂપિયા.' તેમણે કહ્યું.

ચારેય ડ્રાઈવર એકસાથે બોલવા લાગ્યા અને તેમની વાતચીતમાં 'ઈલ્લા' શબ્દ વારંવાર આવતો હતો. જોકે તેઓ અંકલના તમિલ ભાષા ઉપરના પ્રભુત્વથી ઢીલા પડયા હતા. પાંચેક મિનિટ બાદ અમે સો રૂપિયા ઠરાવ્યા અને ડ્રાઈવરોએ અમારી તરફ તિરસ્કારથી જોયું. મારા ડ્રાઈવરે મારો સામાન નીચે ફેંક્યો અને ત્યાંથી નીકળી ગયો.

'થૅંક્સ અંકલ, તમે ઘણા સમયથી ચેન્નાઈમાં રહેતા લાગો છો.' મેં કહ્યું.

'અરે, બહુ વખતથી, પણ પ્લીઝ તમે મારા જેટલું લાંબું અહીં રહેતા નહીં.' અંકલે લિફ્ટ સુધી મારો સામાન લેવામાં મદદ કરતાં કહ્યું, 'પંજાબી?'

મેં હા પાડી.

'જો તમારે ડ્રિન્ક કે ચિકન લેવાં હોય તો મારા ઘરે આવજો અને ધ્યાન રાખજો કે તમારું બિલ્ડિંગ શાકાહારીઓનું છે. દારૂ પણ નહીં ચાલે.'

'ખરેખર?'

'હા, અહીંના લોકો એવા જ છે. તેમના માટે તો કંઈ પણ મોજમજાની વસ્તુ પાપ બરાબર છે.' લિફ્ટનો દરવાજો બંધ થતો હતો ત્યાં તેમણે કહ્યું.

મેં ડૉરબૅલ દબાવ્યો. રાતના દસ વાગ્યા હતા. ઊંઘમાંથી ઊઠેલા એક માણસે દરવાજો ખોલ્યો.

ઍપાર્ટમૅન્ટમાં ઘોર અંધારું હતું.

'હાય!' મેં કહ્યું, 'દિલ્હીથી ક્રિશ. હું કન્ઝ્યુમર ફાઈનાન્સમાં છું.'

'અરે હા, તમે જ તે વ્યક્તિ છો, સિટી બૅન્ક ચેન્નાઈમાં ઉત્તર ભારતના એકમાત્ર ટ્રેઈની? અંદર આવો, બહુ મોડું થઈ ગયું.'

મેં રૂમની અંદર જતાં કહ્યું, 'હા, ફ્લાઈટ લેઈટ હતી.'

તેમણે ડ્રોઇંગરૂમની લાઈટ કરી, 'હું રામાનુજન IIMBમાંથી.'

તેમણે કહ્યું. મેં તેમની સામે જોયું. હજુ તે પથારીમાંથી જ ઊભા થઈને આવ્યા હતા છતાં તેમના વાળ તેલ નાખેલા અને ઓળેલા હતા. બૅન્કમાં તે સારી કામગીરી કરી શકશે તેવું લાગતું હતું. ડ્રાઈવર સાથેની બોલાચાલી બાદ હું એવો અસ્તવ્યસ્ત દેખાતો કે બૅન્કમાં જેનું કોઈ ખાતું પણ ન ખોલે.

'આ સેન્ડિલનો રૂમ છે અને આ અપ્પાલિંગમનો રૂમ છે.' પછી તેમણે મારો રૂમ બતાવ્યો.

'ઘરમાં કંઈ ખાવાનું છે?' મેં પૂછયું.

'મને ખબર નથી.' એમ કહીને તેમણે ફ્રીઝ ખોલ્યું.

'થોડાંક કર્ડ રાઈસ પડયાં છે.' તેણે બાઉલ કાઢયો. તે કોઈ ખાવાની ડિશ જેવું લાગતું હતું. એવું લાગતું હતું કે જાણે ભૂલથી દહીંમાં ભાત પડી ગયા હોય.

'બીજું કંઈ છે? આટલામાં કોઈ રેસ્ટોરન્ટ ખુલ્લી હશે?'

તેણે ના પાડી અને બે કવર ઉપાડીને મને આપ્યા, 'તમારા માટે કેટલાક લેટર્સ છે. નોકરે કહ્યું હતું કે કોઈ છોકરી તમને મળવા આવી હતી.'

મેં કવર તરફ જોયું. એક તો સિટી બૅન્કનો વેલકમ લેટર હતો. બીજા કવર ઉપર અનન્યાના અક્ષર હતા. મેં ફરીથી કર્ડ રાઈસ તરફ જોયું અને કોઈક સ્વાદિષ્ટ વસ્તુ હોય તેવી કલ્પના કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તે ખાવાની મારી હિંમત ચાલી નહીં.

મારા રૂમમાં આવી મેં બેડમાં લંબાવ્યું. રામાનુજન ઘરની બીજી લાઈટો બંધ કરી પાછો સૂવા માટે ગયો. તેના રૂમમાં જતાં પહેલાં તેણે મને પૂછયું, 'તમને સવારે ઉઠાડવાના છે?'

'ઑફિસનો ટાઈમ શું છે?'

'નવ વાગ્યે, પણ ટ્રેઈનીએ સવારે આઠ સુધીમાં પહોંચી જવાનું હોય છે. અમે અમે સવારે પાંચ વાગે ઊઠી જઈએ છીએ અને સાડાસાતે પહોંચી જઈએ છીએ.'

દિલ્હીમાં ગાળેલા છેલ્લા બે મહિના મને યાદ આવ્યા કે જ્યારે મારા માટે નવ વાગે ઊઠવાનું પણ વહેલું ગણાતું હતું.

'સવારે પાંચ વાગે અજવાળું થઈ જાય છે?'
'લગભગ. અમે તમને ઉઠાડી દઈશું. ગુડનાઈટ.'
મેં બારણું બંધ કર્યું અને અનન્યાનો પત્ર ખોલ્યો.

હાય ચેન્નાઈ બૉય,

હું તને મળવા આવી હતી, પરંતુ તું આવ્યો ન હતો. તેં તો મને કહ્યું હતું કે તું બપોર પછી આવી જઈશ. ખેર, હું તારી રાહ જોઈ શકું તેમ નથી કેમ કે મારી મૉમને તો એમ છે કે હું ફ્રેન્ડ સાથે રાધા સિલ્ક શૉપમાં ગઈ છું. મારે હવે પાછા જવું પડશે. ખેર, ઘરે તો તમાશો થયો છે, પણ હું અત્યારે તેની વાત કરવા માગતી નથી.

ચિંતા ન કરીશ. આપણે બહુ જલદી મળીશું. તારી ઑફિસ અન્ના સલાઈમાં છે, જે મારી ઑફિસથી બહુ દૂર નથી. જોકે *HLL*વાળા મને આખા રાજ્યમાં બહુ ટ્રાવેલ કરાવે છે. મારે ટોમેટો કૅચઅપ વેચવાનાં હોય છે. પણ તેમાં આમલી કે કોપરું નહીં હોવાથી તે કેવી રીતે વેચવાં?

હવે હું જઉં છું. તું વિચાર તો કર, મેં શું પહેર્યું છે. આજે મેં વાળમાં જાસ્મીનનાં ફૂલ નાખ્યાં છે!! તેનાથી ગામડાંઓમાં હું ત્યાંની જ હોઉં તેવું લાગે છે. મેં ફૂલની કેટલીક પાંદડીઓ તોડીને આ પત્રમાં મૂકી છે. મને ખબર છે કે તે તને મારી યાદ આપશે.

લવ ઍન્ડ કિસીસ.
અનન્યા

મેં કવર ઊંધું વાળ્યું તો જાસ્મીનની કળીઓ મારા ખોળામાં પડી. તે અત્યંત મુલાયમ હતી અને તેમાંથી સરસ મજાની સુગંધ આવતી હતી. આજના આખા દિવસની, બસ આ જ એક આનંદદાયક ઘટના હતી. તેનાથી મને એ યાદ આવ્યું કે હું અહીં કેમ આવ્યો છું!

૧૬

ઑફિસના પહેલા જ દિવસે, પહેલા જ કલાકમાં તમને તમારી નોકરી પ્રત્યે અણગમો થાય તે સારું ન કહેવાય. સિટી બૅન્કની એકાદ હરકતથી હું ઉદાસ થયો હતો. હકીકતમાં તો મને બહુ આરામદાયક વાતાવરણ પૂરું પાડવામાં તેમણે તો શક્ય તેટલા તમામ પ્રયાસ કર્યા. મને એક અલગ કૅબિન અને કમ્પ્યૂટર આપવામાં આવ્યાં હતાં. મારી સૌ પ્રથમ કામગીરી, 'પ્રાયોરિટી બૅન્કિંગ' ક્લાયન્ટ્સને સર્વિસ આપતાં ગ્રૂપ સાથે કામ કરવાની હતી. આમ તો 'પ્રાયોરિટી બૅન્કિંગ' 'ક્લાયન્ટ્સ' એટલે મારે મન તો 'સ્ટીન્કિંગ રિચ' કસ્ટમર્સ. કોઈ પણ કસ્ટમરે પ્રાયોરિટી કસ્ટમર બનવા માટે, અમારી તરફ નોટોનાં બંડલ હલાવવાથી વિશેષ કંઈ કરવાનું હોતું નથી. પ્રાયોરિટી કસ્ટમર્સને વિશિષ્ટ સેવાઓ મળે છે, જેમ કે વેઈટિંગ એરિયામાં ખુરશીઓના બદલે સોફા અને ક્લાયન્ટના સેવાઓ હડપવા... સૉરી... ઈન્વેસ્ટ કરવા, બૅન્કના રિપ્રેઝન્ટેટિવ નવા-નવા રસ્તાની ચર્ચા કરે તે દરમિયાન મફત ચા વગેરે અને સૌથી મોટી બહુ ચગાવેલી સુવિધા કસ્ટમર સર્વિસ મૅનેજર સાથે સીધા સંપર્કની છે. આ એ લોકો છે જે ટોચની MBA સ્કૂલના ફાઈનાન્શિયલ વિઝાર્ડ છે કે જેઓ તમારી ફાઈનાન્શિયલ સ્ટ્રૅટેજીને એક નવી જ ઊંચાઈ ઉપર લાવી દે છે. હા, હું આવો જ એક વિઝાર્ડ હતો. જોકે અમે ક્યારેય કોઈને એવું જણાવતા નથી કે તમારા કસ્ટમર સર્વિસ મૅનેજરને તેની જૉબ સહેજ પણ ગમતી નથી અથવા તે માત્ર પૈસા કમાવા માટે જ જૉબ કરે છે અથવા તે માત્ર તેની ગર્લફ્રેન્ડ આ શહેરમાં રહે છે તેટલા કારણ માત્રથી અહીં આવ્યો છે. મારે

બૅન્કના આઠ રિપ્રેઝન્ટેટિવ્ઝ ઉપર દેખરેખ રાખવાની હતી. આ રિપ્રેઝન્ટેટિવ્ઝ યંગ હતા અને ગ્રૅજ્યુએટ અથવા તો IIM સિવાયની અન્ય કોઈ સંસ્થાઓના MBA હતા. હું IIMમાંથી હોવાથી જાણે કે જીવનનાં તમામ સુખો ભોગવવાનો પરવાનો ધરાવતો હોઉં એમ દેખીતી રીતે જ તેમનો ઉપરી હતો. મને ન તો તમિલ બોલતાં આવડતું કે ન તો મને બૅન્કિંગ વિશે કંઈ ખબર હતી, પરંતુ મારે એવો દેખાવ કરવાનો હતો કે હું જે કંઈ કરી રહ્યો છું તેના વિશે હું જાણું છું. છેવટે મારા બૉસ બાલાક્રિશ્ન અથવા બાલાને તો મારે સારું લગાડવાનું જ હતું.

'વેલકમ ટુ ધી ફૅમિલી.' મારી સાથે હાથ મિલાવતાં તે બોલ્યા. મને આશ્ચર્ય થયું કે તે અનન્યાના સગા છે કે શું?

'ફૅમિલી?'

'ધી સિટી બૅન્ક ફૅમિલી અને અલબત્ત, પ્રાયોરિટી બૅન્કિંગ ફૅમિલી. તું બહુ નસીબદાર છે. MBA થયેલા નવા લોકો તો આ ગ્રૂપમાં જોડાવા માટે ખૂબ પડાપડી કરતાં હોય છે.'

હું મલક્યો.

'યંગમૅન, તને બહુ આનંદ થયો ને?' બાલાએ સહેજ આવેશમાં આવીને કહ્યું, 'અરે, એકદમ એકદમ આનંદ.' મેં કહ્યું, પછી મેં વિચાર્યું કે આજે મારો પહેલો દિવસ હોવાથી તેઓ મને વહેલો જવા દેશે કે કેમ?

તે મને પ્રાયોરિટી બૅન્કિંગ એરિયામાં લઈ ગયા. આઠ રિપ્રેઝન્ટેટિવ્સ, ચાર છોકરાઓ અને ચાર છોકરીઓ રિસર્ચ રિપોર્ટ્સ અને વિવિધ વિભાગોનાં સૂચનો જોઈને આજે કઈ પ્રોડક્ટ તેઓ વેચી શકશે તે વિશે નક્કી કરતા હતા. હું દરેકને મળ્યો. જોકે તેમના એકસરખા ઉચ્ચારોવાળા સાઉથ ઈન્ડિયન નામો હું સાંભળતાંની સાથે જ ભૂલી ગયો.

બાલાએ કહ્યું, 'કસ્ટમર્સ બરાબર બે કલાક પછી દસ વાગે આવવાના શરૂ થશે અને તે જ સમયે જંગ શરૂ થશે. અમારું એવું માનવું છે કે ટ્રેઈની કસ્ટમર્સના સીધા જ સંપર્ક દ્વારા સૌથી સારી કુશળતા મેળવી શકે છે, તો જંગ માટે તૈયાર?'

મેં તેમની સામે જોયું. હું ચોક્કસપણે કહી શકું કે તેઓ સિટી બૅન્કમાં જ આખી જિંદગી વિતાવશે. ચાલીસ વર્ષની ઉંમરે જ, તેમણે કદાચ તેમનાં વીસેક વર્ષ તો બૅન્કમાં જ ગાળ્યાં હશે.

બાલાએ ફરીથી પૂછ્યું, 'રેડી? એની ક્વેશ્ચન્સ, ચૅમ્પ?'

''અરે હા, મારે ખરેખર શું કરવાનું છે?

બાલાએ મારી સામે સૌપ્રથમ નિરાશાજનક નજર નાખી. ભવિષ્યમાં તો તેમણે મારી સાથે અનેક વખત નિરાશા સાથે જોવાનું હતું. તેમણે એક રિપ્રેઝન્ટેટિવ પાસે ડેઈલી રિસર્ચ રિપોર્ટ્સ મંગાવ્યા. મને મારા ડેસ્ક તરફ લઈ જતાં બાલાએ કહ્યું, 'તારે બે કામ કરવાનાં છે. અરે, ખરેખર તો તારે ત્રણ કામ કરવાનાં છે.' તેમણે ઈક્વિટી ગ્રૂપમાંથી એક રિપોર્ટ બહાર કાઢતાં કહ્યું, 'એક તો આવા રિપોર્ટ દરરોજ વાંચવાના અને ક્લાયન્ટ્સને કોઈ ઈન્વેસ્ટમૅન્ટની ભલામણ કરી શકાય તેમ છે કે કેમ તે જોવાનું. આ રિપોર્ટ જુઓ, તેમાં ઈન્ટરનેટ કંપનીના શૅરની ભલામણ કરવામાં આવી હતી, કેમ કે તેના ભાવ ઘટીને અડધા થઈ ગયા હતા.'

મેં કહ્યું, 'પણ ડૉટ કોમનો ફુગ્ગો ફૂટી રહ્યો નથી? આ કંપનીઓમાં ક્યારેય કમાણી નહીં થાય.'

બાલાએ મારી સામે એ રીતે જોયું કે જાણે મેં તેમની સાથે શુદ્ધ પંજાબીમાં વાત ન કરી હોય.

બાલાએ જાણે કે બાઇબલમાંથી ક્વૉટ ટાંકી રહ્યા હોય તેમ કહ્યું, 'જુઓ, અહીં આપણા રિસર્ચમાં ખરીદવાનું જણાવવામાં આવ્યું છે. આ સિટી બૅન્કનું ઑફિશિયલ રિસર્ચ છે.'

કદાચ આ ઑફિશિયલ રિસર્ચ, બિઝનેસ સ્કૂલમાં ત્રણ વર્ષ ગાળીને બહાર આવેલા નવાસવા MBA દ્વારા તૈયાર કરવામાં આવ્યું હશે.

'ઠીક છે, બીજું?'

'બીજું મહત્ત્વનું કામ સંબંધ વિકસાવવાનું. તમિલોને ભણેલાગણેલા લોકો ગમે છે. તમે IIT અને IIMમાંથી આવતા હોવાથી તમારે તેમની સાથે સંબંધ વિકસાવવાનો છે.'

મેં સંમતિસૂચક માથું હલાવ્યું. મને લાગ્યું કે હું આ પ્રાયોરિટી બૅન્કિંગ ઝૂની એક એવી લુપ્ત

થતી જતી જાતિનો હતો અને કસ્ટમર્સ જાણે કે મારી સામે કેળાં ફેંકવા આવવાના હોય.

'હવે એની કામગીરી તમારા માટે અઘરી બનશે, કેમ કે તમે તો...'

જાણે કે વાતચીતમાં કોઈ ખરાબ શબ્દ બોલતા હોય તેમ બાલા સહેજ અટક્યા.

'પંજાબી?'

'હા, પણ તમે તમિલોને મિત્ર બનાવી શકો ને?'

'હા, હું પ્રયત્ન કરી રહ્યો છું. મારે તેમ કરવું જ પડશે.' મેં કહ્યું અને મને મનમાં વિચાર આવ્યો કે હું અનન્યાને તેના ઘરના નંબર સિવાય ક્યાં ફોન કરી શકું. કાશ! આ સેલફોનના ભાવ બહુ ઝડપથી ઘટી જાય તો કેટલું સારું.

'સરસ અને છેલ્લે,' બાલા મારી નજીક આવતાં ધીમેથી બોલ્યા, 'આ રિપ્રેઝન્ટેટિવ્ઝ પણ આળસુ હોય છે. તેમના ઉપર જરા નજર રાખજો. કોઈ પણ તેનું કામ ન કરે તો મને કહી દેજો.' તેમણે મારી સામે આંખ મીંચકારી અને જવા માટે ઊભા થયા, 'અને હા, ઑફિસે વહેલા આવવાનું રાખજો.'

'હું સાડા સાતે આવ્યો છું. ઑફિશિયલ ટાઈમ નવ વાગ્યાનો નથી?'

'હા, જ્યારે તારી જેમ હું નવોસવો હતો ત્યારે હું પણ સાત વાગે આવતો હતો. જો તારે પણ મારા જેવા જ બનવું હોય તો વેક અપ, સોલ્જર.' બાલાએ કહ્યું અને પોતાની જ જોક ઉપર હસ્યા. જો તમિલ જોક્સ જેવું કંઈ હોય તો તે સમજવા ખરેખર મહેનત કરવી પડે.

મારે તેમના જેવા બનવું જ નથી. અરે, મારે તો અહીં રહેવું પણ નથી. તેમના ગયા પછી મેં ઊંડો શ્વાસ લીધો અને મારા સેલરી પૅકેજ વિશે ચિંતન કર્યું. મેં મારી જાતને કહ્યું કે, તું આ બધું પૈસા માટે કરી રહ્યો છે? હું મારા મનમાં મંત્ર ભણ્યો, વર્ષે ચાર લાખ એટલે કે મહિને તેત્રીસ હજાર. મારા પિતાએ ત્રીસ વર્ષ સુધી આર્મીમાં કામ કર્યું અને તેમ છતાં આનાથી અડધા પણ તેમને મળતા ન હતા. મારે તો ખાલી બબલ સ્ટોક્સ વેચવાના હતા અને મને આટલા બધા રૂપિયા મળવાના હતા. મેં મનોમન કહ્યું, યાર, લાઈફ ઈતની ભી ખરાબ નહીં હૈ.

એક ફિમેલ રિપ્રેઝન્ટેટિવ મારી પાસે આવ્યાં અને પૂછયું, 'સર, હું ટૉઈલેટ જઈ શકું?'

'શું?'

મારી પરવાનગીની રાહ જોતાં તે મારી સામે જોઈ રહ્યાં.

'તમારું નામ શું છે?'

'શ્રી.'

'તમે ક્યાંનાં છો?'

'કોઈમ્બતૂર' તેમણે તેમના કોક્રોચ કલરની બૉર્ડર સાથેના વધારે પડતાં મોટાં ચશ્માં ઠીક કરતાં કહ્યું. ખરેખર, ફૅશનને અને ચેન્નાઈને કાંઈ સંબંધ નથી.

'તમે કઈ કૉલેજમાં હતાં?'

'કોઈમ્બતૂર યુનિવર્સિટી, ડિસ્ટિંક્શન, સર.'

'સરસ. તો પછી તમે મારી રજા કેમ માગી રહ્યાં છો?'

'બસ, એમ જ, સર.' તેમણે કહ્યું.

'ટૉઈલેટ જવા માટે કોઈએ મારી રજા માગવાની જરૂર નથી.' મેં કહ્યું.

'થૅંક્યુ, સર.'

મેં બીજા બે કલાક સુધી રિપોર્ટ્સ વાંચ્યા. તે દરેક, તેઓ પોતે શું કરી રહ્યા છે તેવું પૂછવાને બદલે માત્ર ઈક્વેશન્સ સોલ્વ કરવામાં જ આતુર એવા અતિઉત્સાહી MBA દ્વારા તૈયાર કરવામાં આવેલ ફાઈનાન્શિયલ મૉડલ્સ હતા. એક ટેબલમાં ઈન્ટરનેટ કંપનીના મૂલ્યની તેની સાઈટના વિઝિટર્સ સાથે સરખામણી કરવામાં આવી હતી. ભલામણ કરવામાં આવેલ કંપનીના સ્ટોકનું મૂલ્ય સૌથી ઓછું હતું. કોઈ એનાલિસ્ટ દ્વારા વળી આ નવો શબ્દ કંડારવામાં આવ્યો હતો, તેથી બાય કરો, એવું આ રિપોર્ટ ચિલ્લાઈ ચિલ્લાઈને કહેતો હતો. જોકે એનાલિસ્ટે ક્યારેય એવો વાંધો લીધો નહીં કે સાઈટના એક પણ વિઝિટરે આ ઈન્ટરનેટ કંપનીને એક રૂપિયોય ચૂકવ્યો નથી. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, 'તે એકંદરે સસ્તો છે અને તેની સાથે આશ્ચર્યજનક ચિહ્ન

પણ ઉમેરવામાં આવ્યું હતું.'

શ્રીએ ટૉઈલેટમાંથી પાછાં ફર્યાના ઘણા સમય બાદ વિનંતી કરી, 'સર, મારા કસ્ટમર આવ્યા છે. શું હું તેમને અહીં બોલાવું?'

'શ્યૉર.' મેં કહ્યું.

'સર, આ મિસ શ્રીનિવાસ છે.' શ્રીએ કહ્યું. હાથકડી કરતાં પણ વધારે જાડી એવી સોનાની બંગડીઓ પહેરેલી લગભગ પચાસેક વર્ષની એક મહિલા મારા ડેસ્ક પાસે આવી. અમે જ્યારે કસ્ટમરને લૂંટતા હોઈએ ત્યારે વધારે પરિચિતતા હોય તેવી અનુભૂતિ કરાવવા અમે સોફા તરફ ગયા. તેમણે મારી સામે ઝીણી આંખ કરતાં કહ્યું, 'તમે IITમાંથી આવો છો?'

ખોટ કરતી કોઈ કંપનીના શૅર 'ખરીદવા' તે વિશે વિચારવાનું શરૂ કરતાં મેં કહ્યું, 'હા.'

તેમણે કહ્યું, 'મારો પૌત્ર પણ તેના માટે તૈયારી કરી રહ્યો છે.'

તેમના વાળ કાળા હતા અને તેલને લીધે ચમકતા હતા.

મેં કહ્યું, 'તમે એટલાં ઘરડાં તો લાગતાં નથી? તમારો પૌત્ર IIT માટે તૈયારી કરી રહ્યો છે?'

મિસ શ્રીનિવાસન મલક્યાં. શ્રીએ પણ વળતું સ્મિત કર્યું.

આ રીતે મેં માઉસટ્રેપ અને ચીઝ બરાબર ગોઠવી દીધાં.

'અરે હોય... હું તો ઘરડી થઈ ગઈ છું, પણ મારો પૌત્ર હજુ તો છઠ્ઠા ધોરણમાં છે.'

'મૅડમનું બૅલેન્સ કેટલું છે?' મેં શ્રીને પૂછ્યું.

'એક કરોડ અને વીસ લાખ, સર.' શ્રીએ વિગત આપી. મેં મારા મનમાં આ આંકડાની કલ્પના કરી, આટલી રકમ ભેગી કરવા માટે મારે આ બૅન્કમાં ત્રીસ વર્ષ કામ કરવું પડે. મને તેમની પાસેના પૈસા ઓછા કરવાનું યોગ્ય જણાયું. મેં કહ્યું, 'મૅડમ, તમે કોઈ શૅરમાં રોકાણ કર્યું છે? આજકાલ ઈન્ટરનેટ શૅર બહુ સસ્તા છે.'

મિસ શ્રીનિવાસે મારી સામે ચિંતાતુર નજરે જોયું, 'શૅર? ના રે બાબા, ક્યારેય નહીં અને મારો દીકરો અબ્રોડ ઈન્ટરનેટ કંપનીમાં જ કામ કરે છે. તેણે તો કહ્યું હતું કે કદાચ તેમની કંપની બંધ થઈ જશે.'

'મૅડમ, એ તો અમેરિકાની વાત છે. આ તો ભારત છે. આપણી વસ્તી એક અબજ અથવા તો બે અબજ આઈબૉલ્સ જેટલી છે. ઈન્ટરનેટની પ્રગતિની કલ્પના કરી જુઓ અને અમારી પાસે મ્યુચ્યુઅલ ફંડ છે, જેથી તમારે કોઈ એક જ કંપનીમાં ઈન્વેસ્ટ કરવાનું નથી.'

અમે પાંચ મિનિટ સુધી મિસ શ્રીનિવાસને પટાવ્યાં. મેં 'સ્ટ્રેટેજિક ઍડવાન્ટેજ', 'બૉટમ લાઈન વર્સીસ ટૉપ લાઈન', 'ટૉપ ડાઉન વર્સીસ બૉટમ અપ' જેવા MBAના ઘણા ભારેખમ શબ્દોનો ઉપયોગ કર્યો અને તેનાથી હું બુદ્ધિશાળી લાગતો હતો. હું જે કંઈ પણ બોલું તેમાં મિસ શ્રીનિવાસ અને શ્રી સંમતિદર્શક ડોકું ધુણાવતાં હતાં. છેવટે મિસ શ્રીનિવાસ ટૉકિસક વેસ્ટમાં થોડુંઘણું રોકાણ કરવા તૈયાર થયાં.

આ કેસ પૂરો કરવા મેં કહ્યું, 'આપણે દસ લાખથી શરૂ કરીએ.'

પોતાનાં નાણાંનો કેવી રીતે ઉપયોગ કરવો તે વિશે અમને વિનવણી કરતાં મિસ શ્રીનિવાસે કહ્યું, 'ફાઈવ પ્લીઝ, ફાઈવ.'

હું પાંચ લાખ ઉપર સંમત થયો અને શ્રી તો ઝૂમી ઊઠી. આખરે મારે મિસ શ્રીનિવાસના ફેવરિટ કસ્ટમર સર્વિસ મૅનેજર બનવાનું હતું.

બપોરે બાલા મને 'સંગીતાઝ' નામની એક ઢોસા રેસ્ટોરન્ટમાં લંચ માટે બહાર લઈ ગયા.

'કયા ઢોસા મળે છે?' મેં વેઈટરને પૂછ્યું.

'અમારે ત્યાં પંચ્યાસી જાતના ઢોસા મળે છે.' એવું કહીને વેઈટરે બોર્ડ તરફ ઈશારો કર્યો. ઢોસાની અંદર જે કંઈ પણ નાખી શકવાની માણસ કલ્પના કરી શકે તે તમામ પ્રકારના ઢોસા ત્યાં મળતા હતા.

'પાલક ઢોસા, મજા આવશે.' મારા ડૅડે પણ ક્યારેય નહોતો બતાવ્યો એવો ઉમળકો બતાવતાં બાલાએ કહ્યું.

'હા, તો તને તારું સૌથી પહેલું ઈન્વેસ્ટમૅન્ટ મળતાં કેવુંક લાગે છે? ચકાચક ને?'

મને સહેજ પણ ચકાચક લાગતું ન હતું. મને તો કંટાળો આવતો હતો. હું પંદર કલાકથી ચેન્નાઈમાં છું અને મેં હજુ અનન્યા સાથે વાત નથી કરી. હું શક્ય તેટલો ઝડપથી સેલફોન ખરીદવા માગતો હતો. અરે, મારે તો બે લેવાના છે.

તેમના ઢોસાના પહેલા બાઈટને સંભાર સાથે ખાતાં બાલા બોલ્યા, ‘મને તારામાં હું દેખાઉં છું. તું મારા જેવો જ છે.’ તેમને કેમ આવું લાગ્યું હશે તેના વિશે મને કશી ગતાગમ પડી નહીં.

મારી પાસે અનન્યાના ઘરનો લૅન્ડલાઈન નંબર હતો, પરંતુ તે સાંજના સાત પહેલાં ઘરે પહોંચતી ન હતી અને તે સેલ્સની ફિલ્ડ જૉબમાં હતી તેથી તેનો કોઈ ઑફિસનો ચોક્કસ નંબર પણ ન હતો. મને યાદ આવ્યું કે અમે કેવી રીતે કૅમ્પસમાં અમારું લંચ પતાવીને અમારી બપોરની ઊંઘ માટે લપાઈ જતાં હતાં. ખરેખર કૉલેજ લાઈફ પછીનું જીવન કઠે છે.

બાલાએ કહ્યું, ‘મજાની વાત છે ને! જ્યારે પણ હું બૅન્કમાં આવું છું, લોકો મને ઘેરી વળે છે અને આમ કરતાં કરતાં વીસ વર્ષ થઈ ગયાં. મારા બૉસ જ્યારે મને પહેલી વાર લંચ માટે લઈ ગયા તે દિવસ હજુ પણ મને યાદ છે. અરે, તું શું વિચારમાં પડી ગયો? અત્યારે કામની ચિંતા છોડ. અત્યારે લંચટાઈમ છે.’

‘અરે, હા.’ મેં કહ્યું અને વિચારોમાંથી બહાર આવતાં કહ્યું, ‘અહીંથી HLLની ઑફિસ કેટલી દૂર છે?’

‘કેમ?’ શું ત્યાં કોઈ ક્લાયન્ટ મળે તેમ છે? બાલાએ એવી રીતે પૂછયું કે જાણે પૃથ્વી ઉપરનો દરેક માણસ માત્ર પ્રાયોરિટી બૅન્કિંગ કસ્ટમર બનવા જ જીવતો હોય.

‘કદાચ.’ મેં કહ્યું. બૅન્કિંગનું એક સુખ એ છે કે તમને ખોટું બોલવામાં સહેજ પણ સંકોચ થતો નથી.

તેમણે કહ્યું, ‘નુંગામબક્કમમાં છે. ઍપેક્સ પ્લાઝા.’

વેઈટરે અમારા સંભારના વાટકા ફરી ભર્યા અને કેળાના ઢોસા આપી ગયો. તે ઢોસો પેનકેક જેવો લાગતો હતો અને તે સહેજ પણ સારો ન હતો. ‘અરે હા, એ તો હું રહું છું એ જ જગ્યા ને?’

‘હા, સિટી ચમેરી. મારું પણ પહેલું ઘર એ જ હતું.’ તેઓ સહેજ આગળ ઝૂક્યા અને મારી પીઠ થાબડી.

મને એવું લાગ્યું કે મને સારા બૉસ મળ્યા છે. મને આનંદ થવો જોઈતો હતો, પણ ન થયો. મને વિચાર આવ્યો કે મારે પહેલા HLL ફોન કરવો જોઈએ કે સીધા જ ત્યાં પહોંચી જવું જોઈએ.

બપોરે હું મારા ડેસ્ક ઉપર પાછો આવ્યો. હું કેટલાક કસ્ટમર્સને મળ્યો, પણ તેમાંના મોટા ભાગના પાસે લાંબું રોકાવાનો સમય ન હતો. મિસ શ્રીનિવાસે મને સારી શરૂઆત કરાવી હતી, પરંતુ છેવટે તો આ રૂઢિવાદી તમિલોને પટાવવાનું એટલું સહેલું ન હતું.

મેં જ્યારે તેમના ઈન્વેસ્ટમૅન્ટ પ્રેફરન્સીસ વિશે પૂછયું ત્યારે એક કસ્ટમરે કહ્યું, ‘ફિક્સ્ડ ડિપોઝિટ. મને ફિક્સ ડિપોઝિટ ગમે છે.’

બપોરે ત્રણ વાગે મારા માટે એક કૉલ આવ્યો.

‘સર, તમારો ફોન છે.’ શ્રીએ કહ્યું અને મારા ઍક્સટેન્શન ઉપર લાઈન ટ્રાન્સફર કરી.

‘હાય, મારે મારા હૉટશૉટ સેક્સી બૅન્કર સાથે એક પ્રાયોરિટી એકાઉન્ટ ખોલાવવું છે.’

‘અનન્યા?’ અવાજમાં અતિ ઉલ્લાસ સાથે મેં કહ્યું.

‘તું ક્યાં છે? આપણે ક્યારે મળીએ છીએ? હું HLL ઉપર આવું? સૉરી મારી ફ્લાઈટ...’

‘શાંત થા. ધીરો પડ. હું કાંચીપુરમ્‌માં છું.’

‘એ ક્યાં આવ્યું?’

‘ચેન્નાઈથી ત્રણ કલાકના રસ્તે. હું બહુ જલદી પાછી આવી જઈશ. તું ડિનર માટે ઘરે આવી જા ને?’

‘ઘરે? તારા ઘરે? તારા મૉમ અને ડૅડ સાથે?’

‘હા, કેમ? આમ પણ તારે તેમને મળવાનું તો છે જ. આજકાલ મૉમ સહેજ ઉદાસ છે, પણ એ તો ઠીક છે.’

‘તે કેમ ઉદાસ છે? આપણા લીધે?’

'ના. તેના દુ:ખી થવાના બીજાં કારણો છે. સદ્નસીબે આ વખતે તેનું કારણ હું નથી.'

'અનન્યા, આપણે બહાર જઈએ, OK?'

'આજે હું નહીં આવી શકું. કૅનેડાથી મારાં આન્ટી આવવાનાં છે. તું આઠ વાગે આવી જજે.' તેણે મને તેનું સરનામું આપ્યું. તે ત્રણ વખત બોલી ત્યાર પછી હું તે લખી શક્યો.

'આપણે પાંચ કલાકમાં મળીએ છીએ.' તેણે કહ્યું અને ફોન મૂક્યો.

વધારે ઝડપથી ચાલે એ આશાએ હું ઘડિયાળ સામે તાકી રહ્યો. રિપ્રેઝન્ટેટિવ્સ છ વાગે ગયા અને સિટી બૅન્કની મહાસંસ્કૃતિને અનુરૂપ, MBA ક્યારેય આઠ પહેલાં જતા નથી.

મેં ઈન્ડિયન ઈકોનોમી વિશેના રિપોર્ટ્સ વાંચીને સમય પસાર કર્યો. સ્માર્ટ લોકોએ તે લખ્યા હતા અને તેમણે – અત્યંત આત્મવિશ્વાસપૂર્વક આવતાં દસ વર્ષ માટેના GDPનાં અનુમાનો ફટકાર્યા હતા.

સાડા સાત વાગે હું નીકળવા માટે ઊભો થયો. બાલા મારી તરફ આવ્યા, 'લિવિંગ?' તેમણે પૂછયું અને જાણે કે મેં અડધા દિવસની રજા લેવાનું વિચાર્યું હોય તેવા મૂંઝાયેલા તે દેખાતા હતા.

'હા.' મેં કહ્યું, 'ખાસ કંઈ છે નહીં.'

'એક વાત યાદ રાખો, ક્યારેય તમારા બૉસ જાય તે પહેલાં જવું નહીં.' એમ કહી તેમણે મારી સામે આંખ મીંચકારી. તેઓ હસ્યા મને તે સહેજ પણ રમૂજી લાગ્યું નહીં. મારે એ જોવું પડશે કે કોઈ તમિલ જોક બૂક કેવી હોય છે.

'આપ કેટલા વાગે નીકળો છો?' મેં થાકેલા અવાજે પૂછયું.

'બસ હમણાં જ, હકીકતમાં હું પણ જવા જ માગું છું. કુસુમ રાહ જોતી હશે. તારે મારા ઘરે ડિનર માટે આવવું છે?'

'નો, થૅંક્સ.' મેં કહ્યું.

તેમણે મારા તરફ બીજી વાર નિરાશાજનક નજર નાખી.

મેં કહ્યું, 'મારે બીજે જવાનું છે. દૂરનાં સગાંને ત્યાં.'

'ઓહ.' હજુ પણ તેમના અવાજમાં સહેજ નિરાશા હતી.

મેં વિચાર્યું, આઇ એમ સૉરી, તું મારો બૉસ છે એટલે હું તને મારી જિંદગીનું રિમોટ કંટ્રોલ સોંપી દેવાનો નથી.

૧૭

અનન્યાના મકાન ઉપર વાંકડિયા અક્ષરે, નેઈમ પ્લેટ ઉપર 'સ્વામીનાથન' લખેલું હતું. મેં ડૉરબૅલ વગાડયો ત્યારે તેનો અવાજ ગ્રાઈન્ડરના અવાજમાં દબાઈ ગયો.

'યસ?' અનન્યાના પિતાએ દરવાજો ખોલ્યો અને તેમના ચહેરા ઉપર મૂંઝવણ હતી. મને ચોક્કસ ખાતરી થઈ કે તેઓ મને ઓળખી ગયા હતા, તેમ છતાં મને મૂંઝવણ એ વાતની હતી કે તેમણે મને નહીં ઓળખવાનો દેખાવ કર્યો. તેમણે આગળ ખિસ્સાવાળી અડધી બાંયનું સફેદ ગંજી અને ચૅક્સવાળી બ્લૂ અને વ્હાઈટ લુંગી પહેરી હતી.

'ક્રિશ, સર, અનન્યાનો ફ્રૅન્ડ.' મેં કહ્યું. કોઈ ખાસ કારણ વગર જ્યારે પણ હું ગભરાઈ જાઉં ત્યારે લોકોને 'સર' કહું છું. હું મારી સાથે બિસ્કિટ્સનું ગિફ્ટ પૅક લાવ્યો હતો, કેમ કે મને મારી પંજાબી સંવેદનાઓએ એવું શીખવ્યું હતું કે કોઈના પણ ઘરે, ત્યાં તમે જેટલી કૅલરી ઓહિયા કરી જવાના હો, ઓછામાં ઓછી તેટલી કૅલરી લીધા વિના ક્યારેય જવું નહીં.

'અરે હા, આવો.' મેં મારો બીજી વારનો પરિચય કરાવ્યા પછી તે બોલ્યા.

હું અંદર ગયો અને તેમને ગિફ્ટ પૅક આપ્યું.

'શૂઝ!' મેં જ્યારે 'થૅંક્સ'ની અપેક્ષા રાખી હતી ત્યારે તેમણે કરડાકીભર્યા અવાજે કહ્યું.
'શું?' મેં કહ્યું.
તેમણે ઘરની બહાર 'શૂ' રૅક તરફ ઈશારો કર્યો.
મેં મારા શૂઝ કાઢયા અને મારાં મોજાંમાંથી વાસ તો નથી આવતીને કે તેમાં કાણાં તો નથી, તે જોઈ લીધું. તેમ છતાં મેં મોજાં પણ કાઢી નાખ્યાં અને હું અંદર ગયો.
'રંગોલી ઉપર પગ ન પડે.' તેમણે મને ચેતવ્યો.
મેં નીચે જોયું. મારો જમણો પગ ચોખાના લોટની બનાવેલી ફૂલની ડિઝાઈન ઉપર પડયો, 'સૉરી, આઈ એમ રિયલી સૉરી, સર.' કહીને હું તે પેટર્ન સરખી કરવા નીચે નમ્યો.
'કંઈ વાંધો નહીં. હવે તે સરખું નહીં થાય.' તેમણે કહ્યું અને મને લિવિંગ રૂમમાં લઈ ગયા. આ લંબગોળ રૂમ એવો લાગતો હતો કે જાણે કોઈ પંજાબી ડ્રોઇંગરૂમ ખાલી કર્યો હોય. સોફા એકદમ સાદા હતા અને તેની ગાદી ઈન્ડિયન રેલવેના સ્લીપર્સ કરતાં પણ પાતળી અને પમ્મી આન્ટીના જુનાપુરાણા રેડ વેલ્વેટના સોફા કરતાં પણ વિપરીત હતી. દીવાલ ઉપર ઝાંખો લીલો ડિસ્ટેમ્પર કલર હતો. આખા રૂમમાં વિવિધ સાઉથ ઈન્ડિયન દેવી-દેવતાઓના ફોટા હતા. ડાઈનિંગ એરિયામાં ફ્લૉર સીટિંગ હતું. એક ખૂણામાં પાટ હતી જેના ઉપર સિતાર જેવું ઇન્સટ્રુમેન્ટ પડ્યું'તું. એક વૃદ્ધ ભાઈ ત્યાં બેઠા હતા. મને વિચાર આવ્યો કે અનન્યાનાં પેરન્ટ્સ એટલાં બધાં ખુશ હતાં કે તેમણે ડિનર માટે લાઇવ મ્યુઝિકની વ્યવસ્થા કરી હતી!
અનન્યાના પિતાએ સોફા તરફ નિર્દેશ કરતાં કહ્યું, 'બેસો.' અમે એકબીજાંની સામે બેઠા અને હું જીવનમાં પહેલી જ વખત અનન્યાના ડૅડની સામે બેઠો હતો. મેં યોગ્ય વિષય શોધવા માટે ભારે મથામણ કરી, 'સરસ જગ્યા છે.' મેં કહ્યું.
'શું ધૂળ સરસ જગ્યા છે? અહીં પાણી જ નથી આવતું.' અંકલે કહ્યું અને તેમણે એક છાપું ઉપાડયું. માયલાપોરમાં પાણીની સમસ્યાના સમાચાર બદલ મારું માથું ઝૂકી ગયું.
અંકલે છાપું પહોળું કરતાં તેમનો ચહેરો ઢંકાઈ ગયો. મને ખ્યાલ ન આવ્યો કે તેઓ ઈરાદાપૂર્વક આમ કરી રહ્યા હતા કે કેમ. હું ચૂપ રહ્યો અને તંબૂરાવાળા માણસ તરફ વળ્યો. મેં સ્મિત કર્યું પરંતુ તેમણે કોઈ પ્રતિક્રીયા આપી નહીં. ઘરમાં સન્નાટો હતો. પંજાબી ઘર તો લોકો રાત્રે સૂતા હોય ત્યારે પણ આટલું શાંત નથી હોતું.
અંકલ છાપું વાંચી રહ્યા છે કે મને ટાળી રહ્યા છે તે જોવા માટે હું નીચો વળ્યો. તેઓ 'ધ હિન્દુ'નું ઍડિટોરિયલ પેજ વાંચી રહ્યા હતા. તેઓ નવલ ચીફને બરતરફ કરનાર ડિફેન્સ મિનિસ્ટરની તપાસ કરવાની સરકાર સમક્ષની AIADMKની માગણી અંગેનો એક પ્રતિભાવ વાંચી રહ્યા હતા. તે બહુ ભારેખમ હતું. મારા પરિવારમાં કે મારા આખા ખાનદાનમાં કોઈએ ક્યારેય છાપાના ઍડિટોરિયલ પેજીસ વાંચ્યાં જ ન હતાં, AIADMK વિશેનો લેખ તો દૂર રહ્યો.
તેમની તરફ ડોકિયું કરતાં મને અંકલે પકડી પાડયો અને ઘૂરક્યા, 'શું થયું?'
'કંઈ નહીં.' મેં કહ્યું. મને આટલો અપરાધભાવ શા માટે થઈ રહ્યો હતો તે મને સમજાયું નહીં.
પાછું પાંચ મિનિટ માટે અંકલે વાંચવાનું ચાલુ રાખ્યું. તેમણે જ્યારે પાનું ફેરવ્યું ત્યારે મને તેમની સાથે ફરીથી વાત કરવાની તક મળી, 'ઘરમાં કોઈ નથી, સર?'
'કેમ, બધાં ક્યાં જવાનાં છે?'
'મને કોઈ દેખાતું નથી.'
'કૂકિંગ. તમને ગ્રાઈન્ડરનો અવાજ નથી સંભળાતો?' તેમણે કહ્યું.
મને એ સમજાયું નહીં કે અનન્યાના પિતાનો સ્વભાવ જ આવો છે કે પછી આજે તે વધારે પડતા ચીડિયા થઈ ગયા છે? મેં વિચાર્યું, કદાચ મારા અહીં આવવાથી તેઓ ખિજાયા હશે.
'તમારે પાણી પીવું છે?' તેમણે પૂછયું.
'નો, સર.' મેં કહ્યું.
'કેમ? તમારે પાણી કેમ નથી પીવું?'
મારી પાસે કોઈ જવાબ ન હતો. સિવાય કે આ ઘરમાં મને ભય અને વિચિત્રતાની લાગણી

થતી હતી.

'ઠીક છે. લાવો, પાણી પી નાખીએ.' મેં કહ્યું.

'રાધા,' અંકલે મોટેથી બોલતાં કહ્યું, 'તન્ની.'

મેં પેલા વૃદ્ધ પુરુષ તરફ નિર્દેશ કરતાં પૂછયું, 'તેઓ અનન્યાના દાદા છે?'

'ના.' તેમણે કહ્યું.

મને ખ્યાલ આવ્યો કે અનન્યાના પિતા માત્ર જેટલું પૂછવામાં આવે તેટલો જ જવાબ આપતા હતા.

'તેઓ કોણ છે?' મેં ધીમેથી અનન્યાના ડૅડને પૂછયું.

'તેઓ રાધાના કર્ણાટકી સંગીતના શિક્ષક છે. તેઓ તેને મળવા આવ્યા છે, પરંતુ તે તો રસોડામાં તમારા માટે ડિનર તૈયાર કરવામાં રોકાયેલી છે.'

મેં હકારમાં માથું ધુણાવ્યું.

અનન્યાની માતા લિવિંગ રૂમમાં આવ્યાં. તેમના હાથમાં પાણીનો ગ્લાસ અને વાનગીઓની પ્લેટ હતી. ગોળ-ગૂંચળા જેવા પ્રકારનો બ્રાઉન કલરનો આ નાસ્તો સાપ જેવો લાગતો હતો.

'હેલો, આન્ટી.' હું ઊભો થયો.

'હેલો, ક્રિશ.' તેમણે કહ્યું.

'સૉરી, હું ખોટા સમયે આવ્યો છું.' ટીચર સામે જોતાં મેં કહ્યું.

'મને તે પૂછતી જ નથી.' અનન્યાની માતાએ કહ્યું.

'આન્ટી, આપણે બધાં બહાર જઈએ?' મેં કહ્યું.

'કંઈ વાંધો નહીં. ખાવાનું લગભગ તૈયાર થઈ ગયું છે.' તેમણે કહ્યું અને તેમના પતિ તરફ વળ્યાં, 'મને ગુરુજી સાથે અડધો કલાક શીખી લેવા દો.'

તેઓ ગુરુજી પાસે જઈ પગે લાગ્યાં. ગુરુજીએ તેમને આશીર્વાદ આપ્યા. અનન્યાની માતાએ તંબૂરો ઉપાડયો અને તેઓ બીજા રૂમમાં ગયાં.

'તો સિટી બૅન્કે તમને ચેન્નાઈમાં મૂક્યા છે?' અંકલે પ્રથમ વખત મારી સાથે વાત શરૂ કરતાં કહ્યું.

'હા, સર.' મેં કહ્યું. અનન્યાએ તેમને કહ્યું હતું કે બૅન્કે મારી ટ્રાન્સફર કરી છે.

'તેઓ નૉર્થ ઈન્ડિયન્સને અહીં શા માટે મોકલે છે?'

'મને ખબર નથી, સર.'

'નકામા લોકો' તેઓ બબડયા અને ફરીથી છાપું વાંચવામાં ડૂબી ગયા.

મેં મારું ગળું સાફ કર્યું અને છેવટે હિંમત કરીને પૂછી નાખ્યું, 'અનન્યા ક્યાં છે?'

અંકલે એવા આઘાત સાથે ઊંચું જોયું કે જાણે મેં તેમને તેઓ તેમનું પૉર્ન કલેક્શન ક્યાં રાખે છે તેવું પૂછયું હોય.

'તે ન્હાવા ગઈ છે અને સાંજની પ્રાર્થના પછી આવશે.'

મેં માથું ધુણાવ્યું. અનન્યાએ અમદાવાદમાં તો ક્યારેય સાંજની પ્રાર્થના કરી નથી. મને બીજા રૂમમાંથી અવાજો સંભળાયા. તે લાંબા પીડાયુક્ત ઊંહકારા અને કણસવાના અવાજ જેવા લાગતા હતા જાણે કે કોઈને ધીમે ધીમે ટૂંપો દેવાઈ રહ્યો છે. હું મૂંઝાયેલો દેખાતો હતો અને અંકલે મારી સામે જોયું.

'કર્ણાટકી સંગીત?' અંકલે કહ્યું, 'તમને આવડે છે?'

મેં ના પાડી.

'તો પછી તમને શું આવડે છે?' તેમણે પૂછયું અને મારા જવાબની રાહ જોયા વગર અખબારમાં પાછા ડૂબી ગયા.

મને આ ઘરમાંથી નાસી જવાની ઈચ્છા થઈ. હું આ ગાંડાઓના ઘરમાં શું મેથી મરાવી રહ્યો છું? મને બહાર પગલાંનો અવાજ સંભળાયો.

'સૉરી.' અનન્યાએ અંદર આવતાં કહ્યું.

હું તેને જોઈ જ રહ્યો. હું તેને બે મહિના પછી જોઈ રહ્યો હતો. તેણે જાડી સોનેરી બૉર્ડર

સાથેની ક્રીમ કલરની સાડી પહેરી હતી. મેં તેને છેલ્લે જોઈ તેના કરતાં તે અત્યારે વધારે સુંદર લાગી રહી હતી. તેને જકડી લેવાની અને તેના હોઠ ઉપર તસતસતી કિસ કરવાની મને ઈચ્છા થઈ. અલબત્ત, 'મિ. હિન્દુ-એડિક્ટ' ગમ્પીસ્વામી મારી સન્મુખ હતા ત્યારે હું એવું સાહસ ન કરી શક્યો.

'હાય, અનન્યા, તને મળીને આનંદ થયો.' મેં મારા વ્યવસાયમાં જોડાયેલા કલીગની જેમ તેનું અભિવાદન કર્યું. મેં મારા હાથને સંયમપૂર્વક જકડી રાખ્યા.

'શું? અરે, ગિવ મી અ હગ!' તેણે કહ્યું. આ સાંભળીને અંકલને ધ હિન્દુમાંથી રસ ઊડી ગયો.

'અનન્યા, અહીં બેસ.' તેમણે કહ્યું અને જાણે કે તેઓ તેમની બાકીની જિંદગીના બધા દિવસોમાં રોજ તે ફરીથી વાંચવાના હોય તેમ છાપાની કાળજીપૂર્વક ગડી વાળી.

'હાય ડૅડ.' બોલીને અનન્યાએ તેના ડૅડના ગાલ ઉપર કિસ કરી. મને ઈર્ષા થઈ. તેના મૉમની ચીસ ફરીથી સંભળાતાં તેણે કહ્યું, 'ઓહ, મૉમ સંગીત શીખે છે!'

'હા, છેવટે, એણે પણ શરૂ કર્યું.' અનન્યાના ડૅડે કહ્યું, 'કયો રાગ વગાડે છે, તે તું કહી શકે?'

અનન્યા આંખો બંધ કરીને સાંભળી રહી. તે સુંદર લાગતી હતી, પરંતુ મારી દરેક હિલચાલ ઉપર અંકલની નજર હોવાથી મારે બીજી તરફ જોવું પડયું.

'આ તો મલ્હાર છે, મલ્હાર.' તેણે કહ્યું.

અંકલે પ્રશંસાપૂર્વક તેમનું ડોકું ધુણાવ્યું.

મેં તે વાતચીતમાં જોડાવાનો પ્રયત્ન કરતાં કહ્યું, 'કુલ કેટલા રાગ છે?'

'એક હજાર, ખરું ને, ડૅડ?' અનન્યા બોલી.

'ઓછામાં ઓછા એટલા તો ખરા જ, તમે કર્ણાટકી સંગીત સાંભળતા નથી?' અંકલે મને કહ્યું.

'ખાસ નહીં, પણ તે સરસ છે.' મેં કહ્યું, જોકે તેઓ શેના વિશે વાત કરી રહ્યા હતા, તેની મને સહેજ પણ ગતાગમ નહોતી પડતી.

'જ્યારે ડૅડનું પોસ્ટિંગ કોલકાતા ખાતે હતું ત્યારે ત્યાં 'તમિલ સંગમ'માં મૉમ બે ચૅમ્પિયનશિપ જીતી ગઈ હતી.' અનન્યા બોલી ત્યારે તેના અવાજમાં ગૌરવ છલકાતું હતું.

અંકલે ફરીથી વાતચીતમાં ઝંપલાવતાં કહ્યું, 'અમે જ્યારથી ચેન્નાઇ આવ્યાં ત્યારથી તેણે ગાવાનું બંધ કરી દીધું છે.'

'શા માટે?' મેં કહ્યું.

'ઘણાં બધાં કારણો છે.' અનન્યાએ કહ્યું અને મને ચર્ચાનો વિષય બદલવા ઈશારો કર્યો.

'તારાં આન્ટી અહીં આવ્યાં છે?' મેં પૂછયું.

'હા, શોભા અથાઈ. તેઓ રસોડામાં છે. તે ડૅડનાં મોટાં બહેન છે.'

મેં મનોમન પ્રાર્થના કરી કે શોભા આન્ટીનું વ્યક્તિત્વ તેમના ભાઈના જેવું ન હોય. રૂમમાં શાંતિ છવાઇ ગઈ. મેં નાસ્તામાંથી એક બાઈટ લીધો. મારો દરેક બાઈટ રૂમમાં સ્પષ્ટપણે સંભળાતો હતો. મારે વાતચીત ચાલુ રાખવી પડે તેમ હતું. મેં થોડાક સમય અગાઉ જ મિત્રો બનાવવા વિશેનું એક પુસ્તક વાંચ્યું હતું. તેમાં જણાવ્યું હતું કે સામેની વ્યક્તિના કામમાં રસ લો અને વાતચીતમાં વારંવાર તેમનું નામ બોલો.

મેં તે દિશામાં પ્રયત્ન કરતાં કહ્યું, 'તો મિસ્ટર સ્વામીનાથન, તમે લગભગ આખા ભારતમાં કામ કર્યું છે?'

તેમણે કહ્યું, 'હા, થોડીઘણી જગ્યાઓ પર, પણ તે પછી હું અહીં ભરાઇ ગયો.'

'ભરાઈ ગયા? મને તો એમ કે તમને ચેન્નાઇ ગમે છે. તમારું વતન છે ને?' મેં કહ્યું.

અંકલે મારી સામે ક્રૂર નજરે જોયું. મને થયું કે મેં કશો લોચો તો નથી માર્યો ને?

'હું શોભાને બોલાવું. આપણે ઝડપથી ડિનર પતાવીએ' એટલું બોલીને અંકલ રૂમમાંથી ચાલ્યા ગયા. અનન્યાને મારે એના ફાધર વિશે કંઈક પૂછવું'તું, પણ પહેલા તો મારે એને જકડી લેવી'તી.

'નહીં.' મારો ઈરાદો પારખી જતાં અનન્યા બોલી.

'શું?'

'બિલકુલ હલીશ નહીં! આપણી વચ્ચે ત્રણ ફૂટનું અંતર રાખ.' તેણે કહ્યું.

'તું ગાંડી થઈ ગઈ છે? અહીં કોઈ નથી.'

'અહીં નહીં. મારી મૉમ બાજુના રૂમમાં ગાઈ રહી છે, ભગવાનને ખાતર.'

'તે ગાઈ રહ્યાં છે?'

'શટઅપ.' તેણે કૃત્રિમપણે હસી મને થોડુંઘણું કર્ણાટકી સંગીત શીખી લેવા સૂચન કર્યું, 'નહીં, સોફા ઉપરથી ઊભો થઈશ નહીં.' તેણે મને ફ્લાઇંગ કિસ કરી અને હું પાછો સોફામાં બેસી ગયો.

અનન્યા ધીમેથી બોલી, 'ડૅડની બૅન્કમાં ખરાબ સમય ચાલી રહ્યો છે. તેમને પ્રમોશન મળ્યું નથી. આમ તો તેઓ બૅન્ક ઑફ બરોડાના તેમના ડિસ્ટ્રિક્ટના હેડ બનવાના હતા, પણ ગંદા રાજકારણે તેમનો ભોગ લીધો તેથી તેમને રાજકારણ પ્રત્યે ઘૃણા છે.'

તેઓ AIADMK વિશેનો લેખ કેટલા રસપૂર્વક વાંચી રહ્યા હતા તે વાત મેં ન કરી, 'તારો ભાઈ ક્યાં છે?'

'એ તો ઊંઘી ગયો. ભણવા માટે સવારે તે વહેલો ઊઠે છે.'

અમે કોઈકનાં પગલાં સાંભળ્યાં.

'શોભા આન્ટી આગળ સીધો રહેજે. બહુ બોલતો નહીં.' તેણે કહ્યું.

'કેમ?' મેં પૂછયું, ત્યાં અનન્યાનાં મૉમ ફરીથી લિવિંગ રૂમમાં આવ્યાં. તે અને તેમના ગુરુજી મુખ્ય દરવાજા તરફ જઈ રહ્યાં હતાં. આન્ટીના ચહેરા ઉપર નિરાશા હતી.

અનન્યાનાં મૉમ તેમની સાથે તમિલમાં વાત કરી રહ્યાં હતાં ત્યારે ગુરુજી ધીમેથી બોલ્યા, 'ઈલ્લા પ્રૅક્ટિસ?'

ગુરુજીએ તેમનું માથું ધુણાવ્યું અને ચાલ્યા ગયા.

'શું?' અનન્યાએ તેની મૉમને પૂછયું.

'કંઈ નહીં. તારા અપ્પા અને અથાઈ ક્યાં છે? આપણે જમી લઈએ.' અનન્યાની મૉમે ગંભીર અવાજે કહ્યું.

અનન્યાના પિતા અને ફોઈ લિવિંગ રૂમમાં આવ્યાં. તેમણે હાથમાં ઊંચકાય તેના કરતાં વધારે ડીશ પકડી હતી. તેમને મદદ કરવા હું ઊભો થયો, 'હેલ્લો આન્ટી, થોડીક ડીશ લઈ લઉં?'

'પહેલા તારા હાથ ધોઈ નાખ.' અંકલે કહ્યું અને રસોડા તરફ ઈશારો કર્યો.

અમે ડિનર માટે નીચે બેઠાં. અનન્યાના પિતાએ મને કેળનું એક પાન આપ્યું. મને થયું કે મારે આ ખાવાનું છે કે તેનાથી મારા હાથ લૂછવાના છે.

અનન્યા ધીમેથી બોલી, 'નીચે મૂક, તે તારી પ્લેટ છે.'

'રાધા.' શોભા આન્ટીએ કઠોર સ્વરે બૂમ પાડતાં પોતાના કેળના પાન તરફ ઈશારો કર્યો, કારણ કે એક બાજુ તે ગંદું હતું.

'અરે, સૉરી સૉરી.' રાધા આન્ટી બોલ્યાં અને તે પાન બદલી નાખ્યું. આ તો શિપ્રામાસી મારી મૉમનો વાંક કાઢે તેના જેવું જ હતું. ગાંડા સગાંસંબંધીઓ કોઈ પણ સંસ્કૃતિમાં સરખાં જ હોય છે.

અનન્યાએ તેની પ્લેટમાં રાઈસ, સંભાર, વિચિત્ર દેખાતાં શાકભાજી અને બે પ્રકારના બ્રાઉન પાઉડર મૂક્યા અને મેં તેનું અનુકરણ કર્યું.

'આ શું છે?' મેં પૂછયું.

'ગનપાઉડર, ચાખી જો.' તેણે કહ્યું.

મેં તે ચાખી જોયો. તે મરચું ભેળવેલ લાકડાના વેર જેવો લાગ્યો.

'મસ્ત છે ને!'

મેં અનન્યા સામે જોઈને ડોકું ધુણાવ્યું. દરેકે સૌથી પહેલા દરેક વસ્તુના નાનકડા કોળિયા કેળના પાન ઉપર મૂક્યા. તરત જ તેને તેમણે મિક્સ કરી દીધા.

મેં મારા ભાવિ ઈન-લૉઝની નકલ કરવાનો પ્રયત્ન કર્યો અને અનન્યાએ કહ્યું, 'હજુ વધારે મિક્સ કર.'

શોભા આન્ટીએ પહેલી વાર બોલતાં કહ્યું, 'તમે અનન્યાના ક્લાસમેટ છો ને?'

'હા, IIMનો.' મેં કહ્યું.

'IIT સ્ટુડન્ટ?'

મેં હા પાડી. અનન્યાએ કહ્યું હતું કે તેના કુટુંબમાં મારા નાતબહારના દરજ્જામાં, IIT ટૅગ એ જ એકમાત્ર આશાસ્પદ બાબત હતી.

'સુશીલાના કઝીને પણ IIT કરેલું છે રાધા, મેં તને કહ્યું હતું ને? હરીશ સાન ફ્રાન્સિસ્કોમાં રહે છે.'

'કઈ બૅચ?' મેં પૂછયું.

'IIT મદ્રાસ, તારી કૉલેજમાંથી નહીં.' તેમની વાતમાં ભંગ પડવાથી ખિજાઈને શોભા આન્ટી બોલ્યાં.

હું ચૂપ રહ્યો અને જુદાં જુદાં શાકભાજી સામે જોતો રહ્યો અને તેને ઓળખવાનો પ્રયત્ન કરતો રહ્યો. મેં બિન્સ અને કોબીજને હેલ્લો કર્યું.

શોભા આન્ટીએ કહ્યું, 'હરીશનાં પૅરન્ટ્સ તેને પરણાવી દેવા માગે છે. તારી પાસે અનન્યાના નક્ષત્રમ્ છે ને?'

'ના, હજી તો તૈયાર નથી.' અનન્યાનાં મૉમ બોલ્યાં.

'શું કહ્યું, સ્વામી? તારી પત્નીને સારો જમાઈ શોધવો નથી?'

તેઓ આ બધી વાતોની ચર્ચા મારી હાજરીમાં કરી રહ્યા હતા. તે મારા માનવામાં જ આવતું ન હતું. મેં વાતનો વિષય બદલવાની આશા સાથે કહ્યું, 'રાઈસ આવવા દેશો!'

અનન્યાના પિતાએ કહ્યું, 'રાધા, તારે શોભાની વાત સાંભળવી જોઈએ. તેને બહુ ખબર પડે છે.' ભારતીય પુરુષો સહેજ પણ ખચકાટ વગર પોતાની બહેનની હાજરીમાં પોતાની પત્નીઓની ટીકા કરી શકે છે.

શોભા આન્ટીએ તમિલમાં પ્રવચન શરૂ કર્યું અને અનન્યાની મૉમ સંમતિદર્શક ડોકું ધુણાવતાં રહ્યાં. અનન્યાનાં ડૅડ અને મૉમ પણ વચ્ચે વચ્ચે તમિલમાં પ્રતિભાવ આપતાં હતાં. મારી સામે એક તમિલ ફિલ્મ ચાલતી હોય એવો કંટાળો મને લાગવા લાગ્યો.

પાંચ મિનિટ પછી હું ફરીથી બોલ્યો, 'ઍક્સક્યુઝ મી?'

'શું?' અનન્યાના ડૅડે કહ્યું.

'તમે ઇંગ્લિશમાં બોલશો? હું તમારી વાતચીત સમજી શકતો નથી.' મેં કહ્યું.

અનન્યાએ આંચકા સાથે મારી સામે જોયું. તેની આંખો મને આમ નહીં કરવા જણાવી રહી હતી.

'તો પછી તમિલ શીખી લે.' અનન્યાના પિતાએ કહ્યું.

'યસ, સર.' મેં નરમાશથી કહ્યું.

'અને આમ પણ, આમાં તમારે રસ લેવાની જરૂર નથી.' તેમણે ઉમેર્યું.

મેં માથું ધુણાવ્યું. મેં વિવિધ ટૅક્નૉલૉજી કંપનીઓનાં અને છોકરાઓનાં નામ સાંભળ્યાં. મને શોભા આન્ટીના મોં ઉપર મારું કેળનું પાન ઊંધું વાળવાનું મન થયું.

ડિનર પછી તરત જ હું નીકળી ગયો. અનન્યા મને ઑટો સુધી મૂકવા આવી. અમે એકાંત ગલીમાં આવ્યાં ત્યારે અનન્યાએ મારો હાથ પકડયો.

'હું તારી સાથે વાત નથી કરવાનો.' મેં કહ્યું અને તેના હાથમાંથી મારો હાથ છોડાવ્યો.

'શું?' તેણે કહ્યું.

અમે બગીચામાં નાળિયેરના ઝાડવાળા એક બંગલા પાસેથી પસાર થયાં.

'તેઓ તારાં લગ્નનું વિચારી રહ્યા છે. આ નક્ષત્રમ્ કઈ બલા છે?' મેં પૂછયું.

'તે જ્યોતિષશાસ્ત્રનો ચાર્ટ છે. તેઓ કલ્પનામાં રાચી રહ્યા છે, પણ હું તારા સિવાય બીજા કોઈની સાથે લગ્ન કરવાની નથી.'

તેણે મારો હાથ પકડીને ઊંચો કર્યો અને તેને કિસ કરી. મેં ફરીથી હાથ છોડાવી લીધો. મેં એક ઑટો ઊભી રાખી. જો અનન્યા ઑટોડ્રાઈવરની સાથે તમિલમાં વાત નહીં કરે તો મારે બે ગણાં પૈસા ચૂકવવા પડે.

'હું કેવી રીતે તેમને સમજાવું? આ તો અશક્ય છે. તારા પિતા સાથે બેસવું એ તો પ્રિન્સિપાલની ઑફિસમાં મને બોલાવવામાં આવે તેવું છે.'

અનન્યા હસી પડી.

'આ કંઈ હસવાની વાત નથી.'

'તો બીજું શું અને મારી મૉમ કેવી લાગી?'

'કૅમ્પસમાં પણ તેમના ફોટાથી હું બીતો હતો. પછી હકીકતમાં તો વાત જ ક્યાં આવી? તેમની નજરથી જ હું તો મરી જઉં?'

'તેના ફોટાથી તું ડરતો હતો?'

'હા, એટલે તો હું ક્યારેય તારા રૂમમાં આવવા માગતો ન હતો. તારી મૉમના ફોટા જોઈને જ મને તો ધ્રૂજારી આવી જતી હતી.'

'મને એવો વિચાર આવતો હતો કે જાણે કે તે ફોટામાંથી કહેતાં હોય, મારી દીકરી સાથે શું કરે છે?'

અનન્યા ફરીથી હસી પડી. તે બોલી, 'જો આપણે માયલાપોરમાં ન હોત તો મેં તને કિસ કરી લીધી હોત. તું બહુ સરસ લાગે છે.'

'અનન્યા, સીધેસીધું કહે, તારો શું વિચાર છે? તું તારી મૉમ સાથે વાત કરીશ?'

'મૉમ અત્યારે તનાવમાં છે. તેના કર્ણાટકી ટીચરે તેને શીખવવાની ના પાડી છે.'

'કેમ?'

'હું તને પછી કહીશ.'

'આપણે આવતી કાલે મળી શકીએ? પણ ઘરે નહીં હો, બહાર, પ્લીઝ.' મેં કહ્યું.

''મરીના બીચ ઉપર છ વાગે મળજે.' તેણે કહ્યું.

'હું છ વાગે ન આવી શકું. મારો ઍક્સ્ટ્રા-કેરિંગ બૉસ બાલા જ આઠ વાગે નીકળે છે!'

'મેં સાંજે છ વાગે નથી કહ્યું.'

'સવારે છ વાગે?' મને ગળે ડૂમો બાઝી ગયો.

અનન્યા ઑટો ડ્રાઈવર તરફ વળી.

'નુંગામબક્કમ, ટ્વેન્ટી રૂપીઝ, ઍકસ્ટ્રા ઈલ્લાઈ, OK?' તેણે ઑટોવાળાને કહ્યું.

૧૮

મરીના બીચ ઉપરનો સુંદર સૂર્યોદય જોતાં જ સવારે પાંચ વાગ્યે ઊઠવાનું કષ્ટ ભુલાઈ ગયું. માઈલો સુધીના આ લાંબા દરિયાકિનારે સેંકડો લોકો મોર્નીંગ વૉક લઈ રહ્યા હતા.

અનન્યા મને પોલીસ હેડક્વાર્ટર્સ બિલ્ડિંગ પાસે મળી અને તેણે કહ્યું, 'તને ખબર છે એશિયાનો આ સૌથી મોટો શહેરી દરિયાકિનારો છે?'

'તેં મને કહ્યું હતું.' મેં કહ્યું.

'તું ફૉર્મલમાં કેમ આવ્યો છે?'

'હું સીધો કામ પર જઈશ. ટ્રેઈનીએ સાડા સાતે ત્યાં પહોંચી જવાનું હોય છે.' મારા શૂઝ કાઢતાં અને પેન્ટ ઊંચું ચડાવતાં મેં કહ્યું.

'શું કરવા?'

'બૉસની ચમચાગીરી કરવા. જો તમે સારી કામગીરી કરો તો ચમચાગીરી કરવાની ઉપરની સપાટીએ તમને પ્રમોટ કરે. વેલકમ ટુ કૉર્પોરેટ લાઈફ.' મેં કહ્યું.

'મારે હજુ એવું બધું શરૂ થયું નથી. મારે તો દર અઠવાડિયે કૅચઅપની એક હજાર બૉટલ વેચવાની છે. હજુ તો મારે કેટલી બધી બૉટલ્સ વેચવાની બાકી છે.'

'તું ઝડપ કરે તો સારું.' મેં કહ્યું.

'ફની,' તે બોલી અને તેણે મને મુક્કો માર્યો. અનન્યાએ સાઈકલ પર ઈડલીવાળાને જોયો.

'બ્રેકફાસ્ટ?' તેણે મને પૂછયું.

'તેની પાસે ટોસ્ટ નથી?'

'બહુ ચાળા ન કર.' તેણે કહ્યું. અમે ચાર ઈડલી લીધી અને કિનારા પાસે એક બૅન્ચ ઉપર બેઠાં. તેણે તેની મૉમ વિશે વાત કરી, 'ગુરુજીએ મૉમને શિષ્યા તરીકે સ્વીકારી નહીં. કારણ કે તેમને એવું લાગ્યું કે તેને શીખવાની બહુ લગની નથી.'

'તે ખરેખર સારું ગાતાં નથી?' મેં પૂછયું. જોકે ગઈ રાતની તેમની ચિચિયારીઓ ઉપરથી હું તો એવું કહી જ શકું તેમ હતો.

'તે ચેન્નાઈના સ્ટાન્ડર્ડ પ્રમાણે બરાબર નથી. તમિલનાડુની બહાર ડૅડનું પોસ્ટિંગ નાનાં શહેરોમાં હતું. ત્યાં તમિલ સમુદાયમાં મૉમ સ્ટાર બની ગઈ હતી. અહીં તો તે ઠીક ઠીક ગણાય. ચેન્નાઈના કર્ણાટકી સંગીતનું સ્તર બહુ ઊંચું છે.'

મને જાણે કે વાત સમજાઈ હોય તે રીતે મેં પ્રતિભાવ આપ્યો.

'મારાં પૅરન્ટ્સ બહુ ઉત્સાહથી ચેન્નાઈ આવ્યાં, પણ હવે ડૅડનું પ્રમોશન અટકી ગયું. નાનાં-મોટાં સગાંસંબંધીઓ સતત આવતાં-જતાં રહે છે. આ બધાની વચ્ચે, તેમની પુત્રી તેમના ઉપર એક નોન-બ્રાહ્મીન, નોન-તમિલ, પંજાબી બૉય લાદવા માગે છે. અલબત્ત, તેઓ માની જશે. આપણે ધીરજ રાખવી પડશે. ક્રિશ, તેઓ પણ મને ગમે છે.' તેણે કહ્યું અને શ્વાસ લેવા માટે અટકી.

અમારા ચહેરા ઉપર હવાની હળવી લહેર ફેલાઈ ગઈ. તેણે તેનું માથું મારા ડાબા ખભા ઉપર ઢાળી દીધું. મેં તેના વાળમાં હળવેકથી હાથ ફેરવ્યો. બંગાળના અખાતમાંથી સૂર્ય ધીમે ધીમે ઊગી રહ્યો હતો. પહેલા તેનો રંગ લાલ હતો અને ધીમે ધીમે તે સહેજ નારંગી રંગનો થઈ રહ્યો હતો. મારો હાથ અનન્યાને વીંટળાઈ ગયો. મારી ટાઈ અને ફૉર્મલ પેન્ટ સાથે હું એક સેલ્સમૅન જેવો લાગતો હતો કે જેની પાસે તેની ગર્લફ્રેન્ડને લઈ જવા માટે કોઈ જગ્યા ન હતી.

એકાદ મિનિટ માટે ક્ષિતિજ તરફ તાકી રહ્યા બાદ અનન્યા બોલી, 'તારે મારા ઘરે નિયમિતપણે આવવાનો એકમાત્ર આઈડિયા છે.'

'શું?'

'મારા ભાઈ માટે IIT ટયૂશન્સ. એના માટે તેઓ કંઈ પણ ચલાવી લેશે.' તેણે કહ્યું.

હું તેનાથી દૂર ખસ્યો અને સીધો જ ઊભો થઈ ગયો.

'તું ગાંડી થઈ ગઈ છે? મેં IIT માટે આઠ વર્ષ પહેલાં તૈયારી કરી હતી. આટલો સમય બાદ હું તેને શીખવી શકું નહીં.'

'મને ખાતરી છે કે તું નોટ્સ રિવાઈઝ કરીને તેને મદદ કરી શકે. મારાં પૅરન્ટ્સ સાથે તારો મેળ તો પાડવો પડશે. ત્યાર પછી જ હું તેમને આપણી વાત ગંભીરતાથી વિચારવા કહી શકું.'

મેં કોપરાની ચટણીમાં મારી ઈડલી બોળીને ખાઈ લીધી.

મને નાસ્તામાં મારી મૉમના ગરમાગરમ પરાઠા યાદ આવ્યા.

તેણે મારા હોઠ ઉપરથી ચટણી લૂછતાં પૂછયું, 'તું મને પ્રેમ કરે છે?'

મેં તેને કિસ કરી. હું તેને બે મહિના બાદ કિસ કરી રહ્યો હતો. એક મિનિટ માટે તો મેં તેને છોડી જ નહીં. હું વિચારવા લાગ્યો કે આ કૅમિસ્ટ્રી માટે તો ગમે ત્યારે IITની કૅમિસ્ટ્રી રિવાઈઝ કરીશ.

'એઈ!' અમારી પાછળથી કઠોર અવાજે એક ચીસ સંભળાઈ.

હું પાછળ ફર્યો. પોલીસ કરતાં વિલન જેવો વધારે દેખાતો એક ફાંદાળો તમિલ પોલીસ ઝડપથી અમારી તરફ આવ્યો, 'આ બધું શું છે?' તે બોલ્યો અને તેણે તેનો ડંડો બેન્ચ ઉપર પછાડયો. અમે બંને એકદમ ઊભાં થઈ ગયાં.

અનન્યા મારી પાછળ સંતાઈ ગઈ.

'અરે યાર... આનાથી છુટકારો મેળવ.' તેણે કહ્યું.

પોલીસ મારી સામે તમિલમાં બરાડયો. નિ:સહાય એવા મેં અનન્યાને તે ટ્રાન્સલેટ કરવા કહ્યું.

'તે આપણને પોલીસ સ્ટેશન લઈ જવા માગે છે. તે કહે છે પોલીસ હેડક્વાર્ટર્સની બહાર જ આવું કરવાની આપણે હિંમત કરી છે.'

'તેમણે બીચની સામે જ શા માટે પોલીસ સ્ટેશન રાખ્યું છે?' મેં પૂછયું.

'શટઅપ અને તેને રૂપિયા આપીને ભગાવ.' તેણે ધીમેથી કહ્યું.

મેં એને વીસ રૂપિયા આપ્યા.

'ઈલ્લા, ઈલ્લા...' પોલીસે બૂમો પાડવાનું ચાલુ રાખ્યું અને મારો હાથ પકડી લીધો.

મેં પચાસની નોટ કાઢી. તેણે મારી અને અનન્યાની સામે જોયું.

'વૉર્નિંગ,' એવું બોલીને તેણે નોટ લઈ લીધી.

પોલીસના ગયા પછી અનન્યા હસી પડી.

'એમાં હસવા જેવું શું છે?' મેં કહ્યું અને મેં ફરીથી મારા શૂઝ પહેર્યા અને પેન્ટ નીચે ઉતાર્યું, 'આપણે મારી રૂમ પર મળી શકીએ, પ્લીઝ?'

'થોડાક સમય પૂરતું હું દરરોજ ચેન્નાઈની બહાર જઉં છું અને મોડી પાછી આવું છું.' તેણે કહ્યું.

'વીકઍન્ડ?'

'હું પ્રયત્ન કરીશ.' તેણે કહ્યું, 'તું મને ચિકન ખવડાવીશ ને? મારે ક્યારનુંય નૉનવેજ ખાવું છે અને બિયર પણ લાવજે.'

'OK' મેં વચન આપ્યું. મારા બિલ્ડિંગમાં માત્ર શાકાહારીઓ માટેનો જ નિયમ હતો, પણ જો હું કંઈક તૈયાર વસ્તુ બહારથી લાવું તો તેમને ખબર પડે નહીં.

અમે બંને જુદી જુદી ઑટોમાં બેઠાં. તેણે તેની સાઈડ વિન્ડોમાંથી મને કહ્યું, 'અને હું મારાં પૅરન્ટ્સને ટયૂશન અંગે વાત કરીશ. અઠવાડિયામાં બે વખત, પાંચ વાગે?'

'સવારે પાંચ વાગે? આ શહેરમાં દરેક જણ વહેલા ઊઠી જવા કેમ આટલા બધા આતુર હોય છે!'

'બધા એટલા વાગે જ ટયૂશન માટે જાય છે.' તે બોલી અને નીકળી ગઈ.

ચેન્નાઈમાં ભારે હાડમારી સાથે વિતાવેલાં બે અઠવાડિયાં રાહ જોયા પછી, છેવટે એક શનિવારે લંચ માટે મારી રૂમ ઉપર આવવાનું અનન્યાએ નક્કી કર્યું. એક વીકઍન્ડમાં અનન્યાની મૉમ બીમાર થઈ ગઈ હતી અને અનન્યાએ ઘરમાં બધાં માટે રસોઈ બનાવવી પડતી હતી. તેની મૉમ તરફથી તેને ઠપકો પણ મળ્યો હતો. રસોઈ બરાબર બનતી ન હતી, કેમ કે અનન્યાનો રસોઈકળાનો અનુભવ મારા રૂમમાં મૅગી બનાવવા પૂરતો અને કપડાંની ઈસ્ત્રી વડે પાપડ બનાવવા (હા, ઈસ્ત્રીથી પાપડ શેકાય છે) પૂરતો મર્યાદિત હતો. પરિણામે શોભા આન્ટીએ અનન્યાની મૉમને પણ ઠપકો આપ્યો હતો અને તેમની દીકરીનો બરાબર ઉછેર નહીં કરવા બદલ તેમને દોષિત ઠેરવ્યાં હતાં. આ ઠપકો નીચે ઊતરતો ઊતરતો અનન્યા સુધી પહોંચ્યો અને પરિણામે ત્યાર પછીના વીકઍન્ડમાં અનન્યાએ શોભા આન્ટીને જ્વેલરી અને સાડી શૉપિંગ માટે લઈ જવા પડયાં હતાં.

દરમિયાનમાં મેં બ્રિલિયન્ટ ટ્યૂટોરિયલ્સની મુલાકાત લીધી અને IIT ઍક્ઝામ ગાઈડ્ઝ લઈ આવ્યો હતો. કોર્સ મટિરિયલ્સ એટલું અઘરું હતું કે મારા માન્યામાં આવતું ન હતું. ભૂતકાળમાં હું તે ભણી શક્યો તેનું એકમાત્ર કારણ એ જ હતું કે તેના લીધે હું મારું ધ્યાન મારા પૅરન્ટ્સના ઝઘડાથી દૂર રાખી શકતો હતો. મારા સૌપ્રથમ ક્લાસ માટે મેં કૅમિસ્ટ્રી રિવાઈઝ કરી.

ચિકન અને બિયર લાવવાના શ્રેષ્ઠ રસ્તા શોધવા હું મારા પડોશી સરદારજી પાસે પણ જઈ આવ્યો.

'કોણ આવે છે? પંજાબી ફ્રૅન્ડ્ઝ?' તેમણે પૂછયું.

'ઑફિસના લોકો.' તેમને આવતા રોકવાના ભાવથી મેં કહ્યું.

'જ્યારે તેમને તમે લિફ્ટમાં લઈ જાવ ત્યારે ધ્યાન રાખજો.' તેમણે કહ્યું.

તેમના કહ્યા મુજબ, હું મારા ઘેરથી એક કિ.મી.થી પણ ઓછા અંતરે આવેલા નુંગામબક્કમના દિલ્હી ઢાબા ઉપર ગયો. મેં તંદૂરી ચિકનનું ત્રણ ગણું પૅકિંગ કરાવ્યું કે જેથી સહેજ પણ ગંધ આવે નહીં. હું સરકાર માન્ય લિકર શૉપ પર ગયો, જ્યાં મારી વય નક્કી કરવામાં તેમને મુશ્કેલી પડી, 'તમારી ઉંમર પચીસ વર્ષની છે?'

'ના, પણ બહુ ઝડપથી થઈ જશે.' મેં કહ્યું.

'તો પછી અમે તમને આપી શકીએ નહીં.' દુકાનદારે કહ્યું.

'બૉટલ ઉપર દસ રૂપિયા વધારે આપું તો પણ નહીં?'

આપણા દેશમાં પૈસાથી જે રીતે નિયમોમાં છૂટછાટ મળી જાય છે તે આશ્ચર્યજનક છે. દુકાનદારે ત્રણ બૉટલ્સ બ્રાઉન પેપરમાં પૅક કરી અને તેને પણ મેં એક પ્લાસ્ટિકની બૅગમાં મૂકી દીધી કે જેથી કોઈને તેના આકારની ખબર ન પડે.

'આમાં શું છે?' મેં જ્યારે પૅકેટ નીચે મૂક્યું ત્યારે બૉટલનો અવાજ આવતાં લિફ્ટમૅને મને પૂછ્યું.

'લેમન સ્કવૉશ.' મેં કહ્યું.

'તેના બદલે તમારે નાળિયેર પાણી પીવું જોઈએ.' લિફ્ટમૅને કહ્યું.

આખરે હું મારા ફ્લૅટ પર પહોંચી ગયો. રામાનુજને મને ફ્રીઝમાં બૉટલ મૂકતો જોયો, 'એ શું છે?' તેણે લુંગી પહેરી હતી અને ઉપર કશું જ પહેર્યું ન હતું.

'બિયર.' મેં કહ્યું.

'મૂરખ, આ બિલ્ડિંગમાં આલ્કોહૉલ લાવી શકાતો નથી.' તેણે કહ્યું.

'મારી ગર્લફ્રૅન્ડ આવવાની છે. તેના માટે લાવ્યો છું.' મેં કહ્યું.

'તારી ગર્લફ્રૅન્ડ છે?' રામાનુજને પ્રશ્ન એ રીતે દોહરાવ્યો જાણે કે મારે દસ પત્નીઓ હોય. મારી સાથે ફ્લૅટમાં રહેતા અન્ય કોઈ કલીગને ગર્લફ્રૅન્ડ ન હતી. તેઓ સૌ ક્વૉલિફાઈડ, સારા પગારદાર તમિલ સિટી બૅન્કર્સ હતા, જેમની ટૂંક સમયમાં તેમના પૅરન્ટ્સ દ્વારા હરાજી કરવામાં આવનાર હતી.

'હા, મારી કૉલેજની.' મેં કહ્યું.

મારા રૂમના અન્ય સાથીદારો લિવિંગ રૂમમાં આવ્યા. તેમનામાંથી કોઈએ શર્ટ પહેર્યું ન હતું. મેં બિયર અંગે વધુ વાતચીત ટાળવા ફ્રીઝ બંધ કરી દીધું.

'તે ચેન્નાઈ આવી રહી છે?' સેન્ડિલે કહ્યું.

'તે અહીં રહેશે? તે અહીં રહી શકે નહીં.' અપ્પાલીંગમ બોલ્યો.

'તે ચેન્નાઈમાં જ રહે છે.' મેં કહ્યું.

છોકરાઓ એકબીજા સામે જોઈ રહ્યા.

'તમિલિયન?' રામાનુજને પૂછયું.

'હા.' મેં કહ્યું, 'તમિલ બ્રાહ્મણ' મેં તેમને તેમનો આંચકો તરત જ ઊતરી જાય તે માટે છેલ્લા બે શબ્દો ઉમેર્યા.

'વાઉ!' ત્રણેય એકસાથે બોલ્યા.

'તે બિયર પીએ છે?' રામાનુજને પૂછયું.

'હા.' મેં કહ્યું અને ચિકનને બાઉલમાં કાઢયું.

'અને ચિકન પણ? તે કેવા પ્રકારના બ્રાહ્મણ છે?' સેન્ડિલે કહ્યું, 'મૂરખ, આ ઘરમાં નૉનવેજ કેમ લાવ્યો?'

'આ મારું પણ ઘર છે.' મેં કહ્યું.

'પણ અહીં કેટલાક નિયમો છે.' તેણે કહ્યું.

આ શહેરના લોકોને કોણ જાણે કેમ નિયમો ગમે છે, અથવા તો કહો કે નિયમોને અનુસરવાનું ગમે છે. સિવાય કે તમે પોલીસ કે લિકર શૉપ ઍટેન્ડન્ટ કે ઑટો ડ્રાઈવર હો.

'ભલે, વાંધો નહીં સેન્ડિલ.' રામાનુજને કહ્યું.

'થૅંક્સ.' મેં કહ્યું અને ચિકન ફ્રીઝમાં મૂક્યું, 'અને હા, એ આવે ત્યારે મહેરબાની કરીને શર્ટ પહેરી લેજો.'

અનન્યા બે વાગે આવી. મેં નમ્રતાપૂર્વક તેને લિવિંગ રૂમમાં આવકારી. તેણે મારા રૂમ પાર્ટનરને હેલો કર્યું ત્યારે તેમણે એકબીજા સામે શરમાઈને જોયું. સેન્ડિલે તેની સાથે તમિલમાં વાત કરી. મેં જોયું છે કે, માત્ર તમિલમાં જ વાત કરીને તમિલો નૉન-તમિલોને ખીજવવાની આદત ધરાવે છે. આમ તેમના શાંત, અરે દબાયેલા વ્યક્તિત્વમાં બળવાખોરીનો આ જ એક અંશ છે. છેવટે તે જ્યારે મારા બેડરૂમમાં આવી ત્યારે મેં તેને પાછળથી દબોચી દીધી.

'પહેલા આપણે જમી લઈએ? મહિનાથી મેં ચિકન ખાધું નથી.'

'મેં ચાર મહિનાથી સેક્સ માણ્યું નથી.' મેં કહ્યું, છતાં પણ તેણે બહાર જઈને ફ્રીઝ ખોલ્યું.

'અરે વાહ, તું બિયર લાવ્યો છે, સુપર્બ!' તેણે એક બૉટલ કાઢી.

તેણે મારા રૂમ પાર્ટનર્સને બિયર ઑફર કર્યો, પણ તેમણે ના પાડી. અમે ચિકન અને બિયર લઈને ફરી પાછા મારા બેડરૂમમાં ગયાં. અમે એક આખું ચિકન ઝાપટી ગયાં અને બિયરની બે બૉટલ્સ પણ પૂરી કરી દીધી. જોકે હું નહોતો ઈચ્છતો કે મારા રૂમ પાર્ટનર્સ આવા પાપના સાક્ષી બને.

'અને હવે ડેઝર્ટ.' એમ કહીને હું તેની નજીક ગયો.

'જો હું ઓડકાર ખાઉં તો પણ અટકતો નહીં.' કહીને તે તેના હોઠ મારા હોઠની નજીક લાવી.

મેં ઓડકાર ખાધો. તેણે મને લાફો માર્યો. અમે વારંવાર અને ઘણા સમય સુધી એકબીજાંને તસતસતાં ચુંબન કરતાં રહ્યાં. અમારી સંવનનની ક્રિયા આ વખતે અત્યંત ગાઢ હતી અને તે માત્ર એટલા માટે નહીં કે અમે બહુ સમય પછી તેમ કરી રહ્યાં હતાં, પણ અમે આ શહેરમાં આવું પહેલી વાર કરી રહ્યાં હતાં.

અમે કામ પતાવ્યા પછી પડયાં રહ્યાં હતાં ત્યારે અનન્યા બોલી, 'મિ. સિટી બૅન્કર, આપણે કોઈ ગાડી પકડવાની નથી. હવે બીજી વખત વધારે ધીમેથી અને હળવેથી.' હું અર્ધતંદ્રાવસ્થામાં સરી રહ્યો હતો અને મેં નિસાસો નાખ્યો.

'કેમ ચૂપ થઈ ગયો. કંઈક બોલ. પુરુષોને માત્ર સેક્સ જ જોઈએ.' તે બોલી અને તેણે મારા પગને લાત મારી.

'હા, અને એટલે જ હું સવારે પાંચ વાગે તારા ભાઈને ભણાવવા તૈયાર થયો છું. તારે મારી કૅમિસ્ટ્રીની નોટ્સ જોવી છે?' હું બેઠો થયો. કપડાં પહેર્યાં અને ડ્રોઅરમાંથી ટ્યૂટોરિયલ્સ બહાર કાઢયા. મેં કહ્યું, 'કાલે રાત્રે ચાર કલાક હું આ બધું વાંચી ગયો.'

'સો સ્વીટ.' તે બોલી અને મારા ગાલે કિસ કરવા નજીક આવી, 'ચિંતા ન કર. મારાં પૅરન્ટ્સને પણ બહુ જલદી ખ્યાલ આવી જશે કે તું કેટલો મજાનો છે અને ત્યાર પછી તેમને પણ તું ગમવા લાગીશ.'

'તેઓ મારી સાથે સૂઈ જશે?' કહીને હું તેની બાજુમાં સૂઈ ગયો. તેણે મારા પેટમાં કોણી મારી.

'મને વાગે છે યાર.' મેં કહ્યું.

'એ જ લાગનો છે.' તેણે મારી આંખોમાં જોયું. તેની નજર કૂણી પડી ગઈ હતી, 'મને ખબર છે કે આ ટ્યૂશન તારા માટે અઘરું છે. મારાં પૅરન્ટ્સ વિચિત્ર છે, પણ આપણે હાર નહીં માનીએ, ખરું ને?'

'હું તો હાર નહીં માનું.' મેં તેના વાળને રમાડયા.

'આ કેટલી ગજબની વસ્તુ છે. શું આ નિકટતા છે, તે સેક્સ કરતાં વધારે સારી નથી?'

'હું એવું ન કહી શકું.' મેં કહ્યું અને મેં પંખો ફાસ્ટ કર્યો.

'અમે તો ક્યારેય વાતચીત કરતા જ નથી.' અનન્યાએ કહ્યું, 'મારા ઘરે, મારાં મૉમ અને ડૅડ તો ભાગ્યે જ વાત કરે છે. અમે ન્યૂઝ, ફૂડ અને વેધર એ બધાં વિશે વાતો કરીએ છીએ, પણ અમે ક્યારેય અમારી લાગણીઓ વિશે વાત નથી કરતા. એવી વાતો હું માત્ર તારી સાથે જ કરું છું.'

હું ચૂપ રહ્યો. તેણે બેઠાં થઈ કપડાં પહેર્યાં. અને નીચે પડેલાં ઓશીકાં ઉપાડીને બેડ પર મૂકવા જતી'તી અને મેં તેનો હાથ ખેંચી મારી પાસે બેસાડી.

'તું મને તારી સાથે ભાગી જવાનું કેમ નથી કહેતો?' તેણે પૂછયું.

'તું એવું ઇચ્છે છે? જો હું તને મારી સાથે ભાગીને લગ્ન કરવાનું કહું તો તું શું કરે?'

'મને ખબર નથી કે હું શું કરું. હું મારાં મમ્મી-પપ્પાને ઠેસ પહોંચાડવા માગતી નથી. જોકે પંજાબી સાથીદાર શોધીને હું ઠેસ તો પહોંચાડી જ ચૂકી છું, પણ મને લાગે છે કે આપણે તેમને સમજાવી શકીશું. મારાં લગ્નના દિવસે હું તેમને હસતા જોવા માગું છું. હું નાની હતી ત્યારથી, મારાં લગ્ન વિશે હું આવી જ કલ્પના કરું છું. તને શું લાગે છે?'

મેં એક મિનિટ માટે વિચાર કર્યો, 'હું પણ ભાગીને લગ્ન કરવા માગતો નથી.' મેં કહ્યું.

'કેમ?'

'એ તો બહુ સહેલું છે, પણ તેમાં કોઈ મહાન સિદ્ધિ નથી.' અનન્યા બેડમાંથી ઊભી થઈ અને અમારી વાતચીત ચાલુ હતી તે દરમિયાન તેણે ચિકનના વધેલા ટુકડા ખાધા.

'મહાન સિદ્ધિ?'

'હા, અને આવા મૂર્ખામીભર્યા પૂર્વગ્રહો અને ભેદભાવને લીધે જ આપણો દેશ આટલો પાછળ રહી ગયો છે. અહીં તો તમિલ પહેલા અને ભારતીય પછી, પંજાબ પહેલા અને ભારતીય પછી એવી જ પરિસ્થિતિ છે. આનો અંત આવવો જ જોઈએ.'

અનન્યા મારી સામે જોઈને મને જાણે કે ઉશ્કેરતી હોય તેમ બોલી, 'બોલ, બોલ આગળ બોલ.'

મેં ચાલુ રાખ્યું, 'રાષ્ટ્રગીત, રાષ્ટ્રીય ચલણ, રાષ્ટ્રીય ટીમ – અને આમ છતાં આપણાં સંતાનોને બીજાં રાજ્યોમાં પરણાવાતાં નથી. આવી અસહિષ્ણુતા આપણા દેશ માટે કેવી રીતે સારી હોઈ શકે?'

અનન્યા મલકી, 'તને શું ચઢયું છે? ચિકન, બિયર કે પછી સેક્સ? મારાં વખાણ કર અને સેક્સ ચઢયું છે એવું કહે ને!'

'હું સિરિયસ છું, અનન્યા. બદી દૂર થવી જોઈએ.'

'અને હા, આપણે તે કેવી રીતે દૂર કરીશું?'

'આપણાં બાળકોની કલ્પના કર.'

'અરે, મેં તો ઘણી વખત કલ્પના કરી છે. તેમનો ચહેરો મારા જેવો હોય અને માત્ર આંખો જ તારા જેવી હોય.' તેણે કહ્યું.

'અરે, એવું નહીં. આ બાબત વિશે વિચાર કર – તેઓ તમિલ કે પંજાબી નહીં હોય. તેઓ ભારતીય હશે. તેઓ આ બધી વાહિયાત વાતોથી પર હશે. જો તમામ યુવાનો તેમના સમુદાયની બહાર લગ્ન કરે તો તે દેશ માટે સારું થશે અને એ જ મોટી સિદ્ધિ છે.'

'એમ વાત છે, તો તું તારા દેશને ખાતર મારી સાથે સૂઈ જાય છે?!' તેણે કહ્યું.

'ખેર, અમુક રીતે, હા.' મેં તોફાની સ્મિત કર્યું.

તેણે ઓશીકું લઈને મારા માથા પર માર્યું અને ત્યાર બાદ મારા દેશ ખાતર, અમે ફરીથી મજા કરી.

'બારણું ખોલ ક્રિશ.' રામાનુજનના ચિંતાસભર અવાજ અને દરવાજા ઉપરના ટકોરાના લીધે હું મારી ઊંઘમાંથી જાગી ગયો.

૧૯

અનન્યા મારી બાજુમાં સૂતી હતી અને મને બિયરનું ઘેન હતું. ત્યાં રામાનુજને બારણું

ખખડાવવાનું ચાલુ રાખ્યું.

'શું છે?' મેં બારણું ખોલ્યું.

'હું પાંચ મિનિટથી ખખડાવું છું.' રામાનુજને કહ્યું, 'બહાર આવ, મકાનમાલિક આવ્યા છે.'

'મકાનમાલિક?'

'હા, તેમની સાથે સારી રીતે વર્તજે. નુંગામબક્કમમાં રહેવાની આ છેલ્લી તક છે. તે અહીંથી આપણને બહાર ન કાઢે!'

'શું થયું?' મેં પૂછયું.

'પહેલા બહાર આવ.'

મેં બારણું બંધ કર્યું અને કપડાં પહેર્યાં.
'અનન્યા,' મેં કહ્યું.
'મને ઊંઘ આવે છે.' કહી તેણે મને બેડમાં પાછો ખેંચવાનો પ્રયત્ન કર્યો.
'મકાનમાલિક આવ્યા છે.' મેં કહ્યું. મેં તેને જોરથી હલાવી તો પણ તે કંઈ બોલી નહીં.
'તારા અપ્પા આવ્યા છે.' મેં કહ્યું.
તે બેડમાં ઊછળી પડી અને બોલી, 'શું કહ્યું?'
'બહાર આવ. મારા મકાનમાલિક આવ્યા છે.' મેં કહ્યું.
હું લિવિંગ રૂમમાં ગયો. મારા રૂમ પાર્ટનર્સ ડાઈનિંગ ટેબલ ઉપર બેઠા હતા. અમારા ૬૦ વર્ષીય મકાનમાલિક મિ. પુન્નુ સૌથી મોટી ખુરશી ઉપર બેઠા હતા. તેમનો ચહેરો કાયમ ઉદાસ રહેતો હોય તેવું લાગતું'તું.
હું તેમની બાજુમાં બેઠો. કોઈ કંઈ બોલ્યું નહીં.
'હાય, ગાઈઝ.' અનન્યા પાંચ મિનિટ પછી બહાર આવી, 'તમારે ચા પીવી છે? હું બનાવી લાવું.' કહીને તેણે રસોડા તરફ જવા માંડયું.
'અનન્યા, આપણે પછી મળીએ.' મેં કહ્યું.
અનન્યાએ આંચકા સાથે મારી સામે જોયું. તે પરિસ્થિતિ પામી ગઈ અને ડાઈનિંગ ટેબલ ઉપરથી તેની બૅગ ઉપાડતાં બોલી, 'હું જાઉં છું.'
અનન્યાના ગયાં પછી મિ. પુન્નુ ઊભા થયા. તેમણે ભારે મહેનતપૂર્વક તેમનું નાક ખેંચી ખેંચીને સૂંઘ્યા કર્યું. તેમણે મારા રૂમમાં ડોકિયું કર્યું, 'ચિકન?' તેઓ બરાડી ઊઠયા.
હું કંઈ બોલ્યો નહીં. મારા બેડની બાજુમાં બિયરની બૉટલ્સ પડેલી હતી.
'લેડીઝ?' તેમણે કહ્યું.
'તે HLLમાં કામ કરે છે.' મેં કહ્યું. પણ મને એ ખબર ન પડી કે મારે તેનું કૉર્પોરેટ સ્ટેટ્સ જણાવવાની શું જરૂર હતી?
'ચિકન, બિયર, લેડી ફ્રૅન્ડ્ઝ – આ બધું અહીં શું ચાલી રહ્યું છે?' તેમણે કહ્યું.
મારે કહેવું હતું કે મોજમજા ચાલે છે, પણ હું બોલ્યો નહીં. આમ પણ પુરુષો આ ત્રણ વસ્તુઓ માટે તો જીવે છે કે મરે છે.
સૌ ચૂપ રહ્યા. મને આશ્ચર્ય થયું કે આ બધું કોણે કહી દીધું. મારા રૂમ પાર્ટનર્સ કંઈ મારા મિત્ર ન હતા, પણ તેઓ આવું કંઈ કરે તેવી મને અપેક્ષા પણ ન હતી. કદાચ વૉચમૅન હશે.
પુન્નુએ ભારેખમ તમિલ વિચારો સાથે કહ્યું, 'મેં તમારી પાસેથી આવી અપેક્ષા રાખી ન હતી.'
'એ મારો વાંક છે. હું મારી ગર્લફ્રૅન્ડ માટે ચિકન અને બિયર લાવ્યો હતો.' મેં કહ્યું.
'ગર્લફ્રૅન્ડ?' જાણે કે હું શુદ્ધ સંસ્કૃતમાં બોલ્યો હોઉં તેમ પુન્નુએ કહ્યું.
'તે મારી બૅચમેટ છે. સરસ છોકરી છે.' મેં કહ્યું.
મિસ્ટર પુન્નુ ઉપર તેની કંઈ ખાસ અસર થતી જણાઈ નહીં.
'તે તમિલ બ્રાહ્મણ છે.' મેં કહ્યું.
'અને તમે?'
'પંજાબી.' મેં કહ્યું અને યંત્રવત્ મારું માથું નીચે નમી ગયું.
'એ તારી સાથે આ રીતે ફરતી હોય તો તે કેવી રીતે સારી છોકરી કહેવાય?' મિસ્ટર પુન્નુએ પૂછયું.
તેમની વાત સાચી હતી. મેં વિષય બદલવાનું વિચાર્યું.
'મિસ્ટર પુન્નુ, આ બૉર્ડિંગ સ્કૂલ નથી. અમે બધાં પ્રૉફેશનલ્સ છીએ અને અમે અમારા ઘરમાં જે કંઈ કરીએ છીએ તેની સાથે...'
મિસ્ટર પુન્નુએ તેમની મુઠ્ઠી ટેબલ ઉપર પછાડી, 'આ મારું ઘર છે.'
'હા, પરંતુ તમે અમને તે લીઝ ઉપર આપ્યું છે. ટૅક્નિકલી તો અમે તમને અંદર આવતાં રોકી શકીએ છીએ.'
મિસ્ટર પુન્નુ હબક ખાઈ ગયા. રામાનુજને બાજી સંભાળી લેવી પડી, 'તેને ખબર નથી,

મિસ્ટર પુન્નુ, તે નવો આવેલો છે અને તમે તેને કહ્યું ન હતું કે આ વેજિટેરિયન બિલ્ડિંગ છે અને અહીં આલ્કોહૉલની પાબંદી છે.'

'એક ટીપું પણ નહીં.' મિસ્ટર પુન્નુએ કહ્યું, 'હું મારી જિંદગીમાં આલ્કોહૉલને અડયો પણ નથી.'

મિસ્ટર પુન્નુ એવા જ દેખાતા હતા કે જેઓ તેમની જિંદગીમાં વાઈન કે વુમનને સ્પર્શ્યા નથી, પરંતુ તે બંનેની તેમને સખત જરૂર હતી.

'માફી માગ.' રામાનુજને મને કહ્યું.

મેં આજુબાજુ નજર નાખી. તમિલિયનો મને LTTEની જેમ ઘેરી વળ્યા. મારી પાસે કોઈ વિકલ્પ ન હતો, 'આઈ એમ સૉરી.' મેં કહ્યું.

'હવેથી કોઈ લેડીઝ ન જોઈએ.' મિસ્ટર પુન્નુએ આંગળી હલાવતાં કહ્યું.

'અને બિયર અને ચિકન પણ?' મેં પૂછયું.

'એની તો પહેલેથી જ છૂટ નથી.' સેન્ડિલે કહ્યું. મારી આજુબાજુના દરેકે ડોકું ધુણાવ્યું. જાણે કે તેમની જિંદગી કેમ જીવવી તેના નિયમો નક્કી કરવાની તાતી જરૂર હોય તેવું મને લાગતું હોય.

મને એવો વિચાર આવ્યો કે બીજી વખત હું અનન્યાને ક્યાં લઈ જઈશ?

૨૦

અનન્યાનો નાનો ભાઈ મંજુનાથ દૃઢ વિશ્વાસથી બોલ્યો, 'કૅમિસ્ટ્રી તો મને ફાવે છે. મારે ફિઝિક્સમાં મદદની જરૂર છે.' તે બોલતો હતો ત્યારે તેના કપાળ ઉપરની ભસ્મની ત્રણ રેખાઓ સાથે તાલ મિલાવતી હોય તેમ તેની ભ્રમર ઉપર-નીચે થતી હતી.

હું મારા સૌપ્રથમ ક્લાસ માટે આવ્યો હતો. અનન્યા આગલી રાતે જ એક અઠવાડિયાની સેલ્સ ટ્રીપ માટે મદુરાઈ જવા નીકળી ગઈ હતી. વહેલા ઊઠવાને લીધે મારું માથું ભમી રહ્યું હતું. અનન્યાની મૉમે મંજુના રૂમમાં કૉફી મોકલી હતી. જોકે તેનાથી કંઈ ફેર પડયો નહીં. મેં માત્ર કૅમિસ્ટ્રી જ વાંચ્યું હતું તે હકીકતથી પણ કોઈ ફેર પડયો નહીં.

'કંઈ વાંધો નહીં, આપણે કૅમિસ્ટ્રી રિવાઈઝ કરીએ.' એમ કહી મેં મારી પાસેની નોટ્સ ખોલી.

'હાઈડ્રોકાર્બન્સ?' મારી નોટ્સ જોતાં તેણે કહ્યું, 'એ તો મેં ત્રણ વખત કર્યું છે.'

મેં તેને એક પ્રૉબ્લેમ આપ્યો અને બે મિનિટમાં તેણે તે સોલ્વ કરી નાખ્યો. મેં તેને વધારે અઘરો પ્રૉબ્લેમ આપ્યો અને તે પણ તેણે બે મિનિટમાં સોલ્વ કરી નાખ્યો. બાજુના રૂમમાં એક ટેપ વાગતી હતી. તે લશ્કર તરફ કૂચ કરતી મહિલાઓના સમૂહગાન જેવી લાગતી હતી.

'એમ. એસ. સુબ્બુલક્ષ્મી.' મારી ચિંતાતુર અભિવ્યક્તિ જોતાં મંજુ બોલ્યો, 'ભક્તિસંગીત.'

આ નાનકડા આઈન્સ્ટાઈનને અઘરો પડે તેવો પ્રૉબ્લેમ શોધવા મેં કૅમિસ્ટ્રી બૂકનાં પાનાં ઊથલાવ્યાં.

તેણે કહ્યું, 'દરેક તમિલિયન સવારે આ વગાડે છે.'

મને વિચાર આવ્યો કે અમે પરણી જઈએ પછી અનન્યા અમારા ઘરમાં આવું સંગીત વગાડશે કે કેમ? આ અવાજથી તો મારી મૉમને ગંભીર આઘાત લાગી શકે છે. પસાર થતી દરેક મિનિટ સાથે મંત્રોચ્ચાર વધુ ને વધુ મોટો થતો જતો હતો.

'IIT કેવું છે?' તેણે પૂછયું.

મારા જીવનમાં બનેલી તમામ તોફાની ઘટનાઓને બાજુ પર રાખીને મેં તેને મારી ભૂતકાળની કૉલેજ વિશે કહ્યું.

'મારે ઍરોનોટિક્સમાં જવું છે.' મંજુ બોલ્યો. તેની ઉંમરે તો મેં આ શબ્દ પણ સાંભળ્યો ન હતો.

એક કલાક બાદ તેણે ફિઝિક્સની ટૅક્સ્ટ બુક કાઢી. તેણે મને એક પ્રૉબ્લેમ આપ્યો અને તે સોલ્વ કરી આપવા જણાવ્યું. પછી તે આગળનું ચેપ્ટર વાંચવા માંડયો. બોલો, અહીં તો શિક્ષકને જ ભણાવવામાં આવી રહ્યું હતું.

બાકીનો કલાક મેં મંજુ પાસેથી ફિઝિક્સ શીખવામાં ગાળ્યો. જવા માટે હું ઊભો થયો. હું લિવિંગ રૂમમાં પહોંચ્યો ત્યારે અનન્યાના ડૅડ 'ધ હિન્દુ'ને પંપાળી રહ્યા હતા. અનન્યાએ મને શક્ય તેટલો વધુ સમય તેના ડૅડ સાથે ગાળવા સૂચના આપી હતી. તેઓ તેમનો લેખ વાંચી રહ્યા ત્યાં સુધી, દસ મિનિટ માટે મેં રાહ જોઈ.

'યસ?'

'ના, ખાસ કંઈ નહીં.' મેં કહ્યું, 'મારો ક્લાસ પૂરો થઈ ગયો છે.'

'ગૂડ.' એટલું કહીને તેમણે પાનું ઊથલાવ્યું.

'બૅન્કમાં કેવુંક ચાલે છે, અંકલ?'

તેમણે છાપામાંથી નજર ઊંચી કરીને આશ્ચર્ય સાથે પૂછયું, 'કઈ બૅન્ક?'

'તમારી બૅન્ક.' મેં ગળું ખોંખારીને કહ્યું, 'તમારી જૉબમાં કેવુંક છે?'

'શું કહ્યું?' તેમણે આ મૂર્ખતાપૂર્ણ પ્રશ્નથી આશ્ચર્યચકિત થઈ જતા કહ્યું, 'કેમ જૉબમાં શું છે વળી? એ તો એમ જ ચાલ્યા કરે છે.'

'યસ, શ્યૉર.' મેં કહ્યું.

હું બીજી પાંચેક મિનિટ ઊભો રહ્યો અને મને ખબર પડતી ન હતી કે મારે શું કરવું જોઈએ. અંકલ તો અખબાર વાંચવામાં જ લીન હતા.

'હવે હું જઉં, અંકલ.' મેં કહ્યું.

'OK', તેમણે કહ્યું.

હું દરવાજા સુધી પહોંચ્યો ત્યાં તે બોલ્યા, 'બ્રેકફાસ્ટ?'

'હું ઑફિસમાં કરીશ.'

'તમારી ઑફિસ ક્યાં છે?'

'અન્ના સલાઈ.' મેં કહ્યું.

'એ તો મારા રસ્તામાં જ આવે છે. હું સાડા આઠે નીકળું છું. હું તમને ઉતારી દઈશ.' તેમણે કહ્યું.

મને ખ્યાલ આવ્યો કે સાડા આઠ એટલે હું મારા બૉસ કરતાં એક કલાક મોડો પહોંચીશ. તે મારા માટે યોગ્ય ન હતું, પરંતુ તેમની સાથે જવાનો એ પણ અર્થ હતો કે હું આ ઘરમાં બીજા બે કલાક રહી શકું અને કારમાં મારા ભાવિ સસરા સાથે એકલો જઈ શકું.

'એ તો સરસ. મારે બરાબર એટલા વાગે જ પહોંચવાનું છે.' મેં કહ્યું.

'સરસ.' તેમણે કહ્યું અને ફરીથી તેમના છાપામાં ઓતપ્રોત થઈ ગયા. અમે સાડા સાતે નાસ્તો કરવા બેઠા. અનન્યાના પિતા પ્રાર્થના કરવા મંદિરવાળા રૂમમાં ગયા અને તેમના કપાળ ઉપર પ્રણાલિકાગત ત્રણ રેખા સાથે પાછા ફર્યા. મને વિચાર આવ્યો કે મારે પણ પ્રાર્થના કરવા જવું જોઈએ કે કેમ, પરંતુ મને એ ખબર ન પડી કે હું ઑફિસમાં મારા મોડા પડવા સાથે સાથે આ ત્રણ રેખાઓ વિશે કેવી રીતે સ્પષ્ટતા કરીશ.

નાસ્તામાં ઈડલી હતી અને અનન્યાની મૉમે અમારી આગળ પચાસ ઈડલીનો ઢગલો કરી દીધો. અમે ચૂપચાપ ઈડલી ખાધી. અનન્યાએ મને કહ્યું હતું કે આમ પણ તેઓ ક્યારેય વાતચીત કરતા નથી.

'બીજી ચટણી જોઈએ?' અનન્યાની મૉમનો આ પ્રશ્ન અને મારું માથું ધુણાવવાની ક્રિયા એ એકમાત્ર અમારા આ ભોજન દરમિયાનની અર્થપૂર્ણ વાતચીત હતી.

અંકલે ગૅરેજમાંથી રિવર્સમાં તેમની ફિયાટ કાઢી. આ સમય દરમિયાન એ અવારનવાર મારી સામે એવી રીતે જોઈ રહેતા'તા કે તેઓ મને ટાળવા માગે છે કે પછી મારા પર સીધો જ પ્રહાર કરવા માગે છે એજ મને સમજાતું નહોતું.

'બેસો.' અંકલે કહ્યું. હું તેમની બાજુમાં બેસવા આગળ ગયો. મારી ગર્લફ્રૅન્ડના ડૅડ સાથે

કારમાં બેસવાથી મને આઘાતજનક સંસ્મરણો યાદ આવ્યાં. મેં ઊંડા શ્વાસ લેવા માંડયા.

અંકલ કલાકના દસ કિ.મી.ની ઝડપે કાર ચલાવતા હતા ને મેં એ વિચારવા માંડયું કે બે કલાક પહેલાં ઑફિસે નહીં પહોંચી શકવા માટે હું બૉસને શું કારણ જણાવીશ. ઑટો, સ્કૂટર્સ અને સાઈકલ કે પગરિક્ષા જેવાં ચાલતાં કેટલાંક વાહનો પણ અમારી કારને ઓવરટેક કરી જતાં હતાં.

મારે વાત કરવી હતી, પરંતુ કોઈ લોચો ન પડે તેવો કોઈ વિષય મને મળ્યો નહીં. મેં સિટી નેવર સ્લીપ્સ'ના શંકાસ્પદ લોગોવાળી મારી ઓફિસ બેંગમાંથી મારા રિસર્ચ રિપોર્ટ કાઢયા. ડોટ કોમ સ્ટોક્સમાં ગયા અઠવાડિયે 25%નો ઘટાડો થયો હતો, જે એનાલિસ્ટોએ આ શેરના ભાવ દર કલાકે ત્રણ ગણા વધવાનાં અનુમાનો કર્યા હતાં તેઓ હવે એવું કહી રહ્યા હતા કે માર્કેટ સેલ્ફ-કરેક્ટ મોડમાં આવી ગયું છે. સેલ્ફકરેક્ટ આ શબ્દ એટલો ઇન્ટેલિજન્ટ અને હોશિયાર લાગતો હતો કે તેનાથી પોતાની જીવનભરની બચત ગુમાવનારાઓનું દુ:ખ ભુલાઈ જતું હતું. માર્કેટ અગાઉ કેમ સેલ્ફકરેક્ટ ન થયું એવું જો તમે પૂછો તો તમે મૂખ લાગો એવું પણ તેનાથી સાબિત થતું હતું અથવા તો વધારે મૂળભૂત પ્રશ્ન એ કે આ સેલ્ફકરેક્ટ શું બલા છે, એવું પૂછો તોય મૂરખ જ લાગો.

આજે મને એવા બે ક્લાયન્ટ્સ મળવા આવવાના હતા, જેમણે દરેકે દસ લાખ ગુમાવ્યા હતા. મારે મારી IIMAની ડિગ્રી સાથે મારા હાથનો એવો કમાલ દેખાડવાનો હતો કે તેમનું નુકસાન ગાયબ થઈ જાય.

એક રેડ લાઈટ સિગ્નલ આગળ કાર ઊભી રહી.

અંકલે પૂછયું, 'આ રિપોર્ટ્સ તમે લખ્યા છે?'

મેં નકારમાં મારું માથું ધુણાવ્યું અને કહ્યું, 'તે રિસર્ચ ગ્રૂપે લખ્યા છે.'

તેમણે વધારે સૈદ્ધાંતિક પ્રશ્ન પૂછતાં કહ્યું, 'તો પછી તમે બૅન્કમાં શું કરો છો?'

'કસ્ટમર સર્વિસ' એમ મેં કહ્યું, પણ મને એવી બરાબર ખબર હતી કે હું જે કંઈ કરું છું તેમાંનું કંઈ પણ સર્વિસ કેવી રીતે કહેવાય. લોકોને તેમના પૈસા બૅન્કને આપવા કહેવું અને પછી તેનો ધુમાડો કરી નાખવો તે સર્વિસ નથી.

'આવા રિપોર્ટ્સ કેવી રીતે લખવા તે તમને આવડે છે?' તેમણે પૂછયું. અમારી પાછળની ગાડીઓનાં હૉર્ન વાગવા માંડયાં. ફિયાટ તરત જ ચાલુ થઈ નહીં. અંકલે બે વખત નિષ્ફળ પ્રયાસ કર્યો.

'ઈલ્લા સર્વિસિંગ ક્વૉલિટી.' તેમણે તેમની કારને ગાળો દીધી અને ચોક ખેંચ્યો. મેં મારા રિપોર્ટ્સ બૅગમાં મૂકી દીધા અને કારને ધક્કો મારવા તૈયાર થઈ ગયો. સદ્નસીબે ત્રીજા પ્રયત્ને કાર ચાલુ થઈ ગઈ.

'હું આવા રિપોર્ટ્સ લખી શકું ખરો, કેમ?' મેં તેમના અગાઉના સવાલનો જવાબ આપતાં કહ્યું.

'ના કંઈ નહીં. મારી બૅન્કે મૂર્ખામીભર્યું જોઈન્ટ વેન્ચર કર્યું છે. હવે તેઓ અમને બિઝનેસ પ્લાન સબમિટ કરવાનું કહે છે અને GMએ તે કામ મને સોંપ્યું છે.'

'હું મદદ કરી શકું.' મેં હરખપદૂડાની જેમ હોંશથી કહ્યું.

'રાસ્કલ.' તેમણે કહ્યું.

'કોણ?'

'GM વર્મા, મારી ત્રીસ વર્ષની નોકરીમાં બૅન્કમાં મેં કોઈ રિપોર્ટ બનાવ્યો નથી. હવે મારે પીનપૉઈન્ટ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરવાનું છે.'

'પાવરપૉઈન્ટ પ્રેઝન્ટેશન?'

'હા, હા, એ જ. આ રાસ્કલે જાણીજોઈને મને આ કામ સોંપ્યું છે જેમાં મને કંઈ સમજ પડતી નથી.'

'હું મદદ કરી શકું.' મેં કહ્યું. કદાચ અંકલ સાથે સંબંધ સ્થાપવાનો મને કોઈ રસ્તો જડયો.

'કંઈ જરૂર નથી.' અંકલે ગંભીર અવાજે કહ્યું. તેમને ખ્યાલ આવ્યો કે તેઓ જરૂર પડતાં વધારે બોલી ગયા હતા.

'તમે અહીં ઊતરી જાવ.' અંકલ બોલ્યા અને કાર એક બાજુ લીધી.

'સિટી બૅન્ક અહીંથી માંડ સો મીટર છે.'

હું કારમાંથી બહાર નીકળ્યો. મેં ત્રણ વખત તેમને થૅંક્સ કહ્યું અને તેમની તરફ હાથ લંબાવ્યો. તેમણે કોઈ જ પ્રતિભાવ આપ્યો નહીં. તેમણે તેમનો હાથ ગિયર-શિફ્ટ તરફ લંબાવ્યો.

'અનન્યાને બહુ મળશો નહીં. અમે બહુ સીધા માણસો છીએ. આ અંગે અમારે ઝાઝું કહેવાનું નથી, પરંતુ અમારી જ્ઞાતિમાં તેનું નામ ખરાબ કરશો નહીં.' તેમણે કહ્યું.

'અંકલ, પણ...'

'મને ખબર છે તમે ક્લાસમેટ છો અને તમે મંજુને મદદ કરો છો. અમે આભાર માની શકીએ, અમે તમને જમાડી શકીએ પણ અમે અનન્યાને તમારી સાથે પરણાવી શકીએ નહીં.'

હું ટ્રાફિક જંક્શનની વચ્ચે રહ્યો. ઑટો જાણે કે એકબીજા સાથે ગુસ્સાથી વાત કરી રહી હોય તેમ હૉર્ન વગાડયા કરતી હતી. તમારા જીવનના સૌથી મહત્ત્વપૂર્ણ નિર્ણય વિશે કોઈને સમજાવવા માટેની આ કોઈ જગ્યા ન હતી.

'અંકલ, પણ...' મેં ફરીથી કહ્યું.

અંકલે બે હાથ જોડયા અને એક્સીલેટર દબાવ્યું. કાર ચાલવા લાગી, 'શીટ્ટ... કોઈ હાથ જોડે તો શું કરવું?' મેં વિચાર્યું. અંકલ કાર ચલાવીને નીકળી ગયા. નિરાશ થઈ ગયેલા ઈન્સ્યોરન્સ સેલ્સમૅનની જેમ મારી બૅગ ઉપાડી હું બૅંક તરફ ચાલવા લાગ્યો.

૨૧

'વેલકમ સર, વેલકમ ટુ સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા.' બાલાએ કહ્યું. તેમના અવાજમાં તેમનો ક્રોધ અછાનો ન હતો, અને તેને લીધે તેમના વાક્યનો કટાક્ષ માર્યો જતો હતો. તેઓ મારા ડેસ્ક ઉપર બેઠા અને ક્યારે મારા ઉપર તૂટી પડે, તેવી આનંદદાયક ક્ષણોની રાહ જોઈ રહ્યા.

'આઈ એમ રિયલી સૉરી, મારી ઑટોને ઍક્સિડન્ટ થયો.' હું જૂઠું બોલ્યો.

'તમારા ફ્લૅટના નોકરે કહ્યું હતું કે તમે સવારે પાંચ વાગે નીકળી ગયા છો.' તેમણે કહ્યું.

'તમે મારા નિવાસસ્થાને વાત કરી? હજુ તો નવ જ વાગ્યા છે. આમ પણ તે ઑફિશિયલી ટાઈમ છે ને?'

'ના, આ સિટી બૅન્ક છે. કોઈ પબ્લિક સેક્ટર બૅન્ક નથી.' તેમણે કહ્યું.

'તો અહીં જે લોકો કામ કરે છે તેમને શું પોતાની પર્સનલ લાઈફ હોતી નથી.' હું બબડયો.

'શું કહ્યું?'

'કંઈ નહીં. આજે દસ વાગે મિસ શ્રીનિવાસ આવવાનાં છે.' મેં કહ્યું.

'અને તમે તેના માટે તૈયારી પણ કરી નથી. તમે રિપોર્ટ્સ વાંચ્યા છે?'

'હા, મેં વાંચ્યા છે, પણ વાત એમ છે કે તેમણે દસ લાખ ગુમાવ્યા છે. તેમણે આ રિપોર્ટ્સમાં વિશ્વાસ રાખ્યો હતો તેથી હું આ રિપોર્ટ વાંચું કે ન વાંચું કશો જ ફેર પડવાનો નથી. હવે હું મારી ખુરશી ઉપર બેસી શકું?' મેં પૂછયું.

બાલા મારી સામે તાકી રહ્યા, મારા જવાબથી તેમને આંચકો લાગ્યો હતો. હું મારી જગ્યાએ બેઠો, 'તમે જ મને આ શૅર વેચવા કહ્યું હતું.' મેં કહ્યું, 'અને હવે આપણા કસ્ટમર્સને નુકસાન થયું છે. મિસ શ્રીનિવાસ એક વૃદ્ધ મહિલા છે. તેઓ ગભરાઈ જશે. હું એવું ઈચ્છું છું કે તે માટે તમે તૈયાર રહો.'

'હું શેના માટે તૈયાર રહું?'

'એ માટે કે તેઓ અને કેટલાક અન્ય ક્લાયન્ટ્સ પણ પોતાનાં ફંડ બીજે લઈ જશે એમ લાગે છે.'

'કેવી રીતે? તેઓ એવું કેવી રીતે કરી શકે? ધીસ ઈસ સિટી બૅન્ક,' બાલાએ કહ્યું.

મેં કહ્યું, 'કારણ કે સિટી નેવર સ્લીપ્સ, વી મેક અવર ક્લાયન્ટ્સ વીપ.'

મિસ શ્રીનિવાસનો ફફડાટ અને તેની અભિવ્યક્તિ એટલાં મનોરંજક હતાં કે અન્ય ગ્રૂપના બૅન્કર્સનું ધ્યાન પણ અમારા એરિયા તરફ ખેંચાયું. પહેલા તો બે મિનિટ માટે તેમણે મારી સાથે તમિલમાં વાત કરી. પછી તેમને જ્યારે ખ્યાલ આવ્યો કે મને તમિલ નથી આવડતું ત્યારે તેઓ અંગ્રેજીમાં બોલ્યાં.

'તમે, તમે જ કહ્યું હતું કે આ શૅરના ભાવ ડબલ થઈ જશે, પણ તે સિત્તેર ટકા ઘટી ગયા છે.' મિસ શ્રીનિવાસે કહ્યું.

'હકીકતમાં મૅડમ, માર્કેટ સેલ્ફ કરેક્શન મોડમાં આવી ગયું છે.' મેં કહ્યું. અત્યંત જટિલ રિસર્ચ ટર્મિનૉલૉજીનો અર્થ હવે મને સમજાઈ રહ્યો હતો. જેનો કોઈ જવાબ જ ન હોય તેવા પ્રતિકૂળ પ્રશ્નોનો જ છેદ તેનાથી ઊડી જાય છે.

'પણ મને તો દસ લાખનું નુકસાન થયું છે, દસ લાખ.' તેમણે મોટેથી કહ્યું.

'મૅડમ, શૅરબજારમાં ચડ-ઊતર તો થતી જ રહે છે. અમારી પાસે ઓછા જોખમવાળી બીજી પ્રોડક્ટ્સ પણ છે.' મેં કહ્યું અને તેમના આ કટોકટીભર્યા સમયનો લાભ લેવા મેં કહ્યું.

'બસ, હવે બહુ થયું. હું સિટી બૅન્કથી ધરાઇ ગઈ છું. મેં તમને ફિક્સ્ડ ડિપોઝિટ કરવાનું જ કહ્યું હતું, પણ તમે તેમ કર્યું નહીં. હવે હું મારું એકાઉન્ટ વૈશ્ય બૅન્કમાં લઈ જઉં છું.'

મારા સેલ્સ રિપ્રેઝન્ટેટિવ તેમના માટે ઢગલાબંધ નાસ્તો અને કોલ્ડ્રિન્ક લઈ આવ્યા, પણ મિસ શ્રીનિવાસ ટસના મસ થયાં નહીં.

'પણ મૅડમ, વૈશ્ય બૅન્ક કરતાં સિટી બૅન્ક ઘણું મોટું નામ છે.' મેં કહ્યું.

'મને એકાઉન્ટ બંધ કરવા માટેનું ફૉર્મ આપો.' મિસ શ્રીનિવાસે કહ્યું. અમારી પાસે કોઈ વિકલ્પ ન હતો. રિસેપ્શન એરિયામાં ટીવી ઉપર CNBC ચૅનલ આવતી હતી. તે દિવસે ઈન્ટરનેટ કંપનીઓના શૅરોના ભાવમાં વધુ પાંચ ટકાનો ઘટાડો થયો હતો.

ત્યાર પછીનાં બીજાં બે અઠવાડિયાંમાં તો, અમારા સૌથી વિશ્વાસપાત્ર કસ્ટમર્સ, એટલે કે સૌથી ભોળા કે જેમને અમે વેબસાઈટ તૈયાર કરવા સિવાય બીજું કશું જ કરતી ન હોય એવી કંપનીઓના શૅર પધરાવ્યા હતા તેમણે કુલ બે કરોડ રૂપિયા ગુમાવ્યા. મારા પોતાના કસ્ટમરનું નુકસાન બે મહિલાઓ પૂરતું મર્યાદિત હતું. કેમ કે તે કંપનીઓના બહુ શૅર હું વેચી જ શક્યો ન હતો. જોકે શ્રીમંત લોકોને લૂંટતા સ્માર્ટ લોકોની તેમની આવી ફોજ સાથેના બાલાએ, મુંબઈમાં કન્ટ્રી હેડક્વાર્ટર્સને જવાબ આપવો પડયો હતો.

'મારી પાસે સાત ફરિયાદો આવી છે.' કસ્ટમર સર્વિસ ગ્રૂપના કન્ટ્રી હેડે એક કૉન્ફરન્સ કૉલમાં કહ્યું.

'સર, આ તો બજારની ઊથલપાથલનું એક ઓવરરિએક્શન જ છે.' બાલાએ કહ્યું.

'રિસર્ચ રિપોર્ટને ક્વૉટ કરશો નહીં. મેં તે વાંચ્યો છે.' કન્ટ્રી હેડે કહ્યું.

કૉલ પૂરો થયો. બાલાનો ચહેરો ફિક્કો પડી ગયો હતો. અમારા બધા બૉસ ચેન્નાઈ ઑફિસની મુલાકાતે આવવાના હતા. પહેલા તો મને થયું કે આ મારી કલ્પના છે, પણ તે હકીકત હતી. આ સમાચાર સાંભળીને જ બાલા ધ્રૂજી ગયા હતા. મુંબઈવાળાઓનું કહેવું હતું કે અમારે ગૃહિણીઓ તો દૂર રહી, પરંતુ વ્યક્તિગત રોકાણકારોને ઈન્ટરનેટ કંપનીઓના શૅરનું માર્કેટિંગ કરવાની જરૂર જ ન હતી. અલબત્ત જ્યારે આ ટ્રાન્ઝેક્શનનું કમિશન આવી રહ્યું હતું ત્યારે તેમણે કોઈ ફરિયાદ કરી ન હતી, પરંતુ હવે પાંચ કસ્ટમર્સે તો તેમના એકાઉન્ટ બંધ કરી દીધા હતા અને એક કસ્ટમરે તો છેક ન્યૂ યૉર્ક, સિટી બૅન્કના CEOને પત્ર પણ લખ્યો હતો.

મારી વીકલી સેલ્સ મિટિંગમાં મેં મારા સેલ્સ રિપ્રેઝન્ટેટિવને ચેન્નાઈના કસ્ટમર્સને ફિક્સ્ડ ડિપોઝિટ્સ, સોનું અને સાડીઓ સિવાય કંઈ જ નહીં વેચવા જણાવ્યું હતું.

'સર, આપણે સાડીઓ નથી વેચતા.' મારા એક રિપ્રેઝન્ટેટિવે સ્પષ્ટતા કરી હતી.

'સૉરી, હું મજાક કરતો હતો. આપણે સોનું પણ નથી વેચતા, ખરું ને?'

'સોનું તો આપણે વેચીએ છીએ. ગોલ્ડ સિન્ક્ડ ડિપોઝિટ, સર.' તેણે કહ્યું.

મને મારા ગ્રૂપની પ્રોડક્ટ્સ વિશે પણ ખબર ન હતી. અરે ખરેખર તો હું આ નોકરી શા માટે કરી રહ્યો હતો તેની પણ મને ખબર ન હતી. મેં ડોકું ધુણાવ્યું અને સ્મિત કર્યું. કસ્ટમર સર્વિસમાં તમારે, ટૂથપેસ્ટની જાહેરાતના મૉડલ કરતાં પણ વધારે હસતા રહેવું પડે છે.

'એ સાચું છે કે મિસ શ્રીનિવાસે દસ લાખ ગુમાવ્યા?' મારા એક અન્ય મહિલા કસ્ટમર બૅન્કમાં આવ્યાં. સંપૂર્ણ અહેવાલ મેળવવા તેઓ સેલ્સ રિપ્રેઝન્ટેટિવની નજીક બેઠાં. કેટલાંક અંગત કારણોસર અમે તેમને પૂરી વિગતો આપી શક્યા નહીં. અમે તેમને વળતર તો આપી ન શક્યા, પણ છેવટે અમારે તેમને કેટલીક ગુસપુસની વાતો તો કહેવી જ જોઈએ, કે જેનાથી કસ્ટમર્સ કદાચ આકર્ષાય,

સાંજે સાત વાગે એક ગભરાયેલા ગલૂડિયાની જેમ બાલાએ મારી પાસે આવીને કહ્યું, 'ક્રિશ, અહીં આવ.'

મેં ઘરે જઈને ઊંઘી જવા, મારી 'સિટી નેવર સ્લીપ્સ'વાળી બૅગ પૅક કરી લીધી હતી. બે દિવસમાં અમારા બૉસ આવવાના હતા. મેં મારી છેલ્લી કેટલીક રાતો તેમના માટે પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં વિતાવી હતી. તમિલનાડુમાં આ એક સૌથી કંટાળાજનક અને કોઈ જશ ન મળે તેવી કામગીરી હતી. મેં મારી સ્લાઈડ્સ ગમે તેટલી સારી બનાવી હોવા છતાં આંકડા જ એટલા ખરાબ હતા કે અમારી વાટ લાગી જવાની હતી. ગઈ કાલે તો હું રાત્રે ત્રણ વાગ્યે ઘરે પહોંચ્યો હતો અને મારા ડિયરેસ્ટ બ્રધર-ઈન-લૉને ભણાવવા માટે પાંચ વાગે ઊઠી ગયો હતો. મારે બાલાની નહીં, પરંતુ એક ઓશીકાની જરૂર હતી.

'બાલા, મારે...' હું તેમની પાછળ જઈ રહ્યો છું એવી અપેક્ષા સાથે તેઓ તેમની કૅબિન તરફ જવા વળી ચૂક્યા હોવાથી હું અધવચ્ચે જ બોલતો અટકી ગયો.

હું બાલાની ઑફિસમાં ગયો. તેમણે શક્ય તેટલું હળવેકથી બારણું બંધ કર્યું. તેમણે પડદા પાડી દીધા અને ફોનનું રિસીવર પણ બાજુ પર મૂકી દીધું. મને થયું કે કાં તો તે મને ખખડાવવા માગે છે અથવા તો મારી છેડતી કરવા માગે છે.

'પેલું કેવું'ક ચાલી રહ્યું છે?' બાકીના બધાં જ લોકો જતાં રહ્યાં હોવા છતાં સાવ બિનજરૂરી રીતે તેઓ અત્યંત ધીમેથી બોલ્યા.

'સરસ ચાલી રહ્યું છે. મેં તમને પ્રેઝન્ટેશન મોકલ્યું છે. તમે તેને OK કર્યું છે ને?' મેં કહ્યું. તેમણે મને બપોરે જ તે બરાબર હોવાનું કહી દીધું હતું. મારે એ માટે વધુ કોઈ ઉજાગરો કરવો ન હતો.

'હા, એ તો બરાબર છે. પણ સાંભળ દોસ્ત, મારે તારી એક મદદની જરૂર છે.' બાલાએ અગાઉ ક્યારેય મને દોસ્ત કહ્યો ન હતો. કોણ જાણે કેમ આ રૂમમાં કોપરેલની મને ગંદી વાસ આવતી હતી. મને લાગતું હતું કે કોપરેલની આ વાસ બાલાના વાળમાંથી આવતી હતી અને બદબૂ તેના છાના ઈરાદાઓમાંથી.

'કેવી મદદ?' મેં હસ્યા વગર જ કહ્યું.

'જો ક્રિશ, મારા માટે તો આ જૉબ અને મારી કરિયર એ જ સર્વસ્વ છે. મેં મારી આખી જિંદગી બૅન્ક પાછળ આપી દીધી છે.'

મેં ડોકું ધુણાવ્યું. મેં મનોમન વિચાર્યું, દોસ્ત, મુદ્દાની વાત કર.

'ખોટું ન લગાડતો, તારે હજી ઘણું હાસિલ કરવાનું બાકી છે.'

તેઓ સો ટકા સાચા હતા, પરંતુ જ્યારે તમને કોઈ એમ કહે કે ખોટું ન લગાડતા ત્યારે તમારે ખોટું લગાડવું જ જોઈએ. છેલ્લી ત્રણ રાત મેં કંપની માટે ATMના ગાર્ડ્ઝ સાથે ગાળી હતી અને મને તેનો બદલો મળવો જ જોઈએ.

'એ સો ટકા ખોટું છે.' મેં કહ્યું, 'હું તો મરીને કામ કરી રહ્યો છું. તમે જે કહો છો, તે બધું જ હું કરું છું. મેં પેલા ભંગાર ઈન્ટરનેટ કંપનીના શૅર...'

'શાંત થા, શાંત થા.' બાલાએ મને ઠંડો પાડયો.

'અહીંયા કોઈ નથી. આપણે કંઈ જેમ્સ બૉન્ડ જેવા મિશન પર નથી કે આપણે ધીમેથી બોલવું પડે.' મેં કહ્યું.

કૉર્પોરેટ ટાઈપના લોકોને તેમનું જીવન ઉત્તેજનાપૂર્ણ હોવાનો ઢોંગ કરવાનું ગમે છે. ધીમા અવાજે બોલવું, મુક્કા ઉગામવા અને કાર્ટૂનની જેમ હાથ ઊંચા-નીચા કરવા એ તમામ બાબતો. હકીકતમાં અમારી જે જૉબ છે તેના કરતાં વધારે ઊંચી બતાવવાના આ બધા કીમિયા છે – સાચું કહું તો અમારું કામ વધારે પગાર ચૂકવાતા ક્લાર્ક જેવું છે.

'હું તારી મહેનત વિશે શંકા નથી કરી રહ્યો, પરંતુ જો કૉર્પોરેટ લાઈફમાં એવું છે ને કે આપણે એકબીજાનું ધ્યાન રાખવું પડે છે.'

'શું? કેવી રીતે?'

જો તે બે મિનિટમાં સીધો પૉઈન્ટ ઉપર ન આવે તો હું તેને લાફો મારી દઈશ તેવું વિચાર્યું હતું. જોકે મારી કલ્પનામાં તો મેં તેને લાફો મારી જ દીધો હતો.

'હું તારો બૉસ છું, તેથી હું કોઈ પણ રીતે તારું ધ્યાન રાખી શકું છું, પરંતુ આજે તારે મારું ધ્યાન રાખવાનું છે.'

હું ચૂપ રહ્યો.

'કન્ટ્રી મૅનેજર આવી રહ્યા છે. ઈન્ટરનેટ કંપનીના શૅર ગૃહિણીઓને વેચવાનું કેવી રીતે બન્યું તે તેઓ પૂછશે. મારે ગમે તેમ કરીને તેમાંથી બચવું પડશે. પરંતુ જો તું...'

'હું શું?' મેં માત્ર આ પટ્ઠાના મોઢે બોલાવવા જ પૂછયું, પણ તે બોલ્યો નહીં.

'તમે એવું ઈચ્છો છો કે દોષનો ટોપલો હું મારા માથે લઈ લઉં?' મેં અટકળ કરી.

તેમણે હા પાડી.

'વાઉ! આ તો માન્યામાં ન આવે તેવું છે, બાલા. હું ટ્રેઈની છું. આમ પણ હું જવાબદાર હોઉં તેવું કન્ટ્રી મૅનેજર કેવી રીતે માની લેશે?'

'તું IIMAમાંથી છે એટલે એવું બેસી જાય કે તું પહેલેથી જ પ્રભાવી રહ્યો છે.'

'અને જો હું તેમ કરું તો મારી કરિયરની તો વાટ લાગી જાય.'

'ના, તું તો ટ્રેઈની છે. તારા પ્રમોશનની ભલામણ મારે કરવાની છે. તું સમજી લે કે તારું પ્રમોશન નક્કી, પરંતુ જો હું જવાબદાર ઠરું તો મને ક્યારેય પ્રમોશન મળે નહીં.'

'પણ તમે જ જવાબદાર છો.' હું તેમની આંખો સામે તાકી રહ્યો, 'પ્લીઝ, ક્રિશ.' બાલાએ કહ્યું.

બૉસ અને સબ ઑર્ડિનેટનો સંબંધ બદલાઈ ગયો હતો. બાલાએ મદદની ભીખ માગી. જો હું તેમની વાત માની લઉં તો તેમના ઉપરની મારી વગની શક્તિનો મને ખ્યાલ આવે. પછી ડાહ્યા લોકોની જેમ ઑફિસ આવી શકું, હું પહેલો જઈ પણ શકું, હું મારા ડેસ્ક ઉપર ઊંઘ લઈ શકું. જોકે સિટી ઓવરપેઈડ ક્લાર્ક્સ ક્લબમાં મારી કરિયરને અસર થાય, પણ તેથી શું?

હું ત્યારે જ હા પાડી શક્યો હોત, પરંતુ હું તેમને થોડાક વધુ સમય માટે રિબાવા દેવા માગતો હતો.

હું ચૂપ રહ્યો.

'આમ તો મને કન્ટ્રી મૅનેજર ગમતો નથી. એ નૉર્થ ઈન્ડિયન છે. એ તને માફ કરી દેશે, પણ મને માફ નહીં કરે.' બાલાએ કહ્યું. મને એવું લાગ્યું કે તે જાણે હમણાં રડી પડશે. હું આ શો વધારે લાંબો સમય માણી શક્યો હોત, પણ મારે ઘરે જઈને સૂઈ જવું હતું.

'હું જોઉં, મારાથી શું થઈ શકે તેમ છે.' હું ઊભો થયો.

'શું, હું હા સમજું?' બાલાએ આશાભરી નજરે પૂછયું.

'ગુડનાઈટ, સર.' છેલ્લા શબ્દો ઉપર ભાર મૂકતાં મેં કહ્યું.

૨૨

મારા ડૅડ ક્યારેય મને ફોન કરતા નહીં, પરંતુ તે રાત્રે તેમણે કેમ મને ફોન કર્યો તે ખબર પડી

નહીં. ફરીથી સવારે ટયૂશન અને ઑફિસની મગજમારી શરૂ થાય તે પહેલાં મારે ઊંઘવું હતું, પરંતુ તે રાત્રે અગિયાર વાગે, રામાનુજને મારું બારણું ખખડાવ્યું.

'શું છે?' મેં કહ્યું. જે દિવસે અનન્યા અહીં આવી તે પછી હું મારા રૂમ પાર્ટનર્સ સાથે ભાગ્યે જ વાત કરતો હતો.

'તારા માટે ફોન છે.'

'કોણ છે?' અનન્યા પણ મને આટલો મોડો ફોન કરતી ન હતી.

'તારા ડૅડ છે. આટલા વાગે ફોન નહીં કરવાનું તું તેમને કહેજે ને?' રામાનુજને બગાસું ખાતાં ખાતાં કહ્યું.

ડૅડનું નામ સાંભળતાં જ હું થીજી ગયો. મેં પ્રાર્થના કરી કે મારી મૉમ સાજી- સમી હોય. બાકી તે શા માટે ફોન કરે?

'હેલ્લો?'

'હું મારા દીકરા સાથે વાત કરી શકું છું?'

મને તેમણે દીકરો કહ્યો તે મને વિચિત્ર લાગ્યું. છેલ્લાં ત્રણ વર્ષથી અમે લાગણીથી વાત કરી ન હતી.

'હું ક્રિશ છું.' મેં કહ્યું.

'એ તો મારો જ દીકરો ને?'

'જો તમે એમ કહેતા હો તો ભલે.' મેં કહ્યું.

STDની બે પલ્સ સુધી શાંતિ છવાયેલી રહી.

'હું સાંભળું છું.' તેમણે કહ્યું.

'શું?'

'મારા દીકરાએ મને જે કંઈ કહેવું હોય તે.'

'હવે કશું કહેવા જેવું રહ્યું નથી. તમે આટલો મોડો કેમ ફોન કર્યો?' મેં અકળાઈને કહ્યું.

'તેં તારી મમ્મીને તારો પહેલો સૅલરી ચૅક મોકલ્યો છે?'

'હા.' થોડીક વાર અટક્યા પછી મેં કહ્યું.

'કૉન્ગ્રેચ્યુલેશન્સ.' તેમણે કહ્યું.

'મૉમ ઠીક તો છે ને? હું માનું છું કે તમે કોઈ અપરાધભાવથી નહીં કહી રહ્યા હો... કારણ કે જો મૉમ ઠીક ન હોય તો...' મેં મારા શબ્દોને છૂટા પાડીને કહ્યું.

'તારી મૉમ મજામાં છે. તેને તારું ગૌરવ છે.' તેમણે કહ્યું.

'બીજું કંઈ?'

'તું કેમ છે હમણાં?'

'એ તમારી ચિંતાનો વિષય નથી.' મેં કહ્યું.

'તારા બાપા સાથે આ રીતે વાત કરાય?' તેમણે બૂમ પાડતાં કહ્યું.

'હું તમારી સાથે વાત કરી જ નથી રહ્યો, જો તમને ખ્યાલ આવી ગયો હોય તો.' મેં કહ્યું.

'અને હું કોશિશ કરી રહ્યો છું કે આપણી વચ્ચે વાતચીતના સંબંધો શરૂ થાય.' તેમણે ઉકળતા અવાજે કહ્યું.

અને તેમનો અવાજ હજી પણ ઊંચો થતો જતો હતો.

હું તે જ વખતે ફોન મૂકી દઈ શક્યો હોત, પરંતુ હું એવું નહોતો ઈચ્છતો કે તેઓ તેમનો ગુસ્સો મૉમ ઉપર ઉતારે. મેં એક દીકરા તરીકે તેમનું કેવું અપમાન કર્યું હતું તેવું તેમનું રટણ ચાલુ હતું અને હું ચૂપ રહ્યો. તેમણે છેલ્લાં વીસ વર્ષમાં ન કહી હોય તેવી એક પણ નવી વાત કરી નહીં. મને એ પણ ખબર હતી કે એક વખત આ એકતરફી સંવાદ ચાલુ થયા પછી તે લાંબો ચાલશે. મેં ફોન ટેબલ ઉપર મૂક્યો અને ફ્રીઝ ખોલ્યું. ફ્રીઝમાંથી એક સફરજન અને પાણીની બૉટલ કાઢી, હું રસોડામાં ગયો, મેં સફરજનના નાના ટુકડા કરીને ખાધા અને પાણી પીધું. આ દરમિયાન ફોનના રિસીવરમાંથી કર્કશ અવાજ ચાલુ જ હતો.

અડધું સફરજન પતાવ્યા પછી મેં ફોન ઉપાડયો.

'તારામાં એવા કોઈ ગુણ નથી જેનાથી મને ગૌરવ થાય. આ બધી ડિગ્રીઓ નકામી છે. તું તારી મૉમને પૈસા મોકલે એટલા માત્રથી તને એવું લાગે છે કે હવે તું વટ મારી શકીશ. મને લાગે છે કે તારા જેવી વ્યક્તિ...' તેઓ બોલી રહ્યા હતા અને મેં ફોન ફરીથી નીચે મૂકી દીધો. મેં સફરજન પતાવ્યાં પછી તે ફરીથી ઉપાડયો.

'હું બોલું છું. એ તું સાંભળે છે?' હવે તેમના અવાજમાં ધ્રૂજારી હતી.

'હું સાંભળું છું.' મેં કહ્યું, 'હવે મોડું થઈ ગયું છે. તમારે ઘણું બિલ આવશે. હવે હું સૂઈ જાઉં?'

'તને કોઈ આમન્યા નથી.'

'એ તમે કહી ચૂક્યા છો. હવે આપણે સૂઈ જઈએ? ગુડનાઈટ.' મેં કહ્યું.

'ગુડનાઈટ.' કહીને તેમણે ફોન મૂકી દીધો. આમીર્વાળા ગમે તેટલા ગાંડા હોય તો પણ તેઓ સૌજન્યમાં માને છે. મને પૂરી ખાતરી છે કે ભારત અને પાકિસ્તાનના અફસરો એકબીજાને ઠાર કરે તે પૂર્વે, શુભેચ્છાઓની આપ-લે કરતા હોય છે.

હું પાછો બેડમાં આવ્યો. મારા જીવનમાં ફરીથી પિતાનું પ્રકરણ ઈચ્છતો ન હતો. ખરાબ પિતા કરતાં વધારે સારો પિતા કોઈ નથી. બીજું કે હમણાં જ મારે બીજા પણ એક પિતા સાથે પનારો પાડવો પડયો હતો કે જેણે (મારે જેની સાથે રહેવાની સખત જરૂર હતી તેવી) તેમની પુત્રીથી મને દૂર રહેવા હાથ જોડયા હતા. આ બધું તો ઠીક, મારે બાલા અને નકામા રૂમ પાર્ટનર્સ અને ગાંડા મકાનમાલિક સાથે પણ કામ પાર પાડવાનું હતું. પથારીમાં સૂઈ જતાં પહેલાં આવા તો અનેક આડાઅવળા વિચારો મારા મગજમાં ચકરાતા હતા. આ વિચારો અનાડી માછલીઓની જેમ ઘૂમરાયા કરતા હતા. બિચારા મારા મગજે મારા વિચારોની માફી માગતા કહ્યું, 'મારે થોડીક વાર ઊંઘવું છે. તમને વાંધો નથી ને?' પરંતુ તે વિચારો ગયા જ નહીં. વિચારોની આવી દરેક માછલીને 'ઍટેન્શન ડેફિસીટ ડિસઑર્ડર' હતો. બાલાના વિચારમાં હું કોઈ તીક્ષ્ણ વસ્તુ વડે તેને ગોદા મારતો હોવાનું મને દશ્ય દેખાયું. અનન્યાના ડૅડના વિચાર સાથે જ્યારે તેમણે તેમના હાથ જોડયા ત્યારે હું તેમને કહી શક્યો હોત તેવાં એક ડઝન વન-લાઈનર વિશે વિચારો આવ્યા જેમ કે, *અરે પણ, હું તેને પ્રેમ કરું છું; સર, પણ તમે મારી વાત તો સાંભળો; અંકલ, તમને ખબર છે કે અમે નાસી જઈ શકીએ છીએ.'*

કેટલાક લોકો ભાગ્યશાળી હોય છે. તેમની આંખો બંધ કરે છે અને તેઓ ઊંઘી જાય છે. મારે એક જ ક્લિક સાથે મારા મગજની પચાસ ચૅનલો બંધ કરવાની હતી. એક કલાક પછી મેં મારા અંતિમ વિચારને વિદાય આપી, જેમાં હું ગૃહિણીઓને રેડિયોઍક્ટિવ સ્ટોક ખરીદવાનું સૂચવી રહ્યો હતો.

૨૩

'રેડી?' બાલાએ સવારમાં મને કૉફી સાથે આનંદપૂર્વક આવકાર્યો. મિસ્ટર બાલાક્રિશ્નન, કસ્ટમર સર્વિસના બ્રાન્ચ હેડ, મારા માટે મગમાં કૉફી લાવ્યા હતા. જોકે ટ્રેમાં લાવવાનું તેમને સૂઝયું નહીં.

'પોતાની જાતને મૂર્ખ તરીકે રજૂ કરવામાં બહુ તૈયારી કરવી પડતી નથી.' મેં કહ્યું અને કૉફી લીધી. મેં જોયું કે મગ નીચેથી ભીનો હતો. બાલાએ મારા માટે મારા ડેસ્કમાંથી એક ટિસ્યૂ લીધો. મને લાગ્યું કે આ બધાથી હું ટેવાઈ જઈશ.

અમે બે કલાક પછી કૉન્ફરન્સ રૂમમાં મળ્યા. બાલાએ પ્રેઝન્ટેશન રજૂ કર્યું. તેમની લાક્ષણિકતા મુજબ જ, પહેલી સ્લાઈડમાંથી તેમણે મારું નામ કાઢી નાખ્યું હતું. ભારતની દરેક બૅન્કના દરેક વિભાગના બૅન્કિંગ પ્રેઝન્ટેશનની જેમ જ તેની શરૂઆત ૧૯૯૧ના ઉદારીકરણથી અને તેમાં ભારત માટે કેવી જબરદસ્ત તક રહેલી છે એ બાબતથી થઈ.

'આપ જોઈ શકો છો કે છેલ્લા ત્રણ મહિનામાં ITમાં ઘણી ઊથલપાથલ જોવા મળી છે.' નીચેની તરફના એક ગ્રાફ તરફ ધ્યાન દોરતાં બાલાએ કહ્યું.

અમારા કન્ટ્રી હેડ, અનિલ માથુર ફ્લાઈટમાં ચેન્નાઈ આવ્યા હતા. તેમને છેલ્લી ઘડીએ બિઝનેસ ક્લાસ ટિકિટ નહીં મળતાં તેમના દિવસની શરૂઆત બહુ ખરાબ રીતે થઈ હતી, કારણ કે તેમણે સામાન્ય માણસોની સાથે બેસીને આવવું પડયું હતું. પ્રેઝન્ટેશન દરમિયાન તેમની ચીડ છતી થઈ જતી હતી.

અનિલની ઉંમર ચાલીસ વર્ષની હતી અને તે ઝડપથી આગળ વધી રહેલા યંગમૅન ગણાતા હતા. અમારી બૅન્કમાં 'સ્ટાર સિસ્ટમ'ની બોલબાલા હતી. લોકો તેમનો પરિચય કંઈક આ રીતે આપતા હતા, 'આ અનિલ છે, એમ.ડી. સ્ટાર પર્ફોર્મર.'

જોકે બૅન્કમાં કોઈ પણ કામ એવું કશું વિશિષ્ટ નથી જેના કારણે તમે 'સ્ટાર' બની જાઓ. એ તો અમારી કામની નિરસતા ઓછી કરવા, સિટી બૅન્કે શોધી કાઢેલો એક નવો ઉપાય છે. જોકે જ્યારે અનિલે રૂમમાં પ્રવેશ કર્યો, કેટલાક ચેન્નાઈ બૅન્કર્સની આંખોમાં ચમક આવી ગઈ, જે રીતે રજનીનું પોસ્ટર જોતાં ઑટો ડ્રાઈવરની આંખમાં ચમક આવી હતી બરાબર તે જ રીતે.

'અને ટૂંકમાં, આ બાબતને લીધે અત્યારના સંજોગો સર્જાયા છે.' તેમનું એક કલાક લાંબું ભાષણ પૂરું કરતાં બાલાએ કહ્યું. બાલાએ તેમને વાતને ટૂંકી કેવી રીતે કરી તે મારા માનવામાં આવ્યું નહીં.

અનિલે કોઈ જ પ્રતિભાવ આપ્યો નહીં. તેણે રૂમમાં આજુબાજુ નજર નાખી. આમ પણ ચેન્નાઈ ટ્રેઈની સીધી આંખ મિલાવવાનું ટાળે છે અને તેમાં પણ ઉપરી અધિકારીઓ સામે તો ખાસ. તેણે બાલા સામે અને બાલાએ તેની સામે જોયું. મેં ડોકું ધુણાવ્યું. આજે હું સ્યૂસાઈડ મિશન પાર પાડીશ.

અનિલનો સેલફોન રણક્યો. તેમણે ખિસ્સામાંથી સેલફોન કાઢયો. મુંબઈથી તેમની સેક્રેટરીનો ફોન હતો.

'બિઝનેસ ક્લાસ માટે વેઈટ-લિસ્ટેડ એટલે તું શું કહેવા માગે છે? આજે સવારે હું આ મદ્રાસીઓની વચ્ચે જે રીતે ભીંસાતો આવ્યો છું અને તે રીતે મારે પાછા નથી આવવું.'

આખા રૂમમાં, મારા અને અનિલ સિવાય સૌ કોઈ ડિસ્ટર્બ થયા હતા. જોકે અનિલ બૉસ હોવાથી, દરેક જણ આ કોઈ સરસ મજાનો રોમૅન્ટિક જોક હોય તેવી રીતે મલક્યું.

અનિલ ફોન ઉપર વાત કરતાં કરતાં ઊભો થયો, 'અને મને લેવા માટે હોન્ડાસિટી કેમ? એમને કહો કે જો તેમની પાસે મર્સિડીઝ ન હોય તો BMW મોકલે. હા, હું તેના માટે એલિજિબલ છું.' એટલું કહીને તેમણે ફોન કાપ્યો.

ત્યાર બાદ તેમણે નિસાસો નાખ્યો અને પોતાનું મોં લૂછયું. જ્યારે રોજિંદા અધિકારો માટે લડવું પડે ત્યારે જીવન કપરું બને છે.

'OK, ફોકસ, ફોકસ.' તેણે પોતાની જાતને કહ્યું અને રૂમમાં દરેક વ્યક્તિ ટટ્ટાર થઈ ગઈ.

'સર, હું કહી રહ્યો હતો કે...' બાલાએ ફરીથી શરૂ કર્યું. અનિલે ચાર કલાકમાં વળતી ફ્લાઈટ પકડવાની હતી. હું એવું માનતો હતો કે બાલાએ એવી આશાએ તેમનું પ્રેઝન્ટેશન ચાલુ રાખ્યું હશે કે જેથી સમય વીતી જાય પછી અનિલ માટે મુશ્કેલ પ્રશ્નો પૂછવાનો બહુ સમય રહે નહીં.

'બાલા, તમે ઘણું બધું કહી ચૂક્યા છો.' અનિલે કહ્યું.

'મારે તો એટલી જ નિસ્બત છે કે તમે એક મહિનામાં સાત મોટા કસ્ટમર્સ કેમ ગુમાવ્યા? બીજા દરેક માર્કેટમાં આપણો વિકાસ થયો છે.'

અમે સૌ નીચી મૂંડી કરીને ઊભા રહ્યા.

'બે કરોડ? રિટેઈલ કસ્ટમર્સ બે કરોડ કેવી રીતે ગુમાવી શકે? તેઓ બૅન્કમાં તેમના પૈસા બચાવવા માટે આવે છે, ગુમાવવા માટે નહીં.' અનિલે કહ્યું. આવી ચવાઈ ગયેલા ડાયલોગને લીધે જ તે આ 'મોટા મોટા શબ્દોની ભરમારવાળી' આ બૅન્કમાં સ્ટાર બની શક્યો હતો.

'સર, આપ તો જાણો જ છો કે ઈન્ટરનેટ કંપનીઓના શૅર્સને લીધે આવું નુકસાન થયું છે.'

બાલાએ વિનવણીના સૂરમાં પૂછયું.

'એમ? તો આ ઈન્ટરનેટ કંપનીઓના શૅર આ મહિલાઓને વેચવાનો મહાન વિચાર કોનો હતો?' અનિલે પૂછયું.

'સર.' બાલા બોલ્યા અને તેમણે મારી સામે જોયું. દરેકની નજર મારી તરફ ફરી. આ સામૂહિક નજર મારા તરફ વળવાને લીધે હું અપરાધભાવ અનુભવવા લાગ્યો.

'તમે કોણ?' અનિલે પૂછયું.

'ક્રિશ, સર.' મેં કહ્યું.

'તમે ચેન્નાઈના છો?' અનિલે કહ્યું. મારા ઉચ્ચારો બાકીના લોકો સાથે મેળ નહીં ખાતાં તે મૂંઝાયા હતા.

'ના. હું દિલ્હીનો છું.'

'પંજાબી?'

મેં હા પાડી.

અનિલે કંઈ કહ્યું નહીં. તે માત્ર હસ્યા. એ હાસ્ય પાણીની બહાર તરફડિયાં મારતી માછલીને જોવાનું પરપીડનનું હાસ્ય હતું.

'શું થયું? HRએ લોચો માર્યો?' અનિલે પૂછયું.

ફરીથી તેના ફોનની ઘંટડી વાગી. સેક્રેટરીએ તેની બિઝનેસ ક્લાસની ટિકિટ અને પીકઅપ માટે BMW કન્ફર્મ કરી. જોકે અનિલે તેને BMW ઓછામાં ઓછી ફાઈવસિરીઝ હોવાની ખાતરી કરવા જણાવ્યું.

'તને યાદ છે આપણે બૅન્ક AM સાથે ટાટા ટીની ડીલ કરી હતી? હું બૅન્ક AMના તે બબૂચક MD સાથે પાછો આવ્યો ત્યારે કંપનીએ મારા માટે ટોયોટા મોકલી હતી અને તેના માટે ફાઈવ-સિરીઝ... તને ખબર છે મારી કેવી હાલત થઈ હતી?' અનિલે ફરીથી ભારપૂર્વક કહ્યું. સેક્રેટરીએ એ કન્ફર્મ કર્યું કે તેમના માટે કોઈ પણ કાર કોઈ ઍપાર્ટમૅન્ટથી ઓછી કિંમતની નહીં હોય તેની તે ખાતરી કરશે. અનિલનો મૂડ સુધર્યો અને રૂમમાં શાંતિ પથરાઈ ગઈ.

'હા, તો હું શું કહેતો હતો?' અનિલે પૂછયું અને મારી તરફ જોયું. તે ફરીથી હસ્યો, 'તમે કઈ કૉલેજમાં ભણ્યા છો?'

'IIMA' મેં કહ્યું.

'સેલ્યુટ, સર.' અનિલે કટાક્ષ કર્યો.

હે ગધેડા, હું મારી કૉલેજની બડાઈ નથી હાંકતો. એવું મારે કહેવું હતું. તેણે મને માત્ર કૉલેજનું નામ પૂછયું હતું.

'હું IIMCમાં ગયો હતો. હું IIMA માટે વેઈટલિસ્ટ હતો, પરંતુ મને કૉલ મળ્યો જ નહીં. હું માનું છું કે હું તમારા જેટલો સ્માર્ટ નથી.' અનિલે કહ્યું.

આ પ્રશ્નનો જવાબ કેવી રીતે આપવો તેની મને ખબર ન પડી. રૂમમાં અન્ય એક ટ્રેઈની IIMCનો હતો અને તેણે પોતાનો પરિચય આપ્યો. અનિલ મારી તરફ ફર્યો તે પહેલાં તેમણે ઘણી બડાશો હાંકી.

'પણ તેનાથી શું ફેર પડે છે, હું કન્ટ્રી મૅનેજર બની ગયો અને IIMAના ઘણા સિનિયર ન બની શક્યા.' અનિલે કહ્યું અને મારી તરફ આંખ મીંચકારી.

હું મલક્યો, પણ મનોમન તો હું બોલ્યો કે હે, ત્રાસદાયી, તને દેખીતી રીતે હજુ પણ ફેર પડે છે. મનોમન વાત કર્યા વગરની જિંદગી તે કંઈ જિંદગી કહેવાય.

'તો તે મહિલાઓને ઈન્ટરનેટ કંપનીના શૅર વેચવાનો આઈડિયા તમારો હતો? અનિલે તેના અહોભાવમાંથી બહાર આવ્યા બાદ પૂછયું, 'અને બાલા, તમે તેમને રોક્યા નહીં?'

'સર, હું હંમેશાં યંગ ટૅલન્ટને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરું છું. બીજું કે તે IIMAમાં ભણ્યો હોવાથી મને લાગ્યું કે તેને બધી ખબર છે.' બાલાએ કહ્યું અને તેમણે સૌથી સારી ઈન્સ્ટિટયૂટ પૈકીની મારી સૌથી સારી ઈન્સ્ટિટ્યૂટ સામે અનિલના અણગમાનો ફાયદો ઉઠાવ્યો.

'IIMA.' અનિલે કહ્યું, 'તમે બૅન્કને આવતાં પાંચ વર્ષમાં અપાવી શકો તેટલા બિઝનેસ

કરતાં પણ વધુ નુકસાન પહોંચાડયું છે.'

મને વિચાર આવ્યો કે મારે બાલા સાથેની મારી સમજૂતી રદ કરવી જોઈએ કે કેમ. તેમણે જાતે મને પીવડાવેલી કૉફીની પણ કોઈ કિંમત જણાતી ન હતી.

'પણ મૉનિટરિંગનું શું? બાલા, નુકસાન શરૂ થયું ત્યારે તમે તેના ઉપર નિયંત્રણ રાખ્યું નહીં?'

'મને તો વધુ ને વધુ બિઝનેસ મળતો હતો, સર.' બાલાએ કહ્યું.

લંચ બ્રેકનો સમય થઈ ગયો હતો. હું તે ગ્રૂપમાં જોડાયો નહીં. એક તો મારે આવતી કાલના સાલે-સાબના ક્લાસ માટે IIT ટ્રિગોનોમેટ્રી તૈયાર કરવાની હતી. બીજું, કે હવે મારે વધુ કંઈ સાંભળવાની જરૂર ન હતી અને ત્રીજું કે, ફૂડ સાઉથ ઈન્ડિયન સ્પેશ્યલ હતું કે જે હવે મને ગમતું ન હતું અને મને ખાતરી હતી કે અનિલને પણ તે નહીં ગમે.

લંચ પછી અનિલે મિટિંગનું સમાપન કર્યું, 'મારે સારા કસ્ટમર્સની સંખ્યા જોઈએ. કાં તો તે કસ્ટમર્સ પાછા લાવો અથવા નવા લાવો, મને તેનાથી ફેર પડતો નથી અને પ્લીઝ, હવે પછી લંચ વધારે સારું હોય તે જો જો.'

'ચોક્કસ, સર. અમે ઘણી મહેનત કરીએ છીએ.' બાલાએ કહ્યું.

અન્ય ટ્રેઈની હતા. તેમણે માથું ધુણાવ્યું. IIMCના ટ્રેઈની સિવાય, સમગ્ર મિટિંગ દરમિયાન અન્ય કોઈ પણ ટ્રેઈની એક શબ્દ બોલ્યો ન હતો.

'હું એટલું કહીશ કે આ ઈન્ટરનેટના ધબડકાથી આખી બૅન્કમાં ભારે છટણી થશે અને હું ખરેખર કહું છું કે આંકડાની દૃષ્ટિએ જો ચેન્નાઈ તળિયે આવશે તો છટણી જરૂર થશે.' અનિલે કહ્યું અને સૌના ચહેરા પર ભય પથરાઈ ગયો.

'ઍન્ડ યુ, HR error.' અનિલે મારા ખભે હાથ મૂકતાં કહ્યું 'તારે તો ઘણું આગળ આવવાનું છે.' અનિલને અને અમારી ચિંતાઓને ઉપાડી જવા બ્રાન્ચ ઉપર BMW આવી ગઈ હતી. થોડા સમય બાદ અમે અમારી સીટ ઉપર ગોઠવાયા, પછી બાલા મારા ડેસ્ક પાસે આવ્યા, 'થૅંક્સ, દોસ્ત હું તારો ખૂબ ખૂબ આભારી છું.' તેણે કહ્યું.

'મજા કરો સર, મજા.' મેં કહ્યું.

૨૪

મને એટલી ખબર પડી ગઈ હતી કે જ્યારે અનન્યાના રસોડામાંથી તળવાના વધારે પડતા અવાજ સંભળાય ત્યારે કોઈ ખાસ પ્રસંગ હોય છે. મેં બે મહિનાથી ટ્યૂશન આપવાનું શરૂ કર્યું હતું અને મંજુ કૉમ્પલાન અને બૉર્નવિટાની ઍડમાં દેખાતાં બાળકો કરતાં વધારે સ્માર્ટ બની ગયો હતો. હું મારા ટૅક્સ, PF અને HRA પછીના એક મહિનાના પગારની શરત મારવા તૈયાર છું કે મંજુ IIT, મેડિકલ કે માનવજાત જાણતી હોય તેવી કોઈ પણ ભયંકર એન્ટ્રન્સ ઍક્ઝામ સફળતાથી પાસ કરી શકશે. એમાં મોટા ભાગે તેની ભારે મહેનત કારણભૂત હતી અને મારા સવારે પાંચ વાગે ઊઠવાની બાબતને તેની સાથે બહુ ઓછો સંબંધ હતો.

'શું ચાલી રહ્યું છે.' મેં પૂછયું અને બે વાર છીંક ખાધી. મરચાના વઘારની તીવ્ર વાસથી મારું નાક બળતું હતું.

મંજુએ તેના ફિઝિક્સના ન્યૂમેરિકલ્સ સોલ્વ કરતાં કરતાં જ જવાબ આપ્યો કે, 'સ્પેશ્યલ ગેસ્ટ માટે સ્પેશ્યલ કૂકિંગ.'

'કોણ?'

'હરીશ, અખાતી વિસ્તારમાંથી.' મંજુએ કહ્યું.

'કોણ હરીશ?'

સ્ટવ ઉપર વધુ એક વાનગી તળવાનો અવાજ આવ્યો. આ વખતે રાઈ, મીઠો લીમડો અને

કાંદાની વાસ આવી. જો આ કોઈ પારિતોષિક-વિજેતા ભારતીય નવલકથા બનવાની હોય તો હું આવી અદ્ભુત સોડમ વિશે બે પાનાં લખું. જોકે, અત્યારે તો મને ભારે ઉધરસ અને આંખમાંથી પાણી જ આવી રહ્યાં હતાં.

'યૂ આર સો સેન્સિટિવ.' મંજુએ કહ્યું અને તિરસ્કારપૂર્વક મારી સામે જોયું. તે ઊભો થયો અને બારણા તરફ ગયો, 'ઍક્ઝોસ્ટ ફેન ચાલુ કર, અમ્મા.' તેણે જોરથી બૂમ પાડી અને બારણું બંધ કર્યું.

અનન્યાની મૉમે કઢાઈમાં તળાઈ રહેલી વસ્તુઓ ઊલટવાનું ચાલુ રાખ્યું, 'OK હવે તું નાહી લે. તે લોકો આવવાની તૈયારીમાં છે.' અનન્યાની મૉમે તેમનો અવાજ ઊંચો કરતાં કહ્યું, 'અનન્યા! તું તૈયાર થઈ ગઈ?'

'આ હરીશ કોણ છે?' મેં ફરીથી પૂછ્યું, પણ મંજુએ તેના પ્રૉબ્લેમમાંથી ડોકું ઊંચું કર્યું નહીં.

'નક્ષત્રમ્ મળી ગયા ને તેથી તેઓ અહીં આવવાના છે, OK! So G is 9.8 metres per second squared and the root of...' મંજુ ફરી તેની સૌથી જાણીતી દુનિયામાં ખોવાઈ ગયો અને હું મારી દુનિયાના પ્રશ્નને હલ કરવા એકલો રહી ગયો કે જેમાં એક છોકરો મારી ગર્લફ્રૅન્ડને પોતાની પત્ની બનાવવા તેને મળવા આવી રહ્યો હતો.

મેં મંજુના હાથમાંથી તેની નોટબૂક ઝૂંટવી લીધી.

'અઈયો, શું થયું?' મંજુએ આંચકા સાથે મારી સામે જોયું.

'આ હરીશનો મામલો શું છે. મને હાલ કહી દે, નહીં તો હું તારી મૉમને કહું છું કે તું પૉર્ન જુએ છે.' મેં કહ્યું.

મંજુ સ્તબ્ધ બની ગયો. તેણે ભયભીત અવાજે કહ્યું, 'પણ હું ક્યાં પૉર્ન જોઉં છું?'

'મારી આગળ ખોટું ન બોલીશ. બધા છોકરા પૉર્ન જુએ છે.'

'ખાલી એક જ વખત મેં ભૂલથી એક ફ્રૅન્ડના ઘરે બ્લૂ ફિલ્મ જોઈ હતી.' તે બીતાં બીતાં બોલ્યો.

'હા, ભૂલથી જોઈ, એમ?'

'તે મારા ફ્રૅન્ડના ડૅડની હતી. પ્લીઝ, અમ્માને નહીં કહેતા.'

તેનો ચહેરો, અરે તેનાં ચશ્માં પણ ગભરાઈ ગયેલાં જણાતાં હતાં. મેં તેની ચોપડીઓ બંધ કરી દીધી, 'મને હરીશ વિશે બધું કહે. આ બધું કેવી રીતે ગોઠવાયું?'

મંજુએ, આ પરફેક્ટ તમિલ મુરતિયા એવા હરીશ વિશે મને બધી વાત કરી. રાધા આન્ટી છેલ્લાં બે વર્ષથી હરીશ માટે પાછળ પડયાં હતાં. અનન્યા માટે મુરતિયા તરીકે કોઈ પણ ભારતીય માતાપિતા ઈચ્છે તેવા બધા ગુણ તેનામાં હતા. તે તમિલ હતો, બ્રાહ્મણ હતો, ઐયર હતો. (અને આ ત્રણેય બાબતો ભિન્ન છે અને તે પૈકીની કોઈ પણ એક ખૂટતી હોય તો તમે ડિસ્કવૉલિફાઈડ થાવ છો.) તે IIT ચેન્નાઈમાં ભણ્યો હતો ને તેનો GPA હતો (અને સ્વામી પરિવારમાં તેના સ્કોરની જાહેરાત કરવામાં 9.45 આવી હતી.)

તે ફુલ સ્કોલરશિપ સાથે MS કરવા ગયો હતો અને અત્યારે વિકસી રહેલી એક સિલિકોન વેલી કંપની, એવી સિસ્કો સિસ્ટમ્સમાં કામ કરતો હતો. તેણે ક્યારેય શરાબ પીધો ન હતો કે માંસાહાર કર્યો ન હતો કે ધૂમ્રપાન પણ કર્યું ન હતું. (અથવા કોઈ પણ રીતે મોજમજા કરી ન હતી) અને તે કર્ણાટકી સંગીત તેમ જ ભરત નાટ્યમ્‌ની સારી જાણકારી ધરાવતો હતો. તે અડધો ઈંચ જાડી મૂછ રાખતો હતો. સાન ફ્રાન્સિસ્કોમાં પોતાનું ઘર હતું. તેની પાસે વ્હાઈટ હોન્ડા એકૉર્ડ હતી અને તેની પાસે સ્ટોક ઑપ્શન્સ હતા કે જે છેલ્લા ત્રણ મહિના સિવાય તેના ભાવ દર બાર મિનિટે ડબલ થતા હતા. તેની પાસે ટેલિસ્કોપ પણ હતો અને વીકઍન્ડમાં તે તેના વડે ગૅલેક્સી જોતો હતો. (મેં અગાઉ કહ્યું કે તે કોઈ મોજમજા કરતો ન હતો.) મંજુ ટેલિસ્કૉપ જોવાના ખ્યાલથી બહુ રોમાંચિત થઈ ગયો હતો અને તેના માટે તો આ છોકરા સાથે તેની બહેનના લગ્ન કરાવવા માટેનું તે પૂરતું કારણ હતું.

'હરીશ કહેતા હતા, તમે ટેલિસ્કૉપથી ખરેખર શનિના વલયોના રંગ જોઈ શકો.' મંજુએ રોમાંચિત થતાં કહ્યું.

‘હરીશ સાથે તેં વાત કરી છે?’

‘તેમનો ફોન આવે છે, ઘણી વખત.’ મંજુએ કહ્યું.

‘અનન્યાએ તેની સાથે વાત કરી છે?’

‘ના. તે એવા સમયે ફોન કરતા હતા જ્યારે અનન્યા ઘરે ન હોય અને આમ પણ જ્યાં સુધી નક્ષત્રમ્ ન મળે ત્યાં સુધી છોકરા અને છોકરીને વાત કરવા દેવામાં આવતી નથી.’

‘નક્ષત્રમ્ વળી શું છે?’ મેં પૂછ્યું.

‘જન્માક્ષર. એ તો જરૂરી છે. જો તે ન મળે તો છોકરાવાળા અને છોકરીવાળા લગ્ન વિશે આગળ વાત કરતા નથી, પણ અક્કા અને તેના નક્ષત્રમ્ મળી ગયા છે.’

મેં મારા પોતાના પરિવાર વિશે વિચાર કર્યો. અમારે જ્યારે છોકરી જોવાની હોય ત્યારે અમે જે એકમાત્ર નક્ષત્રમ્નો વિચાર કરીએ છીએ તે પેટ્રોલપંપોની વહેંચણીનું જ છે.

‘તું વિજ્ઞાનનો એવો કીડો છે કે જે શનિનાં વલયો જોવા માગે છે અને પાછો તું એવું પણ માને છે કે જેમના જન્માક્ષર ન મળે તેમણે વાત ન કરવી જોઈએ?’ મેં કહ્યું.

‘અમારી સંસ્કૃતિમાં એવું જ છે.’ મંજુએ કહ્યું. તેના હાથ તેની વર્કબૂક પાછી મેળવવા માટે અધીરા બન્યા હતા. મેં તેને તેની નોટ્સ પાછી આપી.

‘તે અત્યારે કેમ આવી રહ્યો છે?’ મેં કહ્યું.

‘હા, નાસ્તા માટે અને પ્લીઝ, મારી નોટબૂક ફરીથી ખેંચતા નહીં.’

‘આઈ એમ સૉરી.’ મેં કહ્યું અને હું ઊભો થયો. મારે આ અંગે અનન્યા સાથે તડ અને ફડ કરી નાખવું હતું. બેશક તેને આ મિટિંગ વિશે સહેજ વધારે ખબર હશે જ, પણ અત્યારે તો હું અહીંથી નીકળી જવા માગતો હતો.

‘બાય, મંજુ.’ મેં કહ્યું અને હું જવા માટે નીકળ્યો.

‘ક્રિશ ભૈયા, હું તમને એક વસ્તુ પૂછવા માગું છું.’ તેણે કહ્યું.

‘શું?’ મેં કહ્યું.

‘જો બ્લૂ ફિલ્મ જોઈએ તો કંઈ ખરાબ થાય?’

હું તેની સામે તાકી રહ્યો.

‘હું નહીં કહું, પ્રોમિસ. મારે તો ખાલી જાણવું જ હતું.’ તેણે કહ્યું.

‘માત્ર જોવાથી કંઈ થાય?’

‘માત્ર જોવાથી... અને’ તેણે કહ્યું અને અચકાતાં અચકાતાં ઉમેર્યું, ‘અને ત્યાર પછી તમે કંઈક કરો તો.’

‘તું તારા અપ્પાને કેમ નથી પૂછતો?’

‘અઈયો, આ તમે શું બોલ્યા?’

‘તું આંધળો જ થઈ જઈશ.’ મેં ગંભીર ચહેરા સાથે કહ્યું.

‘હેં! ખરેખર?’ તેણે કહ્યું, ‘તેવું કેવી રીતે બને?’

‘ધ્યાન રાખજે.’ મેં તેની સામે આંખ મીંચકારી અને ત્યાંથી નીકળી ગયો.

‘આવો, આવો.’ હું હજી ઘરની બહાર નીકળું ત્યાં તો પ્રવેશદ્વાર આગળ મહેમાનોને આવકાર આપવામાં આવી રહ્યો હતો.

બારણા આગળ ટોળું જામી ગયું હતું – અનન્યાનાં ડૅડ અને મૉમ, શોભા આન્ટી, કાંજીવરમમાં સજ્જ ત્રણ અન્ય આન્ટીઓ અને સફારી સ્યૂટ્સમાં બે બીજા અંકલ્સ- એ બધાંની ‘વેલકમ મંડળી’ બનેલી હતી. તેઓએ હરીશને એવી રીતે આવકાર્યો જાણે કે તે ચંદ્ર પર જઈને પાછો આવેલો અવકાશયાત્રી હોય! યુવાનો માટે વૃદ્ધો માત્ર એક જ પ્રસંગે રોમાંચ અનુભવે છે અને તેય જ્યારે, યુવાનો પરણી રહ્યા હોય અને વૃદ્ધોના સીધા અંકુશ હેઠળ બધી વિધિ ચાલી રહી હોય ત્યારે! હું અનન્યાના ઘરે ઘણી વખત આવી ચૂક્યો હતો. જોકે મને કેબલ કનેક્શનના બિલના ઉઘરાણીવાળા કરતાં વધારે સારો આવકાર ક્યારેય મળ્યો ન હતો, પરંતુ હરીશની તો ભારે આગતાસ્વાગતા થઈ રહી હતી. આ બધી આન્ટીઓ તેની સામે એ રીતે જોઈ રહી હતી કે જાણે તે

બે વર્ષનો નાનો બાબો હોય, પણ હકીકત એ હતી કે બે વર્ષના બાબા કરતાં પચાસગણો મોટો હતો અને તેની મૂછો જોઈને જ કોઈ પણ બે વર્ષનો બાબો ડરી જાય. સવારના સાત વાગ્યા હતા તો પણ તેણે સનગ્લાસ પહેર્યા હતા. તે તેનાં પૅરન્ટ્સ સાથે આવ્યો હતો અને આ રૂઢિચુસ્ત દેખાતા તમિલ પરિવારે તેમના આ મહાપરાક્રમી પુત્ર સાથે રૂમમાં પ્રવેશ કર્યો. સદ્નસીબે, સોફા ઉપર બેસતી વખતે તેણે સનગ્લાસ કાઢી નાખ્યા.

અનન્યાના પિતાએ મારી સામે મૂંઝવણભરી નજરે જોયું.

‘અંકલ, હું જઈ જ રહ્યો છું.’ મેં કહ્યું ‘સૉરી, મંજુના ટ્યૂશન માટે આવ્યો હતો.’

‘નાસ્તો કર્યો?’ તેમણે પૂછયું.

‘ના.’ મેં કહ્યું.

‘તો પછી બેસ.’’ તેમણે કહ્યું. તેમના અવાજની મક્કમતાને લીધે તરત જ મારાથી તેનું પાલન થઈ ગયું. મારે આમ તો અહીંથી નીકળી જવું હતું, પણ અંદરખાને મને આ નાટક જોવાની પણ ઈચ્છા હતી. અંકલે નવા મહેમાનો તરફ ધ્યાન આપ્યું. કદાચ તેમણે મને ઈરાદાપૂર્વક રોક્યો હતો. કદાચ મને એવું બતાવવા માટે કે અનન્યા માટે કેવા કેવા મુરતિયા છે અને હું ક્યારેય એવો બની શકવાનો નથી. જ્યારે નોકરને ટીવી જોવાની છૂટ આપવામાં આવે ત્યારે તે જે રીતે ખૂણામાં બેસે તે રીતે હું ખૂણાની એક ખુરશીમાં બેઠો.

ટૅક્સી ડ્રાઈવર પૈસા લેવા અંદર આવ્યો અને હરીશના ડૅડ તેનો હિસાબ પતાવવા બહાર ગયા. તેમની વચ્ચે ભાડા અંગે તકરાર થઈ અને વાતાવરણ તંગ બન્યું. હરીશના ડૅડ પાંચ રૂપિયા માટે રકઝક કરી રહ્યા હતા ત્યારે હરીશની માતાએ સાહજિક રીતે તેમના પુત્રની એક વધુ સિદ્ધિનો ઉલ્લેખ કરતાં કહ્યું, ‘MITવાળા તેને બોલાવે છે, તેમની કૉલેજમાં તેને Ph.D. કરવા માટે કહી રહ્યા છે.’

રૂમની તમામ મહિલાઓએ જાણે નાનકડા સ્ખલનનો અનુભવ કર્યો. પંજાબીઓ માટે જેવું મારબલ ફ્લોરિંગનું મહત્ત્વ છે તેવું તમિલિયનો માટે ફોરેન ડિગ્રીનું મહત્ત્વ છે.

‘પણ તેના સિસ્કોના બૉસ તેને છોડવા જ તૈયાર નથી.’ હરીશનાં માતાએ કહ્યું. આ સમગ્ર વાતચીત દરમિયાન હરીશ સતત મલક્યા કરતો હતો.

મંજુ રૂમમાં આવ્યો અને તેણે મને બોલાવ્યો.

‘શું?’ ફિઝિક્સના એક વધુ પ્રૉબ્લેમના ભય સાથે મેં તેને પૂછયું.

હું તેના રૂમમાં ગયો. અનન્યા તેના બેડ ઉપર બેઠી હતી અને તેણે, મેં જે દિવસે તેને પ્રપોઝ કર્યું હતું ત્યારે પહેરી હતી તે જ, અદ્ભુત, પિકોક બ્લૂ સાડી પહેરી હતી.

‘જાવ, તમારા માટે મુરતિયો રાહ જોઈ રહ્યો છે.’ મેં કહ્યું.

‘મંજુ, તું બહાર જા.’ તેણે કહ્યું.

મંજુ ફરીથી ભણવા બેસી ગયો હતો, ‘અઈયો? હું ક્યાં જઉં?’

‘જા અને મહેમાનો સાથે બેસ અથવા અમ્માને રસોડામાં મદદ કર.’ અનન્યાએ તેને સખતાઈપૂર્વક કહ્યું.

મંજુ તેની ફિઝિક્સની ગાઈડ લઈને લિવિંગ રૂમમાં ગયો.

મેં અનન્યા તરફથી મોં ફેરવી લીધું.

‘આઈ એમ સૉરી.’ તેણે કહ્યું.

‘કોણે ડફોળે આ સૉરી શબ્દ શોધી કાઢયો છે? કોઈ વ્યક્તિ કંઈ પણ કરે તેના માટે બસ આ એક જ શબ્દ? કાલે ઊઠીને પેલા બહાર બેઠેલા મિસ્ટર સનગ્લાસ સાથે તારાં લગ્ન થઈ જાય અને પછી તું સૉરી કહેજે. મારે શું કહેવાનું?’

‘ડૉન્ટ ઓવર રિએક્ટ. હું માત્ર શોભા આન્ટીને ખુશ કરવા આમ કરી રહી છું. હજુ પણ હું કહું તેમ જ થશે. હું ના પાડીશ.’

‘તેં આ વાત મને કેમ ન કરી?’

‘કારણ કે તે મહત્ત્વની છે જ નહીં. તેં પણ પેટ્રોલપંપવાળી છોકરી જોઈ ને?’

‘પણ મેં તને પછીથી કહ્યું ને? અને તે તો અૌપચારિક મિટિંગ પણ ન હતી. મારી મૉમ

પમ્મી આન્ટીને મળવા ગયાં હતાં.'

'તો આ પણ અૌપચારિક નથી. મારાં પૅરન્ટ્સે એવું જ કહ્યું હતું કે હરીશ અમસ્તો મળવા આવવાનો છે.'

'એમ વાત છે? તો લોકો જન્માક્ષર પણ અમસ્તા જ મેળવે છે?'

'એ તો પહેલું સ્ટેપ છે અને એ તો શોભા આન્ટીએ જન્માક્ષર મેળવ્યા છે. ક્રિશ, જો સાંભળ...'

'અનન્યા!' તમિલ ઉચ્ચારો સાથેનો એક ઘાંટો આખા રૂમમાં છવાઈ ગયો.

'આઈ લવ યુ.' તેણે કહ્યું, 'અને હવે મારે જવું પડશે.' તે મને ઘસાઈને બારણા તરફ ગઈ.

મેં બારણાની સ્ટોપર ઉપર હાથ મૂકતાં કહ્યું, 'તો આ અદ્ભુત સાડી કેમ પહેરી છે?'

'કેમ કે મારી મૉમે તે પસંદ કરી. હવે હું જઈ શકું કે અપ્પા અહીં આવે એવું તારે કરવું છે?'

'આપણે ભાગી જઈએ.' મેં કહ્યું.

'આપણે આપણો પ્રયત્ન છોડી ન દઈએ.' તેણે કહ્યું અને મને કિસ કરવા ઊંચી થઈ. તેના સ્ટ્રોબેરી લિપગ્લૉસનો સ્વાદ મારા હોઠ ઉપર રમવા લાગ્યો.

પાંચ મિનિટ પછી હું બહાર આવ્યો. હરીશ વિશેનો લોકોનો ઉમળકો સહેજ ઓછો થયો હતો. પુરુષો અખબારોમાં પરોવાઈ ગયા હતા. મહિલાઓ, બેલે ડાન્સરની જેમ એકબીજા સામે મરક્યાં કરતી હતી. મુરતિયાએ તેનો લેટેસ્ટ મોટરોલાનો મોબાઈલ ફોન કાઢયો અને SMS ચેક કરવા લાગ્યો. અનન્યાની મૉમે તેને સાપના ગૂંચળાવાળા આકાર જેવો નાસ્તો આપ્યો હતો. કોઈ એકબીજા સાથે વાત કરી રહ્યું ન હતું. જો કોઈ પંજાબી ઘરમાં, આવી શાંતિ પથરાયેલી હોય તો તમે એવું માની શકો કે કાં તો કોઈ ગુજરી ગયું છે કે મિલકતનો કંઈ ઝઘડો છે અથવા તો કોઈ કાળી દાળમાં માખણ નાખવાનું ભૂલી ગયું છે કે એવી કોઈ ગંભીર ઘટના બની હોય, પણ આ તો અનન્યાના ઘરનો પ્રોટોકોલ છે. તમે અત્યંત રોમાંચિત થઈને મળો છો, પણ તમને ફિક્કો નાસ્તો આપવામાં આવે છે અને ત્યાર પછી કાં તો તમે છાપાં વાંચવા બેસી જાવ છો અથવા ચૂપચાપ એકબીજા સામે તાક્યા કરો છો.

મારા પુન: પ્રવેશથી સૌનું ધ્યાન મારી તરફ ખેંચાયું. અનન્યાની મૉમને આશ્ચર્ય થયું. અનન્યા તેની મૉમની બાજુમાં અને હરીશનાં પૅરન્ટ્સની સામે બેઠી હતી. હું મારી ખૂણાની ખુરશીમાં બેઠો.

'મંજુના ટ્યૂટર છે.' અનન્યાની મૉમે કહ્યું. દરેક જણે મારી સામે જોયું કે આ ટ્યૂટર ખરો છે કે જે ભણાવવા માટે કૉર્પોરેટ સ્યૂટમાં આવ્યો છે.

'તે અનન્યા અક્કાના ક્લાસમેટ છે.' મંજુએ કહ્યું અને મને કંઈક સન્માન આપ્યું.

'તમે પણ IIMAના સ્ટુડન્ટ છો? મારા ઘણા કલીગ ત્યાંના છે, જે કદાચ તમારા સિનિયર્સ હશે.' હરીશે કહ્યું.

'ખરેખર! બહુ સરસ.' મેં કહ્યું. મને સાપ જેવા ગોળ ગૂંચળાવાળો નાસ્તો તેના નાકમાં ખોસી દેવાનું મન થયું, પણ હું ઠાવકાઈથી મલક્યો.

અનન્યાના પિતાએ, હરીશના પિતા સાથે તમિલમાં વાત કરી, 'સમથિંગ સમથિંગ સિટી બૅન્ક ચેન્નાઈ પોસ્ટેડ સમથિંગ, સમથિંગ સમથિંગ પંજાબી ફેલો.'

દરેકે ડોકું ધુણાવ્યું અને હું પંજાબી હોવાથી એક સલામત આઉટસાઈડર હોવાનું જાણ્યા પછી નિરાંત અનુભવી.

'વાત કર, અનન્યા.' અનન્યાની માતાએ ધીમેથી તેને કહ્યું.

'તમે અહીં કેટલો વખત રહેવાના છો?' અનન્યાએ કહ્યું અને તેની બંગડી રણકી રહી હતી. તેણે ખરેખર તો બંગડી પહેરવાની જ જરૂર ન હતી.

'બે અઠવાડિયાં પછી મારે અમારી મેન્યુઅલ કૉન્ફરન્સ માટે બાલી જવાનું છે.' તેણે કહ્યું.

'બાલી?' અનન્યાનાં એક આન્ટી બોલ્યાં.

'બાલી, ઈન્ડોનેશિયાનો એક ટાપુ છે. અહીંથી સિંગાપોર થઈને વિમાનમાં આઠ કલાક થાય છે.' હરીશની મમ્મીએ કહ્યું.

નાસ્તા પહેલાં આ જે જ્ઞાન તેઓ પામ્યા તે અંગે દરેકે સંમતિસૂચક ડોકું ધુણાવ્યું. આ જ્ઞાનના

તેઓ ક્યારેય ઉપયોગ કરે કે નહીં, તેમ છતાં અનન્યાના પરિવારને જ્ઞાન મેળવવું ગમતું હતું.

અમે ડાઈનિંગ ટેબલ, અરે, ડાઈનિંગ ફ્લોર તરફ ગયાં. અનન્યાની મૉમે કેળનાં પાન ગોઠવી રાખ્યાં હતાં. મને તે દર વખત કરતાં સહેજ વધારે લીલાં લાગ્યાં, કદાચ મારી ઈર્ષા તેમાં પ્રતિબિંબિત થતી હશે.

આન્ટીઓએ હરીશનું કેળનું પાન ભરી દીધું.

'આ તો બહુ બધું છે.' હરીશે તેના કેળના પાન ઉપરની છ ઇડલી તરફ ઈશારો કરતાં કહ્યું.

'કોઈને એક જોઈએ છે?' તેણે એક ઇડલી ઉપાડી અને અનન્યાના પાનમાં મૂકી.

'વાઉ!' સૌ આન્ટીઓએ એકીઅવાજે હર્ષની ચિચિયારી કરી.

'જુઓ તો ખરા, તે અત્યારથી જ તેની કેટલી કાળજી રાખે છે! અનન્યા, તું કેટલી નસીબદાર છે!' એક આન્ટી બોલ્યાં અને મને કેળનું પાન તોડીને મોંમાં મૂકી દેવાનું મન થયું.

મેં વચ્ચોવચ સંભારનો બાઉલ જોયો. મને એવો વિચાર આવ્યો કે હું તે ઉપાડીને હરીશના માથા ઉપર ઊંધો વાળી દઉં. હે મૂરખ, અનન્યા જાતે તેની ઇડલી લઈ લેશે, તું બાલીમાં જઈને ડૂબી મર ને, મને થયું.

હરીશને તેને જે કંઈ પીરસવામાં આવ્યું હોય તે સઘળું અનન્યાને આપી દેવાનું ખરેખર ફની લાગ્યું. તેણે કેટલોક ઉપમા, પોંગલ, ચટણી અને કેળાની વેફર તેના કેળના પાનમાંથી અનન્યાના પાનમાં મૂક્યાં. હરીશ, ખરેખર કોઈએ તને ફની ન બનવાનું શીખવ્યું નથી! અને હે સૌ આન્ટીઓ, તમે પ્લીઝ ખિલખિલાટ કરવાનું બંધ કરશો કે જેથી આ મૂરખને બહુ હરખ ન ચડે?

'આપણે અમેરિકાના કૅલેન્ડર મુજબ રજાઓ ધ્યાનમાં રાખીને તારીખ નક્કી કરવી પડશે.' શોભા આન્ટીએ કહ્યું અને મને લાગ્યું કે તેઓ અતિશય ઝડપથી આગળ વધી રહ્યાં છે.

'ધીમે આન્ટી ધીમે.' અનન્યાએ કહ્યું.

ખૂબ ખૂબ આભાર, અનન્યા મૅડમ. છેવટે આ લોકોને કંઈક સાનમાં રાખવાનું આપે બહુ સારું કામ કર્યું છે. 'યૂ OK?' મંજુએ મને એક ઇડલી આપતાં કહ્યું. જોકે મેં મંજુ સાથે બે મહિના ગાળ્યા હતા અને તેથી તે મારી અંદર ઊઠેલા તોફાનને સમજી શક્યો.

'હા.' મેં કહ્યું.

નાસ્તો ચાલુ રહ્યો અને ત્યાં, અનન્યાની મૉમ રડવા લાગ્યાં. જેથી બીજા લોકો માટે એકબીજાને ઇડલી ખવડાવવાનું અને ખજૂર વિશે ટિપ્પણીઓ કરવાનું ફિક્કું પડી ગયું.

'અમ્મા?' અનન્યા બોલી અને ઊભી થઈને તેની મૉમ પાસે ગઈ.

અમ્માએ તેનું માથું હલાવ્યું. મંજુએ તેમની સામે જોઈને પણ ખાવાનું ચાલુ રાખ્યું. અંકલોએ એવો દેખાવ કર્યો કે જાણે કશું બન્યું જ નથી.

'શું થયું, રાધા?' સુરુચિ આન્ટીએ કહ્યું અને તેમનો એક હાથ અમ્માના ખભા ઉપર મૂક્યો.

'કંઈ નહીં. મને બહુ આનંદ થયો અને તેથી હું રડી રહી છું.' તેમણે એવા ભાવવાહી અવાજે કહ્યું કે મને પણ ગળામાં ડૂમો બાઝી ગયો. બાકીની તમામ આન્ટીઓની આંખો ભીની થઈ ગઈ. હરીશનાં માતા અનન્યાની માતાને ભેટ્યાં. મેં અનન્યા સામે જોયું. તેણે તેની આંખો ઢાળી દીધી.

'આપણાં છોકરાં કેટલાં જલદી મોટાં થઈ ગયાં.' એક આન્ટીએ કહ્યું ત્યારે આ બાળકોની સાથે તેઓ પણ એક વૃદ્ધા બની ગયાં હતાં તે બાબતની તેમણે ઉપેક્ષા કરી.

હું તારા માટે સઘળું કરી છૂટીશ. મેં મનોમન સોગંદપૂર્વક કહ્યું અને હું મારા હાથ ધોવા ગયો.

૨૫

'તું તેમને કહી દેતી કેમ નથી? આ ધીમેધીમે કહેવાની વાત કંઈ જામતી નથી.' મેં મેનુ ખોલતાં કહ્યું.

અમે એક જૂના કોલોનિયલ બંગલામાં ચાલતા એમેથિસ્ટ નામના એક સુંદર ટી-હાઉસમાં

આવ્યાં હતાં. શહેરની નામશેષ થતી જતી કેટલીક વિશિષ્ટ જગ્યાઓ પૈકીની આ એક હતી. એક એકરમાં પથરાયેલો આ બંગલો બે લેવલમાં આવેલો છે. બંગલાની બહાર વિશાળ વરંડામાં કેન ફર્નિચર અને મોટાં મોટાં પાંદડાંવાળા પ્લાન્ટ્સનાં કૂંડાં ગોઠવેલાં હતાં. વેઈટર્સ જામૂન આઈસ્ડ ટી અને મિન્ટ અને જિંજર કૂલર્સ જેવા આહ્‌લાદક પીણાંની સાથે ચીઝવાળી મોંઘીદાટ ડીશ સર્વ કરતા હતા. સ્ટાઈલિશ ચેન્નાઈ લેડીઝ અને એકબીજાંને પાગલની જેમ પ્રેમ કરતાં કપલ્સ માટે આ એક મનપસંદ સ્થળ છે કે જ્યાં જામુન મિક્સ્ડ વિથ સોડા માટે સો રૂપિયા પણ વધારે પડતા નથી.

‘હું જામુન આઈસ્ડ અને ચિકન સૅન્ડવિચ અને થોડાંક સ્કોન્સ અને ક્રીમ લઈશ.’ અનન્યાએ કહ્યું.

‘ઍન્ડ સમ વૉટર, પ્લીઝ.’ મેં વેઈટરને કહ્યું.

‘સ્ટીલ ઓર સ્પાર્કલિંગ, સર?’ વેઈટરે પૂછ્યું.

‘આજે સવારે તમે જેનાથી નાહ્યા હો તે.’ મેં કહ્યું.

‘સર?’ વેઈટરે કહ્યું. એ ડઘાઈ ગયો હતો, ‘ટેપ વૉટર, સર.’

‘સેઈમ, ગેટ મી ધેટ.’ મેં કહ્યું.

‘મેં તેમને વાત કરી છે. જોકે તેઓ તૈયાર નથી.’ અનન્યાએ કહ્યું અને અમે અમારી મૂળ વાત ઉપર પાછાં આવ્યાં.

‘મિસ્ટર હરીશનું તો પતી ગયું ને?’

‘છેવટે પત્યું, પણ શોભા અથાઈને ફરીથી મનાવવામાં વર્ષોનાં વર્ષો લાગશે. એ તો એકનું એક જ રટણ કરે છે – હરીશમાં કંઈ ખરાબી છે, એક તો મને બતાવો.’

‘હરીશ તેની રીતે કોઈ છોકરી પટાવી શકે નહીં.’ મેં કહ્યું.

‘શટઅપ, ક્રિશ.’ અનન્યા હસી, ‘તને ખબર છે કે એ મામલો મેં માંડ માંડ કેવી રીતે પતાવ્યો?’

‘તેને મારા વિશે તેં કહ્યું?’

‘કંઈક એવું જ.’

‘કંઈક એવું જ?’ મેં કહ્યું, મારો અવાજ મોટો થઈ ગયો, ‘હું કોઈ મિસ્ટર ‘એવું જ કંઈક’ નથી. હું મુરતિયો છું.’

‘હા, પણ હું તેને બધું તો કહી શકું નહીં ને, તેને કેવું લાગે જ્યારે એ મને જોવા આવ્યો હોય ત્યારે મારો બૉયફ્રેન્ડ મારી જોડે બેઠો હોય?’

‘મને કેવું લાગ્યું હશે તેનો વિચાર કર, ખેર, તેં તેને શું કહ્યું?’

‘તેણે મને મારી વર્જિનિટી વિશે પૂછ્યું, આડકતરી રીતે.’

‘અરે, તેણે એવું કંઈ કહ્યું! હું તે હરામજાદાને મારી નાખીશ.’ મેં કહ્યું અને મારો ચહેરો લાલઘૂમ થઈ ગયો.

અનન્યાએ હસી પડતાં કહ્યું, ‘ઈર્ષા પણ એક જોવો ગમે તેવો ભાવ છે.’

‘ફની.’

‘તેણે માત્ર પૂછ્યું... ઊભો રહે, મને યાદ કરવા દે. હા, તેણે કહ્યું, તું હજુ પણ પ્યોર છે કે પછી એવું કંઈક...’ તેણે દાંત કાઢ્યા.

‘વ્હૉટ એ લુઝર, વ્હૉટ ઈઝ હી લુકિંગ ફોર ધી?’ મેં પૂછ્યું. અનન્યા નિરંકુશ રીતે હસી પડી.

‘ઊભો રહે, મેં તેને શું કહ્યું એ જો તું સાંભળીશ તો તું મરી જઈશ.’

‘એવું તેં શું કહ્યું એને?’

‘મેં તેને કહ્યું – હરીશ, જો વર્જિનિટી માટે કોઈ ઍન્ટ્રૅન્સ ઍક્ઝામ હોય તો તું ખાતરી રાખજે, હું તેના ટૉપ પર નહીં હોઉં.’ અનન્યાએ કહ્યું.

‘ખરેખર તેં એવું કહ્યું? હોય નહીં! અને પછી શું થયું?’

‘અને ત્યાર પછી એ સિસ્કો મહાશય તેમના ફોનમાં પરોવાઈ ગયા. હવે હરીશની વાત પૂરી. રાધા આન્ટીએ કહ્યું કે હવે હું પણ હરીશને ગમતી નથી. ખુશ!’

વેઈટર અમારાં ડ્રિન્ક્સ લાવ્યો. પાણીમાં અનેક રંગના પેઈન્ટબ્રશ બોળ્યાં હોય તેવું તે ડ્રિન્ક

લાગતું હતું. જામુન ટીનો સ્વાદ કંઈક જુદો જ હતો. જોકે જુદાનો અર્થ સારો એવો ન હતો. આમ પણ એમેથિસ્ટ તેના વાતાવરણ માટે સારી જગ્યા છે, સ્વાદ માટે નહીં.

'અનન્યા, આપણે આ બાબતનો નીવેડો લાવવો પડશે. મને તો તારાં પૅરન્ટ્સ કંઈ ગણતાં જ નથી. કદાચ મંજુ હજુ મને કંઈક માનપાન આપે છે. બાકી બીજા બધાં તો ભાગ્યે જ મને બોલાવે છે.'

'તને એ લોકો પણ બોલાવશે, હકીકતમાં મેં એટલા માટે જ તને આજે અહીં બોલાવ્યો છે. ડૅડને ઈમ્પ્રેસ કરવાની તારી પાસે તક છે.'

'એવું શક્ય નથી. મેં તને કહ્યું ને કે એમણે મારી આગળ તેમના હાથ જોડયા હતા.'

'અરે, પણ એ તેમના પ્રેઝન્ટેશન માટે કંઈ પણ કરવા તૈયાર છે. આખી 'બૅન્ક ઑફ બરોડા'માં કોઈએ ક્યારેય કોઈ બિઝનેસ પ્લાન બનાવ્યો નથી અને એમને કમ્પ્યૂટર પણ આવડતું નથી. તે બહુ મૂંઝવણમાં છે.'

'મેં તેમને મદદ કરવાની તૈયારી બતાવી હતી અને તેમણે ના પાડી હતી.'

'હવે તે ના નહીં પાડે. હું તેમને મદદ કરી શકું, પણ મારે સતત ટ્રાવેલિંગ હોય છે અને જો તું તેમને મદદ કરે તો કદાચ આ આઈડિયા કામ કરી જાય.'

'અહીં મહત્ત્વનો શબ્દ છે 'કદાચ' કદાચ એમ થાય પણ ખરું, અને ન પણ થાય.' મેં કહ્યું.

'કોશિશ તો કર.' અનન્યાએ કહ્યું અને તેના હાથ મારા હાથ પર મૂક્યા. કદાચ ચેન્નાઈની આ એકમાત્ર એવી રેસ્ટોરન્ટ હતી કે જ્યાં તે આવું સાહસ કરી શકે. અહીં તે વાંધાજનક નહોતું.

'પહેલા તારો ભાઈ, હવે તારા પપ્પા. જો બીજું કંઈ નહીં તો હું તારો ફૅમિલી ટયૂટર તો બની જ જઈશ.' જામુન ટીનો છેલ્લો ઘૂંટડો લેતાં મેં કહ્યું.

'અને મારો પ્રેમી.' અનન્યાએ આંખ મીંચકારી.

'થૅંક્સ. અને તો પછી તારી મૉમનું શું? હું તેમને હરીશની જેમ ખુશીના માર્યા કેવી રીતે રડાવી શકીશ?'

અનન્યાએ પરાજયનો સ્વીકાર કરતાં કહ્યું, 'મૉમ વિશે મને કહીશ નહીં. એક તો તે દરરોજ મને અપરાધભાવે હરીશની યાદ અપાવે છે અને બીજું કે, ચેન્નાઈએ તેને કર્ણાટકી સંગીતની તેની કુશળતા વિશે તેનું સ્થાન દેખાડી દીધું છે. તેણે ગાવાનું જ બંધ કરી દીધું છે અને તેના લીધે તેની હાલત વધારે કફોડી થઈ ગઈ છે. પોતે અપરાધભાવથી પીડાયા કરે છે અને તે બધું પછી મારા ઉપર આવી પડે છે. આમ ને આમ આ ચક્કર ચાલ્યા જ કરે છે. તેને તો હું પણ કંઈ કહી શકતી નથી. હાલ પૂરતું તું ડૅડનો જ ઉપાય કર.'

અનન્યા શ્વાસ લેવા થંભી અને મેં સંમતિસૂચક માથું ધુણાવ્યું.

'થૅંક્સ તેં આટલું સહન કર્યું.' તેણે કહ્યું અને મિલ્ક કેકનો ટુકડો ક્રીમમાં બોળીને મારા મોંમાં મૂક્યો. હું તેની આંગળી ઉપરનું ક્રીમ ચાટી ગયો. આવી નાની નાની ઘટનાઓથી હું આગળ વધતો રહ્યો.

'અરે, આ પબ્લિક પ્લેસ છે.' તેણે કહ્યું.

વેઈટર બિલ લઈને આવ્યો અને અનન્યાએ તેનો હાથ પાછો ખેંચી લીધો. મેં બિલ ચૂકવ્યું અને મારા રોજના જમવાના બજેટ કરતાં પણ વધારે ટિપ તેને આપી.

'તારે ડાન્સ કરવા આવવું છે?' તેણે પૂછયું.

'ડાન્સ કરવા? આઠ વાગ્યે તો તારે કરફ્યુ લાગી જાય છે. આપણે ડાન્સ કરવા કેવી રીતે જઈશું?'

'કારણ કે ચેન્નાઈમાં લોકો ડાન્સ કરવા બપોરના ટાઈમે જાય છે. ચાલ, આપણે જઈએ. શેરેટોનમાં સરસ DJ છે.'

'બપોરે ત્રણ વાગે?'

'હા, બધાં જાય છે. નાઈટક્લબ ઉપર પ્રતિબંધ હોવાથી અહીં આફ્ટરનૂન ક્લબ્સ ચાલે છે.'

અમે શેરેટોન જવા ઑટો પકડી. હું સહેજ પણ મજાક નથી કરતો, પરંતુ સો જેટલાં યુવાનો પાર્ટીવેરમાં, તડકામાં ખુલ્લામાં બહાર રાહ જોઈ રહ્યાં હતાં. ડિસ્કો દસ મિનિટમાં ખૂલ્યો. બધાં

અંદર ગયાં અને લાઈટ બંધ થઈ. બારનું કામકાજ શરૂ થયું. DJએ લેટેસ્ટ રજની તમિલ ટ્રેક ચાલુ કર્યો. મારા સિવાય દરેક જણ એ ગીત જાણતા હતા અને લોકો ઝૂમી ઊઠયા.

અનન્યાના શરીરે સંગીત સાથે તાલ મિલાવ્યા. નાનપણમાં ભરતનાટ્યમ્‌ની તાલીમ લેનાર અન્ય લોકોની જેમ જ તેણે ખૂબ જ સુંદર ડાન્સ કર્યો.

'ના, ઓન્નાઈ કડાલીકારેન.' તેણે કહ્યું. તમિલમાં તેનો અર્થ 'આઈ લવ યુ' થાય છે. મેં તેને મારી બાહોમાં લઈ લીધી.

મેં આજુબાજુ યુવાનોને જોયા. તેમનાં પેરેન્ટ્સથી માંડીને સરકાર સુધીના સૌ કોઈ તેમના ઉપર ડાન્સ કરવા ઉપર પ્રતિબંધ મૂકી રહ્યા હોવા છતાં તેમને ડાન્સ કરવાનું ગમતું હતું.

હા, જો આફ્ટરનૂન ડિસ્કો જેવું કંઈ હોય, તો પછી પંજાબીઓ તમિલોને પરણી શકે.

આમ જુઓ તો નિયમો છે જ એટલા માટે કે તમે તેમાંથી છટકી શકો.

* * *

'અંકલ, અનન્યા કહેતી હતી કે તમને બિઝનેસ પ્લાન બનાવવામાં તકલીફ પડી રહી છે.'

અંકલને આંચકો લાગ્યો અને તેમણે તેમની કારની બ્રેક મારી. અમે ફિયાટમાં ક્યારેય વાત કરતા ન હતા. અમારો આ નિયમ હતો. હું મારા રિપોર્ટ્સ વાંચતો હતો અને તેઓ ટ્રાફિક અને શહેરના રસ્તાઓને ભાંડતા હતા.

વીસ મિનિટમાં અમે સિટી બૅન્ક પાસેના ટ્રાફિક સિગ્નલ આગળ પહોંચ્યા કે જ્યાં તેઓ મને ઉતારતા હતા. મેં તેમનો આભાર માન્યો, તેમણે મારી સામે જોયા વગર જ તેમનું ડોકું ધુણાવ્યું. આજે મારી એમિથિસ્ટ ખાતેની ડેટ પછી એક અઠવાડિયે હું મારી ચાલ ચાલ્યો હતો. અનન્યા તેના કામ માટે પાંચ દિવસ માટે થાન્જાવૂર ગઈ હતી અને તેની મૉમ ત્યાંના મંદિરનાં દર્શન કરવા તેની સાથે જોડાયાં હતાં. અનન્યાએ મને કહ્યું હતું કે તેના ડૅડને મદદ માટેની ઑફર કરવા માટેનો આ સૌથી સારો ચાન્સ હતો. તેના ડૅડને એવી શંકા નહીં પડે કે હું અનન્યાને મળવા માટે તેમના ઘરે જવા માગું છું. બીજું, વધારે અગત્યનું એ હતું કે તેઓ મારી પાસેથી મદદ મેળવવા છતાં, તેમની પત્ની અને દીકરીની ગેરહાજરીમાં તેમની આંખની શરમમાંથી બચી શકશે.

'એ આ બધું તમને શા માટે કહે છે?' તેમણે જોરથી સ્ટિયરિંગ વ્હીલ પકડતાં કહ્યું.

'એવું છે ને કે મેં મારા બૉસને એક બિઝનેસ પ્લાન બનાવવામાં મદદ કરી હતી.' મેં ચલાવી.

'ખરેખર?' તેમની નજરમાં કુમાશ આવી ગઈ હતી અને તેમણે મારી સામે જોયું.

'MNC લોકો તો આખો વખત પ્રેઝન્ટેશન્સ જ બનાવ્યા કરે છે.' મેં કહ્યું.

અંકલે બ્રેક ઉપરથી પગ ઉઠાવ્યો અને તેમની કાર ફરીથી આગળ વધી.

'હું તમને મદદ કરું એવું તમે ઈચ્છો છો?' અમે સિટી બૅન્કના સિગ્નલની નજીક પહોંચતાં જ મેં કહ્યું.

'તમે મંજુનાં ટ્યૂશન તો કરો જ છો. તમે અમને આટલી બધી મદદ કેમ કરો છો?'

આનો જવાબ શોધવા મેં બહુ મહેનત કરી, 'મારે ચેન્નાઈમાં કોઈ નથી. નથી કોઈ જૂના મિત્રો કે નથી ફૅમિલી.' મેં કહ્યું.

મારા છેલ્લા શબ્દો સાંભળતાં તેમનાં ભવાં ખેંચાયાં.

'અલબત્ત, તમારા ઘરે પણ હમણાં કોઈ નથી.' મેં કહ્યું અને તેમનો ચહેરો ફરીથી કૂણો પડયો, 'એટલે ઘરે તમને મદદ કરવાનું ઠીક રહેશે.'

હું મારા સિગ્નલ ઉપર પહોંચી ગયો હતો. મેં ધીમેથી સહેજ વધુ સમય લઈને બારણું ખોલ્યું કે જેથી તેમને કંઈક જવાબ આપવા સમય મળે.

'જો તમને સમય હોય તો સાંજે આવો. મેં જે કંઈ કર્યું છે તે તમને બતાવીશ.'

'OK હું આજે રાત્રે આવીશ.' મેં કહ્યું અને અંકલે કાર દોડાવી અને ફિયાટે કાર્બન મોનોક્સાઈડનો ધુમાડો ફેંક્યો.

'મને લાગે છે કે આ બહુ સરસ આઈડિયા છે.' બાલાએ કહ્યું. અમે અમારી પ્રાયોરિટી બૅન્કિંગ ગ્રૂપની મિટિંગમાં બેઠા હતા. ભારતભરના અમારા પ્રાઈવેટ ક્લાયન્ટ્સ માટે 'રેઈઝ સ્પિરિટ' ડિનર ઈવેન્ટનું આયોજન મુંબઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આર્થિક મંદી છતાં, તેમણે તમામ મોટા સેન્ટર માટે બજેટ મંજૂર કર્યું હતું. અમે અમારા ક્લાયન્ટ્સ જે ઍડવેન્ચર બૅન્કિંગમાં ફસાયા હતા તે જોતાં તો ચેન્નાઈને તેની ખાસ જરૂર હતી.

બાલાએ કહ્યું, 'તો આપણે ચેન્નાઈમાં કસ્ટમર્સ માટે કયો ઈવેન્ટ સૌથી સારો રહેશે તેના વિશે વિચાર કરવો પડશે.'

'આર્ટ ઍક્ઝિબિશન.' એક ઍક્ઝિક્યુટિવે કહ્યું.

'ફરીથી અહીં આપણે કંઈક વેચવાની વાત કરી રહ્યા છીએ.' બીજા એક ઍક્ઝિક્યુટિવે કહ્યું, 'આપણે મોજમજા કરાવવાના છે.'

'ફૅશન શો.' ફરીથી એ પહેલા ઍક્ઝિક્યુટિવે કહ્યું.

'આપણા માર્કેટ માટે આ વધારે પડતું બૉલ્ડ છે.' અન્ય વળતો પ્રતિભાવ આવ્યો.

આ ચર્ચા દસેક મિનિટ ચાલી. મૂવી-નાઈટથી માંડીને કોલિવુડ સેલિબ્રિટીને બોલાવવાથી માંડીને કોઈ જાણીતા શૅફને બોલાવવાની ચર્ચા થઈ જે અદ્ભુત વાનગીઓ સાથે હાઈક્લાસ ડિનર તૈયાર કરે.

જોકે કોઈક કારણસર આવો એક પણ આઈડિયા ક્લિક થયો નહીં. મારે કંઈ જ કહેવાનું ન હતું અને જાણે કે હું બિનઉપયોગી હોઉં તેવું મને લાગ્યું, પરંતુ મને એ સમજાતું ન હતું કે ચેન્નાઈના કસ્ટમર્સને તેમના પૈસા પાછા આપ્યા વગર બીજી કઈ રીતે રાજી કરી શકાય.

'ક્રિશ, તું શું વિચારે છે?' બાલાએ પૂછ્યું અને પિકોક બ્લૂ સાડી પહેરેલી અનન્યા સાથે હાથમાં હાથ પરોવીને ચાલતો હોવાનો મારા દિવાસ્વપ્નમાં ભંગ પાડયો.

'શું?' મેં કહ્યું અને ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે દરેક જણ મારી સામે જોઈ રહ્યું હતું.

'તારે કંઈ કહેવું નથી?' બાલાએ કહ્યું. આમ, પ્રસંગોપાત તેમની અંદરનો દબાયેલો બૉસ બહાર ઊછળી આવતો હતો.

'મ્યુઝિક, મ્યુઝિકલ નાઈટ કેવી રહેશે?' મેં સૂચવ્યું.

આખા રૂમમાં ન સમજાય તેવી ગુસપુસ ચાલુ થઈ ગઈ. છેવટે અમારી પાસે એવો કોઈ આઈડિયા હતો જેની સામે કોઈ મજબૂત વિરોધ ન હતો. જોકે મ્યુઝિક અંગે જ પાછા ડઝનબંધ આઈડિયાઝ હતા.

'કુત્ચેરી! આપણે કુત્ચેરીનો કાર્યક્રમ રાખીએ!' એક જણે કહ્યું.

'એ વળી શું છે?' મેં કહ્યું અને હું સરસ્વતી તરફ વળ્યો.

સરસ્વતી એક જુનવાણી તમિલ એજન્ટ હતી જે વર્ષમાં માત્ર એક જ વખત બોલતી હતી અને તેના હાથ ઉપર ક્યારેય વેક્સ કરતી ન હતી. (હું સ્વીકારું છું કે આ વાત અસંગત છે, પણ આવી બાબતોને નજરઅંદાજ કરવાનું મુશ્કેલ છે.)

'કુત્ચેરી એ કર્ણાટકી મ્યુઝિક કૉન્સર્ટ છે.' સરસ્વતીએ કહ્યું અને ફરી પાછી દીવાલમાં જડાઈ ગઈ.

'અરે, મને તો એમ છે કે આપણે મોજમસ્તીની એક સાંજનું આયોજન કરી રહ્યા છીએ.' મેં કહ્યું.

'કર્ણાટકી મ્યુઝિક કૅન બી ફન.' અન્ય એક સુપરવાઈઝર રવિએ કહ્યું.

મારે કહેવું હતું કે હા, ચિક્કાર ભીડવાળી ટ્રેનમાં રડતાં બાળકોના અવાજ જેવી મોજ, પણ મેં તેમ કહ્યું નહીં. જો ચેન્નાઈમાં રહેતાં લોકોને ખબર પડી જાય કે તમે ચેન્નાઈ-વતની નથી તો તે લોકો તમારી કોઈ પણ વાતમાં સુધારો કર્યે જ અટકે.

હું બાલા તરફ વળ્યો, 'આપણે જુસ્સો લાવવો છે. કર્ણાટકી સંગીત બહુ ભારેખમ નથી લાગતું? આપણે પોપ્યુલર મ્યુઝિક રાખીએ તો? સરસ મજાનું પોપ્યુલર મ્યુઝિક.'

'એ. આર. રહેમાન, આપણે એ. આર. રહેમાનને લાવી શકીએ?' એક જણે કહ્યું.

'અથવા તો પછી ઈલિયારાજા?' બીજાએ કહ્યું.

બાલાએ જોરથી તેમનું માથું ધુણાવ્યું અને 'ના' પાડવા માટે તેમના હાથ હલાવ્યા. આપણે આવા મોટા માથાને લાવી શકીએ નહીં. બજેટ એટલું મોટું નથી અને આવા મોટા માથા આવે એટલે પ્રેસમાં વાત જાય. કોઈ કસ્ટમર તેના નુકસાન વિશે અને આવા કૉન્સર્ટ પાછળ આપણે પૈસા વેડફીએ છીએ તેવી વાત પ્રેસને કહે તેવું આપણે કરવાનું જ નથી. મુંબઈવાળાઓ મને મારી નાખશે.

બીજા બે કલાક આ ચર્ચા ચાલી અને ત્યાં સુધીમાં લંચ બ્રેકનો ટાઈમ થઈ ગયો ત્યારે અમે આ ઈવેન્ટ અંગે થોડાક નિર્ણયો કરી શક્યા. આવો કૉન્સર્ટ શહેરના પરામાં આવેલ એક વૈભવી રિસોર્ટ ફિશરમૅન્સ કૉવ પાસે રાખવો તેવું નક્કી થયું. બે લાખના બજેટમાં આવી જાય તે રીતે અમે થોડાઘણા જાણીતા ત્રણથી પાંચ ગાયક કલાકારોને બોલાવવાનું નક્કી કર્યું.

'ઠીક છે, તો બધું ફાઈનલ.' બાલાએ કહ્યું અને સાંજે છ વાગે અમારી મિટિંગ પૂરી થઈ. મને યાદ આવ્યું કે આજે રાત્રે તો મારે બિગ ડૅડી સાથે બિગ ડેટ પર જવાનું છે.

૨૭

'તો, આ તો લગભગ પતી ગયું છે?' મેં સ્લાઈડ્સ ક્લિક કરતાં કહ્યું. અંકલે મને તેમના પ્રોજેક્ટની CD આપી હતી. મેં તેને મારા લૅપટૉપ ઉપર અપલોડ કરી. તેમાં ફૉર્મેટ કર્યા વગરની સ્લાઈડ્સમાં, ટૅક્સ્ટના પેરેગ્રાફ્સ હતા, કોઈ બૂલેટ પૉઈન્ટ ન હતા અને આઠથી માંડીને બોંતેર સુધીની જુદી જુદી સાઈઝના ફોન્ટ્સ હતા.

'આટલું કરવામાં મને ત્રણ અઠવાડિયાં લાગ્યાં!' તેમણે કહ્યું.

અમે લિવિંગ રૂમમાં ટેબલ પાસે બેઠા. મંજુ અંદર ભણતો હતો. ઘરે બીજું કોઈ ન હતું. લૅપટૉપ સ્ક્રીન ઉપર જોવા માટે હું અને અનન્યાના પિતા અડોઅડ બેઠા.

'આમાં તો કોઈ આંકડા નથી, ચાર્ટ નથી કે કોઈ ચોક્કસ મુદ્દા પણ નથી...' મેં કહ્યું. મેં બને તેટલા ઓછા ટીકાત્મક બનવાનો, પણ સાચી વાત કહેવાનો પ્રયત્ન કર્યો.

'મારી પાસે આંકડા તો છે.' કહી, અંકલે તેમની બ્રિફકેસ ખોલી, 'પાવરપૉઈન્ટમાં તે કઈ રીતે ગોઠવવા તે મને હજી ફાવતું નથી.'

તેમણે ગંદા બ્રાઉન પૂંઠા સાથેની ત્રણ જાડી ફાઈલ કાઢી અને તે દરેકમાં બસો જેટલા કાગળ હતા.

'આ શું છે?'

'અમારો છેલ્લા વર્ષનો બિઝનેસ ડેટા.' તેમણે કહ્યું.

'આટલો બધો ડેટા છે?' મેં કહ્યું, 'આ ક્યારે તૈયાર કરવાનું છે?'

'પેલા રાસ્કલ વર્માને તો એક અઠવાડિયામાં જોઈએ છે.' અંકલે કહ્યું.

જે રીતે અનન્યાના ડૅડ આ તૈયાર કરી રહ્યા હતા, તે રીતે તો એક વર્ષમાં પણ તેઓ પ્રેઝન્ટેશન આપી શકે તેમ હતું નહીં.

'એક અઠવાડિયું? આ તો ફક્ત ગયા વર્ષનો ડેટા જ છે. તમારે તો આવતા વર્ષનો પ્લાન બનાવવાનો છે ને?'

'હા, હવે હું એ જ કરવાનો હતો.' તેમણે મહામહેનતે કહ્યું.

મેં મારા ડાબા હાથની કોણીને ટેબલ ઉપર અને હથેળી કપાળ ઉપર મૂકી. પહેલી સ્લાઇડ ઉપર પહોંચવા માટે મેં બાકી બધી સ્લાઇડ્સ કૂદાવવા માંડી.

'શું થયું?' તેમણે કહ્યું, 'મેં કંઈ ભૂલ કરી છે?'

હું તેમની તરફ ફર્યો અને સહેજ મલકાયો, 'ના, થોડાક ફિનિશિંગ ટચ આપવાના બાકી છે.' મેં કહ્યું.

'તો હવે આપણે એ કેવી રીતે કરીશું?'

'સૌથી પહેલા તો મને એ કહો કે બૅન્કમાં આપ ખરેખર શું કરો છો અને ત્યાર પછી મને આ ફાઇલ્સની વિગતો જણાવો.'

મેં લૅપટૉપ બંધ કર્યું. ત્યાર પછીના ત્રણ કલાક મેં એ સમજવામાં ગાળ્યા કે એક પબ્લિક સેક્ટરની બૅન્કમાં કોઈ ડેપ્યુટી ડિસ્ટ્રિક્ટ મૅનેજર શું કરે છે. સરકારી બૅન્કનો સ્ટાફ કંઈ કામ કરતો નથી તેવી મારી માન્યતાથી વિપરીત ખરેખર ઘણી બધી કામગીરી થયેલી જોવા મળી. જોકે, મોટા ભાગની કામગીરી રિપોર્ટિંગ, મંજૂરીઓ અને કેટલાક રેકૉર્ડ્સ અંગેની હોય છે. આવી બૅન્ક્સમાં અમલદારશાહી વધુ અને કામગીરી ઓછી થતી હોય છે.

મેં બગાસું ખાધું અને તેમણે તેમના ઈગ્મોર ડિસ્ટ્રિક્ટમાં સ્ટાફની નિમણૂકની પ્રક્રિયા કેવી રીતે કરવામાં આવે છે તે સમજાવવાનું પૂરું કર્યું. મેં ઘડિયાળ સામે જોયું. સાડા નવ થયા હતા.

'સૉરી, મેં તમને ડિનરનું પૂછયું પણ નહીં.' અંકલ બોલ્યા.

'કંઈ વાંધો નહીં, ચાલુ રાખો. હું સહેજ મોં ધોઈ લઉં.' મેં કહ્યું અને મારી ખુરશી પાછળ ખેંચી.

હું બાથરૂમમાંથી પાછો આવ્યો અને અંકલ સ્ટીલની બે પ્લેટ અને લેમન રાઈસનો એક બાઉલ લાવ્યા. તેમણે રાઈસ ગરમ કરવા બાઉલને માઈક્રોવેવમાં મૂક્યો, 'સૉરી, હું તમને આજે બરાબર જમાડી શકતો નથી. મેં રસોઈયણને સાદું જ બનાવવાનું કહ્યું હતું.' તેમણે કહ્યું.

'બરાબર છે.' કહી તેમની પાસેથી પ્લેટ્સ લઈ હું રસોડામાં ગયો. મેં દહીં અને પાણી લીધું. મેં ત્યાં ચમચીઓ પડેલી જોઈ, પણ લીધી નહીં.

'મંજુ?' મેં ટેબલ તરફ પાછા ફરતાં પૂછ્યું.

'તેણે તો ક્યારનુંય જમી લીધું. એ સવારે ચાર વાગે ઊઠે છે એટલે તે વહેલો સૂઈ જાય છે.' અંકલે કહ્યું.

અમે ચૂપચાપ જમ્યા. તેમના ઘરમાં મને પહેલી વાર આવકાર મળ્યો હોય તેવું લાગ્યું. બેશક, તેઓ મને નાસ્તો કરાવતા હતા અને અઠવાડિયામાં ત્રણ દિવસ કામ કરવાની તેમણે મને તક પણ આપી હતી. જોકે આજની વાત જુદી હતી. મેં રાઈસ પતાવી દીધા ત્યારે અંકલે ફરીથી મારી પ્લેટમાં બીજા રાઈસ મૂક્યા અને મારા ગ્લાસમાં પાણી ભર્યું. અમે ડિનર પછી કામ કરવાનું ચાલુ રાખ્યું અને જ્યાં સુધી તેઓ જાગી શક્યા ત્યાં સુધી અમે કામ કર્યું.

'સાડા અગિયાર થયા છે. હવે મારે જવું જોઈએ.' મેં કહ્યું. મેં મારું લૅપટૉપ બંધ કર્યું અને બધા કાગળ વ્યવસ્થિત કર્યા.

અંકલે તેમની ઘડિયાળ સામે જોતાં કહ્યું, 'આટલું બધું કામ હશે તેની તો મને ખબર જ ન હતી.'

હું દરવાજા સુધી આવ્યો ત્યાં સુધીમાં મેં તેમને આગળની કામગીરીની ગાઈડલાઈન્સ આપી.

'આપણે આ રીતે કરીશું.' મેં કહ્યું, 'આવતી કાલે આપણે સ્ટ્રક્ચર તૈયાર કરીશું જેથી આપણી પાસે જરૂરી એવી તમામ સ્લાઈડ્સના ટાઈટલ તો તૈયાર થઈ જાય. ત્યાર પછીના દિવસે આપણે તેમાં ટૅક્સ્ટ ગોઠવી દઈશું અને ત્યાર પછીના દિવસે આપણે આંકડા અને ચાર્ટ્સનું કામ કરીશું.'

અમે ઘરની બહાર આવ્યા.

'બહુ મોડું થઈ ગયું છે. હું તમને મૂકી જાઉં?' અંકલે કહ્યું.

'અરે ના, ના. મેઈન રોડ ઉપરથી ઑટો મળી જશે. ગુડનાઈટ અંકલ. મંજુને કહેજો કે હું તેને

પરમ દિવસે મળીશ.'

'થૅંક્યુ, ક્રિશ.' કહી અંકલે હાથ હલાવીને મને ગુડબાય કહ્યું.

'અરે હોય કંઈ, ક્યારેય કંઈ પણ કામ હોય તો કહેજો.' મેં કહ્યું.

૨૮

ત્યાર પછીના ત્રણ દિવસની સાંજ મેં મિસ્ટર સ્વામીનાથન સાથે ગાળી. 'ધી બૅન્ક ઑફ બરોડા ઈગ્મોર ડિસ્ટ્રિક્ટ બિઝનેસ પ્લાન' મારા જીવનનું કેન્દ્ર બની ગયો હતો. હું અંકલનું કેટલુંક કામ મારી પોતાની ઑફિસમાં લાવ્યો હતો અને બપોર પછી તે કામ કરતો હતો.

'તું કયું કામ કરી રહ્યો છે?' અંકલના પ્રેઝન્ટેશનનો પ્રિન્ટઆઉટ લેવા ઑફિસના કૉમન પ્રિન્ટર આગળ ગયો ત્યારે ત્યાં ભેગા થઈ જતાં બાલાએ મને પૂછયું.

'પર્સનલ રિસર્ચ.' મેં કહ્યું અને પ્રિન્ટર પરથી તે શિટ્સ ઝડપથી લઈને હું મારા ડેસ્ક તરફ પાછો ફર્યો.

આ તો અઘરું કહેવાય, પણ હું ફોનની રિંગ ઉપરથી અનન્યાનો ફોન છે તેવું કહી શકું.

'હાય હોટ્ટી. કેવું ચાલે છે?'

'તને ખબર છે, ચાર વર્ષ અગાઉ બૅન્ક ઑફ બરોડાનાં કોઈ ATM ન હતાં, અને આજે ઈગ્મોરમાં જ એક ડઝન કરતાં વધારે છે.' પ્રેઝન્ટેશનની બારમી સ્લાઈડ ખોલતાં મેં કહ્યું.

'શું વાત કરે છે?' અનન્યાએ કહ્યું.

'અને બે વર્ષમાં તો ત્રીસ થઈ જશે.' મેં કહ્યું.

'ના હોય?'

'હું મારી ઑફિસમાં તારા ડૅડના પ્રેઝન્ટેશનનું કામ કરી રહ્યો છું.' મેં કહ્યું અને મૉનિટરથી દૂર મારી ખુરશી ઘુમાવી.

'અને એટલે જ તો તું આટલો મીઠડો છે.' તેણે કહ્યું.

'હું સિટી બૅન્ક દ્વારા એક ટૅલેન્ટેડ MBAને ચૂકવવામાં આવતા પગારની ચોરી કરી રહ્યો છું. આના માટે મને જેલ પણ થઈ શકે છે.' મેં કહ્યું.

'વાહ, કેવી મજાની વાત છે! મારો પ્રેમી મારા માટે જેલમાં જવા તૈયાર છે.' તેણે કહ્યું, 'મંજુએ મને કહ્યું હતું કે તું રોજ રાત્રે મોડે સુધી ત્યાં હોય છે અને આજે તો મંજુને સવારે તેં ટ્યૂશન પણ આપ્યું હતું. તારું ધ્યાન રાખજે.'

'હું ઠીક છું. હું ઑફિસમાં આરામ કરું છું અને પ્રેઝન્ટેશન તો આજે રાત્રે જ તૈયાર થઈ જશે.'

'બહુ સરસ. ડૅડ સાથે કેવુંક જામે છે?'

'ઠીક છે, આમ તો કામ પૂરતી વાત જેવું છે, પણ આટલા દિવસોમાં મેં તેમને પહેલી વાર મલકાતા જોયા. હું ડિનરમાં એક દિવસ એક આખું મરચું ખાઈ ગયો અને રસોડામાં દોડયો. જ્યારે હું પાછો આવ્યો ત્યારે તે પૂરી ત્રણ સેકન્ડ સુધી મલકાતા રહ્યા.'

'મારા ડૅડ માટે તો આ બહુ જ મોટી વાત કહેવાય.' અનન્યાએ કહ્યું, 'એ એમનાં લગ્નના કોઈ ફોટામાં પણ મલકાયા નથી.'

'કારણ કે, તેમને તારી મૉમ સાથે લગ્ન કરવાં પડયાં હશે.' મેં કહ્યું.

'શટઅપ.' અનન્યાએ કહ્યું.

પ્યૂન આવીને મને કહી ગયો કે બાલા મારા ઍક્સટેન્શન ઉપર વાત કરવા પ્રયત્ન કરતા હતા, પણ ફોન ઍન્ગેજ આવતો હતો.

મેં અનન્યાને ફોન ચાલુ રાખવા કહ્યું.

‘તેમને કહો કે હું એક નવા સંભવિત ક્લાયન્ટ સાથે વાત કરી રહ્યો છું અને તેમને કૉન્સર્ટ માટે આમંત્રણ આપી રહ્યો છું.’ મેં કહ્યું. પટાવાળો માથું ધુણાવીને ચાલ્યો ગયો.

‘કૉન્સર્ટ?’ અનન્યાએ કહ્યું.

‘પ્રાઈવેટ ક્લાયન્ટ માટેનો એક ઈવેન્ટ છે. ફિશરમૅન્સ કૉવ ખાતે રાખવાનો છે.’

‘ફિશરમૅન્સ કૉવ તો સરસ જગ્યા છે. હું આવું?’ તેણે કહ્યું.

‘જો તારી પાસે રોકાણ કરવા માટેના દસ લાખ હોય તો જ.’ મેં કહ્યું.

‘શ્યૉર, મારો હસબન્ડ એટલી કૅશ આપી દેશે.’ અનન્યાએ કહ્યું.

‘હા, હું મારી બૅન્કમાં લૂંટ ચલાવી લઉં પછી તરત જ. OK, હવે હું તારી સાથે ગપાટા મારું કે પછી પાંચ દિવસ પછી તારા ડૅડની હાસ્યાસ્પદ સ્થિતિ ન થાય તેની કાળજી રાખું?’ મેં કહ્યું.

‘ડૅડ ફર્સ્ટ.’ તેણે કહ્યું, ‘હું ત્રણ દિવસમાં પાછી આવું છું.’

‘થાન્જાવૂર કેવું છે?’

‘મંદિરો, તમિલિયનો અને તેજમિજાજી મૉમ. એ જવા દે, બીજું શું છે બોલ?’ તેણે કહ્યું.

‘બીજું બધું પછી, પહેલા એ કહે કે તેમને ગુસ્સો શેના લીધે આવે છે?’

‘મારા, મારા અને માત્ર મારા લીધે.’ અનન્યાએ કહ્યું અને તે હસી, ‘કાયમ મારા લીધે જ તેનું તપી જાય છે.’

‘ખરેખર? એવું તેં શું કર્યું?’

‘મારી પાસે એના માટે સમય નથી, કેમ કે હું આખો દિવસ મિટિંગ્સ માટે ડિસ્ટ્રિક્ટમાં હોઉં છું અને હા, હરીશને ના પાડવાની બાબત પણ તેમને નોબેલ પ્રાઈઝનો ઈનકાર કર્યા જેવી લાગે છે અને રોજ રાતે ડિનર પહેલાં એ વાત એપેટાઈઝર બને છે. મેઈન કોર્સમાં મને વધારે ભણાવવા દીધી તે વિશેષાધિકારનો મેં કેવી રીતે દુરુપયોગ કર્યો તેના વિશે લેક્ચર ઝાડે છે. ડેઝર્ટમાં હંમેશની જેમ અશ્રુધારા વહે છે. આવતા અઠવાડિયે મારે પૉંડિચેરી જવાનું છે. હવે હું તેને મારી સાથે લઈ જવાની નથી.’

‘તારે જવું પડે એવું છે?’

‘બસ એક જ દિવસની ટ્રીપ છે.’

‘અરે, ફિશરમૅન્સ કૉવ પૉંડિચેરીના રસ્તે જ છે ને?’ મેં પૂછયું.

‘હા, કેમ?’

‘સરસ, મારે શરૂઆતથી જ એ સ્થળની તપાસ કરવી જોઈએ. તે દિવસે હું તારી સાથે આવીશ.’ મેં કહ્યું.

ઑફિસની બહાર નીકળવા માટે કોઈ પણ બહાનું જોઈએ.

‘વાહ, બહુ સરસ.’ તેણે કહ્યું.

પ્યૂન ફરીથી આવ્યો.

‘હા, બોલો.’ મેં અનન્યાને ફોન ચાલુ રાખવાનું કહ્યું અને હું તેના તરફ વળ્યો.

‘સર પૂછી રહ્યા છે કે કયા ક્લાયન્ટ સાથે વાત કરી રહ્યા છો?’ પ્યૂન બોલ્યો.

મેં આજુબાજુ નજર નાખી. ઑફિસની બહાર ઘણાં બધાં હૉર્ડિંગ્ઝ લાગેલાં હતાં. મેં ફાયરવર્કસનું એક હૉર્ડિંગ જોયું.

‘સ્ટાન્ડર્ડ ફાયરવર્ક્સ, શિવાકાશી OK?’ મેં કહ્યું.

પ્યૂને ડોકું ધુણાવ્યું.

‘બાય સ્વીટી, મેં તને ડિસ્ટર્બ કરી?’

‘હા, પણ ગમતા માણસો દ્વારા ડિસ્ટર્બ થવા સિવાય જીવનનો અર્થ પણ શું છે?’ મેં કહ્યું.

‘થૅંક્યુ, લવ યુ.’ અનન્યાએ કહ્યું.

‘આઈ લવ યુ ટુ.’ મેં કહ્યું અને ફોન મૂકી દીધો. પ્યૂન મારી સામે ઊભો હતો અને મારી છેલ્લી લાઇન સાંભળ્યા પછી તેની આંખો પહોળી થઈ ગઈ હતી.

‘તું હજુ અહીં કેમ ઊભો છે?’ મેં કહ્યું.

'સૉરી, સર.' પ્યૂન બોલ્યો અને ત્યાંથી નીકળી ગયો.

* * *

અંકલના ઘરે પ્રેઝન્ટેશન પૂરું કરવા હું મારી ઑફિસમાંથી વહેલો નીકળ્યો. પ્રેઝન્ટેશન લગભગ પૂરું થવામાં હતું, પણ થોડું ફાઈનલ જ ફૉર્મેટિંગ બાકી હતું. માયલાપોરમાંથી એક CD સ્ટોર પાસેથી પસાર થયો. હું પ્રેઝન્ટેશન પૂરું કરું ત્યાં સુધી થોડુંક મ્યુઝિક સાંભળવાની મજા આવશે એમ વિચારીને હું સ્ટોરમાં ગયો.

'શું જોઈએ, સર?' દુકાનદારે પૂછ્યું.

ક્રાઈમ નોવેલ્સ જેવાં ગુનાઈત ચિત્રોનાં કવરવાળી તમિલ CDથી ભરચક ખાનાંઓ ઉપર મેં નજર નાખી.

'તમારી પાસે નોન-તમિલ CD છે?' મેં પૂછ્યું.

તેણે નિરાશાજનક રીતે તેનું ડોકું ધુણાવ્યું, 'નોન તમિલ માટે નુંગામબક્કમ જવું પડશે, સર.' તેમ છતાં શૉપ ઍટેન્ડન્ટ કંઈક કાઢવા માટે તેના કલેક્શનમાં જોવા લાગ્યો.

'હા, આ રહી.' તેણે ત્રણ CD કાઢતાં કહ્યું.

પહેલી CD નોનસ્ટૉપ હિન્દી રિમિક્સ્ડ હિટ્સની હતી. તેના કવર ઉપર છોકરીઓનાં અશ્લીલ ચિત્રો હતાં. મારે તે રિજેક્ટ કરવી પડે તેમ હતી. બીજી CD રોમૅન્ટિક લવ સોંગ્સના કલેકશનની હતી તેના ઉપર હાર્ટશૅપનું કવર હતું. ત્રીજી CD ઇંગ્લિશમાં નર્સરી ર્‌હાઇમ્સની હતી.

'લવ સોંગ્સની CD આપો.' મેં કહ્યું.

હું કર્ણાટકી સંગીતના વિભાગ ઉપર નજર નાંખતો હતો અને દુકાનદારે બિલ બનાવ્યું.

'કર્ણાટકી સંગીતની કોઈ સારી CD છે?' મેં કહ્યું.

'સારી એટલે?' મારી પસંદ કરેલી CDને ગિફ્ટ-રૅપ કરતાં તે બોલ્યો.

મેં કર્ણાટકી સંગીતની CDનાં કવર્સ જોયાં. મોટા ભાગના કવર ઉપર આધેડ વયનાં તમિલ સ્ત્રી-પુરુષોના ફોટા હતા, 'તમારી પાસે કર્ણાટકી મ્યુઝિકનું કોઈ ગ્રેટેસ્ટ હિટ્સનું કલેક્શન છે?' મેં કહ્યું.

દુકાનદાર મૂંઝાયો હોય તેવું લાગ્યું. મેં નિરાશા સાથે કહ્યું, 'મને બહુ ખબર નથી. આ મારા માટે નવો વિષય છે.'

'નૉર્થ ઇન્ડિયન?' તેણે કહ્યું.

મેં હા પાડી.

'તો પછી તમારે કર્ણાટકી સંગીત કેમ શીખવું છે?'

મેં કોઈ જવાબ ન આપ્યો.

દુકાનદારે મને બે CD આપી. એક CDના કવર ઉપર તંબૂરો પકડીને બેઠેલી એક મહિલાનો ફોટો હતો. બીજી CDના કવર ઉપર એક વૃદ્ધ પુરુષનો ફોટો હતો. તેના ઉપરની સંપૂર્ણ ટૅક્સ્ટ તમિલમાં હતી. મેં તેને આમતેમ ઊથલાવી.

'ટી. આર. સુબ્રમણ્યમ, બહુ સરસ છે.' દુકાનમાં પ્રવેશતાં જ એક વયસ્ક મહિલાએ મારા હાથમાંની CD જોતાં કહ્યું

'હા.' મેં પણ કહ્યું, 'મારી ઑલટાઈમ ફેવરિટ.' અને CD બૅગમાં મૂકીને હું દુકાનની બહાર નીકળ્યો.

હું ૬.૩૦ વાગ્યે અનન્યાના ઘરે પહોંચી ગયો. અંકલ ટેબલ પાસે બેસી ગયા હતા. તેમણે વાંચવાનાં ચશ્માં પેહર્યા હતા અને પ્રેઝન્ટેશનના પ્રિન્ટઆઉટમાં તે સુધારા કરી રહ્યા હતા. તેમણે ટેબલ ઉપર લાલ, લીલી અને સફેદ રંગની ચટણી સાથે ગરમાગરમ વડા તૈયાર રાખ્યા હતા.

'લગાવો. મારી ઑફિસની બાજુની એક દુકાનનાં આ વડાં બહુ વખણાય છે. હું તમારા માટે લાવ્યો છું.' અંકલે કહ્યું.

એક ઉપાડતાં મેં તેમની સામે જોયું. હું જ્યારથી તેમના પરિચયમાં આવ્યો ત્યાર પછી સૌપ્રથમ વખત અમે એકબીજા સાથે આંખ મિલાવી હતી. મેં જોયું કે જો તેમનો કરચલીવાળો

ચહેરો અને ચશ્માંને બાજુ પર રાખો તો તેમની આંખો અનન્યાની આંખો જેવી જ હતી.

'તો આજે ગમે તેટલું મોડું થાય, આપણે આ પતાવી જ દઈએ.' મેં ફાઈલ ખોલતાં કહ્યું.

અંકલે ડોકું ધુણાવ્યું. સ્ક્રીન દેખાય તે માટે તેમણે તેમની ખુરશી મારી ખુરશીની પાસે ખેંચી.

'OK, આપણે એક પછી એક સ્લાઈડ જોતાં જઈએ અને હું સાથે સાથે તેને ફૉર્મેટ કરતો જઈશ.' મેં કહ્યું.

એક કલાકમાં મેં પહેલી પાંચ સ્લાઈડ્ઝ જોઈ.

'અંકલ, જો હું થોડુંક મ્યુઝિક વગાડું તો વાંધો નથી ને? આ ફૉર્મેટિંગનું કામ બહુ કંટાળાજનક છે.' મેં કહ્યું. મેં મારા લૅપટૉપનું CD પ્લેયર ખોલ્યું.

'સ્ટિરિયો ઉપર વગાડોને.' તેમણે કહ્યું અને લિવિંગ રૂમની ડિસ્પ્લે કૅબિનેટમાં રાખેલ હાઈફાઈ સિસ્ટમ તરફ ઈશારો કર્યો. મેં મારી ઑફિસ બૅગમાંથી CD કાઢી.

અંકલ સિસ્ટમ ચાલુ કરવા મારી સાથે આવ્યા. તેઓ વાયરોને આઘાપાછા કરતા હતા ત્યારે મારું ધ્યાન સ્ટિરિયો સિસ્ટમની બાજુમાં ખોલ્યા વગરની એક લિટરની શિવાઝ રિગલની બૉટલ ઉપર ગયું.

મેં તક ઝડપી લીધી અને તેમને પૂછ્યું, 'તમને વ્હિસ્કી ફાવે છે?'

'ના, ના. આ તો શરદી થઈ હોય ત્યારે ક્યારેક નાનો પૅગ લઉં. હરીશે મને આ મોટી બૉટલ આપી હતી. આ તો મારે વર્ષો સુધી ચાલશે.' તેમણે કહ્યું.

હું ચૂપ રહ્યો.

'હરીશને તો તમે ઓળખો છો ને? અનન્યાને જોવા આવ્યો હતો તે છોકરો.'

મેં ડોકું ધુણાવ્યું.

'ખરેખર સારો છોકરો હતો.' મેં કહ્યું.

અંકલે સ્ટિરિયો ચાલુ કર્યો. મેં તેમને મારી બૅગમાંથી હાર્ટશૅપની CD આપી.

અંકલે તેને થોડીક વાર માટે તેમના હાથમાં આમથી તેમ ફેરવી.

'માયલાપોરની દુકાનમાં આ એક જ હતી.' મેં દબાતા અવાજે કહ્યું.

'બીજી કઈ હતી?

મેં તેમને બીજી બે CD બતાવી.

'ટી. આર. સુબ્રમણ્યમ અને એમ. એસ. શીલા? આ તમે કોના માટે લાવ્યા છો?'

'મારા માટે.' મેં કહ્યું.

'તમને કર્ણાટકી મ્યુઝિક સમજાય છે?'

'ના, પણ મારે શીખવું છે. મેં સાંભળ્યું છે કે સંગીતનું તે સૌથી શુદ્ધ સ્વરૂપ છે.' મેં કહ્યું.

અંકલે ડોકું ધુણાવ્યું. મને થયું કે મારી વાત કંઈ બરાબર હતી કે નહીં કે તેમણે CD પાછી મારી બૅગમાં મૂકી દીધી. 'ક્યારેક મને એમ થાય છે કે મેં રાધાને કર્ણાટકી સંગીત શીખવા પ્રોત્સાહિત ન કરી હોત તો સારું થાત. તેનાથી તેને બહુ દુ:ખ થયું છે.'

મારે કેવો પ્રતિભાવ આપવો તે નહીં સમજાતાં, મેં માત્ર ડોકું ધુણાવ્યું. પહેલી વાર અંકલ કંઈક અંગત વાત કરી રહ્યા હતા. પાંચ દિવસમાં એક બંધ રૂમમાં એક લૅપટૉપ સાથેના બે માણસો કેટલી નિકટતા કેળવી શક્યા તે આશ્ચર્યજનક હતું.

અમે ટેબલ ઉપર બેઠા હતા અને હું છઠ્ઠી સ્લાઈડ ઉપર કામ કરી રહ્યો હતો. રૂમમાં મેન્ડી મૂરના રોમૅન્ટિક સૂર છવાઈ ગયા હતા.

I wanna be with you
If only for the night

પચાસ વર્ષના એક તમિલ અને ચોવીસ વર્ષના એક પંજાબી છોકરા વચ્ચે વર્ક ડેટ માટે આ ગીતો જરાય યોગ્ય ન હતાં, પરંતુ મૌન કરતાં તે વધુ સારાં લાગતાં હતાં. ટૅક્સ્ટ બૉક્સીસ, ટેબલ્સ, ચાર્ટ્સ અને લિસ્ટને તેમની યોગ્ય જગ્યાએ ગોઠવવામાં અને દરેક સ્લાઈડને સ્પષ્ટ દેખાતી કરવામાં મને મજા પડી. અંકલ દરેક પૉઈન્ટ વાંચતા હતા અને આંકડા ચકાસતા હતા. ગીત વાગી રહ્યું હતું.

To be the one who is in your arms

હું પ્રેઝન્ટેશનમાં અડધે પહોંચ્યો ત્યાં સુધીમાં તો CD ત્રણ વાર વાગી ચૂકી હતી. દસ વાગે અમે ડિનર માટે અટક્યા. અંકલ રસોડામાં ગયા અને બે પ્લેટમાં ટોમેટો રાઈસ લઈને આવ્યા.

'તમે સાઉથ ઈન્ડિયન ફૂડથી કંટાળી ગયા હશો નહીં?' તેમણે કહ્યું.

'ના, હવે હું ટેવાઈ ગયો છું. હવે તો ઘરનું ખાવાનું હોય એવું લાગે છે.' મેં કહ્યું.

'સરસ.' કહી તે ડિસ્પ્લે કૅબિનેટ તરફ ગયા.

હું 'સારા'ની કેટેગરીમાં તો આવી ગયો હતો. જોકે હજુ હું હરીશની જેમ 'રિયલ ગુડ'ની કેટેગરીમાં આવ્યો ન હતો, એવું મને લાગ્યું.

'હવે પ્રેઝન્ટેશન તૈયાર થવામાં જ છે. તમારે ડ્રિન્ક લેવું છે?' અંકલે કહ્યું.

'શ્યૉર.' મેં કહ્યું.

અંકલે ડિસ્પ્લે કૅબિનેટની ક્રૉકરી રૅકમાંથી બે ગ્લાસ કાઢયા. તેમણે મને રસોડામાંથી એક ચમચી અને બરફ લાવવાનું કહી બૉટલ ખોલી.

'મારા માટે પાંચ ચમચી બહુ છે.' તેમણે ડ્રિન્ક બનાવતાં બનાવતાં કહ્યું, 'તમારે કેટલી જોઈશે?'

'અમે આલ્કોહૉલ ચમચીથી નથી ભરતાં.' મેં કહ્યું. હું સહેજ અકળાઈ ગયો. હું એક અઠવાડિયાથી તૂટી રહ્યો છું અને છતાં હજુ હરીશ 'રિયલ ગુડ' બૉય છે. માય ફૂટ... હરીશ, તેં આપેલું શિવાઝ રિગલ હવે હું માણીશ.

મેં તે ગ્લાસમાં શિવાઝ રિગલ ચાર આંગળ જેટલું ભર્યું.

'આ શું કરી રહ્યા છો?' તેમણે આશ્ચર્યચકિત થતાં કહ્યું.

'મારા માટે રિયલ ડ્રિન્ક બનાવી રહ્યો છું, ચિયર્સ.' કહીને મેં મારો ગ્લાસ ઉપાડયો.

'ખરેખર તો રાધા મને વધારે લેવા દેતી નથી.' કહીને અંકલે મારી પાસેથી બૉટલ લઈ સહેજ નમાવી અને મારા ભરેલા ગ્લાસ જેટલો પોતાનો ગ્લાસ ભર્યો.

'ચિયર્સ.' તેમણે કહ્યું, 'ઍન્ડ થૅંક્યુ. તમે IITians બહુ સ્માર્ટ છો. તમે કેટલું સરસ પ્રેઝન્ટેશન બનાવ્યું છે.'

'યુ આર વેલકમ.' મેં કહ્યું.

સાડા દસ સુધીમાં અમે અમારું ડિનર અને પહેલું ડ્રિન્ક પતાવી દીધાં હતાં. હું વ્હિસ્કીની બૉટલ લૅપટૉપ પાસે લાવ્યો. મેં મારા માટે બીજું ડ્રિન્ક તૈયાર કર્યું અને અંકલને ઑફર કર્યું. તેમણે ઈનકાર ન કર્યો. હવે ગીત બદલાયું હતું અને લાસ્ટ ક્રિસ્ટમસ વાગી રહ્યું હતું.

અંકલ સ્ટિરિયો પાસે ગયા અને તેમણે વૉલ્યુમ વધાર્યું, 'આઈ ગેવ યુ માય હાર્ટ' અંકલે ગીતની સાથે તાલ મિલાવીને ચપટીઓ વગાડવા માંડી. તેઓ પાછા તેમની જગ્યા ઉપર બેસી ગયા.

મેં એક આશ્ચર્યજનક દૃશ્ય જોયું. એક તમિલ બ્રાહ્મણ કદાચ સૌપ્રથમ વખત મોકળા મને થયો હતો. જો મારે પ્રેઝન્ટેશન તૈયાર કરવાનું ન હોત તો મને તેમને જોયા કરવાનું ગમ્યું હોત. મને ફક્ત એટલું જ યાદ છે કે ત્યાર પછીના બે કલાકમાં અમે છેલ્લી સ્લાઈડ ઉપર અને ત્રીજા ભાગ સુધી વ્હિસ્કીની બૉટલ ખાલી કરી ચૂક્યા હતા.

'ઍન્ડ થૅંક્યુ.' મેં છેલ્લી સ્લાઈડ વાંચવા સાથે કહ્યું.

'આ પત્યું હવે.'

મેં ફાઈલ સેવ કરી.

'તેને બે વખત સેવ કરો.' અંકલે કહ્યું.

મેં તેને ફરીથી સેવ કરી અને ઘડિયાળ જોઈ. રાતનો એક વાગ્યો હતો. ત્રણ કલાકમાં તો મંજુ જાગી જશે.

'તમે પ્રેઝન્ટેશન માટે તૈયાર?' મેં કહ્યું.

'હું તેને પ્રેઝન્ટ કરીશ? અરે ના, વર્મા તેને પ્રેઝન્ટ કરશે. મારું કામ તો આ તૈયાર કરવાનું હતું અને તે થઈ ગયું.'

'અંકલ.' વ્હિસ્કીને લીધે મારો અવાજ સહેજ મક્કમ બની ગયો હતો, 'આ તમારે પ્રેઝન્ટ કરવું જોઈએ. જો એ તમારે પ્રેઝન્ટ ન કરવાનું હોય તો આટલાં અઠવાડિયાંથી આ બધી મજૂરી કરવાની શું જરૂર હતી?'

'મેં ક્યારેય તે પ્રોજેક્ટર ઑપરેટ કર્યું જ નથી.' અંકલે કહ્યું.

'એમાં કંઈ નથી. તમારા ITના માણસો તે ગોઠવી દેશે અને આગળની સ્લાઈડ ઉપર જવા માટે તમારે માત્ર ફોરવર્ડનું બટન જ દબાવવાનું છે.'

'મને નહીં આવડે.' તે ચૂપ થઈ ગયા.

મેં મારું લૅપટૉપ બંધ કરી માથું ધુણાવ્યું, 'આ તો ગજબ કહેવાય. પ્રેઝન્ટેશન આટલું બધું સારું છે. તમારો કન્ટ્રી મૅનેજર ત્યાં હાજર હશે અને તમે એક ખૂણામાં માત્ર બેસી રહેશો. બધી ક્રેડિટ વર્મા લઈ જશે.'

'ખરેખર?' તેમણે કહ્યું.

'બધાં બૉસ આવું જ કરતા હોય છે.' મેં કહ્યું.

'બ્લડી નૉર્થ ઈન્ડિયન ફેલો.' અંકલે કહ્યું.

હું જવા માટે ઊભો થયો.

'ઊંઘ આવી?' તેમણે પૂછ્યું.

'ના, હું તો આમ પણ તમારા જેટલો વહેલો સૂઈ જતો નથી. તમે તો દસ વાગે સૂઈ જાવ છો ને?' મેં કહ્યું.

'આનાથી મારી ઊંઘ ઊડી ગઈ છે.' અંકલે તેમના ડ્રિન્ક તરફ ઈશારો કરતાં કહ્યું, 'બીજું એક લેવું છે?'

'અંકલ, મારે હજુ ઑટો શોધવાની છે. ઘણું મોડું થઈ ગયું છે.'

'તમે અહીં રોકાઈ જાવ ને?' તેમણે કહ્યું.

'શું કહ્યું?' મેં કહ્યું.

'તમે કહો તો હું તમને નાઈટડ્રેસ પણ આપું. મારાં કપડાં તમને થઈ જશે.' તેમણે કહ્યું.

મારી ગર્લફ્રેન્ડના ફાધરનાં કપડાં પહેરવાની વાત મને અજુગતી લાગતી હતી. મને થયું કે આ બરાબર નથી. હું કંઈ જવાબ આપું તે પહેલાં તો અંકલે વધુ ડ્રિન્ક બનાવી દીધું હતું.

'તમારે ગીત બદલવું હોય તો બદલજો.' તેમણે કહ્યું.

મેં ડ્રોઅરમાં અનન્યાની ટેપ્સ ઊથલાવી જોઈ. તેમાં મને પિન્ક ફ્લોઈડ આલબમ મળ્યું અને હું તે સાંભળવાની લાલચ રોકી શક્યો નહીં. આલ્કોહૉલ સાથે ફ્લોઈડની સંગત બહુ જામે છે.

રૂમમાં શાઇન ઑન યુ ક્રેઝી ડાયમંડની લાંબી ધૂન છવાઈ ગઈ.

તેના સ્લૉ બિટ્સ સાથે અંકલે ધીમે રહીને તેમના પગ થપથપાવ્યા. મને થયું કે તેમણે આટલો બધો શરાબ પીધો છે તો કંઈ થાય નહીં તો સારું. મને સિગારેટ પીવાની તલપ જાગી. મારા મનમાં ડહાપણ જાગ્યું કે, ના, સિગારેટ પીવાનો વિચાર ન કરીશ. અનન્યા સાથે હોવાનો વિચાર ન કરીશ. સૌથી ખરાબ ઇમર્જન્સીના પ્લાન વિશે વિચાર. જો અંકલ બેકાબૂ બને અથવા બેભાન થઈ જાય તો શું કરવું? ચેન્નાઈમાં ઍમ્બ્યુલન્સ કેવી રીતે બોલાવવી? અનન્યાની મૉમને હું આ બધું કેવી રીતે સમજાવીશ?

જોકે અંકલ મસ્તીમાં હોય તેમ જણાતું હતું. તેઓ સોફા ઉપર બેઠા અને તેમના પગ ટેબલ ઉપર લંબાવ્યા, 'વર્માની એક વાત હું ક્યારેય નહીં ભૂલું.' તેમણે કહ્યું.

વર્માએ કહ્યું હતું, 'સ્વામીનાથન, તમને ખબર છે કે તે લોકોએ શા માટે તમને ડેપ્યુટી GM બનાવ્યા અને મને GM?'

'કેમ?' મેં કહ્યું.

મેં એટલો બધો પી લીધો હતો કે હું કાબૂ ગુમાવી બેઠો હતો.

'તેણે કહ્યું હતું કે સાઉથ ઈન્ડિયન્સ ટૉપ ક્લાસના નંબર ટુ ઑફિસર્સ છે, પરંતુ નંબર વન પૉઝિશન માટે તેઓ ન ચાલે.' અંકલે એક મોટો ઘૂંટ લઈ તેમનું માથું જોરથી હલાવતાં કહ્યું. આટલા નશાની હાલતમાં પણ તેમની વ્યથા છલકાતી હતી. મારે શું કહેવું તે મને સમજાયું નહીં.

‘તમે એવું માનો છો?’ તેમણે પૂછ્યું.

‘અરે, એવું કંઈ નથી. મારા બૉસ સાઉથ ઈન્ડિયન છે.’ મેં કહ્યું.

‘હા, પણ તમે હજુ હમણાં જ તમારી કરિયરની શરૂઆત કરી છે. કદાચ વર્મા સાચા છે. અમને સાઉથ ઈન્ડિયનને લાઈમલાઈટમાં રહેવાનું ગમતું નથી. મને ખબર છે કે આ પ્રેઝન્ટેશન મારે બતાવવું જોઈએ, પણ હું તેમ કરવા માગતો નથી.’

‘કેમ?’

‘કેમ કે જ્ઞાન એ કોઈ પ્રદર્શન કરવાની ચીજ નથી. જો હું સારું કામ કરીશ તો લોકોને તે ખબર પડવાની જ છે. હું તે બેશરમ વર્મા જેવું કરી શકું નહીં.’

તેમની વાત સાથે હું સહમત નહોતો, પણ હું તેમની વાત સાંભળું છું તેવું દેખાડવા મેં ડોકું ધુણાવ્યું. બે પીધેલા માણસો પાસે જ્ઞાનનો જેટલો ભંડાર હોય એટલો બીજા કોઈ પાસે નથી હોતો.

‘ખરું ને?’

‘એ તો પરિસ્થિતિ ઉપર આધાર છે.’ મેં કહ્યું.

‘કેવી પરિસ્થિતિ?’

‘તેમણે જ્યારે તમને GM ન બનાવ્યા ત્યારે તમને ખરાબ નહોતું લાગ્યું?’ મેં કહ્યું.

થોડીક ક્ષણો માટે અંકલ મારી સામે જોઈ રહ્યા. તે મારી નજીક આવવા સોફામાં આગળ તરફ ઝૂક્યા, ‘મારે તને એક વાત કહેવી છે. તારું નામ શું છે?’ તેમણે કહ્યું.

દેખીતી રીતે જ હું તેમની સાથે નિકટતા કેળવવાથી ઘણો દૂર હતો.

‘ક્રિશ.’ મેં કહ્યું.

‘અફકૉર્સ, સૉરી. ધીસ વ્હિસ્કી... ખેર, ક્રિશ, મને ઑફર્સ મળી હતી. દસ વર્ષ પહેલાં મને મલ્ટિનૅશનલ બૅન્ક્સમાંથી ઑફર્સ હતી, પરંતુ હું મારી બૅન્કને વફાદાર રહ્યો અને મેં GM બનવાનો મારો વારો આવવાની ધીરજથી રાહ જોઈ. હવે તો મારે પાંચ વર્ષ પછી રિટાયર થવાનું છે અને ત્યાં તેમણે આ રાસ્કલ નૉર્થ ઈન્ડિયનને મોકલી દીધો.’

‘તો તમને ખરાબ લાગ્યું જ છે.’ મેં કહ્યું.

‘મને હજુ પણ બહુ ભયંકર લાગે છે. મેં આ વાત મારી વાઈફને પણ નથી કરી. મને લાગે છે કે હું બહુ પી ગયો.’ તેમણે કહ્યું.

‘કંઈ વાંધો નહીં. સવાલ એ છે કે જો તમને આ વાત ભયંકર લાગતી હોય તો તમારે નંબર વન બનવા માટે જે કરવું જોઈએ તે કરવાનું શરૂ કરવું જોઈએ. અને...’ હું અટકી ગયો.

‘કેમ અટકી ગયો? કહે ને?’ તેમણે કહ્યું.

‘અને જો તમારામાં માર્કેટિંગની આવડત ન હોય તો જ્ઞાન વિશેની મોટી મોટી નૈતિક વાતો કરવાને બદલે તે સ્વીકારી લેવું જોઈએ. તમે સારું કામ કર્યું હોય તો જગતને એ જાણવા દો. એમ કરવામાં શું નાનપ કે બેશરમાઈ છે?’

અંકલે કોઈ પ્રતિભાવ ન આપ્યો.

‘આઈ એમ સૉરી.’ મેં સ્વસ્થ થતાં કહ્યું.

‘અરે ના, તમે સાચા છો. હું નકામો છું.’ તેમણે કહ્યું ત્યારે તેમનો અવાજ ધ્રૂજતો હતો. મને ચિંતા થઈ કે તે રડી પડશે.

‘હું એવું નથી કહેવા માગતો. આપણે આ બનાવ્યું, બરાબર?’ મેં મારા લૅપટૉપ તરફ ઈશારો કરતાં કહ્યું.

‘તારું માનવું છે કે તે પ્રેઝન્ટેશન મારે કરવું જોઈએ?’ તેમણે પૂછ્યું, ‘શું હું તે કરી શકીશ?’

‘લોકોના તમે છક્કા છોડાવી દેશો.’ મેં કહ્યું.

‘શું?’

‘સૉરી.’ મેં કહ્યું, ‘તમારે બરફ જોઈએ છે?’

તેમણે માથું ધુણાવ્યું.

‘તમે સરસ રીતે કરી શકશો. વર્માને કહેજો કે આ પ્રેઝન્ટેશન તમે જ રજૂ કરશો. તમે તેને

ફાઈલ આપશો નહીં.'

'હું તેની સાથે ઝઘડો કરું?'

'હા, જો ઝઘડવું પડે તો.' મેં કહ્યું, 'અને હવેથી એ મગજમાં રાખજો કે તમે જે કંઈ કામ કરો તેની લોકોને જાણ થાય. મારો બૉસ બાલા આવું જ કરે છે. તે દરેક બાબતમાં કન્ટ્રી મૅનેજરની નકલ કરે છે. અમે આવતા મહિને અહીં એક સાવ બકવાસ જેવો કૉન્સર્ટ કરવાના છીએ તેના ફૂડ મેનુ વિશે પણ તેણે કન્ટ્રી મૅનેજરને વાત કરી. તમારે ચોક્કસપણે લોકોનું ધ્યાન દોરવું પડે, તમારે ફક્ત કામ જ કર્યે રાખવાનું નથી. કૉર્પોરેટજગત આ રીતે જ ચાલે છે, બધા જાણે છે.'

અંકલે ડોકું ધુણાવ્યું અને ઊંડા વિચારમાં પડી ગયા. મેં ઘડિયાળ જોઈ. બે વાગ્યા હતા. હું બગાસાં રોકી શક્યો નહીં.

'OK, હવે આપણે સૂઈ જઈએ.' કહીને અંકલ ઊભા થયા.

'એક મિનિટ.' તે એક લુંગી અને ગંજી લઈ આવ્યા, 'આ ચાલશે ને?'

મને એવું કહેવાનું મન થયું કે આ શું મજાક છે. પણ મેં કહ્યું, 'બહુ સરસ.'

અંકલ મને ગેસ્ટરૂમમાં લઈ ગયા.

મારા રૂમમાંથી બહાર નીકળતી વખતે અંકલે પૂછયું, 'તમારે શું બનવું છે? સિટી બૅન્કના MD?'

'લેખક.' મેં કહ્યું.

'શું?' તેમણે પૂછ્યું અને તેમનું થાકેલું શરીર ફરીથી સજાગ થઈ ગયું.

'MD, કન્ટ્રી મૅનેજર એ બધાની મને પડી નથી. મારે એવું કંઈ નથી બનવું.' મેં કહ્યું.

'તમે શું બૅન્ક છોડી દેશો?'

'હમણાં નહીં. પહેલા થોડાંક વર્ષો હું કમાવા માગું છું.'

'અને પછી? તમારાં માતાપિતાનું શું? એમને આ ખબર છે?'

'જોઈએ, શું થાય છે અંકલ. હવે તમારે સૂઈ જવું જોઈએ. આવતી કાલે તમારે પ્રેઝન્ટેશન કરવાનું છે.' મેં કહ્યું.

અંકલ રૂમની લાઈટ બંધ કરીને ગયા. હું બાથરૂમમાં ગયો અને લુંગી પહેરવાનો પ્રયત્ન કર્યો. છેવટે મેં તેને મારી કમર ઉપર બાંધવા માટે બેલ્ટનો ઉપયોગ કર્યો અને પથારીમાં પડયો. અઢાર કલાક પછી મારી કમરને આરામ મળ્યો હતો. મેં રાહતનો શ્વાસ લીધો.

અંકલે મારું બારણું ખખડાવ્યું. અંદર આવીને તેમણે ફરીથી લાઈટ ચાલુ કરી.

હું ઝટકા સાથે બેડમાં બેઠો થયો, 'શું થયું?'

'પાણી.' અંકલે કહ્યું અને બેડની બાજુમાં પાણીની એક બૉટલ મૂકી, 'પાણી પી લે, નહીં તો કાલે ઑફિસમાં માથું દુ:ખશે.'

'થૅંક્સ.' મેં કહ્યું.

'લુંગી પહેરવી ફાવી કે નહીં? મદદની જરૂર છે?'

'ના. હું ઠીક છું.' મેં કહ્યું અને મારો હાથ સંકોચ સાથે મારા બેલ્ટ ઉપર જતો રહ્યો.

'ગુડનાઈટ.' અંકલે કહ્યું અને તેમણે ફરીથી લાઈટ બંધ કરી.

'ગુડનાઈટ, સર.' મેં કહ્યું અને તેમને સર કહેવા બદલ ત્યાર પછીની દસ મિનિટ મેં મારી જાતને ભાંડી.

૨૯

'ત્રણ લાખ!' કૉન્સર્ટ સ્ટિયરિંગ કમિટીની મિટિંગ દરમિયાન બાલાએ વટ માર્યો. હા, બાલા તરફથી ખર્ચની મર્યાદામાં આ વધારો, બધું સમુસૂતરું પાર ઊતરે તેના માટે તો તેમણે CSC

અથવા તો 'કૉન્સર્ટ સ્ટિયરિંગ કમિટી' બનાવી હતી.

તેનું નામ જ એટલું વજનદાર લાગતું હતું કે મને મારા રેઝ્યુમમાં તેનો ઉલ્લેખ કરવાનું મન થયું.

પરંતુ અત્યારે હમણાં તો અમારા માટે એક સમસ્યા સર્જાઈ હતી. ગાયકોનો હવાલો સંભાળતી વ્યક્તિ જ્યારે તેનો રિપોર્ટ આપી રહી હતી ત્યારે દરેક વ્યક્તિ ચૂપ રહી, 'તમારે ત્રણ સેલિબ્રિટી સિંગર્સ જોઈએ છે ને, સર.' સ્કૂલના મૉનિટર અને ICUની નર્સની વચ્ચેનું વ્યક્તિત્વ ધરાવતી ચશ્માંવાળી એક જાડી મહિલા એજન્ટ માધવીએ કહ્યું.

'પરંતુ એમને આટલા બધાં પૈસા આપવાના?' બાલાએ કહ્યું.

ગમેતેમ પણ બાલાને એવું લાગતું હતું કે કોઈ પણ કામની સરખાણીમાં સૌથી વધારે પગાર મેળવવા માટે માત્ર તે પોતે જ લાયક છે.

'તેમની સાથે બૅન્ડ અને બૅકઅપ સિંગર્સ હોય છે, સર.' માધવીએ કહ્યું. રૂમમાં હાજર દરેક વ્યક્તિએ ડોકું ધુણાવ્યું.

'આપણે બૅકઅપ સિંગર્સની શું જરૂર છે? ફક્ત મેઈન સિંગર્સ ગાશે.' બાલાએ કહ્યું.

કોઈ હસ્યું નહીં.

'બૅકઅપ એટલે કોરસ, સર.' માધવીએ કહ્યું.

બાલા ઉપર આ વાતની કોઈ અસર થઈ નહીં.

'કોરસ એટલે એ લોકો જે લવ સૉંગ્સમાં 'આ...આ...આ...'નો સૂર પુરાવે છે, સર.' અન્ય એક એજન્ટ રેણુકા બોલી.

'કોરસ એટલે શું તેની મને ખબર છે.' બાલાએ તેમની મુઠ્ઠી ટેબલ ઉપર પછાડતાં કહ્યું, 'પરંતુ આ તો વધારે પડતું કહેવાય.'

'આપણે ફૂડનો ખર્ચ ઓછો કરી શકીએ.' એક એજન્ટે કહ્યું. કોઈ છોકરીની મશ્કરી કરનાર સામે વક્રદૃષ્ટિથી જોવામાં આવે તેના કરતાં પણ વધારે આક્રોશભરી દૃષ્ટિએ સૌએ તેની સામે જોયું. તેણે સૂચન પાછું ખેંચી લીધું.

'આપણે થોડા ઓછા જાણીતા સિંગર્સ લાવીએ તો?' મેં કહ્યું.

'પણ આ સિટી બૅન્કની ઈવેન્ટ છે. જો આપણે B-ગ્રેડ સિંગર્સ લાવીએ અને કાલે ઊઠીને HSBCવાળા A-ગ્રેડના સિંગર્સ સાથે ઈવેન્ટ કરે તો આપણે તો પતી જ જઈએ ને!' બાલાએ કહ્યું.

'સર, સ્થળ...' પોતાની સમગ્ર કારકિર્દીમાં કોઈ મિટિંગમાં ક્યારેય બોલ્યો ન હતો તેવા એક એજન્ટની વાત વચ્ચેથી જ કાપી નાખવામાં આવી.

'એ તો ફાઈવસ્ટાર જ જોઈએ.' બાલાએ કહ્યું.

'આ ત્રણેયમાં ટૉપ સિંગર કોણ છે?' મેં કહ્યું.

'હરિહરન.' એક એજન્ટે કહ્યું.

'ના, એસ. પી. બાલાસુબ્રમણ્યમ્.' બીજાએ કહ્યું.

સામાન્ય રીતે શાંત એવા તમિલિયનોમાં યુદ્ધ ફાટી નીકળ્યું. જ્યારે સંગીતની વાત હોય ત્યારે તેઓ જીવ ઉપર આવી જાય છે.

'કોઈ સવાલ જ નથી. એસ.પી. સાથે હરિની સરખામણી જ ન થઈ શકે.' માધવીએ આવેશપૂર્વક મોટેથી કહ્યું.

'સુચિત્રા? અરે તમે સુચિત્રાને તો ભૂલી જ ગયા?' અન્ય એજન્ટે કહ્યું.

બાલા ઊભા થયા. વિશ્વભરની તમામ કૉર્પોરેટ મિટિંગ્સની જેમ, આ મિટિંગ પણ કોઈ નિર્ણય કર્યા વગર સમાપ્ત થઈ.

'મારે એટલું જ કહેવાનું છે કે આપણે આટલા બધા પૈસા ચૂકવી શકીએ નહીં. વેન્યુ, ફૂડ અને ઍડ્વર્ટાઇઝિંગના જ ચાર લાખ થાય છે.' બાલાએ કહ્યું.

'ઍડ્વર્ટાઇઝિંગ?' મેં પૂછ્યું.

'આપણે "ધ હિન્દુ"માં અડધા પાનાની જાહેરખબર આપવાના છીએ.' બાલાએ કહ્યું.

એજન્ટ્સે તેમની ફાઈલ્સ બંધ કરી અને જવા માટે તૈયાર થયા.

'શું આ તો માત્ર આમંત્રિતો માટેનો જ કાર્યક્રમ નથી?' મેં કહ્યું.

'ઍક્ઝેક્ટલી, ઍડમાં એવું જ લખવામાં આવશે. માત્ર આપણા કસ્ટમર્સને જ આમંત્રણ આપવામાં આવશે. જોકે આ ઍડથી તેમના મિત્રો અને સંબંધીઓને ઈર્ષા થશે.'

'અને સિટી બૅન્કના ઘરાક હોવું એ તો લોકોને પ્રભાવિત કરવાની વાત છે.' મેં કહ્યું.

'ઍક્ઝેક્ટલી.' બાલાએ મારી પીઠ થાબડી.

મેં ઑટોમાં જતાં જ અનન્યાને પૂછ્યું : 'હા, તો તારા ડૅડ ખુશ છે ને?'

'ગજ્જબ. રોજ ડિનર વખતે ડૅડ પ્રેઝન્ટેશનની જ વાત કરે છે અને તે હેડ ઑફિસમાં આ પ્રેઝન્ટેશન રજૂ કરવા દિલ્હી ગયા છે. માન્યામાં નથી આવતું ને?' અનન્યાએ કહ્યું.

'વાઉ!' મેં કહ્યું અને અમે અમારા સ્થળે પહોંચી ગયાં.

અમે મારા માટે સ્ટીલ પ્લેટ્સની ખરીદી કરવા ટી.નગરમાં રત્ના સ્ટોર્સ ખાતે આવ્યાં હતાં. મારે તો ફક્ત ચાર પ્લેટ્સ જોઈતી હતી. અહીં તો ચાલીસ લાખ પ્લેટ્સ હાજર હતી. કસમથી, અહીં તો બે માળ સુધીની દરેક દીવાલ, છાપરું, ખૂણો, અભરાઈ અને ઘોડા એ બધું સ્ટીલના ચળકતાં વાસણોથી ઢંકાયેલું હતું. જો કોઈ સ્ટોર ઉપર સીધો સૂર્યપ્રકાશ પડે, તો તમે બિલોરી કાચની નીચેની કીડીની જેમ સળગી ઊઠો. જોકે મને વિચાર આવ્યો કે આ સ્ટોરવાળા તેમનો સ્ટોક કેવી રીતે મેઈન્ટેઈન કરતા હશે.

'કેવી રીતે પસંદગી કરીશું?' અમે પ્લેટ્સના સેક્શન તરફ ગયાં ત્યારે મેં અનન્યાને કહ્યું.

અનન્યાએ એક ઍટેન્ડન્ટને અમારે કેવી પ્લેટ જોઈએ છે તેની સાઈઝનો ઈશારાથી ખ્યાલ આપ્યો.

'સિરિયસલી, ડૅડને મદદ કરવા બદલ થૅંક્સ. મને લાગે છે કે હવે તું તેમને ગમવા લાગ્યો છે.' તેણે કહ્યું.

'હરીશ જેટલો નહીં. જોકે હું તેની વ્હિસ્કી પી ગયો હતો.'

'શું?' અનન્યાએ કહ્યું.

મેં અનન્યાને અમારા ડ્રિન્ક સૅશન વિશે કહ્યું.

'તું એમની... શું પહેરીને બેડમાં સૂઈ ગયો?' મારી વાત સાંભળીને આંચકો અનુભવતાં તેણે કહ્યું

'લુંગી.' મેં કહ્યું અને મેં કાઉન્ટર ઉપર કેશિયરને પૈસા ચૂકવ્યા.

'કેમ, એમાં આટલું બધું આશ્ચર્યજનક શું છે? લુંગી બહુ આરામદાયક હોય છે.'

અનન્યાની ભ્રમર ખેંચાઈ.

'આ બધું હું તારા માટે કરું છું.' મેં તેની આંખોમાં જોઈને કહ્યું.

તે મારી તરફ આગળ આવી અને અમારી આજુબાજુની પાંચસો ફ્રાઇંગ પેન્સમાં અમારું પ્રતિબિંબ દેખાતું હોવા છતાં તેણે મને કિસ કરી. સ્ટોરમાં હાજર તમામ તમિલ ગૃહિણીઓ આઘાત પામી અમારી તરફ જોવા લાગી.

'અનન્યા.' અમારી પાછળથી એક મહિલાનો અવાજ આવ્યો.

અનન્યા પાછળ ફરી, 'ધત્ તેરીકી, ચિત્રા આન્ટી.' અનન્યા બોલી અને તેણે એક મોટી સ્ટીલની ટ્રે વડે તેનો ચહેરો ઢાંકી દીધો. જોકે બહુ મોડું થઈ ગયું હતું અને તે મહિલા અમારી તરફ આગળ વધી રહી હતી.

'કોણ ચિત્રા?' મેં કહ્યું.

'ચિત્રા આન્ટી મારી લેનમાં જ રહે છે. તે મારી મૉમ સાથે કર્ણાટકી સંગીત વગાડે છે.' અનન્યાએ ટ્રેની પાછળથી જ જવાબ આપ્યો.

'મેં કર્ણાટકી મ્યુઝિકની CD પણ ખરીદી છે.' મેં કહ્યું.

'કંઈ વાંધો નહીં, હેલ્લો આન્ટી.' ચિત્રા આન્ટી અમારી નજીક આવતાં મેં કહ્યું.

'ક્રિશ.' અનન્યાએ કહ્યું, 'કલીગ.'

'ખરેખર, કેવો કલીગ છે?' ચિત્રા આન્ટીએ વડીલની અદાથી પૂછ્યું.

'મારે જવું જોઈએ.' મેં કહ્યું અને મારી પ્લેટ્સ ઉપાડી, 'ડિનર પહેલાં મારે આ લઈને

પહોંચવાનું છે.'

નવી સ્ટીલ પ્લેટ્સમાં ડિનર લઈ લીધા બાદ રાત્રે મોડેથી અનન્યાનો મારા પર ફોન આવ્યો.

'બધું બરાબર?' મેં કહ્યું.

'ઠીક ઠીક.' અનન્યાએ કહ્યું, 'તે મારી મૉમને કહેવાનાં છે. આમ પણ તેમને એકબીજા સાથે હુંસાતુંસી ચાલે છે. ગુરુજીએ ચિત્રા આન્ટીને શીખવવાનું સ્વીકાર્યું છે અને મારી મૉમને ના પાડી છે.'

'તો પછી?'

'કંઈ નહીં. હું મારી મૉમને કહીશ તે ખોટું બોલે છે. શું હું સાવ એવી ગાંડી છું કે રત્ના સ્ટોર્સમાં કોઈને કિસ કરું?' તેણે કહ્યું.

'તું ગાંડી તો છે જ.' હું હસી પડયો.

'હા, પણ એ તો માત્ર તું જ જાણે છે.'

'મેં તારા ડૅડ સાથે જે સંબંધો બાંધ્યા છે તેના ઉપર હું પાણી ફેરવવા માગતો નથી.' મેં કહ્યું.

'હવે તારે મૉમની ચિંતા કરવાની છે. મંજુ અને ડૅડનો તો વાંધો નથી.'

'કેવી રીતે?'

'મને ખબર નથી. મેં મૉમને કહ્યું છે કે કાલે તું ડિનર માટે આવવાનો છે.'

'કેમ?'

'ડૅડને મદદ કરવા બદલ અમારે તારો આભાર માનવાનો છે. આપણે રત્ના સ્ટોર્સ ગયાં હતાં તે વાત ચિત્રા આન્ટી પહેલાં આપણે મૉમને કહી દઈશું. અલબત્ત, આપણે બધું નહીં કહીએ.'

'તારે મને ત્યાં કિસ નહોતી કરવી જોઈતી. તેં કેમ કરી?'

'કારણ કે હું રહી ન શકી. ઘણી વાર તું એવો લાગે છે કે મારાથી રહેવાતું નથી.' અનન્યાએ કહ્યું.

અનન્યાની વાત સાંભળીને એક ક્ષણ માટે તો મારું હૃદય થંભી ગયું. ઠીક છે મિસિસ સ્વામિનાથન્, જો તમારી દીકરીને મારા વગર રહેવાતું નથી તો તમારો પણ છૂટકો નથી.

૩૦

'ઍક્સલન્ટ પ્રેઝન્ટેશન' એવું દિલ્હીમાં તેમના બૉર્ડે ડૅડને કહ્યું. હવે તેમણે તમામ ઝોનલ ઑફિસવાળાઓને આવું જ પ્રેઝન્ટેશન બનાવવાનું કહ્યું છે.' અનન્યાએ હર્ષોલ્લાસથી કહ્યું.

અમે ડાઈનિંગ ટેબલ પર નહીં, પણ નીચે જ ડિનર માટે બેઠાં. અનન્યાનાં મૉમ ચૂપ હતાં અને તેમણે રસમની તપેલીમાં રસમ હલાવી, એક પણ શબ્દ બોલ્યા વગર મને પીરસ્યો.

'તું મજામાં છે ને, મૉમ?' અનન્યાએ કહ્યું.

'તું એમની સાથે રત્ના સ્ટોર્સમાં ગઈ હતી?' અનન્યાની મૉમે મારા તરફ આંગળી ચીંધતાં કહ્યું.

'ઓહ શીટ, ચિત્રા આન્ટી આ વાત તને કાલે સવારે કરવાનાં હતાં.' અનન્યાએ કહ્યું અને તેણે રાઈસ અને દાળ મિક્સ કરવાનું ચાલુ રાખ્યું.

'અક્કા, ડિનર ટેબલ ઉપર ખરાબ શબ્દો ન બોલાય.' મંજુએ કહ્યું.

'મંજુ, તું ખાવામાં ધ્યાન રાખ. હું મૉમ સાથે વાત કરી રહી છું.' અનન્યાએ કહ્યું.

'તે સાચું કહે છે. આપણે ઘરમાં આવું નથી બોલતા.' કેળનાં પાન ઉપર ગુસ્સા સાથે રાઈસ ઠાલવતાં તેની મૉમે કહ્યું. રાઈસને બધાં જ સબ્જી સાથે જોરથી ચોળ્યો.

'મેં શું કર્યું, મૉમ? ક્રિશને સ્ટીલ પ્લેટ્સ લેવાની હતી. એ ક્યાં મળે એ તેને ખબર ન હોય ને? એટલે હું તેને રત્ના સ્ટોર્સ લઈ ગઈ હતી.'

'અને સ્ટોરમાં તેં ગંદી હરકતો કરી?' અનન્યાનાં મૉમે કહ્યું.

'કેવી ગંદી હરકતો, મૉમ?' મંજુએ પૂછ્યું.

'મંજુ, તું રૂમની બહાર જઈશ? જા તારી ફિઝિક્સની બૂક વાંચ.' અનન્યાએ ગુસ્સે થઈને તેને કહ્યું.

'પણ આજે તો મેં ફિઝિક્સનું રિવિઝન કરી લીધું છે.' મંજુએ કહ્યું.

'તો પછી કૅમિસ્ટ્રી કે મૅથ્સ કર, પણ ભગવાનને ખાતર તું અહીંથી જા.'

અનન્યાની વેધક નજર કામ કરી ગઈ. મંજુ કેળનું પાન ઉપાડીને તેના રૂમમાં ચાલ્યો ગયો.

'સમથિંગ સમથિંગ ચિપ સમથિંગ...' અનન્યાનાં મૉમ બોલવા જતાં હતાં, પણ અનન્યાએ તેમને અટકાવ્યાં.

'મૉમ, ક્રિશને તમિલ આવડતું નથી. પ્લીઝ, અંગ્રેજીમાં બોલ.' અનન્યાએ કહ્યું.

અનન્યાની મૉમે હિંમત કરીને ફરીથી કહ્યું, 'તું જાહેરમાં આવી ગંદી હરકતો કરે છે તો પછી તારા ભાઈને શા માટે અહીંથી બહાર મોકલી દીધો?'

'મેં એવું કશું કર્યું નથી.'

'ચિત્રા જૂઠું બોલે છે?'

'મેં તેને સહેજ કિસ કરી હતી.'

'કિસિંગ!' અનન્યાએ જાણે કે અમે ચરસ પીધો હોય તેવી વાત કરી હોય તે રીતે અનન્યાનાં મૉમ ચોંકી ઊઠયાં.

'મૉમ, વધારે પડતો ઊહાપોહ નહીં કર. એ મારો બૉયફ્રૅન્ડ છે, સમજી?'

'તું મારી દીકરી છે, એટલું તું સમજે છે? તું સમાજમાં આપણું નામ બોળી રહી છે, સમજી? મેં તને મોટી કરી, ભણાવી, તારા માટે કેટલો ભોગ આપ્યો એની તને ખબર છે?'

મને એ ન સમજાયું કે મા અને દીકરીને કંઈ ખબર પડી કે નહીં, પરંતુ મને તો એટલી ખબર પડી કે મારા માટે અહીંથી રવાના થવાનો સમય પાકી ગયો છે. હું ઊભો થયો.

'તું ક્યાં જઈ રહ્યો છે?' અનન્યાએ મને પૂછયું.

'હાથ ધોવા.' મારા દહીંવાળા હાથ તેને બતાવતાં મેં કહ્યું.

'મારા હાથ પણ બગડેલા છે. બેસ અહીં.' અનન્યાએ આદેશ કર્યો.

'તને ખબર નથી કે તારા લીધે મારે કેટલું સહન કરવું પડે છે.' અનન્યાની મૉમે કહ્યું અને એક જ ઝાટકે ઊભાં થઈ, કેળનું પાન ઉપાડી, રૂમની બહાર નીકળી ગયાં.

અનન્યાએ નિરાંતનો શ્વાસ લીધો.

'મને રસમમાં મજા આવી. ખટાશ સારી છે.' મેં કહ્યું.

* * *

હું બાલાની ઑફિસમાં બેઠો હતો, 'તમે એવું કહ્યું હતું કે તમારું મારા ઉપર બહુ ઉધાર છે.' મેં કહ્યું.

બાલાએ પોતાની બંને કોણી ડેસ્ક ઉપર રાખી હતી અને બધી આંગળીઓ પોતાના તેલવાળા વાળમાં ફેરવતાં કહ્યું.

'પણ હું કેવી રીતે ઉતારી શકું?' બાલાએ કહ્યું.

'તમે કહ્યું હતું કે તમે બજેટની બહાર જઈ રહ્યા છો. મારી પાસે તમારા માટે સિંગર છે, હું મફતમાં વ્યવસ્થા કરી દઈશ.'

હું તેમની ઑફિસમાં પેપરવેઈટ રમાડી રહ્યો હતો. તેમની સાથે એકલો હોવાથી તેમની સાથે બરોબરીથી વર્તાવ કરી રહ્યો હતો.

'કોણ છે?' તેમણે કહ્યું.

'રાધા સ્વામીનાથન, અપકમિંગ સિંગર.'

'ખરેખર? પહેલાં ક્યારેય આ નામ સાંભળ્યું નથી.' બાલાએ કહ્યું.

'તે હજુ પણ જાહેરમાં આવ્યાં નથી. તેમણે કર્ણાટકી સંગીતમાં ટ્રેનિંગ મેળવી છે.'

'પણ આ એક પોપ્યુલર મ્યુઝિક કૉન્સર્ટ છે. આપણે સિંગર્સ સાથે ડાન્સર્સને પણ

બોલાવવાના છીએ.'

'બાલા, તમે તો જાણો જ છો કે કર્ણાટકી સિંગર્સ માટે પોપ્યુલર મ્યુઝિક બહુ સહેલું છે.'

'તે સારું સંગીત વગાડે છે? તેં સાંભળ્યું છે?'

'થોડું ઘણું.'

'થોડું ઘણું?'

'હા, હા, મેં સાંભળ્યું છે. બહુ સરસ રહેશે. ઉપરાંત તમારી પાસે હરિહરન અને એસ.પી. તો છે જ, બધું બરાબર ગોઠવાઈ જશે.' બાલા ઊભા થયા અને તેમની બારી તરફ ગયા.

'શું તે હૉટ છે?' બાલાએ કહ્યું, 'મતલબ કે સુંદર દેખાય છે?'

'તે મારી ગર્લફ્રૅન્ડની મૉમ છે. તેની દીકરી મને સુંદર લાગે છે.'

'શું?'

'બાલા, મારે આ કરવું પડે તેમ છે. અત્યારે મારે તેમની સાથે બહુ જ તંગ સંબંધો છે. જો હું કશું નોંધપાત્ર ન કરું તો મારે હંમેશને માટે મારી ગર્લફ્રૅન્ડને ભૂલી જવી પડશે. તેમની પાસે સિસ્કોમાં નોકરી કરતો અને નાળિયેરના તાજા તેલ જેવો ઉમેદવાર તૈયાર જ છે.'

'તારી ગર્લફ્રૅન્ડ તમિલિયન છે?'

'હા, બ્રાહ્મણ છે, તેથી તમે કંઈક રસ્તો કાઢી શકશો.'

'આયંગર કે...'

'આયર, તેનાથી શું ફેર પડે?'

'ના.' બાલા બોલ્યા અને તેમની સીટ ઉપર પાછા આવ્યા, 'હવે મને ખબર પડી કે તું ચેન્નાઈ કેમ આવ્યો છે?'

'હા, તમારા જેવા ફાઈનાશિયલ વિઝાર્ડ સાથે કામ કરવાની મારી તીવ્ર ઈચ્છા ઉપરાંત એ કારણ પણ ખરું.' મેં કહ્યું.

'શું?'

'ના. કંઈ નહીં. હવે તમે આ કામ કરી રહ્યા છો કે નહીં?'

'શું?'

'સિંગર્સ ફાઈનલ કરી દઈએ? હરિહરન, એસ.પી. અને ન્યૂ ટૅલન્ટ રાધા.'

'એજન્ટ્સ શું કહેશે? આપણે કમિટી બનાવી છે.'

'કમિટીમાં દરેક જણ તમારા માટે કામ કરે છે. એ તો તમારા ચેલા છે.'

'તેમ છતાં...' બાલાએ, ઊંડા વિચારમાં હોય તેમ કહ્યું.

'તમે નક્કી કરો.' મેં નિસાસો નાખ્યો, 'મારે કામ છે. મેં વર્ષોથી મારું મેઈલબૉક્સ સાફ નથી કર્યું. હજુ પણ મારી પાસે પેલી ઈન્ટરનેટ કંપનીઓના શૅર વેચવાનું મને જણાવતાં ઈમેઈલ્સ છે. મારે તે ડિલીટ કરી નાખવા જોઈએ, ખરું ને?'

હું જવા માટે ફર્યો ત્યારે બાલા મારી સામે ટગર ટગર જોઈ રહ્યા'તા, 'જો, આમાં કંઈ પર્સનલ નથી.' મેં કહ્યું, 'પરંતુ આ મારાં ભાવિ બાળકોનો સવાલ છે.'

૩૧

'આન્ટી, હું અંદર આવું?' મેં કહ્યું.

બારણાની જાળીમાંથી અનન્યાનાં મૉમે આંખમાં ઊંઘ સાથે મારી સામે જોયું. તેમણે નાઈટી પહેરી હતી.

મેં તેમની બપોરની ઊંઘ બગાડી હતી.

મેં એજન્ટ્સને કહ્યું'તું કે હું લંચ માટે બહાર જવાનો છું અને મોડું થશે. અનન્યાના ઘરે પહોંચતાં પહેલાં હું ગ્રાન્ડ સ્વીટ્સમાં ગયો હતો અને બે કિલો મૈસૂર પાક ખરીધો.

આન્ટીએ બારણું ખોલ્યું. હું અંદર દાખલ થયો. તે કપડાં બદલવા અંદર ગયાં. તે પાછાં આવ્યાં ત્યાં સુધી મેં 'ધ હિન્દુ' ઊથલાવ્યું.

'અંકલ આવી ગયા છે?' મેં પૂછ્યું.

'તેઓ ગઈ કાલે રાત્રે જ આવ્યા.' તેમણે બગાસું ખાધું, 'પણ અત્યારે તેઓ ઑફિસ ગયા છે.'

'સૉરી, તમારી ઊંઘ બગાડી.' કહીને મીઠાઈનું બૉક્સ મેં તેમને આપ્યું.

'આ શું છે?'

'પેલી રાતના ડિનર વખતે જે થયું તે માટે હું માફી માગું છું.'

આન્ટી ચૂપ રહ્યાં અને કૉફી ટેબલ સામે જોઈ રહ્યાં.

'હું રત્ના સ્ટોર્સવાળી વાત અંગે માફી માગું છું.' મેં કહ્યું, 'હું તમને ખાતરીથી કહું છું કે ત્યાં એવું કશું જ બન્યું ન હતું.'

'ચિત્રા બહુ બોલકણી છે.' તેમણે કહ્યું, 'અત્યાર સુધીમાં તો તેણે પૂરા માયલાપોરમાં આ વાત કરી દીધી હશે.'

'હું સમજી શકું છું. અમારે પંજાબીઓમાં પણ આવા લોકો હોય છે. આવા લોકોને પારકી પંચાતમાં બહુ રસ હોય છે.' આન્ટીએ મારી વાત તરફ ધ્યાન ન આપ્યું. તે ફ્રીઝમાં મીઠાઈ મૂકવા અંદર ગયાં અને પાણીનો ગ્લાસ અને નાસ્તો લઈને બહાર આવ્યાં.

'આન્ટી, હું તમને આ બતાવવા આવ્યો છું.' કહી, મેં મારી બૅગમાંથી કર્ણાટકી મ્યુઝિકની CD કાઢીને તેમને આપી.

'ટી. એસ. સુબ્રમણ્યમ? કોની છે આ?'

'મારી.'

'શું?'

'હું તે શીખી રહ્યો છું, પણ બહુ અઘરું છે. એમાં તો સ્વર, રાગ અને શ્રુતિને એવું બધું આવે છે.'

'તમને શ્રુતિની ખબર છે?'

'ફક્ત બેઝિક જ. હું તમારા જેવો ઍક્સપર્ટ નથી.'

CD પાછી આપતાં તેઓ મલક્યાં, 'ચેન્નાઈમાં મારી કોઈ વિસાત નથી. અરે, મારા કરતાં તો ચિત્રા સારું ગાય છે, પણ લોકો એવી વાતો કરે છે કે ચેન્નાઈના એક કૉર્પોરેટર સાથે તેને ઓળખાણ છે અને તેના કહેવાથી ગુરુજી તેને શીખવાડે છે. કુત્ચેરી વેન્યુ એ કૉર્પોરેટરના તાબામાં છે, એટલે ગુરુજી તેનું માને જ ને. તમને ખબર છે એને કંઈ જ નથી આવડતું?'

'પણ બીજા પણ ગુરુ હશે જ ને?' મેં કહ્યું.

'હું તો બહુ આગળ સુધી પહોંચી ગઈ હતી. ખેર, સૉરી, તે દિવસે હું જરા વધારે પડતી ગુસ્સે થઈ ગઈ હતી.'

'અરે હોય કંઈ, તમારે માફી માગવાની ન હોય. માફી માગવા તો હું આવ્યો છું અને એક નાનકડી વિનંતી છે.'

'વિનંતી? તમારે મને શાની વિનંતી કરવાની છે? આમ પણ તમે છોકરાઓ તમારે જે કરવું હોય તે કરો જ છો ને.'

'ના, આ અનન્યા અને મારી વાત નથી. આ તો અમારા સિટી બૅન્કના કૉન્સર્ટની વાત છે.'

બીજા અડધા કલાક સુધી મેં અમારા આગામી ઈવેન્ટ વિશે સમજાવ્યું. મેં તેમને ફિશરમૅન્સ કોવ વેન્યૂ, હાજર રહેનાર ચેન્નાઈના અગ્રણીઓ, ત્રણ સિંગર્સ વચ્ચે વહેંચાયેલા બે કલાકના પોપ્યુલર મ્યુઝિક કૉન્સર્ટ વિશે અને આ ત્રણ સિંગર્સ પૈકીના એક તરીકે તેમને રાખવાની મારી ઈચ્છા વગેરે વિશે કહ્યું.

'હું?' તેમણે પડઘાતા અવાજે સહેજ આંચકા સાથે કહ્યું.

'હા.' મેં કહ્યું.

'મેં ક્યારેય પોપ્યુલર મ્યુઝિક ગાયું નથી.' તેમણે કહ્યું.

'તમારો અવાજ સ્વરબદ્ધ છે. MTV ચાલુ કરો અને નવા નવા ચાર્ટ બસ્ટર્સ જુઓ. ત્રણ કોલીવુડના અને ત્રણ બોલીવુડના બસ. વાત પૂરી.'

'પણ હું શા માટે?' તેમણે ચોંકીને પૂછ્યું અને તે હજુ પણ ચોંકેલાં જ હતાં.

'વાત જાણે એમ છે કે અમે કોઈ પણ ભોગે આ કાર્યક્રમ કરવા માગીએ છીએ. અમારે ત્રણ સિંગર્સની જરૂર છે અને અમને માત્ર બે જ મળ્યા છે. ત્રીજા સિંગર શોધવાનું કામ મારા બૉસે મને સોંપ્યું છે. તેથી હવે મારી લાજ તમારા હાથમાં છે.'

'બીજા બે સિંગર્સ કોણ છે?'

'તે થોડા જાણીતા છે, તેથી બૅલેન્સ કરવા માટે ત્રીજા સિંગર ફ્રેશ હોવા જરૂરી છે.'

'કોણ છે?'

'હરિહરન અને એસ. પી. બાલાસુબ્રમણ્યમ.' મેં કહ્યું.

આન્ટીનું મોં પહોળું થઈ ગયું. તે ઊભાં થઈ ગયાં અને રૂમમાંથી જતાં રહ્યાં. હું તેમની પાછળ પાછળ રસોડામાં ગયો, 'આન્ટી, આ કંઈ બહુ મોટી વાત નથી. આ કોઈ પબ્લિક કૉન્સર્ટ નથી.'

સ્ટવ ઉપર ફ્રાઇંગ પૅન મૂકીને તેમાં તેલ રેડીને આન્ટીએ જવાબ આપી દીધો. તેલ ગરમ થયા પછી તેમણે રાઈ અને લીમડાનાં પત્તાં નાખ્યાં. રસોડામાં વઘારની સોડમ પથરાઈ ગઈ અને મને ઉધરસ આવી ગઈ.

'જુઓ, હું આખો દિવસ આ બધું કરું છું. મારું કામ રસોઈ કરવાનું છે, પ્રોગ્રામ આપવાનું નહીં. હું તો નવી નિશાળિયણ છું. શોખથી સંગીત વગાડું છું. હું તો હરિહરન અને એસ.પી.ની સામે બેસી પણ ન શકું. તેમની સાથે સ્ટેજ ઉપર કાર્યક્રમ આપવાની વાત તો દૂર રહી.'

'આ તો ફન નાઈટ છે, કોઈ સ્પર્ધા નથી. એ લોકો તમારા પછી ગાશે.'

તેમણે કઢાઈમાં સમારેલા કાંદા નાખ્યા. મારી આંખો અને ગળું બળવા લાગ્યાં, 'આન્ટી, આ પહેલાં તમે ક્યારેય સ્ટેજ ઉપર કાર્યક્રમ આપ્યો છે ખરો?'

'ના. અરે હા, અનન્યાના પિતા જ્યાં નોકરી કરતા હતા ત્યાં તમિલ સંગમના કાર્યક્રમોમાં ક્યારેક ક્યારેક, પણ આ તો ફાઈવ સ્ટાર હોટલ, હાઈ સોસાયટી, હરિહરન... તમે હરિહરનને તો બોલાવ્યા છે. પછી મારી શું જરૂર છે?'

'એકલા પ્રૉફેશનલ્સથી કાર્યક્રમ વધારે પડતો કોમર્શિયલ બની જશે. અમે અમારા ક્લાયન્ટ્સમાં એક કુટુંબની ભાવના ઊભી કરવા માગીએ છીએ. આવો એક પારિવારિક કાર્યક્રમ બહુ મજાનો રહેશે.' મેં કહ્યું.

આન્ટીએ તેમનું માથું ધુણાવ્યું. ટોમેટો રસમ, લેમન રાઈસ અને ફ્રાઈડ ભીંડાનું ડિનર તેમણે તૈયાર કર્યું ત્યાં સુધી મેં આન્ટીને સમજાવવાનો પ્રયત્ન કર્યો. જોકે હજી સુધી હું તેમને તૈયાર કરી શક્યો ન હતો.

'તમે આ બધું શા માટે કરી રહ્યા છો? મેં તમારી માફી તો સ્વીકારી લીધી, ખરું ને?'

'હું એટલા માટે આ નથી કરી રહ્યો.'

'તો પછી શા માટે કરી રહ્યા છો?' તેમણે તૈયાર કરેલી ડિશ ઉપર પ્લેટ્સ ઢાંકી.

'હું એટલા માટે કરી રહ્યો છું કે મને લાગે છે કે તમે એક સારા ગાયક છો.'

'તમને કેવી રીતે ખબર પડી?'

'અનન્યાએ મને કહ્યું. તેણે મને એમ પણ કહ્યું કે તમે આખી જિંદગી સંગીતની તાલીમ લીધી છે અને હું તેની વાત સાચી માનું છું.'

તે મારી સામે જોઈ રહ્યાં.

'મને એવું ન કહેશો કે તમને આ વિચાર સહેજ પણ ગમ્યો નથી.' અમે લિવિંગ રૂમમાં પાછાં આવ્યાં ત્યારે મેં કહ્યું.

'અલબત્ત, આ તો બહુ મોટું બહુમાન કહેવાય, તેમ છતાં હું તે ન કરી શકું.'

'તમે ન કરી શકો એવું ન કહેશો. તમે કહેતાં હો તો, આપણે તેને એક સરપ્રાઈઝ રાખીશું. આપણે અંકલને નહીં કહીએ. જો તમને એવું હોય તો અનન્યાને પણ નહીં કહીએ.'

અમે સોફા ઉપર બેઠાં. મેં વ્હિસ્કીની બૉટલ જોઈ. તે દિવસે મેં બાકી રાખી હતી તેટલી જ

હજુ પણ બાકી હતી.

'ઠીક છે, આપણે એવું કરીએ. હમણાં તમે કામચલાઉ હા પાડો. જ્યારે અનન્યા અને અંકલ ઘરે ન હોય ત્યારે તમારે સોંગ તૈયાર કરવાનાં. જો કૉન્સર્ટના દિવસે તમારો વિચાર બદલાઈ જાય તો તેની આગલી રાતે તમારે કહી દેવાનું, હું સંભાળી લઈશ. નહીં તો વાત આગળ વધારીશું. મંજૂર છે?'

'હું છેલ્લે ખસી જઈશ.' તેમણે વચન આપ્યું.

'હું ચાન્સ લઈશ, પ્લીઝ.' મેં કહ્યું.

તેમણે દસ સેકન્ડનો સમય લગાડયો, પણ અંતે હા પાડી.

હું તાનમાં આવીને સોફા ઉપર કૂદ્યો, 'જુઓ, તમારી પ્રૅક્ટિસ અત્યારથી જ શરૂ થાય છે.' મેં કહ્યું અને ટીવીનું રિમોટ હાથમાં લઈને MTV ચાલુ કર્યું.

'આ બધાં શું ગીતો વાગે છે?' ચીનની દીવાલ ઉપર બસો જેટલાં સાઉથ ઈન્ડિયન ડાન્સર્સને સ્ક્રીન ઉપર જોતાં તેમણે કહ્યું.

'હું તમને સમજાવીશ. હવે મારે જવું જોઈએ.' મેં કહ્યું 'ધી સિટી નેવર સ્લીપ્સ, પણ સિટીએ ઑફિસમાં ગાપચી પણ મારવી જોઈએ નહીં.'

અનન્યાના ઘરની બહાર નીકળતાં હવામાં મેં મુક્કો ઉગામ્યો.

૩૨

તમારી નજીકના માણસો તમને સૌથી વધુ વ્યથિત કરવાની શક્તિ ધરાવે છે. મારે મારા પિતાનો પત્ર ફાડી નાખવાની જરૂર હતી. છેવટે મેં તે ત્રણ વખત વાંચ્યો.

> દીકરા,
>
> હું 'વહાલા' શબ્દ ટાળી રહ્યો છું કેમ કે મને ખાતરી નથી કે હું હવે તને 'વહાલો' કહી શકું કે કેમ. જે દિવસે તેં તારા પિતા પ્રત્યેનો આદર ગુમાવ્યો તે દિવસથી જ તું ભટકી ગયો હોવાનું હું જાણતો હતો. મને ખાતરી છે કે તને તે દિવસ યાદ હશે. ત્યારથી તેં મારી સાથેના તમામ સંપર્કો કાપી નાખ્યા છે.
>
> મને જાણવા મળ્યું છે કે ચેન્નાઈમાં તું કોઈ છોકરીના સંપર્કમાં છે. મને તેની વિગતોની ખબર નથી. તારી મમ્મીના નકામા સંબંધીઓ સાથેની એની વાતચીત ઉપરથી હું માત્ર આટલું જ અનુમાન કરી શકું.
>
> તારા માટે છોકરી અમારે પસંદ કરવાની છે, તારે નહીં. કેમ કે તું નબળા ચારિત્ર્યવાળો માણસ બનવાના રસ્તે છે. તારી મમ્મી અને તેની બહેન દ્વારા તને એવા સંસ્કાર આપવામાં આવ્યા છે કે તારાં કૃત્યો કેટલાં નાલેશીભર્યાં છે તેની પણ તને ખબર નથી.
>
> તેં તારાં કૃત્યો મારાથી છુપાવ્યાં તે બાબત જ એવું સાબિત કરે છે કે કોઈક તબક્કે તને પોતાને પણ તારાં કૃત્યો પ્રત્યે શરમ આવે છે.
>
> કમનસીબે,
> તારો પિતા

મેં દસમી વખત પડખું બદલ્યું. મારે ઊંઘવું હતું, પણ ઑફિસમાં કોઈ પણ સમયે હોઉં તેના કરતાં અત્યારે હું વધારે સજાગ હતો. જવા દે ને, એ માત્ર તને ઉશ્કેરવા માગે છે, મેં ફરીથી જાતને કહ્યું. હવે ઊંઘી જા! – મેં મારી જાતને ઠપકો આપ્યો. ઊંઘ વિશે ફની બાબત એ છે કે ઊંઘ આવે તે માટે તમે સૂચના નથી આપી શકતા. તમારા દિમાગમાં બધી વાતો ભરી પડી છે અને તે તમને

જંપવા નથી દેતી – મોડું થઈ ગયું છે, હવે ફરીથી ઊઠવાના માત્ર પાંચ કલાક રહ્યા છે, તારે આરામની જરૂર છે. તમે શેના વિશે વિચારી શકો છો તે અંગે તમારા દિમાગમાં કેટલાય વિકલ્પો હોય છે, જેમ કે ચોખ્ખા ચંદ્ર વગરના આકાશમાં તારો, નુંગામબક્કમની ફ્લાવર શૉપના સરસ મજાના ફ્લાવર, અનન્યાના ઘરમાં અગરબત્તીની સુવાસ, તમારી શ્રેષ્ઠ બર્થડે પાર્ટી, લોકોના દિમાગમાં બધો વખત કેટલાક હકારાત્મક વિચારો હોય છે, પરંતુ કોઈ પણ રીતે, માત્ર એક જ નકારાત્મક વિચાર, અન્ય સઘળા વિચારોને હાંકી કાઢે છે. કદાચ આ જ તો ઉત્ક્રાંતિ છે કે જેથી આપણે તમામ સારી બાબતો વિશે આનંદનો અનુભવ કરવાને બદલે વર્તમાન સમસ્યા ઉપર ધ્યાન આપીને દુઃખી થઈએ છીએ. આ બાબત જ જિંદગીને કૂતરા જેવી બનાવે છે કે સારાં સંસ્મરણોએ પણ કાલ્પનિક પીડા માટે જગ્યા કરવી પડે છે અને ઊંઘ બગાડવાથી શું મળે છે? હું એવી આશા રાખું છું કે આપણાં જનીનતત્ત્વો શક્ય તેટલાં ઝડપથી બદલાઈ જાય કે જેથી આપણે આમાંથી બહાર આવી જઈએ.

મારા ડૅડે જેનો ઉલ્લેખ કર્યો હતો તે દિવસનાં સંસ્મરણો મને સતાવવાં લાગ્યાં. હું જ્યારે મારી લગ્નની યોજના વિશે કહીશ ત્યારે તેઓ કેવું નાટક કરશે? એવો મને વિચાર આવ્યો. ઊંઘી જા મૂરખ, હવે ઊઠવાના ફક્ત ચાર કલાક રહ્યા. મેં મનોમન જાતને ઠપકો આપ્યો.

મારું મગજ શાંત પડતું ન હતું. હું રાત્રે બે વાગે બેડમાં બેઠો થયો અને ઘરે ફોન કર્યો, ‘હેલ્લો?’ મારી મૉમ ઊંઘરેટિયા અવાજે બોલી.

‘સૉરી, હું છું.’

‘ક્રિશ? બધું બરાબર છે ને?’ તેને ચિંતા થઈ.

‘હા.’ મેં કહ્યું.

‘શું થયું?’

‘ડૅડે પત્ર મોકલ્યો છે. તેનાથી હું ખાસ્સો દુઃખી થયો છું.’

‘ન હોય? શું લખ્યું છે?’

‘ખાસ કંઈ નહીં. તેમને અનન્યા વિશે ખબર છે.’

‘તારી ફ્રૅન્ડ, ને? હા, પણ તેનું શું છે?’

‘મૉમ, એ માત્ર ફ્રૅન્ડ નથી. હું તેની સાથે લગ્ન કરવા માગું છું.’

‘અરે, ક્રિશ, આટલી મોડી રાતે આ બધું માંડીશ નહીં. ગર્લફ્રૅન્ડ ઠીક છે, ચેન્નાઈમાં જે કરવું હોય તે કર, પણ તેને તું અમારા માથે શા માટે મારે છે?’

‘હું માથે નથી મારતો. હું મારા જીવનસાથીની મારી પસંદગી વિશે તને જણાવી રહ્યો છું.’

‘બૂમો પાડીશ નહીં.’

‘સૉરી.’

‘જો તારામાં હિંમત હોય તો તારા ડૅડ સામે બૂમો પાડજે.’

‘હું તેમની સાથે તો વાત જ નથી કરતો. તને ખબર છે મને એમની પડી નથી.’

‘તો પછી તને તે પત્રની આટલી ચિંતા કેમ છે?’

હું ચૂપ રહ્યો.

‘હેલ્લો?’ મારી મૉમ પાંચ સેકન્ડ પછી બોલી.

‘હા, બોલ.’ મારો અવાજ ઢીલો પડી ગયો હતો.

‘તું મજામાં છે ને?’

મેં મારાં આંસુ રોકતાં કહ્યું, ‘હું એકલો છું, મૉમ. મારે ડૅડ પાસેથી આવું કંઈ જોઈતું નથી.’

‘તો પછી કાગળ ફાડી નાખ અને ફેંકી દે.’

‘આમ પણ હું અહીં અનન્યાનાં પૅરન્ટ્સ સાથે જંગે ચડયો છું. આ એટલું અજાણ્યું શહેર છે, અહીં કોઈ મને બોલાવતું જ નથી. અને હવે તને એવું લાગે છે કે હું એને તારા માથે મારી રહ્યો છું.’ મેં કહ્યું અને હું મારી જાતને રોકી શક્યો નહીં. મેં ફોન ફીટ પકડી રાખ્યો અને હું રડી પડયો.

‘બસ, ક્રિશ, છાનો રહે.’ મારી મૉમે કહ્યું.

હું સ્વસ્થ થયો અને મારા ડાબા પગથી ફ્રીઝ ખોલ્યું. મેં પાણીની બૉટલ કાઢીને પાણી પીધું.

‘હું શું કરું?’ મેં સ્વસ્થતા મેળવ્યા પછી પૂછ્યું.

‘પાછો આવી જા. તું દિલ્હી ટ્રાન્સફર કરાવવા માટે અરજી કેમ નથી કરતો?’

‘મને અહીં આવ્યે હજી તો છ જ મહિના થયા છે.’

‘તો કહે ને કે કુટુંબના પ્રશ્નો છે. તેમને કહે કે હું બીમાર છું.’

‘મૉમ, પ્લીઝ.’

‘જો જરૂર પડે તો તારી નોકરી છોડી દે. આપણે બીજી નોકરી શોધી કાઢીશું. આપણા ઘરની સામે જ કૅનેરા બૅન્ક છે.’

‘મૉમ, હું સિટી બૅન્કમાં છું. તે MNC છે.’

‘તો એમાં શું? આપણે કોઈ મલ્ટિનૅશનલ શોધી કાઢીશું. મારા સમ ખાઈને કહે કે તું ટ્રાન્સફર માગીશ અને તે ભયંકર કાળા લોકોના શહેરમાં ફસાયેલો નહીં રહે.’

‘મૉમ, એ બધાં લોકો ખરાબ નથી.’

‘મારે કંઈ સાંભળવું નથી. ટ્રાન્સફર માટે અરજી કર, નહીં તો હું તારા બૉસને કાગળ લખીશ. હું કહીશ કે હું ઘરડી છું અને તમારે માનવતાના ધોરણે મારી વાત ધ્યાનમાં લેવી પડશે.’

‘મૉમ, મારા સમ ખાઈને કહે કે તું આવું કશું ક્યારેય નહીં કરે.’ મેં કહ્યું અને ભારતના સરકારી અધિકારીઓ બોલતા હોય તેવા તેના શબ્દોની પસંદગી ઉપર હું હસી પડયો.

‘તો પછી હું કહું તેમ કર.’

‘હું કરીશ, મૉમ. પહેલા મને થોડુંક કામ પતાવી લેવા દે. તે લગભગ પતવા આવ્યું છે.’ મેં કહ્યું અને હું ફરીથી સ્વસ્થ થયો.

‘ઠીક છે, તો તું હવે બરાબર છે ને?’ તેણે કહ્યું.

‘હા, હું ઠીક છું.’

‘હા, બરાબર અને આ મદ્રાસીઓની કોઈ મૂખાર્મીમાં ફસાતો નહીં. એ બધું તેમને પાછું આપી દે. એ લોકો બહુ જલદી ગભરાઈ જાય છે.’

‘OK, મૉમ.’

‘અને પેલી છોકરી વિશે આગળ કંઈ વિચારીશ નહીં.’ મને થયું કે, મૉમ એમાં બહુ મોડું થઈ ગયું છે, ‘ગુડનાઈટ, મૉમ.’ મેં કહ્યું.

‘આઈ લવ યુ, ગુડનાઈટ.’ કહી તેણે ફોન મૂક્યો.

હું મારા બેડમાં પાછો આવ્યો અને પેલો પત્ર કચરાપેટીમાં ફેંકી દીધો.

મૉમ સાથે વાત કર્યા પછી હું હળવો થઈ ગયો અને પાંચ મિનિટમાં મને ઊંઘ આવી ગઈ. મા વગરનું આ વિશ્વ કેવું હોત?

33

‘બાઈક?’ જ્યારે હું બ્લેક યામાહા RX 100 ઉપર અનન્યાને પિકઅપ કરવા ગયો ત્યારે તે ચમકી.

'બાલાનું છે.' મેં કહ્યું.

મરુન સલવાર કમીઝ અને વ્હાઈટ દુપટ્ટાથી માથું અને ચહેરો ઢાંકીને અનન્યા પાછળ બેઠી. તે વિરપન્નની ગૅંગની સાગરીત હોય તેવી લાગતી હતી.

પૉંડિચેરી, ચેન્નાઈથી એકસો ચાલીસ કિલોમીટર દૂર, ઈસ્ટકોસ્ટ રોડ અથવા ECR ઉપર આવેલું છે અને તે આખો રસ્તો બંગાળના અખાતને સમાંતર છે. ફિશરમૅન્સ કોવ આ રૂટ પર ચેન્નાઈથી વીસ કિલોમીટરના અંતરે છે.

અમે અન્ના સલાઈ ખાતેની અનન્યાની ઑફિસેથી નીકળ્યાં. તે મારી પાછળ બેઠી અને તેણે મજબૂતીથી સાઈડબાર પકડી રાખ્યા. અમે લેટ્રિસ બ્રિજ રોડ પરથી શહેર પસાર કર્યું ત્યાં સુધીમાં તેણે સાઈડબાર છોડીને મારા ખભા પકડી લીધા હતા અને ઓલ્ડ મહાબલ્લિપુરમ રોડ થઈને ECR ઉપર ગયાં.

દરિયો દેખાવા લાગતાં મેં કહ્યું, 'બહુ સરસ દેખાય છે.'

'મેં તને કહ્યું'તું ને.' અનન્યાએ મારી ડોકની પાછળના ભાગે કિસ કરી. અમે ફિશરમૅન્સ કોવ ખાતે રોકાયાં અને ત્યાં મેં કેટરિંગ મૅનેજર સાથે થોડીક વાત કરી. સિટી બૅન્ક ઈવેન્ટ માટે બધું જ વ્યવસ્થિત હોવાનું જણાતું હતું. અમે રિસોર્ટમાંથી નીકળીને ફરીથી ECR ઉપર આવ્યાં. એક કલાકના ડ્રાઈવિંગ બાદ અમે મહાબલ્લિપુરમ વટાવ્યું. તે દરિયાકિનારે ખડકનાં અદ્ભુત મંદિરો આવેલાં હતાં.

'વાઉ, અહીં તો અદ્ભુત મંદિરો છે!' મેં કહ્યું. પવનની લહેરથી મારા વાળ લહેરાતા હતા.

મહાબલ્લિપુરમ બાદ એક કલાક પછી ECR પૂરો થયો. રોડ વધારે સાંકડા થયા. અમે લાંબાં લાંબાં નામોવાળા અને ડાંગરનાં વિશાળ ખેતરોવાળાં અનેક નાનાં નાનાં ગામો પાસેથી પસાર થયાં. કેટલીક જગ્યાએ બળદગાડાં, શાળાએ જતાં બાળકો અને બકરીનાં ટોળાંને રસ્તો આપવા માટે અમારે અટકવું પડયું હતું. અમે લગભગ બપોરે પૉંડિચેરી પહોંચ્યાં ત્યારે મારી પહેલી પ્રતિક્રિયા નિરાશાની હતી.

'આ એ જ છે?' નગરના મુખ્ય ચોકમાં પહોંચતાં જ મેં પૂછ્યું. તે ભારતના અન્ય કોઈ પણ નાનકડા નગર જેવું જ ધૂળિયું, કોલાહલવાળું અને ખરબચડી દીવાલો ઉપર કોલાની જાહેરખબરોવાળું હતું.

'તેની અંદરનો ભાગ સુંદર છે, ફ્રેન્ચ ક્વાર્ટર અને ઓરોબિન્દો આશ્રમ.' અનન્યાએ કહ્યું અને મેં પચાસેક જેટલાં બીજાં ટુ વ્હીલર અને ચાર ટ્રક સાથે ખદબદતા રોડનો તીવ્ર વળાંક લીધો.

અહીં એકમાત્ર ફ્રેન્ચ તરીકે મેં ફ્રેન્ચી બ્રાન્ડનું અન્ડરવિયરનું એક બિલબૉર્ડ જોયું.

અમે કુડ્ડાલોર રોડ પાસેથી પસાર થયાં ત્યારે અનન્યાએ કહ્યું, 'મને અહીં ઉતારી દે.' HLLની એક ફૅક્ટરી અહીં આવેલી છે.

અનન્યાને અહીં ઍક્સ્ટેન્ડેડ લંચ મિટિંગ હોવાથી, મારે અહીં ત્રણ કલાક પસાર કરવાના હતા. અમે ચાર વાગે કૉફી પીવા લોરિએન્ટ હોટલ ઉપર મળવાનું નક્કી કર્યું.

હું ફૅક્ટરી કમ્પાઉન્ડની બહાર નીકળ્યો અને રયૂ ડે લા મરીન ઉપર ઓરોબિન્દો આશ્રમ તરફની નિશાનીઓ મુજબ આગળ વધ્યો. આશ્રમનું બિલ્ડિંગ, દરિયાકિનારે એક શાંત હૉસ્ટેલ જેવું લાગતું હતું. હું રિસેપ્શન આગળ આવ્યો. આશ્રમની લૉબીમાં ભારતીયો કરતાં વિદેશીઓ વધારે હતા.

કાઉન્ટર ઉપર મણકાના નેકલેસ અને સાડી પહેરેલ એક ચાલીસ વર્ષીય પશ્ચિમી મહિલા બેઠેલી હતી.

'તમે શું શોધી રહ્યા છો?' તેમણે મને પૂછ્યું.

કદાચ, હું આશ્રમમાં હતો તેથી અથવા તેમણે જે રીતે તે પૂછ્યું તેના લીધે તેના પ્રશ્નમાં મને ઊંડો અર્થ દેખાયો. મેં તેમની સામે જોયું.

તેમની આંખો ભૂરી અને આજુબાજુ કરચલીઓવાળી હતી, 'હું અહીં પહેલી વાર આવ્યો છું.' મેં કહ્યું.

તેમણે મને આશ્રમનાં બ્રોશર્સ આપ્યાં. એક વ્યક્તિએ જમવાની ટિકિટો ખરીદી.

'હું અહીં લંચ લઈ શકું છું?' એ વ્યક્તિને જોતાં મેં પૂછ્યું.

'હા, આશ્રમ ડાઈનિંગ હૉલ ખાતે.' તેમણે કહ્યું અને મને કૂપનની બૂકલેટ બતાવી. મેં એક મારા માટે ખરીદી લીધી.

'આવો, હું એ બાજુ જ જાઉં છું.' તેમણે કહ્યું અને રિસેપ્શનમાંથી બહાર આવીને તેઓ મારી સાથે ચાલવા લાગ્યાં. અમે આશ્રમને અડીને આવેલા એક સાંકડા રસ્તે ચાલવા લાગ્યાં. ડાઈનિંગ હૉલ અડધો કિલોમીટર દૂર હતો. તેમણે મને જણાવ્યું કે તેમનું નામ ડાયના છે અને તે ફિનલૅન્ડથી આવી છે. તેઓ નોકિયાના ભૂતપૂર્વ વકીલ હતા. નોકિયાને પેટન્ટ મેળવવામાં મદદ કરવાને બદલે તેમને હવે અહીં આશ્રમમાં વૉલન્ટિયર તરીકે વધુ સંતોષ મળે છે.

'હું સિટી બૅન્કમાં કામ કરું છું.' મેં કહ્યું. લેખક બનવાના મારા સ્વપ્ન વિશે તેમને કહેવાની મને ઈચ્છા થઈ, પણ પછી મને એવું લાગ્યું કે હું તેમને એ કહેવા જેટલાય ક્યાં ઓળખું છું.

'શું આપ અહીં મનની શાંતિ માટે આવ્યા છો કે પ્રવાસી છો?' તેમણે મને મારી કૂપન આપતાં કહ્યું.

'મનની શાંતિ?'

'હા, જો તમારે તમારો માર્ગ શોધવો હોય અથવા તો કોઈ ચોક્કસ સમસ્યા અંગે ઉકેલ જોઈતો હોય.'

'સાચું કહું તો હું અહીં મારી એક ફ્રૅન્ડ સાથે આવ્યો છું, તેને અહીં થોડુંક કામ છે. મારે ઑફિસમાંથી એક દિવસની રજા જોઈતી હતી.' ડાયના હસી પડી. અમે ડાઈનિંગ હૉલ પહોંચ્યાં અને અમારી સ્ટેનલેસ સ્ટીલની પ્લેટ્સ ઉપાડી. અમે ઈટિંગ એરિયામાં ગયાં, જ્યાં દરેક જણ નીચે બેઠાં હતાં. જમવાનું સાદું હતું – ઑર્ગેનિક બ્રાઉન રાઈસ, પીળી દાળ અને ગાજર-વટાણાની સબ્જી.

'OK, તો મારે એક ઉકેલ જોઈએ છે. તે કેવી રીતે મળશે?'

'એમાં એવું છે કે ઉકેલ આપણી અંદર જ છે. લોકો, આત્મપરીક્ષણ માટે થોડાંક સપ્તાહ આશ્રમમાં રહે છે, તેઓ સત્સંગમાં જાય છે અને કોઈ એક ગુરુને પ્રશ્નો પૂછે છે. તમારી પાસે કેટલો સમય છે?'

'મારે બે કલાકમાં તો મારી ગર્લફ્રૅન્ડ સાથે કૉફી પીવા મળવાનું છે. ત્યાર પછી અમે ચેન્નાઈ પાછાં ફરીશું.'

ડાયના મલકાઈ અને માથું ધુણાવ્યું 'જીવનના વણઉકલ્યા ઉકેલો શોધવા માટે તો આ જરા આકરી ડેડલાઈન છે.'

'તો પછી મારે કદાચ પ્રયત્ન પણ ન કરવો જોઈએ.' મેં કહ્યું.

'ઊભા રહો, ત્યાં પેલા સદ્‌ગૃહસ્થને જુઓ.' તેમણે કહ્યું અને અમારાથી બે લાઈન આગળ સફેદ ઝભ્ભો પહેરેલા એક સિત્તેર વર્ષના વૃદ્ધ પુરુષ તરફ આંગળી ચીંધી, 'તે ગુરુ છે. કદાચ હું એમની સાથે તમારો પરિચય કરાવી શકું.'

'ના, ના, પ્લીઝ એવું ન કરશો.' મેં કહ્યું.

'કેમ? જો તેઓ વ્યસ્ત હશે તો ના પાડશે.'

'પ્રણામ ગુરુજી.' ડાયનાએ કહ્યું અને તેમના ચરણસ્પર્શ કર્યા. મેં પણ તેમ કર્યું અને તેમણે અમને આશીર્વાદ આપ્યા, 'ગુરુજી, આ મારા મિત્ર છે. તેમનું નામ...' ડાયનાએ કહ્યું અને અટક્યાં.

'ક્રિશ.'

'હા. તેમની પાસે માત્ર બે કલાક છે, પણ તે કોઈ પ્રશ્ન અંગે ઉકેલ મેળવવા માગે છે.' ડાયનાએ કહ્યું.

'બે કલાકમાં તમારે શું કરવું છે?' ગુરુજીએ કહ્યું. તેમનો અવાજ શાંત હતો.

'તેમને તેમની ગર્લફ્રૅન્ડને મળવાનું છે.' ડાયનાએ કહ્યું અને છેલ્લા બે શબ્દો ઉપર ભાર મૂકતાં કહ્યું.

'અને ખરેખર, ગર્લફ્રૅન્ડ, પ્રશ્ન કરતાં વધારે મહત્ત્વની છે.' ગુરુજી મલક્યા.

'હકીકતમાં તે જ સમસ્યા છે.' મેં કહ્યું.

ડાયનાએ મારી સામે મૂંઝવણભરી રીતે જોયું.

'એટલે ગર્લફ્રૅન્ડ નહીં, પણ મારું કુટુંબ, એનું કુટુંબ...' મેં કહ્યું 'એ તો ઠીક છે, પણ સમય બહુ ઓછો છે.'

'આમને પંદર મિનિટમાં મારા ઘરે મોકલો.' ગુરુજીએ કહ્યું અને તે જતા રહ્યા.

૩૪

અંદર જતા પહેલાં હું ગુરુજીના ઘરના ખુલ્લા રાખેલા દરવાજા પર અટક્યો.

'અંદર આવ, ક્રિશ.' ગુરુજીએ કહ્યું. તેઓ તેમના લિવિંગરૂમમાં બેઠા હતા. મેં એવું વિચાર્યું હતું કે હું પૉંડિચેરીમાં ફ્રેન્ચ કાફેમાં લટાર મારીશ. મને સ્વપ્નેય ખ્યાલ ન હતો કે હું ગુરુજીના ઘરમાં આવી ચડીશ. આ નાનકડા ઘરમાં લાકડાંનું જૂજ ફર્નિચર હતું.

'અહીં આવવાનું તમને વિચિત્ર જણાતું હશે, પરંતુ હું એવું વિચારીશ કે આપણે મળવાનું પૂર્વનિયોજિત હતું.' ગુરુજીએ કહ્યું.

'આપ મનની વાત વાંચી શકો છો?' મેં પૂછયું.

'હું લોકોને વાંચું છું. તમારી ચિંતા સ્વાભાવિક છે, બેસો.' તેમણે કહ્યું અને તેમની સફેદ દાઢીમાં હાથ પસવાર્યો.

હું તેમની સામે પલાંઠી વાળીને જમીન ઉપર બેઠો.

'તમારી ચિંતા શું છે?'

'મારી ગર્લફ્રૅન્ડ તમિલિયન છે, હું પંજાબી છું. અમારા પરિવારો અમારાં લગ્નની વિરુદ્ધ છે. મારાથી બનતું હું બધું કરું છું, પણ બધું સ્ટ્રેસફુલ છે.'

'હં...' ગુરુજીએ કહ્યું, 'તમારી આંખો બંધ કરો અને મગજમાં જે કંઈ વિચાર આવે તે બોલો.'

'આઈ લવ હર.' મેં કહ્યું, 'અને અમે એકબીજાંને ખુશ રાખીએ છીએ, પરંતુ જો અમારી ખુશી આટલાં બધાં લોકોને નારાજ કરે તે યોગ્ય છે?'

હું થોડો વધુ સમય એ જ સ્થિતિમાં રહ્યો, ગુરુજી કંઈ બોલ્યા નહીં. મારી આંખો બંધ હોવાથી તેઓ આજુબાજુ હતા કે કેમ તેનો પણ મને ખ્યાલ ન હતો, 'તે જ મારું ભાવિ છે.' મેં છેલ્લે કહ્યું.

'બસ પતી ગયું?' એમણે કહ્યું.

'આપ અહીં બેઠા છો?' મેં વળતો પ્રશ્ન કર્યો.

'શું તમને ખાતરી છે કે તમારી આટલી જ સમસ્યા છે?'

'આપ શું કહેવા માગો છો?'

'તમારામાં ઘણી બધી પીડા છે, વણઉકલ્યા પ્રશ્નો છે. તમે તમારા ભાવિનું નિર્માણ કરો, તે પહેલાં ભૂતકાળને ઠીક કરવો પડશે.'

'આપ શું વાત કરી રહ્યા છો?' મેં મારી આંખો ખોલી. ગુરુજીની આંખો બંધ હતી.

'તમારી આંખો બંધ કરો.' ગુરુજીએ કહ્યું.

'મેં બંધ કરી.' કહીને મેં ફરીથી આંખો બંધ કરી.

'તમને રાત્રે શેના લીધે ઊંઘ નથી આવતી?'

હું ચૂપ રહ્યો.

'તમને ઊંઘ આવવામાં ઘણો સમય લાગે છે?' તેમણે પૂછ્યું.

'હા.' મેં કહ્યું.

'તમે કયા કારણથી મોડે સુધી જાગો છો?'

'ઘણી બધી બાબતો છે. ઑફિસની બાબત પણ છે, જેના અંગે હું ખરેખર બહુ ઉત્સાહી

નથી. અનન્યા વિશેની અનિશ્ચિતતા છે. મારા પિતાનો પણ પ્રશ્ન છે.'

'તમારા પિતા વિશે શું પ્રશ્ન છે?'

'એ જટિલ મામલો છે.' મેં કહ્યું.

'અને તેનો બહુ બોજો છે, ખરું ને?'

મેં ઊંડો નિસાસો નાખ્યો.

'તેને પસાર થવા દો.' ગુરુજીએ કહ્યું.

'હું તેમ કરી શકતો નથી. મારે તેમ કરવું નથી. મેં તેના વિશે વાત પણ કરી નથી.'

'હું સાંભળું છું.' ગુરુજીએ કહ્યું. તે આગળની તરફ ઝૂક્યા અને મારા માથા ઉપર તેમની હથેળી મૂકી. મને એક નવી જ હળવાશ અનુભવાઈ. હું બીજા વિશ્વમાં જતો રહ્યો હોઉં તેવું મને લાગ્યું. જાણે કે મારું શરીર અને આત્મા અલગ પડી ગયાં હોય તેવું મને લાગ્યું.

'ગુરુજી, મારી પાસે તેમ કરાવશો નહીં.' મેં આજીજી કરી, જે પીડા મારી રાહ જોઈ રહી હતી તે તરફ હું ફરી જવા માગતો ન હતો.

'ચાલુ રાખો. હું સાંભળું છું.' ગુરુજીએ કહ્યું.

૩૫

ત્રણ વર્ષ પૂર્વે.

મારા ડૅડ મધરાતે ઘરે આવ્યા. હું કલાકોથી તેમની રાહ જોતો હતો. મારી પાસે સમય ન હતો. મારે આજે રાતે જ તેમની સાથે વાત કરવાની હતી. તેમણે હાથના ઇશારાથી ડિનર લેવાનો ઇનકાર કર્યો અને તેમના શૂઝ કાઢવા લિવિંગ રૂમના સોફા ઉપર બેઠા.

'ડૅડ?' મેં ધીમા અવાજે કહ્યું. મેં શોર્ટ્સ અને વ્હાઇટ ટી-શર્ટ પહેર્યાં હતાં. ટી-શર્ટના ખભા ઉપર નાનકડું કાણું હતું.

'શું છે?' તેઓ મારી તરફ ફર્યા, 'તું ઘરમાં આવાં કપડાં પહેરે છે?'

'આ મારો નાઇટડ્રેસ છે.' મેં કહ્યું.

'તારી પાસે સરખો નાઇટડ્રેસ નથી?'

'ડૅડ, મારે થોડીક વાત કરવી છે.' મેં વાત બદલી.

'શું છે?'

'મને એક છોકરી ગમે છે.'

'આવી બાબતોમાં તું સમય વેડફી રહ્યો છે.' તેમણે કહ્યું.

'એવું નથી. તે સરસ છોકરી છે. *IIT*ના પ્રોફેસરની દીકરી છે.'

'એમ વાત છે! તો હવે અમને ખબર પડી કે તેં *IIT*માં શું કર્યું છે.'

'હું ગ્રૅજ્યુએટ થઈ ગયો છું. મને નોકરી મળી ગઈ છે. હું *MBA* માટે તૈયારી કરી રહ્યો છું. પ્રૉબ્લેમ શું છે?'

'મારે કોઈ પ્રૉબ્લેમ નથી. વાત તારે કરવી છે.' તેમણે મારી સામે જોયા વગર જ કહ્યું.

'છોકરીના પિતા તેને વિદેશ લઈ જાય છે. તેઓ તેને બીજા કોઈ સાથે પરણાવી દેશે.'

'ઓહ, તો તેના પિતાને તે મંજૂર નથી?'

'ના.'

'કેમ?'

મેં નીચે જોયું, 'મારે તેમની સાથે કેટલાક પ્રશ્નો થયા હતા. મારે અને મારા મિત્રોને.'

'કેવા પ્રશ્નો? શિસ્તના પ્રશ્નો?'

'હા.' મેં કહ્યું.

'આઘાતજનક. આર્મી ઑફિસરના દીકરાને શિસ્તના પ્રશ્નો? મેં જે કંઇ નામના મેળવી છે તે

તું ધૂળમાં મેળવીશ.'

'હવે તે પ્રશ્નો ભૂતકાળ બની ગયા છે.'

'તો પછી તેમને વાંધો શું છે? તારી મમ્મીને આ વાતની ખબર છે?'

'હા.' મેં કહ્યું

'તેણે મને કેમ વાત નથી કરી? કવિતા!' ડૅડે બૂમ પાડી.

મૉમ ભરઊંઘમાંથી જાગીને રૂમમાં આવી, 'શું થયું?'

'પેલી છોકરીની વાત મને પહેલાં કેમ ન કરી?' ડૅડે બૂમ પાડીને કહ્યું

'તેણે હજુ થોડાં અઠવાડિયાં પહેલાં જ મને વાત કરી છે.' મૉમે કહ્યું

'અને તેં એ વાત મારાથી છુપાવી, *You bitch*' ડૅડે કહ્યું

'મૉમ સાથે આ રીતે વાત કરશો નહીં.' મેં વળતો જવાબ આપ્યો. મેં તેમને હજુ વધારે કહ્યું હોત, પણ આજે મારે તેમની જરૂર હતી.

મૉમ રડી પડી. આ બિલકુલ યોગ્ય ન હતું.

'ડૅડ, પ્લીઝ, મારે તમારી મદદ જોઈએ. જો તમે તેના પિતાને મળો, તો કદાચ તેઓ ફરીથી વિચારે.'

'મારે શા માટે કોઈને મળવું જોઈએ?' તેમણે કહ્યું

'કેમ કે હું તેને પ્રેમ કરું છું અને હું તેને છોડવા નથી માગતો.'

'તું ભટકી ગયો છે, તને પ્રેમ નથી થયો.'

'જવા દે, ક્રિશ. એ નહીં સાંભળે. જોતો નથી, તે મારી સાથે કેવી રીતે વાત કરે છે. તને ખબર નથી કે તું હૉસ્ટેલમાં હતો ત્યારે હું કેવી રીતે અહીં રહી છું.'

ડૅડ ક્રૂર રીતે મૉમ તરફ આગળ વધ્યા. તેમણે તેને મારવા માટે હાથ ઉપાડ્યો. મેં મૉમને મારી નજીક ખેંચી લીધી.

'નહીં.' મેં કહ્યું

'તું તારી જાતને શું સમજે છે?' તેમણે મારા જમણા ગાલ ઉપર એક જોરદાર લાફો ઝીંકી દીધો. હું ડાઇનિંગ રૂમની ખુરશી ઉપર બેસી ગયો.

'અમને છોડો અને જતા રહો. તમે પાછા જ શા માટે આવ્યા?' મૉમે તેમની આગળ હાથ જોડીને કહ્યું

'કરગરીશ નહીં, મૉમ.' મેં કહ્યું મારા ગળામાં ડૂમો ભરાઈ ગયો હતો. આ પહેલાં હું એક વાર રડ્યો ત્યારે ડૅડે મારી મજાક ઉડાવી હતી. તેમના માનવા પ્રમાણે માત્ર નબળા મનના માણસો જ રડે છે.

'તેનો અવાજ તો જો, કેવો છોકરી જેવો છે.' ડૅડે મશ્કરી કરી. તેમણે તિરસ્કારપૂર્વક મારી સામે જોયું અને કપડાં બદલવા બાથરૂમમાં ગયા.

'દીકરા, સૂઈ જા.' મૉમે કહ્યું

'એ તેને આવતા અઠવાડિયે મોકલી રહ્યા છે.' મેં કહ્યું

'તું કેવી છોકરી સાથે લફરામાં પડ્યો છે? તું હજી નાનો છે.'

'હું કંઈ કાલે ને કાલે તેની સાથે લગ્ન નથી કરવાનો.'

'તે પંજાબી છે?' મારી મૉમે પૂછ્યું

'ના.' મેં કહ્યું

'શું?' તેણે કહ્યું અને જાણે કે તે માણસ જ ન હોય એવું મેં તેને કહ્યું હોય તેવો તેને આંચકો લાગ્યો.

'તું એક વાર તેના ડૅડને મળીશ?'

ડૅડ બાથરૂમમાંથી બહાર આવી ગયા હતા. તેમણે મારું છેલ્લું વાક્ય સાંભળ્યું 'જો તું ક્યાંય ગઈ છે તો તારી ખેર નથી, કવિતા.' ડૅડે કહ્યું ત્યારે તેમની આંખોમાં જંગાલિયત હતી. હું તેમની સામે તાકી રહ્યો.

'તારા રૂમમાં જા.' ડૅડે મને કહ્યું

હું મારા રૂમમાં પાછો આવ્યો. મેં મારાં પૅરન્ટ્સના રૂમમાંથી આવતા અવાજો સાંભળ્યા. મને ઊંઘ ન આવી. હું તેમના રૂમની નજીક ગયો. મેં મારી આખી જિંદગી, મારાં માતાપિતા વચ્ચેની દલીલો પૂરતાં પ્રમાણમાં સાંભળી હતી, પરંતુ તેમ છતાં બારણા ઉપર મારા કાન માંડ્યા.

મૉમે કહ્યું, 'હવે તે મોટો થયો.'

'બધા ખોટા સંસ્કાર સાથે. તેને છોકરીઓ વિશે શું ખબર પડે? તે મારો દીકરો છે, તે *IIT*માં ભણ્યો છે, તું જો જે તો ખરી, તેના માટે ખરા સમયે હું કેવો સોદો કરું છું.' મૂળ વાત આમ હતી, તેમના તમામ સિદ્ધાંતો સાથે, મારા ડૅડ માટે તો હું એક ટ્રૉફી હતો જે બજારમાં સૌથી ઊંચી બોલી બોલનારને વેચાવાની હતી.

'તેના આવા ઉછેર માટે તું જવાબદાર છે.' ડૅડે અત્યંત ગુસ્સે થઈને મૉમને કહ્યું. મેં દીવાલ સાથે અથડાઈને ગ્લાસના તૂટવાનો અવાજ સાંભળ્યો.

'મેં શું કર્યું? હું તો આ છોકરી વિશે જાણતી પણ નથી...'

ડૅડે ઉપરાઉપરી તમાચા મારી, મૉમને વચ્ચેથી જ અટકાવી. થોડાક વધારે તમાચાના અવાજ સાંભળતાં મેં જોરથી ધક્કો મારીને બારણું ખોલ્યું. મેં મૉમને તેના હાથ વડે તેના ચહેરાને ઢાંકતી જોઈ. ગ્લાસના કાચથી તેના હાથમાં વાગ્યું હતું. ડૅડ મારી તરફ વળ્યા, 'તારામાં કંઈ રીતભાત છે કે નહીં? બારણું ખખડાવવાનું નહીં?'

'તમારે મને રીતભાત શીખવવાની જરૂર નથી.' મેં કહ્યું.

'જતો રહે.' તેમણે કહ્યું.

મેં મારું માથું ધુણાવ્યું. મેં મૉમના ચહેરા ઉપર આંસુ જોયાં. મારો ચહેરો ગુસ્સાથી લાલચોળ થઈ ગયો. તે પચીસ વર્ષથી આ રીતે જીવતી હતી. તે શા માટે આમ કરી રહી હતી તેની મને ખબર હતી – મને મોટો કરવા, તેણે આવું કેવી રીતે કર્યું તેની મને ખબર નહોતી.

ડૅડે મને મારવા હાથ ઉગામ્યો. આપોઆપ જ મેં મજબૂતીથી તેમનું કાંડું પકડી લીધું. એમ વાત છે, તો હવે તું તારા જ પિતા ઉપર તારો હાથ ઉપાડીશ? તેમણે કહ્યું.

મેં તેમનો હાથ મચડ્યો.

'એમને છોડી દે, એ નહીં સુધરે.' મૉમે કહ્યું.

મેં તેની તરફ મારું ડોકું ફેરવ્યું, પણ આંખો તો બરાબર મારા ડૅડની સામે જ તાકેલી હતી. મેં તેમના ચહેરા ઉપર એક-બે લાફા ઝીંકી દીધા ત્યાર પછી મુઠ્ઠી વાળીને તેમના ચહેરા ઉપર ફેંટ મારી.

ડૅડને આઘાત લાગ્યો. તેઓ વળતી લડત આપી શક્યા નહીં. તેમને આવી અપેક્ષા ન હતી, મારા સમગ્ર બાળપણમાં હું માત્ર તેમની જોહુકમીને સહન કરતો રહ્યો. આજે આ માત્ર તૂટેલા ગ્લાસની વાત ન હતી. વળી એ બાબત પણ ન હતી કે હું જેને પ્રેમ કરતો હતો તે છોકરી મને નહીં મળે. આ તો બે દાયકાના દુર્વ્યવહાર સામેની પ્રતિક્રિયા હતી અથવા તો મેં મારી જાતનો આ રીતે બચાવ કર્યો. બાકી તો પોતાના ડૅડને મારવાની બાબતનો બચાવ કેવી રીતે થઈ શકે? તે ક્ષણે હું અટકી શક્યો નહીં. તે જમીન પર ઢળી પડ્યા, ત્યાં સુધી મેં તેમના માથા ઉપર મુક્કા માર્યા. છેલ્લે મેં આવી હિંસા ક્યારે આચરી હતી તે મને યાદ નથી. હું એટલો બધો ભણેશરી હતો કે જે સતત આખી જિંદગી તેની ચોપડીઓમાં જ લીન રહેતો હતો. આજે હું નસીબદાર હતો કે ઘરમાં બંદૂક ન હતી.

પાંચ મિનિટ પછી મારું ગાંડપણ ઓસરી ગયું. ડૅડે મારી સાથે આંખ મિલાવી નહીં. તેઓ નીચે જ બેઠા અને મેં તેમનો જે હાથ મચડી નાખ્યો હતો તેને મસાજ કરવા લાગ્યા. મારી માતા સામે, 'જો, હું કહેતો હતોને' એવા ભાવ સાથે તાકી રહ્યા.

મૉમ બૅડ ઉપર બેઠી. અમે એકબીજાં સામે જોઈ રહ્યાં. આમ તો અમે એક પરિવાર હતા, પણ ઢંગધડા વગરનો. મેં સાવરણીથી છાપાના એક કાગળ ઉપર તૂટેલા કાચ ભરી લીધા. મેં ડૅડ સામે જોયું અને તેમની સાથે ફરીથી ક્યારેય વાત નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી. હું કાચના ટુકડા સાથેનું છાપું ઉપાડીને રૂમની બહાર નીકળી ગયો.

'આ જ વાત છે, ગુરુજી.' મેં કહ્યું. હવે મારા ચહેરા ઉપરનાં આંસુ સુકાઈ ગયાં હતાં, 'મેં ક્યારેય કોઈની સાથે આ બાબત અંગે આટલી બધી વાત કરી નથી.'

દરિયાનો અવાજ સંભળાતો હતો અને દરિયાનાં મોજાંની જેમ જ મારા વિચારોના મોજાં પણ તોફાની રીતે ઊછળી રહ્યાં હતાં.

'તમારી આંખો ખોલો.' ગુરુજીએ કહ્યું.

મેં ધીમે રહીને મારી આંખો ખોલી.

'આવો, આપણે પાછળ બાલ્કનીમાં જઈએ.' ગુરુજીએ કહ્યું.

હું ઘરની પાછળના ભાગે આવેલા ધાબા ઉપર તેમની સાથે ગયો. બપોરના તાપમાં પણ દરિયા પરથી લહેરાતો પવન ઠંડો લાગતો હતો. હું બહાર રાખેલાં બે સ્ટૂલ્સમાંના એક સ્ટૂલ ઉપર બેઠો. તેઓ અંદર ગયા અને બે ગ્લાસ અને એક પુસ્તક સાથે પાછા ફર્યા.

'આ નાળિયેર પાણી છે અને આ ગીતા છે. તમે ગીતા વિશે સાંભળ્યું છે?'

'હા.' મેં કહ્યું, 'થોડું ઘણું.' મેં નાળિયેર પાણીનો ઘૂંટડો ભર્યો.

'તમે શું સાંભળ્યું છે?'

'જેમ કે તે અંતિમ પુસ્તક છે. તેમાં જીવનનું બધું જ ડહાપણ ભરેલું છે.'

'તમે કર્મ કરો અને ફળની ચિંતા ન કરો. ખરું ને?'

'તમે તે વાંચ્યું છે?'

'તેના કેટલાક ભાગો તો બહુ સરસ છે, પણ સહેજ...'

'બોરિંગ?'

'હકીકતમાં બોરિંગ નહીં. સમજવું અઘરું છે અને બધી બાબત લાગુ પાડવી પણ.'

'હું તમને તમારા જીવનમાં ઉપયોગ થાય તે માટે માત્ર એક જ શબ્દ આપીશ.'

'શું?'

'ક્ષમા.'

'એટલે? શું તમે એમ ઈચ્છો છો કે હું મારા પિતાને માફ કરી દઉં? હું તેમ કરી શકીશ નહીં.'

'કેમ?'

'કેમ કે તેમણે જે કર્યું તે સાંખી ન શકાય તેવી ભૂલ છે. તેમણે મારી મૉમની જિંદગી બરબાદ કરી નાખી છે. તેમણે મને ક્યારેય પ્રેમ કર્યો નથી.'

'હું એમ નથી કહેતો કે તેમણે બધું બરાબર કર્યું છે. તેમને ક્ષમા આપવા હું તમને જણાવી રહ્યો છું.'

'શા માટે?'

'તમારા માટે. ક્ષમા આપવાથી, જેમણે તમને ઠેસ પહોંચાડી છે તે લોકોને સારું નથી લાગતું, તેનાથી તમને સારું લાગે છે.'

મેં તેમના શબ્દો ઉપર વિચાર કર્યો.

'ફરીથી તમારી આંખો બંધ કરી દો.' ગુરુજીએ કહ્યું, 'એવી કલ્પના કરો કે તમારા માથા ઉપર થેલા છે. તે ક્રોધ, પીડા અને નુકસાનના થેલા છે. તમને કેવું લાગે છે?'

'ભારે.' મેં નિસાસો નાખ્યો.

'તમારા માથા પરથી તે એક પછી એક દૂર કરો.' ગુરુજીએ કહ્યું, 'તમને નીચા નમાવી દેતો એક વજનદાર કોટ તમે પહેર્યો છે તેવી કલ્પના કરો. બીજા લોકોએ તમને જે ઠેસ પહોંચાડી છે તેને ક્ષમા આપી દો. તેમણે જે કર્યું તે ભૂતકાળ છે. આજે તમને જે પ્રશ્ન સતાવી રહ્યો છે તે આ બોજમાંથી આવતી લાગણીઓ છે. તેને જવા દો.'

ગુરુજીનાં ઉદાહરણો જેટલાં વિચિત્ર હતાં તેટલી જ મને મારા મનમાં કલ્પના કરવા માટે તેનું પાલન કરવાની ફરજ જણાઈ. મારું માથું વધારે હળવું લાગતું હતું.

‘અને પ્રભુને શરણે જાવ.’ તેમણે આગળ કહ્યું, ‘કોઈ વસ્તુ કે કોઈ વ્યક્તિ ઉપર તમારો અંકુશ નથી.’

‘મને સમજ ન પડી.’ મેં કહ્યું.

‘શું તમારી જિંદગી ઉપર તમારો અંકુશ છે? તમારી જિંદગીનો આધાર એટલા બધા આંતરિક અવયવોની યોગ્ય કામગીરી ઉપર છે. તેમના ઉપર તમારો કોઈ અંકુશ નથી. જો તમારાં ફેફસાં તમને સાથ ન આપે, જો તમારી કિડની ફેઈલ થઈ જાય, જો તમારું હૃદય બંધ પડી જાય તો ખેલ ખલાસ! તો તમે અત્યારે જ મરી જશો. પ્રભુએ તમને જિંદગીની ભેટ આપવાનું નક્કી કર્યું છે, તેને શરણે જાવ.’

ત્યાર પછીની થોડીક મિનિટો સુધી તેમણે મને ધ્યાનાવસ્થામાં રાખ્યો.

‘અને હવે તમે જઈ શકો છો.’ ગુરુજીએ સ્મિત કર્યું.

મેં મારી આંખો ખોલી. બપોર પછીના તપતા સૂર્યના પ્રકાશથી ગુરુજીનો ચહેરો ચમકતો હતો. તેઓ અંદર ગયા અને એક નાના કપમાં રાખ લઈને આવ્યા. તેમણે તેમની ત્રીજી આંગળી તેમાં ડુબાડી અને મારા કપાળ ઉપર તેનો ચાંલ્લો કરી મારા માથા ઉપર હાથ મૂકી આશીર્વાદ આપ્યા. મેં થૅંક્સ કહ્યું.

‘યુ આર વેલકમ.’ તેમણે કહ્યું, ‘હું તમને બીજી કોઈ મદદ કરી શકું?’

‘હા, હોટલ લો’રિએન્ટ કઈ બાજુ આવી?’

‘ઓહ, હા.’ ગુરુજી હસ્યા, ‘રયુ રોમેઈન રોલાન્ડ’ ઉપર આવેલી છે. અહીંથી એક કિલોમીટર દૂર છે.’

હું ચાર વાગ્યે લો’રિઅન્ટ ઉપર પહોંચી ગયો. અનન્યા ઍન્ટ્રન્સ ઉપર જ રાહ જોઈ રહી હતી. આ હોટલ એ રિનોવેટ કરેલું હેરિટેજ બિલ્ડિંગ છે અને પહેલાં જ્યારે ફ્રેન્ચ લોકોએ પૉંડિચેરીમાં વસાહત સ્થાપી હતી ત્યારે અહીં શિક્ષણ વિભાગની ઑફિસ હતી. હવે દસ રૂમની એક બૂટિક પ્રોપર્ટીમાંથી બનેલી આ જગ્યાના ઈન્ડોર ઓપન પૅશિયોમાં એક નાનકડી રેસ્ટોરન્ટ આવેલી છે. અમે કૉફી અને કસ્ટર્ડ સૉસ સાથે જિંજર કેક સ્લાઈસનો ઑર્ડર આપ્યો.

‘આ સરસ જગ્યા છે, નહીં?’ અનન્યાએ ઊંડો શ્વાસ લેતાં કહ્યું.

મેં હા પાડી, પણ હું હજુ ઊંડા વિચારોમાં હતો.

‘તો, મને એ કહે કે તેં કર્યું શું? અને આ તારા કપાળ ઉપર તિલક શાનું છે?’

‘મેં મારા ડૅડને ફટકાર્યા છે.’

‘શું?’

‘બહુ સમય પહેલાં. તને યાદ છે, હું કૅમ્પસમાં હંમેશાં મારા ડૅડ વિશે વાત કરવાનું ટાળતો હતો?’

‘હા, અને તે પછી મેં ક્યારેય આગ્રહ કર્યો નથી.’ તેણે કહ્યું, ‘પણ તું વાત શું કરી રહ્યો છે?’

મેં તે રાતની વાત તેને કહી.

તે મારી સામે હતપ્રભ બનીને જોઈ રહી.

‘ઓહ ડિયર, મને ખબર નહીં કે તારાં પૅરન્ટ્સ આવાં છે.’

‘મેં તને ક્યારેય કહ્યું જ નથી ને. કંઈ વાંધો નહીં.’

‘તું ઠીક તો છે ને?’ તે બોલી અને મારો હાથ પકડવા આગળ આવી.

‘હા, હું મજામાં છું અને હું એક ગુરુજીને મળ્યો, જેમણે મને સારી સલાહ આપી.’

‘શું? કોણ ગુરુજી અને કેવી સલાહ?’ અનન્યાએ પૂછયું.

‘હું ગુરુજીને ઓળખતો નથી. તેનાથી ફેર નથી પડતો. જીવનમાં તમે કોઈકને મળો છો અથવા કંઈક એવું સાંભળો છો જે તમને સાચા માર્ગે લઈ જાય છે અને તે જ શ્રેષ્ઠ સલાહ છે. તે સલાહ માત્ર સહેજ કૉમન સેન્સની વાત હોઈ શકે જે એવી રીતે કહેવામાં આવી હોય જે તમારી કોઈ બાબત સાથે મળતી હોય. તેમાં કંઈ નવું નથી, પરંતુ તે તમને તમારી સાથે જોડે છે અને તેથી તે તમારા માટે અર્થપૂર્ણ બની જાય છે.’

મેં એવી રીતે આ વાત સમજાવી કે અનન્યા ચિંતિત બની.

'તું ઠીક તો છે ને, યાર? મારે તને એકલો મૂકવા જેવો ન હતો.'

'હું મજામાં છું. મને એ વાતનો આનંદ છે કે મને આવો સમય મળ્યો. મને સારું લાગે છે.'

'આઈ લવ યુ.' તેણે કહ્યું અને તેના હાથથી મારો હાથ જોરથી દબાવ્યો.

અમારા ઑર્ડર મુજબ વસ્તુઓ આવી ગઈ હતી. તેણે કેકના બે કટકા કર્યા અને અડધો કટકો મારા તરફ સરકાવ્યો. હું વાતનો વિષય બદલવા માગતો હતો તેનો તેને ખ્યાલ આવી ગયો.

'તો, મને આ સિટી બૅન્કના ઈવેન્ટ વિશે તો કંઈ કહે. કૉન્સર્ટ થવાની છે?'

'હા.' મેં કહ્યું, 'માત્ર ક્લાયન્ટ્સ માટે જ.'

'હું આવું?'

'અફકોર્સ, હું તારા ફૅમિલી માટે પાસ લાવીશ.'

'કોણ પરફોર્મ કરવાનું છે?'

'એસ. પી. બાલાસુબ્રમણ્યમ, હરિહરન અને...' હું અટક્યો.

'વાઉ, આ તો બહુ મોટાં માથાં છે! ત્રીજું કોણ?'

'કોઈક નવા સિંગર.'

'વાહ! મને ખાતરી છે કે મૉમ અને ડૅડને બહુ મજા આવશે.'

મેં ડોકું ધુણાવ્યું. કૉફીના થોડા વધુ ઘૂંટડા ભર્યા પછી મે કહ્યું, 'મેં પૂરતો પ્રયત્ન કરી લીધો છે, અનન્યા. હું પાછો જવા માગું છું.'

દિલ્હી પાછી ટ્રાન્સફર માગવા અંગે મારી મૉમ સાથેની વાતચીત અંગે મેં તેને જણાવ્યું.

'તું શું કહેવા માગે છે?' મારી મૂછ ઉપરથી કૉફી લૂછતાં તેણે કહ્યું.

'હું હંમેશને માટે તો ચેન્નાઈમાં કામ કરી શકું નહીં. હું હજી થોડોક વધુ સમય પ્રયત્ન કરીશ અને ત્યાર પછી હું તારાં પૅરન્ટ્સને મારા વિશે પૂછી લઈશ.'

'જો તેઓ ના પાડશે તો?'

'ત્યારે આપણે જોઈશું. આમ પણ મેં બધું ભગવાન પર છોડી દીધું છે.'

'શું?'

'કંઈ નહીં. ચાલ, આપણે જઈએ. હું અજવાળે-અજવાળે પહોંચી જવા માગું છું.' મેં મારી હેલમેટ ઉપાડી.

૩૭

'આન્ટી, સૉરી તમને તકલીફ આપું છું, પણ કૉન્સર્ટ આવતા અઠવાડિયે છે.' મેં ફોન ઉપર કહ્યું.

મેં બપોરે મારી ઑફિસમાંથી અનન્યાની મૉમને ફોન કર્યો હતો. મારા હાથમાં છાપાની જાહેરાતની ડિઝાઈન હતી.

સિટી બૅન્ક પ્રાયોરિટી બૅન્કિંગતેના ક્લાયન્ટસને ફિશરમૅન્સ કોવ ખાતે
એક અદ્ભુત મ્યુઝિકલ ઈવનિંગ માટે સહર્ષ આમંત્રણ પાઠવે છે.
મહાન કલાકારો :
એસ. પી. બાલાસુબ્રમણ્યમ
હરિહરન
અને નવાં કલાકાર, રાધા.
કૉન્સર્ટને અંતે ડિનર રાખવામાં આવ્યું છે.
માત્ર આમંત્રિતો માટે.
(પાસ મેળવવા માટે, આપના કસ્ટમર રિપ્રેઝન્ટેટિવનો અથવા અમારી

કોઈ પણ બ્રાન્ચનો સંપર્ક કરો.)

નોંધ : કૉન્સર્ટ પૂર્વે એકાઉન્ટ ખોલાવનાર નવા એકાઉન્ટ હોલ્ડર્સને પણ આમંત્રણ મળશે.

મને છેલ્લી લાઈન બિલકુલ ન ગમી, કારણ કે તે બહુ અજુગતી લાગતી હતી. જોકે બાલાએ તે લાઈન માટે આગ્રહ રાખ્યો.

‘હેલ્લો, આન્ટી? સાંભળો છો?’ મેં કહ્યું.

‘તમે મને કેવી ફસાવી દીધી?’ અનન્યાની મૉમે નિસાસો નાખતાં કહ્યું.

‘તમે પ્રૅક્ટિસ કરી રહ્યાં છો ને?’

‘હા, પણ...’

‘પણ શું? તમે “કહો ના પ્યાર હૈ”નું કોઈ ગીત કર્યું કે નહીં? એ બહુ પોપ્યુલર છે.’ મેં કહ્યું.

‘હા, મેં કર્યું છે. ફિલ્મ સોંગ્સ તો સરળ છે. પણ મને... આત્મવિશ્વાસ નથી આવતો.’

‘બધું બરાબર થઈ જશે. હું આજે છાપામાં જાહેરાત મોકલી રહ્યો છું. તેમાં તમારું નામ છે અને તમે કહ્યું હતું તેમ તેમાં સરનેમ નથી. તે રવિવારે કૉન્સર્ટના દિવસે છાપામાં આવશે.’

‘ના, ના, મારું નામ ન મૂકશો. જો હું ન આવું તો શું?’ તેમણે ભયભીત સૂરે કહ્યું.

‘કંઈ વાંધો નહીં. ચેન્નાઈમાં હજારો રાધા છે. કોઈને ખબર નહીં પડે કે કોણ નથી આવ્યું.’ મેં કહ્યું.

‘હું તને ભોંઠો પાડીશ.’ તેમણે કહ્યું.

‘તમે તેમ નહીં કરો.’ મેં કહ્યું.

‘ક્યાં સુધી તમે મારું નામ જાહેરાતમાંથી કાઢી નાખી શકો?’

‘શનિવારે. પણ પ્લીઝ, તમે એવું ન વિચારશો.’ મેં કહ્યું.

‘ઠીક છે, જસ્ટ મારે જાણવું હતું.’ તેમણે કહ્યું.

‘સરસ, અને એક પલકા જીના ગીતની પ્રૅક્ટિસ કરજો. તે ચાર્ટમાં નંબર વન પર છે.’ મેં કહ્યું.

* * *

‘મેં કહ્યું હતું મારું નામ કાઢી નાખજે’ અનન્યાની મૉમે મને રવિવારે સવારે ૬ વાગે ફોન કર્યો.

‘તમે જાહેરાત જોઈ લીધી?’ આંખો મસળી મેં બારણા આગળથી ‘ધ હિન્દુ’ ઉપાડયું. રવિવારની પૂર્તિ મેટ્રોપ્લસ ખોલી.

‘હેં.’ તેમણે ધીમેથી કહ્યું, ‘આ શું છે?’

અંકલ જ્યારે નહાવા માટે ગયા હતા ત્યારે તેમણે ફોન કર્યો હતો. અનન્યા હજી ઊઠી ન હતી અને મંજુ તેના બેસ્ટ ફ્રૅન્ડ્ઝ-ફિઝિક્સ, કૅમિસ્ટ્રી અને મૅથ્સ – સાથે તેના રૂમમાં ભરાયો હતો.

‘મારાથી તે ન થઈ શક્યું.’ મેં કહ્યું અને મેં એક વાત ઉપજાવી કાઢી, ‘છાપાવાળાએ મને કહ્યું કે મેટ્રોપ્લસ બે દિવસ પહેલાં પ્રિન્ટિંગમાં જતું રહે છે. માત્ર મેઈન પેપરમાં આગલી રાત સુધી ફેરફાર થઈ શકે.’

‘તો પછી હવે તમે શું કરવાના છો?’

તેમણે આગલા દિવસે સવારે તેમનું નામ કાઢી નાખવા માટે મને ફોન કર્યો હતો. જોકે મેં જાહેરાતના શબ્દો બદલવા છાપામાં ફોન કર્યો જ ન હતો.

‘કંઈ નહીં, અમે કહી દઈશું, રાધા બીમાર પડી ગઈ છે.’ મેં કહ્યું.

તેઓ ચૂપ રહ્યાં, ‘તેનાથી તમારું ખરાબ નહીં દેખાય?’ થોડીક વાર અટક્યા પછી તેમણે પૂછ્યું.

‘હા, પણ એવું પહેલી વાર નહીં હોય. એ તો હું ફોડી લઈશ. કંઈ વાંધો નહીં, પણ તમે બધાં કૉન્સર્ટમાં તો આવો છો ને?’ મેં કહ્યું.

‘ઠીક છે, સાંભળો, જો મારે પરફૉર્મ કરવાનું જ હોય તો મારે ક્યાં અને ક્યારે પહોંચવાનું છે?’

મારા હૃદયના ધબકારા ઝડપી થઈ ગયા. તેઓ ભાગ લેવાનાં હતાં, ‘આન્ટી, બધું બહુ સરસ

ગોઠવાયેલું છે. કૉન્સર્ટ ગાર્ડનની બાજુમાં અમે ગ્રીનરૂમ રાખ્યો છે. ત્યાં ત્રણ કલાક પહેલાં, ચાર વાગ્યા સુધીમાં આવી જજો. OK?'

'સારું.' તેમણે કહ્યું.

'થૅંક્સ, આન્ટી.' મેં કહ્યું.

'મારે તમારો આભાર માનવો જોઈએ. મેં હજુ ઘરમાં કોઈને કહ્યું નથી.'

'સરસ. કોઈ બહાનું કાઢીને ઘરમાંથી નીકળી જજો. See you.'

૩૮

'મારે શું પહેરવું જોઈએ?' જ્યારે અમે ગ્રીનરૂમના કિંગ સાઈઝ બેડ ઉપર બેઠાં હતાં ત્યારે અનન્યાની મૉમે પૂછયું.

મેકઅપ આર્ટિસ્ટ, સાઉન્ડ એન્જિનિયર્સ, તેમ જ હરિહરન અને એસ.પી.નો સ્ટાફ સૌ આવી પહોંચ્યાં હતાં. મેઈન સિંગર્સ છેલ્લી ઘડીએ જ આવતા હોય છે. જોકે રાધા પહેલાં આવી ગયાં હતાં અને તેમણે કઈ સાડી પહેરવી તે પસંદ કરવા માટે મારી સામે તેમણે ત્રણ કાંજીવરમ સાડીઓ મૂકી.

'બધી જ બહુ સારી છે.' મેં કહ્યું.

પહેલી પર્પલ અને ગોલ્ડ હતી, બીજી યલો અને ગોલ્ડ હતી અને ત્રીજી ઑરેન્જ અને ગોલ્ડ હતી.

'ટચઅપ, મૅડમ?' મેકઅપમૅન અનન્યાની મૉમ તરફ આવ્યો.

'મારે હવે બહાર જવું જોઈએ.' મેં કહ્યું. આમ તો અહીં અડધો ડઝન જેટલા બીજા લોકો આજુબાજુ હતા, પણ ભાવિ સાસુને મસ્કરા લગાવાતું જોવાનું મારા માટે અજુગતું હતું.

'હું બહુ સ્ટ્રેસમાં છું, હું પસંદ કરી શકતી નથી.' તેમણે તેમના કપાળ ઉપરથી પરસેવો લૂછતાં કહ્યું.

મેકઅપમૅને, અનન્યાની મૉમના ગાલ ઉપર ફાઉન્ડેશન લગાવ્યું.

મેં એ તરફ નજર ન જાય તેવો પ્રયત્ન કર્યો.

'ઑરેન્જ પહેરો. તે સરસ લાગશે અને બ્રાઈટ પણ છે.'

'એ મારી લગ્નની સાડી છે. લગ્ન પછી મેં તે ભાગ્યે જ પહેરી છે.'

'આજની સાંજ પણ સ્પેશિયલ છે.'

'પર્પલ કેવી લાગશે?'

'એ પણ સરસ છે.' મેં કહ્યું.

મેકઅપમૅને તેમના કપાળ ઉપર પાણી છાંટ્યું અને પછી લૂછી નાખ્યું.

'હું બહાર જાઉં છું. હવે તમને સ્ટેજ ઉપર મળીશ.'

તેમણે તેમની આંખો બંધ કરી અને પ્રાર્થના કરવા માટે હાથ જોડયા.

હું બહાર આવ્યો અને મેં કેટરિંગની વ્યવસ્થા તપાસી.

મેં છ વાગે અનન્યાને ફોન કરીને તેઓ નીકળી રહ્યા હોવાની ખાતરી કરી લીધી.

'તું મને મારી નાખવાનો છે.' અનન્યાએ કહ્યું.

'કેમ?' મેં પૂછયું.

'મૉમ નથી આવી રહી.'

'કેમ?' મેં ધ્યાન રાખીને નિરાશાના સૂર સાથે પૂછયું.

'તેમણે કહ્યું કે થિરુકુદાયુરમાં તેમનાં દાદી બીમાર છે. તે તો લંચ પછી નીકળી ગયાં છે.'

'થિરુકુદાયુર ક્યાં આવ્યું?'

'ચેન્નાઈથી છ કલાકના રસ્તે. તે આવી નહીં શકે.'

'તમારાં બધાંનું શું છે?'

'અમે તો બસ તૈયાર થઈ ગયાં છીએ. મારે મૉમની સરસ મજાની ઑરેન્જ કાંજીવરમ સાડી પહેરવી હતી, પણ તે મને મળતી નથી. તેણે તે ખોઈ ન નાખી હોય તો સારું. તે અત્યારે આવા પ્રસંગે તો આવી સાડી તેની જોડે લઈને જાય નહીં.'

'જલદી નીકળો, અનન્યા. નહીં તો પછી સારી જગ્યા નહીં મળે.' મેં કહ્યું.

'OK, OK, બાય.' કહી તેણે ફોન મૂક્યો.

બાલા ૬.૩૦ વાગે કન્ટ્રી મૅનેજર અનિલ માથુર સાથે આવી પહોંચ્યા. અનિલ મુંબઈથી વિમાનમાં આવ્યા હતા. બાલાએ ઍરપૉર્ટથી સીધા વેન્યુ ઉપર લાવવા અનિલ માટે મર્સિડીઝની પાકી વ્યવસ્થા કરી હતી. બધી વ્યવસ્થાઓ તેમને બતાવતાં અને આ ઈવેન્ટ માટેની ક્રેડિટ લેતાં બાલા, તમિલ વિલનના ફોલ્ડરની જેમ તેમની પાછળ પાછળ ફરી રહ્યા હતા, 'અને આ બાર છે અને ત્યાં તેની પાછળ સિટી બૅન્કનું બેનર જુઓ. મેં આજના ધ હિન્દુમાં મોટી જાહેરાત આપી છે. તે અહીંનું નંબર વન છાપું છે.' બાલાએ કહ્યું.

મેં બાલાને Hi કર્યું, પણ મારી અવગણના કરી તે આગળ ચાલ્યા.

'એય, તું તો ઈન્ટરનેટના ફિયાસ્કાવાળો છે ને?' અનિલનું ધ્યાન મારા ઉપર ગયું.

'ગુડ ઈવનિંગ, સર.' મેં કહ્યું. બૅન્કમાં હું લુઝરડમ માટેનો પોસ્ટરબૉય બની ગયો હતો.

'અહીં તું એકલો જ પંજાબી છે ને?' તેઓ હસ્યા, 'હું માનું છું કે આટલી સજા પૂરતી છે. નહીં, બાલા?'

આ મજાક આમ તો તેમના ઉપર, તેમના શહેર ઉપર હતી, છતાં બાલા હસ્યા.

'પાછા આવવું છે?' કન્ટ્રી મૅનેજરે પૂછયું.

'હું તે અંગે આપની સાથે વાત કરીશ, સર.' મેં કહ્યું.

'પહેલા તું મને કહેજે.' બાલાએ છેવટે મારી નોંધ લીધી, 'હું તેને મદદ કરીશ, સર.'

કન્ટ્રી મૅનેજરે મારો ખભો થાબડયો અને આગળ વધ્યા.

અનન્યા તેના પિતા અને ભાઈ સાથે ૭.૧૫ વાગે આવી, 'અમે મોડાં છીએ?' તેણે એકીશ્વાસે પૂછયું. તેણે ઝીણી સિલ્વર બૉર્ડર સાથેની પીચ શિફોન સાડી પહેરી હતી. તેણે સિલ્વર નેકલેસ અને મૅચિંગ બુટ્ટીઓ પણ પહેરી હતી.

'હા, પણ હજુ કૉન્સર્ટ શરૂ થઈ નથી. અહીં આવો.' મેં કહ્યું.

હું તેમને ગાર્ડનમાં ગોઠવેલા એકાદ રાઉન્ડ ટેબલ પાસે લઈ ગયો. મેં સ્ટેજની નજીકનું એક ટેબલ પસંદ કર્યું.

'ફૂડ પેલી બાજુ છે અને અંકલ, બાર આ બાજુ છે.' મેં કહ્યું.

'હું ડ્રિન્ક લેતો નથી.' અંકલે અનન્યા સામે જોતાં કહ્યું.

'શ્યૉર.' મેં કહ્યું.

તમામ અઢાર ટેબલ્સની દસેદસ સીટ્સ ક્લાયન્ટ્સથી ભરાઈ ગઈ. દરેક ટેબલ ઉપર તેમના ક્લાયન્ટ્સ સાથે એક કે બે બૅન્ક એજન્ટ્સ બેઠા હતા. મેં અનન્યાના ફૅમિલીને સ્ટાફ ટેબલ ઉપર બેસાડવાની વ્યવસ્થા કરી હતી, જ્યાં ખાસ કરીને જુનિયર ચેન્નાઈ સિટી બૅન્કર્સ બેઠા હતા. જેમની સંપત્તિ પાંચ કરોડ કે તેથી વધુ હતી તેવા અમારા સૌથી મોટા ક્લાયન્ટ સાથે એક જુદા ટેબલ ઉપર બાલા અને કન્ટ્રી મૅનેજર બેઠા હતા. મને એ ક્લાયન્ટની દયા આવી. સાચું કહું તો હું સિનિયર બૅન્કર્સ સાથે ડિનર લેવાની પીડા સહન કરવાને બદલે ધનવાન ન થવાનું પસંદ કરું.

૭.૩૦ વાગે લાઈટ્સ ડીમ થઈ ગઈ. બાલા સ્ટેજ ઉપર આવ્યા અને ટેબલ્સ ઉપર વાતચીત અટકી ગઈ. તેમણે તેમના સ્યૂટની અંદર ચળકતું ક્રીમ સિલ્ક શર્ટ પહેર્યું હતું અને જોકર જેવા લાગતા હતા.

'બધાનું સ્વાગત છે. કેવી સરસ મજાની સાંજ છે. હું પ્રાયોરિટી બૅન્કિંગ ગ્રૂપનો રિજિયોનલ મૅનેજર બાલા.' કહેતાં-કહેતાં તેમણે તેમના ચહેરા ઉપરનો પરસેવો લૂછયો.

'તારા બૉસ?' અનન્યાએ ધીમેથી મને પૂછયું.

મેં હા પાડી.

'તેનું શર્ટ આવું કેમ છે?'

'શ...શ...' મેં કહ્યું. મંજુ અને અનન્યાના ડૅડ બાલાને એકદમ ધ્યાનથી સાંભળી રહ્યા હતા.

'હું એક ખાસ વ્યક્તિને આવકારવા માગું છું.' બાલાએ કહ્યું.

ઑડિયન્સે હર્ષોલ્લાસ કર્યો અને તેઓ સ્ટેજ ઉપર હરિહરન કે એસ.પી.ની આશા રાખી રહ્યા હતા.

'પ્લીઝ, વેલકમ મિસ્ટર અનિલ માથુર, કન્ટ્રી મૅનેજર ઍન્ડ એમ.ડી. સિટી બૅન્ક, ઈન્ડિયા.'

ઑડિયન્સે સામૂહિક નિઃસાસો નાખ્યો.

અનિલ સ્ટેજ ઉપર આવ્યા અને તેમને ખ્યાલ આવી ગયો કે કોઈને તેમની પડી નથી. તેમણે એક જોક કહેવાનો પ્રયત્ન કર્યો, 'હેલ્લો એવરીવન, એવું કોણે વિચાર્યું હશે કે આપણા કેટલાક સૌથી મોટા ક્લાયન્ટ્સ ઢોસા અને ઈડલીની ભૂમિમાંથી આવશે?'

ઑડિયન્સ એટલું શાંત થઈ ગયું કે બાજુના દરિયાકિનારાનાં મોજાંનો અવાજ સંભળાવા લાગ્યો. અનન્યાએ આશ્ચર્યથી મારી સામે જોયું. મેં મારા ખભા ઉલાળ્યા. આ પરિસ્થિતિ ઉપર મારો અંકુશ ન હતો.

અનિલને ખ્યાલ આવ્યો કે આ જોક જામ્યો નથી અને તેમણે બચાવ કામગીરીનો પ્રયાસ કર્યો, 'યુ સી ઈન બૉમ્બે, ઈડલી ઍન્ડ ઢોસા આર સીન ઍસ સિમ્પલ સ્નેક્સ.' અનિલે કહ્યું.

'આ તો બહુ લોચા મારી રહ્યા છે.' અનન્યાએ કહ્યું.

'હા, આપણું નસીબ સારું છે કે તેણે માત્ર પાંચ મિનિટ જ બોલવાનું છે.'

અનિલને ખ્યાલ આવ્યો કે તેમના જોક્સ, માત્ર તેમની હાથ નીચે કામ કરતાં સ્ટાફને જ અપીલ કરે છે. તેઓ શ્રેષ્ઠ કામ કરતા બૅન્કર્સ તરફ વળ્યા અને ગ્રોઇંગ બાર ચાર્ટ્સ સાથેની બોરિંગ પાવરપૉઈન્ટ સ્લાઈડ્સ રજૂ કરી.

'તો આપ જોઈ શકો છો કે જ્યારે અમે ચેન્નાઈ આવ્યા ત્યારે અમે પા-પા પગલી માંડી હતી અને હવે અમે વિરાટ બની ગયા છીએ. અમે મિની ઈડલીમાંથી પેપર ઢોસા બની ગયા છીએ.' અનિલે બંને ડીશની સાઈઝ દર્શાવવા હાથનો સંકેત કરતાં કહ્યું.

'પ્લીઝ, કોઈક એમને રોકો.' અનન્યા અકળાઈ.

'ન થઈ શકે, એ બૉસ છે.' મેં કહ્યું.

અનિલે તેમનું વક્તવ્ય પૂરું કર્યું અને સ્ટાફે તેમના માટે જોરદાર તાળીઓ પાડી. દિશાવિહીન પણ આત્મવિશ્વાસથી ભરેલા બે રિસર્ચ એનાલિસ્ટે 'આગામી દસ વર્ષ માટે ગ્લોબલ કૉર્પોરેટ આઉટલૂક' વિશે વાતો કરી ત્યારે મોટા ભાગના ક્લાયન્ટ્સ વેદના સાથે તેમની વાત પૂરી થવાની રાહ જોઈ રહ્યા હતા.

'જો આપણે ૭%નો GDP વૃદ્ધિદર ધારીએ તો આવું ચિત્ર ઊપસે છે.' આ એનાલિસ્ટે કહ્યું. આ ૭%ની ધારણા કેવી રીતે કરી તે વિશે કોઈએ કંઈ પૂછયું નહીં, પરંતુ ત્યાર પછી જો વૃદ્ધિદર ખરેખર ૭% હોય તો શું થાય તે દર્શાવવા માટે એનાલિસ્ટ પાસે પૂરતાં પ્રમાણમાં ચાર્ટ્સ હતા.

અમારું પ્રેઝન્ટેશન ૮.૩૦ વાગે પૂરું થયું. બાલા ફરીથી સ્ટેજ ઉપર આવતાં લોકો અકળાયા. સૌના મનમાં એ જ હતું કે, 'હવે કોઈ વધુ બૅન્કર જોઈએ નહીં.'

'અને હવે મ્યુઝિક કૉન્સર્ટ માટે આવી રહ્યાં છે, મિસ ટી. એસ. સ્મિતા.' બાલાએ કહ્યું.

એકદમ પુષ્ટ સ્તન ધરાવતી સ્મિતા સ્ટેજ ઉપર આવતાં ઑડિયન્સે વધારે જોરથી તાળીઓ પાડી. તેણે વધારે પડતું લૉ-કટ બ્લાઉઝ પહેર્યું હતું.

'વેલકમ, લેડીઝ ઍન્ડ જેન્ટલમૅન.' સ્મિતાએ તેના હાથમાં માઈક પકડતાં કહ્યું, 'બહુ મજા આવી ને?'

કોઈએ કંઈ પ્રતિભાવ આપ્યો નહીં.

'તેણે શું પહેર્યું છે?' અનન્યાએ કહ્યું. અમારા આખા ટેબલ ઉપર તે સંભળાયું અને સૌ હસ્યા.

'એ પુરુષોનું ધ્યાન ખેંચે તેવું છે, હું કબૂલ કરું છું.' મેં કહ્યું.

'તેની ઉરફાટ કેટલી મોટી છે, માઈક પકડી રાખવા તે તેનો ઉપયોગ કરી શકે તેમ છે. હેન્ડ્ઝ ફ્રી યુ સી.' અનન્યાએ ધીમેથી મને કહ્યું.

'શટઅપ, અનન્યા.' મેં કહ્યું અને મારું હસવું દબાવી રાખ્યું.

'આજે રાત્રે ત્રણ ટૅલેન્ટેડ સિંગર્સ અહીં ગાવાના છે.' સ્મિતાએ કહ્યું. મારા હૃદયના ધબકારા વધી ગયા, 'આપણે સૌ કલાકારોની રાહ જોઈ રહ્યા છીએ. સૌપ્રથમ સિંગર છે, ન્યૂ, વેરી ટૅલેન્ટેડ રાધા. પ્લીઝ, વેલકમ હર ઑન સ્ટેજ.' ઑડિયન્સે તાળીઓનો ગડગડાટ કર્યો અને મેં સ્ટેજ ઉપર જોવા મારું ડોકું ઊંચું કર્યું. અનન્યાની મૉમ ઑરેન્જ સાડી પહેરીને સ્ટેજ ઉપર આવ્યાં.

'અરે, આ તો મૉમ છે.' મંજુનું ધ્યાન સૌપ્રથમ ગયું કેમ કે તે ઊભો હતો.

૩૯

'શું?' અનન્યાના પિતા પણ ઊભા થઈ ગયા.

અનન્યાએ સ્ટેજ ઉપર જોયું અને પછી તરત જ મારી સામે જોયું, 'ક્રિશ, આ બધું...'

'શ...શ... ત્યાં ધ્યાન આપ.' મેં મારા હોઠ ઉપર આંગળી મૂકીને એને ચૂપ કરી.

રાધાએ માઈક હાથમાં લીધું.

'મૉમ.' મંજુએ બૂમ પાડી.

અનન્યાની મૉમે અમારી સામે જોયું અને મલક્યાં.

'રાધા, તમે સૌથી પહેલા કયું ગીત ગાવાનાં છો?' સ્મિતાએ લહેકા સાથે પૂછ્યું.

''કહોના પ્યાર હૈ'"નું 'એક પલ કા જીના' અનન્યાનાં મૉમે શરમાઈને કહ્યું.

ગીતનું પ્રારંભિક સંગીત શરૂ થતાં ઑડિયન્સે જબરદસ્ત ચિચિયારીઓ અને તાળીઓ પાડી.

રાધા આન્ટીએ સરસ ગાયું. મેં ઘણા ક્લાયન્ટ્સને ગીતની સાથે તેમના પગ હલાવતાં કે ડોકું હલાવતાં જોયાં.

તમિલિયનો સારા અને ખરાબ સિંગર વચ્ચેનો ભેદ પારખી શકે છે, જેમ કે પંજાબીઓ સારા અને ખરાબ બટર ચિકન વચ્ચેનો ભેદ પારખી શકે છે. ઑડિયન્સમાં કોઈ નિરાશ થયેલું જણાતું ન હતું.

આઘાતમાંથી બહાર આવ્યા પછી અનન્યાના પિતાએ પૂછયું, 'રાધા અહીં કેવી રીતે આવી?'

'દેખીતી રીતે જ ક્રિશે આ બધું ગોઠવ્યું, ડૅડ. તમને ખબર ન પડી?' અનન્યાએ કહ્યું.

'એણે મને તો ક્યારેય વાત નથી કરી.' અંકલે કહ્યું, પરંતુ તેમની આંખોમાં ગૌરવની ચમક હતી.

'મૉમ કેટલું સારું ગાય છે.' અનન્યાએ મંજુને કહ્યું, તેણે હા પાડી અને વેઈટરે તેની સામે ધરેલા નાસ્તા તરફ હાથ લંબાવ્યો.

અનન્યા મારી તરફ સહેજ ઝૂકી અને મારા ગાલ ઉપર કિસ કરી. તેના પિતાનું ધ્યાન ગયું નહીં કેમ કે તેમની નજર સ્ટેજ ઉપર ચોંટી ગઈ હતી. કેટલાક એજન્ટ્સનું ધ્યાન ગયું અને મેં મૂંઝવણમાં તેમની સામે સ્મિત કર્યું.

'અનન્યા, આ ઑફિસનો કાર્યક્રમ છે.' હું ધીમેથી બોલ્યો.

'અફકોર્સ, તેથી તો મારી મૉમ સ્ટેજ ઉપર છે.' એમ કહીને તેણે તેના પગથી મારા પગને સ્પર્શવાનું શરૂ કર્યું.

તેની મૉમે રજનીની ફિલ્મનું લેટેસ્ટ તમિલ હિટ ગીત પણ ગાયું.

ઑડિયન્સની ઉત્તેજના એકદમ વધી ગઈ. આ ગીત ધીમી ગરબી જેવું હતું અને ઘણા બધા વૉઈસ મૉડયુલેશનની જરૂર હતી. અનન્યાની મૉમે બહુ જટિલ આરોહ- અવરોહ સાથે ગાવા માંડયું ત્યારે ઑડિયન્સે તાળીઓનો ગડગડાટ ચાલુ રાખ્યો.

અનન્યાની માતાએ આઠમા સ્વરનો ગાળો એક જ સૂરમાં ગાતાં, અનન્યાના પિતા ઝૂમી

ઊઠયા, ‘વાહ, બહુ સરસ!’

અનન્યાની મૉમે તેમનાં ગીતો પૂરાં કરતાં પહેલાં બીજાં ચાર ગીત ગાયાં. દરેક ગીતને અંતે જબરદસ્ત તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લેવાયાં.

સ્મિતા ફરીથી સ્ટેજ ઉપર આવી.

‘ધેટ વૉઝ વન્ડરફૂલ, રાધા. ઍન્ડ બીફોર યુ લિવ, આઈ વુડ લાઈક ટુ ઈન્વાઈટ ધી નેકસ્ટ સિંગર. મિ. એસ. પી. બાલાસુબ્રમણ્યમ, જેઓ આપના વિશે કંઈ કહેવા માગે છે.’

ઑડિયન્સ ઊભું થઈ ગયું અને સાઉથ ઈન્ડિયાના આ મહાન ગાયક સ્ટેજ ઉપર આવતાં તાળીઓના જબરદસ્ત ગડગડાટથી તેમને વધાવી લીધા. રાધા આન્ટીએ હાથ જોડી તેમને વંદન કર્યાં.

એસ.પી.એ કહ્યું, ‘ગુડ ઈવનિંગ ચેન્નાઈ, ઍન્ડ થૅંક્યુ સિટી બૅન્ક. હું શરૂ કરું તે પહેલાં, અદ્ભુત ગાયન માટે રાધાની પ્રશંસા કરવા માગું છું. ગીતો બહુ લોકપ્રિય હતાં, પરંતુ મેં જોયું કે રાધા એક મજબૂત ક્લાસિકલ બેઝ ધરાવે છે. રાધા, તમે અવારનવાર ગાઓ છો?’

‘ના. આજે પહેલી વાર.’

‘સરસ, તમારે વધુ ને વધુ ગાવું જોઈએ. ખરુંને, ચેન્નાઈ?’

દરેકે આ વાતના સમર્થનમાં તેમનાં ટેબલ થપથપાવ્યાં.

મૉમે નમીને સૌને વંદન કર્યાં.

ત્યારે તેમની આંખમાં હર્ષનાં આંસુ હતાં.

‘તો તમે ભવિષ્યમાં ગાશો ને?’ એસ.પી.એ કહ્યું અને માઈક રાધા તરફ ધર્યું.

‘હા, જરૂર ગાઈશ. સર, હું એવું પણ કહીશ કે આજનો દિવસ મારા જીવનનો સૌથી વધુ આનંદનો દિવસ છે. મને આપની સાથે સ્ટેજ ઉપર કાર્યક્રમ આપવાની તક મળી.’

ઑડિયન્સે તાળીઓનો ગડગડાટ કર્યો. રાધા આન્ટી સ્ટેજ ઉપરથી ઊતરી રહ્યાં હતાં ત્યારે તેમની આંખોમાં આંસુ હતાં.

‘અને હું માનતી હતી કે હું જે દિવસે જન્મી તે તેના સૌથી વધુ આનંદનો દિવસ હતો.’ તાળીઓ પાડવાનું ચાલુ રાખતાં અનન્યા બોલી.

તે સાંજે ઑડિયન્સ ઉપર એસ.પી. અને હરિહરનનો જાદુ છવાઈ ગયો. દરેક વ્યક્તિ માટે મુખ્ય કાર્યક્રમ હવે શરૂ થઈ રહ્યો હતો. પણ મારા અને અનન્યાના કુટુંબ માટે મુખ્ય કાર્યક્રમ પૂરો થઈ ગયો હતો.

દસ મિનિટ પછી અનન્યાનાં મૉમ અમારી સાથે ટેબલ ઉપર જોડાયાં.

બાજુના ટેબલ ઉપરની એક મહિલાએ અનન્યાનાં મૉમને કહ્યું, ‘તમે બહુ સરસ ગાયું.’

અનન્યાના પિતાએ તેમની પત્ની સામે તીરછી નજરે જોયું. એસ.પી.એ ‘એક દૂજે કે લિયે’નું ‘તેરે મેરે બીચ મેં’ ગાયું. મેં અનન્યા સામે જોયું. અમારો સંઘર્ષ તે ફિલ્મની વાર્તાને મળતો આવતો હતો. મેં એટલી જ પ્રાર્થના કરી કે અમારો અંત તે ફિલ્મની પરાકાષ્ઠા જેવો ન આવે.

કૉન્સર્ટના એક કલાક બાદ બાલા મારા ટેબલ પાસે આવ્યા.

‘ક્રિશ, મારી સાથે આવ. હું તને વિખ્યાત જવેલર મિ. મુરુગપ્પા સાથે મળાવવા માગું છું.’ બાલાએ કહ્યું.

‘શું?’ મેં કહ્યું.

‘તે દસ કરોડનું એકાઉન્ટ ખોલાવવા માગે છે. તેને સિટી વિશે કેટલીક ધમાકેદાર વાતો કર ને, મારે અનિલને ઍરપૉર્ટ મૂકવા જવાનું છે.’

‘સર, મારા મહેમાન આવ્યા છે.’ મેં કહ્યું અને અનન્યાનું ધ્યાન મારી દ્વિધા ઉપર ગયું.

‘કંઈ વાંધો નહીં. અમે સંભાળી લઈશું. ડિનર ત્યાં છે, ખરું ને?’ અનન્યાએ કહ્યું.

‘ઓહ, તો તે આ મહેમાન છે?’ બાલાએ કહ્યું અને તે અનન્યા તરફ વળ્યા.

‘તમિલ તેરિયા?’

‘આપણે જઈએ, બાલા.’ મેં કહ્યું.

હું જાડિયા, આનંદી, પચાસ વર્ષના મિ. મુરુગપ્પાને મળ્યો.

'પંજાબી? તમિલ ઈલ્લે?' તેમણે કહ્યું અને મને તેમનું કાર્ડ આપ્યું.

'ના. તો તમે જ્વેલરી કિંગ છો?'

'વ્હૉટ કિંગ? એમ્પેરર! અમે ચેન્નાઈમાં સૌથી મોટા છીએ.'

'સર, આપના એકાઉન્ટ અંગે...' આટલું બોલતાં જ મારી નજર અનન્યાના ફૅમિલી ઉપર પડી. તેઓ હસતાં હસતાં ડિનર લઈ રહ્યાં'તાં.

ઘણાં બધાં લોકોએ આવીને અનન્યાનાં મૉમને અભિનંદન આપ્યા.

મારા માટે હવે સમય પાકી ગયો હતો.

'મિ. મુરુગપ્પા, હકીકતમાં તો મારે મારા પોતાના માટે થોડીક જ્વેલરી જોઈશે.' મેં કહ્યું અને તેમને ડિનર ટેબલ તરફ લઈ ગયો.

૪૦

'અરે, મારી વાત માન. તે દિવસ પછી તો તે જાણે કે કોઈક બીજા જ ગ્રહ ઉપર રહેતી હોય તેવું થઈ ગયું છે. તેનો આભાર માનવા ડિનરની કોઈ જરૂર નથી.' અનન્યાએ ફોન ઉપર કહ્યું. અમે પોતપોતાની ઑફિસમાં હતા. મેં અનન્યાના ફૅમિલીને ડિનર માટે નિમંત્રણ આપ્યું હતું.

'પણ અમે કૉન્સર્ટ માટે તેમને કોઈ પૈસા પણ આપ્યા નથી. મારે આટલું કરવું જ જોઈએ.' મેં કહ્યું.

'તેં ઘણું બધું કર્યું છે.' અનન્યાએ કહ્યું.

'ટ્રસ્ટ મી, ઈટ્સ ઈમ્પોર્ટન્ટ.' મેં કહ્યું.

'રિયલી?'

'આવતા શુક્રવારે રેઈનટ્રી ખાતે તમે પહોંચશો ત્યારે તમને ખબર પડી જશે. આઠ વાગે મળીએ.' મેં કહ્યું.

રેઈનટ્રી રેસ્ટોરન્ટ, અન્ના સલાઈની પાછળના બિન્ની રોડ ઉપર તાજ કોનેમારા હોટલમાં આવેલી છે. આ આઉટડૉર રેસ્ટોરન્ટ તેના નામનાં જ વૃક્ષોના છત હેઠળ આવેલી છે. આ વૃક્ષોની ડાળીઓ ઉપર લાઈટ્સ ઝગમગે છે અને ટેબલ્સ ઉપર કેન્ડલ લાઈટ્સ. એમૅથિસ્ટ સિવાય પણ શહેરમાં આ એક બીજી સારી જગ્યા છે.

હું મારા ગરમ ખિસ્સા અને અનન્યાના ફૅમિલી સાથે આઉટડૉર ટેબલ ઉપર બેઠો.

'આ તો બહુ સરસ જગ્યા છે.' અનન્યાએ નાનકડી લાઈટ્સ સામે જોતાં કહ્યું. તેણે વ્હાઈટ ડ્રેસ પહેર્યો હતો અને તેના ઉપર લગાડેલાં ટિક્કા આ આછા અંધકારમાં ઝગમગતાં હતાં.

'તમે અહીં પહેલાં ક્યારેય આવ્યાં છો?' મેં કહ્યું.

'ના, અમે નથી આવ્યાં. ખરું ને, ડૅડ?'

અંકલે ડોકું ધુણાવ્યું અને અમારી આજુબાજુ રહેલી હરિયાળીની પ્રશંસા કરી. એક વેઈટરે અમને ફ્રેશ મિન્ટ સાથેના કોકોનટ વૉટરનું વેલકમ ડ્રિન્ક આપ્યું. તેણે અમારા ટેબલ ઉપર મેનુ કાર્ડ મૂક્યાં. આ રેસ્ટોરન્ટની સ્પેશિયાલિટી ચેટ્ટીવાડ ફૂડની છે અને આ નામ તમિલનાડુની દક્ષિણના એક ધર્મ ઉપરથી પડયું છે. અહીંની વાનગીઓ તીખા તમતમતા મસાલા અને તેની લહેજત માટે તેમ જ બિનશાકાહારી વાનગીઓની એક વિશાળ શૃંખલા માટે જાણીતી છે.

'સર, કોકટેલ માટે હું કોઠામલ્લી મૅરી સૂચવું છું.' વેઈટરે કહ્યું.

'કોઠા-વ્હૉટ?' મેં પૂછયું.

'તે બ્લડી મૅરી જેવું છે, સર. ટોમેટો જ્યૂસ અને વૉડકા, પણ ચેટ્ટિનાડ સ્પાઈસીસ સાથે.'

મેં અંકલ સામે જોયું. તેઓ તેમની પત્નીની હાજરીમાં આલ્કોહૉલ માટે સંમતિ દર્શાવવામાં સંકોચ અનુભવતા હતા.

'મારે માટે એક.' અનન્યાએ કહ્યું.

અનન્યાની મૉમે તેની સામે વેધક નજરે જોયું.

'કમઑન, જસ્ટ વન કોકટેલ.' અનન્યાએ કહ્યું.

મેં મેનુ ખોલ્યું. જીભ વાંકી વળી જાય તેવાં ડીશનાં નામો હું બોલી શક્યો નહીં. સ્પેશિયલ્સમાં કુરુવાપિલ્લાઈ ચેરા અને કોઝી મેલાગુ ચેટ્ટિનાડનો સમાવેશ થતો હતો. મેં બાકીની વાનગીઓ વાંચવાની તસ્દી લીધી નહીં.

'આ ફૂડ વિશે તમને વધારે ખબર છે, પ્લીઝ ઑર્ડર.' મેં કહ્યું.

અનન્યાનાં પૅરન્ટ્સે ઘણી વાર મેનુ ઉથલાવ્યું.

'આ તો બહુ મોંઘું છે. અનન્યાની મૉમે કહ્યું.

'વાંધો નહીં.' મેં કહ્યું, 'અનન્યા, પ્લીઝ.'

અનન્યાએ મેનુ લીધું અને દરેક માટે ઑર્ડર આપ્યો. અમે કોઝાકટ્ટાઈ, મસાલા પાનિયરમ, ખડિફૂડ, કંધારપ્પમ, સિયમ અને અથિરસમ ઑર્ડર કર્યાં. અલબત્ત, આ બધી ડીશમાં શું આવે છે તે વિશે મને કંઇ ગતાગમ ન હતી, પરંતુ મને એમ લાગ્યું કે છેવટે તેમાંથી એકાદી વસ્તુ તો ખાઈ શકાય તેવી હશે. વેઈટરે એવું સૂચવ્યું કે અમે ઈડિયાપ્પમ ઑર્ડર કરીએ જે પંખીના માળાની જેમ ગોઠવેલા રાઈસ નૂડલ્સથી બનાવેલી વાનગી છે.

'મંજુ, IITની તૈયારી કેવી ચાલે છે?' વેઈટરના ગયા પછી મેં પૂછયું.

'સરસ. માયલાપોર મૉક IIT ટેસ્ટમાં મારો દસમો નંબર આવ્યો.' મંજુએ કહ્યું.

મેં ડોકું ધુણાવ્યું, 'આન્ટી, બીજી કોઇ ગાવાની ઑફર?' મેં આન્ટીને કહ્યું.

આન્ટી મલકાયાં, 'મને મૂંઝવશો નહીં, પરંતુ મને એક બીજા ગુરુજી મળ્યા છે, જે કર્ણાટકી સંગીતનો મૉડર્ન એપ્રોચ ધરાવે છે.'

હું અનન્યાના ડૅડ તરફ વળ્યો, 'અંકલ, બૅન્કમાં કેવું છે?'

'સરસ. તમારા પ્રેઝન્ટેશનની હજુ વાતો થાય છે.'

ખાવાનું આવી ગયું હતું. સ્પાઈસી, ટેન્જી અને સ્વાદિષ્ટ.

'આ તો બહુ મસ્ત છે.' ઇડલીના વઘારવાળી સ્વાદિષ્ટ કુઝિન અને બૉલ આકારની વાનગી મસાલા પાનિયરમ ખાતાં મેં કહ્યું.

રેઈનટ્રીનો સ્ટાફ દસ ચટણી સાથેની એક ટ્રોલી લઈ આવ્યો. તેમાંથી જે પસંદ કરવી હોય તે કરો.

'હું સોગંદથી કહું છું. દિલ્હીએ આ ટેસ્ટ કરવાની જરૂર છે. આપણે હજી પનીર મસાલા ઢોસા ખાધા નથી.' મેં કહ્યું અને મેં ઈડિયપ્પમ સાથે ટૉમેટો ટેમેરિન્ડ કરીનો ચમચો ભર્યો.

'તમને ભાવ્યું? હું તો ઘરે બનાવું છું.' અનન્યાની મૉમે કહ્યું.

મને લાગ્યું કે યોગ્ય ક્ષણ નજીક આવી રહી છે. મેં મારી જાતને કહ્યું, કદાચ ડેઝર્ટ વખતે. અમે ડેઝર્ટ મેનુ ઉપર નજર નાખી. અનન્યાના ડૅડે કોકોનટ આઇસક્રીમ પસંદ કર્યો. સાઉથ ઈન્ડિયન્સમાં આ ફળ પ્રત્યેનો ઊંડો પ્રેમ સમજી ન શકાય તેવો છે. આશ્ચર્યની વાત એ હતી કે આઈસક્રીમ ખરેખર લીલા નાળિયેરના કોચલામાં આવ્યો.

'સુપર્બ.' અનન્યાના ડૅડે કહ્યું. મેં તેને આગળ વધવાનું સિગ્નલ ગણ્યું.

'મારે કેટલીક અગત્યની વાત કરવી છે.' મેં કહ્યું.

અનન્યાના ડૅડે તેમના આઈસક્રીમ ઉપરથી નજર ખસેડીને ઉપર જોયું.

'જો તમને વાંધો ન હોય તો!' મેં સુધારો કર્યો.

અંકલે ડોકું ધુણાવ્યું. અનન્યાનાં મૉમે અનન્યા અને મારી સામે જોયું.

'મંજુ, તું પણ.' મેં કહ્યું. તેણે તેનો ચહેરો આઈસક્રીમની એટલી નજીક રાખ્યો હતો કે તેનાં ચશ્માં ઉપર આઈસક્રીમ લાગ્યો હતો.

બધાનું ધ્યાન મારી તરફ હતું, 'હાય.' મેં મારું ગળું ખોંખારી લીધું, 'અંકલ, આન્ટી, મંજુ, હું અહીં છ મહિના પહેલાં આવ્યો. મારા પહેલા પોસ્ટિંગ તરીકે મેં ચેન્નાઇ કેમ પસંદ કર્યું તે કોઇ છાની વાત નથી. જોકે હું અહીં કાયમ માટે તો રહી શકું નહીં. હું અનન્યાને લગભગ ત્રણ વર્ષ પહેલાં

મળ્યો હતો અને અમારાં સૌથી પહેલા ઝઘડા સિવાય, તે દિવસથી દરરોજ મેં તેને ચાહી છે.'

અનન્યાએ ટેબલની નીચેથી મારો હાથ તેના હાથમાં લીધો.

'અને અમને લાગ્યું છે કે અમારો આ પ્રેમ અમારાં લગ્ન માટે પૂરતું કારણ છે. અમે એવું વિચાર્યું હતું કે કૉન્વોકેશન વખતે અમારાં પૅરન્ટ્સ એકબીજાંને મળશે અને બધું ગોઠવાઈ જશે. ખેર, એવું કંઈ થયું નહીં.'

વેઈટર આઈસક્રીમની પ્લેટ્સ લેવા આવ્યો. મેં તેને પાંચ મિનિટ પછી આવવા કહ્યું.

'અમે નાસી જઈ શક્યાં હોત. અમે અમારા નિર્ણય તમારા ઉપર લાદી શક્યા હોત. જોકે, અનન્યાએ મને કહ્યું કે, અમારાં લગ્નના દિવસે અમારાં બંનેનાં માતાપિતા હસતાં હોય એવું તેનું સ્વપ્ન છે અને તેથી હું એ જાણવા માગું છું કે અમે તેમ કરી શકીએ કે કેમ? ઉપરાંત હું એવું નથી માનતો કે અમે એવું કંઈ ખોટું કર્યું છે કે અમારે નાસી જવું જોઈએ.'

અનન્યાનાં માતાપિતાએ ભયાનક મૌન જાળવ્યું. કાં તો તેઓ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યાં હતાં અથવા તો આઈસક્રીમ વધારે પડતો ઠંડો હતો.

'અને હું જ્યારથી ચેન્નાઈ આવ્યો છું, મને તમારા દ્વારા સ્વીકારવામાં આવે એવો મેં સતત પ્રયત્ન કર્યો છે. તમે મને હરીશના જેટલો પ્રેમ કરો એવી તો હું અપેક્ષા રાખતો નથી, પણ છેવટે તમે મને સ્વીકારી તો શકો.'

અનન્યાની મૉમ કંઈક કહેવા માગતાં હતાં. મેં તેમને રાહ જોવા ઈશારો કર્યો, 'અને જો તમે મને પ્રેમ ન કરો, તો તમે મને માત્ર સહન કરો તેવું હું ઈચ્છતો નથી. આ બેની વચ્ચે હું મને સ્વીકારવા વિશેની વાત કરી રહ્યો છું.' મેં મારો જમણો હાથ મારા ટ્રાઉઝરના પૉકેટમાં નાખ્યો અને ચાર નાનાં બૉક્સ પકડી રાખ્યાં.

'આ બધી બાબતો ધ્યાનમાં રાખીને, તમારી દીકરીની ખુશી ધ્યાનમાં રાખીને અને તમે મને જે જાણો છો તે રીતે...' મેં કહ્યું અને હું શ્વાસ લેવા અટક્યો. મેં ચાર નાનાં લાલ બૉક્સ કાઢયાં અને ટેબલ ઉપર મૂક્યાં. આ બધાં બૉક્સની ઉપર 'મુરુગપ્પા જ્વેલર્સ' લખેલું હતું. દરેકમાં સોનાની એક વીંટી હતી. હું મારી ખુરશીમાંથી ઊભો થયો અને જમીન ઉપર ઘૂંટણિયે પડયો.

'હું, ક્રિશ મલ્હોત્રા, તમને સૌને પ્રપોઝ કરું છું. શું તમે સૌ મારી સાથે લગ્ન કરશો?' મેં કહ્યું અને ચાર બૉક્સ મારી હથેળીમાં રાખ્યાં.

અનન્યાનાં માતાપિતા વારાફરતી મારી અને અનન્યાની સામે જોઈ રહ્યાં. મંજુનું મોં ખુલ્લું હતું અને અંદર કોકોનટ આઈસક્રીમ દેખાતો હતો.

અનન્યાના પિતાએ શું કરવું તે રીતનો ઈશારો અનન્યાને કર્યો.

'મૉમ અને ડેડ, તમારા પછી...' અનન્યાએ કહ્યું, 'અને મંજુ, તું પણ.' મંજુએ તેનું બૉક્સ ઉપાડયું, 'રિયલ ગોલ્ડ?' તેણે પૂછયું.

મેં હા પાડી.

'ઓરમ, એટમિક નંબર સેવન્ટી-નાઈન.' મંજુએ કહ્યું અને વીંટી તેના હાથમાં પકડી.

'અંકલ?' મેં ધીમેથી કહ્યું, હવે કોંક્રીટ ફ્લૉરને લીધે મારા ઘૂંટણે મને દુઃખવા લાગ્યું હતું.

'જો તમે મારી દીકરીનું ધ્યાન રાખવાનું વચન આપતા હો તો...' અનન્યાના ડૅડે કહ્યું, 'તો મારા તરફથી હા છે.' સહેજ આગળ તરફ ઝૂકી તેમણે તેમનું બૉક્સ ઉપાડયું.

'થૅંક્સ ડૅડ.' અનન્યાએ તેના ડૅડને ભેટીને કહ્યું, 'આઈ લવ યુ.'

તેમણે તેના માથા ઉપર હાથ મૂકીને આશીર્વાદ આપ્યા.

અનન્યાની મૉમે કહ્યું, 'એવું નથી કે તમે અમને ગમતા નથી, પણ અમારો સમાજ...'

'મૉમ, કમઑન.' અનન્યાએ તેમને વચ્ચે જ અટકાવ્યાં.

અનન્યાની મૉમે જવાબ આપવામાં એક મિનિટ લગાડી, 'મને ખબર છે કે એ તારું ધ્યાન રાખશે, પરંતુ શું ક્રિશનાં માતાપિતા મારી દીકરીનું માન રાખશે?'

'અમે તેનું પણ કંઈક ગોઠવી કાઢીશું.' મેં કહ્યું અને હું એ બાબતથી સજાગ હતો કે દિલ્હીમાં એક વધુ પડકારનો મારે સામનો કરવાનો છે, 'જો તેઓ તેનું માન રાખે તો?'

'તો મારા તરફથી હા છે.' અનન્યાની મૉમે કહ્યું.

'યા!' અનન્યાએ હર્ષથી ચિચિયારી પાડી. આન્ટીએ તેમની વીંટી લીધી. અને અનન્યાએ તેની મૉમના કપાળે કિસ કરી.

'અક્કા, તેં તારી વીંટી લીધી નથી.' મંજુએ કહ્યું ત્યારે મા-દીકરી વચ્ચે પ્રેમભાવ ચાલુ હતો. જ્યારે તેઓ એકબીજાંથી છૂટાં પડયાં, ત્યારે બંનેની આંખમાં આંસુ હતાં.

'ઓહ, અફકોર્સ, ક્યાં છે મારી વીંટી?' અનન્યાએ તેની વીંટી ઉપાડી.

હું મારી સીટ ઉપર પાછો બેસી ગયો.

'સર, તમને ભોજન લેવાની મજા પડી ને?' વેઈટરે પ્લેટ્સ ઉપાડતાં પૂછયું.

'અરે, ચોક્કસ.' મેં કહ્યું અને તે રાત્રે જે બિલ થયું હતું તેના કરતાં પણ મેં તેને વધારે ટિપ આપી.

૪૧

'આઈ વિલ મિસ યુ.' ઑફિસમાં મને ટ્રાન્સફર પેપર્સ આપતાં બાલા બોલ્યા.

'હું ઈચ્છું કે હું પણ એવું કહી શકું.' મેં કહ્યું. બાલાનું મોં ઢીલું પડી ગયું, 'હું તો મજાક કરતો હતો, ચિયર અપ. હવે તમને બ્લેકમેલ કરનાર કોઈ નહીં હોય.' મેં કહ્યું.

બાલા આ જ કારણસર અનિલ માથુરને મારી ભલામણ કરવા તૈયાર થયા હતા. દિલ્હી મારી ટ્રાન્સફરનો અમલ થવામાં બે મહિના લાગ્યા. હું બહુ જલદી ઘરે જવા માગતો હતો. છેવટે તો ચેન્નાઈ ખાતેનું મારું કામ પૂરું થઈ ગયું હતું. અલબત્ત, અમારે હજુ થોડાક વધુ જંગ જીતવાના બાકી હતા. અનન્યાએ પૂરી તાકાતથી પંજાબીપણાનો મુકાબલો કરવાનો હતો. જોકે જીવનમાં એક સમયે એક જ આપત્તિનો સામનો શ્રેષ્ઠ રીતે થઈ શકે છે.

'ઑપરેશન દિલ્હી' બહુ ઝડપથી પતાવવાનું હતું. અનન્યાએ તેના સાહેબોને એક અઠવાડિયા માટે તેને દિલ્હી મોકલવા માટે મનાવી લીધા હતા. અનન્યાએ એવી દલીલ કરી હતી કે છેવટે તો HLLના દરેક મૅનેજરને નૉર્થ ઈન્ડિયાનો ખ્યાલ હોવો જોઈએ. અનન્યાનાં મૉમ-ડૅડ અમને મૂકવા ઍરપૉર્ટ આવ્યાં હતાં. છોકરીઓની મશ્કરી કરવા બાબતે દિલ્હી માટે વિશ્વવ્યાપી પાટનગરના બિરુદને લીધે અનન્યાનાં મૉમ દિલ્હી અંગે ચિંતામાં હતાં.

'મૉમ, HLLનું ગેસ્ટહાઉસ સલામત છે. હું બહુ બહાર નીકળવાની જ નથી.' અનન્યાએ કહ્યું.

અનન્યાના ડૅડને જુદી જ ચિંતા હતી, 'યાદ રાખજો, અમે હા પાડી છે, પરંતુ હજુ તેં લગ્ન કર્યાં નથી. અમને મૂંઝવણમાં ન મૂકતાં.' અંકલે મને કહ્યું અને અમને ગૂડબાય કર્યું.

'અફકોર્સ, અંકલ.' મેં કહ્યું અને તે શું કહેવા માગતા હતા તે સમજવાનો પ્રયત્ન કર્યો. 'નો સેક્સ', એવું મારું માનવું હતું.

અનન્યા અને હું ટર્મિનલમાં અંદર ગયાં. તેનાં પૅરન્ટ્સ દેખાવાના બંધ થયાં કે તેણે મારો હાથ પકડી લીધો. અમારી ફ્લાઈટ ઊડી. મેં અનન્યાને હવે પછીનું સ્ટેજ – 'ઑપરેશન દિલ્હી' સમજાવવા મારી નોટબૂક કાઢી.

'એટલે કે મારે તારી મૉમની દરેક વાતમાં, તે જે કંઈ કહે તેમાં સંમત થવાનું છે.' ઉડ્ડયનની વીસ મિનિટ બાદ, આકાશમાં ત્રીસ હજાર ફૂટની ઊંચાઈએ અનન્યાએ કહ્યું. વિમાન તકલીફવાળા વાતાવરણમાંથી પસાર થયું.

'તારે ક્યારેય અસંમત નથી થવાનું.' મેં કહ્યું અને મારો સીટ બેલ્ટ બાંધ્યો, 'અને તારી ટ્રીપનો આ સમય સૌથી સારો છે. આવતા અઠવાડિયે મારી કઝીન સિસ્ટર મિન્ટિનાં લગ્ન છે. તારે લગ્નમાં આવવાનું છે, બધાંને મળવાનું છે, ઓ.કે?'

અનન્યાએ મારો હાથ જોરથી પકડવા આર્મરેસ્ટ ઊંચું કર્યું, 'મને ખાતરી છે કે તારી સાથે હું ખુશ જ રહીશ.'

'જો, તારે મારી મૉમનું દિલ જીતી લેવાનું છે. મારા ડૅડ તો ક્યારેય તૈયાર નહીં થાય, તેથી તે તો આ ઑપરેશનનો ભાગ જ નથી. મૉમને ખુશ કરી દેજે. OK?'

'આર્મરેસ્ટ નીચું કરો, આ સલામત નથી.' ફ્લાઈટ એટેન્ડન્ટે કડક અવાજે કહ્યું.

જ્યારે તમે યુગલ પૈકીના એક હો ત્યારે બહારની દુનિયા માટે તમારી લાગણીઓ કેટલી ઘેલી છે તેનો તમને ખ્યાલ નથી આવતો.

'તે તેના મનમાં સમજે છે શું?' અનન્યા ભડકી.

'કોણ, મારી મૉમ?'

'અરે, ના, આ ઍરહૉસ્ટેસ. આ જાડી જાડી લાલ લિપસ્ટિકવાળી? તે ફ્લાઈટ એટેન્ડન્ટ છે કે પછી આઈટમ ગર્લ?'

મને એ સમજાતું નથી કે શા માટે સ્ત્રીઓને બીજી સ્ત્રીઓના દેખાવ વિશે ટિપ્પણી કરવાનું ગમે છે. મેં ક્યારેય ફ્લાઈટમાં મારી જોડે જ બેઠેલા નસકોરાં બોલાવતા ટાલિયાની નોંધ લીધી નથી.

'ધ્યાન રાખજે અનન્યા, અહીં તારે પંજાબી સાસુ સાથે પનારો પાડવાનો છે. તેં આવું ક્યારેય જોયું નહીં હોય.' મેં કહ્યું.

'મારાથી રાહ નથી જોવાતી.' અનન્યાએ કહ્યું, તેના મોંમાંથી ઍરહૉસ્ટેસની લિપસ્ટિકની જેમ કટાક્ષ ટપકી રહ્યો હતો.

એક્ટ-૪
દિલ્હીમાં તમારું સ્વાગત છે

'મારી કોણી ઉપરથી હાથ લઈ લે.' મેં કહ્યું.

'કેમ?' અનન્યાએ કહ્યું.

'મારી મૉમ આવી રહી છે.'

મૉમ ઍરાઈવલ્સ એરિયામાં રાહ જોતી ઊભી હતી. પંજાબી નામવાળા પ્લેકાર્ડ્સ પકડીને ઊભેલા દસ હજાર ડ્રાઈવર્સની વચ્ચે તે ઊભી હતી. હવે અહીં કોઈ બૅન્કર્સ અને રામાસ્વામીઓ ન હતા, બધા જ અરોરાઓ અને ખન્નાઓ હતા.

જ્યારે ચેન્નાઈ ઍરપૉર્ટ ઉપર લોકો ઊતરે છે ત્યારે તેઓ એકબીજા સામે સ્મિત કરે છે અને ધીમે રહીને કાર પાર્ક તરફ આગળ વધે છે. દિલ્હીમાં માણસ મરી જાય તેવી, એકબીજાને ભીંસમાં લેતી ભીડથી, ટ્રાફિક જામ થઈ જાય છે. મારી મૉમ મને જોરથી ભેટી અને તેણે આવું જાહેરમાં કર્યું હતું છતાં મને ગમ્યું. છેલ્લા છ મહિનાથી ચેન્નાઈમાં કોઈ મને આ રીતે ભેટયું ન હતું. (અલબત્ત, અનન્યા સિવાય, પણ તે આખી વાત જુદી છે.) અમે ઑટો સ્ટૅન્ડ તરફ ચાલ્યાં. અનન્યાએ મારી મૉમનું અભિવાદન કર્યું, પણ તેને ધ્યાનમાં લેવામાં આવ્યું ન હતું.

'તું જમ્યો?' મારી મૉમે મને સૌથી મહત્ત્વનો પ્રશ્ન પૂછ્યો.

મેં હા પાડી.

'તે લોકો ખાવા શું આપે છે?' મેં જોયું કે મૉમે અનન્યાની ધરાર અવગણના કરીને મારી સાથે વાત ચાલુ રાખી.

'પનીર મસાલા અને રાઈસ.' મેં કહ્યું, 'મૉમ, તું અનન્યાને પહેલાં મળી છે, યાદ છે ને?'

મારી મૉમે અનન્યા સામે બનાવટી સ્મિત કર્યું અને પાછી મારા તરફ વળી, 'રોટી નહીં?'

'મૉમ, અનન્યા તેના ઑફિસના કામ માટે એક અઠવાડિયા માટે દિલ્હી આવી છે.'

'તે ક્યાં રહેશે?' મારી મૉમે કહ્યું, તેના અવાજમાં ચિંતા હતી.

'કંપની ગેસ્ટહાઉસમાં.' અનન્યાએ કહ્યું.

'હા, પણ તે ત્યાં એક દિવસ પછી, સોમવારે જશે. મને લાગે છે કે તે વીકઍન્ડ માટે ઘરે આવે તો સારું રહેશે.'

'કોના ઘરે?' મારી મૉમે ચોંકી જતાં પૂછ્યું.

'આપણા ઘરે.' મેં કહ્યું. ઑટો સ્ટૅન્ડ ઉપર મેં ટ્રોલીમાંથી મારી બૅગ્સ ઉપાડી.

મારી મૉમ ચૂપ થઈ ગઈ. મેં પ્રિ-પેઈડ સ્ટૅન્ડ ઉપર પૈસા ચૂકવ્યા.

ઑટોમાં અમારી બૅગ્સ સાથે અમે જેમતેમ ગોઠવાયાં. હું વચ્ચે બેઠો, અનન્યા મારી જમણી બાજુ અને મૉમ મારી ડાબી બાજુ.

'મિન્ટિનાં લગ્નની બધી તૈયારી થઈ ગઈ?' મેં પૂછયું.

'મિન્ટિ તો એવા સરસ છોકરાને પરણવાની છે!' મારી મૉમે કહ્યું.

'ખરેખર? તે બહુ સારો છે?' મેં કહ્યું.

'અરે હા, બહુ સરસ દેખાય છે. દૂધ જેવો ગોરો.' મારી મૉમે કહ્યું.

'અને લગ્નનો ખર્ચો કેટલો હશે, તું શું માને છે?'

મેં ખભા ઉલાળ્યા.

'રજ્જીમામા ખાલી પાર્ટી આપવા જ પાંચ લાખ રૂપિયા વાપરવાના છે. ઉપરાંત લગ્ન માટે છોકરાને બહુ મોટી સરપ્રાઈઝ ગિફ્ટ આપવાના છે.'

'છોકરાનું નામ શું છે?' મેં કહ્યું.

અનન્યા આ વાતચીતમાં જોડાઈ નહીં. તે બહારનાં દૃશ્યો જોવા લાગી.

પવનથી તેના વાળ ઊડતા હતા અને તેના વાળની લટ મારા ચહેરા ઉપર છવાઈ ગઈ હતી.

'તેનું ખરું નામ તો હું ભૂલી ગઈ છું, પણ બધા તેને ડ્યૂક કહીને બોલાવે છે.'

'ડ્યૂક? બ્રિટિશ રૉયલ્ટી ડ્યૂક જેવું?' મેં કહ્યું.

'હા, તેણે ડોનેશન કૉલેજમાંથી એન્જિનિયરિંગ કર્યું છે. હવે તે ઍસ્કોર્ટ્સ સૉફ્ટવૅરમાં કામ કરે છે. તેનાં પૅરન્ટ્સ બહુ સારાં છે.' મારી મૉમે કહ્યું, 'દરેક પ્રસંગે એ લોકો તારા મામાજીને મળે તે વખતે કંઈ ને કંઈક મારા માટે લાવ્યા છે. તેમણે અત્યાર સુધીમાં મને ત્રણ સાડીઓ આપી છે.'

'બહુ કહેવાય.' મેં કહ્યું.

'એ લોકો કેવું માન આપે છે તે તારે જોવું જોઈએ. તે છોકરો જ્યારે પણ મને મળે છે, દર વખતે મને પગે લાગે છે.'

મેં ડોકું ધુણાવ્યું. હું આ વાત પૂરી કરવા માગતો હતો, પણ મારી મૉમ બરાબર ખીલ્યાં હતાં. 'મેં રજ્જીમામાને પૂછ્યું કે શા માટે આટલો બધો ખર્ચો કરો છો. તેમણે શું કહ્યું ખબર છે?'

'શું કહ્યું?' મેં પૂછયું.

તેમણે કહ્યું, 'દીદી, આજકાલ સારાં છોકરા ક્યાં મળે છે?' તેથી મેં કહ્યું, 'જો ડ્યૂકને આટલા મળતા હોય તો ક્રિશને શું મળશે?'

હું ચૂપ રહ્યો, છતાં મારી મૉમે ચાલુ રાખ્યું. તેમણે કહ્યું કે, 'જો ડ્યૂકનું બજેટ પાંચ લાખનું હોય તો તારું દસ લાખનું હોવું જોઈએ અને ગિફ્ટસ તો જુદી.'

'મારો ભાવ બોલાવવા બદલ આભાર.' મેં કહ્યું.

'હું તો અમસ્તી કહેતી હતી કે...' મૉમે કહ્યું.

બીજી પાંચ મિનિટ અમે મૌન રહ્યાં. સંકડાશને લીધે મારી મૉમ સહેજ ખસ્યાં.

'તારે કાર બોલાવવી હતી ને, હું પૈસા આપી દેત.' મેં કહ્યું.

'મને શું ખબર કે તું ચેન્નાઈથી આ વધારાનો સામાન લઈને આવવાનો છે.' મારી મૉમે કહ્યું.

* * *

મેં અનન્યાને ગેસ્ટરૂમ બતાવ્યો. તે ચૂપ રહી અને નવાં કપડાં લઈ તે બાથરૂમ તરફ જવા લાગી.

'એઈ, મારી મૉમ માટે આઈ એમ સૉરી. તે ગમે તેમ બોલે છે, પણ તેના મનમાં કંઈ નથી.'

'ખૂનીઓના મનમાં પણ કંઈ હોતું નથી. મને લાગે છે કે હું આવવાની છું તે તારે તેમને કહેવા જેવું હતું.' તેણે કહ્યું.

'મારે તેને સરપ્રાઈઝ આપવી હતી.' મેં કહ્યું.

'શું યાર...' અનન્યા બોલી અને તેણે મને ધક્કો મારીને રૂમની બહાર કાઢયો.

મારા ડૅડ બિઝનેસ મિટિંગ માટે ગયા હતા. જ્યારથી તેમણે આર્મી છોડયું ત્યારથી તેમણે જુદાં જુદાં સાહસો કરી જોયાં હતાં. તેમાં પ્રોપર્ટી ડીલરશિપથી માંડીને સિક્યોરિટી એજન્સી અને ફ્રેઈટ ફોરવર્ડિંગ એજન્સીનો સમાવેશ થતો હતો. એમાંનું કંઈ ચાલ્યું નહીં. તેમના કહેવા મુજબ બદમાશ ભાગીદારો અથવા તો ભ્રષ્ટ અધિકારીઓને લીધે તેમને નિષ્ફળતા મળી હતી. મારા માનવા મુજબ, તેમના ગુસ્સામાંથી અને આર્મી ઑફિસર હોવાના વહેમમાંથી બહાર આવવાની નિષ્ફળતાને લીધે આમ થયું હતું. જ્યારે તમને દરરોજ સો માણસો સલામ મારતા હોય તેની આદત પડી જાય ત્યાર પછી આ અભણ બિલ્ડરો સાથે કામ પાર પાડવાનું મુશ્કેલ બની જાય છે. જોકે મારા ડૅડ એક ઘોર નિષ્ફળતા ઉપરથી બીજી ઘોર નિષ્ફળતા સામે બાથ ભીડી રહ્યા હતા અને તેના પરિણામે મોટે ભાગે આખો વખત ઘરની બહાર રહેતા હતા. કોઈક તો એવી પણ વાત કરતું હતું કે ક્યાંક તેમની એક રખાત હતી, જોકે મને શંકા હતી કે અન્ય કોઈ સ્ત્રી આ માણસને કેવી રીતે સહન કરી શકે?

અનન્યા આવી ત્યારથી તે તેના રૂમમાંથી બહાર આવી ન હતી. મારી મૉમ સાંજે ૬ વાગ્યે વૉક પર ગઈ હતી.

'તું અંદર શું કરી રહી છે? બહાર આવ, મૉમ વૉક માટે ગઈ છે.' તેણે બારણું ખોલ્યું, તેનો ચહેરો હજુ પણ ઉદાસ હતો.

'ચલને જલસા કરીએ?' મેં તેની સામે આંખ મીંચકારી.

'મિસ્ટર મલ્હોત્રા, કોશિશ નહીં કરતા. હું હિંસક બની જઈશ.' તેણે મને ધક્કો માર્યો અને

લિવિંગ રૂમમાં આવી, ટીવી ચાલુ કર્યું.

'અનન્યા, આ શું રીત છે? તારે અહીં બધાંને તારાં કરી લેવાનાં છે.' મેં કહ્યું.

'સામાન્ય માણસનાં દિલ જીતી શકાય. મહેમાનોનું અપમાન કરનારા કઠોર, નિષ્ઠુર લોકોનાં નહીં.' તેણે કહ્યું.

'તો શું તું તે રૂમની અંદર જ રિસાઈને ભરાઈ રહીશ?' મેં ટીવી બંધ કર્યું.

'શું કરવું તે મને સમજ પડતી નથી.' તેણે કહ્યું.

'જો તું મારી વાત સાંભળીશ તો તું તેને સમજાવી શકીશ.'

'હું સાંભળું જ છું.' તેણે શુષ્કતાથી કહ્યું.

'ડિનર.' મેં કહ્યું.

'શું ડિનર? તમે લોકો ખાવા સિવાય બીજા કશાની વાત કરો છો ખરા? પેલું શું હતું જ્યારે તારી મૉમે પૂછ્યું, પ્લેનમાં ખાવાનું શું આવ્યું હતું? તું જેવો પ્લેનમાંથી ઊતર્યો કે સૌથી પહેલા તને આ પૂછવામાં આવ્યું હતું.'

મેં ફ્રીઝ ખોલ્યું અને બે ફ્રૂટી કાઢી. મેં એક તેને આપી.

'તે ચાલીને પાછી આવશે અને ડિનર તૈયાર કરશે. તું તેને મદદ કરવાની ઑફર કરજે. વાત કરવાની તે એક સારી શરૂઆત થશે.'

'તેમને મદદ કરું?' તેણે જરૂર કરતાં વધારે બળથી ફ્રૂટીના ખોખામાં સ્ટ્રૉ નાખી.

'જેમ કે તું એકાદ-બે ડીશ બનાવ અથવા તો જો તારે તેને એકદમ ખુશ કરી દેવી હોય તો આજે રાત્રે ડિનર તું જ બનાવ.'

'શું? તું ગાંડો થઈ ગયો છે? મેં ક્યારેય ડિનર બનાવ્યું નથી.'

'ખરેખર?' મેં ગડગડાટ અવાજ સાથે મારું ડ્રિન્ક પીધું.

'ખરેખર, એવું નાટક ન કર. તું ક્યારેય રાંધવાનું શીખ્યો છે?'

'ના. પણ હું આખો વખત ભણ્યા કરતો હતો.'

'હું પણ IIMAમાં ભણી છું.'

'હા, એ ખરું, પણ...' મેં કહ્યું અને હું અટક્યો.

'હા, પણ શું? હું છોકરી છું તેથી જ આ મોંકાણ ને? રસોડું એ બાજુ છે.' તેણે કહ્યું અને ટેબલ ઉપર ફ્રૂટીનું કાર્ટન ફેંક્યું.

'અનન્યા, હું તને મારી મૉમનું દિલ જીતવાના ઉપાયો બતાવી રહ્યો છું. તેં તો કહ્યું હતું કે એના માટે તારે જે કંઈ પણ કરવું પડે તે તું કરીશ.'

'ફાઈન, મને બીજી ફ્રૂટી મળશે? મારી પતી ગઈ છે.'

મેં અનન્યાને બીજું ટેટ્રાપેક આપ્યું. ડૉરબૅલ વાગ્યો. અનન્યા તેના રૂમમાં જવા ઊભી થઈ.

'અહીં જ બેસ.' મેં કહ્યું અને મેં બારણું ખોલ્યું.

૪૩

મારી મૉમ પ્લાસ્ટિકની પૂરી બે બૅગ ભરીને સબ્જી સાથે પાછી આવી. મેં તેને તે રસોડામાં મૂકવામાં મદદ કરી. તેણે સબ્જી અંદર મૂકવા માટે ફ્રીઝ ખોલ્યું.

'ફ્રૂટી કોણે પીધી?' મારી મૉમે પૂછ્યું.

'મેં એક પીધી. અનન્યાએ પણ પીધી.'

'ત્રણ ફ્રૂટી ઓછી છે. તેણે બે પીધી?' તેણે કહ્યું.

હું ચૂપ રહ્યો.

અમે લિવિંગરૂમમાં આવ્યાં. મારી મૉમ એક બહુ મોટું કોબી-ફ્લાવર, એક પ્લેટ અને ચપ્પુ લેતી આવી. તેણે ચપ્પા વડે તે સમારવા માંડયું.

'આન્ટી, હું મદદ કરું?' અનન્યાએ કહ્યું.

'શેની મદદ?' મારી મૉમે કહ્યું.

'ડિનર બનાવવામાં.' અનન્યાએ કહ્યું.

'અરે હા, મૉમ, આજે તું અનન્યાને ડિનર બનાવવા દે તો?' મેં ઉલ્લાસપૂર્વક કહ્યું.

અનન્યા મારી સામે તાકી રહી. મદદ કરવી એક વાત છે અને સંપૂર્ણ ડિનર તૈયાર કરવું એ જુદી વાત છે. છતાં જો અનન્યાએ પ્રભાવ પાડવો જ હોય તો તેણે શાકભાજી ધોવા કરતાં કંઈક વધારે કરવું જ રહ્યું.

મારી મૉમ અનન્યા સામે જોઈ રહ્યાં.

'અરે હા, હા, આન્ટી, ચોક્કસ મજા આવશે.' અનન્યાએ કહ્યું.

મૉમે ખભા ઉલાળ્યા અને અનન્યાને પ્લેટ આપી, 'ક્રિશને ગોબીઆલુ ભાવે છે. મને એમ છે કે આપણે બ્લેક દાળ, ભીંડી, રાઈતા અને સલાડ પણ બનાવીશું. બહુ બધું નહીં, બસ સાદું ડિનર.'

'મૉમ.' હું મેનુમાં તેને ઉમેરો કરતી અટકાવવા બોલ્યો.

'કોરો લોટ ગૅસ સ્ટવની નીચે પીપડામાં છે. રોટી બનાવવા માટે થોડો બાંધજે.' મારી મૉમે કહ્યું, 'હા, ક્રિશ, શું કહેતો હતો?'

'કંઈ નહીં. તું પણ સાથે સાથે બનાવ ને, તેથી જલદી થઈ જાય.' મેં કહ્યું.

'જો તેને બનાવવું હોય તો તે બનાવી શકે છે. મને કંઈ એટલી બધી ભૂખ નથી લાગી. ભલેને વાર લાગે.' મારી મૉમે કહ્યું અને ટીવી ચાલુ કર્યું.

અનન્યાએ ફ્લાવરને નવજાત શિશુની જેમ ખોળામાં લીધું. તે ચપ્પાથી બરાબર સમારી શકી નહીં. તેણે કરવતની જેમ ચપ્પાથી પહેલા એકસાથે તેની ડાળીઓ કાપી. મારી મૉમે તેની હાંસી ઉડાવી. મેં તેની સામે કટુતાપૂર્વક જોયું.

'મને માથું દુ:ખે છે. હું મારા રૂમમાં આરામ કરું છું. જ્યારે ડિનર તૈયાર થાય ત્યારે મને બોલાવજો.' મૉમ એટલું બોલીને જતી રહી.

'અનન્યા, તને મદદ કરું?' મેં કહ્યું.

'મને એકલી રહેવા દે.' અનન્યા બોલી અને તેની નજર ફ્લાવરમાં ખૂંપેલી હતી.

'જો આ રીતે તારા અંગૂઠાનો ઉપયોગ કર.' મેં કહ્યું અને મારા હાથ વડે તેને તેમ કરી બતાવ્યું.

અનન્યાએ એવો પ્રયત્ન કર્યો. બે ડાળખી કાપ્યા પછી ચપ્પુ તેને વાગ્યું.

'આઉચ!' તેનાથી ચીસ પડાઈ ગઈ.

'શું થયું?'

'કંઈ નહીં.' તેણે છણકાથી કહ્યું, 'કંઈ નહીં, જા તારી મૉમ સાથે આરામ કર.'

'અરે લોહી નીકળ્યું?' મેં કહ્યું, 'તને વાગ્યું છે?'

'કંઈ વાંધો નહીં. તને મેં કહ્યું હતું ને કે મારે જે કંઈ કરવું પડે તે કરીશ. તો આ થોડા લોહીમાં શું છે?'

'મારી મૉમના લીધે તને આ નથી વાગ્યું.' મેં કહ્યું.

'શટઅપ અને જા મારા માટે બેન્ડએઈડ લઈ આવ અને ફ્રીઝમાંથી ભીંડા લેતો આવજે.' તેણે કહ્યું.

એક કલાક પછી અમે વિવિધ ડીશ બનાવવા માટે જરૂરી એવાં ગોબી, ભીંડા, કાંદા, લસણ, આદું, ટામેટાં, કાકડી અને લીલાં મરચાં સમારી લીધાં હતાં. જ્યાં સુધી તમે જાતે ન કરો ત્યાં સુધી તમારી મમ્મી દરેક ભોજન તૈયાર કરવામાં કેટલી મહેનત કરે છે તેનો ખ્યાલ આવતો નથી.

અમે રસોડામાં ગયાં. મેં એક બાઉલમાં લોટ કાઢયો.

'આને કેવી રીતે બાંધવો તે વિશે મને કંઈ જ ખબર નથી.' તેણે કહ્યું.

'કંઈ વાંધો નહીં. મેં મારી મૉમને લોટ બાંધતાં જોઈ છે. મને કરવા દે.' મેં કહ્યું અને બાઉલમાં પાણી રેડયું.

'અને તમે કાંદા શેમાં સાંતળો છો... આમાં?' અનન્યાએ વાસણોના ઘોડામાંથી એક કઢાઈ કાઢી.

'યસ, પ્લીઝ.' મેં કહ્યું અને ગૅસ ચાલુ કર્યો. મેં મસાલાનો ડબ્બો ખોલ્યો. મસાલાનો કેવી રીતે ઉપયોગ કરવો તેની તેને ખબર ન હતી.

'પંજાબી ડીશમાં નાખવાના પાંચ મસાલા હંમેશાં યાદ રાખ – મીઠું, હળદર, લાલ મરચાં, ધાણાનો પાઉડર અને ગરમ મસાલા.' મેં કહ્યું.

અનન્યાએ શાકભાજી બનાવ્યાં અને મેં લોટ બાંધવાનું કામ કર્યું.

કણક વધારે ઢીલી થઈ ગઈ હોવાથી મારે બે વાર બીજો લોટ ઉમેરવો પડયો. રસોડામાં તીવ્ર મહેક આવવા માંડી. અમને બંનેને ઉધરસ ચઢી.

'તેં શું કર્યું?' મેં પૂછયું.

'મને... ખબર... નથી.' અનન્યાની ઉધરસ બંધ થતી જ ન હતી. મારી મૉમ રસોડામાં આવી, 'તમે લોકો શું કરી રહ્યાં છો?' સ્ટવ તરફ દોડી તેણે ગૅસ ધીમો કર્યો, 'આટલા બધા ગૅસ ઉપર રંધાતું હશે? જુઓ મસાલા બળી ગયા.'

અનન્યા સ્ટવથી દૂર ખસી ગઈ.

'અને તું? તું અહીં શું કરી રહ્યો છે?' મારી મૉમે કહ્યું.

'હું... હું આ બળવાની વાસ આવી એટલે આવ્યો.' મેં કહ્યું.

'અને તારો હાથ લોટમાં પડયો ખરું ને?' તેણે લોટવાળી હથેળી અને આંગળાં જોઈને મને કહ્યું.

હું ચૂપ રહ્યો.

'જો જરા, લગ્ન પછી પણ તે તારો આ રીતે જ ઉપયોગ કરશે. તેને રોટી બનાવતાં પણ આવડતું નથી.'

અનન્યા રસોડામાંથી બહાર નીકળી ગઈ. મારે તેની પાછળ જવું હતું, પરંતુ મૉમ હાજર હોવાથી તે બહુ સારી વાત જણાઈ નહીં.

મેં નિરાશામાં મારા લોટવાળા હાથ ઉલાળ્યા.

'તે સાઉથ ઈન્ડિયન છે, મૉમ. તું તેની પાસેથી કેવી રીતે આવી આશા રાખી શકે.'

'તેં જ એવું કહ્યું હતું ને કે તે ડિનર બનાવવા માગે છે. ઠીક છે, જો તેને ઢોસા બનાવવા હોય તો તે બનાવવાનું કહે. તેને ઢોસા બનાવતા આવડે છે?'

'હા, મને ખાતરી છે, પણ તેના માટે ગ્રાઈન્ડર જોઈએ.'

અનન્યા રસોડામાં પાછી આવી, 'ના, આન્ટી, મને ઢોસા બનાવતા આવડતું નથી.' અનન્યાએ કહ્યું, 'અને મને રોટી બનાવતાં પણ આવડતું નથી. હકીકતમાં મને રસોઈ જ આવડતી નથી.'

'રસોઈ સિવાય મારા છોકરાને ફસાવવાની સ્કીમ્સ આવડે છે.' મારી મૉમે કહ્યું.

તેમણે એકબીજા સામે જંગ છેડવાના ઈરાદાથી જોયું. અનન્યા તિરસ્કારપૂર્વક રસોડામાંથી બહાર નીકળી ગઈ.

'મૉમ!' મેં નિરાશાના સૂરે કહ્યું.

'શું? બીજું શું છે તેનામાં?' મારી મૉમે કહ્યું, 'તું તેનાથી અંજાઈ ગયો છું. તું તેને ઘરે લઈ આવ્યો. તેના માટે તેં લોટ બાંધ્યો. તેને તેં બે ફ્રૂટી આપી જે હું મહેમાનો માટે લાવી હતી. તને એની બહુ ચિંતા છે. મારી તને પડી જ નથી.'

'તારી પડી નથી, મૉમ?'

'એ અહીં શું કરવા આવી છે?'

'મૉમ, ધીમે બોલ. તારો અવાજ એને સંભળાય છે.'

'જોયું, તને તેની જ પડી છે. જા, તેની જોડે જા.'

મારી મૉમે રસોડામાં બધી પ્લેટ બરાબર ગોઠવી. તેણે મસાલાના એ વઘારને ફેંકી દીધો અને નવો વઘાર કર્યો અને હું ત્યાંથી બહાર નીકળી ગયો.

'મને ગેસ્ટહાઉસ લઈ જા. મારે જવું છે.' અનન્યાએ કહ્યું ત્યારે તેની આંખોમાં આંસુ હતાં.

'ના.' મેં કહ્યું અને મેં તેનાં આંસુ લૂછયાં, 'ના, તારે જવાનું નથી.'

'મારાથી આ નહીં થાય.' તેણે કહ્યું, 'મને એમ હતું કે મારાં પૅરન્ટ્સને સમજાવવાનું પૂરતું થઈ જશે. તેં કહ્યું હતું કે તારી મૉમ સ્વીટ છે, સ્વીટ? જો તારી મૉમ સ્વીટ છે, તો હિટલર તો વહાલો બાળક ગણાય.'

'શાવર લઈ લે, અનન્યા.' મેં કહ્યું, 'આપણે બધાં સાથે ડિનર લઈએ.'

અમે ડિનર માટે બેઠાં. મારી મૉમે મને પીરસ્યું. અનન્યાએ જાતે જ ખાવાનું લઈ લીધું.

મેં એક બહુ જ સલામત વિષય પસંદ કર્યો, 'મિન્ટિનાં લગ્નમાં ક્યારે ક્યારે અગત્યના કાર્યક્રમો છે?'

'મારે તો રોજ જવું પડશે.' મારી મૉમે તેમનો કોળિયો ચાવતાં ચાવતાં કહ્યું, 'પૂજા છે, પછી સંગીતનો કાર્યક્રમ છે અને હા, અગત્યનું તો સગન અને લગ્ન છે, આવતા શુક્રવારે અને રવિવારે, તું આવીશ ને?'

'સગન અને લગ્ન, હા, હું અનન્યાને પણ સાથે લાવીશ.'

મારી મૉમે મારા તરફ કડવી નજરે જોયું. તે અનન્યાની હાજરીમાં આના વિશે વાત કરવા માગતી ન હતી.

'વાત ટાળીશ નહીં, મૉમ. હું અનન્યાને અહીં આ બધું જોવા અને આપણું કુટુંબ તેને ઓળખે એટલા માટે જ લાવ્યો છું.'

'મને ખબર પડી ગઈ છે કે તેને રાંધતાં આવડતું નથી.' મારી મૉમે કહ્યું.

'આઈ એમ સૉરી, આન્ટી.' અનન્યાએ કહ્યું. મેં તેવી આશા રાખી ન હતી, પણ અનન્યાએ માફી માગી એટલે મને રાહત થઈ.

'કંઈ વાંધો નહીં. આજકાલની છોકરીઓ આવી જ હોય છે. તેથી જ હું એવું ઈચ્છું છું કે ક્રિશ... કોઈ... એવી છોકરી સાથે લગ્ન કરે...'

'મૉમ, હું અનન્યા સાથે લગ્ન કરવા માગું છું.' મેં કહ્યું, 'જો તને હજુ ખ્યાલ ન આવ્યો હોય તો.'

મારી મૉમે હાથમાં લીધેલ રોટીનો ટુકડો પ્લેટમાં પાછો મૂકી દીધો અને ખુરશી પાછી ધકેલી, ઊભી થઈ ગઈ.

'મૉમ, પ્લીઝ, ઊભી રહે. મારે વાત કરવી છે.' મેં કહ્યું.

'મારે શા માટે વાત કરવી જોઈએ? આમ પણ તું, તારે જે કરવું હોય તે જ કરવાનો છે. અત્યારે જ મંદિરમાં જા અને પરણી જા.'

'આન્ટી, એ વાતથી તમે ખુશ થાવ એવું અમે ઈચ્છીએ છીએ.' અનન્યાએ કહ્યું.

'ઠીક છે, હું ખુશ નથી. તમે મને પરાણે ખુશ કરી શકો નહીં. દરેક જણ તેની પસંદગી બદલ મિન્ટિની મમ્મીનાં વખાણ કરે છે. મેં મારા છોકરાને મોટો કરવા વર્ષો સુધી સહન કર્યું છે. મને પણ શા માટે એવી ખુશી ન મળવી જોઈએ? મારે બહુ ઠાઠમાઠથી લગ્ન કરાવવાં છે, છોકરીનાં માતાપિતા મને માનપાન આપે એવું હું ઈચ્છું છું, હું એવું ઈચ્છું છું કે છોકરી મારા ભાઈઓ અને બહેનોને પણ પસંદ હોય.'

'તેમને અનન્યા જરૂર ગમશે! તે બુદ્ધિશાળી છે, ભણેલી છે.'

'તે સાઉથ ઈન્ડિયન છે.' મારી વાત વચ્ચેથી કાપતાં મૉમે કહ્યું.

'તો શું થઈ ગયું? તારા ભાઈઓ અને બહેનો અનન્યા માટે શું કહે છે તે તો જોવા દે. આ લગ્ન ઓળખાણ કરાવવા માટે સરસ બહાનું છે.'

'અને તે કોણ છે તેના માટે હું શું કહીશ?' મારા મૉમે પૂછયું.

'કહેજે કે તે ક્રિશની ક્લાસમેટ છે અને તેણે પંજાબી લગ્ન ક્યારેય જોયાં નથી અને તે જોવા

માગતી હતી.' મેં કહ્યું.

મારી મૉમે ફરીથી ખાવાનું શરૂ કર્યું.

'આન્ટી, આઈ એમ સૉરી, હું તમને જાણ કર્યા વગર આવી ગઈ. મને એમ કે ક્રિશે તમને કહ્યું હશે.'

'એ તો મને ક્યારેય કંઈ કહેતો જ નથી એટલો બેદરકાર છે.' મૉમે કહ્યું.

'હા, મને પણ એવું લાગે છે કે તે સરખી વાત કરતો નથી.' અનન્યા બોલી.

'જોયું?' મૉમે મને કહ્યું.

તે બંને મારી સામે એક થઈ ગયાં હતાં, છતાં મેં તેમ થવા દીધું. તે બંને કોઈ પણ રીતે વાત કરતાં થાય તેમ હું ઈચ્છતો હતો.

'દાળ બહુ સરસ છે, આન્ટી. તમારે મને દાળ બનાવતાં શીખવાડવું પડશે.' અનન્યા બોલી.

'તો પછી તું આમ ખિસકોલીની જેમ કેમ ખાય છે. જરા સરખું લઈને ખા ને.' મૉમે કહ્યું.

'હું મિન્ટિ સાથે વાત કરીશ.' હવે હું વચ્ચે બોલ્યો, 'મને ખાતરી છે કે જો હું કોઈ ફ્રૅન્ડને લઈને આવું તો તેને વાંધો નહીં હોય.'

'ફક્ત ફ્રૅન્ડ તરીકે જ.' મૉમે કહ્યું.

'થૅંક્સ, મૉમ.' કહીને હું મૉમને ભેટી પડયો.

'તારા ડૅડે તો મને ક્યારેય કશું આપ્યું નથી, પણ તું મારી સાથે એવું ન કરતો.' મૉમે કહ્યું.

'અંકલ ક્યાં છે?' અનન્યા બોલી.

'કોને ખબર?' મૉમે કહ્યું, 'તે મોડા પાછા આવશે. તને એ સવારે મળશે. તારે ગેસ્ટરૂમમાં સૂવાનું છે અને ક્રિશ તેના રૂમમાં, બરાબર ને?'

'અફકોર્સ, મૉમ.' મેં કહ્યું.

મારી મૉમે ડિનર પતાવ્યું. અનન્યાએ ડીશ સાફ કરવાની ઑફર કરી. મારી મૉમે કહ્યું, સવારે નોકર આવશે, પરંતુ અનન્યાએ આગ્રહ કર્યો. મારી મૉમ તેમના રૂમમાં ગયાં.

'ઓ.કે, મિસ બ્રાન્ડ મૅનેજર, યુ શ્યૉર યુ ડોન્ટ નીડ હેલ્પ?' મેં રસોડાની દીવાલ તરફ ઝૂકતાં કહ્યું.

અનન્યાએ વાયર મૅસ વડે ડીશ ઉપર વિમ લગાવ્યો, 'ના, મારે પ્રિન્સ ઑફ પંજાબને ફસાવવાનો આક્ષેપ ફરીથી નથી સાંભળવો.' અનન્યા બોલી અને તેણે બેરહેમીથી કઢાઈ ઘસી.

'લાવ, હું વાસણ કોરાં કરી દઉં.' મેં મદદની ઑફર કરી.

'પ્લીઝ, જતો રહે અહીંથી, હું પગે પડું છું.' તે બોલી અને તેણે મને ધક્કો મારીને રસોડાની બહાર કાઢયો.

૪૪

'ગૂડમૉર્નિંગ, અંકલ.' અનન્યાએ નાઈટસૂટમાં જ લિવિંગ રૂમમાં આવીને કહ્યું. સવારના સાડા સાત વાગ્યા હતા. તેમની આર્મીની ટેવવશ, મારા પિતા નાહીધોઈને તૈયાર થઈ ગયા હતા. તેમણે છાપામાંથી મોં ઊંચું કરીને જોયું. તેમણે જવાબ આપ્યો નહીં.

'હું અનન્યા, ક્રિશની ફ્રૅન્ડ.'

'ગૂડ.' મારા ડૅડ બોલ્યા અને ફરી પાછા તેમના છાપામાં પરોવાઈ ગયા. તેઓ શાંત રહ્યા. મને ખબર હતી કે જ્યારે અનન્યા જશે ત્યારે તેમનો ક્રોધ બહાર આવશે. હું લિવિંગ રૂમમાં આવ્યો અને મેં તેમના તરફ ધ્યાન આપ્યું નહીં.

'અનન્યા, તું તૈયાર થઈ જા. આપણે પીકઅવર ટ્રાફિક પહેલાં નીકળી જઈએ.'

'તમે ક્યાં જઈ રહ્યાં છો?' ડૅડે પૂછ્યું.

મેં જવાબ આપ્યો નહીં. ડૅડ ઊભા થયા અને રસોડામાં ગયા.

'શું આ વર્તન કરવાની કઈ રીત છે?' મેં તેમને મૉમ ઉપર ગુસ્સે થઈને બોલતા સાંભળ્યા.

'શું થયું?' મૉમે કહ્યું, મેં મારો એક કાન રસોડા તરફ માંડી રાખ્યો.

'મેં તેને પૂછ્યું કે તે ક્યાં જઈ રહ્યો છે, અને તેણે જવાબ પણ ન આપ્યો. અને પેલી છોકરી કોણ છે?'

'તે અનન્યાને તેના ગેસ્ટહાઉસ ઉપર મૂકીને પછી ઑફિસે જઈ રહ્યો છે કેમ?' મારી મૉમે કહ્યું.

'એવું છે તો બોલતો કેમ નથી? અને તેં મને જણાવ્યું કેમ નહીં કે આપણા ઘરે કોઈ આવી રહ્યું છે?'

'મને ખબર ન હતી.' મૉમે કહ્યું.

'તું ફરીથી જૂઠું બોલી રહી છે.' ડૅડે બરાડો પાડયો. અનન્યા ગભરાઈ ગઈ હતી.

'વૅલકમ ટુ માય વર્લ્ડ,' મેં કહ્યું, 'નાઉ લેટ્સ ગેટ ધી હેલ આઉટ ઑફ હિયર.'

જ્યારે હું ઑફિસેથી ઘરે આવ્યો ત્યારે ઘરમાં સ્મશાનવત્ શાંતિ હતી. દેખીતી રીતે જ મારા ડૅડ ઘરમાં હતા. તે ડાઈનિંગ ટેબલ ઉપર મારી મૉમ સાથે બેઠા હતા.

'ક્રિશ, ડૅડ તારી સાથે વાત કરવા માગે છે.' મૉમે કહ્યું.

'હું વાત કરવા માગતો નથી.' મેં કહ્યું.

'તે કહે છે કે જો તું તેમની સાથે વાત નહીં કરે તો મિન્ટિના લગ્નમાં તે આવશે નહીં.' મૉમે કહ્યું.

મૉમના કુટુંબમાં જ્યારે કોઈ લગ્ન હોય ત્યારે જ અમારે ડૅડની સૌથી વધારે જરૂર હોય છે. મૉમ પરિસ્થિતિ સામાન્ય હોવાનું ચિત્ર ઉપસાવવા ઈચ્છતી હતી. જો ડૅડ આ પ્રસંગે હાજરી આપે, તો મહિનાઓ સુધી અમે લોકોની વાતો સાંભળવામાંથી બચી જઈએ. મારી પાસે કોઈ વિકલ્પ જ ન હતો. હું ગયો અને તેમની સામે બેઠો.

'તો હવે તમે બ્લેકમેલ કરવા ઉપર ઊતરી આવ્યા છો ખરું ને? તમારે શેના વિશે વાત કરવી છે?' મેં કહ્યું.

'આ બ્લેકમેલ નથી. જ્યારે મારો પરિવાર મારી સાથે વાત ન કરતો હોય ત્યારે મારે શા માટે...' તેમણે કહ્યું.

'એ જે કંઈ હોય. બોલો, શું હતું?' મેં પૂછ્યું.

'પેલી છોકરી કોણ છે?'

'અનન્યા સ્વામીનાથન્.'

'તું તેને કેવી રીતે ઓળખે છે?'

'કૉલેજમાં તે મારી ક્લાસમેટ હતી અને હવે મારી ગર્લફ્રૅન્ડ છે.'

'જો કવિતા,' ડૅડ બોલ્યા, 'અને તેં કહ્યું કે તે માત્ર ફ્રૅન્ડ જ છે.'

'તમે મારી સાથે વાત કરી રહ્યા છો, તમે તેને શા માટે વચ્ચે લાવો છો?' હું બોલ્યો.

'તે અહીં કેમ આવી છે?' ડૅડ બોલ્યા.

'તે ઑફિસના કામે આવી છે. મિન્ટિએ તેને લગ્નમાં આમંત્રણ આપ્યું છે. તમને કંઈ વાંધો છે?'

'લગ્ન માટે છોકરી તું પસંદ નહીં કરે. હું તારા માટે છોકરી પસંદ કરીશ.' ડૅડ બોલ્યા.

'મને ખબર છે. તમે મને વેચવા માગો છો અને તમે જ્યારે મારા માટે વાતો કરી રહ્યા છો ત્યારે એટલું કહેશો કે મારો ભાવ શું ચાલે છે?'

'કવિતા, આ છોકરો...'

'આ છોકરો તમારી સામે જ છે. મારી સાથે વાત કરો.' મેં કહ્યું..

'હું મિન્ટિનાં લગ્નમાં નથી આવવાનો.' ડૅડે જાહેર કર્યું.

'પ્લીઝ, એવું ન કરીશ, ક્રિશ.' મૉમે કરગરતાં કહ્યું, 'બરાબર વાત કર.'

'ના મૉમ, આપણે તેમને નહીં લઈ જઈએ. આપણે ત્યાં કહીશું કે તેમને માનસિક બીમારી

છે.’

‘તારું મોં સંભાળીને બોલ.’ ડૅડે હાથ ઉગામતાં કહ્યું.

‘તમારી આ હિંમત?’ કહેતાં હું ઊભો થઈ મારા રૂમમાં ગયો. જોકે ત્યાં પણ તેમની વાત સાંભળી શકાતી હતી.

‘હું લગ્નમાં આવવાનો નથી, કવિતા.’ ડૅડ બોલ્યા. કદાચ ડાઈનિંગ ટેબલ ઉપર પ્લેટ પછાડવાનો અવાજ પણ સંભળાયો.

‘તમારે બધાને જે કરવું હોય તે કરો.’ મૉમે કહ્યું.

હું પથારીમાં પડયો હતો. મને વિચાર આવ્યો કે અમે એક કુટુંબ તરીકે ભેગા શા માટે રહીએ છીએ. મેં એવું ક્યારેય વિચાર્યું ન હતું, પરંતુ મને ચેન્નાઈ યાદ આવવા લાગ્યું. હા, એ ખરું કે ત્યાંના લોકો સાથે ભલે હું જોડાઈ શક્યો ન હતો, પરંતુ કોઈ મને અંદરથી દુ:ખી પણ કરતું ન હતું. મને અનન્યા સાથે વાત કરવાનો વિચાર આવ્યો, પણ હું મારી આ હતાશા તેના ઉપર લાદવા માગતો ન હતો. મારા મનમાં સવાલો થવા લાગ્યા. હું અનન્યાને આ પરિવારમાં લાવીને બરાબર કરી રહ્યો છું? તે મારા વિશે શું વિચારશે? તે મારા માટે વિચાર બદલી નાખશે? દરરોજ ઊંઘ આવતાં પહેલાંના મારા મૂર્ખ વિચારોનું નૃત્ય જોતાં જોતાં આખી રાત મેં પથારીમાં પડખાં બદલ્યાં.

૪૫

મિન્ટિના લગ્નનો સમારંભ ધોળાકૂંઆમાં તાજ પૅલેસ હોટલમાં થયો. સાચું કહું તો અમારા કુટુંબ માટે આ બહુ મોટી વાત હતી. અમે કેટલાંક વૈભવી લગ્નો જોયાં હતાં, પરંતુ આ અગાઉ ક્યારેય ઍન્ગેજમૅન્ટ સૅરિમની ટોચની ફાઈવસ્ટાર હોટલમાં થઈ ન હતી. તાજ બૂક કરાવીને રજ્જીમામાએ અમારાં સગાંઓમાં ખરેખર વટ પાડી દીધો હતો.

બેન્કવેટ હૉલના એન્ટ્રન્સ આગળ એક બોર્ડ હતું.

તલરેજા પરિવાર તેમની
સૌથી સુંદર સુપુત્રી
મનોરમા *(મિન્ટિ)*ના
મનગમતા પ્રિયજન
ધરમવીર *(ડ્યૂક)*, બી.ટૅક.
સાથેના સગન સમારંભમાં
આપનું સ્વાગત કરે છે.

‘હસીશ નહીં.’ મારું પોતાનું હાસ્ય દબાવી રાખતાં મેં અનન્યાને કહ્યું

‘મારાથી રહેવાતું નથી.’ તે બોલી. તેણે તેની બૉટલ ગ્રીન અને ગોલ્ડ સાડીનો પાલવ પાંચમી વાર સરખો કર્યો.

‘વેલકમ-જી, વેલકમ.’ રજ્જીમામા મૉમને અને મને ભેટ્યા.

અમે બેન્કવેટ હૉલની અંદર આવ્યાં, જ્યાં બસો માણસો હતા. મેઈન સ્ટેજ ઉપર રાજાના મહેલમાંથી ચોરી લાવેલી બે ઑર્નેટ ચેર હતી. તેની બાજુમાં મીઠાઈનાં પંચોતેર બૉક્સ અને ફ્રુટ્સની પાંચ વિરાટકાય બાસ્કેટ્સ પડી હતી. મોટા ભાગની મહિલાઓ ચાટ અને જ્યૂસના કાઉન્ટર આગળ ઊભી હતી. બધા પુરુષો બાર આગળ ઊભા હતા. મેં મારો વૉડકાનો ગ્લાસ મારી ફિમેલ કઝીન્સને આપ્યો, જે તેમણે તેમના જ્યૂસમાં રેડી દીધો.

‘તો આ રજ્જીમામા – લપ્પામામા, શિપ્રા માસી અને તારા મૉમ એ લોકો છે, બરાબર ને?’ અનન્યાએ કહ્યું.

'હા, અને મારી મૉમ સૌથી નાની છે એટલે તેને જીવનમાં કંઈ પણ કરવા માટે આ લોકો પાસેથી સ્વીકૃતિ મેળવવી પડે.' મેં કહ્યું.

'બરાબર, પહેલા મને સમજવા દે. મિન્ટિ અને રોહન રજ્જીમામાનાં બાળકો છે.' અનન્યા બોલી અને નોટપેડ કાઢ્યું. 'અને તેં જેને વૉડકા આપ્યો તે છોકરી કોણ છે?'

'તે ટિન્કિ છે અને તેને એક નાની બહેન નિક્કી છે, બંને કૉલેજમાં છે. તે લપ્પામામાની છોકરીઓ છે અને શિપ્રા માસીને એક દીકરો અને એક દીકરી, બિટ્ટુ અને કિટ્ટુ છે. બસ, અને મૉમનો હું એકનો એક દીકરો છું.'

'OK, OK', અનન્યા બોલી અને તેની નોટ્સ લખવાનું પૂરું થયું.

'ક્રિશ, અહીં આવ.' મૉમે બૂમ પાડી. તે સ્ટેજની બાજુમાં ઊભી હતી.

'આપણે જઈએ.' હું બોલ્યો અને મેં અનન્યાનો હાથ ખેંચ્યો. પહેલા તો અનન્યા ખચકાઈ, પણ પછી મારી સાથે આવી. મૉમ એંશી વર્ષનાં એક વૃદ્ધા સાથે બેઠાં હતાં કે જેમણે સોનાનો નેકલેસ પહેર્યો હતો. તેમાં ઑલિમ્પિકના ગોલ્ડ મેડલ કરતાં પણ મોટું પેન્ડન્ટ હતું.

'આ સ્વરન આન્ટી છે, મારાં માસી.' મૉમે કહ્યું.

મારાં દાદી થોડાંક વર્ષ પહેલાં મૃત્યુ પામ્યાં હતાં. સ્વરન આન્ટી અમારા કુટુંબમાં વડીલ હતાં, કે જેમને લગ્ન તેમ જ અન્ય શુભપ્રસંગોએ દરેકને આશીર્વાદ આપવા માટે લાવવામાં આવતાં હતાં. તેમને પગે લાગવા હું નીચે નમ્યો. મેં ઈશારો કર્યો અને અનન્યાએ પણ તેમ કર્યું.

'કવિતા, તેરી નૂ હૈ?' સ્વરન આન્ટી પંજાબીમાં બોલ્યાં, તે એવું પૂછતાં હતાં કે અનન્યા, મૉમની પુત્રવધૂ છે? મારી મૉમે સમજાવ્યું કે તે ફ્રૅન્ડ છે.

'આ ફ્રૅન્ડ વળી શું છે?' સ્વરન આન્ટીએ મને પૂછ્યું.

'આન્ટી, તમારા માટે ચાટ લાવું?' મેં વળતો પ્રશ્ન કર્યો.

'હા, મને તો કોઈ કંઈ આપતું જ નથી.' તેમણે ફરિયાદ કરી. હું ચાટની પ્લેટ લઈને આવ્યો. અનન્યા સ્વરન આન્ટી અને મૉમની બાજુમાં બેઠી હતી.

'તે મદ્રાસી છે?' સ્વરન આન્ટી તેમની ઉંમરને ખોટી પાડે તેવા મોટા અવાજે બોલ્યા.

'તમિલિયન.' અનન્યા બોલી.

'પણ તે ગોરી છે?' સ્વરન આન્ટી બોલ્યાં, તે ખરેખર મૂંઝાયેલા લાગ્યાં. જોકે આ ઉંમરે, તેમની દૃષ્ટિ સહેજ પણ નબળી ન હતી.

શિપ્રામાસી ત્યાંથી પસાર થયાં, તેમનો ઠસ્સો વર્તાતો હતો. તેમણે પહેરેલી દરેક વસ્તુમાં – કપડાં, જ્વેલરી, હેન્ડબૅગ, શૂઝ – વત્તેઓછે અંશે સાચું સોનું ચમકતું હતું.

'શિપ્રા, આ જો, ગોરી મદ્રાસણ.' સ્વરન આન્ટી મોટેથી બોલ્યાં.

'હેલ્લો કવિતા, ક્રિશ તું મજામાં છે?'

'મજામાં આન્ટી, આ મારી ફ્રૅન્ડ અનન્યા છે.'

'હા, અમે જાણીએ છીએ કેવી ફ્રૅન્ડ છે એ. હા, આ તો ગોરી છે.' શિપ્રા માસીએ, રજ્જીમામા અને લપ્પામામાનાં પત્ની, કમલા અને રજનીને બોલાવ્યાં.

'અહીં આવો, ક્રિશની ફ્રૅન્ડ જુઓ. કવિતાએ પેલી મદ્રાસણ વિશે વાત કરી હતી એ.' શિપ્રામાસી મોટેથી બોલ્યાં.

રજની આન્ટી અને કમલા આન્ટી આવ્યાં. અમે એકબીજા સામે મલક્યાં. મારી મૉમે બધાંને કહ્યું કે, ડૅડને વાઈરલ ફીવર થઈ ગયો હોવાથી તે ન આવી શક્યા. દરેકને સાચી હકીકત ખબર હતી, પણ સૌએ હા એ હા કરી. શિપ્રામાસીએ તો કેટલીક દવાઓનાં નામ પણ કહ્યાં.

'અનન્યા સ્વામીનાથન્, આન્ટી.' પહેલી વખત તેમને બરાબર સંભળાયું ન હોવાથી, અનન્યાએ કમલામામીને ફરીથી તેનું નામ કહ્યું.

'તું તો બહુ ગોરી છે. તું ખરેખર સાઉથ ઈન્ડિયન છે?' કમલામામીએ પૂછ્યું.

તે IIMA પાસ આઉટ અને HLLની બ્રાન્ડ મૅનેજર પણ છે એવું કહેવાની મને ઈચ્છા થઈ, પરંતુ આ બધી વાતોની ચર્ચા ચેન્નાઈમાં થાય, અહીં દિલ્હીના તાજ પૅલેસમાં તલરેજાના સગન સમારંભમાં નહીં.

'સાઉથ ઈન્ડિયનના વાન મુજબ તો તે ખરેખર સુંદર છે.' શિપ્રામાસીએ જ્ઞાનનો ઉમેરો કર્યો.

'હા, મને ખબર છે. બાકી તો તેઓ કેવા કાળા અને બેડોળ હોય છે.' કમલામામીએ કહ્યું.

અનન્યા સિવાય બધાં હસ્યાં, પણ તે ક્ષણ પૂરતું જ. હું અનન્યાની નજીક ગયો અને તેની પીઠ થાબડી. તે કોઈ જવાબ આપે તેવું હું ઈચ્છતો ન હતો. હંમેશાં સ્મિત કરો અને તમારી સ્વીકૃતિની શક્યતાઓ વધી જશે. કેટલીક વાર પ્રેમની વિચિત્ર કસોટી થાય છે.

'છોકરાવાળા આવી ગયા છે!' મારો સૌથી નાનો કઝીન કિટ્ટુ, જાણે કે અમિતાભ બચ્ચન ભૂલો પડીને આવ્યો હોય તેમ દોડતો દોડતો આવીને બોલ્યો.

'ચાલો, ચાલો, આપણે જઈએ.' કમલામાસીએ બધી મહિલાઓને કહ્યું. મહિલાઓએ તેમની સોને મઢેલી બૅગ્સ સ્વરન આન્ટી પાસે મૂકી. તેમની હલનચલન કરવાની અસમર્થતાને લીધે તેઓ એક ક્લૉકરૂમ જેવા બની ગયાં હતાં.

'હા, તો પછી સરપ્રાઈઝ ગિફ્ટ શું છે?' મૉમે કમલા આન્ટીને પૂછ્યું.

'બહુ જલદી તમને જોવા મળશે – જી, પણ આ ખર્ચાએ તો અમારી કમર તોડી નાખી છે. મિન્ટિના ડૅડીને લોન લેવી પડી.'

'એ તો હવે ઠીક છે. તમારે એક જ દીકરી તો છે.' શિપ્રામાસી બોલ્યાં અને તે સૌ આગળ વધ્યાં.

પંજાબી આન્ટીની ગૅન્ગ ગયા પછી અનન્યાએ નિરાંતનો શ્વાસ લીધો.

'તું ઠીક તો છે ને?' મેં પૂછ્યું 'મને લાગે છે કે તું મૂડમાં નથી.'

'મારે ડ્રિન્ક લેવું છે. આપણે બાર પાસે જઈએ.' અનન્યા બોલી.

'પણ તું સહેજ દૂર રહેજે. હું ડ્રિન્ક માટે ઑર્ડર કરીશ.' મેં કહ્યું.

અમે બાર પાસે પહોંચ્યા. ટિન્કિ અને નિક્કી દોડતાં દોડતાં મારી પાસે આવ્યાં, તેમણે હાથ વડે તેમના લહેંગા ઊંચા પકડી રાખ્યા હતા.

'ક્રિશભૈયા, નિટ વૉડકાનો એક આખો ગ્લાસ આપો. કૉલેજની મારી ફ્રૅન્ડઝ આવી છે.'

'છોકરીઓ જાતે કેમ ડ્રિન્કસ લઈ શકે નહીં?' અનન્યાએ પૂછ્યું.

ટિન્કિ અને નિક્કી મૂંઝાયેલી સ્થિતિમાં અનન્યા તરફ વળ્યાં. ઓગણીસ અને સત્તર વર્ષની ઉંમરે તેમના ડિઝાઈનર ડ્રેસમાં તેમનાં કપડાં ભારે ભભકાદાર હતાં.

'ટિન્કિ, નિક્કી, આ અનન્યા છે.' મેં કહ્યું.

'ઓહ, તો તમે છો.' ટિન્કિ બોલી.

'કોણ?' મેં કહ્યું.

'એ તમારા ગર્લફ્રૅન્ડ છે ને, ક્રિશભૈયા?' નિક્કી બોલી.

મેં જવાબ આપ્યો નહીં.

'તમે શરમાઈ ગયા?' ટિન્કિ બોલી અને તે અનન્યા તરફ વળી, 'તમારી બુટ્ટીઓ બહુ સરસ છે. તમે તે ક્યાંથી લીધી?'

'કોઈમ્બતૂર.' અનન્યા બોલી.

'એ ક્યાં આવ્યું?' ટિન્કિએ પૂછ્યું.

'તમિલનાડુ, હું ત્યાંની છું.' અનન્યાએ કહ્યું.

'સ્ટુપિડ, તેં ભૂગોળમાં વાંચ્યું નથી?' નિક્કીએ તેની બહેનને ઠપકો આપ્યો અને તે મારા તરફ વળી, 'તમારી ગર્લફ્રૅન્ડ બહુ સુંદર છે અને તેમની સાડી પણ બહુ સરસ છે.'

'થૅંક્સ.' અનન્યા બોલી, 'તમે બંને બહુ સરસ લાગો છો. મારે આવો લહેંગો જોઈએ છે.'

હું બારમાંથી વૉડકાનો આખો ગ્લાસ ભરીને લાવ્યો અને તે ત્રણ ગ્લાસમાં રેડયો. મેં તેમાં સ્પ્રાઈટ રેડયું અને તે છોકરીઓને આપ્યું.

'હું ડ્રિન્ક લેતી નથી. એ તો DJ પછી પીવા માટે છે.' ટિન્કિએ ચોખવટ કરી, 'આમ પણ હું હવે અઢાર વર્ષની થઈ ગઈ છું.'

'તમે IIMAમાં ભણ્યા છો ને? તો તો તમે બહુ ઈન્ટેલિજન્ટ હશો. છોકરીઓ IIMAમાં જઈ શકે?' નિક્કીએ કહ્યું.

'અફકોર્સ, કેમ નહીં? છોકરી હોવાથી ન જઈ શકાય એવું કોણે કહ્યું?' અનન્યા બોલી.

હું તેમનાથી સહેજ દૂર ગયો. તે લોકોએ બીજી દસ મિનિટ સુધી વાતો કરી. બીજું કંઈ નહીં તો, અનન્યાને મારા કુટુંબના યુવાનો સાથે મેળ બેસી ગયો હતો. જૂની પેઢીને સમજાવવાનું આટલું બધું અઘરું કેમ હોય છે?

'તું ક્યાં છે?' મૉમના ક્રોધિત અવાજથી મારા વિચારો અટક્યા, 'સૅરિમની શરૂ થવામાં છે.'

બધી છોકરીઓને સાથે લઈને હું સ્ટેજ પાસે ગયો. મિન્ટિ સ્ટેજના ફ્લૉર ઉપર ડ્યૂકની સામે બેઠી હતી. તેની બાજુમાં પંડિતજી બેઠા હતા.

મારી આન્ટીઓના કહેવા મુજબ ડ્યૂક જાડો હતો.

'તે જાડો છે.' અનન્યાએ બેધડક કહ્યું.

'શટઅપ, કોઈ સાંભળી જશે.' મેં કહ્યું.

'અરે વાહ, અહીં બધા લોકો આજુબાજુવાળાને સંભળાય નહીં તે રીતે વાતો કરનારા છે?' અનન્યા બોલી ત્યારે તેના શબ્દોમાં કટાક્ષ, તેના બ્લાઉઝના ટિક્કાની જેમ ચમકતો હતો.

'કમઑન અનન્યા, એ લોકોને એ પણ ખબર નથી કે તેઓ કોઈની લાગણી દુભાવી રહ્યા છે. એક વખત તું તેમને ઓળખી જઈશ પછી તને આ લોકો ગમવા લાગશે.'

'પ્લીઝ, મને તારી કઝીન્સ સાથે ફાવે છે, મને તેમની સાથે રહેવા દે.' અનન્યા બોલી અને તેનો અવાજ વોડકાની અસર હેઠળ બેકાબૂ હતો.

'અમને તે ગમ્યાં.' જ્યારે નિક્કી અને ટિન્કિ અનન્યાને ભેટયાં ત્યારે તેમણે આ સર્ટિફિકેટ આપ્યું.

પુરુષોની જેમ જ મહિલાઓ પણ આલ્કોહૉલ લીધા પછી વધુ મૈત્રીપૂર્ણ બને છે.

ડ્યૂક ખરેખર દૂધ જેવો ગોરો હતો. તેના ગોળમટોળ ગાલ અને ગોરા વાનને લીધે તે સેરેલેક ખાતો એકમાત્ર પુખ્તવયના માણસ જેવો લાગતો હતો. તેણે કદાચ અનન્યાની મૉમની સાડીના જ કાપડનો મરુન રંગનો ચળકતો કૂર્તો પહેર્યો હતો. માય ગૉડ, મને અહીં પણ અનન્યાની મૉમ યાદ આવતી હતી. ફોકસ મેં મનોમન કહ્યું.

મિન્ટિએ સ્વરોવ્સ્કી ક્રિસ્ટલ તેમ જ અન્ય નંગથી ભરેલ ઓરેન્જ લહેંગો પહેર્યો હતો. મૉમના કહેવા મુજબ તે વીસ હજાર રૂપિયાનો હતો, જ્યારે લગ્નની સાડી ત્રીસ હજારની હતી. લગ્નના કુલ ખર્ચનો દસ ટકા ખર્ચ કન્યાનાં કપડાં પાછળ થાય છે. મારા મગજમાં એક અર્થહીન ગણતરી મુકાઈ ગઈ.

પંડિતજી મંત્રો બોલતા હતા. મિન્ટિએ તેની કઝીન્સ સામે ઈશારો કરીને એવું પૂછ્યું કે તે સરસ દેખાય છે કે નહીં. નિક્કીએ તે અતિ સુંદર દેખાતી હોવાનું જણાવ્યું. એણે એવું પણ બતાવ્યું કે તેણે તેની બિંદી સરખી કરવાની જરૂર છે. પછી મિન્ટિએ તરત જ બિંદી સરખી કરી. પંડિતજીએ તેના જમણા હાથે દોરો બાંધ્યો હતો. હું મહિલાઓ વિશે પણ ત્રણ બાબતો શીખ્યો : (A) તેઓ કેવી દેખાય છે તે વિશેની સભાનતા તેઓ ક્યારેય ગુમાવતા નથી, (B) તેઓ શક્ય એવી દરેક રીતે સૂચના આપીને એકબીજાને મદદ કરે છે, (C) તેઓ એકસાથે અનેક કામ કરી શકે છે. અલબત્ત, હું આ સમારંભ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શક્યો નહીં. હું મારા કુટુંબને અનન્યાના કુટુંબ જેવું બનાવવાના રસ્તા વિચારવા લાગ્યો.

ડ્યૂકે તેના કુર્તાના ખિસ્સામાંથી ઍન્ગેજમૅન્ટ રિંગ કાઢીને તેણે કૅમેરા સામે પ્રદર્શિત કરી. તે સોલિટેરની છે તેવી ખબર પડતાં જ મહિલાઓએ એક સામૂહિક નિ:સાસો નાખ્યો.

'ઓછામાં ઓછી દોઢ કૅરેટની.' શિપ્રામાસીએ તરત જ તેનો ક્યાસ કાઢયો.

ડ્યૂકે મિન્ટિની આંગળી ઉપર વીંટી પહેરાવી અને દરેક જણ તાળીઓ પાડવા લાગ્યા. મિન્ટિએ શરમાળ સ્મિત કર્યું. પછી એણે એકદમ સાદી સોનાની વીંટી ડ્યૂકને પહેરાવી.

'તે કેટલી સરસ લાગે છે.' ટિન્કિએ કહ્યું અને બંને બહેનો એકબીજાંને ભેટી, ત્યારે તેમની આંખો ભીની હતી. મહિલાઓ પાસે વધારાની લાગણીઓ હોય છે અને તેને બહાર વહેવડાવવા તેમને કોઈ બહુ મોટા ધક્કાની જરૂર હોતી નથી.

ડ્યૂકના પરિવારવાળાઓ રિંગ સૅરિમની પતી ગયા પછી કશી અપેક્ષાએ રાહ જોઈ રહ્યા

હતા. રજ્જીમામાએ તેમના શર્ટના પૉકેટમાંથી એક નાનકડું બૉક્સ કાઢયું અને તે ડ્યૂકને આપ્યું. ડ્યૂકે ત્રણ વાર ઈનકાર કર્યો, તેણે તેનો સ્વીકાર ન કર્યો ત્યાં સુધી રજ્જીમામા આગ્રહ કરતા રહ્યા. ડ્યૂકે તે બ્લેક બૉક્સ ખોલ્યું. તેમાં હ્યુન્ડાઈ મોટરના લોગોવાળી એક ચાવી હતી.

આ વખતે મહિલાઓ અને પુરુષોએ એકસાથે સામૂહિક નિઃસાસો નાખ્યો. હા, રજ્જીમામાએ સોલિટરની ચમકને ઝાંખી પાડી દીધી હતી.

'તેમણે કાર આપી છે.' શિપ્રામાસીએ કહ્યું. કદાચ કોઈને ખ્યાલ ન આવ્યો હોય એમ તેમણે સ્પષ્ટ કર્યું.

બંને પક્ષના વડીલોએ તેમના મીઠાઈનાં બૉક્સ ખોલ્યાં અને સામેવાળાના કુટુંબના સભ્યોને આગ્રહ કરીને પરાણે મીઠાઈ ખવડાવવા લાગ્યા. અમે સૌ એક પછી એક સ્ટેજ ઉપર ગયાં અને આ કપલને અભિનંદન આપ્યા.

મિન્ટિનાં પૅરેન્ટ્સે ડ્યૂકના તમામ કાકા-કાકીઓને ગિફ્ટ આપી. ડ્યૂકનાં માતાપિતાએ પણ એવો જ વળતો વહેવાર કર્યો. મારી મૉમ અને શિપ્રામાસીને સાડી મળી હતી.

'તારી સાડી બતાવ તો.' શિપ્રામાસીએ મારી મૉમને કહ્યું. સદ્નસીબે તેમને તે સરખી જ લાગી હતી. ડ્યૂકનાં પૅરેન્ટ્સ ઉપર વહાલાદવલાની નીતિનો આક્ષેપ ન મૂકી શકાયો.

તેમની આ માસ્ટરસ્ટ્રોક ગિફ્ટ અંગે દરેકે તેમની વાહ-વાહ કરતાં રજ્જીમામા આનંદથી ખુશ થઈ ગયા.

'અંકલ, DJ શરૂ કરો.' નિક્કીએ રજ્જીમામાને કહ્યું. રજ્જીમામાએ ડાન્સ ફ્લૉર તરફ જોઈને હા પાડી. રાજોરી ગાર્ડનના DJ પાર્ટીનાં બે જાડિયાઓએ મ્યુઝિક ચાલુ કરવાના સિગ્નલ માટે કલાકો સુધી રાહ જોઈ હતી. તેમણે ઢોલ બિટ્સથી શરૂઆત કરી. તમામ યુવાન કઝીન્સ ડાન્સ ફ્લૉર ઉપર પહોંચી ગયા. અંકલ્સને હજુ થોડા વધુ પૅગ્સની અને આન્ટીઓને તેમના નાના છોકરાઓ તરફથી આગ્રહ કરવા કોણીના થોડા વધુ ગોદાની જરૂર હતી.

'તેમણે કાર આપી?' અનન્યાએ નિક્કીને ડાન્સ ફ્લૉર તરફ ખેંચીને લઈ જતા વખતે કહ્યું.

'હા, સિલ્વર સેન્ટ્રો.' નિક્કીએ કહ્યું, 'આવો ને, દીદી.'

અનન્યા છોકરીઓ સાથે ગઈ. ભરતનાટયમ્‌ની તેની વર્ષોની તાલીમને લીધે ફ્લૉર ઉપર તેણે સૌથી સારો ડાન્સ કર્યો. તેણે બહુ ઝડપથી પંજાબી સ્ટેપ્સ શીખી લીધાં અને મારી કઝીન્સને કેટલાંક સ્ટેપ્સ શીખવ્યાં પણ ખરાં. તે તેની બૉટલ ગ્રીન કાંજીવરમ સાડીમાં સુંદર લાગતી હતી. એક મૂરખની જેમ હું ફરીથી તેના પ્રેમમાં પડયો.

'તેં ડિનર લીધું?' મૉમ મારી પાસે આવ્યાં.

'અરે, ના.' મેં ફ્લૉર ઉપરથી નજર ખસેડતાં કહ્યું.

'તો પછી જલદી જમી લે, આપણને ઘરે જવા પછી ઑટો નહીં મળે.' મૉમે કહ્યું.

'આપણે ટૂંક સમયમાં કાર ખરીદી લઈશું.' મેં કહ્યું.

'જાણે કે તારા ડૅડ આપણને લેવા દેશે. આમ પણ આપણે શા માટે લાવીએ? કમલાએ કહ્યું છે કે તારાં લગ્ન થાય ત્યાં સુધી આપણે કોઈ મોંઘી વસ્તુ ખરીદવાની નથી. આપણે બબ્બે ગાડીઓની કોઈ જરૂર નથી.'

'મૉમ.' મેં વિરોધ કર્યો.

'જલદી જા. પનીર ખલાસ થઈ જશે અને તારી ફ્રૅન્ડને પણ જમી લેવાનું કહે.'

મેં અનન્યાને મારી સાથે જમવા આવવા ઈશારો કર્યો. તે મારી સાથે બૂફે માટે આવી ત્યારે પણ તેના પગ થપથપાવતી હતી.

મેં પ્લેટમાં બ્લેક દાળ, શાહીપનીર અને રોટી લીધાં.

અનન્યાએ યલો દાળ અને રાઈસ લીધાં.

'બસ, આટલું જ?'

બારમાં ધમાલ મચી હતી. ડ્યૂક અને તેના મિત્રો બારટેન્ડર સાથે મારામારી કરી રહ્યા હતા.

'શું થયું?' મેં પૂછયું.

'એ લોકો મોટા પૅગ બનાવતા નથી. ડ્યૂકના મિત્રો નારાજ થઈ ગયા છે.' કોઈકે કહ્યું.

રજ્જીમામા વચ્ચે પડયા. હોટલના સ્ટાફને ખ્યાલ આવી ગયો હતો કે વ્હિસ્કી ખલાસ થઈ જશે અને તેથી તેમણે નાના પૅગ બનાવવાના શરૂ કર્યા હતા. હોટલમાં આ બ્રાન્ડની બીજી વધારે બૉટલ્સ ન હતી. રજ્જીમામાએ નોટોનું એક બંડલ કાઢયું અને હોટલના સ્ટાફને આપ્યું. એક વેઈટરને વ્હિસ્કી લાવવા માટે દિલ્હીની બૉર્ડર પર મોકલવામાં આવ્યો. હંમેશની જેમ નાણાં સૌને શાંત કરે છે અને સૌ ફરીથી આનંદિત બનીને ઝૂમી ઊઠયા.

'આ તે કંઈ લગ્ન છે?' અનન્યાએ કહ્યું.

'અફકોર્સ, બધાં લગ્નો આ રીતે જ થાય છે.' મેં કહ્યું, 'કેમ તમારી બાજુ જુદી રીતે થાય છે?'

'સવાલ જ નથી.' અનન્યાએ કહ્યું.

અમે રજ્જીમામા અને કમલા આન્ટીને ગુડબાય કર્યું.

હું મૉમ અને અનન્યા સાથે બહાર નીકળી રહ્યો હતો ત્યારે શિપ્રામાસીએ મને બોલાવ્યો.

'બોલો, આન્ટી.' મેં કહ્યું.

'સાંભળ, તું આપણા કુટુંબનું ગૌરવ છે. કોઈ મૂર્ખતા કરતો નહીં. આ મદ્રાસીઓએ તને ફસાવવા જાળ ફેલાવી છે.'

'ગુડનાઈટ, આન્ટી.' મેં કહ્યું.

'જો, હું તારા ભલા માટે કહું છું. તારી મમ્મીએ બહુ સહન કર્યું છે, તેને ખુશ કર. તને એવી છોકરીઓ મળશે જે તારું ઘર ભરી દેશે.'

હું નીચો નમ્યો. જો સગાંઓ આગળ આપણું ધાર્યું ન થતું હોય તો તેમને પગે લાગો.

'શિપ્રામાસીએ શું કહ્યું?' અનન્યાએ પૂછયું.

'તેમણે કહ્યું કે અનન્યાને બરાબર સાચવીને ઘરે લઈ જજે.' કહીને મેં એક ઑટો ઊભી રાખી.

૪૬

હું અનન્યાને વસંતવિહારમાં 'પંજાબી બાય નેચર'માં મળ્યો. તેની અત્યારની માનસિક સ્થિતિ જોતાં, મારે કોઈ વધારે સારા નામવાળી જગ્યાએ મળવાનું ગોઠવવા જેવું હતું. જોકે આ સ્થળ અનુકૂળ હતું અને અહીંનું ફૂડ પણ વખણાતું હતું.

'આ ફૅમિલી ઈવેન્ટ્સમાં મારી હાજરી આપવાનો શું ફાયદો છે? મને બહુ વિચિત્ર લાગે છે.' અનન્યાએ વાત શરૂ કરી.

'બસ, હવે તો માત્ર એક જ પ્રસંગ છે – અને તે લગ્નનો. તું ચિંતા ન કર. આવતી કાલે મારી આન્ટીઓ તારાથી વધારે ટેવાઈ ગઈ હશે. એક વખત આ લોકો તને સ્વીકારે છે એવું મૉમને લાગે, તો પછી તે ''હા'' પાડી દેશે.'

'મને લાગે છે કે એમને કોઈની મંજૂરી કરતાં, કારની જ વધારે જરૂર છે.' અનન્યાએ કહ્યું.

'ના, મૉમ એવી નથી. તેને કાર નથી જોઈતી, પણ તે કારની વ્યવસ્થા કરી શકે છે એવી તેના ભાઈઓ-બહેનો પ્રશંસા કરે એવું તે ઈચ્છે છે. ખ્યાલ આવ્યો?'

'ના, એકદમ નહીં.' અનન્યાએ નકારમાં તેનું માથું હલાવ્યું.

વેઈટર ઑર્ડર લેવા આવ્યો. અમે એક પરાઠાનો ઑર્ડર આપ્યો, જેના ઉપર તમારા હૃદયને તરત જ બંધ કરી દેવા માટે પૂરતાં પ્રમાણમાં બટર નાખવામાં આવે છે. અમે ડિનર લેતાં લેતાં અમારા આગળનાં પગલાં વિશે વિચાર કર્યો.

'સર, અમારા વૉડકા સાથેના ગોલગપ્પા લેશો કે?' વેઈટરે કહ્યું.

'શું?' અનન્યા બોલી.

'નો, થૅંક્સ.' મેં વેઈટરને કહ્યું અને અનન્યા તરફ ફર્યો, 'આ તો ગતકડું છે. મારો ભરોસો કર, પંજાબીઓ આવું કંઈ કરતા નથી.'

'હું બે દિવસમાં ચેન્નાઈ પાછી જઈશ.' અનન્યા બોલી.

'મને ખબર છે, હું મૉમ સાથે વાત કરીશ. કદાચ મારા અંકલ્સ સાથે પણ આ લગ્ન પત્યા પછી વાત કરીશ. હું આ નિર્ણય લઈ લેવા માગું છું.' મેં કહ્યું.

'તારા ડૅડનું શું?' અનન્યાએ કહ્યું.

'એ તો નહીં માને. આપણે તેમની હાજરી વગર જ લગ્ન કરવાં પડશે. મૉમનાં સગાં પૂરતાં નથી?'

'એ તો ઘણા વધારે છે. એ દરેક જણ મારા દસ સગાં કરતાં પણ વધારે વાતો કરે છે, છતાં...'

'અનન્યા, જીવનમાં બધું તો મળતું નથી. તારાં પૅરન્ટ્સ, મારી મૉમ, સગાંઓ, – આપણને પૂરતા આશીવાર્દ છે. મારા ડૅડની જરૂર નથી.'

'છતાં તારે એમની સાથે વાત કરવી જોઈએ. એ આખરે તો તારા ડૅડ છે.' અનન્યાએ કહ્યું.

'ખાવાનું બહુ મજાનું છે, નહીં?' કહી મેં મારા પરાઠા ઉપર બટર લગાવ્યું.

૪૭

મિન્ટિના લગ્નના આખરી પ્રસંગે 'શાહી ઠાઠ' શબ્દને એક નવો અર્થ આપ્યો. એન્ટ્રન્સ આગળ સાચા જીવતા-જાગતા હાથી અને સ્વર્ગની અપ્સરાઓ જેવી પરીઓએ અમારું સ્વાગત કર્યું. હજુ છોકરાવાળાઓ આવ્યા ન હતા. સ્વાગત કરનારાઓ ટ્રેમાં ફૂલની પાંદડીઓ લઈને શાંતિથી ઊભા રહ્યા હતા. અમે લૅન્ડસ્કેપ ગાર્ડન અને બે ડઝન જેટલા ડોલ્ફિન આકારના ફુવારા વચ્ચેથી પસાર થઈને મેઈન પાર્ટી એરિયામાં પહોંચ્યાં. કેટરરે વર્લ્ડ થીમ પસંદ કરી હતી. ફૂડ સ્ટોલ્સ ઉપર આઠ પ્રકારના મૅન્યુઝ હતા – પંજાબી, ચાઈનીઝ, હૉમસ્ટાઈલ ઈન્ડિયન, થાઈ, ઈટાલિયન, મૅક્સિકન, ગોઆન અને લેબેનીઝ – અને દરેક પ્રકારમાં ઓછામાં ઓછી પાંચ વાનગીઓ હતી. આ ઉપરાંત બે-ચાર સ્ટોલ્સ હતા – એક રેગ્યુલર ખાનારાઓ માટે અને બીજો હેલ્થ-કૉન્શયસ ગેસ્ટ્સ માટે. રેગ્યુલર કાઉન્ટર ઉપર સમોસા અને ટિક્કી હતાં. જ્યારે હેલ્થ કાઉન્ટર ઉપર સ્પ્રાઉસ-સ્ટફ્ડ ગોલગપ્પા હતાં. મારી આન્ટીઓએ બંને ઝાપટયાં, એક સ્વાદ માટે અને બીજું 'હેલ્થ' માટે.

બે બાર હતા. પહેલા બારમાં મોટો જૉની વૉકર બ્લેક લેબલ મેગ્નમનો જગ હતો. બધા અંકલ અહીં ભેગા થયા હતા અને વેઈટર્સ વારંવાર પનીર ટિક્કા અને હરાભરા કબાબના ઢગલા અહીં ઠાલવ્યા કરતા હતા. બીજો બાર મોકટેલ બાર હતો અને તે લેડીઝ બાર કહેવાતો હતો. તેમાં વિશાળ ડિસ્પ્લે શેલ્ફ હતી, જેમાં જુદા જુદા આકારના અને ફ્રૂટ ડ્રિન્કસથી ભરેલા બે ડઝન જેટલા ગ્લાસ હતા.

'બહુ સરસ, રજ્જી, તેં કુટુંબનું નામ રોશન કર્યું.' મારી મૉમે કહ્યું અને બ્રાઈડલ સ્ટેજ ઉપર ફૂલોની ગોઠવણીની પ્રશંસા કરી.

રજ્જીમામાએ કહ્યું, 'આ ઓર્ચિડ થાઈલૅન્ડનાં છે. હજી બે કલાક પહેલાં જ બૅંગકૉકથી આવ્યાં છે.'

'ફક્ત ફૂલોનું બિલ જ પચાસ હજારનું થયું છે.' શિપ્રામાસીએ કહ્યું.

અમે યોગ્ય અચંબો દર્શાવવા અમારી ભ્રમરો ઊંચી ચઢાવી.

મારો કઝીન રોહન દોડતો આવીને કહી ગયો કે બારાત આવી ગઈ છે. અમે બહાર ગયા અને તેમનું સ્વાગત કરવા હાથીની બાજુમાં ઊભા રહ્યા. રોહને મને ગુલાબી રંગનો એક સાફો આપ્યો. તમામ ભાઈઓ અને નજીકનાં સગાંઓએ વરરાજાનું સ્વાગત કરવા આવો સાફો પહેર્યો હતો.

'તું સુંદર લાગે છે.' અનન્યા બોલી.

સાફાધારી તમામ પુરુષો, ડ્યૂક પછી પોતાના સમોવડિયઓ સાથે ફોટો પડાવવા ઊભા રહ્યા. મારો ફોટો, ડ્યૂકના કઝીન પ્રિન્સ સાથે પાડવામાં આવ્યો. મિન્ટિના પિતા ફોટો પડાવવા ડ્યૂકના પિતાને ભેટયા અને તેમણે સ્મિત કર્યું. ડ્યૂકના પિતા ગુસ્સામાં હતા.

'છોકરાના પિતા આટલા સિરિયસ કેમ છે?' અનન્યાએ કહ્યું.

'કદાચ તેમને ભૂખ લાગી હશે.' મેં કહ્યું, પણ મને તરત જ ખબર પડી કે હું ખોટો હતો. ડ્યૂકનો પરિવાર અંદર આવ્યો અને તેઓ સોફા ઉપર બેઠા, છતાં તેમણે ખાવાની કોઈ પણ વસ્તુને અડવાનો ઈનકાર કર્યો.

'વન કોલ્ડ્રિંક.' કમલામામીએ ડ્યૂકના મૉમને વિનંતીભર્યો આગ્રહ કર્યો, પણ તેમણે ના પાડી.

'અમે ભૂખ્યા નથી.' ડ્યૂકના પિતા બોલ્યા. ડ્યૂક તેનાં માતાપિતા અને નજીકના ડઝનેક સગાંસંબંધીઓના સ્ટેજની બાજુમાં સોફા ઉપર બેઠો. અડધો ડઝન વેઈટર ટ્રે લઈને ઊભા હતા, પરંતુ છોકરાવાળાઓએ કંઈ જ ખાવાનું લીધું નહીં.

'નાસ્તો ગરમ નથી, જાવ જલદી ગરમાગરમ લાવો.' મિન્ટિના પિતાએ વેઈટર્સને ગુસ્સે થઈને કહ્યું. તેઓ ખોટી જગ્યાએ ગુસ્સો ઠાલવી રહ્યા હતા. છોકરાવાળાઓએ નાસ્તો ગરમ કે ઠંડો હોવાને લીધે તેનો ઈનકાર કર્યો ન હતો.

'અરે, કોઈ પૂછો તો ખરા, વાત શું છે? કંઈ ગરબડ લાગે છે.' શિપ્રામાસીએ કહ્યું.

'કોણ પૂછશે?' રજ્જીમામાએ કહ્યું, 'એ લોકો તો કંઈ બોલતા જ નથી.'

કમલા આન્ટીના ચહેરા ઉપર ચિંતા છવાઈ ગઈ. દસ મિનિટ પસાર થઈ ગઈ.

'શું ચાલી રહ્યું છે?' અનન્યાએ પૂછયું.

મેં ઈશારાથી, મને કંઈ ખબર નહીં હોવાનું જણાવ્યું. શિપ્રામાસીએ જુવાનિયાઓને પાછળ ખસી જવા જણાવ્યું. તેમણે બે હાથ જોડયા અને ડ્યૂકના પિતા પાસે ગયા. તેમણે મોં ફેરવી લીધું. હું અને અનન્યા થોડાંક પાછળ ખસી ગયાં. અમે વડીલોને જોઈ શકતાં હતાં, પણ તેમને સાંભળી શકતાં ન હતાં.

મારી મૉમ અને તેના બે ભાઈઓએ ડ્યૂકનાં પૅરન્ટ્સ આગળ હાથ જોડયા, કોઈ જમીનવિહોણા ખેડૂતની જેમ. થોડીક મિનિટો પછી ડ્યૂકની એક આન્ટીએ મારી મૉમ સાથે વાત કરી.

મૉમે તેમની વાત ધ્યાનથી સાંભળી અને તે ડોકું ધુણાવતી હતી. ડ્યૂકનાં આન્ટીએ તેમની વાત પૂરી કરી કે મારી મૉમ તેનાં ભાઈ-બહેનોને મળી.

'આ તો બહુ વધારે પડતું નાટક છે, શું ચાલે છે તે મારે જાણવું પડશે.' અનન્યાએ કહ્યું.

મેં મૉમને બાજુમાં ખેંચી.

'આ તો સેન્ટ્રોની ગરબડ છે.' મૉમે કહ્યું.

'શું? તે ચાલુ નથી થતી?'

'ક્રિશ, સિરિયસ થા.'

'સૉરી, પણ શું થયું?'

'કંઈક ગેરસમજ થઈ છે. જ્યારે રજ્જીએ હ્યુન્ડાઈની ચાવીઓ આપી ત્યારે ડ્યૂકનાં માતાપિતાને એમ હતું કે હ્યુન્ડાઇ ઍસેન્ટ છે, પણ એ તો હ્યુન્ડાઈ સેન્ટ્રો નીકળી. ઍસેન્ટની કિંમત પાંચ લાખ છે, સેન્ટ્રો તો ખાલી ત્રણ લાખની જ આવે છે.'

'મને તો એમ હતું કે તે ગિફ્ટ છે.' અનન્યાએ કહ્યું.

જો અમારા કુટુંબની વાતો દરમિયાન મૉમને અનન્યાની વાત કહી હોય તો પણ તેના વિશે કંઈ ટિપ્પણી કરવાનો અત્યારે તેની પાસે સમય ન હતો.

'હા, પણ એ તો સરપ્રાઈઝ ન હતી?' મેં કહ્યું.

'ક્રિશ, તું શું એવું માને છે કે આ બર્થડે પાર્ટી છે? અહીં તો દરેકને સરપ્રાઈઝની ખબર હોય છે. ડ્યૂકનાં માતાપિતાએ તેમનાં સગાંવહાલાંઓમાં તો ઍસેન્ટની જાહેરાત કરી દીધી હતી. હવે

તેમને અપમાન થયાની અને છેતરાયાની લાગણી થાય છે.'

હાથીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યા પછી પણ લોકોને કેવી રીતે અપમાનિત થયાની લાગણી થઈ શકે તે અચરજભર્યું છે.

'હવે શું?' મેં કહ્યું.

'કંઈ નહીં. એ લોકો કહે છે, રજ્જી કાર નહીં બદલે ત્યાં સુધી લગ્ન નહીં.'

'તે લોકો એવું કરશે?' મેં કહ્યું.

'અરે, આટલું કરવામાં તો તે તૂટી ગયા છે, પણ તેનો છૂટકોય નથી ને? તેમણે એમને કાર બદલી આપવાનું વચન આપ્યું છે.'

'તો પછી કેમ તેઓ મોં ફુલાવીને બેઠા છે?' મેં કહ્યું.

'તેમને ગૅરન્ટી જોઈએ છે. ડ્યૂકના પિતા અત્યારે જ તે તફાવતની રકમ રોકડામાં માગી રહ્યા છે.'

'અત્યારે?' મેં કહ્યું.

અનન્યાની આંખોનાં ભવાં ખેંચાયેલાં જ રહ્યાં. કેમ કે હવે કેવી પ્રતિક્રિયા આપવી તે તેને સમજાતું ન હતું

શિપ્રામાસીએ ફરીથી મૉમને બોલાવ્યાં અને વડીલો વચ્ચે ચર્ચા થઈ.

'આ ખરેખર સાચું છે? મારી તો છટકી છે.' અનન્યાએ કહ્યું.

'હું પણ આ વાતથી તારા જેટલો જ ચોંકી ગયો છું.' મેં કહ્યું.

અમે લેડીઝ બાર તરફ ગયાં. મેં બે મોકટેલનો ઑર્ડર આપ્યો.

'એ લોકો શું ચર્ચા કરે છે? એ લોકો પોલીસ કેમ બોલાવતા નથી?' અનન્યાએ કહ્યું.

'અનન્યા!' મેં કહ્યું, 'તું મૂરખ છે?' મેં તેને એક ગ્લાસ આપ્યો.

'ના, હું કેટલાક ક્રિમિનલ્સને જેલમાં મોકલવા માગું છું. શું તે મૂર્ખતા છે?'

'હા, જો તને મિન્ટિની આબરૂની પડી હોય, તો. બીજું, અત્યાર સુધી તેમણે જે ખર્ચ કર્યો તેનું શું?' મેં કહ્યું.

'એ વાતનું કંઈ નહીં કે તારી બહેન કેવા પાગલોના ઘરમાં જઈ રહી છે?'

'આવું બધું તો ચાલ્યા કરે. વડીલો તે પાર પાડશે.' મેં કહ્યું.

'આપણે આવા સમયે આપણા કુટુંબના લોકોની સાથે રહેવું જોઈએ.' અનન્યા બોલી અને તેણે તેનો ગ્લાસ નીચે મૂકી દીધો.

જ્યાં આ નાટક ચાલતું હતું ત્યાં અમે પાછાં ફર્યાં. રજ્જીમામાએ તેમનો ગુલાબી સાફો, ડ્યૂકનાં પૅરન્ટ્સના પગ આગળ મૂકી દીધો હતો. તેમણે તેમની અવગણના કરી. તેમણે ચેક આપવાની તૈયારી બતાવી. ડ્યૂકનાં પૅરન્ટ્સે તેનો પણ ઈનકાર કર્યો. રજ્જીમામાએ રોકડાં નાણાં માટે તેમના મિત્રોને ફોન કર્યા. કોઈ આટલી ટૂંકી નોટિસે આટલી મોટી રકમ આપી શકે તેમ ન હતા. દરમિયાનમાં, પાર્ટીમાં નવા નવા મહેમાનો આવી રહ્યા હતા. આ નવા મહેમાનો સામે, રજ્જીમામા તેમની પીડા સંતાડીને, મોં હસતું રાખીને તેમને ભેટતા હતા. દરમિયાનમાં મહિલામંડળે એક ભયાનક યોજના ઘડી કાઢી.

'જલદી કર, કવિતા, તારા દાગીના ઉતાર.' શિપ્રામાસીએ કહ્યું અને તેમનો પોતાનો નેકલેસ તેમણે કાઢી નાખ્યો. મારી મમ્મી પોતાની બંગડીઓ કાઢવા પ્રયત્ન કરી રહી હતી. કમલા અને રજનીમામીએ પણ તેમના દાગીના ઉતારી દીધા હતા.

શિપ્રામાસીએ તમામ ઘરેણાં એક પ્લાસ્ટિક બૅગમાં મૂકી અને તે રજ્જીમામાને આપતાં કહ્યું, 'આ તેમને આપી દે. જ્યાં સુધી કાર બદલવામાં ન આવે ત્યાં સુધી તે તેને રાખવાનું કહો.' રજ્જીમામા શિપ્રામાસીના પગે પડયા.

'તું ગાંડો થઈ ગયો છે? તું મારો નાનો ભાઈ છે. મિન્ટિ અમારી દીકરી છે.' શિપ્રામાસીએ કહ્યું. તમામ ભાઈ-બહેન રડી પડયાં. હજુ પણ સોફામાં સ્થિર બેઠેલા ડ્યૂકના પિતા તેમની આંખના એક ખૂણેથી અમારી બાજુ જોઈ રહ્યા હતા.

'હવે જા.' શિપ્રામાસીએ કહ્યું.

'પહેલા હું તેમને પૂછી આવું.' કહી રજ્જીમામા ડ્યૂકના પિતા પાસે ગયા.

'મારા માન્યામાં નથી આવતું.' અનન્યા બોલી.

'શ...શ... થોડીક વારમાં બધું બરાબર થઈ જશે.' મેં કહ્યું.

રજ્જીમામા ડ્યૂકનાં માતાપિતાને મળીને પાછા આવ્યા.

'શિપ્રાદીદી, એ લોકો આ વધારાનાં ઘરેણાં જામીનગીરી તરીકે સ્વીકારવા તૈયાર થયા છે.' રજ્જીમામાએ કહ્યું.

રજ્જીમામાએ શિપ્રામાસી પાસેથી બૅગ લીધી.

'અંકલ ઊભા રહો.' અનન્યા બોલી.

બધાની આંખો તેની તરફ વળી. આ તારું કામ નથી, એવું હું અનન્યાને કહેવા માગતો હતો.

અનન્યાએ કહ્યું, 'રજ્જીમામા, તમે એ લોકોને આ આપો એ પહેલાં હું કંઈક કહેવા માગું છું.'

'શું?' મૉમે આશ્ચર્ય સાથે અનન્યાને પૂછયું.

'આન્ટી, તમે વડીલોએ આ મુદ્દો હલ કરવા ઘણી બધી મિટિંગ કરી. શું જુવાનિયા કઝીન્સ ડ્યૂક સાથે વાત કરી શકે?' અનન્યાએ કહ્યું.

'અનન્યા, આ વડીલો વચ્ચેની વાત છે.' મેં કહ્યું.

'લગ્ન તો ડ્યૂકનાં છે. આપણે તેની સાથે વાત કરવી જોઈએ.' અનન્યા બોલી.

'હવે જ્યારે દાગીના તૈયાર છે, તો પછી શા માટે?' કમલામામી બોલ્યાં.

'પ્લીઝ અંકલ, શિપ્રામાસી પ્લીઝ. તેમાં નુકસાન શું છે?' અનન્યા બોલી. શિપ્રામાસીએ છેવટે તેને સંમતિ આપી.

ટિન્કિ, નિક્કી, રોહન, કિટ્ટુ, બિટ્ટુ અને અમે બધાં વડીલોથી દસ મીટર દૂર ખુરશીઓ ઉપર એક અલગ જુનિયર ગ્રૂપમાં બેઠાં. અનન્યા ડ્યૂકના ઘરવાળાઓ પાસે ગઈ અને વીસ વર્ષના એક છોકરાને પૂછયું, 'તું ડ્યૂકનો કઝીન છે?'

'હા, હું પ્રાંજલ.' તેણે કહ્યું.

'સરસ. તું ડ્યૂકના બધા કઝીન્સને બોલાવ અને ત્યાં મિન્ટિના કઝીન્સ પાસે લઈ આવ.' અનન્યાએ અમારા ગ્રૂપ તરફ ઈશારો કરતાં કહ્યું.

'આ શું ચાલી રહ્યું છે?' ડ્યૂકના પિતાએ કહ્યું.

'અંકલ, જુવાનિયા એક મિટિંગ કરવા માગે છે. કમઑન પ્રાંજલ, બધાંને જલદી બોલાવ.' અનન્યાએ કહ્યું.

'આ છોકરી કોણ છે?' ડ્યૂકની માતાએ પૂછયું.

'હું તેમની ફૅમિલી ફ્રૅન્ડ છું.' અનન્યાએ કહ્યું અને તે વરરાજા તરફ વળી અને કહ્યું, 'ડ્યૂક, તું અમારી સાથે જોડાઈશ?'

ડ્યૂકે અનન્યા તરફ મૂંઝવણભરી નજરે જોયું. તે ઊભો ન થયો ત્યાં સુધી અનન્યા બેચેન બનીને ડ્યૂક સામે તાકી રહી. પછી તેણે ડ્યૂકને તેની પાછળ પાછળ આવવા કહ્યું.

'ક્રિશ, મિન્ટિને અહીં બોલાવ.' અનન્યા બોલી.

'મિન્ટિ?' હું ગભરાયો.

'હું તેને બોલાવું છું.' કહીને ટિન્કિ અંદર દોડી.

૪૮

અમે મિન્ટિ અને ડ્યૂક સાથે ડઝન જેટલા જુવાનિયાઓનું એક સર્કલ બનાવ્યું. વડીલો દૂરથી શંકાની નજરે જોઈ રહ્યા અને શું ચાલી રહ્યું છે તે જાણવા આતુર હતા, પરંતુ અનન્યાએ એવી પાકી ગોઠવણ કરી હતી કે તમામ જુવાનિયાઓની પીઠ વૃદ્ધો તરફ હોય.

'આપણે આવું કરવા દેવું જોઈએ નહીં.' ડ્યૂકની મૉમે કહ્યું.

'અફકોર્સ ટુ મિનિટજી.' રજ્જીમામાએ કહ્યું અને ડ્યૂકનાં પૅરન્ટ્સની દરેક વાતમાં સંમત થયા.

'હેલ્લો એવરીવન.' અનન્યાએ કઝીન્સને કહ્યું. હું તેની બાજુમાં બેઠો હતો.

દરેક જણે ઢીલા અવાજે 'હાય' સાથે પ્રતિભાવ આપ્યો.

'શું તમે એવું માનો છો કે અહીં જે થઈ રહ્યું છે તે બરાબર છે?' અનન્યાએ પૂછયું.

ડ્યૂક અને તેના કઝીન્સ નીચું જોઈ ગયા અને તેમણે નજર મિલાવવાનું ટાળ્યું. મારા કઝીન્સ મિન્ટિની આસપાસ ગોઠવાઈ ગયા અને તેને શાંત પાડવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

રજ્જીમામા અને કમલામામી ડ્યૂકનાં પૅરન્ટ્સની સામે નિ:સહાય રીતે જોઈ રહ્યાં અને તે દરેકને અનન્યાની કૉન્ફરન્સમાં શું ચાલી રહ્યું છે તે જાણવું હતું. શિપ્રામાસી જુવાનિયાઓની આ બેઠકમાં આવ્યાં.

'તું શું કરી રહી છે?' શિપ્રામાસીએ અનન્યાને કહ્યું, 'જો તેઓ જતાં રહેશે તો મિન્ટિનું જીવન બરબાદ થઈ જશે.'

'હું એવું માનું છું કે જો તેઓ રોકાશે તો મિન્ટિનું જીવન બરબાદ થઈ જશે. આન્ટી, પ્લીઝ, અમને એકલા વાત કરવા દો. તમે એટલું પાકું કરો કે ડ્યૂકના પૅરન્ટ્સ વાતમાંથી ફરી ન જાય.' અનન્યાએ કહ્યું.

શિપ્રામાસીના ગયાં પછી અનન્યા ડ્યૂક તરફ વળી, 'યસ, યૂ. જો તું ઊભો થઈ શકતો હોય તો ઊભો થા.'

ડ્યૂક ઊભો થયો. તે અનન્યા કરતાં છ ઇંચ ઊંચો હતો અને તેનું વજન અનન્યાના વજન કરતાં બેગણું હતું. અલબત્ત, આ શારીરિક હકીકતો મારી પાગલ ગર્લફ્રૅન્ડના ધ્યાનમાં આવી ન હતી.

'તું શું કરે છે, ડ્યૂક?'

'હું સૉફ્ટવૅર એન્જિનિયર છું.' તેણે કહ્યું.

'તું કેટલા રૂપિયા કમાય છે?' અનન્યાએ કહ્યું.

ડ્યૂક ચૂપ રહ્યો.

'મને કહે.' અનન્યાએ મોટા અવાજે કહ્યું.

'મહિને દસ હજાર.' તેણે ભારેખમ પંજાબી લહેકાથી કહ્યું.

'ગ્રેટ, હું મહિને પચીસ હજાર કમાઉં છું. છતાં તું મને કહી શકે કે આટલા ભવ્ય લગ્નને શોભે એવું તેં શું કર્યું છે? તને કાર ગિફ્ટ આપવામાં આવે એવું તે શું મોટું કામ કર્યું છે?'

'હું... હું... હું... છોકરાવાળો છું.' ડ્યૂક થોથવાયો.

'તો? શું તેં મિન્ટિને જોઈ છે?' અનન્યાએ કહ્યું.

ડ્યૂકે ડોકું ધુણાવ્યું.

'તારા એરેન્જ્ડ મૅરેજ થયા છે, તેથી જ તને આવી છોકરી મળી છે. જો તારે તેને પટાવવાની હોત તો તું તારા સ્વપ્નમાં પણ આવી ગર્લફ્રૅન્ડનો વિચાર કરી શકે ખરો?'

ડ્યૂક ચૂપ રહ્યો અને વિચિત્ર લાગે તે રીતે ઊભો રહ્યો.

'શું?' અનન્યા બોલી.

'આ વધારે પડતું છે.' ડ્યૂકે કહ્યું.

'યુ આર રાઈટ.' અનન્યાએ કબૂલ્યું અને ડ્યૂક સામે ભરતનાટયમ્ શૈલીથી તાકી રહી. તે ફરીથી બોલી : 'તમારા આ લગ્ન કરાવવા માટે મિન્ટિનાં માતાપિતાએ શું શું કરવું પડયું એની તમને ખબર છે? મિ. ડ્યૂક, તે કારની કિંમત, તમારા અઢી વર્ષના પગાર જેટલી છે. આ બે પાર્ટી રાખવામાં તેમણે દેવું કરવું પડયું છે. હવે તારે ઍસેન્ટ જોઈએ છે? એ તારી ઍસેન્ટ નહીં હોય, એ તો પોતાની દીકરીના લગ્નને કૌભાંડમાં ફેરવવાનું નાટક નહીં ઈચ્છતા એક લાચાર પિતા પાસેથી પડાવેલી ઍસેન્ટ હશે.'

એક સાથે સમજવા માટે આ શબ્દો ઘણા વધારે હતા. તેના બાકીના કઝીન્સની જેમ જ, તે

શું કહી રહી છે તેના કરતાં વધારે તો અનન્યાના આત્મવિશ્વાસ અને કડકડાટ ઇંગ્લિશથી ડ્યૂક હતપ્રભ થઈ ગયો હતો.

'બેસી જા.' અનન્યાએ કહ્યું. ડ્યૂકે તરત જ તેનું પાલન કર્યું. અનન્યા દરેકની તરફ વળી, 'સાંભળો, ડ્યૂકનાં સૌ ભાઈ-બહેનો, કોઈ ઍસેન્ટ મળવાની નથી. વડીલોએ તેમનો ખરો રંગ બતાવી દીધો છે. હવે ડ્યૂક અને તમારો બધાનો વારો છે. જો તે મિન્ટિને સન્માનપૂર્વક લઈ જવા માગતો હોય તો તેણે આમ કહેવું જોઈએ. જો તેમ ન ઈચ્છતો હોય તો તે એક બબૂચક છે અને અમારે આ લગ્ન આગળ વધારવા નથી.'

'અનન્યા બેટા...' રજ્જીમામા અમારી પાસે આવ્યા કેમ કે અમારી જુવાનિયાની આ મિટિંગ લાંબી ચાલી.

'બસ, પતી ગયું, અંકલ.' અનન્યાએ કહ્યું 'પાંચ મિનિટ ડ્યૂક, નિર્ણય કર.'

અનન્યા સ્વામીનાથન, બ્રાન્ડ મૅનેજર HLL, MBA, IIMA અને સૌથી શ્રેષ્ઠ છોકરી અને મારા પોતાના મતે પણ મારી શ્રેષ્ઠ ગર્લફ્રેન્ડ, ડ્યૂકના પરિવારના જુવાનિયાઓને વિચારતા કરી મૂક્યા.

૪૯

ક્ષણો વીતવા માંડી તેમ કઝીન્સ ચૂપ થઈ ગયા. ડ્યૂક કંઈક કહેવા માગતો હતો, પરંતુ તેણે દૂરથી તેનાં માતાપિતાનાં ચઢેલાં મોં જોયાં અને ચૂપ રહ્યો. તે તેના કઝીન્સ સાથે ટોળે વળ્યો અને તેમણે એકબીજા સાથે ગુસપુસ કરી. તે ફરીથી ઊભો થયો અને ચાર મિનિટ પછી તેણે અનન્યાને કહ્યું. 'એક્સક્યુઝ મી, મૅડમ.'

'મારું નામ અનન્યા છે. બોલો, શું?'

'અમે વડીલોને મળવા જઈ શકીએ? મારે મારી મૉમ સાથે વાત કરવી છે.'

'શેના વિશે?' કહીને અનન્યાએ તેને રોક્યો.

'તમે આટલો બધો રૉફ કેમ મારો છો? મને જવા દો.'

'આપણે બધાં જઈએ.' અનન્યાએ કહ્યું.

બધા કઝીન્સ ખુરશી ઉપરથી ઊભા થઈ વડીલોની પાસે ગયા. ડ્યૂક તેની મૉમ પાસે ગયો.

'મમ્મી, મારે મિન્ટિ સાથે જ લગ્ન કરવાં છે.'

ડ્યૂકની મૉમે તેના દીકરા સામે પ્રશ્નાર્થભરી નજરે જોયું.

'પણ તેમણે આપણી સાથે દગો કર્યો છે, બેટા.' ડ્યૂકના પિતાએ કહ્યું.

રજ્જીમામા ફરીથી તેમના પગે પડયા. અનન્યાએ તેમને રોક્યા.

'ડૅડી, હું અત્યાર સુધી ચૂપ રહ્યો છું ખરું ને? બધું તમે જ નક્કી કર્યું છે. હવે એ જે કંઈ પણ હોય, મારાં લગ્ન બગાડશો નહીં.'

'બેટા, તેમણે આપણને વચન આપ્યું છે.' ડ્યૂકની મૉમ બોલ્યાં.

'મમ્મી, બસ, બહુ થયું. અને આ તેમનાં ઘરેણાં રાખવાનું નાટક શા માટે? તમે સમજો છો શું? હું મારી પોતાની કાર ખરીદી શકતો નથી?'

'પાંચ મિનિટ પૂરી થઈ ગઈ છે.' અનન્યાએ કહ્યું 'અમે પૅકઅપ કરીએ કે...'

'તું કેવી છોકરી છે? તું મને આ લોકોને સમજાવવાનો સમય પણ આપતી નથી?' ડ્યૂકે અનન્યાને કહ્યું.

ડ્યૂકના એક કાકા ઊભા થયા, 'લેટ્સ સ્ટાર્ટજી. આપણે આપણાં બાળકોની ખુશી છીનવી શકીએ નહીં. જયમાલા સૅરિમની માટે આમ પણ મોડું થઈ ગયું છે.'

'તેઓ તૈયાર છે?' રજ્જીમામાએ ડ્યૂકનાં માતાપિતા સામે હાથ કરીને કહ્યું.

'ચિંતા ન કરો. ગેરસમજ તો થાય. અમારે જિંદગીભરનો સંબંધ બગાડવાનો નથી.' ડ્યૂકના

અંકલ બોલ્યા અને તેમણે અન્ય તમામ સગાઓને ઊભા થવા ઈશારો કર્યો.

'બધાં આવી જાવ, નાસ્તાની મોજ માણો.' ડ્યૂકે કહ્યું. વેઈટર્સ ઉપર તૂટી પડવા માટે તેમના સંબંધીઓ માટે આટલો સંકેત પૂરતો હતો. ખાસ તો જ્યારે તેમાંના મોટા ભાગના લોકોને કાર સાથે કંઈ લેવાદેવા ન હોય ત્યારે! પંજાબીઓને લગ્નમાં ભોજનથી દૂર રાખવા એ સૌથી મોટી ક્રૂરતા છે.

ડ્યૂકનાં માતાપિતાને અમારા પક્ષના માણસો ભેટયા. જોકે તેઓ સામે ભેટયા નહીં, પણ તેમણે અમને ધકેલી પણ ન દીધા. રજ્જીમામા મીઠાઈનું બૉક્સ લાવ્યા અને ડ્યૂકનાં માતાપિતાનાં મોંમાં એક ટુકડો મૂકી દીધો. ખાંડના પ્રવાહથી તેમની અભિવ્યક્તિમાં સુધારો થયો. DJના માણસોએ મ્યુઝિક શરૂ કર્યું. ફરીથી લગ્નની ધમાલ ચાલુ થઈ ગઈ.

બધાએ સોફા ખાલી કર્યા નહીં ત્યાં સુધી એક છોકરી બેસી રહી અને તે સ્ટેજ ઉપર ગઈ. તે એક સાઉથ ઈન્ડિયન છોકરી હતી કે જે છેક ચેન્નાઈથી મારી સાથે આવી હતી.

'અનન્યાએ ડ્યૂકને એવું તે શું કહ્યું?' શિપ્રામાસીએ મને પૂછયું. તેમણે તેમની બૅગ પાછી લીધી અને સૌને તેમના દાગીના પાછા આપ્યા. મેં મારા ખભા ઉલાળ્યા.

'બહુ ડાહી છોકરી.' કમલા આન્ટી અનન્યાને ભેટયાં, 'થૅંક્યુ, બેટા. તેં અમારી ઈજ્જત રાખી.'

'પણ મને એક વાત કહે, તું મહિને પચીસ હજાર રૂપિયા કમાય છે?' જે સવાલ દરેક જણ પૂછવા માગતું હતું એ રજની આન્ટીએ પૂછયો.

મારી મૉમ આવ્યાં અને તેમણે મલકાતાં મલકાતાં અનન્યા સામે જોયું, પણ કંઈ બોલ્યાં નહીં, પણ મને ખબર પડી ગઈ હતી કે તેનો શું અર્થ થાય.

જયમાલા દરમિયાન શિપ્રામાસીએ મારી મૉમને કહ્યું, 'તે એટલી ખરાબ પણ નથી.'

તેં બાજી જીતી લીધી છોકરી અને તને પણ એ વાતની ખબર છે. ડ્યૂક અને મિન્ટિ ઉપર ફૂલની પાંદડીઓ વરસાવતાં મેં અનન્યાને કહ્યું.

૫૦

'તો મૉમ.' મેં કહ્યું, 'હું કહેતો હતો કે...'

ત્યારે અમે રસોડામાં હતાં.

'તેં એ વાત ચાર વાર કહી. તારે હવે ખરેખર કંઈ કહેવું છે?' મૉમે કહ્યું. તેણે સ્ટવ ઉપરથી ઊકળી રહેલી ચા ઉતારી લીધી.

'અનન્યા, કાલે જવાની છે.' મેં કહ્યું.

'OK', તેણે મને ચાનો કપ આપતાં કહ્યું.

'મેં તેને જતાં પહેલાં આપણને મળવા ઘરે બોલાવી છે.'

'તો?' મારી મૉમે કહ્યું.

'અમારે તમારો નિર્ણય જાણવો છે.' મેં કહ્યું.

'નિર્ણય તો તારે લેવાનો છે.' તેણે કહ્યું.

'OK, પણ મારો નિર્ણય કરવામાં મહત્ત્વનો છે તારો અભિપ્રાય.'

'આ જ તો મોકાણ છે તારા MBA અને MBAના ભારેખમ શબ્દોની.' મારી મૉમે કહ્યું.

* * *

અનન્યા બપોર પછી ઘરે આવી. અમે ડાઈનિંગ ટેબલ ઉપર બેઠાં અને મારી મૉમે તડબૂચ સમાર્યું.

'તો મૉમ, માન્યામાં પણ ન આવે તેવું બન્યું. તારાં સગાંઓને અનન્યા ગમી છે. તો હવે

આપની પરવાનગી હોય તો હું તેની સાથે લગ્ન કરું?'

'તારે મારી પરવાનગીની જરૂર નથી.' મૉમે મને તડબૂચની ચીરીઓ આપતાં કહ્યું.

'પરવાનગી નહીં, મંજૂરી. અમને તારી મંજૂરી છે ને?' મેં કહ્યું.

તેણે અનન્યાને કેટલીક ચીરીઓ આપી.

'શું તારી હા છે?' મેં કહ્યું.

'કમલા આન્ટી અને રજ્જીમામાને તો તે બહુ જ ગમી છે.' મૉમે કહ્યું.

'આન્ટી, તમને હું ગમું છું? જો તમે સંમત ન હો તો મને કહેજો.' અનન્યાએ કહ્યું.

'અફકોર્સ, તું મને ગમે જ છે, બેટા.' મૉમે અનન્યાના માથા ઉપર તેમનો હાથ મૂકતાં કહ્યું, 'પણ બીજા લોકો પણ છે. તારા ફૅમિલીવાળા....'

'મારાં પેરેન્ટ્સને તો ક્રિશ બહુ જ ગમે છે!'

'હા, પણ આ પરિવારો એકબીજાંને ગમે છે કે કેમ? તમે બે ખુશ રહેશો, પણ અમારે લોકોએ તારા ઘરના વડીલો સાથે પણ મેળ કરવો પડશે ને. તને સાબરમતી આશ્રમ યાદ છે ને?'

'શાંતિ રાખ મૉમ. સમય જતાં બંને કુટુંબો નજીક આવી જશે.' મેં કહ્યું.

અનન્યાએ જતાં પહેલાં એક છેલ્લી વખત ડૅડનો મુદ્દો ફરી ઉખેળ્યો, 'ક્રિશના ડૅડ તૈયાર નહીં થાય?' અનન્યાએ પૂછયું.

મૉમના મોં પર કટાણું સ્મિત આવી ગયું, 'તે અમને ટીવી નથી જોવા દેતાં, ક્રિશ પોતાના માટે છોકરી પસંદ કરે તે તો દૂર રહ્યું. તો પણ વાંધો નહીં. મારાં ભાઈ- બહેન પૂરતાં છે. નહીંતર તો આ શક્ય જ નહીં બને.' મૉમે કહ્યું.

અનન્યાએ ડોકું ધુણાવ્યું. મારી મૉમ તેના રૂમમાં ગઈ અને સોનાની બે બંગડી લઈ આવી.

'ના, આન્ટી.' અનન્યાએ કહ્યું, ત્યાં તો મારી મૉમે તેના હાથમાં તે પહેરાવી દીધી અને તેના માથા ઉપર ચુંબન કર્યું.

હવામાં જાણે કે ગુલાબની પાંદડીઓની જેમ ખુશી ફેલાઈ ગઈ અને મેં જાણે કે હવામાં મુક્કા માર્યા.

* * *

'તો હવે પછીનું સ્ટેપ શું છે? લગ્નની તારીખ?'

હું અને અનન્યા, અમારી પોતપોતાની ઑફિસમાંથી લૉંગ-ડિસ્ટન્સ કૉલ પર વાત કરી રહ્યાં હતાં.

'તને ખબર છે, તારી મૉમ સાચાં છે. અહીં બહુ મોટો ગૅપ છે.' અનન્યાએ કહ્યું.

'શેનો ગૅપ?' મેં પૂછયું.

'મારાં પૅરન્ટ્સને તું ગમે છે અને તારી મૉમને હું ગમું છું, પણ તેઓ એકબીજાને ગમે છે કે નહીં તેનું શું? અમદાવાદમાં શું થયું હતું, યાદ છે?' અનન્યાએ કહ્યું.

'હા, પરંતુ...' મેં કહ્યું, 'અરે યાર... મને તો એમ કે બધું પતી ગયું.'

'ના, બંને પરિવારોએ ભેગા થવું પડશે. મારું માન, તે પ્રયત્ન કરવા જેવો છે. આપણે તેમને ભેગા કરીએ.' તેણે કહ્યું.

'ક્યાં? હું મૉમને લઈને ચેન્નાઈ આવું?' મેં કહ્યું.

'ના, જ્યાં કોઈનાં સગાં ન હોય તેવી કોઈ અલગ જ જગ્યાએ આપણે જઈએ.'

'ગુડ પૉઈન્ટ. મને કંઈક ગોઠવવા દે.' એટલું કહીને મેં ફોન મૂકી દીધો.

હું ફરી પાછો કામે લાગ્યો. સિટી બૅન્ક દિલ્હીમાં હજુ મને કોઈ ચોક્કસ ડિવિઝન કે બૉસ મળ્યા નહોતા. હું ઉપયોગી હોવાનો દેખાવ કરતાં, જુદા જુદા ડિપાર્ટમેન્ટમાં ફર્યા કરતો હતો. મને ક્રેડિટ કાર્ડ ડિવિઝનમાં થોડાક સમય માટે મૂકવામાં આવ્યો. મારે ક્રેડિટ કાર્ડ પ્રમોશન પ્લાન તૈયાર કરવાનો હતો, જેમાં મને કોઈ રસ ન હતો અને તેમાં મારી આવડત પણ ન હતી. મેં અમારા ક્રેડિટ કાર્ડના કસ્ટમર્સ ઑફર્સ માટેનું હાલનું બ્રોશર ખોલ્યું. અમારી પાસે ગોવાના પૅકેજ માટે સ્પેશ્યલ ડીલ હતી.

મેં ફોન ઉપાડયો અને ફરીથી અનન્યાને જોડયો, ‘ગોવા.’ મેં કહ્યું, ‘આપણે બધાં ગોવા જઈએ. બે પરિવારોને ભેગા કરવા માટે સી, સન ઍન્ડ સેન્ડથી વધારે સારું શું હોઈ શકે? બીજું, આપણને પણ મજા આવશે. શું કહેવું છે, જઈશું આવતા મહિને?’

‘એ એટલું સસ્તું નહીં હોય.’ તેણે કહ્યું.

‘શું પ્રેમ એ સૌથી શ્રેષ્ઠ ઈન્વેસ્ટમૅન્ટ નથી?’ મેં કહ્યું અને ટ્રાવેલ એજન્ટને ફોન કરવા માટે તેનું કાર્ડ શોધવા લાગ્યો.

એક્ટ-૫
ગોવા

'હું તને અત્યારથી જ કહી દઉં છું. મને તેની મા ગમતી નથી – ઉદ્ધત સ્ત્રી.' અમે ટૅક્સી સ્ટૅન્ડ ઉપર રાહ જોઈ રહ્યાં હતાં ત્યારે મૉમે કહ્યું. મૉમ અને હું, ગોવાના ડેબોલિમ ઍરપૉર્ટ ઉપર, અનન્યા અને તેનાં પૅરન્ટ્સ કરતાં બે કલાક વહેલાં પહોંચી ગયાં હતાં. બંને ફ્લાઈટ્સ વચ્ચે બને તેટલો ઓછો સમય રહે તેવો પ્રયત્ન મેં કર્યો હતો.

'એ ઉદ્ધતાઈ નથી.' મેં કહ્યું, 'એ લોકો શાંત માણસો છે.'

'તેમની વાતોમાં આવી જતો નહીં.' મૉમે કહ્યું.

'એવું કંઈ નથી. OK, અને હા, એ લોકો આવી ગયાં, જરા હસતું મોં રાખજે. OK?' મેં કહ્યું.

અનન્યાનાં પૅરન્ટ્સ અને મારી મૉમ, બીજી વખત સામસામે આવ્યાં.

'હેલ્લો, કવિતાજી.' અનન્યાના પિતાએ કહ્યું. તેમણે એકબીજાનું અભિવાદન કર્યું, દિલ્હી ઍરપૉર્ટ જેવું ઉષ્માભર્યું નહીં, તો સંપૂર્ણપણે ઠંડુંગાર પણ નહીં.

મેં એક ક્વૉલિસ કરી હતી. મેં અનન્યાની બૅગ્સ મુકાવવામાં ડ્રાઈવરને મદદ કરી. મારી મૉમે મારી સામે આંખો કાઢી.

'શું?' મેં કહ્યું.

તેણે તેનું માથું ધુણાવ્યું.

હું આગળ બેઠો. અનન્યાનું ફૅમિલી વચ્ચેની સીટમાં બેઠું.

'હું પાછળની સીટમાં બેસીશ.' મારી મૉમે કહ્યું.

'OK', અનન્યાની મૉમે કહ્યું.

મને આ છબરડો ધ્યાનમાં આવ્યો, 'ના, મૉમ, હું પાછળની સીટમાં બેસીશ.' મેં કહ્યું. મારી મૉમે તેમ કરવાની ના પાડી અને તે પાછળની સીટમાં બેસી ગઈ.

'પાર્ક હયાત.' મેં કહ્યું. ડ્રાઈવરે કારને દક્ષિણ ગોવા તરફ વાળી. મારી મૉમે તેની બૅગમાંથી પ્લાસ્ટિકનું એક પૅકેટ કાઢયું.

'આ, તમારા માટે.' કહી મૉમે એક સાડી અનન્યાની મૉમને આપી.

અનન્યાની મૉમે પાછળની તરફ ફરી 'થૅંક્યુ' કહીને પૅકેટ લઈ લીધું.

'એ ટસર સિલ્ક છે.' મારી મૉમે કહ્યું, 'હું આસામ ઍમ્પોરિયમમાંથી લાવી છું.'

'સાઉથમાં પણ સિલ્ક બહુ પોપ્યુલર છે. અમારી પાસે કાંજીવરમ સાડીઓ છે.' કહીને અનન્યાની મૉમે સાડી તેમની બૅગમાં મૂકી દીધી.

અમે રિસોર્ટ ઉપર પહોંચ્યાં. ત્યાં સુધી અમે ખાસ કંઈ વાતચીત કરી નહીં.

હોટલના સ્ટાફે ફૂલોની માળા તથા ફ્રૂટ-પંચના વેલકમ ડ્રિન્ક દ્વારા અમારું સ્વાગત કર્યું. અમારામાંથી કોઈ આ અગાઉ ફાઈવસ્ટાર હોટલમાં રહ્યું ન હતું.

'આ તો બહુ મોંઘી હશે ને?' મારી મૉમે કહ્યું.

'તેમણે મને સસ્તામાં આપ્યું છે. મેં તેમને વચન આપ્યું છે કે સિટી બૅન્કની એન્યુઅલ કૉન્ફરન્સ અહીં ગોઠવવાની હું વ્યવસ્થા કરીશ.' મેં કહ્યું.

'વેલકમ, મિસ્ટર ક્રિશ, તમારા માટે બે ગાર્ડન વ્યૂ રૂમ્સ બૂક કરેલા છે.' રિસેપ્શનિસ્ટે કહ્યું, 'અને આપના માટે સારા સમાચાર એ છે કે એક રૂમ માટે અમે વધારે મોટા, સી-વ્યૂ રૂમમાં અપગ્રેડ કરી આપવાની ઑફર કરીએ છીએ.'

'વાઉ!' અનન્યાએ કહ્યું, 'હું ક્યારેય સી-વ્યૂ રૂમમાં રહી નથી.'

જોકે, મારે અને અનન્યાને સાથે રહેવાનું ન હતું. હું મારી મૉમ સાથે રહેવાનો હતો. જ્યારે અનન્યા તેનાં માતાપિતા સાથે રહેવાની હતી અને એ લોકો ત્રણ હતાં, તેથી એ લોકો માટે મોટા રૂમની મેં પસંદગી કરી.

'અનન્યા, તમારું ફૅમિલી મોટો રૂમ લઈ શકે છે. હું અને મૉમ બીજા રૂમમાં રહીશું.' મેં કહ્યું.

બેલ-બૉયઝ અમારા રૂમમાં લગેજ લઈ આવ્યા, 'સરસ જગ્યા છે ને?' ગાર્ડન પાસેથી પસાર થતાં મેં મારી મૉમને કહ્યું. મારી મૉમે કંઈ જવાબ આપ્યો નહીં.

'બધું ઠીક તો છે ને?' મેં કહ્યું.

મારી મૉમે ધીમેથી ડોકું ધુણાવ્યું. અમે રૂમમાં પહોંચ્યાં ત્યાં સુધી તે ચૂપ રહ્યાં.

'એ લોકો બહુ ઉદ્ધત છે.' મૉમે કહ્યું.

'કોણ? હોટલનો સ્ટાફ?' મેં કહ્યું અને ગાર્ડન વ્યૂ જોવા માટે મેં પડદા હટાવ્યા.

'શટઅપ, આ લોકો જેમને તું તારા સાસુ-સસરા બનાવવા માગે છે. સાસરીવાળા આવા હોય? તેઓ તેમના જમાઈ પાસે સામાન ઉપડાવે?'

'અરે! ક્યારે?' મેં કહ્યું.

'ઍરપૉર્ટ ઉપર. તને તો એ સમયે એ ભાન પણ નથી કે તું તેમનો નોકર બની ગયો છે.'

'હું...' મેં કહ્યું. હું જવાબ શોધતો હતો, 'હું મદદ કરવા માગતો હતો.'

'નોનસેન્સ અને તેમણે સી-વ્યૂ રૂમ કેમ લીધો? આપણે છોકરાવાળા છીએ.'

'એ લોકો વધારે માણસો છે. બીજું તને શું ફેર પડે છે? આ ગાર્ડનવ્યૂ સરસ નથી?'

'એ જે કંઈ હોય, પણ તેમની સૌથી મોટી તેં ભૂલ જોઈ?' તેણે કહ્યું.

'શું?'

'એ લોકો કંઈ લાવ્યા જ નથી. મેં તેમની દીકરીને બે બંગડીઓ આપી. તેમને કંઈ શરમ જેવું જ નથી.'

પંજાબી રિવાજો મુજબ તો, અનન્યાનાં માતાપિતાએ ફોજદારી ગુનો કર્યો હતો. તેઓ છોકરીવાળાઓને મળે ત્યારે ક્યારેય ખાલી હાથે જતા નથી.

'અને મેં તેમને બે હજાર રૂપિયાની સિલ્કની સાડી આપી તોય તેમણે કંઈ વખાણ પણ કર્યાં નહીં.'

'તેમણે તે વખાણી હતી.'

'ના, એ તો એમની દક્ષિણની સાડીઓની બડાશ હાંકતાં હતાં.' મૉમે મોઢું મચકોડયું.

લગ્ન કરવા અંગે આ એક બહુ મોટી સમસ્યા છે. છોકરાએ સાડીઓ અને સોના વિશેની ચર્ચામાં જોડાવું જ પડે છે.

'મૉમ, આપણે અહીં તેમનો પરિચય કરવા આવ્યાં છીએ, પ્લીઝ, તેમના વિશે અત્યારથી અભિપ્રાય બાંધી ન લઈશ અને હા, હવે ડિનર માટે તૈયાર થઈ જા.'

'આમેય તું તો તેમનો જ પક્ષ લેવાનો છે. તું ખરેખર ફસાઈ ગયો છે.' તે બબડયાં, 'મૂરખ છોકરો, પોતાની કિંમત પણ સમજતો નથી.'

૫૨

બૂફે ડિનર કરતાં ભાગ્યે જ બીજી કોઈ બાબત, પંજાબીઓ અને તમિલો વચ્ચેના ભેદ બહાર લાવે છે. તમિલો માટે તો તે અન્ય કોઈ ભોજન જેવું જ ભોજન હોય છે. એ લોકો સૌથી પહેલા વ્હાઈટ રાઈસ અને ત્યાર પછી દાળ અને દહીં લેશે અને ત્યાર પછી રાઈના નાના નાના દાણા જેવું અથવા નાળિયેર કે લીમડાનાં પાન હોય તેવી કોઈ પણ વાનગી ઉપાડશે.

પંજાબીઓ માટે ખોરાક, સંગીતની માફક ભાવનાત્મક પ્રતિભાવ જગાવે છે અને બૂફેમાં ઉપલબ્ધ ડીશોની હારમાળા, ફિલહાર્મોનિક ઓરકેસ્ટ્રા જેવી હોય છે. તેની પાછળનો ખ્યાલ, એક જ પ્લેટમાં આવી શકે તેવી વધુમાં વધુ કૅલરી લેવાનો હોય છે, કારણ કે મોટા ભાગના પાર્ટી કેટરર્સ વપરાયેલ ડીશોની સંખ્યાને આધારે ચાર્જ કરતા હોય છે. ઉપરાંત મારી મૉમે મને બાળપણથી સમજાવ્યું છે તેમ, જે ઘરે સહેલાઈથી બનાવી શકાય તેવી અથવા તો જેમાં બહુ સસ્તી વસ્તુઓ વપરાઈ હોય તેવી વાનગી ક્યારેય લેવી નહીં. તેથી પીળી દાળ, કંટાળાજનક ગોબી

આલુ કે ગ્રીન સલાડ લેવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. ચિકન ઉપર, જેમાં સૂકો મેવો નાંખેલો હોય તેવી વાનગીઓ અને અદ્ભુત ડેઝર્ટ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવાનું.

'મૉમ, અહીં એકથી વધુ ડીશ લઈ શકાય.' મેં કહ્યું અને તેણે મારી પ્લેટમાં બટર-ચિકનના ત્રણ સર્વિંગ ઠાલવ્યા.

'ખરેખર? કોઈ ઍક્સ્ટ્રા ચાર્જ નહીં થાય?' તેણે પૂછયું.

અમે અમારા ટેબલ ઉપર પાછાં આવ્યાં, 'તમે તો રાઈસ પણ લઈ લીધા?' મૉમે કહ્યું.

તેમણે ચમચા વડે ખાતાં ખાતાં ડોકું ધુણાવ્યું. દહીં અને દાળ મિક્સ કરેલા રાઈસના કોળિયા ભરવા તેમની આંગળીઓ થનગની રહી હતી. મારી મૉમને આઘાત ન લાગે તે માટે અનન્યાએ તેના પૅરેન્ટ્સને આદિવાસીની જેમ નહીં વર્તવાનું જણાવ્યું હતું.

'ચિકન બહુ સરસ છે. તમે ચાખ્યું?' મારી મૉમે પૂછયું અને તેમને ઑફર કરવા માટે એક પીસ ઉપાડયો.

'અમે શાકાહારી છીએ.' અનન્યાનાં મૉમે ઠંડકથી જવાબ આપ્યો ત્યારે ચિકનનો પગ વચ્ચે હવામાં લટકી રહ્યો હતો.

'ના હોય?' મારી મૉમે કહ્યું.

'કંઈ વાંધો નહીં, આન્ટી. હું ચાખીશ.' અનન્યાએ કહ્યું.

અમે એટલા ચૂપચાપ જમ્યા કે અમારો ચાવવાનો અવાજ સંભળાતો હતો.

'અમ્મા, સમથિંગ સમથિંગ.' અનન્યા તમિલમાં બોલી અને તેમને કંઈક વાત કરવા જણાવ્યું.

'તમારા પતિ આવ્યા નહીં?' અનન્યાની મૉમે પૂછયું.

'ના, તેમને ઠીક નથી. ડૉક્ટરે તેમને વિમાનનો પ્રવાસ કરવાની ના પાડી છે.' મૉમે કહ્યું.

'દિલ્હીથી ગોવાની ટ્રેન છે.' અનન્યાના ડૅડે જાણકારી આપી. અનન્યાએ તેના પિતા તરફ વેધક નજરે જોયું અને તે પાછા ખાવામાં પડી ગયા.

'અમે ટ્રેનમાં ફરતા નથી.' મારી મૉમે કહ્યું. અલબત્ત, તે જૂઠું બોલતી હતી. તે શા માટે આવું કરે છે તેની મને ખબર નથી પડતી.

મારી મૉમે ચાલુ રાખ્યું, 'હકીકતમાં પંજાબીઓ બહુ વિશાળ દિલના હોય છે. અમે સારી રીતે રહીએ છીએ. અમે જ્યારે કોઈને મળીએ છીએ ત્યારે સરસ મજાની ગિફ્ટ્સ આપીએ છીએ.'

'મૉમ, તમારે ડેઝર્ટ જોઈએ? મેંગો આઈસક્રીમ છે.' મેં કહ્યું.

તેણે મારી અવગણના કરી, 'હા, અમે ક્યારેય કોઈને ખાલી હાથે મળતા નથી અને છોકરાવાળાઓને ખાલી હાથે મળવાનું તો અમારે ત્યાં વિચારી જ ન શકાય.' મારી મૉમે કહ્યું અને મેં ધીમેથી તેનો પગ દબાવ્યો.

'OK, મેં આવતી કાલે સાઈટસીઇંગ માટે કાર બૂક કરાવી છે. સાત વાગ્યા સુધીમાં કૉફી શૉપમાં આવી જજો.' મેં કહ્યું.

'ઈલ્લા સાઈટસીઇંગ.' અનન્યાની માતા બબડયાં.

'શ્યૉર, અમે આવી જઈશું.' અનન્યાએ કહ્યું.

અનન્યા અને હું પાર્ક હયાતના પ્રાઈવેટ બીચ ઉપર પૉસ્ટ-ડિનર વૉક માટે નીકળ્યાં.

'મારાં પૅરન્ટ્સ નારાજ છે.' અનન્યાએ કહ્યું, 'તારી મૉમે આ રીતે વાત ન કરવી જોઈએ.'

અમારી સામે ઘણાં ટૂરિસ્ટ કપલ્સ હાથમાં હાથ પકડી ચાલતાં હતાં અને દરિયાનાં મોજાં કિનારે અથડાતાં હતાં. મને ખાતરી હતી કે તે બધાં તેમના ભાવિ 'ઈનલૉઝ'ના મૂડ સ્વિંગ્સ વિશે તો વાતો નહીં જ કરી રહ્યાં હોય.

'તારાં પૅરન્ટ્સે આ રીતે વર્તવું જોઈએ નહીં.' મેં કહ્યું.

અમે ભારતના એક શ્રેષ્ઠ રોમૅન્ટિક સ્થળે, અમારા લગ્ન અંગેના સૌપ્રથમ વિવાદની વાત કરી રહ્યાં હતાં. ઈન્ડિયન લવમૅરેજમાં દરેક જણ સંમત થાય ત્યાં સુધીમાં લવ જેવું કંઈ બાકી રહેતું હશે કે કેમ તે વિશે હું વિચારતો હતો.

'એ લોકો આના કરતાં પણ વધારે સારી રીતે કેવી રીતે વર્તે?' તેણે કહ્યું.

'જો, હું તને કહું, પણ તારે બરાબર હું કહું તેમ જ કરવું પડશે.' મેં કહ્યું.

‘જો તે વાજબી હશે તો.’ મારી સ્માર્ટ ગર્લફ્રેન્ડે કહ્યું.

‘સ્ટેપ વન, મારી મૉમને કોઈ મોંઘી ગિફ્ટ આપો.’

‘ખરેખર?’

‘હા, સ્ટેપ ટુ, કાલે જ્યારે આપણે ગોવામાં ફરવા જઈએ ત્યારે હંમેશાં પૈસા ચૂકવવાની તૈયારી બતાવો.’

‘બધે જ ઠેકાણે?’

‘હા, રેસ્ટોરન્ટ, ટૅક્સી કે બીજે ગમે ત્યાં અને જ્યારે તમે ઑફર કરશો ત્યારે તે ના પાડશે. આગ્રહ કરવાનો, જરૂર પડે તો તેને પૈસા આપતી રોકવા માટે તેનું પર્સ ખેંચી લેવાનું, પંજાબીઓમાં આમ કરવું બરાબર ગણાય છે, અરે એ તો પ્રેમભર્યું ગણાય!’

અનન્યાની આંખો પહોળી થઈ ગઈ.

‘સ્ટેપ થ્રી, જ્યારે આજુબાજુ બધાં હોય ત્યારે મને કશું પણ કામ નહીં કરવા દેવાનો. જેમ કે નાસ્તાના ટેબલ ઉપર તારી મૉમને મારા માટે ટોસ્ટ લાવવાનું કહેજે.’

તેણે સુસવાટો કર્યો.

‘મારી મૉમ આવી બધી અપેક્ષા રાખે છે એટલે હું કહું એમ કરો.’ મેં કહ્યું

તેના ચહેરા ઉપર ઈનકાર હતો.

‘હું વિનંતી કરું છું.’ મેં કહ્યું.

‘બીજું કંઈ?’ તેણે કહ્યું.

‘હા, સ્ટેપ ફોર, બીચ ઉપર મને પ્રેમ કરવાનો.’

‘નાઈસ ટ્રાય, પ્રિટી પંજાબી બૉય, પણ સૉરી, અત્યારે આપણે ફિનિશ લાઈન ક્રૉસ કરીએ નહીં ત્યાં સુધી કંઈ થવાનું નથી.’

‘અનન્યા, કમઑન.’ મેં તેને સમજાવવાનો આગ્રહ કર્યો.

‘આપણે આપણા ઘરવાળાઓની સ્થિતિ સુધારવાની છે. હું એટલી બધી ટૅન્શનમાં છું કે તેના સિવાય બીજું કંઈ જ વિચારી શકતી નથી.’

‘OK, જો આવતી કાલનો દિવસ સારો જાય તો પછી આપણે બીચ ઉપર તેમ કરી શકીએ ને? આપણે તેને ‘ઑપરેશન બીચ પેશન’ નામ આપીએ.’

‘એ પછી જોઈશું. બીચ પેશન!’ તે મલકાઈ અને હળવેકથી મારા માથા સાથે તેનું માથું અથડાવ્યું, ‘આપણે પાછાં જઈએ, મારા ડૅડ મારી રાહ જોઈ રહ્યા હશે.’

ગોવાની ડે ટૂર કોઈ પણ જાતની આતશબાજી વગર પસાર થઈ. તેનું મુખ્ય કારણ એક મૈત્રીપૂર્ણ ગોઅન ટૂર ગાઈડની હાજરીનું હતું. અમે ગોવાના સૌથી જૂના ચર્ચ એવા બૉમ જિસસ બેસિલિકા ખાતે ગયાં.

ગાઈડે કહ્યું, ‘તમે જેને પ્રેમ કરતાં હો તેની સાથે મીણબત્તી પ્રગટાવો.’ મારી મૉમ અને અનન્યા વચ્ચે મારે પસંદગી કરવાની હતી! આ ટ્રીપ જે રીતે સંવેદનશીલ હતી તે જોતાં મેં મૉમની પસંદગી કરી. અમે ફિલ્મ એક દૂજે કે લિયેના એન્ડિંગ સીનના સ્થળે, ડોના પૌલાની પણ મુલાકાત લીધી.

‘ફેમસ મૂવી. શૉટ હિયર, નૉર્થ ઈન્ડિયન બૉય, સાઉથ ઈન્ડિયન ગર્લ. ડિફિકલ્ટ ટુ ગેટ એલોન્ગ, સો ધે ડાય.’ ગાઈડે કહ્યું.

‘એ સિવાય બીજું શું થાય?’ મારી મૉમે કૃત્રિમ હાસ્ય કર્યું, પણ મેં તે વાત જવા દીધી.

અનન્યાનાં માતાપિતા પંજીમમાં શૉપિંગ માટે રોકાયાં.

અમે અનન્યાનાં પૅરન્ટ્સને ડિનર ઉપર મળ્યાં. પાર્ક હયાત ખાતે પૅકેજના ભાગરૂપે બૂફે મીલ્સ આપવામાં આવતા હતા. એ લોકો ત્રણ મોટી મોટી બ્રાઉન બૅગ્સ સાથે કૉફી શૉપ પર આવ્યાં.

'કવિતાજી, આ તમારા માટે છે.' અનન્યાના પિતાએ એ બૅગ્સ મારી મૉમને આપી.

'ના, ના, આ બધાની શી જરૂર હતી?' મારી મૉમે ગિફ્ટ લેતાં લેતાં મૂર્ખામીભર્યું કૃત્રિમ હાસ્ય કર્યું. પહેલી બૅગમાં ત્રણ સાડી હતી. બીજી બૅગમાં મારા માટે ચાર શર્ટ હતાં અને ત્રીજી બૅગમાં મીઠાઈઓ, નાસ્તા અને ગોવાના કાજુ હતા.

મેં અનન્યા સાથે બૂફે કાઉન્ટર્સની લટાર મારી.

'આટલું પૂરતું છે કે તેમને હજુ વધારે જોઈએ છે?' અનન્યા બોલી.

'આ તો બહુ સરસ છે. બસ, આ જ વાત કામ કરી જશે!' મેં તેને ખાતરી આપી.

અમે બધાં ટેબલ ઉપર બેઠાં અને ચૂપચાપ જમ્યાં. મને અનન્યાના ફૅમિલી સાથે જમવામાં હંમેશાં બીક લાગતી હતી. કેમ કે તેઓ શોકમાં બેઠા હોય તે રીતે ભોજન લેતાં હતાં. જો મને વાતચીતની ગેરહાજરી વિચિત્ર જણાતી હતી, તો મારી મૉમને એ વાતની નફરત હતી. તે ઘણી વખત ઊંચાંનીચાં થયાં. ભોજન વખતે એકમાત્ર અવાજ કટલરી વાસણો સાથે અથડાય તેનો જ હતો.

પાંચ મિનિટ પછી મારી મૉમે કહ્યું, 'જુઓ તો ખરા, સમય કેવો બદલાઈ ગયો છે? આપણાં છોકરાં નક્કી કરે અને આપણે એકબીજાંને મળીએ છીએ.'

'હા, પહેલા તો અમને પણ બહુ આંચકો લાગ્યો હતો, પણ ક્રિશ ચેન્નાઈમાં છ મહિના રહ્યો ને અમને તેનો પરિચય થયો. અમને વાંધો ન હતો.' અનન્યાની મૉમે તેમના સાહસિક કડક અવાજે કહ્યું.

'શેનો વાંધો હોય? તમારે તો જલસા થઈ ગયા. તમને એના જેવો ભણેલોગણેલો છોકરો ક્યાં મળવાનો?' મારી મૉમ બોલ્યાં. મેં મનોમન પ્રાર્થના કરી કે અનન્યાની મૉમ વળતો પ્રહાર ન કરે તો સારું. પણ તેમણે વળતો પ્રહાર કર્યો જ.

'એવું નથી, અમને પણ ભણેલાગણેલા છોકરા મળે છે. તમિલો ભણતરને બહુ મહત્ત્વ આપે છે. તેના બધા કાકા એન્જિનિયર કે ડૉક્ટર છે. અનન્યાને અમેરિકાથી ઘણાં માંગાં આવ્યાં હતાં.'

'હા, પણ એ બધા છોકરા શ્યામ હશે. કોઈ ક્રિશ જેટલો રૂપાળો નહીં હોય. દેખાવમાં તો પંજાબીઓને કોઈ ન પહોંચે.' મારી મૉમે કહ્યું, તેના અવાજમાં કોઈ દેખીતો દ્વેષ ન હતો.

'મૉમ, આજે જુદું ડેઝર્ટ છે.' મેં ઉધરસ ખાતાં કહ્યું, 'તને બ્રેડ પુડિંગ ભાવે છે ને?'

'અને મારા ભાઈઓ પણ સારા ગોઠવાયેલા છે.' મારી મૉમે તો બોલવાનું ચાલુ રાખ્યું.

'અનન્યાને પૂછો તો ખરા, તેણે કેવાં લગ્ન જોયાં! તેમણે વરરાજાને સેન્ટ્રો આપી. તમે મારા છોકરાને ભલે ફસાવી લીધો, પણ એનો અર્થ એવો નથી કે તેની કંઈ કિંમત નથી.'

અનન્યાને હેબતાઈ ગયેલી જોઈ ત્યારે મેં આ બાબતની જવાબદારીના અસ્વીકારમાં મારું ડોકું ધુણાવ્યું.

'અમે કોઈને ફસાવ્યા નથી.' છેવટે અનન્યાની મૉમ બોલ્યાં.

'એ અમારા ઘરે આવતો હતો. અમે સારા માણસો છીએ તેથી ના ન પાડી શક્યાં.'

'મૉમ.' અનન્યાએ કહ્યું.

'હું શા માટે ચૂપ રહું અને ખોટા આક્ષેપો સાંભળી રહું? આપણે કોઈને ફસાવ્યા નથી. શું આપણે સહન નથી કરી રહ્યા? આપણે સૌ જાણીએ છીએ કે ક્રિશના પિતા આ લગ્નનો વિરોધ કરી રહ્યા છે. આપણાં સગાં-સંબંધીઓ પૂછશે તેમ છતાં આપણે તે સ્વીકારી રહ્યા છીએ.' અનન્યાની મૉમે કહ્યું.

'તમે શું સ્વીકારી રહ્યા છો? તમે તો મારા છોકરાને લાયક પણ નથી.' મારી મૉમે સ્પષ્ટ અને ઊંચા અવાજે કહ્યું.

'પ્લીઝ, બૂમો ન પાડો. આપણે ભણેલાંગણેલાં માણસો છીએ.' અનન્યાના પિતાએ કહ્યું.

‘તમે એવું કહેવા માગો છો કે અમે ભણેલાં-ગણેલાં નથી?’ મારી મૉમે પડકાર ફેંક્યો.

‘તેમનો અર્થ “આપણે” એટલે કે “આપણે બધાં” એવો હતો, ખરું ને અંકલ? આપણે બધા ભણેલાંગણેલાં છીએ.’ હું ઉતાવળે વચ્ચે પડયો.

‘તું તેમનો જ પક્ષ લેવાનું ચાલુ રાખીશ અને તારી મૉમનું અપમાન થાય ત્યારે તાળીઓ પાડીશ?’ મારી મૉમે પૂછયું.

‘અરે હોય કંઈ, મૉમ.’ મેં કહ્યું અને મને આશ્ચર્ય થયું કે મેં કોઈનો પક્ષ લીધો કહેવાય, ‘હું એવું ન કરું.’

અનન્યાના ફૅમિલીએ એકબીજાં સાથે તમિલમાં વાત કરી. વિશેષ કરીને અંકલ ઘણા તકલીફમાં જણાતા હતા અને તે હાંફતા હોય તેમ શ્વાસ લઈ રહ્યા હતા.

‘મારા ડૅડને અત્યારે ઠીક નથી. અમે અમારા રૂમમાં પાછાં જઈએ છીએ.’ અનન્યા બોલી.

મેં ચિંતાજનક રીતે તેમની સામે જોયું.

‘ક્રિશ, આપણે પછી મળીએ.’ અનન્યાએ ઉમેર્યું.

‘મૉમ.’ તેમના ગયા પછી મેં વિરોધ કરતાં કહ્યું.

‘શું? બ્રેડ પુડિંગ ક્યાં છે? ચાલ, આપણે તે ખાઈએ.’ તેણે કહ્યું.

મારી મૉમ અને હું રૂમમાં પાછાં આવ્યાં. તેણે એવો દેખાવ કર્યો કે જાણે કશું થયું જ નથી.

‘આ રિમોટ કેવી રીતે ચાલે છે? મારે મારી સિરિયલ જોવી છે.’ તેણે કહ્યું.

‘મૉમ, તારે ત્યાં સારી રીતે વર્તવાની જરૂર હતી.’ મેં કહ્યું.

મારી મૉમે શબ્દો વડે તેનો જવાબ આપ્યો નહીં, પણ અણુશસ્ત્રો વડે તેનો જવાબ આપ્યો. તેના ગાલ ઉપર આંસુ ટપકી રહ્યાં હતાં.

‘ઓહ, પ્લીઝ!’ મેં કહ્યું.

મારી મૉમે કોઈ જવાબ આપ્યો નહીં, પણ જેમાં એક પુત્ર પોતાનાં ઘરડાં માતાપિતાને ઘરની બહાર કાઢી મૂકે છે તેવી તેની પ્રિય સિરિયલ તેણે ચાલુ કરી. સિરિયલનાં પૅરન્ટ્સની સાથે તે રોવા લાગી, જાણે કે તેની અને એમની હાલત સરખી હોય! હા, ખરું, એ પાર્ક હયાતમાં રોકાઈ છે અને ડેઝર્ટમાં ચાર પ્રકારના આઈસક્રીમ અને બ્રેડ પુડિંગ ખાય છે, પણ અલબત્ત, તમામ દીકરાઓ જોરુ કા ગુલામ બનીને વિલન બની જાય છે.

‘જો તું આ બકવાસ સિરિયલ જોવાની હોય તો આપણે વાત નહીં કરી શકીએ.’ મેં કહ્યું.

‘આ બકવાસ નથી. આ સો ટકા વાસ્તવિકતા છે.’ તેણે વળતો જવાબ આપ્યો.

મેં ટીવી બંધ કર્યું. મૉમે તેના હાથ જોડયા, ‘પ્લીઝ, મારા ઉપર દયા કર.’ તેણે કહ્યું, ‘મને આમાં ન નાખીશ.’

ડોરબૅલ વાગ્યો. મેં દરવાજો ખોલ્યો. અનન્યા હતી. તેના ચહેરા પર પણ એટલા જ આંસુ હતાં. જ્યારે ઍસ્ટ્રોજન તમારી ઉપર બધી બાજુથી હુમલો કરે ત્યારે તમે ખાસ કંઈ કરી શકતા નથી.

‘શું થયું?’ મેં પૂછયું.

‘ડૅડને છાતીમાં દુ:ખે છે.’ અનન્યાએ ડૂસકાં ભરતાં કહ્યું.

‘ડૉક્ટર બોલાવું?’ મેં પૂછયું.

‘ના. હવે સારું છે, પણ તેમને કંઈક કરવું પડશે.’

‘શું?’ મેં કહ્યું.

‘તારાં મૉમ અંદર છે? હું તેમની સાથે વાત કરી શકું?’ તેણે કહ્યું.

‘શ્યૉર.’ હું પાછો ખસી ગયો.

અનન્યા અંદર આવી અને બેડ ઉપર બેઠેલી મૉમને તેણે કહ્યું.

‘આન્ટી, મને લાગે છે કે તમારે મારાં પૅરેન્ટ્સની માફી માગવી જોઈએ.’

‘હા, હંમેશાં મારો જ વાંક હોય છે ને.’ મારી મૉમે સપોર્ટ માટે મારી સામે જોતાં કટાક્ષ કર્યો.

‘આન્ટી, આ કાયમની વાત નથી. અમે આજે તમારા માટે ગિફ્ટ્સ ખરીદવા પંજીમમાં ચાર

કલાક ફર્યાં. ક્રિશે જે કંઇ પણ કરવાનું કહ્યું તે મારાં પૅરેન્ટ્સે કર્યું.'

'શું?' મારી મૉમ બોલ્યાં.

'આન્ટી, તમે તેમનું અપમાન કર્યું છે. તેમણે કોઈને ફસાવ્યો નથી. એ લોકો તો પહેલેથી જ ક્રિશના બહુ વિરોધી હતા અને હવે એમણે તેને સ્વીકારી લીધો છે, એમને સ્વમાનની પડી છે.'

'હું માફી માગવાની નથી...' મારી મૉમે વાત કરવાનું શરૂ કર્યું.

'OK, બહુ થયું.' મેં કહ્યું.

બંને મહિલાઓ મારી તરફ વળી.

'તારાં પૅરેન્ટ્સને અહીં બોલાવ.' મેં કહ્યું, 'આપણે સીધેસીધી વાત જ કરી લઈએ. દરેકેદરેકને ઠેસ પહોંચાડી છે.'

'ના, ક્રિશ. આજે મારાં પૅરેન્ટ્સે કંઇ જ કર્યું નથી.' અનન્યા બોલી. મારી મૉમ બાથરૂમમાં ગઈ.

'અનન્યા, તું સમજવાનો પ્રયત્ન કર.' મેં ધીમેથી કહ્યું, 'મારી મૉમને તું ભીંસમાં લે છે, તેનાથી પરિસ્થિતિ વણસશે. આપણે પરસ્પર માફી માગીએ.' મેં અનન્યાને દરવાજા સુધી મૂકવા જતાં કહ્યું.

'મને આ પસંદ નથી.' અનન્યાએ દરવાજા પાસે આવીને કહ્યું.

'દરેકને અહીં લાવ, પ્લીઝ.' મેં કહ્યું.

હું રૂમમાં પાછો આવ્યો. મૉમે મોઢું ધોઈ નાખ્યું હતું.

'મેં બધાંને અહીં બોલાવ્યાં છે. આપણે પેટછૂટી વાત કરી લઈએ.' મેં કહ્યું. તે ચૂપ રહી.

'શું છે મૉમ? કંઈક તો બોલ.' મેં કહ્યું.

અનન્યા તેનાં પૅરેન્ટ્સ સાથે આવે તે પહેલાં મારી મૉમ તેનો આક્રોશ ઠાલવે તેવું હું ઈચ્છતો હતો.

'તેં અનન્યાને જોઈ? તેં કોઈ છોકરીને તેની સાસુ સાથે આ રીતે વાત કરતાં જોઈ છે?' મારી મૉમે પૂછયું.

'તે હજી નાની છોકરી જેવી છે, હું કબૂલું છું.' મેં કહ્યું.

'મને તે માફી માગવાનું કહે છે. મિન્ટિ આ રીતે ડ્યૂકનાં મૉમ સાથે વાત કરે તેવી કલ્પના તું કરી શકે છે?'

'તે જુદા જ સ્વભાવની છે. તેનામાં આત્મવિશ્વાસ છે, તે સ્વતંત્ર અને બુદ્ધિશાળી છે, પણ તે કાળજી લે તેવી અને લાગણીશીલ પણ છે.'

'તે એટલી બધી બુદ્ધિશાળી છે કે એક સારી પુત્રવધૂ નહીં બની શકે.'

આ વાતનો જવાબ કેવી રીતે આપવો તેની મને ખબર ન પડી, પણ મારે તેને શાંત પાડવાની હતી, 'મૉમ, તે એટલી બધી બુદ્ધિશાળી નથી.' મેં તેને ખાતરી આપી, 'તે ઈકૉનૉમિક્સ ભણી છે, પણ એમાંય તેના કરતાં મારા વધારે માર્ક્સ આવ્યા.'

'આપણે પંજાબીઓમાં આવી વહુ નથી હોતી, પણ પછી ભલેને તે ગમે તેટલી ભણેલીગણેલી હોય. આપણે ત્યાં સીધીસાદી વહુ હોય છે.' મૉમે કહ્યું.

'તે આપણે પણ એવું જ રાખીશું.' મેં તેને શાંત પાડવા કહ્યું.

'તે કાબૂ બહાર છે.'

'મૉમ, તે અહીં તેનાં પૅરેન્ટ્સ સાથે આવી છે, પણ હું માત્ર તેની સાથે જ લગ્ન કરવાનો છું. એક વાર તે આપણા ઘરે આવી જાય પછી આપણે તેને કાબૂમાં કરી શકીએ. તેં જ તો કહ્યું હતું કે સાઉથ ઈન્ડિયન્સ ઢીલા અને ડરપોક હોય છે.' મારી મૉમ જે કંઈ સાંભળવા માગતી હતી તે બધું મેં કહ્યું.

'મારી પુત્રવધૂ મારી સામે ઊંચા અવાજે વાત કરે કે સામો જવાબ આપે તેવું હું ઈચ્છતી નથી. તે મારાથી દબાયેલી રહેવી જોઈએ.'

'ફાઈન, તેને તારું કહ્યું કરવાનું કહીશું.' મેં કહ્યું, 'પણ અત્યારે નૉર્મલ બની જા.'

'મેં તે સાંભળી લીધું છે.' અનન્યાએ લાલઘૂમ ચહેરા સાથે કહ્યું. અનન્યા તેનાં પૅરેન્ટ્સ સાથે

ઊભી હતી. મારી નાખ્યા, અનન્યાના ગયા પછી હું દરવાજો બંધ કરવાનું ભૂલી ગયો હતો.

'અનન્યા? તું અહીં આવી ગઈ તેનો મને ખ્યાલ ન હતો.' મેં કહ્યું.

'અને મને, હું શું કરી રહી છું તેનો ખ્યાલ ન હતો. તો મને લગ્ન પછી તમે કહો તેમ કરવાનું શીખવવામાં આવશે. વેલ ડન, ક્રિશ, આ માત્ર તમારા મૉમની જ નહીં, પરંતુ તારી પણ ઈચ્છા છે.' અનન્યાએ કહ્યું.

'અનન્યા, હું...' બંને મહિલાઓ આંખમાં આંસુગોળા ભરીને, તેમના અંતિમ લાગણીશીલ લેસરશસ્ત્રો છોડવાની તૈયારી સાથે મારી સામે તાકી રહી.

અનન્યાના ડૅડે તેમની પત્નીનો ખભો થપથપાવીને, ત્યાંથી વિદાય લેવાનો ઈશારો કર્યો.

'મેં મારાં પૅરન્ટ્સને એવું કહ્યું કે તારી મૉમ માફી માગશે, પણ અહીં તો વધારે મોટી યોજનાઓ ઘડવામાં આવી રહી છે.' અનન્યા બોલી અને તેનાં પૅરન્ટ્સ સાથે રૂમની બહાર નીકળી ગઈ.

હું બહાર દોડયો અને અનન્યા પાસે ગયો, 'ઊભી રહે, તમે લોકો ક્યાં જઈ રહ્યાં છો?'

'અમે થાકી ગયાં.' તેણે કહ્યું. તેના ધડકતા અવાજ છતાં તેના શબ્દો મક્કમ હતા.

'તું શું કહેવા માગે છે?'

'હવે વાત પતી ગઈ.' અનન્યાએ સ્પષ્ટતા કરી, 'તારી અને મારી વચ્ચેની વાત હવે પતી ગઈ.'

'શું? તું મારાથી છૂટી પડી રહી છે? અનન્યા, તું ગાંડી થઈ ગઈ છે? હું તો તેને સમજાવતો હતો કે જેથી તે શાંત થાય.'

'ક્રિશ, મને આ બધા કાવાદાવા ગમતા નથી અને કાવાદાવા કરનારા તો બિલકુલ ગમતા નથી.' બોલતાં બોલતાં અનન્યા રડી પડી.

અનન્યાના ડૅડ અમારી નજીક આવ્યા અને તેમણે અનન્યાનો હાથ પકડયો, 'આ બે કમ્યુનિટી વચ્ચેની વાત નથી. આ તો આપણે કેવા પ્રકારના લોકો સાથે રહેવા માગીએ છીએ તેની વાત છે.' તેમણે કહ્યું.

અનન્યાનું ફૅમિલી ચાલ્યું ગયું અને હું કૉરિડૉરમાં એકલો ઊભો રહ્યો ત્યારે મારા પગ નીચેથી ધરતી સરકી રહી હતી.

એ કહેવાની જરૂર નથી કે તે રાત્રે 'ઑપરેશન બીચ પેશન' અધૂરું રહી ગયું.

ધ ફાઈનલ ઍક્ટ

દિલ્હી અને ચેન્નાઇ અને દિલ્હી અને ચેન્નાઇ

ગોવાની ઘટના પછી હું વર્કાહોલિક બની ગયો એટલે કે દિવસના ચૌદ-ચૌદ કલાક ઑફિસમાં ગાળવા લાગ્યો. ઘરે પણ હું કામ કરવા માટે કંપનીનું લૅપટૉપ લઈને આવતો હતો. મેં મારા ટાર્ગેટ્સ કરતાં બે ગણું કામ પૂરું કર્યું, હું કોઈને હળતોમળતો પણ નહોતો. ફિલ્મો જોવા પણ જતો નહીં તેમ જ મેં રેસ્ટોરન્ટમાં જવાનું પણ બંધ કરી દીધું.

'તારું ભવિષ્ય બહુ ઉજ્જવળ છે.' મારા નવા બૉસ રણવિજયે મને કહ્યું.

જ્યારે સિટી બૅન્કને તમારું ભવિષ્ય ઉજ્જવળ દેખાય ત્યારે તેનો અર્થ એ થાય છે કે અત્યારે તમારું કોઈ વર્તમાન જીવન નથી. 'થૅંક્સ રણવિજય.' મેં કહ્યું.

'જોકે, તું દાઢી ન કરે તો ચાલે તેવું છે, પણ આ નવો દેખાવ કેમ? દાઢી વધારે છે? લાગે છે કે તારી તબિયત સારી નથી. તારા હેલ્થનું ધ્યાન રાખજે.'

પાછા આવ્યા પછી મેં અનન્યાને ફોન કરવા અનેક વખત પ્રયત્નો કર્યા હતા. જો હું ઘરે ફોન જોડું તો તેનાં પૅરન્ટ્સ તેને ફોન આપતાં ન હતાં. તેની ઑફિસમાં, રિસેપ્શનિસ્ટ મને એવું કહેતી હતી કે તે મિટિંગમાં છે. છેવટે જ્યારે હું તેનો સંપર્ક કરી શકતો ત્યારે તે કોઈ બહાનું કાઢતી હતી અને મારી સાથે વાત કરતી ન હતી. હવે તો અનન્યા પાસે સેલફોન હતો, પણ તેણે દિલ્હીનો કોઈ પણ કૉલ લેવાનું જ બંધ કરી દીધું હતું. એક દિવસ મારી ઑફિસમાં, સિટી બૅન્ક મુંબઈથી એક વિઝિટર આવ્યા. મેં તેમને વિનંતી કરી અને તેમના સેલફોનથી કૉલ કર્યો.

'હેલ્લો.' અનન્યાએ ફોન ઉપાડયો.

'હાય, ફોન કાપીશ નહીં. હું છું.' મેં કહ્યું.

'ક્રિશ, પ્લીઝ... આ કોનો ફોન છે?'

'મુંબઈ ઑફિસના એક કલીગનો. સાંભળ, આઈ એમ સૉરી, ફોર ધી ટેન્થ ટાઈમ. તારી રિસેપ્શનિસ્ટ તને કહેશે મેં અગાઉ કેટલા ફોન કર્યા છે.'

'ક્રિશ, માફી માગવાની આ વાત જ નથી.'

'તો પછી રિસાવાનું બંધ કર.'

'હું રિસાતી નથી. હું એ કરી રહી છું જેનાથી લાંબે ગાળે સૌને મહત્તમ ખુશી મળે.'

તેના આ કૉપોરેટ વિઝન ટાઈપના પ્રતિભાવનો જવાબ આપવા મેં માથું ખંજવાળ્યું, 'તારું અને મારું શું?'

'મારા પોતાના ખાતર, હું મારાં પૅરન્ટ્સનું નીચાજોણું થવા દઈ શકું નહીં.'

'હું તને યાદ આવતો નથી?' મેં કહ્યું.

તે ચૂપ રહી. મેં ફોન ચેક કર્યો. અમારા કૉલમાં ચાર મિનિટ થઈ હતી. મારે શા માટે તેમના ફોનનો ઉપયોગ કરવો પડયો તે જાણવા મારા કલીગે મારા તરફ મૂંઝવણભરી નજરે જોયું.

'અનન્યા? મેં કહ્યું, હું તને યાદ આવું છું?'

'એનો શું અર્થ? જેમ કે હું તને માફ કરી દઉં, તો શું ફેર પડશે? તારાં મૉમ બદલાશે? શું તેમનો મારા પ્રત્યેનો, સાઉથ ઈન્ડિયન્સ પ્રત્યેનો, છોકરીવાળાઓ પ્રત્યેનો પૂર્વગ્રહ બદલાશે?'

'તે આમ તો સારી છે, અનન્યા. મારું માન તેના દિલમાં પાપ નથી.' મેં કહ્યું.

'ઓહ, ખરેખર તો પછી તેં, તે વખતે તેમની પાસે મારા પૅરન્ટ્સની માફી કેમ ન મંગાવી?'

હવે ચૂપ રહેવાનો વારો મારો હતો.

'જોયું?' તેણે કહ્યું.

'મૉમ અત્યારની દરેક બાબત અંગે સંવેદનશીલ છે.' મેં કહ્યું.

'ના, વર પક્ષના હોવા વિશે તેના મનમાં ભૂસું ભરાઈ ગયું છે.'

મેં નિ:સાસો નાખ્યો, 'અનન્યા, નાસી જવાના આપણા પ્લાનનું શું થયું? મારી સાથે આવી જા.'

'ક્યાં? મારી પ્રેમાળ, હૂંફાળી સાસુ પાસે?' અનન્યા બોલી, 'ના, હું તો એવી જગ્યાએ

પરણવા માગું છું જ્યાં મારાં પૅરન્ટ્સ બરોબરી કરતા હોય.'

'તારે છોકરા તરીકે પેદા થવા જેવું હતું.' મેં કહ્યું.

'તું કેવી વાત કરે છે? જો મને તારી પડી ન હોત તો મેં ફોન કાપી નાખ્યો હોત.'

'તને મારી પડી છે કે નહીં? તું મને પ્રેમ નથી કરતી? શું આપણો પ્રેમ આ બધાથી ઉપર નથી?'

'ફાલતુ પ્રશ્નો પૂછીશ નહીં.' તેણે ભારે અવાજે કહ્યું.

'હું કંઈ કહી શકું? કંઈ પણ?' મેં હતાશાના સૂરમાં કહ્યું.

'મને ફરીથી ફોન કરતો નહીં. મને આમાંથી બહાર આવવામાં મદદ કર.' તેણે કહ્યું.

'આઈ લવ યુ.' મેં કહ્યું.

'બાય. ક્રિશ.'

* * *

હું ઘરે આવ્યો અને ટીવીની સામે બેઠો. નામ પૂરતાં 'ડિસ્ફંક્શનલ' કુટુંબો માટે ટીવી સૌથી મોટો આશીર્વાદ છે. આ ઈલેક્ટ્રોનિક જોડાણ વગર તો લાખો ભારતીય કુટુંબો તૂટી પડે.

મ્યુઝિક ચૅનલ ઉપર સદાબહાર પ્રેમનાં ગીતો આવતાં હતાં. કપલ્સ ગાંડાની જેમ ખુશ દેખાતાં હતાં. કદાચ, તેઓ સૌ એક જ રાજ્યના, ધર્મના, જ્ઞાતિના અને સંસ્કૃતિના હતાં અને તેમનાં માતાપિતા એકબીજાં સાથે હળીમળી ગયાં હતાં. નહીં તો ભારતમાં તમે પ્રેમમાં કેવી રીતે પડી શકો? તમારા ઘરના કેટલાક વડીલો ખિજાવાના જ છે.

મારી મૉમે ગોવા વિશે કોઈ જ વાત ન કરી કે ખેદના સંકેતો પણ ન દર્શાવ્યા. તેને મારી નિરાશા વિશે જરૂર કંઈક અપરાધભાવ થતો હતો, અને તેથી તેણે દરરોજ પનીરની વાનગીઓ બનાવવાનું ચાલુ રાખ્યું.

'મેં પનીરભૂરજી બનાવી છે. તું તેની સાથે પરાઠા ખાઈશ ને?' તેણે પૂછયું.

મેં કોઈ જવાબ આપ્યો નહીં. મેં વિરોધ પણ ન કર્યો. તે બાબતને તેણે મારી 'હા' સમજી લીધી. વીસ મિનિટમાં તે ડિનર તૈયાર કરીને લઈ આવી, 'તારે વ્હાઈટ બટર લેવું છે?' મૉમે પૂછયું.

મેં હા પાડી.

'ઑફિસમાં બહુ કામ હોય છે. આપણા ઘરની પાસે જ એક કૅનેરા બૅન્ક છે. હું મૅનેજરને નોકરી માટે વાત કરું?'

'ના, આ ઑફિસ બરાબર છે.' મેં કહ્યું.

મેં જમવાનો પ્રયત્ન કર્યો, પરંતુ જમી શક્યો નહીં. મેં ત્રણ દિવસથી કંઈ ખાધું ન હતું. જોકે તેને ખબર ન હતી કે મેં મારી લૅપટૉપ બૅગમાં પરાઠા સંતાડી દીધા હતા.

'શિપ્રામાસીએ બીજી એક છોકરી જોઈએ છે. તેમનો શાલીમાર બાગમાં બંગલો છે. તું એને જોવા આવીશ?' તેણે કહ્યું.

હું મારી મૉમ સામે તાકી રહ્યો.

'તેં સાંભળ્યું, મેં શું કહ્યું?' તેણે કહ્યું.

'હું તેની સાથે લગ્ન કરી લઈશ. મારે તેને જોવી જ નથી, બસ?' મેં કહ્યું.

'ક્રિશ, એવું ન બોલીશ. મેં ક્યારે તારા ઉપર દબાણ કર્યું છે?'

'મારે આ બધી છોકરીઓ જોવાનો શું અર્થ છે? એક કલાકમાં હું શું જાણી શકીશ? તેનો રંગ? ફિગર-જાડી કે પાતળી? કે પછી તેના ઘરમાં જે માર્બલ છે તે સાચો છે કે નહીં તે? જ્યારે તમારે કોઈ વ્યક્તિ સાથે જીવન વિતાવવાનું હોય ત્યારે આવી કોઈ બાબત મહત્ત્વની નથી, તેથી કદાચ સમય પણ બચે. તમારે વડીલોએ જ મિટિંગ કરી લેવી જોઈએ. જે પણ લોકો તમારા અહમ્ને સૌથી વધુ પંપાળે, તેમને હા પાડી દેવાની.'

'તને થયું છે શું? આ મલ્ટિનૅશનલ્સ તારું લોહી ચૂસી રહી છે.' મૉમે કહ્યું.

'તું અનન્યાનાં માતાપિતાની માફી માગી શકીશ?' મેં કહ્યું.

મારી મૉમે કોઈ જવાબ આપ્યો નહીં. તે સોફામાંથી ઊભી થઈ અને રસોડામાં ચાલી ગઈ.

હું તેની પાછળ ગયો, 'તું તેમ કેમ ન કરી શકે?' મેં કહ્યું.

તેણે મને જવાબ આપ્યો નહીં. તેણે ડિશવૉશિંગ ડિટર્જન્ટમાં સ્પોન્જ બોળીને બબડતાં બબડતાં વાસણ ઘસવાનું ચાલુ કર્યું. 'પહેલા નકામો પતિ, અને હવે નકામો દીકરો. મને હતું કે મારા દીકરાના લગ્ન પછી મને માનપાન મળશે. મેં તેની પસંદગીની છોકરી માટે હા પાડી, પણ તેમણે કમસેકમ છોકરીવાળા તરીકે તો વર્તવું જોઈએ ને. હવે તે મને તેમના ઘૂંટણિયે પડવાનું કહે છે. આ છોકરીમાં એવું તો શું છે? શિપ્રા સાચું જ કહે છે, બધા સ્વાર્થી છે.'

'બસ, બંધ કર, મૉમ. હું તને ઘૂંટણિયે પડવાનું નથી કહેતો. તું ફોન ઉપર માફી માગી શકે છે.'

'શેના માટે માફી માગવાની? મને જે માનપાન મળવાં જોઈએ તેની આશા રાખવી એ કંઈ ગુનો છે? તારાં દાદી ગુજરી ગયાં ત્યાં સુધી મેં તેમનું ધ્યાન નથી રાખ્યું?'

'અનન્યાએ ડ્યૂકનાં લગ્ન પાર પાડવામાં મદદ ન કરી? તે વખતે તેં હા પાડી ન હતી?'

'મારી ભૂલ હતી. હું તે વખતે તેનાં પૅરેન્ટ્સને મળી ન હતી. હું ક્યારેય આવા શુષ્ક માણસોને મળી નથી. એ લોકો કેવી રીતે ખાય છે, એ તો જો, જાણે કે તેમને કોઈ સજા કરવામાં આવી હોય. અનન્યાની મૉમ ક્યારેય હસે છે ખરી? બહારથી કાળાં અને અંદરથીય કાળાં.'

ડોરબૅલ વાગ્યો. ડૅડ તેમના એક વધુ નિષ્ફળ ધંધાકીય સાહસ ઉપરથી પાછા ફર્યા હતા. મેં ટીવી બંધ કર્યું અને દરવાજો ખોલ્યો. મેં તેમને ગોવા વિશે આંશિક વાત કરી હતી. મેં તેમને કહ્યું હતું કે ગોવામાં મારી ઑફિસની કૉન્ફરન્સ હતી અને હું મૉમને જોડે લઈ જઉં છું. ગોવાથી પાછા ફર્યા પછી હું શાંત થઈ ગયો હતો અને હવે તો મને તેમની સાથે ઝઘડો કરવાની પણ પડી ન હતી. તેઓ અંદર આવ્યા અને મારી મૉમ અને મારી વચ્ચેનું મૌન તેમના ધ્યાનમાં આવ્યું. આજકાલ અમારા ઘરમાં એવી અનેક સાંજ વીતી રહી હતી જ્યારે કોઈ કોઈની સાથે બોલતું ન હતું.

'તેં તારી મૉમ સાથે પણ વાત કરવાનું બંધ કરવાનું નક્કી કર્યું છે?' ડૅડ સોફા ઉપર બેસી તેમના શૂઝ કાઢતાં બોલ્યા.

મારો રાબેતા મુજબનો જવાબ તો એ હોત કે તેમાં તમારે માથું મારવાની જરૂર નથી, પણ હું જાત સાથે ઝઘડી ઝઘડીને ધરાઈ ગયો હતો. વધુ એક વખત દલીલ કરવાથી કંઈ વળવાનું નથી.

'એ તો બધું બરાબર થઈ જશે.' મેં કહ્યું. મેં એવું ઈચ્છયું કે મૉમ બહુ જલદીથી તેમનું ડિનર લાવી દે.

'તને તારી જૉબમાં મજા નથી પડતી?' ડૅડે પૂછયું.

'જૉબ તો સારી છે. એ લોકો તો એવું કહે છે કે મારું ભાવિ ઉજ્જવળ છે.'' મને એ ન સમજાયું કે આ છેલ્લું વાક્ય હું કેમ બોલ્યો. ગમે તેમ પણ, મને ડૅડને એવું કહેવાની જરૂર જણાઈ કે હું સરસ રીતે ગોઠવાયો છું.

'તારી મૉમ સાથે તું કેમ નારાજ છે?' તેમણે કહ્યું.

'બસ, બહુ થયું. એમાં તમારે માથું મારવાની જરૂર નથી.' મેં કહ્યું.

'તું મને એવું કહી રહ્યો છે કે મારા પોતાના કુટુંબમાં મારે માથું મારવાની જરૂર નથી?' તેમણે કહ્યું.

'ડૅડ, બહુ થયું. હું બહુ થાકી ગયો છું. તમારી સાથે જીભાજોડી કરવા માગતો નથી.'

મૉમ તેમના માટે ડિનર લાવ્યાં અને હું મારા રૂમમાં ગયો. મેં અનન્યાના ફોટા કાઢયા. હવે પછી શું કરવું તે વિશે વિચારતાં વિચારતાં મેં પથારીમાં આમથી તેમ પડખાં ફેરવ્યાં કર્યાં. જ્યારે ઊંઘ ન આવતી હોય ત્યારે તમારું મગજ વિચિત્ર-વિચિત્ર પ્લાન્સ ઘડી કાઢે છે. પણ તે પ્લાન્સ હું ફોન ઉપર પૂરા કરી શકું નહીં. તે પૂરા કરવા માટે મારે રૂબરૂ જવું પડશે.

હું સવારે ચાર વાગે ઊઠી ગયો અને નહાયો.

'તું અત્યારે ઑફિસ જઈ રહ્યો છે?' મારા તૈયાર થવાનો અવાજ સાંભળીને મૉમે કહ્યું.

'મારે પ્રેઝન્ટેશન છે. હું મોડો પાછો આવીશ.' મેં કહ્યું.

હું ઑટો કરીને ઍરપૉર્ટ ગયો. મેં મારી ક્રોસ કન્ટ્રી જૉયરાઇડ માટે મારા આખા મહિનાનો પગાર ખર્ચી નાખ્યો.

'સેમ ડે રિટર્નટ્રિપ ટુ ચેન્નાઈ પ્લીઝ.' મેં ઈન્ડિયન ઍરલાઈન્સના કાઉન્ટર ઉપર કહ્યું.

૫૫

મારી સેકન્ડ ટ્રિપમાં ચેન્નાઈ મને અજુગતી રીતે જાણીતું લાગ્યું. હું તમિલ શબ્દો બોલી શકતો હતો અને ઑટોવાળા સાથે રકઝક કરી શકતો હતો. મને મુખ્ય રસ્તાઓની ખબર હતી. હું અગિયાર વાગ્યે અનન્યાની ઑફિસે પહોંચ્યો.

'હાય, હું ક્રિશ.' મેં રિસેપ્શનિસ્ટને કહ્યું.

'ઓહ, પેલા ક્રિશ.' તેણે કહ્યું અને અનન્યાને બોલાવી.

અનન્યા બહાર આવી. મેં તેને ભેટવા મારા હાથ પહોળા કર્યા, પણ તેણે હાથ મિલાવ્યા.

'આજના દિવસ માટે જ આવ્યો છું.' HLLના કાફેટેરિયામાં બેસતાં મેં તેને કહ્યું.

'તારે આવવા જેવું ન હતું.' તેણે કહ્યું, 'તેં દાઢી કેમ કરી નથી? અને તું આટલો દૂબળો કેમ લાગે છે? તું માંદો છે?'

'હું તારાં પૅરન્ટ્સને મળવા માગું છું.' મેં કહ્યું.

'કોઈ ફાયદો નથી. તું ગમે તેટલો સારો દેખાતો હોય, પણ હવે તેઓ તારો વિશ્વાસ કરતા નથી.' અનન્યાએ કહ્યું.

'તું મારો વિશ્વાસ કરે છે?'

'તેનાથી શું ફેર પડે છે?' તેણે કહ્યું.

'હું તારા ઘરે જઉં છું.' મેં કહ્યું.

'ન જઈશ. હરીશનાં પૅરન્ટ્સ અહીં આવેલાં છે. એ લોકો આજે મારાં પૅરન્ટ્સને મળવાનાં છે.'

મારા ગુસ્સાને કાબૂમાં રાખવા મેં એક ઊંડો શ્વાસ લીધો.

'કમસેકમ આજનો દિવસ તો મારી સાથે રહે.' મેં કહ્યું.

'શક્ય નથી. મારે કામ છે. બીજું કે મારાં પૅરન્ટ્સની આબરૂ માટે તે સારું નહીં ગણાય.'

મારા ચહેરા ઉપર લોહીનું દબાણ વધ્યું, 'કઈ આબરૂ? અને અમદાવાદ વિશે શું?' તું ચેન્નાઈમાં મને મળવા તેમની આગળ જૂઠું બોલતી હતી તેનું શું? રત્ના સ્ટોર્સનું શું? મારું શરીર જેટલું થાકેલું હતું, તેટલો જ મારો અવાજ ઊંચો હતો.

તે ઊભી થઈ ગઈ, 'પ્લીઝ, મારી ઑફિસમાં હોબાળો ન મચાવીશ.'

'પ્લીઝ, મારી જિંદગી સાથે રમત ન રમીશ.'

'હું કંઈ નથી કરતી! કઠણ થા અને ભૂલી જા.' તેણે કહ્યું, 'મારા માટે પણ તે સહેલું નથી, તેથી પ્લીઝ, મને જવા દે.'

મને થાક અને આક્રોશ સાથે ત્યાં બળતો છોડીને, તે તેની ઑફિસમાં પાછી ગઈ. મેં દસ દિવસથી દાઢી કરી ન હતી. કાફેટેરિયામાં અન્ય છોકરીઓ મારાથી દૂર રહી, હું કોલીવુડના વિલન જેવો લાગતો હતો કે જે ગમે ત્યાં ગમે ત્યારે કોઈના પણ ઉપર બળાત્કાર કરી શકે. મારે સાંજની ફ્લાઈટ પકડવાની હતી. મારી પાસે અડધો દિવસ હતો અને ખર્ચ કરવા કોઈ પૈસા ન હતા. સઘળું ગુમાવી બેઠેલા મેં સિટી બૅન્ક જવાનો અને બાલાને મળવાનો નિર્ણય કર્યો.

'ક્રિશ!' મારી હાજરી અને હૂલિયાથી આઘાત પામીને બાલા બોલ્યા.

'હાય, સાઉથના ચૅમ્પિયન શું કરે છે?'

'હું તો મજામાં છું, પણ તું ચૂંથાઈ ગયેલો લાગે છે.' તેમણે કહ્યું.

'હા, એવું જ છે.' મેં કહ્યું અને તેમની આગળ ફસડાઈ પડયો.

બાલાએ અમારા બંને માટે કૉફીનો ઑર્ડર આપ્યો અને તે બીજી ઑફિસની ગોસિપ

સાંભળવાની આતુરતામાં તેમની ખુરશી ખેંચીને આગળ લાવ્યા.

'સિટી બૅન્કમાં શું ચાલે છે? તારે અહીં પાછા આવવું છે એવું મને ન કહેતો.'

'માય ફૂટ... બાલા, તમને એવું લાગે છે કે સિટી બૅન્ક મારો કસ કાઢયા વગર છોડે?' મેં કહ્યું.

'કોઈકે તો તારી સાથે એવું કર્યું જ છે. બૉય, તારી આંખો તો જો. તને કન્જકટીવાઈટીસ થયો છે?'

મેં માથું ધુણાવ્યું. તે મારા હાથને અડયા.

'અરે, તને તો કેટલો તાવ છે. તારે ડૉક્ટરને બતાવવું છે?'

'મારે ડ્રિન્ક લેવું છે. મારા માટે ડ્રિન્ક મંગાવશો?' મેં કહ્યું.

'અત્યારે? અરે હજુ તો લંચટાઈમ પણ નથી થયો.'

મારું પેટ અમળાવા લાગ્યું અને મને ઊબકા આવવા લાગ્યા. સદ્નસીબે, કંઈ નીકળ્યું નહીં અને બાલાની ઑફિસને ગંદી કરવામાંથી હું બચી ગયો.

'તું માંદો છે. મારો કઝીન ડૉક્ટર છે. હું તેને બોલાવું. તે બાજુમાં જ સિટી હૉસ્પિટલમાં છે.'

'છોકરીઓ તેમના મનમાં સમજે છે શું? આપણે તેમના વગર જીવી ન શકીએ?' હું બબડયો. મારા માન્યામાં આવતું ન હતું કે હું બાલા આગળ મારો ઊભરો ઠાલવી રહ્યો છું, પણ મારે કોઈકની છેવટે કોઈની પણ જરૂર હતી.

બાલા મને તેમના કઝીનના ક્લિનિકમાં મૂકી ગયા. ડૉ. રામચંદ્રન અથવા ડૉ. રામ. તેઓ જનરલ સર્જન તરીકે કામ કર્યા પછી બે વર્ષ અગાઉ અમેરિકાથી પાછા આવ્યા હતા અને કૅન્સર રિસર્ચ અંગે કામ કરી રહ્યા હતા અને અનેક ટોચની ડિગ્રીઓ મેળવી હતી. તેમણે મને એક્ઝામિનેશન બેડમાં જવાનું જણાવ્યું અને તે તેમના ઈન્સ્ટ્રુમેન્ટ્સ લઈને આવ્યા.

'તો પછી, હું તને પછી મળું છું.' બાલાએ કહ્યું.

'તમે સાઉથ ઈન્ડિયન્સ લોકો બ્રેઈન ઘણું બધું ધરાવો છો, પણ તમારામાં હાર્ટ બહુ ઓછું હોય છે.' બાલા જતા હતા ત્યારે મેં તેને કહ્યું.

'મેં તે સાંભળી લીધું છે.' ડૉ. રામે મારી તરફ આવતાં કહ્યું. તેમણે મારી છાતી ઉપર સ્ટેથોસ્કોપ મૂક્યું.

'તો કોઈ છોકરીને લઈને આ હાલત થઈ છે?' ડૉ. રામે પૂછયું.

'તમે કહેવા શું માગો છો?' મેં પૂછયું.

'તમે છેલ્લે ક્યારે જમ્યા હતા?' તેમણે કહ્યું.

'મને યાદ નથી.' મેં કહ્યું.

'આ વાસ શેની આવે છે?' ડૉક્ટરે કહ્યું. તે સૂંઘતા સૂંઘતા મારી લૅપટૉપ બૅગ સુધી પહોંચ્યા. વાસી પરાઠાની ગંધ આખા રૂમમાં ફેલાઈ ગઈ, 'આ શું છે?'

'ગઈ રાતનું ડિનર.' મેં કહ્યું, 'અરે, મારું લૅપટૉપ, હે ભગવાન તેને કંઈ ન થયું હોય તો સારું.'

મેં મારું લૅપટૉપ ખોલ્યું અને પાવર સ્વીચ ચાલુ કરી. તે બરાબર ચાલતું હતું.

'હું તે જોઈ શકું?' ડૉ. રામે મારા કમ્પ્યૂટર તરફ ઈશારો કરતાં કહ્યું.

'હા, હા, કેમ નહીં? તમારે નવું લાવવાનું છે?' મેં કહ્યું.

તેમણે કંઈ જવાબ આપ્યો નહીં. તેમણે મારા કમ્પ્યૂટર ઉપર પાંચ મિનિટ ગાળી અને મને તે પાછું આપતાં મને કહ્યું, 'તમારે આરામ કરવો જોઈએ અને જમવું જોઈએ, અને તમારે સાઈકિયાટ્રિસ્ટને પણ બતાવવાની જરૂર છે.'

'શું? કેમ?' મેં કહ્યું. હા, એ ખરું કે હું સહેજ સાયકો છું, પણ હું તેવું સત્તાવાર સાબિત કરવા માગતો નથી.

'એ છોકરીનું નામ શું છે?' ડૉ. રામે પૂછયું.

'કઈ છોકરી? મને છોકરીઓ ગમતી નથી.'

'બાલાએ કહ્યું કે તે તમિલ છે. અનન્યા સ્વામીનાથન્ અને તે માયલાપોરમાં રહે છે, ખરું

ને?' તેમણે કહ્યું.

'મને તમિલિયન લોકો ગમતા નથી.' મેં ચીસ પાડીને કહ્યું, 'અને તેનું કે તેના એરિયાનું નામ ન લેશો.'

'બહુ સરસ, કેમ કે હું તમને જે સાઈકિયાટ્રિસ્ટ પાસે મોકલી રહ્યો છું તે તમિલ છોકરી છે. ડૉ. આયર ઉપર બેસે છે.'

'ડૉક્ટર, મારે ફ્લાઈટ પકડવાની છે. હું ઠીક છું.'

હું પથારીમાંથી પરાણે ઊભો થયો. મારા પગમાંથી જાણે કે લોહી ખલાસ થઈ ગયું હોય એવું મને લાગ્યું. હું બૅલેન્સ રાખી શક્યો નહીં. હું નીચે પડી ગયો.

ડૉ. રામે મને ઊભો થવામાં મદદ કરી.

'મને શું થયું છે?' મારી માંદગી વિશે પહેલી વાર ચિંતિત થતાં મેં પૂછ્યું.

તેમણે મને ફરીથી સૂચના આપતાં તે સ્પેશ્યાલિસ્ટનો રૅફરલ લેટર આપ્યો.

'તેના માટે કોઈ ચોક્કસ મેડિકલ શબ્દ નથી, પણ કેટલાક લોકો તેને નર્વસ બ્રેકડાઉનની શરૂઆતની નિશાનીઓ તરીકે ઓળખાવે છે.'

૫૬

'હા, તો આમ વાત છે, મેં તેમને બધું જ કહી દીધું.' મેં કહ્યું.

મેં મારી વાત પૂરી કરી ત્યાં તો ડૉ. નીતા આયર હસી પડયાં.

'આ તો ગાંડપણ છે. તમને મારી ટ્રેજેડીમાં કૉમેડી દેખાય છે?' હું ગૂંચવાયો.

તેમણે હસવાનું ચાલુ જ રાખ્યું.

'હું તમને મારી સારવાર કરવાના પૈસા આપું છું.' મેં કહ્યું. પછી ઘડિયાળ જોઈને ઉમેર્યું, 'અને મારે વીસ મિનિટમાં ઍરપૉર્ટ જવા નીકળવાનું છે.'

મને એ ખ્યાલ આવ્યો કે મેં તેમની સાથે ચાર કલાક વાત કરી હતી. આટલી મોટી રકમ ખર્ચવા માટે મારી પાસે પૈસા ન હતા.

'સૉરી.' તેમણે કહ્યું, 'તમે મને મારા પહેલા બૉયફ્રૅન્ડની યાદ અપાવી. એ નૉર્થ ઈન્ડિયન હતો.'

'તમે તેની સાથે પરણ્યાં નહીં?'

'તે કમિટ કરવા માગતો ન હતો.' તેમણે તેમનું ડોકું ધુણાવ્યું.

'ઓહ, સૉરી.' મેં કહ્યું.

'કંઈ વાંધો નહીં. હું તેમાંથી બહાર આવી ગઈ છું.'

'અફકોર્સ, તમે તેમાંથી બહાર આવી શકો છો. તમે તો થૅરાપિસ્ટ છો. બીજું કંઈ નહીં તો તમે તમારો તો ઈલાજ કરી શકો.'

તે બારી પાસે ગયાં, 'ક્રિશ, તમે માનો છો એવું નથી. તૂટેલા દિલને સમજાવવાનું સૌથી અઘરું છે.'

મેં નિસાસો નાખ્યો, 'તમે સિટી બૅન્ક ક્રેડિટ કાર્ડ સ્વીકારો છો?' મેં મારું વૉલેટ ખોલ્યું.

'કંઈ વાંધો નહીં. મને પછીથી ચેક મોકલી આપજો.' તેમણે કહ્યું, 'પણ તમારે લોકોએ ભાગી જવા જેવું હતું.'

'અમને લાગ્યું કે અમે અમારાં પૅરન્ટ્સને સમજાવી શકીશું, પણ જો તમારાં લગ્નના દિવસે તમારાં પૅરન્ટ્સ ખુશ ન હોય તો પછી એવાં લગ્નમાં શું મજા આવે?' મેં કહ્યું.

તે મારી પાસે આવ્યાં. તેમણે મારો ખભો થાબડયો.

‘તમારે હવે જવું જોઈએ. હવે હું તમારા માટે શું કરી શકું? તમને દવા આપું?’ તેમણે કહ્યું.

‘એટલે એન્ટિ-ડિપ્રેસન્ટ્સ? એ ખરાબ નથી?’

‘હા, પણ તેનો આધાર અત્યારે તમે કેવી સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છો તેના ઉપર છે. હું તમને આત્મહત્યા તરફ વાળવા નથી માગતી.’

‘હું એવું નહીં કરું.’ મેં કહ્યું, ‘કદાચ હું કોઈ પણ રીતે આમાંથી બહાર આવી જઈશ. દવા સિવાય બીજો કોઈ વિકલ્પ છે?’

‘હા, થૅરાપી છે. એમાં કેટલાંક સેશન્સ કરવાં પડે. જોકે એમાં કેટલોક સમય લાગશે. હું દિલ્હીમાં તમને કોઈ થૅરાપિસ્ટ શોધી આપી શકીશ.’

‘અરે, ના, ના. જો મારા પંજાબી ઘરવાળાઓને આવી કંઈ ખબર પડે તો તો મારું આવી બને. એ લોકો મને ગાંડો ગણશે.’

‘તમે ગાંડા નથી, પણ તમે જાતે એક પ્રયોગ કરી શકો.’

‘એ શું?’

‘તમે જ્યારે મને તમારી વાત કરી ત્યારે તમે ગુરુજી સાથેની એ ઘટનાનો ઉલ્લેખ કેમ કર્યો?’

‘ઓરોબિન્દો આશ્રમવાળા?’

‘હા, તે ઘટનાને અનન્યા કે તેના પૅરન્ટ્સ સાથે સંબંધ નથી, પણ તેમણે કહ્યું હતું તે બધું તમને યાદ છે.’

‘હા, ક્ષમા વિશે.’

‘હા, કદાચ તે મહત્ત્વનું છે.’ તેમણે કહ્યું.

હું ચૂપ રહ્યો. તેના રૂમની ઘડિયાળ મને જણાવી રહી હતી કે મારે દિલ્હી પાછા ફરવાનો સમય થઈ ગયો છે. મેં તેમની રજા લીધી.

‘ઍરપૉર્ટ, વેગમ્મા.’ મેં એક ઑટો ઊભી રાખીને કહ્યું.

૫૭

મને ખબર હતી કે મારે જમવું જોઈએ. મારું મગજ આ વાત જાણતું હતું, પણ મારું શરીર આ વાત સાંભળતું ન હતું. ચેન્નાઈથી પાછા ફર્યાના બીજા દિવસે મેં ઑફિસમાં માત્ર સૂપ લીધો. ઘરે તો મેં એવો જ દેખાવ કર્યો કે મેં ડિનર લઈ લીધું છે. મૉમે મને પૂછયું કે તું દાઢી ક્યારે કરવાનો છું? તે એક નવી છોકરી સાથે મારી મુલાકાત ગોઠવવા માગતી હતી. મેં તેને કહ્યું કે હવે જિંદગીભર દાઢી રાખવાનું મેં નક્કી કર્યું છે. તેણે મોઢું ચઢાવ્યું અને રૂમની બહાર જતી રહી.

ડૅડ દસ વાગ્યે ઘરે આવ્યા. તે વધારે પડતા થાકેલા જણાતા હતા. સામાન્ય રીતે તેમનું ઈન કરેલું શર્ટ આજે બહાર હતું અને તેમના વાળ પણ હંમેશની જેમ બરાબર ઓળેલા ન હતા. તે મારી સામે બેઠા.

‘મેં ડિનર લઈ લીધું છે.’ તેમણે મૉમને કહ્યું.

‘મને તો એ જ સમજ પડતી નથી કે હું શા માટે રાંધું છું.’ મૉમ રૂમમાંથી બહાર જતાં જતાં બબડી.

‘કાલે રાતે તું ઑફિસથી મોડો પાછો આવ્યો હતો.’ ડૅડે મને કહ્યું. હું ઍરપૉર્ટથી લગભગ મધરાતે જ ઘરે પહોંચ્યો હતો.

‘મારે મોડે સુધી કામ હતું.’ મેં કહ્યું.

‘બધું ઠીક તો છે ને?’ તેમણે કહ્યું.

મેં હા પાડી.

‘મારો આજનો દિવસ બહુ ખરાબ ગયો.’ ડૅડે કહ્યું.

'મારાં પેન્શનનાં કાગળિયાં સરકારી ઑફિસોમાં અટવાઈ ગયાં છે. આળસુના પીર.'

મેં ધ્યાન આપ્યા વગર જ ડોકું ધુણાવ્યું. મને દુનિયાભરના વિચારો આવતા હતા, પણ તેમના ડિપાર્ટમેન્ટના કોઈ જ વિચાર આવતા ન હતા. મને એકસાથે અનન્યાની જબરદસ્ત ઝંખના અને તેના પ્રત્યે અણગમો બંને થતાં હતાં. મને મૉમ ઉપર ગુસ્સો આવ્યો. છેવટે મારા મગજમાં તો મારા પોતાના પ્રશ્નો, સરકારી ઑફિસમાં કોઈની રિટાયરમૅન્ટની ફાઈલ્સ અટવાઈ જવા કરતાં ઘણા મોટા હતા.

'હવે તેમણે મને ત્રણ જુદા જુદા પત્રો રજૂ કરવાનું કહ્યું છે. મારે તે કાલે જ ટાઈપ કરાવવાના છે.' ડૅડે કહ્યું

જ્યારે ડૅડને સહન કરવું પડે છે, ત્યારે તે બીજાઓને હેરાન કરવાનો તેમનો પોતાનો શોખ ભૂલી જાય છે. તેઓ ઘરે આવ્યા ત્યારથી એક પણ વખત બરાડયા ન હતા.

'આ લેટર ટાઈપ કરાવાય એવી કોઈ જગ્યા તને ખબર છે? તારી પાસે તો કમ્પ્યૂટર પણ છે ને?' ડૅડે કહ્યું.

'હા, મારી પાસે કમ્પ્યૂટર છે.' મેં કહ્યું.

મારા પિતા મારી સામે આશાભરી નજરે જોઈ રહ્યા.

'OK, હું અત્યારે તે ટાઈપ કરી દઉં છું અને આવતી કાલે ઑફિસમાંથી પ્રિન્ટઆઉટ લેતો આવીશ.' મેં કહ્યું. આમ પણ મારે મારી જાતથી અળગા થવા વધુ કામ કરવાની જરૂર હતી. મેં મારું લૅપટૉપ ખોલ્યું.

'થૅંક્યુ.' એમણે કહ્યું ત્યારે અમને પહેલી વાર ખબર પડી કે આવા શબ્દો પણ તેમને આવડે છે.

ત્યાર પછીની ત્રીસ મિનિટમાં મેં ત્રણ અરજીઓ ટાઈપ કરી.

'તારી ફ્રૅન્ડ મજામાં છે?' તેમણે મને પૂછયું.

'કઈ ફ્રૅન્ડ?' મેં પૂછયું.

'ચેન્નાઈથી લગ્ન જોવા આવી હતી તે ફ્રૅન્ડ.' તેમણે કહ્યું.

અનન્યાના નામનો ઉલ્લેખ જ મારી લાગણીઓને ભડકાવવા માટે પૂરતો હતો. મને એવું લાગ્યું કે જાણે કોઈએ મને પેટમાં મુક્કો માર્યો છે. મને લાગ્યું કે કદાચ મારે તે એન્ટિ-ડિપ્રેસન્ટ ગોળીઓ લેવી જ પડશે.

'મને ખબર નથી. મજામાં જ હશે.' એક મિનિટ અટક્યા પછી મેં કહ્યું.

'તું તેની સાથે વાત કરતો નથી?'

'સૌ પોતપોતાના કામમાં વ્યસ્ત છે, ડૅડ.' મેં વાત ઉડાડી દીધી, 'તમારા લેટર્સ તૈયાર થઈ ગયા છે. હું કાલે તેનો પ્રિન્ટઆઉટ લેતો આવીશ.' મેં મારું કમ્પ્યૂટર બંધ કર્યું.

'આપણે ક્યારેક વાત કરીએ તે સારું છે.' ડૅડે કહ્યું.

'ગુડનાઈટ, ડૅડ.' મેં કહ્યું અને હું મારા રૂમમાં જવા ઊભો થયો.

હું પથારીમાં પડું છું ત્યારે જ મારા ઉપર હતાશા પૂરજોશથી ફરી વળે છે. ડૉ. આયર સાચાં હતાં. મને અત્યારે જે અનુભવાતું હતું તેના કરતાં કોઈ ગોળી ખરાબ ન હોઈ શકે. હું જડની જેમ પડી રહ્યો. મને એવું લાગ્યું કે હું ફરીથી પલંગમાંથી ક્યારેય ઊભો નહીં થઈ શકું. મને મારા જીવનની દરેક વ્યક્તિ યાદ આવી ગઈ. એક પછી એક, મેં મારી જાતને સમજાવી કે તે દરેક જણ મને કેટલી નફરત કરતા હતા. જો હું આવતી કાલે મૃત્યુ પામું, તો તેઓ રાજી થશે અને હું કેટલી લાચારી અનુભવી રહ્યો છું, તે જોતાં હવે જીવતા રહેવાનો કોઈ અર્થ ન હતો. કલાકના પાંચસો રૂપિયા ખર્ચ્યા સિવાય, હું મારી પરિસ્થિતી વિશે કોઈ સાથે વાત કરી શકું એવું કોઈ ન હતું. મને પૈસા માટે નફરત થઈ, મને સિટી બૅન્ક માટે નફરત થઈ, મને મારી નોકરી માટે નફરત થઈ અને મને પૃથ્વી ઉપરના સૌ માનવીઓ માટે નફરત થઈ.

શાંત થા, ક્રિશ, આ તો બધું પસાર થઈ જશે. મેં મારી જાતને કહ્યું. મારી જાત સાથેનો આ સંવેદનશીલ વાર્તાલાપ હતો. નો બૅબી, ધીસ ટાઇમ યુ આર સો ટાયર્ડ. મારા તરંગી સ્વરૂપે કહ્યું, તારી બાકીની આખી જિંદગી તારે આ રીતે જ રહેવું પડશે. મારા વિવેકી સ્વરૂપે કહ્યું, આ તો

બકવાસ છે. જીવનમાં જે કંઈ પણ ખરાબ બને છે, માણસ તેનાથી ટેવાઈ જાય છે. બ્રેકઅપ થયું હોય તેવો તું કઈ પહેલો માણસ નથી. મારા તરંગી સ્વરૂપે કહ્યું, હા, મારા જેવો પ્રેમ કોઈએ કર્યો નથી, તેથી મારા જેટલું કોઈ ઘવાયું નથી. મારા વિવેકી સ્વરૂપે કહ્યું, હા બરાબર છે અને મને બગાસું આવ્યું. હવે આપણે ઊંઘી જઈએ? તને ખબર છે ને કે તારે ઊંઘવાની જરૂર છે.

તું ગાંડો થઈ ગયો છે? અમે આખી રાત જાગીને તારી ચિંતા કરતા હોઈએ ત્યારે તું કેવી રીતે ઊંઘી જઈ શકે? મારા તરંગી સ્વરૂપે કહ્યું.

વિશ્વની સૌથી સમજદાર અને સૌથી મોટી મૂર્ખ બંને વ્યક્તિ આપણી અંદર જ રહે છે, પણ તેમાં સૌથી ખરાબ બાબત એ છે કે તમે બંનેને જુદાં પાડી શકતા નથી.

૫૮

'ડૅડ ક્યાં છે?' મેં મૉમને પૂછયું, 'તેમને કેટલી કૉપી જોઈએ છે એ તો તેમણે મને કહ્યું નહીં.'

હું ઑફિસ જતાં પહેલાં નાસ્તો કરવા માટે બેઠો તો ખરો, પણ મેં માત્ર એક ગ્લાસ દૂધ જ પીધું. હજુ મને ખોરાક પચતો ન હતો. મારે જલદી ઑફિસે પહોંચી જવું હતું અને ફરીથી બ્લેકહૉલ (મારા ઘર!)માં ડૂબી જાય તે પહેલાં મારા મનને, કામમાં પરોવી દેવું હતું.

'મૉર્નિંગ વૉક.' મૉમે કહ્યું.

'તે મોબાઈલ કેમ રાખતા નથી?' મેં ઑફિસ જવા મારા શૂઝ પહેરતાં કહ્યું.

'દરેકની ચાર કૉપી કાઢજે, વધુમાં વધુ એટલી જ જોઈશે.' મૉમે કહ્યું.

એ બહુ મોટી વાત ન હતી. જોકે આજકાલ હું સાવ નજીવી બાબતમાં ગુસ્સે થઈ જતો હતો.

'જાણે કે મારે ઑફિસમાં બીજું કંઈ કામ જ નથી.' મેં કહ્યું.

'ઘરમાં બધા સરખા જ ભેગા થયા છે. બસ, હવે તું જા.' મૉમે તેના હાથ જોડીને કહ્યું, 'મને એ જ ખબર નથી પડતી કે તું એને ક્યારે ભૂલીશ.'

'મને એ ખબર નથી પડતી કે તું ક્યારે તારું આ નાટક બંધ કરીશ.' મેં કહ્યું.

'આ છોકરીએ...' મૉમે શરૂ કર્યું.

'બાય.' ઉતાવળે કહી હું ઘરની બહાર ભાગ્યો.

રાત્રે હું ઘરે મોડો પાછો આવ્યો. મેં આખો દિવસ દૂધ અને જ્યૂસ ઉપર જ કાઢયો હતો.

'આજે પણ ડિનર નથી લેવું? આજકાલ તું ક્યાં ખાય છે? અને તારી સામે જો, કેટલો દૂબળો થઈ ગયો છે. અને મહેરબાની કરીને દાઢી કર.' મૉમે કહ્યું.

'ડૅડ પાછા આવી ગયા?' મેં પૂછયું, 'આ તેમનાં પેપર્સ.'

મેં પ્રિન્ટઆઉટ બહાર કાઢીને ટેબલ પર મૂક્યાં. મૉમે તેનું માથું ધુણાવ્યું અને કહ્યું કે તે આખો દિવસ આવ્યા જ નથી.

'પ્લીઝ, આ એમને આપી દેજે.' મેં કહ્યું.

રૂમમાં જઈ હું પલંગ ઉપર પડયો. બ્લેકહૉલ લૅન્ડથી ભયભીત થઈ મેં લાઈટો ચાલુ રાખી. મેં છાપું વાંચ્યું અને મારા દિમાગને વ્યસ્ત રાખવા દરેક આર્ટિકલ ઉપર વધારે ધ્યાન આપ્યું. બિકિનીમાં પોતાના ફોટા સાથે એક આઈટમગર્લ કહી રહી હતી કે તેને ગંભીરતાથી લેવામાં આવે તેવું ઈચ્છે છે. મને તેની આ વિનંતી બહુ વાજબી લાગી.

ડૅડ મધરાતે પાછા આવ્યા.

'તમે શું આને હોટલ સમજો છો?' મેં દરવાજો ખોલતાં કહ્યું. હું ઘણાં અઠવાડિયાંઓથી તેમની સાથે ઝઘડયો ન હતો, તેથી આમ પણ હવે સમય પાકી ગયો હતો.

એમણે કોઈ જવાબ આપ્યો નહીં.

'આ રહ્યાં તમારાં પ્રિન્ટઆઉટ. તમારે કેટલી કૉપી જોઈતી હતી તે મને ખબર ન હતી.'

'થૅંક્સ.' ડૅડે કહ્યું.

'તમે આટલે મોડે સુધી ક્યાં જાવ છો? તમારી રિયલ ઍસ્ટેટ એજન્સીમાં આટલું મોડું ન થાય.' મેં કહ્યું.

'મારે તને જવાબ આપવાની જરૂર નથી.'

'અને તેથી જ આપણું ફૅમિલી સાવ તુચ્છ ફૅમિલી છે.' મેં કહ્યું.

મારા રૂમમાં પાછા આવીને મેં જોરથી બારણું બંધ કર્યું અને ફરી એક વાર હું મારા શયતાની વિચારોને હવાલે થઈ ગયો. મેં સવારે ડૉ. આયરને ફોન કરવાનું અને માનસિક તાણમાંથી મુક્ત થવાની દવાઓનું પ્રિસ્ક્રિપ્શન મેળવવાનું મારી જાતને વચન આપ્યું. સાઈડ ઈફેક્ટ્સ જાય ભાડમાં, હું આ દિમાગી દૈત્યને હવે વધુ સહન કરી શકતો નથી.

રાત્રે ત્રણ વાગ્યે હું અર્ધ તંદ્રાવસ્થામાં હતો. ફોનની સતત વાગતી રિંગથી હું જાગી ગયો. મેં મારી ઘડિયાળ જોઈ, સવારના પાંચ વાગ્યા હતા. આટલા વાગ્યે કોણ નવરું પડયું ફોન કરવા?

હું અડધો ઊંઘમાં અને માથામાં દુખાવા સાથે જાગી ગયો. લિવિંગ રૂમમાં ગયો. મેં દૂધવાળા અથવા તો અત્યારે ફોન કરવાનું જેને પણ ઠીક જણાયું હોય તેની સાથે ત્રાડ નાખવાની તૈયારી સાથે મેં ફોન ઉપાડયો.

'હેલ્લો.' કોઈ સ્ત્રીનો અવાજ હતો.

'અનન્યા?' મેં કહ્યું. હું એ અવાજ બહુ સારી રીતે ઓળખતો હતો.

'સ્વીટી, થૅન્ક યુ સો મચ.' અનન્યાએ કહ્યું, શું તેણે બરાબર નંબર જ જોડયો હતો ને?

'શું?' મેં કહ્યું અને હું હજુ પૂરેપૂરો ભાનમાં આવ્યો ન હતો.

'તેં બધું બરાબર ગોઠવી દીધું. થેન્ક્યુ સો મચ.' તેણે કહ્યું ત્યારે તેના અવાજમાં જબરદસ્ત લાગણી હતી.

'મેં શું કર્યું?' મેં ઊંઘરેટા અવાજે કહ્યું.

'ડોળ ન કરીશ! તારે કમસેકમ મને તો કહેવું જોઈતું'તું.'

'પણ શું કહેવું જોઈતું'તું?'

'કે તારા ડૅડ ચેન્નાઈ આવી રહ્યા છે.' અનન્યાએ કહ્યું.

'શું?' મેં કહ્યું અને હવે મારી ઊંઘ ઊડી ગઈ હતી.

'મૂરખ જેવી વાત ન કર. ગઈ કાલે તેમણે મારાં પૅરન્ટ્સ સાથે સાત કલાક ગાળ્યા. તેમણે મારાં પૅરન્ટ્સને એવી ખાતરી આપી કે મને દીકરીની જેમ જ રાખવામાં આવશે અને ભૂતકાળની કોઈ પણ ગેરસમજ માટે માફી માગી.'

'મારા ડૅડે?' મેં ચોખવટ કરવાનો પ્રયત્ન કર્યો.

'હા, તેમને મળ્યા પછી મારાં પૅરન્ટ્સને ઘણું સારું લાગ્યું. હકીકતમાં તો તેમણે મને પૂછયું કે મેં કોઈ તારીખ વિચારી રાખી છે કે કેમ? તને કલ્પના પણ આવે છે?' અનન્યા એટલું ઝડપથી બોલતી હતી કે તેના શબ્દો સમજવાનું મુશ્કેલ હતું.

'ન હોય, ખરેખર?' મેં કહ્યું.

'અરે હા, બરાબર જાગીને પછી મને ફોન કર, આઈ લવ યુ, બેબી આગલા દિવસ માટે સૉરી, હું બહુ જ ડિસ્ટર્બ્ડ હતી.'

'હું પણ.' મેં કહ્યું.

'શું? તું પણ મને પ્રેમ કરે છે કે તું પણ ડિસ્ટર્બ્ડ છે?'

'બંને.' મેં કહ્યું, 'પણ ઊભી રહે, તું સાચું કહે છે કે મારા ડૅડ તારા ઘરે આવ્યા હતા?'

'તને ખરેખર ખબર નથી?'

'ના.' મેં કહ્યું.

'વાઉ.' તેણે કહ્યું, 'પ્લીઝ, મારા વતી તેમનો આભાર માનજે.'

હું મારા મૉમ-ડૅડના રૂમમાં ગયો. એ હજી પણ ઊંઘતા હતા. મને ખબર નથી કેમ, પણ મારાથી બહુ જ બાલિશ વર્તન થઈ ગયું. હું બરાબર તેમની વચ્ચે ઘૂસી ગયો અને બંને ઉપર મારા હાથ મૂકી દીધા. એક જ મિનિટમાં મને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ.

પાંચ કલાક પછી, દસ વાગ્યે હું જાગ્યો ત્યારે મારાં પૅરન્ટ્સ રૂમમાં ન હતાં. હું પલંગમાંથી

કૂદીને ઊભો થયો અને ઑફિસમાં જવાનું કેટલું મોડું થઈ ગયું તે વિચારથી ગભરાટમાં હતો. હું બહાર આવ્યો.

'ડૅડ ક્યાં છે?' મેં મૉમને પૂછયું.

'બાલ્કનીમાં.' મૉમે કહ્યું.

ડૅડ ખુરશીમાં બેઠા હતા અને એક ફ્લાવર પોટમાંથી માટી ખોદતા હતા. તેમણે મને જોયો, પણ ચૂપ રહ્યા. મને થયું કે મારે તેમને શું કહેવું જોઈએ. મેં બીજી કોદાળી લીધી અને તેમની સાથે ખોદવા બેસી ગયો.

'ડૅડ, તમે ચેન્નાઈ ગયા હતા?'

'સમાચાર બહુ જલદી ફેલાઈ જાય છે.' તેમણે કહ્યું.

તેમણે ફ્લાવર પોટમાંથી ઊંચે જોયું નહીં.

'કેમ? એટલે કે એવું કેવી રીતે બન્યું?'

'મારા દીકરાને મદદની જરૂર હતી.' ડૅડે માટીમાંથી કાંકરા વીણતાં કહ્યું. તેમનો અવાજ એકદમ સ્પષ્ટ હતો, જોકે મારા ગળે ડૂમો બાઝી ગયો હતો.

તેમણે કૂંડામાં એક છોડ મૂક્યો અને તેની આજુબાજુ તાજી ખોદેલી માટી મૂકી. હું આવીને તેમની પાસે બેઠો અને મારા અંગૂઠા વડે તે માટી દબાવી.

'તમને કેવી રીતે ખબર પડી?' મેં પૂછયું.

તેમણે મારી આંખો સાથે આંખો મિલાવી અને કહ્યું, 'કેમ કે હું તારો બાપ છું. ખરાબ બાપ, પણ છતાં હું તારો બાપ છું.' તેમણે ઉમેર્યું, 'અને ભૂતકાળમાં મેં તારી મદદ નથી કરી એવું તને લાગતું હોય છતાં મને લાગ્યું કે આ વખતે મારે મારાથી થાય તે કરવું જોઈએ. જીવનસાથી અગત્યની બાબત છે. અનન્યા એક સારી છોકરી છે. તારે તેને ગુમાવવી જોઈએ નહીં.'

'થૅંક્સ, ડૅડ.' મેં મારાં આંસુ રોકતાં કહ્યું.

'યૂ આર વેલકમ!' તેમણે કહ્યું. એ મને ભેટયા, 'હું પરફેક્ટ નથી, પણ મારા છેલ્લાં વર્ષોમાં, મને મારા દીકરાથી વંચિત ન રાખીશ.' તેમણે કહ્યું.

હું તેમને ભેટી પડયો. મેં મારા ઉપરનાં નિયંત્રણો છોડી દેતાં, આંસુ વહેવા માંડયાં. વિશ્વ આખું બાળકો અને તેમની મમ્મીઓ ઉત્સવ કરે છે, પણ આપણે બાપની પણ જરૂર છે.

મેં મારી આંખો બંધ કરી. મને ગુરુજી યાદ આવ્યા.

હું એક હરિયાળા પર્વતની ટોચ ઉપર ઊભો છું અને સરસ મજાનો સૂર્યોદય જોઈ રહ્યો છું. મેં ડૅડને પકડયા હતા ત્યારે ભારે હૈયે હતો અને હું ફરીથી હળવો બન્યો.

'જોકે, હું લગ્નમાં તો નહીં આવું.' ડૅડે કહ્યું.

'કેમ?' મેં આશ્ચર્ય સાથે પૂછયું.

'તારી મૉમ તેના સગાંસંબંધીઓ વગર નહીં આવે અને મને એ નથી સમજાતું કે જો એ લોકો ત્યાં હશે તો હું શું કરીશ.'

'તમે તમારા પોતાના દીકરાના લગ્નમાં નહીં આવો?' મેં કહ્યું.

'અનન્યા આપણા ઘરે જ આવવાની છે ને.' ડૅડે કહ્યું.

તે ક્ષણે મને તેમના પ્રત્યે એટલી બધી આભારવશતાની લાગણી થઈ હતી કે હું તેમના ઉપર ગુસ્સે થઈ શક્યો નહીં.

'તમારે આવવું જ પડશે, મારે ઑફિસ જવાનું મોડું થાય છે, પણ હું તમને પછીથી સમજાવીશ.' મેં કહ્યું.

૫૯

'મેં કહ્યું તેમ, જો તું તારાં સગાંવહાલાંઓને ચેન્નાઈ લઈ આવે તો વધારે સારું રહેશે.'

અનન્યાએ કહ્યું.

'હું બધાને કેવી રીતે લાવું? મને આટલી બધી ઍરટિકિટ ન પોસાય.' મેં કહ્યું.

અમે લગ્ન પહેલાં ફોન ઉપર અસંખ્ય વાર વાત કરતા હતા.

'એ લોકો તેમની રીતે નહીં આવે?' અનન્યાએ કહ્યું.

'તું ગાંડી થઈ ગઈ છે? અત્યારે બારાતનું ધ્યાન રાખવું પડે. અલબત્ત, તમારે ત્યાં પહોંચે ત્યાં સુધી.'

'આ પંજાબી રીતરિવાજ બધા તું જ જાણે.' અનન્યા બોલી.

'તને પણ બધું સારી રીતે સમજાઈ જશે.' મેં કહ્યું.

'આ તમિલિયનનાં લગ્ન છે.' અનન્યાએ કહ્યું.

'શું?' મેં કહ્યું.

'હા, ચેન્નાઈમાં તમે બીજી શું આશા રાખો છો? જવા દે, તારા સગાંસંબંધીઓને કંઈક જુદું જોવાનું નહીં ગમે?'

'નહીં જ ગમે.' મેં કહ્યું.

'આપણે વિચારીએ અને તું એમને ટ્રેનમાં તો ચેન્નાઈ લાવી શકે ને? રાજધાની ઍક્સપ્રેસમાં તો અઠયાવીસ કલાકમાં પહોંચી જવાય.'

'સગાંવહાલાંઓ સાથે આ સફર લાંબી પડે.' મેં કહ્યું.

'તેં આ દિવસ માટે આટલી બધી રાહ જોઈ છે, તો પછી એક દિવસ વધારે.' અનન્યાએ કહ્યું અને ફોન મૂકી દીધો.

* * *

'તમે ખરેખર નહીં આવો? હું તમારી ટિકિટ લઈ આવ્યો છું.'

ડૅડ ચૂપ રહ્યા. મૉમ ડાઈનિંગ ટેબલ ઉપર મારી બાજુમાં બેઠી હતી.

'શા માટે તેનો આવો વિકલ્પ હોવો જોઈએ?' મેં કહ્યું, 'એવું કેમ ન થાય કે મૉમના સંબંધીઓ પણ આવે અને તમે પણ આવો. આપણે ફરી એક વખત સામાન્ય કુટુંબ ન બની શકીએ? મેં વિચાર્યું. મને લાગ્યું કદાચ વિશ્વમાં કોઈ સામાન્ય કુટુંબ છે જ નહીં. દરેક જણ સાઈકો છે, અને આવા તમામ સાઈકોની સરેરાશને આપણે 'સામાન્ય' કહીએ છીએ.

'તેમને એવું લાગે છે કે ભૂતકાળમાં એ લોકોએ તેમનું અપમાન કર્યું છે.' મૉમે કહ્યું.

'અને તેમણે એ લોકોનું અપમાન નથી કર્યું?' મેં કહ્યું, 'જવા દો એ વાત, પણ તેને મારા લગ્ન સાથે શું સંબંધ છે? ડૅડ, કંઈક બોલો.'

'તને મારા આશીર્વાદ છે. મારી હાજરીની અપેક્ષા રાખીશ નહીં.' ડૅડે કહ્યું.

'તેમનું નાટક ક્યારેય પૂરું થવાનું જ નથી.' મૉમે કહ્યું.

'તે જાતે ચેન્નાઈ જઈને એ મદ્રાસીઓને હા પાડી આવ્યા. નહીં તો આ થયું જ ન હોત. હવે જ્યારે મારા ઘરવાળા સૌ લગ્નની રાહ જોઈ રહ્યા છે ત્યારે એ તેમને રોકે છે, કેમ? કેમ કે એ તેમને રાજી જોઈ શકતા નથી. એથી પણ વધારે તો એ મને રાજી જોવા નથી માગતા.' આટલું કહી મૉમ રડી પડી.

'ખરેખર એવું છે, ડૅડ?'

'ના, મેં તને પસંદગી આપી છે.' તેમણે કહ્યું.

'પોતાના ડૅડ ન આવે એવું કયો દીકરો ઈચ્છે?' મૉમે કહ્યું, 'આ કોઈ પસંદગી નથી. આ તો બ્લેકમેલ છે.'

'તમારે એને જે કહેવું હોય તે કહો. જો આ લગ્ન મારા કારણે જ થઈ રહ્યાં હોય તો મને મહેમાનો પસંદ કરવાનો અધિકાર હોવો જોઈએ.'

'ના, ડૅડ.' મેં કહ્યું, 'મૉમનો પણ એટલો જ અધિકાર છે. કમનસીબે, હું તમારા બંનેનો છું.'

'તો તું નક્કી કર.' ડૅડે કહ્યું.

મૉમ અને ડૅડ મારી સામે જોઈ રહ્યાં. મેં દસ મિનિટ માટે રૂમમાં આંટાફેરા માર્યા.

'ડૅડ, મૉમના ફૅમિલીએ આવવાનું છે. તમારે જે કરવું હોય તે કરો.' મેં કહ્યું અને રૂમની બહાર નીકળી ગયો.

રજ્જીમામાએ હઝરત નિઝામુદ્દીન સ્ટેશન પર બે માણસોના ઢોલક બૅન્ડની વ્યવસ્થા કરી હતી. મેં રાજધાની એક્સપ્રેસમાં મારાં સગાંઓ માટે બૂક કરાવેલી સાડત્રીસ ટુ-ટાયરની એ.સી. સીટ શોધવામાં મદદ કરી. મૉમની બે કઝીન સિસ્ટર્સે છેલ્લી ઘડીએ જોડાવાનો નિર્ણય કર્યો હતો અને અત્યારે તેમનો પણ સમાવેશ કરવાનો હતો. મૉમે ડૅડના વાઈરલ ફિવર વિશે સરસ વાર્તા બનાવી દીધી. દરેક જણને વાસ્તવિકતા ખબર હતી અને ફરીથી એક વખત અનન્યાનાં પૅરન્ટ્સે આજીજી કરવી પડશે, તે સિવાય ડૅડની હાજરી એ કોઈ આનંદની બાબત ન હતી.

'તારા પતિ જ્યારે હાજર હોય ત્યારે તું આનાથી અડધુંય બોલતી નથી.' શિપ્રામાસીએ મૉમને કહ્યું.

બૉગીની અંદર ઊભા રહી મેં દરેકને તેમની ટિકિટ મુજબની સીટ બતાવી. રજ્જીમામા મને બહાર ખેંચી લાવ્યા, 'તારે પણ થોડું નાચવું પડે, હોં? બારાત જઈ રહી છે.' તેમણે કહ્યું.

બપોરના ચાર વાગ્યે પ્લૅટફૉર્મ ઉપર કંટાળેલા અને ત્રસ્ત એવા સેંકડો પેસેન્જરોને, અમારા કુટુંબ દ્વારા પૂરું પાડવામાં આવેલ મફત મનોરંજન માણવા મળ્યું. ઢોલકવાળા ટ્રેનની જોડે જોડે દોડવા લાગ્યા અને મામા સાથે પૈસાની રકઝક કરવા લાગ્યા. ટ્રેને ઝડપ પકડી લીધી હોવાથી, તેઓ મામા પાસેથી વધુ પૈસા કઢાવી શક્યા નહીં.

હું કમ્પાર્ટમૅન્ટની અંદર આવ્યો, મહિલાઓએ તેને સાડી સ્ટોરમાં ફેરવી નાખ્યો હતો. આખા લોઅર બર્થ ઉપર બધી જગ્યાએ જુદા જુદા પ્રસંગોએ પહેરવાના ડ્રેસ પડયા હતા.

'આ સરસ છે.' દૂરનાં મારાં સિત્તેર વર્ષનાં એક આન્ટીએ સાચા ગોલ્ડવર્ક સાથેની એક લાલ રંગની સાડી પર હાથ ફેરવતાં જણાવ્યું. મહિલાઓ કદી સાડીઓનાં વખાણ ન કરી શકાય તેટલી વૃદ્ધ થતી જ નથી.

મારા યુવાન કઝીન્સે બાજુના કમ્પાર્ટમૅન્ટ ઉપર કબજો જમાવ્યો હતો. છોકરીઓએ તેમની મેકઅપ કિટ્સ ખોલી હતી. તેઓ મસ્કારા લગાવવા વિશે ચર્ચાઓ કરી રહી હતી. મને હવે સમજાયું કે શા માટે કોઈ લગ્ન પ્રસંગે સમગ્ર કુટુંબ ઉત્સાહિત હોય છે. કેમ કે આ પ્રસંગમાં દરેકને માટે કંઈક હોય છે.

હું કમ્પાર્ટમૅન્ટના દરવાજા આગળ ઊભા રહેવા બહાર આવ્યો. થોડાક કલાકોમાં ટ્રેન આગ્રા, ગ્વાલિયર અને ઝાંસીથી પસાર થઈ. હું છેલ્લા વર્ષથી જે રાજ્યોમાં ઘૂમી રહ્યો હતો તેવાં રાજ્યોમાંથી તેમ જ વિશાળ દેશના ઘણા ભાગોમાંથી પસાર થતી આ ટ્રેનમાં હજુ એક દિવસ કાઢવાનો હતો. આ રાજ્યોથી જ આપણું રાષ્ટ્ર બને છે. આ જ રાજ્યો આપણા રાષ્ટ્રને વિભાજિત પણ કરે છે અને કેટલાક કિસ્સાઓમાં તો, આ જ રાજ્યો આપણા જીવનમાં ઊથલપાથલ પણ સર્જે છે.

ડિનરના સમયે, ટ્રેન જ્યારે ભોપાલ પહોંચી ત્યારે હું અંદર આવ્યો. મારા સગાંવહાલાંઓનો એ બાબત પ્રત્યેનો ઉત્સાહ હજુ ઓસર્યો ન હતો કે રાજધાની એક્સપ્રેસમાં મફત ભોજન આપવામાં આવે છે.

શિપ્રામાસીએ દરેકને સલાહ આપી, 'નોનવેજ લેજો, આ મદ્રાસીઓ તમને નોનવેજ બિલકુલ નહીં આપે.'

'OK આન્ટી, હવે ત્રણ દિવસ સુધી મદ્રાસી નહીં, પણ તમિલિયન બોલવાનું.'

શિપ્રામાસીએ તેમના ચિકન ઉપરથી ફોઈલ અલગ કર્યું, 'હા, હા, મને ખબર છે કે તમિલનાડુ રાજ્ય છે, પણ આપણે તો મદ્રાસ જ જઈ રહ્યા છીએ ને? ટિકિટમાં ચેન્નાઈ કેમ લખ્યું છે?'

'એ એક જ છે. દિલ્હી અને દિલ્લી જેવું.' કમલામામીએ તેમના ચિકન સ્વીટ કૉર્ન સૂપનો મોટો ઘૂંટડો ભરતાં કહ્યું.

'એ સાચું છે કે ત્યાંની મુખ્યમંત્રી ફિલ્મોની ભૂતપૂર્વ હિરોઈન છે?' મૉમના કઝીને કહ્યું.

'યસ-જી.' બીજાં એક આન્ટીએ કહ્યું, 'આ સાઉથ ઈન્ડિયન સ્ત્રીઓ બહુ ચાલાક હોય છે.'
'ભગવાને તેમને મગજ આપ્યું છે, બીજું કંઈ નહીં.'
બીજી એક લૂઝ કૉમૅન્ટ આવી અને મને ટ્રેનમાંથી ભૂસકો મારવાનું મન થયું.

૬૦

અનન્યાના પિતાએ મારા સગાંઓને માયલાપોરમાં સંગીતા રેસિડેન્સીમાં ઉતારો આપ્યો. ઓરડાઓ સાદા હતા, પણ ચોખ્ખા અને ઍરકન્ડિશન્ડ હતા, 'તમારા પિતાને શું થયું? અમે હમણાં જ મળ્યા હતા.' તેમણે પૂછ્યું.

'તેમને વાઈરલ ફિવર છે અને તે મૅલેરિયા હોઈ શકે છે.' મેં કહ્યું.

'એવું શક્ય છે?'

'દિલ્હીમાં એવું થાય છે. ખેર, શું છે પ્રોગ્રામ?' મેં વાતનો વિષય બદલ્યો.

'આવતી કાલે બપોર પછી એક પૂજા છે અને સાંજે બીજી પૂજા છે. લગ્નનું મુહૂર્ત પરમ દિવસે સવારનું છે.' તેમણે કહ્યું.

'અંકલ DJની શું વ્યવસ્થા છે? કોઈ પાર્ટી નથી?' હું મારાં સગાંવહાલાંઓ વતી આઘાત પામ્યો.

'પરમ દિવસે સાંજે રિસેપ્શન પાર્ટી છે. ત્યાં મજા કરજો.' તેમણે કહ્યું અને તેમણે મારી મૉમ તરફ જોઈને ઉમેર્યું, 'કવિતાજી, શિપ્રાજી આપણે થોડીક વાત કરી લઈએ?'

મારી મૉમ, શિપ્રામાસી અને અનન્યાના ડૅડ મારાથી અને મારા અન્ય સગાંઓથી સહેજ દૂર ગયાં. તેમણે પાંચેક મિનિટ વાતચીત કરી. મૉમ પાછા મારી પાસે આવ્યાં. શિપ્રામાસી તેમના રૂમની ચાવી લેવા રિસેપ્શન કાઉન્ટર ઉપર ગયાં.

'શું?' અમે અમારા હોટલના રૂમ્સમાં જવાં પગથિયાં ચડતાં હતાં ત્યારે મેં કહ્યું.

'કંઈ નહીં.' મારી મૉમે કહ્યું.

'આ મારાં લગ્ન છે. મારે જાણવું જોઈએ.'

'તેમણે મને પૂછ્યું કે મારે કોઈ સ્પેશ્યલ ગિફ્ટ જોઈએ છે.' મારી મૉમે કહ્યું. કદાચ, અનન્યાએ તેના પૅરન્ટ્સને મિન્ટિના લગ્નનું વર્ણન કર્યું હશે.

'અને? તમે શું કહ્યું?' મેં મારી મૉમ તરફ શંકાની નજરે જોતાં કહ્યું.

'મારી સાથે આવા અવાજમાં વાત ન કર.' મારી મૉમે કહ્યું.

'મૉમ, તમે ખરેખર શું કહ્યું? તમે તેમને કાર કે સ્પ્લિટ એસી કે એવું કશું ખરીદવા મોકલ્યા?'

'તને તો હું એવી જ લાગું છું, નહીં?' મૉમે કહ્યું અને અમે પહેલા માળે પહોંચી ગયા હતા. તે શ્વાસ લેવા રોકાઈ.

શિપ્રામાસીના મોંઘાદાટ સેન્ડલનો અવાજ, તેઓ અમારી સાથે પહેલા માળે આવ્યાં તેની ચાર સેકન્ડ પહેલાથી સંભળાતો હતો.

'આ મારી મૂરખ બહેન જો, તેણે કોઈ મોટી ગિફ્ટની ના પાડી.' શિપ્રામાસીએ મને કહ્યું.

'તેં ના પાડી?' મેં મૉમને પૂછ્યું.

મૉમે મારી સામે જોયું.

'તને એ ક્યારેય નહીં સમજાય કે હું તને કેટલો પ્રેમ કરું છું.' મૉમે કહ્યું.

મારું માથું શરમથી ઝૂકી ગયું. મારી મૉમે મારી બોચીમાં ટપલી મારી. ખરેખર તો મને લાફો મારવાની જરૂર હતી.

શિપ્રામાસી તેમના હાથ હલાવીને બોલતાં હતાં.

'તું અને તારી મા, બંને સરખાં છો – અવ્યવહારુ.' તેણે અમને કહ્યું.

'મેં મારા દીકરાને MBA કરવા મોકલ્યો હતો, મને તો બદલામાં બે MBAs મળી રહ્યા છે. અનન્યા તો સૌથી સારી ગિફ્ટ છે.' મૉમ બોલી. શિપ્રામાસીએ કહ્યું, 'ઠીક છે, એ બહુ કમાય છે, પણ કવિતા, જો કોઈ આપવા તૈયાર હોય તો ના શા માટે પાડવાની? શા માટે તે નહીં લઈ લેવાનું?'

'કારણ કે આપણે એવા લોકો નથી, શિપ્રામાસી.' મેં કહ્યું અને હું મૉમને ભેટયો, 'એ બધી વાતો કરે, પણ તે ક્યારેય ડ્યૂકની મૉમ જેવું કરી શકે નહીં. ક્યારેયે નહીં.' મેં કહ્યું.

હું હોટલના મારા રૂમમાં આવ્યો તો ત્યાં દસ કઝીન્સ, છ આન્ટી અને ચાર અંકલ્સ મારા પલંગ ઉપર બેઠાં હતાં. જગ્યા જ ન હતી એટલે હું નીચે બેઠો. અમારી પાસે પસંદગી માટે વીસ રૂમ હતા, પણ મારા સગાંઓ ચટપટી વાતો કરવાનું ગુમાવવાને બદલે એક રૂમમાં સંકડાશથી રહેવાનું પસંદ કરે.

જુવાનિયાઓ ટીવીના રીમોટ માટે ઝઘડતા હતા. મેં મારી આન્ટીઓને બધો કાર્યક્રમ જણાવી દીધો.

'આ લોકો બહુ બોરિંગ છે. તેઓ આખો દિવસ કેવી રીતે પૂજા કરી શકે?' કમલા મામીએ કહ્યું.

'તેમણે સંગીતનો કાર્યક્રમ પણ નથી રાખ્યો?' મૉમે કહ્યું.

'મને લાગે છે કે તેઓ પૈસા બચાવવાનો પ્રયત્ન કરે છે.' શિપ્રામાસીએ કહ્યું.

'પૂજા કઈ ભાષામાં કરશો? મદ્રાસી?' બીજાં આન્ટી બોલ્યાં.

'તમિલ, કદાચ સંસ્કૃત.' મેં કહ્યું.

'હું નથી આવવાની.' મૉમે કહ્યું.

હું મૉમ સામે એક નજરે જોઈ રહ્યો.

'આપણે જમવાનું ક્યાં છે?' એક આન્ટીએ સૌની વતી ચિંતા વ્યક્ત કરી.

'ભોજન લગ્નના સ્થળે ડાઈનિંગ હૉલમાં છે. ચાલો, ચાલો, આપણે સૂઈ જઈએ. આપણે સવારે વહેલા ઊઠવાનું છે.' મેં કહ્યું

અમે બધાંએ સવારે સાડા સાત વાગે હોટલની લૉબીમાં ભેગા થવાનું નક્કી કર્યું, પણ અમે નવ વાગે જ નીકળી શક્યાં.

'સરનામું શું છે?' રજજીમામા બોલ્યા.

અનન્યાના પિતાએ મને આપેલ કાગળ મેં કાઢયો.

'આ હું વાંચી શકતો નથી.' રજ્જીમામા બોલ્યા.

મેં કાગળ પાછો લીધો. તેમાં લખ્યું હતું :

અરુલમિગુ કપાલિસ્વરર કર્પાગંબલ થિરુમના મંડપમ્
૧૬, વેંકટેશ અગ્રાહરમ સ્ટ્રીટ, માયલાપોર, ચેન્નાઈ

તેને વાંચવાનો ત્રણ વખત પ્રયાસ કર્યા બાદ મને માથું દુ:ખવા લાગ્યું. મેં તેના શબ્દો ગણ્યા, મારા લગ્નના સ્થળના પચાસ અક્ષરો હતા. દિલ્હીમાં આટલું લાંબું નામ જ નથી. મારા એક કઝીનનાં લગ્ન બત્રા બેન્કવેટ્સમાં અને બીજાના બાવા હૉલમાં હતાં.

માયલાપોરની શેરીઓમાં વીસ મિનિટની જહેમત બાદ અમે સ્થળ ઉપર પહોંચ્યા. સદ્નસીબે, અહીંના સ્થાનિકોએ આ સ્થળનું નામ ટૂંકાવીને AKKT મંડપમ્ એવું કર્યું હતું. અભિનેતાઓથી માંડીને રાજકીય પક્ષો અને લગ્નના હૉલ સુધી, તમિલિયનો પહેલાં લાંબાં લાંબાં નામ રાખે છે અને પછી તેનાં ટૂંકાં નામ શોધી કાઢે છે.

'નાસ્તો પતી ગયો છે એમ કહીને તમે કહેવા શું માગો છો?' શિપ્રામાસીએ કહ્યું.

'ઈલ્લા, ઈલ્લા.' એક મોટી ફાંદવાળા ઘેરા શ્યામ વર્ણના રસોઈયાએ કહ્યું અને તેનો હાથ હલાવ્યો. તેણે લુંગી અને રસોઈયાની કૅપ પહેરી હતી. જો તેણે આવી કૅપ, ખાવામાં વાળ પડતાં રોકવા માટે પહેરી હોય તો, તેના હાથ અને છાતી ઉપરના વાળ જોતાં, તેણે આખા શરીરે કંઈક પહેરવું જોઈએ.

'ઓરુનિમિશ્મ.' મેં કહ્યું, 'શું થયું?'

'તારો છોકરો તમિલ બોલે છે?' શિપ્રામાસીએ મૉમને કહ્યું.

મૉમે તેની આંખો પટપટાવી.

'ના, હું તમિલ નથી બોલતો. આ તો "એક સેકન્ડ ઊભા રહો." એવું કહેવા માટેનો સામાન્ય શબ્દ છે.' મેં કહ્યું.

'હવે એ તેમનો થઈ ગયો. એ લોકો તેની પાસે ગમે તે કરાવશે.' મૉમે મોટેથી બળાપો કાઢ્યો.

'મૉમ, પ્લીઝ. મને આ નીપટાવવા દે ને.' મેં કહ્યું.

'તું શું નીપટાવવાનો? એ લોકો આપણી પાસે રસોઈ પણ કરાવશે.' મૉમે કહ્યું.

'દરેક જણ, પ્લીઝ ડાઈનિંગ હૉલમાં બેસો.' મેં કહ્યું. ત્યાર પછી હું રસોઈયા તરફ વળ્યો, 'તમે કંઈ બનાવી ન શકો?'

'તો પછી ટિફિન કોણ બનાવશે? અમારે તે અગિયાર વાગ્યે આપવાનું છે.' રસોઈયાએ કહ્યું.

મેં મારી ઘડિયાળ જોઈ. સાડા નવ વાગ્યા હતા. જો મારા ફૅમિલીને એટલો લાંબો સમય ભૂખ્યું રાખવામાં આવશે તો મેડિકલ ઈમરજન્સીની સ્થિતિ સર્જાશે.

'અમારે કંઈક અત્યારે જ જોઈએ.' મેં કહ્યું, 'એકદમ જલદી.'

'ટિફિનનું શું?' રસોઈયાએ કહ્યું.

'અમારે ટિફિન નથી જોઈતું. અમે પછી મોડેથી લંચ માટે જ આવીશું.'

'છોકરીવાળાને ટિફિન જોઈએ છે. એ લોકો નાસ્તા માટે ૬.૩૦ વાગે આવ્યા હતા.' રસોઈયાએ કહ્યું.

રજ્જીમામા મારી પાસે આવ્યા, 'તેને લાંચ આપ.' તે ધીમેથી બોલ્યા. મેં મારા જ સગાંઓને મારા પોતાના લગ્નમાં જમાડવા માટે લાંચ આપવામાં નૈતિકતા વિશે વિચાર્યું.

'OK, હું હવે જઉં છું. મારે કામ છે.' રસોઈયો બોલ્યો અને મનોમન બબડયો, 'પુન્ડઈ માગાને, થાયોલી કૂઢી.'

'અન્ના, વેઈટ.' મેં કહ્યું.

રસોઈયો અચરજથી મારી સામે જોઈ રહ્યો. દિલ્હીના ભારેખમ અવાજે બોલનાર વ્યક્તિ કેવી રીતે એકાદ તમિલ શબ્દ પણ બોલી શકે?

હાથમાં સો રૂપિયાની નોટ લઈ મેં તેની સાથે હાથ મિલાવ્યા. મૂંઝાઈ ગયેલા તેણે નોટ તપાસી.

'અમે તમને રાજીખુશીથી આપીએ છીએ.' મારા અંકલે કહ્યું.

'હું ઉપમા ઝડપથી બનાવી શકું.' રસોઈયાએ કહ્યું.

'ઉપમા શું છે?' મારા અંકલે પૂછયું.

'સૉલ્ટી હલવા. ના, ઉપમા નહીં. તમે ઢોસા બનાવી શકો?' મેં કહ્યું.

'એક પછી એક ઢોસા બનાવવા મારી પાસે માણસો નથી. તો પછી લંચ પણ મોડું થાય.' રસોઈયો શોકાતુર વદને બોલ્યો. અમે ઈડલી નક્કી કરી. સંભાર વગર. જોકે રસોઈયા પાસે આખા રોડ ઉપર પાથરી શકાય તેટલી પીપડું ભરીને નાળિયેરની ચટણી તૈયાર હતી.

મારા કુટુંબના લોકો ડાઈનિંગ હૉલમાં બેઠા અને પીરસણિયાઓએ તેમની આગળ કેળનાં પાન ગોઠવ્યાં.

'આપણે આ પાંદડાં ખાવાનાં છે?' શિપ્રામાસી બોલ્યાં, 'આપણે શું છીએ? ગાય?'

'આ પ્લેટ છે.' મેં કહ્યું, 'અને અહીં કોઈ ચમચા-ચમચી નથી હોતા.'

'એમને તો લગ્નમાં કોઈ ખર્ચો જ નહીં, કેટલા નસીબદાર.' કમલાઆન્ટીએ કહ્યું.

અમે ચાલીસ જણ ઓછામાં ઓછા બસો જેટલી ઈડલી ખાઈ ગયા. અમારો નાસ્તો પતી ગયો ત્યારે અનન્યાના પિતા આવ્યા.

'નાસ્તો ખલાસ થઈ ગયો હતો. આઈ એમ સૉરી.' તેમણે કહ્યું.

'કંઈ વાંધો નહીં.' મેં કહ્યું, 'અમે જ મોડા પડયા હતા.'

'હેલ્લો, કવિતાજી.' અનન્યાના પિતાએ અનન્યાની સૂચના મુજબ હાથ જોડીને કહ્યું. તેમણે પીરસણિયાના હાથમાંથી ઈડલીની ડોલ લીધી અને મૉમને એક ઇડલી આપી.

'હેલ્લો.' મૉમે કહ્યું ત્યારે તેમને છોકરીના પિતા દ્વારા પીરસવામાં આવતું હોવાનું તેનાં ભાઈ-બહેનોએ જોયું તેના લીધે તેના અવાજમાં ગર્વની છાંટ હતી. તેમની પાસે મોજમજા માટે બીજું કંઈ ખાસ હોતું નથી. તે જોતાં, આમ પણ વડીલોને આટલું જ જોઈતું હોય છે.

'ક્રિશના ડૅડને હવે કેવું છે?' તેમણે પૂછયું.

'તેમને સારું છે, કાલે રાત્રે તેમણે સૂપ લીધો અને સવારે રાબ પીધી. અત્યારે તેઓ આરામ કરી રહ્યા છે. તેમણે તમને પ્રણામ પાઠવ્યા છે.' મૉમે કહ્યું.

અનન્યાના પિતાએ સંમતિસૂચક ડોકું ધુણાવ્યું.

'અંકલ, આજે કયા પ્રસંગો છે?' મેં મારાં સગાંઓના લાભાર્થે પૂછયું.

'પહેલાં વૃથમ લગ્નની શરૂઆત માટેની પ્રાર્થના છે. નિશ્ચયાર્થાર્થમ્ અૌપચારિક વિવાહ સમારંભ પણ છે, જેમાં આપણે લગ્ન માટેનો શુભ સમય નક્કી કરીએ છીએ અને નજીકનાં સગાંઓને ભેટ આપીએ છીએ.' અનન્યાના પિતાએ કહ્યું.

જોકે મારી આન્ટીઓએ માત્ર છેલ્લા ચાર શબ્દો ઉપર ધ્યાન આપ્યું.

અમે મેઈન હૉલમાં આવ્યાં. આગામી બે દિવસ માટે બધાં કાર્યોનું મુખ્ય કેન્દ્ર આ જ હતું. મારાં લગ્નની દરેક વિધિ આ રૂમમાં થઈ. હૉલની બરાબર વચ્ચે અગ્નિકુંડ હતો, જે પંજાબી લગ્નો કરતાં બહુ જુદો ન હતો. જોકે અમારાં લગ્નોમાં, લોકો તેમના ડિનર અને ડેઝર્ટ ઝાપટયા પછી જ અગ્નિકુંડ પાસે આવતા હતા. અહીં તો દરેક જણ અગ્નિકુંડની આસપાસ જ ફરતા હતા. ચાર બ્રાહ્મણોએ મંત્રોચ્ચાર શરૂ કર્યા. હું નીચે બેઠો, જ્યારે દૂરના અને ઘૂંટણના દર્દવાળા સગાં પાછળની લાઇનની ખુરશીઓમાં બેઠાં. વૃથમમાં પંડિતજી એટલા મોટેથી મંત્રોચ્ચાર કરતા હતા કે મારા કેટલાક નાનકડાં કઝીન્સ ગભરાઈને રડવા લાગ્યાં એટલે અમારા માટે વાતચીત કરવાનું મુશ્કેલ બન્યું.

મારી પાછળ બેઠેલી મારી આન્ટીઓ અનેક વાર ઊંચીનીચી થઈ.

'પછીથી આપણે સિટી ટૂર પર જઈએ?' કમલા આન્ટીએ કહ્યું.

'ચેન્નાઈમાં જોવા જેવું શું છે? જો તમારે મદ્રાસીઓ જ જોવા હોય તો આ રૂમમાં ઘણાં બધાં છે.' શિપ્રામાસીએ કહ્યું.

મેં અનન્યાનાં સગાંઓને જોયાં. હું કેટલીક આન્ટીઓને ઓળખી શક્યો. તેની યુવાન કઝીન્સ વિદેશથી આવી હતી. તેમણે પ્રણાલિકાગત તમિલિયન વસ્ત્રો પહેર્યાં હતાં અને તેમના હાથમાં મિનરલ વૉટરની બૉટલ્સ હતી.

'અનન્યા દીદી.' અનન્યા અંદર આવતાં જ મિન્ટિ બોલી ઊઠી. તેણે મસ્ટર્ડ યલોગોલ્ડ બૉર્ડર સાથેની મરુન કાંજીવરમ્ સાડી પહેરી હતી. તેના ચપોચપ ઓળેલા વાળને લીધે તે સ્કૂલગર્લ જેવી લાગતી હતી. તેના ચહેરા ઉપર મેકઅપ કરેલો હતો અને અનન્યા, કોઈ પણ તમિલ ફિલ્મના અત્યાર સુધીના કોઈ પણ પોસ્ટર ઉપરની છોકરી કરતાં વધારે સુંદર લાગતી હતી. કાજલના લીધે તેની આંખો ઊંડી દેખાતી હતી. થોડીક સેકન્ડો માટે તો હું તેને મારી અનન્યા તરીકે ઓળખી જ શક્યો નહીં. શું આ એ જ છોકરી હતી જેને હું મૅસની લાઇનમાં મળ્યો ત્યારે તે સંભાર માટે ઝઘડતી હતી?

અમારી આંખો અલપઝલપ મળી. તે મારી સામે સહેજ હસી, જાણે કે તે પૂછી રહી હતી કે તે કેવી લાગે છે.

મેં ડોકું ધુણાવ્યું કે, હા, તે અગાઉ કરતાં અત્યારે વધારે સુંદર લાગે છે.

બીજા એક કલાક સુધી પ્રાર્થનાઓ ચાલી. રૂમમાં ધુમાડો છવાઈ ગયો. પંડિતોએ હવનમાં ઘી અને જવ નાખવાનું ચાલુ રાખ્યું. મેં અને અનન્યાએ અનેક વાર નજર મિલાવી અને એકબીજાં સામે મલકાતાં રહ્યાં. શું આ ખરેખર બની રહ્યું છે? શું છેવટે હું, મારા *DNA*વાળાઓની સંમતિથી પરણી રહ્યો છું.

પંડિતજીએ મારા પિતાને બોલાવવા કહ્યું. મૉમે તેમને કહ્યું કે તેઓ બીમાર છે.

મને ફરીથી ડૅડનો વિચાર આવી ગયો. વડીલો આટલા જડ કેમ હોય છે?

તમારાં દાદા-દાદીનું ગામ કયું? અનન્યાના પિતાએ મને પૂછયું. પંડિતોને નિશ્ચયાથાર્થમ્ વિધિ માટે તેની જરૂર હતી.

મને કોઈ ખ્યાલ ન હતો. હું મારી માતા તરફ વળ્યો. તે મારી આન્ટીઓ તરફ ફરી. મારી આન્ટીઓએ તેમને શું જવાબ આપ્યો તેની ચર્ચા કરી. તેમની ચર્ચાવિચારણાને અંતે મારી મૉમે કહ્યું, 'લાહોર.'

'લાહોર-પાકિસ્તાનમાં?' અનન્યાના ડૅડે ચિંતિત થઈને પૂછયું.

મને ભય લાગ્યો કે તેઓ ફરીથી તેમનો વિચાર બદલી ન નાખે.

'મારાં દાદા-દાદી ભાગલા પછી દિલ્હી આવ્યાં હતાં.' મેં તેમને સમજાવ્યું.

તેમણે ડોકું ધુણાવ્યું.

'અંકલ, લગ્ન ક્યારે પૂરાં થશે? એટલે કે ત્યાર પછી એવી કોઈ જ વિધિ બાકી નહીં હોય કે કોઈ કશો વિરોધ કરે તો પણ કોઈ વાંધો ન આવે.'

'તમે શું કહેવા માગો છો?' પંડિતજીએ કહ્યું.

'કંઈ નહીં.' મેં કહ્યું અને પંડિતજીએ મને દક્ષિણા આપવા જણાવ્યું.

મેં તેમને સો રૂપિયાની નોટ આપી. તેમણે પૂરા જોમથી ઈનકાર કર્યો.

'તેમને હાથોહાથ આપશો નહીં. તે તાંબૂલમમાં મૂકો.' અનન્યાના ડૅડે પૂજાની પ્લેટ્સ તરફ ઈશારો કરતાં કહ્યું.

મેં પ્લેટમાં પૈસા મૂક્યા. મેં તેના ઉપર કેળનું પાન, પાનનાં પત્તાં અને સોપારી મૂક્યાં. ત્યાર પછી મેં તે ફરીથી આપ્યાં અને પંડિતજીએ તે લઈ લીધાં. તેમણે લગ્નની વિગતોની જાહેરાત કરી – સ્થળનું આખું પૂરું લાંબું નામ, લગ્નમ્, નક્ષત્ર અને આવતી કાલની તારીખ.

'સાડા છ વાગ્યાનું મુહૂર્ત છે.' પંડિતજીએ કહ્યું.

'સવારમાં?' રજ્જીમામાએ આંચકા સાથે પૂછયું.

અનન્યાનાં સગાંઓએ સમયના અૌપચારિક નિર્ધારણ અંગે એકબીજાંને અભિનંદન પાઠવ્યાં. મારાં સગાંઓ દિગ્મૂઢ બનીને જોયા કરતાં હતાં.

'આ તો લગ્ન છે કે ત્રાસ? આ તો વહેલી સવારની ફ્લાઈટ પકડવા જેવું છે.' કમલા આન્ટી બોલ્યાં.

સદ્નસીબે, અનન્યાની માતા ભેટસોગાદોથી ભરેલી દસ બૅગ લઈને આવ્યાં અને મહિલામંડળ શાંત પડયું.

'મિસિસ કમલા.' તેમણે પહેલી બૅગ ઉપરથી નામ વાંચતાં કહ્યું. દરેક ગિફ્ટ ઉપર તે લેનારનું નામ, મારી સાથેનો સંબંધ અને તેની અંદર શું છે તેનો કોડવર્ડ હતો.

'હું.' કમલા આન્ટી બોલ્યાં અને વર્ગખંડમાં હાજરી પુરાવતા બાળકની જેમ તેમણે હાથ ઊંચો કર્યો. ભેટ-પ્રેઝન્ટમાં એવું કંઈક છે કે જેનો સ્વીકાર કરનાર દરેકને એ બાળક બનાવી દે છે.

'આપણે તે આપણી હોટલમાં ખોલીશું.' ભેટવિતરણ સમારોહને અંતે શિપ્રામાસી બોલ્યાં.

'અને હવે આપણે લંચ લઈશું.' અનન્યાના પિતાએ કહ્યું અને તેમણે અમને સૌને રાઈસ, સંભાર, રસમ, સબ્જી, દહીં અને પાયસમના ભોજન માટે ડાઈનિંગ હૉલમાં આવકાર્યા.

૬૧

'તો પછી આજ રાતનો શું પ્રોગ્રામ છે?' હોટલ પર અમે પાછાં આવ્યાં પછી રજ્જીમામાએ

પૂછયું.

'આઠ વાગ્યે ડાઈનિંગ હૉલમાં ડિનર છે.' મેં કહ્યું.

'પ્લીઝ, હવે મારાથી ભાત નહીં ખવાય.' શિપ્રામાસીએ કહ્યું.

મહિલાઓએ તેમની કાંજીવરમ્ સાડીની ગિફ્ટ ખોલી હતી. મેં અનન્યાને પ્રાઈસ ટૅગ રાખવા જણાવ્યું હતું. દરેક સાડીની કિંમત ત્રણ હજારથી ઉપરની હોવાથી મારાં સગાંઓએ અનન્યાનાં સહેજ વધારે વખાણ કર્યાં.

'ડિનર પછી શું છે?' રજ્જીમામાએ પૂછયું.

'સાડા છનું મુહૂર્ત છે. ચાલો, આપણે સહેજ વહેલાં સૂઈ જઈએ.'

'જો તો ખરી કવિતા, તારો છોકરો કેવો મદ્રાસી બની ગયો છે.' કમલા આન્ટીએ કહ્યું અને તેમણે જાણે કે વિશ્વનો શ્રેષ્ઠ જોક કહ્યો હોય તેમ સૌ હસ્યાં.

મેં મોઢું ચડાવ્યું.

'આપણે વહેલાં કેવી રીતે સૂઈ જઈએ? આ તો તારાં લગ્ન છે.' કમલા આન્ટીએ મારા ગાલ ખેંચતાં કહ્યું.

'તો તમારે શું કરવું છે?' મેં પૂછયું.

'આપણે પાર્ટી કરીશું. મિન્ટિના પપ્પા, ચાલો આપણે જઈએ.' કહી કમલા આન્ટી બહાર ગયાં.

'અને તું બ્યુટીપાર્લરમાં જઈને ફેશિયલ કરાવી આવ.' મૉમે કહ્યું.

'હું?'

'હા, પણ ધ્યાન રાખજે. બ્યુટીપાર્લરવાળા તને કાળો ન કરી નાખે.' શિપ્રામાસીએ કહ્યું અને મારા સગાંઓને, માત્ર પંજાબીઓ જ હસી શકે તેવું એક બીજું કારણ મળ્યું.

રજ્જીમામાએ મારા માટે જે પાર્ટી રાખી હતી તેને ખરેખર બેચલર્સ પાર્ટી કહી શકાય તેમ ન હતું. કેમ કે ખાસ તો મારી બધી આન્ટીઓ તેમાં હાજર હતી. જોકે કામચલાઉ વ્યવસ્થામાં એવો ભાસ ઊભો થયો. રજ્જીમામા વ્હિસ્કીની બે બૉટલ, વૉડકાની એક બૉટલ અને બિયરની એક બૉટલ બાસ્કેટમાં લઈને આવ્યા. કમલા આન્ટી પણ મહિલાઓ માટે ચિપ્સ અને જ્યૂસ લાવ્યાં.

'આજની રાત લેડીઝને પણ ડ્રિન્ક લેવા દો.' જેવું રજ્જીમામાએ કહ્યું, ત્યાં તો ઘણી આન્ટીઓ હક્કાબક્કા થઈ ગઈ. મારી કઝીન્સે વૉડકાની બૉટલ બૂક કરાવી દીધી હતી.

'આઈસ.' રજ્જીમામાએ હોટલના એક વેઈટરને કહ્યું અને તેને સો રૂપિયા આપ્યા. તે આખી બકેટ ભરીને આઈસ લઈ આવ્યો.

'અહીં મ્યુઝિક સિસ્ટમ છે?' રજ્જીમામાએ વેઈટરને પૂછયું. વેઈટર બીજા સો રૂપિયાના બદલામાં તેના ફ્રેન્ડના ઘરેથી લાવી આપવા તૈયાર થયો. જોકે મ્યુઝિકની પસંદગી પડકારરૂપ હતી અને અત્યારે અમારી પસંદગી 'રોજા' અને 'જેન્ટલમૅન' ફિલ્મોના સાઉન્ડટ્રેક પૂરતી સીમિત રાખવી પડે તેમ હતી. તેનાં ગીતો તમિલ હતાં, પણ તેના ટયૂન્સ પરિચિત હતા.

'બે ડ્રિન્ક લીધા પછી તમને તમિલ શબ્દો પણ સમજમાં આવશે.' રજ્જીમામા બોલ્યા.

પુરુષોએ રૂમ નંબર ૩૦૧, જે મારો રૂમ હતો તે પસંદ કર્યો. મહિલાઓ ૩૦૨માં ગઈ. જ્યારે જુવાનિયાઓ ૩૦૩માં હતા. બાળકો ૩૦૪માં રહ્યાં અને કેબલ ટીવી ઉપર કાર્ટૂન ચૅનલ્સ જોવા લાગ્યાં. જ્યારે પાંચ વર્ષથી નીચેનાં બાળકો અને પંચોતેર વર્ષથી વધુ વયના વૃદ્ધો ૩૦૫માં હતા અને એ લોકો બાળકોનું બેબીસિટિંગ કરતા હતા.

રજ્જીમામા ૩૦૧થી ૩૦૨માં આવ-જા કરતા હતા અને લેડીઝ સાથે ગોસિપિંગ અને ૩૦૧માં પુરુષો સાથે શૅરબજાર અને રિયલ ઍસ્ટેટની વાતો કરતા હતા.

'અગિયાર વાગ્યા છે.' મેં મારાં સગાંઓને યાદ કરાવ્યું, 'આપણે હવે સૂઈ જઈએ.'

'ઓહ, શટઅપ.' રજ્જીમામાએ કહ્યું અને મને આનંદથી ભેટયા, 'જો આપણે અત્યારે સૂઈ જઈશું તો ઊઠી જ નહીં શકીએ. આપણે સવાર સુધી ચાલુ રાખીએ.'

પાર્ટી ચાલુ રહી અને રૂમ નં. ૩૦૧, ૩૦૨ અને ૩૦૩ ડિસ્કોમાં ફેરવાઈ ગયા. ધી 'ઈન્ડિયન' સાઉન્ડટ્રેક પાંચ વખત વગાડવામાં આવી. મને ખ્યાલ આવ્યો કે જો મારાં સગાંઓ સૂઈ નહીં જાય

તો અમે કદાચ લગ્નમાં પહોંચી જ નહીં શકીએ. હું મધરાત વીત્યા પછી લૉબીમાં ગયો.

'પોલીસ બોલાવો.' મેં ફ્રન્ટ ડેસ્કને કહ્યું.

'શું?' મૅનેજરે કહ્યું, 'તમે તો વરરાજા છો.'

'હા, સવારે સાડા છનું મુહૂર્ત છે. મારે આ બધાને લઈને સવારે પાંચ વાગ્યે ત્યાં પહોંચવાનું છે. એ લોકો ઊંઘવાના મૂડમાં નથી.'

મૅનેજર હસી પડયો. રજ્જીમામાએ તેને સારી એવી લાંચ આપી હતી. 'ચિંતા ન કરો, સર. હું તેમને અડધા કલાકમાં બંધ કરાવી દઈશ.'

ત્યાં જ એક કાર હોટલની બહાર ઊભી રહી અને એક વ્યક્તિ બહાર આવી. અંધારામાં પણ તે કોણ હતું તે હું કહી શકું. હું તરત જ ફટાફટ પગથિયાં ચડી ગયો. મારા હૃદયના ધબકારા વધી ગયા. રજ્જીમામા ૩૦૨માં રોજાના એક ઉદાસ ગીત ઉપર કમલા આન્ટી સાથે ડાન્સ કરી રહ્યા હતા.

'ડૅડ આવ્યા.' મેં જાહેરાત કરી.

માત્ર બે જ મિનિટમાં જાણે કે પોલીસની રેડ પડી હોય તેમ અમારી નાઈટક્લબ બંધ થઈ ગઈ. દરેક જણ ઊંઘવા માટે પોતપોતાની રૂમમાં પહોંચી ગયા. ડૅડ ત્રીજા માળે ચડયા ત્યારે કૉરિડૉર સૂમસામ હતો.

'ડૅડ.' મેં કહ્યું.

અમે થોડીક સેકન્ડ માટે એકબીજાની સામે જોઈ રહ્યા.

છેવટે તેમણે અહીં આવવાનું નક્કી કર્યું. હું તે હકીકતથી આગળનું વિચારી શક્યો નહીં. મેં તેમને કારણ પણ પૂછયું નહીં. તે મારા જેવા હતા. ભારતીય પુરુષો લાગણીઓ બહુ સારી રીતે વ્યક્ત કરતા નથી.

'તું હજુ ઊંઘ્યો નથી? થોડાક જ કલાકોમાં તારાં લગ્ન નથી?' તેમણે હળવેકથી પૂછયું.

મેં જવાબ ન આપ્યો. તે રૂમ નં. ૩૦૧ તરફ ચાલ્યા. મેં તેમને રોક્યા. મારા મામાઓની છાકટાઈ તેઓ જુએ તેવું હું ઈચ્છતો ન હતો.

'ઉપર બીજા રૂમ છે. આ બરાબર નથી.' મેં કહ્યું અને હું તેમને ઉપલા માળે લઈ ગયો. ત્યાં તેઓ કપડાં બદલી શકે તે માટે હું બહાર નીકળી ગયો. મૉમ ૩૦૧માં હતી અને બને તેટલી ઝડપથી સાફસફાઈ કરી રહી હતી.

'બધું બરાબર છે. એ ઉપર ગયા છે.' મેં કહ્યું.

'એ અહીં શું કરવા આવ્યા?' મૉમે ચિંતા વ્યક્ત કરી. 'તે કંઈ ધમાલ કરવા આવ્યા છે?'

'ના.' મેં કહ્યું, 'તેઓ મજામાં છે. એ મારાં લગ્નમાં આવ્યા છે.'

'હવે? એ હવે આવ્યા?'

'કંઈ વાંધો નહીં, મૉમ. તું સૂઈ જા. હું તેમને કહી દઈશ કે તું ઊંઘી ગઈ છે.' મેં કહ્યું અને મૉમના ગાલ ઉપર કિસ કરી હું ઉપર ગયો.

ડૅડે કપડાં બદલીને સફેદ કૂર્તા પાયજામા પહેરી લીધા હતા.

'થૅંક્યુ, ડૅડ.' મેં કહ્યું.

'ગાંડાવેડા ન કર.' તેમણે કહ્યું, 'તારી મૉમ ક્યાં છે?'

'બધાં વહેલાં સૂઈ ગયાં. આપણે સવારે ચાર વાગે ઊઠવાનું છે.' મેં કહ્યું.

'ઓહ, હું તને જગાડી રહ્યો છું. તારે અહીં સૂવાનું છે?'

મેં ડોકું ધુણાવ્યું અને લાઈટો બંધ કરી. હું તેમની બાજુમાં જ સૂઈ ગયો, કદાચ વીસ વર્ષમાં પહેલી વાર.

'આઈ લવ યુ, સન.' તેમણે કહ્યું અને આંખો બંધ કરી.

હું લાગણીવશ બની ગયો. જ્યારે અનન્યાએ પહેલી વાર મને આમ કહેલું ત્યારે એ શબ્દો મને જેટલા મહત્ત્વના લાગ્યા હતા એટલા જ મહત્ત્વના શબ્દો મને અત્યારે પણ લાગ્યા.

'આઈ લવ યુ, ટુ.' મેં કહ્યું અને મને આશ્ચર્ય થયું કે હું કયા પ્રકારની લવસ્ટોરીમાંથી પસાર થઈ રહ્યો છું!

મારે મારાં સગાંઓને જગાડવા માટે તેમના મોં ઉપર ટમ્બલર ભરીને પાણી છાંટવું પડયું. રજ્જીમામાને ભારે હેંગઓવર હતું. હું ત્રણ જ કલાક ઊંઘ્યો હતો અને મારું માથું ભયંકર દુ:ખતું હતું. અમે રૂમ સર્વિસને ત્રિપલ સ્ટ્રેન્થ કૉફી માટે જણાવ્યું.

'આ તો ક્રૂરતા કહેવાય. આ સમયે તેઓ કેવી રીતે પરણી શકે?' મૉમે કહ્યું અને નવી સાડી કાઢવા તેણે સ્યૂટકેસ ખોલી.

અનન્યાના ડૅડે આ બસો મીટરની સફર માટે અમારી હોટલ ઉપર બસ મોકલી હતી. હું બહાર રાહ જોઈ રહ્યો હતો ત્યારે મારા કુટુંબની દરેક મહિલા હેર ડ્રાયરથી વાળ કોરા કરી રહી હતી અને લિપસ્ટિક લગાવી રહી હતી. પાંચ વાગીને પંદર મિનિટે તો ખતરાની ઘંટડીઓ વાગવા માંડી.

'પંડિતજીએ લગ્નની વેદી માટે અગ્નિ પ્રગટાવી દીધો છે. મંત્રોચ્ચાર શરૂ થઈ ગયો છે.' અનન્યાના પિતાએ કહ્યું.

'બે વૃદ્ધાઓએ જ તૈયાર થવાનું બાકી છે. બસ અમે આવી જ ગયાં.' મેં કહ્યું અને ફોન મૂકી દીધો.

અમે સાડા પાંચે મંડપમ્ પર પહોંચ્યાં. અનન્યાનાં સગાંઓએ સારામાં સારી જગ્યા લઈ લીધી હતી. પંડિતજીની સામે બેસવા હું તેમને પસાર કરીને આગળ ગયો.

'માતા અહીં બેસશે.' પંડિતજીએ કહ્યું, 'અને જો પિતા ન હોય તો કોઈ વડીલ પુરુષ, સંબંધી...'

'મારા પિતા આવી ગયા છે.' મેં કહ્યું.

અનન્યાનાં પૅરેન્ટ્સ તેમની બેઠક ઉપર બેઠાં.

'વેલકમ.' અનન્યાના ડૅડે કહ્યું, 'હવે તાવ નથી ને?'

'શેનો તાવ?' મારા ડૅડે તેમનું સ્થાન લેતાં કહ્યું.

પંડિતજીએ તેમના મંત્રોચ્ચાર જોરશોરથી ચાલુ રાખ્યા. રજ્જીમામાએ સેરિડોનની સ્ટ્રીપ ફેરવવા માંડી અને જેને જેને હેંગઓવર હતો તે દરેકે એક ગોળી લીધી. અનન્યાના અંકલ્સે એકબીજાને ધ હિન્દુની કૉપી આપી અને તેમણે લગ્નમાં પણ જ્ઞાન મેળવવાનું ચાલુ રાખ્યું.

'ક્રિશ, અહીં આવો.' પાંચ મિનિટની પ્રાર્થના પછી અનન્યાના ડૅડે કહ્યું.

'શું?'

'તમારે કપડાં બદલવાં પડશે. મારે તમને મદદ કરવી પડશે.' તેમણે કહ્યું.

મારી મૉમે મારા માટે ખરીધાં હતાં તે રસ્ટ કલર્ડ સિલ્ક કૂર્તા પાયજામા મેં પહેર્યા હતા. 'આ નહીં ચાલે?' મેં કહ્યું.

અનન્યા હસી પડી. અનન્યાના ડૅડે નકારમાં તેમનું માથું ધુણાવ્યું અને ઊભા થયા. હું મેઈન હૉલની બાજુના રૂમમાં તેમની પાછળ પાછળ ગયો. તેમણે બારણાને સ્ટોપર મારીને બંધ કર્યું, 'તમારાં કપડાં ઉતારો.' તેમણે કહ્યું.

'શું?' મેં આંચકો અનુભવ્યો, પણ એ તો મારાં કપડાં ઉતારવામાં મદદ કરવા મારા કૂર્તાનાં બટન ખોલવા માંડયા.

'હું જાતે કરું છું.' મેં ઉતાવળે કહ્યું. મેં મારો કૂર્તો ઉતાર્યો.

'પાયજામા પણ.' તેમણે કહ્યું અને મને મારા કૉલેજના રેગિંગના દિવસો યાદ આવ્યા.

'શું આ જરૂરી છે?' મેં પૂછયું અને મને થયું કે શું મારાં કપડાં ઉતારવાથી મંત્રો વધારે અસરકારક બનશે?

તેમણે કંઈ જવાબ આપ્યો નહીં. તેમના હાથ મારા પાયજામાનું નાડું ખેંચવા જ જતા હતા ત્યારે મેં જ મારી લાજશરમ છોડવાનું નક્કી કર્યું. મેં મીકીમાઉસના ચિત્રોવાળો સફેદ જાંગિયો પહેર્યો હતો.

'તમે આ બધું શું પહેર્યું છે?'

હું ડિઝની થિમવાળા અંડરવિયરના છ પૅક લાવ્યો હતો.

હું પરણવાનો હતો અને અનન્યાને કાર્ટૂન કેરેક્ટર ખૂબ ગમે છે તે જોતાં મને લાગ્યું કે આ તેને ગમશે. અલબત્ત, હું મારું આ કારણ મારા ભાવિ સસરાને જણાવી શક્યો નહીં.

'મને શું ખબર કે મારે આમ આ બધું ખુલ્લું કરવું પડશે?' મેં કહ્યું.

અનન્યાના ડૅડના ચહેરા ઉપર ચિંતા વ્યાપી ગઈ.

'કેમ, એમાં શું વાંધો છે?' મેં કહ્યું.

'તમારે આ વેષ્ટી પહેરવાની છે.' અનન્યાના ડૅડે કહ્યું અને મને એક અત્યંત પારદર્શક ક્રીમ કલરની લુંગી આપી. તે ''રામ તેરી ગંગા મૈલી''માં મંદાકિનીના બાથિંગ ડ્રેસને મળતી આવતી હતી.

'મારે આ પહેરવી પડશે? કેવી રીતે?' મેં તેને ઊંચી પકડી. વહેલી સવારનાં કિરણો તેની આરપાર નીકળતાં હતાં.

'જુઓ, હું તમને બતાવું.' અનન્યાના ડૅડ બોલ્યા અને મહાભયંકર ચેષ્ટારૂપે તેમનો અડધો હાથ મારા અંડરવિયરમાં નાખી દીધો. મને વિચાર આવ્યો કે કોઈ વરરાજા તેની છેડતી કરવા માટે તેના સસરા સામે કેસ કરી શકે કે કેમ.

'પ્લીઝ, પહેલા મને ટ્રાય કરવા દો.' મેં કહ્યું. અલબત્ત, ગભરાટનો માર્યો હું તે બરાબર કરી શક્યો નહીં. લુંગી સરકી જવા લાગી અને હું ત્યાં મારા મીકીમાઉસ અંડરવિયરમાં ઊભો હતો અને લગભગ રડી પડવાની તૈયારીમાં હતો.

'મને કરવા દો, માત્ર એક જ મિનિટ લાગશે.' અનન્યાના ડૅડે હળવેકથી કહ્યું, જાણે કે કોઈ ડૉક્ટર નાના બાળકને ઈન્જેક્શન આપવા સમજાવી રહ્યા ન હોય!

મેં મારી આંખો બંધ કરી દીધી. મેં વિચાર્યું, બસ, આ ખરેખર છેલ્લું, મારી જિંદગીનો પ્રેમ મેળવવા હું આ છેલ્લું અપમાન સહન કરીશ. થોડાક જ કલાકોમાં તો આ બધું પતી જશે. તેમણે લુંગી બરાબર ફીટ થાય તે માટે તેમનો હાથ વધારે આગળ લંબાવ્યો. જે મારા માટે અત્યંત પ્રતિકૂળ હતું. કેટલાક લોકો એવું કહે કે વરરાજાનું સાધન બરાબર છે કે નહીં તેની ખાતરી કરવા માટેની આ વિધિ રાખવામાં આવતી હોય છે. ખેર, તેમણે તે શોધી કાઢવાની સારી કામગીરી બજાવી.

'પતી ગયું?' અંકલે છેલ્લી પાટલીઓ સરખી કરી ત્યારે મેં પૂછ્યું. મેં મારી જાતને દર્પણમાં જોઈ. વિશ્વ સાથે મારે સૌ પ્રથમ ટૉપલેસ મિટિંગ થોડીક જ વારમાં થવાની હતી. મારી પારદર્શક લુંગીમાંથી નાનકડા મીકીમાઉસ દાંત કાઢી રહ્યા હતા. ઓ.કે, આ થોડીક જ વાર માટે છે, મેં મનોમન કહ્યું.

'જુઓ, હવે તમારા લગ્નના દરેક ફોટામાં મીકીમાઉસ હશે.' અંકલે કહ્યું અને એ હકીકત ઉપર મહોર મારી કે મારે મારી બાકીની આખી જિંદગી આ અપમાન સહન કરવું પડશે.

'તમારે તમારું અંડરવિયર બદલવું છે? તમે મારું પહેરી શકો છો. આપણે તે બદલી નાખીએ?' તેમણે પૂછ્યું.

હું તેમની સામે જોઈ રહ્યો અને વિચારવા લાગ્યો કે તેમણે હમણાં જ જે કહ્યું તે ખરેખર કહ્યું છે કે કેમ, 'ચાલો જઈએ, મારે પરણવાનું છે.'

અમે બહાર આવ્યા અને જેવો મને જોયો કે મારી બધી કઝીન્સ હસી પડી.

'મીકીમાઉસ.' મારાં પાંચ વર્ષના કઝીને બૂમ પાડી અને એ પાકું કર્યું કે તમામ મહેમાનો હવે મુક્ત રીતે જોઈ શકશે.

અનન્યાએ અદ્ભુત નવ વારની ડાર્ક રેડ સિલ્ક સાડી પહેરી હતી. તેણે ડાયમંડ અને ગોલ્ડ નેકલેસ પહેર્યાં હતાં. તે ધરતી ઉપરની દેવી જેવી લાગતી હતી.

'અંડરવિયરનો શું પ્રૉબ્લેમ છે?' તેણે ધીમેથી મને પૂછ્યું.

'હું તે તારા માટે લાવ્યો હતો. એટલે કે આપણા માટે.' મેં કહ્યું.

'એક્સક્યુઝ મી?' તેણે કહ્યું અને પંડિતજીએ વાતો કરવા બદલ અમને ઠપકો આપ્યો અને પ્રાર્થનામાં ધ્યાન આપવા જણાવ્યું. કોઈકે મારી આંખો પર સ્કાર્ફ બાંધી દીધો કે જેથી દસ મિનિટ

માટે હું કશું જોઈ શકું નહીં અને પ્રાર્થના ચાલુ રાખી શકું. કદાચ, કન્યા સાથે લગ્ન દરમિયાન વાત કરવાની તે સજા હશે, પણ આમ કેમ કરવામાં આવ્યું છે તે કોઈએ સમજાવ્યું નહીં. સ્કાર્ફ દૂર કરવામાં આવ્યો તે પછી પણ પ્રાર્થનાઓ ચાલુ રહી.

'OK, હવે તમે કાશીયાત્રા માટે જશો.' પંડિતજીએ એક કલાક પછી કહ્યું. તેમણે મને એક છત્રી અને ગીતાની એક કૉપી આપ્યાં.

'આ શું છે?' મેં કહ્યું.

અનન્યાના ડૅડે મને વિગતો આપી. મારે ઊભા થવાનું હતું અને જણાવવાનું હતું કે મને લગ્નમાં રસ નથી અને હું સાધુ બનવા કાશી કે વારાણસી જઈ રહ્યો છું. તેમણે મને છત્રી શા માટે આપી તેની મને ખબર ન પડી, પણ મારે તે ખોલવાની હતી અને હું ચાલુ ત્યારે તે મારા માથા ઉપર રાખવાની હતી. અનન્યાના ડૅડ મારી પાછળ આવશે અને મને સમજાવશે કે મારે આવું બધું કરવાને બદલે તેમની દીકરીને પરણી જવું જોઈએ.

ખાસ તો મેં વેષ્ટીની વિધિમાં લોચા માર્યા હોવાથી આ વિધિ એકદમ સારી રીતે કરવાનું મેં નક્કી કર્યું. હું ઊભો થયો, અનન્યાનાં પૅરેન્ટ્સ તરફ ઘૃણાપૂર્વક જોયું અને હૉલની બહાર નીકળી ગયો. અનન્યાના ડૅડ મારી પાછળ આવ્યા, પરંતુ હું તેમના કરતાં વધારે ઝડપથી ચાલ્યો. હું હૉલની બહાર મેઈન રોડ ઉપર આવ્યો.

હું શેરીમાં ચાલવા લાગ્યો. એક ઑટો મારી નજીક આવી.

'વ્હેર વ્હેર?' તેણે પૂછયું અને તેનું એન્જનિ હજુ પહેલા ગિયરમાં ઘૂરકી રહ્યું હતું.

'કાશી.' મેં કહ્યું.

'કાશી, વ્હેર?' તેણે કહ્યું.

'વારાણસી, યુ.પી.માં' મેં કહ્યું.

'સેન્ટ્રલ સ્ટેશન? સેવન્ટી રૂપીઝ, સર.' તેણે કહ્યું.

મેં પાછળ જોયું અને અનન્યાના ડૅડને મારી પાછળ વીસ મીટર દૂર જોયા.

ઠીક છે, જીવનમાં લગ્ન એક વખત કરવાનાં હોય છે, તેથી મેં કાશીયાત્રાની વિધિ સૌથી સારી રીતે કરવાનું નક્કી કર્યું.

હું ઑટોમાં બેઠો. ઑટો ભાગવા લાગી.

'હે.' અનન્યાના ડૅડે જોરથી બૂમ પાડી.

'એ કોણ છે?' ઑટો ડ્રાઈવરે પૂછયું.

'કંઈ નહીં.' મેં કહ્યું, 'ઊભા રહો.' ડૅડ દોડતા મારી પાસે આવ્યા.

'તમે શું કરી રહ્યા છો?' તેમણે આટલું દોડયા પછી હાંફતાં હાંફતાં કહ્યું.

'કાશી જઈ રહ્યો છું.' કહીને હું મલક્યો, 'મારે ક્યારે અટકવાનું એ તો તમે મને કહ્યું નહીં.'

તેમણે મારો હાથ મજબૂતીથી પકડયો, 'અંદર આવો.' તેમણે કહ્યું અને મને મંડપમ્ તરફ ખેંચી ગયા.

'અરે, તમારે મને સમજાવવું ન જોઈએ?' મેં કહ્યું.

અમે કેટલીક વધુ તમિલ વિધિઓ કરી. માલાઈ માત્રલ નામની એક વિધિમાં, પંજાબી જયમાલાની જેમ એકબીજાંને વરમાળા પહેરાવવાની હતી. જોકે અનન્યાનાં સગાંઓએ અનન્યાને ઘણી ઉપર ઊંચકી અને તેના માથા સુધી પહોંચવાનું મારા માટે મુશ્કેલ બન્યું. મારા પોતાનાં સગાંઓએ તેને એક લલકાર સમજીને, મને તેથી પણ વધારે ઉપર ઊંચો કર્યો. આ એક રમત માત્ર છે તેવું સમજવામાં રજ્જીમામાને થોડીક વાર લાગી અને તેમણે અનન્યાના એક કાકા સાથે ઝઘડો કર્યો. ત્યાર પછી ઊંજલની વિધિ હતી, જેમાં હું અને અનન્યા એક હીંચકા ઉપર બેઠાં અને તેનાં સગાંઓએ અમને દૂધમાં બોળેલા કેળાના નાના નાના ટુકડા ખવડાવ્યા. છેવટે અમે અગ્નિની વેદી પાસે બેઠાં. અંતિમ કન્યાદાન માટે અનન્યા તેના ડૅડના ખોળામાં બેઠી.

'હા.' હું મનોમન ધીરે રહીને બોલ્યો, 'હવે લગભગ પતી ગયું.' અનન્યા અને મેં હળદરમાં બોળેલું એક શ્રીફળ પકડયું. અનન્યાની માતાએ તેની ઉપર પાણી રેડયું. અનન્યા ડૅડના ખોળામાં બેઠી હતી, ત્યારે તેના આંસુ રોકી શકી નહીં. મેં મંગલયાધરણમ્ વિધિમાં, તાલી નામનું, એક

સપાટ ચોરસ પેન્ડન્ટ ગોલ્ડ નેકલેસ તેને પહેરાવ્યું.

પંડિતજીઓએ સપ્તપદી અથવા તો સાત મંગળફેરા માટે અમને ઊભા થવા જણાવ્યું. અનન્યાની સાડી અને મારી લુંગી વચ્ચે ગાંઠ મારવામાં આવી અને અમે એકબીજાના હાથ પકડયા. મહિનાઓ પછી મેં તેનો સ્પર્શ અનુભવ્યો.

'તું ઠીક તો છે ને?' તેણે છીંક ખાધી એટલે મેં તેને પૂછયું.

'તું છોકરી નથી એટલે તને નહીં સમજાય.' અનન્યાએ કહ્યું અને આમ તેણે પરણેલા પુરુષોએ દરરોજ જે સાંભળવા પડે છે તેવા જીવનભરના 'તને નહીં સમજાય' નિવેદનોની શરૂઆત કરી દીધી.

મેં મારો પગ અનન્યાના પગ નીચે મૂક્યો અને તેને અગ્નિની સાક્ષીએ સાત ફેરા કરવામાં મદદ કરી. મેં તેના પગની આંગળીઓ પર ચાંદીની વીંટીઓ પહેરાવી.

સૌએ તાળીઓ પાડી.

'શું?' મેં કહ્યું.

'પતી ગયું. હવે રૂમમાં બધે ફરો અને દરેકના આશીર્વાદ લઈ લો.' મુખ્ય પંડિતે કહ્યું.

મેં મિસ્ટર સ્વામી અને તેમનાં પત્ની તરફ જોયું. તે હવે અનન્યાનાં પૅરન્ટ્સ ન હતાં, મારાં સાસુ-સસરા હતાં. મેં તે કરી બતાવ્યું. બે રાજ્યો એક બની ગયાં હતાં.

'નમસ્કારમ્ કરો.' પંડિતે અમને સૂચના આપી. અનન્યા અને હું અમારા દરેક વડીલ સંબંધીની આગળ, આશીર્વાદ લેવા માટે દંડવત્ પડી ગયાં. દુનિયામાં લગ્નની આ એક જ એવી વિધિ છે જેમાં કસરત કરવી પડે છે.

'મારા આશીર્વાદ હંમેશાં તારી સાથે છે.' મારા ડૅડે કહ્યું અને તેમણે અમને તેમની આગળ નીચે નમતાં અટકાવ્યાં.

'ગૉડ બ્લેસ યુ.' શિપ્રામાસીને હું પગે લાગ્યો ત્યારે તેમણે આશીર્વાદ આપ્યા, 'પણ મને ઊંઘ આવે છે. આપણે પાછા હોટલ ઉપર જઈએ.'

૬૩

'તે બોલી શકે છે?' મેં કહ્યું. અનન્યા અને હું અમારા રિસેપ્શનના સ્થળે રિગલ ચૅર ઉપર બેઠાં હતાં. છેવટે આ ફંક્શન તો મારાં સગાંઓને પરિચિત લાગતું હતું. કેમ કે તેમણે ખુલ્લા ગાર્ડનમાં ફૂડ સ્ટોલ્સ જોયા. અમે મદ્રાસ બોટ ક્લબ ખાતે હતાં. વૃક્ષોની આજુબાજુ કલર્ડ લાઈટ ઝળકતી હતી. જેના નામ પણ બોલવામાં અઘરા પડે તેવા ધુમાડાસભર મંડપમ્ કરતાં આ બેકસાઈડ વેન્યૂ ખરેખર સારો અને આવકારદાયક ફેરફાર હતો.

'હા, એ પાવરપૉઈન્ટ કરવા માગતા હતા, પણ મેં તેમને અટકાવ્યા. તે મને સ્પીચ બતાવવા હોટલ ઉપર પણ આવ્યા હતા.'

'ક્યારે?' મેં કહ્યું, 'હું ત્યાં જ હતો.'

'આખો દિવસ ઊંઘતો હતો.' અનન્યાએ કહ્યું, 'તેને માત્ર નસકોરાં જ સાંભળવા મળ્યાં.'

'તું ઊંઘી નથી?' મેં પૂછયું.

'કોઈ શક્યતા જ નથી. અમારે ત્યાં બહારગામના એટલા બધા મહેમાનો છે. હું છેલ્લા બે દિવસથી ઊંઘી નથી.'

'તો પછી તું આટલી સુંદર કેવી રીતે દેખાય છે?' મેં કહ્યું.

તે શરમાઈ ગઈ. તે તેનાં કપડાં સાથે મૅચિંગ થતું હતું. સાંજ માટે તેણે મારા સગાંઓ માટે

આશ્ચર્યજનકરૂપે અને તેની પોતાની આન્ટીઓ માટે સહેજ આંચકારૂપે, ગોલ્ડ અને સિલ્વરની ભારે એમ્બ્રોઈડરીવાળો પિન્ક લહેંગો પહેર્યો હતો. જોકે ઘણું વધારે મોડું થઈ ગયું હતું અને અનન્યા પરણી ચૂકી હતી – મારી સાથે! મેં હરીશને મનોમન ભાંડયો. જોકે તેને યાદ કરવા બદલ મેં પોતાને ગાળો દીધી.

'કૉન્ગ્રેચ્યુલેશન્સ.' અમને મળવા કોઈ એકલદોકલ વ્યક્તિ સ્ટેજ ઉપર આવતી હતી અને અમે સેંકડો વખત ફોટા પડાવવા માટે સ્મિત વેરતા રહ્યા.

ડિનરમાં નૉર્થ ઈન્ડિયન વાનગીઓ હતી, પણ તેની લહેજત સહેજ જુદી પડતી હતી.

'તેમણે ગોબી આલૂ કોપરેલમાં બનાવ્યું છે.' મિન્ટિએ ફરિયાદ કરી.

'આપણે સૌ કાલે પાછાં જઈ રહ્યાં છીએ.' મેં કહ્યું, 'તમે સૌ જલદીથી તમારા પરાઠા ભેગા થશો. હવે મોં ચઢાવશો નહીં અને આઈસક્રીમ ખાવ.'

'આપણે કેક ક્યારે કટ કરીશું?' મારા એક નાનકડા કઝીને ગાર્ડનની વચ્ચે રાખેલી ઍગલેસ કેક તરફ ઈશારો કરતાં પૂછયું.

એક વેઈટરે હેન્ડબૅલ વગાડયો અને સ્વિચ અને કેક કટિંગ માટે વિધિવત જાહેરાત કરી. સગાંસંબંધીઓ ત્યાં આવી ગયાં અને ખુરશીઓમાં ગોઠવાઈ ગયાં. તમિલો અને પંજાબીઓ એકબીજા સામે જોઈ રહ્યા હતા. લોકો મારાં લગ્નમાં નહોતાં આવ્યા, પણ અન્ય સમુદાયના એક જીવંત માનવ સંગ્રહાલયમાં આવ્યા હતા.

'પણ DJ ક્યારે શરૂ થશે?' મારા કઝીને પૂછયું.

'શાંતિ રાખ.' મેં કહ્યું.

અનન્યા અને હું કેકની બાજુમાં ઊભાં રહ્યાં. પહેલા બોલવા માટે અનન્યાએ માઈક હાથમાં લીધું, 'અહીં આવવા બદલ દરેકનો આભાર. તમે સૌ અમારા આનંદમાં સહભાગી થયા તે બદલ હું સૌની આભારી છું. હા, અમારાં લગ્ન જુદા જ પ્રકારનાં લગ્ન છે અને અમને અહીં સુધી પહોંચવામાં મહેનત પડી છે અને તેથી તે વધારે વિશિષ્ટ બને છે. મારા વન્ડરફૂલ ડૅડ આપને થોડાક શબ્દો કહેશે.'

અનન્યાએ તાળીઓ પાડી અને બાકીના સૌએ પણ તાળીઓ પાડી.

મારાં મૉમ-ડૅડ બંને એકબીજાંની સાથે બેઠાં હતાં અને તેમના ચહેરા ઉપર સ્મિત હતું. છેવટે આજે રાત્રે તો તેમણે સાથે રહેવાનું નક્કી કર્યું.

'હેલ્લો, એવરીવન.' અનન્યાના પિતાએ કહ્યું, 'પછીથી છોકરાઓ તરફથી પણ કોઈક કંઈક કહે એવું હું ઈચ્છીશ.'

તેમણે મારા ડૅડ સામે જોયું. ડૅડે તેમને ના પાડવા બે હાથ જોડયા.

'હું બોલીશ.' રજ્જીમામાએ હાથ ઊંચો કરતાં કહ્યું. તેમને દેખીતી રીતે જ બોટ ક્લબનો બાર મળી ગયો હતો.

'વેલકમ, એવરીવન.' અનન્યાના ડૅડે શરૂ કર્યું, 'મને ક્યારેય ભાષણો આપવાનું ગમતું નથી. જોકે છેલ્લા એક વર્ષમાં, મારા જમાઈની મદદથી, જાહેરમાં બોલવાનો મારામાં આત્મવિશ્વાસ આવી ગયો છે.'

દરેક જણે મારી સામે જોયું. ઠીક છે, ઑફિસ પ્રેઝન્ટેશન એ એક વાત છે અને તમારા સમાજ આગળ કબૂલ કરવું એ જુદી વાત છે. મેં એવી આશા રાખી કે તેઓ શું કરી રહ્યા છે તેની તેમને ખબર હોય.

'મને ખબર છે આ પાર્ટીમાં તમે સૌએ સૌથી પહેલા કઈ બાબતની ચર્ચા કરી છે – શા માટે સ્વામી તેની દીકરીને કોઈ નૉર્થ ઈન્ડિયન છોકરા સાથે પરણાવે છે? મને ખબર છે, કેમ કે અમે પણ તેમ જ કર્યું હોત.'

ટોળામાં ગુસપુસ થવા લાગી.

'હકીકતમાં જ્યારે પ્રથમ વખત અનન્યાએ અમને ક્રિશ વિશે કહ્યું ત્યારે અમે બહુ નારાજ હતાં. સૌ તમિલિયનો જાણે છે તેમ, આપણને આપણા પોતાના સંસ્કારનું બહુ ગૌરવ છે. અમે એવું પણ માનતાં હતાં કે અમારી દીકરી લાખોમાં એક છે. તેને આપણા સમાજનો સૌથી સારો

છોકરો મળશે. તેણે શા માટે કોઈ પંજાબી છોકરાને પરણવું જોઈએ?'

ટોળામાં કાંજીવરમ્ સાડી પહેરેલ દરેક સ્ત્રીએ ડોકું ધુણાવ્યું. પંજાબીઓનાં મોઢાં ચડી ગયાં.

'અમે ક્રિશને નિરુત્સાહી કરવા અમારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા. તે અમારા માટે ચેન્નાઈ આવ્યો હોવા છતાં અમે ક્રિશ સાથે સારો વર્તાવ કર્યો નહીં. અમે અનન્યાને તમિલ છોકરા પણ બતાવ્યા, પણ આજકાલનાં છોકરાંઓને તો તમે જાણો જ છો ને, એમને જે કરવું હોય તે જ કરે છે.'

આ વખતે સૌએ હકારમાં ડોકાં ધુણાવ્યાં.

'તો પછી પૅરેન્ટ્સ આ વાતનો શા માટે વિરોધ કરે છે?' તેમણે કહ્યું અને તેમનાં ચશ્માં સરખાં કર્યાં, 'આ માત્ર બીજા સમાજની જ વાત નથી. એ તો હકીકત છે કે તમારી દીકરીએ તેના માટે છોકરો શોધી લીધો છે. આપણે પૅરેન્ટ્સ તરીકે, આપણી વાત નહીં માન્યાનું અનુભવીએ છીએ, નિરાશ થઈએ છીએ. આપણે આપણાં બાળકોને નાનાથી મોટાં કરીએ છીએ તો પછી એ લોકો આ રીતે આપણી અવગણના કેમ કરી શકે? આપણી નિરાશા ગુસ્સામાં આકાર પામે છે. આપણે પ્રેમલગ્નોને કેટલા ધિક્કારીએ છીએ, ખરું કે નહીં?'

અનન્યાનાં આન્ટી મલક્યાં.

'પણ આપણે એ ભૂલી જઈએ છીએ કે આવું એટલા માટે થાય છે કેમ કે તમારા સંતાન પાસે આ જગતમાં કોઈકને આપવા માટે પ્રેમ છે. શું તે એટલી ખરાબ વસ્તુ છે? બાળક પ્રેમ કરવાનું ક્યાંથી શીખે છે? આપણી પાસેથી, છેવટે તો તેમણે સૌથી પહેલો તમને જ પ્રેમ કર્યો હોય ને.'

અનન્યાએ જોરથી મારો હાથ પકડયો. બધાં લોકો બહુ ધ્યાનથી સાંભળી રહ્યાં હતાં.

'ખરેખર તો પસંદગી બહુ સરળ છે. જ્યારે તમારું બાળક કોઈ નવી વ્યક્તિને પ્રેમ કરવાનું નક્કી કરે છે ત્યારે તમે કાં તો તેને કોઈકને – તેણે પસંદ કરેલ વ્યક્તિ અને તેના ઘરવાળાઓને – ધિક્કારવાની તક તરીકે જોઈ શકો છો. અમે થોડોક સમય આમ જ કર્યું. જોકે તમે તેને કેટલાંક વધુ લોકોને પ્રેમ કરવાની તક તરીકે પણ જોઈ શકો છો અને વધુ લોકોને પ્રેમ કરવાનું ક્યારથી ખરાબ ગણાવા લાગ્યું, ભાઈ?'

તેઓ પાણી પીવા અટક્યા અને આગળ બોલ્યા, 'હા, મારી અંદરનો તમિલિયન સહેજ નિરાશ થયો છે, પરંતુ મારી અંદરનો ભારતીય ઘણો ખુશ છે અને બીજી કોઈ પણ બાબત કરતાં વધારે મારી અંદરનો માનવી રાજી થયો છે. છેવટે તો અમે આ તકનો અમારા માટે વધારે સ્નેહીજનો પેદા કરવામાં ઉપયોગ કરવાનું નક્કી કર્યું છે.'

જ્યારે એમણે માઈક નીચું રાખ્યું ત્યારે અનન્યા તેમને જોરથી ભેટી. સૌએ તાળીઓનો ગડગડાટ વરસાવ્યો. તાળીઓના ગડગડાટ વચ્ચે અનન્યાએ અને મેં કેક કાપી. અમે એકબીજાને કેક ખવડાવી અને અમારાં સાસુ-સસરાને કેક ખવડાવી. કૅમેરામૅને બંનેનાં પૅરન્ટ્સને ફોટા માટે ભેગા કર્યા.

'અનન્યા, જો, આપણા બંનેનાં પૅરન્ટ્સ ખુશ છે.' મેં કહ્યું.

રજ્જીમામા ઊભા થયા અને તેમનું ભાષણ આપવા માઈક પાસે આવ્યા, 'મિન્ટિના પપ્પાને રોકો, એમણે છ પૅગ લઈ લીધા છે.' કમલા આન્ટીએ કહ્યું.

રજ્જીમામાએ માઈક હાથમાં લીધું અને તેમનો હાથ ઊંચો કરીને કહ્યું, 'લેડીઝ ઍન્ડ જેન્ટલમૅન.'

હું તેમની પાસે ગયો.

'રજ્જીમામા, બહુ થયું. કંટાળાજનક ભાષણો આપવાનું તમને નહીં ફાવે.' હું ધીમેથી તેમના કાનમાં બોલ્યો.

'ખરેખર? આપણે તેમને જવાબ આપવો જોઈએ, ખરું ને?' તેમણે કહ્યું.

'આ કોઈ સ્પર્ધા નથી.' મેં કહ્યું.

તેમણે માઈકમાં કહ્યું, 'તમિલનાડુના લેડીઝ ઍન્ડ જેન્ટલમૅન, થૅંક્યુ વેરી મચ. હવે અમે તમને DJ સાથે પંજાબી સ્ટાઈલ ડાન્સિંગ માટે આમંત્રણ આપીએ છીએ.'

મારી કઝીન્સે તેમની ખુરશીઓ હવામાં ઉછાળી અને ડાન્સ ફ્લૉર તરફ દોરી.

તમિલ અને હિન્દી ફિલ્મ મ્યુઝિકના મિક્ચરનું સૉન્ગ કલેક્શન હતું. તેમની પાસે એક પંજાબી મ્યુઝિક CD હતી, જે લૂપમાં વગાડવાની રજ્જીમામાએ સૂચના આપી હતી. ડાન્સ ફ્લૉર ઉપર મારું ફૅમિલી જ મુખ્ય હતું, પણ અનન્યાએ તેનાં અંકલ્સ અને આન્ટીઓને પણ તેમાં જોડાવા કહ્યું. હું માનું છું કે હવે તે લોકો પણ મારું જ ફૅમિલી હતા.

મારા નવાં સગાંઓને પ્રભાવિત કરવા એક વિશેષ પણ અઘરા ભાંગરા-બ્રેક ડાન્સ ફ્યૂઝનના સ્ટેપ કરવા જતાં રજ્જીમામા પડી જતાં જતાં રહી ગયા. મારી કઝીન્સે મને અને અનન્યાને સાથે ક્લૉઝ ડાન્સ કરવા માટે ધક્કો માર્યો. મેં અનન્યાને મારી નજીક ખેંચી અને અમે ડાન્સ ફ્લૉર તરફ ગયાં.

'અનન્યા...' મેં તેના કાનમાં ધીમેથી કહ્યું.

'શું?' તેણે ધીમેથી કહ્યું.

'આઈ લવ યુ ઍન્ડ યૉર ફાધર ઍન્ડ યૉર મધર ઍન્ડ યૉર બ્રધર ઍન્ડ યૉર રિલેટિવ્ઝ.' મેં કહ્યું.

'આઈ લવ યુ ઍન્ડ યૉર ક્લેન ટૂ.' તેણે કહ્યું.

અમારી આજુબાજુ તમિલો અને પંજાબીઓ ડાન્સ કરતા હતા ત્યારે અમે એકબીજાંને કિસ કરી.

'તો હવે સ્વયંસ્ફુરિત પ્રતિબંધ પૂરો થઈ ગયો? તેં જ કહ્યું હતું કે આપણે હવે ફિનિશ લાઈન ક્રૉસ કરીએ પછી જ તે કરીશું.' મેં કહ્યું.

'તમે સૌ પુરુષો એના વિશે જ વિચારો છો?' તેણે કહ્યું.

'રાષ્ટ્રની એકતા ખાતર જ.' મેં કહ્યું.



ઉપસંહાર

થોડાંક વર્ષો પછી.

'મારે ત્યાં રહેવું પડશે?' ડિલિવરી રૂમમાં સૂતેલી અનન્યાને મેં પૂછ્યું. પલંગની વચ્ચેનો એક પડદો તેના શરીરના નીચેના અને ઉપરના ભાગને જુદા પાડતો હતો. ડૉક્ટર્સે તેને હાફબૉડી ઍનેસ્થેટિક આપ્યું હતું. જેને લીધે તે *C* સેક્શન દરમિયાન જાગતી રહી શકે. સ્પેશ્યાલિસ્ટની એક ટીમ પડદા પાછળ સંતાઈને તેનું પેટ કાપતી હતી.

'તેની પાસે ચપ્પુ છે.' ડૉક્ટર્સ તરફ ડોકિયું કરતાં મેં કહ્યું. મારું માથું ભમવા લાગ્યું.

'મને ગભરાવીશ નહીં. બીજી કોઈ વાત કર.' અનન્યાએ કહ્યું. 'પુસ્તકનું કામ કેવું ચાલે છે?'

'ખેર, ગઈ કાલે પાંચમા પ્રકાશકે તે રિજેક્ટ કર્યું.'

મેં કહ્યું અને હું ફરીથી ડોકિયું કરવા ઊભો થયો, 'કમસેકમ હવે તો હું છઠ્ઠા પ્રકાશક પાસે તો જઈ શકીશ. વાઉ, લોહી નીકળ્યું.'

'જો તારાથી ન જોવાતું હોય તો બેસી જા અને ડરવાનું બંધ કર. આ ઍનેસ્થેસિયાને લીધે મને તો કંઈ જ ખબર પડતી નથી.' તેણે કહ્યું.

ડૉક્ટરે જનરલ ઍનેસ્થેસિયા વગર સિઝેરિયનની ભલામણ કરી હતી.

'જો તું જોઈ શકતી હોત.' મેં કહ્યું. 'વાઉ, મને એક પગ દેખાય છે, તે *Aliens 3* ફિલ્મમાં દેખાતો હતો તેના જેવો છે.'

'શટઅપ.' તેણે કહ્યું.

'હે, એ છોકરો છે.' મેં કહ્યું.

'તે મારા જેવો દેખાય છે?'

'મને ખબર નથી. મેં હજુ ચહેરો જોયો નથી. મેં હજી માત્ર તેનું 'એ' જ જોયું છે.'

ડૉક્ટરે પૂરા બચ્ચાને બહાર કાઢ્યું.

'થૅંક્યુ ડૉક્ટર, થૅંક્યુ યુ સો મચ.' હું બહુ લાગણીપૂર્વક તેમની સાથે હાથ મિલાવવા આગળ વધ્યો.

'વેઇટ.' ડૉક્ટરે ચહેરા ઉપર માસ્ક સાથે કહ્યું.

'શું?' અનન્યા બોલી.

'મને ખબર નથી.' મેં કહ્યું. 'અરે, વેઇટ, બીજો એક પગ છે. વાઉ, બીજો એક છોકરો છે.'

'ટ્વિન્સ?' અનન્યાને માન્યામાં ન આવતું હોય તે રીતે કહ્યું અને તે જાણે કે હમણાં બેભાન થઈ જશે એમ લાગતું હતું.

'હા.' ડૉક્ટરે કહ્યું. 'કૉન્ગ્રેચ્યુલેશન્સ.'

નર્સે બંને બાળકોને સાફ કર્યાં અને મને આપ્યાં.

'ધ્યાન રાખજો.' અનન્યાએ કહ્યું જ્યારે મેં એક હાથમાં એક અને બીજા હાથમાં બીજાને ઉપાડ્યો.

'તમે બંને જુદાં જુદાં સ્ટેટમાંથી છો, ખરું ને? તો, આમનું સ્ટેટ કયું હશે?' નર્સ બોલી અને હસી.

'તેઓ ભારત નામના સ્ટેટનાં હશે.' મેં કહ્યું.